
# ભારતનું બંધારણ



**Astha Academy**



ડો. ભીમરાવ આંબેડકર














નહેરૂ દ્વારા બંધારણ સભામાં ઉદ્દેશ પ્રસ્તાવની રજૂઆત











Astha Academy Mo.8980961441

# ભારતીય બંધારણનું આમુખ

**"અમે ભારતના લોકો ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો અને તેના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચારણા, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જા અને તકની સમાનતા પ્રાપ્ત થાય તેમ કરવાનો અને તેઓ સર્વેમાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુદૃઢ કરે તેવી બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને અમારી બંધારણસભામાં આજે તા. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આ બંધારણ અપનાવી, અમને પોતાને સમર્પિત કરીએ છીએ.**

Astha Academy Mo. 8530961441

**૧૭૭૩નો નિયામક ધારો –:(Ragulating Act)**

આ અધિનિયમ અંતર્ગત બંગાળના ગવર્નરને ગવર્નર જનરલ બનાવવામાં આવ્યો અને મુંબઈ તથા મદ્રાસના ગવર્નરને બંગાળના ગવર્નર જનરલની નીચે મૂકવામાં આવ્યા. વોરન હેસ્ટિંગ્ઝ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો પ્રથમ ગવર્નર જનરલ બન્યો.

આ અધિનિયમ અંતર્ગત ઈ.સ. ૧૭૭૪માં કલકત્તામાં સર્વોચ્ચ અદાલતની સ્થાપના કરવામાં આવી.

**૧૭૮૧ :– એક્ટ ઓફ સેટલમેન્ટ :–**
**(Act Of Settlement)**

નિયામક ધારામાં રહી ગયેલી ત્રુટિઓને નિવારવા માટે ૧૭૮૧નો એક્ટ ઓફ સેટલમેન્ટ બનાવાયો.

**૧૭૮૪ :– પિટ્સ ઈન્ડિયા એક્ટ (Pits India act)**

આ અધિનિયમ અંતર્ગત ગવર્નર જનરલ પર વહીવટી નિયંત્રણ માટે બોર્ડ ઓફ કન્ટ્રોલ નામે એક એકમની રચના કરવામાં આવી.

**૧૮૧૩ :– ચાર્ટર એક્ટ**

ઈસ્ટ ઈન્ડિયા કંપનીને વધુ ૨૦ વર્ષ માટે ભારતમાં વેપાર કરવાની છૂટ આપવામાં આવી.

**૧૮૩૩ : – ચાર્ટર એક્ટ**

આ અધિનિયમ અંતર્ગત કંપનીને ભારતનો પટ્ટો વધુ ૨૦ વર્ષ માટે વેપાર માટે ભાડાપટ્ટે આપવામાં આવ્યો. ગવર્નર જનરલના પદને બદલીને 'ગવર્નર જનરલ ઓફ ઈન્ડીયા' કરવામાં આવ્યુ. આ પ્રમાણે વિલિયમ બેન્ટીંક ભારતના પ્રથમ ગવર્નર જનરલ બન્યા.

**૧૮૫૩ :– ચાર્ટર એક્ટ**

કંપનીને અહીં વેપાર કરવા માટે કોઈ નિશ્ચિત મુદત આપવામાં આવી નહીં. અધિનિયમ અંતર્ગત શિક્ષણ સંબંધમાં મેકોલે સમિતિની નિમણૂંક કરાઈ.

**૧૮૫૮નો અધિનિયમ :– રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો**

આ અધિનિયમથી ગવર્નર જનરલના પદને વાઈસરોય નામ આપવામાં આવ્યુ. તે રીતે કેનિંગ ભારતનો પ્રથમ વાઈસરોય બન્યો. આ ઉપરાંત વાઈસરોય પર નિયંત્રણ રાખવા માટે બ્રિટનમાં હિન્દી વજીર (સચિવ)ની નિમણૂક કરાઈ. લોર્ડ સ્ટેનલી ભારતના પ્રથમ હિંદી વજીર બન્યા.

**૧૮૬૧નો અધિનિયમ :–**

ભારતીયોને ધારા ઘડવાની પ્રક્રિયામાં સામેલ કરવાની શરૂઆત થઈ અને વાઈસરોયને ધારાસભામાં ભારતીયોની નિમણૂક કરવાની સત્તા આપવામાં આવી. તે મુજબ કેનિંગ દ્વારા બનારસના રાજા, પટિયાલાના મહારાજા અને સર દિનકરરાવને ધારાસભામાં નામાંકિત કરવામાં આવ્યા.

**૧૮૯૨નો અધિનિયમ : –**

આ અધિનિયમ અંતર્ગત ભારતીઓને બજેટ પર ચર્ચા કરવાનો અને વહીવટી બાબતો અંગે પ્રશ્નો પૂછવાનો તથા તેના જવાબો મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો.

**૧૯૦૯ : – મોર્લે–મિન્ટો સુધારો**

આ અધિનિયમ અંતર્ગત વાઈસરોયની કારોબારીમાં ભારતીયોને પ્રવેશ આપવાની શરૂઆત થઈ. સત્યેન્દ્રપ્રસાદ સિન્હા આવી પ્રથમ વ્યક્તિ હતી. તેમને કાયદાસભ્ય તરીકે વાઈસરોયની કારોબારીમાં સ્થાન મળ્યું.

મુસ્લિમોને અલગ મતદાર મંડળ આપવામાં આવ્યુ. આમ, સાંપ્રદાયિક ચૂંટણીની શરૂઆત થઈ.

મિન્ટોને "સાંપ્રદાયિક ચૂંટણીના જનક" તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત જમીનદારોને પણ અલગ મતદાર મંડળ અપાયુ.

**૧૯૧૯ :– મોન્ટેગ્યુ–ચેમ્સફોર્ડ સુધારો**

આ અધિનિયમથી શીખ, ઈસાઈ, યુરોપિયન અને એંગ્લો ઈન્ડિયનને પણ અલગ-અલગ મતદાર મંડળ આપવામાં આવ્યાં. અધિનિયમનો અમલ ઈ.સ. ૧૯૨૧માં થયો. આ અધિનિયમથી દ્વિમુખી શાસન વ્યવસ્થાની શરૂઆત થઈ. તે મુજબ વહીવટના વિષયોને અનામત વિષયો અને સોંપાયેલા વિષયો એમ બે ભાગમાં વહેંચવામાં આવ્યા. કેન્દ્રમાં દ્વિગૃહી શાસન વ્યવસ્થાની શરૂઆત થઈ.

ઈ.સ. ૧૯૨૬માં સંઘ જાહેર સેવા આયોગ(UPSC)ની રચના કરાઈ.

Astha Academy Mo.8980961441

અધિનિયમમાં એક વૈધાનિક એકમ રચવાની પણ જોગવાઈ હતી, જે ૧૦ વર્ષના અંતે ૧૯૧૯ના અધિનિયમ સંદર્ભમાં સુધારા સૂચવશે. તે મુજબ જ્હોન સાયમનના અધ્યક્ષ પદે ઈ.સ. ૧૯૨૭માં એક કમિશનની રચના કરવામાં આવી. આ કમિશનનો એક પણ સભ્ય ભારતીય ન હોવાના કારણે તેનો વિરોધ થયો. છતાં આ કમિશને ૧૯૩૦માં પોતાનો રિપોર્ટ સોંપ્યો. તેના આધારે બ્રિટનના વડાપ્રધાન મેકડોનાલ્ડે એક જાહેરાત કરી. તે મુજબ અનુસૂચિત જાતિના લોકોને પણ અલગ મતદાર મંડળો આપવામાં આવ્યાં. તેને 'સાંપ્રદાયિક એવોર્ડ' કહેવામાં આવે છે. જો કે ગાંધીજી અને આંબેડકર વચ્ચે થયેલા પૂના કરારને અંતે આ મતદાર મંડળો રદ કરવામાં આવ્યાં.

**૧૯૩૫નો હિંદ રાજ્ય વહીવટ અધિનિયમ :–**

આ અધિનિયમથી ત્રણ યાદી રચવામાં આવી.

(૧) સંઘ યાદી
(૨) રાજય યાદી
(૩) સમવર્તી યાદી
(૪) શેષ અધિકાર

ત્રણ યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા વિષય પર અધિનિયમ ઘડવાની અંતિમ સત્તા વાઈસરોયને આપવામાં આવી. તેને શેષ અધિકાર કહે છે. આ ઉપરાંત અધિનિયમથી ૧૯૩૭માં દિલ્હીમાં સંઘીય અદાલતની સ્થાપના કરવામાં આવી.

**૧૯૪૭નો ભારત સ્વતંત્રતા અધિનિયમ : –**
**India Independence act**

આ અધિનિયમ અંતર્ગત વાઈસરોયના પદને બદલીને 'ગર્વનર જનરલ ઓફ ઈન્ડિયા' એવુ નામ આપ્યુ. તે મુજબ માઉન્ટ બેટન ભારતના પ્રથમ ગવર્નર જનરલ બન્યા, જેમણે સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુને પદના સોગંદ લેવડાવ્યા. ત્યાર બાદ આ પદે ચક્રવર્તી રાજગોપાલાચારીની નિમણૂક કરાઈ.

## ભારતીય બંધારણની રચનાનો ઈતિહાસ:–

સૌ પ્રથમ બંધારણ બનાવવાનો ખ્યાલ ઈ.સ. 1922માં મહાત્મા ગાંધીએ રજૂ કર્યો. તેમણે જાહેર કર્યું કે ભારતનું રાજકીય ભાગ્ય ભારતીયો પોતે જ ઘડશે. જો કે આ અગાઉ લોકમાન્ય તિલક દ્વારા ઈ.સ. 1895માં તૈયાર કરવામાં આવેલ ખરડામાં પણ ભારતના બંધારણનો ખ્યાલ જોવા મળે છે. ત્યારબાદ ઈ.સ. 1925માં એમ. એન. રોયે સૌ પ્રથમ બંધારણનો વાસ્તવિક ખ્યાલ રજૂ કર્યો. ઈ.સ. 1928માં ભારતના બંધારણના સિદ્ધાંતો નિર્ધારિત કરવા માટે મોતીલાલ નહેરુની અધ્યક્ષતામાં એક 'નહેરુ કમિટિ' ની રચના કરવામાં આવી, જેણે સૌ પ્રથમ 'ડોમીનીયન સ્ટેટ્સ' ની માંગણી કરી હતી. ત્યારબાદ ઈ.સ. 1935માં 'ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ' પસાર કરવામાં આવ્યો, જેનો પ્રભાવ ભારતના હાલના બંધારણ પર સૌથી વધુ જોવા મળે છે અને આ કાયદાએ બંધારણની માંગને વધુ બળ પ્રદાન કર્યું.

ઈ.સ. 1940માં 'ઓગસ્ટ પ્રસ્તાવ' રજૂ કરવામાં આવ્યો. જેમાં બ્રિટિશ સરકારે પહેલીવાર બંધારણ સભાની માંગણીનો સ્વીકાર કર્યો. ત્યારબાદ ઈ.સ. 1942માં ક્રિપ્સ મિશન ભારતની મુલાકાતે આવ્યું. અને તેણે 'ઓગસ્ટ પ્રસ્તાવ'માં ઉલ્લેખનીય સુધારાઓ કર્યા. પરંતુ આ મિશનની દરખાસ્તોનો મુસ્લિમ લીગ દ્વારા અસ્વીકાર થયો. કારણ કે તેમાં અલગ પાકિસ્તાનની રચનાને લગતી કોઈ જોગવાઈ ન હતી.

ત્યારબાદ ભારતની સ્વતંત્રતાના પ્રશ્નના સમાધાન માટે 24 માર્ચ, ઈ.સ. 1946માં બ્રિટિશ સરકારે 'કેબિનેટ મિશન' ને ભારત મોકલ્યું. આ મિશનના ત્રણ સભ્યો સર સ્ટેફર્ડ ક્રિપ્સ, એ.વી.એલેકઝેન્ડર અને પેથિક લોરેન્સ હતા. કેબિનેટ મિશને તેનો રીપોર્ટ 16મે, 1946ના રોજ પ્રસિદ્ધ કર્યો. કેબિનેટ મિશનની ભલામણ અનુસાર સૌ પ્રથમ વખત ભારત માટે બંધારણ બનાવવાનો અને તેની રચના માટે બંધારણીય સભા બનાવવાનો વિચાર સ્વીકારવામાં આવ્યો અને બ્રિટિશ ભારતના અગિયાર પ્રાંતોની ધારાસભાઓમાંથી તથા કમિશ્નરના ચાર પ્રાંતોમાંથી મળીને બંધારણીય સભા માટે કુલ 296 સભ્યોને પસંદ કરવામાં આવ્યા, જે પરોક્ષ રીતે ચૂંટાયેલા હતા. આ માટેની ચૂંટણી જુલાઈ-ઓગસ્ટ 1946માં કરવામાં આવી હતી. આ ચૂંટણીમાં 208 કોંગ્રેસના, 73 મુસ્લિમ લીગના અને 15 અન્ય પક્ષોના તેમજ સ્વતંત્ર ઉમેદવારો વિજેતા બન્યા હતા. આ ઉપરાંત દેશી રાજ્યોમાંથી 93 સભ્યોની દેશી રાજ્યોના રાજપ્રમુખોએ નિમણૂક કરવાની હતી. આમ બંધારણ સભાની કુલ સભ્યસંખ્યા 389 થતી હતી. જો કે 26 નવેમ્બર, 1949ના રોજ સભ્યસંખ્યા 389ના બદલે 299 થઈ ગઈ હતી, જેમાં 229 ચૂંટાયેલા અને 70 દેશી રાજ્યોના પ્રતિનિધિ હતા. કારણ કે પાકિસ્તાનની રચના થતાં મુસ્લિમ લીગના અને દેશી રાજ્યોના પાકિસ્તાન તરફી

Astha Academy Mo.8980961441

સભ્યો પાકિસ્તાનની બંધારણસભામાં જોડાયા હતા.

**બંધારણ સભાની બેઠકો :–**

બંધારણ સભાની સૌપ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ આયોજીત થઈ, જેમાં પ્રથમ અસ્થાયી અધ્યક્ષ તરીકે ડૉ. સચ્ચીદાનંદ સિંહાને પસંદ કરવામાં આવ્યા. આ બેઠકમાં માત્ર 211 સભ્યો જ હાજર રહ્યા હતા. કારણ કે મુસ્લિમ લીગે આ બેઠકનો બહિષ્કાર કર્યો હતો અને દેશી રાજ્યોના પ્રતિનિધિ હજુ સુધી બંધારણ સભામાં સામેલ થયા ન હતા. બંધારણ સભાની બીજી બેઠક 11 ડિસેમ્બર, 1946ના રોજ મળી. તેમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદને બંધારણ સભાના કાયમી અધ્યક્ષ અને ડૉ. એચ. સી. મુખરજીને ઉપાધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા. આ બેઠકમાં શ્રી બી. એન. રાવને (સર બેનીગલ નરસિંહ રાવ) બંધારણસભાના સલાહકાર તરીકે ચૂંટવામાં આવ્યા. 13 ડિસેમ્બર, 1946ના રોજ બંધારણસભાની ત્રીજી બેઠક મળી. આ બેઠકમાં





જવાહરલાલ નહેરુએ હેતુલક્ષી ઠરાવ (ઉદ્દેશ્ય પ્રસ્તાવ)રજૂ કરીને બંધારણના નિર્માણકાર્યનો પ્રારંભ કર્યો. આ ઠરાવને બંધારણ સભા દ્વારા 22 જાન્યુઆરી, 1947ના રોજ પસાર કરાયો. તેના પર કુલ 114 દિવસ વિચાર કરવામાં આવ્યો.

**બંધારણની રચના માટે 60 દેશોના બંધારણનો અભ્યાસ કરવામાં આવ્યો અને તેની પાછળ કુલ 64 લાખ રૂપિયા ખર્ચ થયો હતો. બંધારણ નિર્માણ કરવામાં આવ્યું ત્યારે તે 540 પાનાનું હતું. બંધારણ સભાએ બંધારણની રચનાનું કાર્ય 2 વર્ષ, 11 મહિના, અને 18 દિવસ બાદ પૂરું કર્યું.**

**બંધારણસભાનું અંતિમ સત્ર 14 નવેમ્બર, 1949ના રોજ મળ્યું અને તે 26 નવેમ્બર, 1949 ના રોજ પૂર્ણ થયું. 26 નવેમ્બર, 1949 ના રોજ અંતિમ સ્વીકૃત બંધારણ પર 299માંથી હાજર 284 સભ્યોએ હસ્તાક્ષર કર્યા. એ જ દિવસે બંધારણ સભાએ ભારતના બંધારણનો સ્વીકાર પણ કરી લીધો.**

બંધારણની રચના માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. તે સમિતિઓમાં પ્રારૂપ સમિતિ કે ખરડા સમિતિ તરીકે ઓળખાતી સમિતિને ખાસ મહત્ત્વની માનવા




માં આવે છે. તેના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકર હતા અને તે ઉપરાંત તેના અન્ય 6 સભ્યો નીચે મુજબ હતા.

**પ્રારૂપ સમિતિ (Drafting Committee)**

| ક્રમ | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| 1 | ડૉ. ભીમરાવ આંબેડકર | અધ્યક્ષ |
| 2 | એન. ગોપાલસ્વામી આયંગર | સભ્ય |
| 3 | અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર | સભ્ય |
| 4 | કનૈયાલાલ મુનશી | સભ્ય |
| 5 | એન. માધવરાવ | સભ્ય |
| 6 | ટી. ટી. કૃષ્ણમાચારી | સભ્ય |
| 7 | મોહમ્મદ સાદુલ્લા | સભ્ય |

ઉપરોક્ત સભ્યોમાં એન.માધવરાવને બી. એલ. મિત્ર દ્વારા નાદુરસ્ત તબિયતને કારણે રાજીનામુ આપવામાં આવતાં




તેમના પદ પર લેવામાં આવ્યા હતા અને ટી. ટી. કૃષ્ણમાચારીને ઈ.સ. 1948માં ડી. પી. ખેતાનનું અવસાન થતાં તેમની જગ્યાએ લેવામાં આવ્યા હતા. બંધારણ સભા દ્વારા ડ્રાફ્ટિંગ સમિતિની સ્થાપના 29 ઓગસ્ટ, 1947ના રોજ કરવામાં આવી હતી. ડૉ. બી. આર. આંબેડકરને 'બંધારણના પિતા' (Father of Constitution) તરીકે માનવામાં આવે છે. કેટલાક અગ્રણીઓએ તેમને 'આધુનિક મનુ'ની સંજ્ઞા પણ આપી છે.

Astha Academy Mo.8980961441

## બંધારણસભાની અન્ય સમિતિઓ :–

| ક્રમ | સમિતિનુંનામ | અધ્યક્ષ |
|---|---|---|
| 1 | સંઘ શકિત સમિતિ | જવાહરલાલ નહેરુ |
| 2 | સંઘ સંવિધાન સમિતિ | જવાહરલાલ નહેરુ |
| 3 | રાજ્યો સાથે કરાર કરવા માટેની સમિતિ | જવાહરલાલ નહેરુ |
| 4 | પ્રાંતીય સંવિધાન સમિતિ | વલ્લભભાઈ પટેલ |
| 5 | મૂળભૂત અધિકાર અને લઘુમતિઓ માટેની સમિતિ | વલ્લભભાઈ પટેલ |
| 6 | મૂળભૂત અધિકાર માટેની પેટા સમિતિ | જે. બી. કૃપલાણી |
| 7 | લઘુમતિઓ માટેની પેટા સમિતિ | એચ. સી. મુખરજી |
| 8 | સંચાલન સમિતિ | ડૉ. રાજેન્દ્રપ્રસાદ |
| 9 | રાષ્ટ્રધ્વજ સંબંધમાં તદર્થ સમિતિ | ડૉ. રાજેન્દ્રપ્રસાદ |
| 10 | ઝંડા સમિતિ | જે. બી. કૃપલાણી |
| 11 | સમીક્ષા સમિતિ | જે. બી. કૃપલાણી |
| 12 | પ્રક્રિયા નિયમ સમિતિ | ડૉ. રાજેન્દ્રપ્રસાદ |
| 13 | બંધારણ સભાનાં કાર્યો સંબંધી સમિતિ | જી. વી. માવળંકર |
| 14 | કાર્ય સંચાલન સમિતિ | કનૈયાલાલ મુનશી |
| 15 | ગૃહ/સભા સમિતિ | ડૉ. પટ્ટાભીસીતારામૈયા |

નાગરિકતા, ચૂંટણી અને વચગાળાની સંસદ, અસ્થાયી અને પરિવર્તનશીલ નિયમ તથા નાના શીર્ષકો સાથે જોડાયેલ કેટલીક જોગવાઈ અને અનુચ્છેદ 5, 6, 7, 8, 9, 60, 324, 366, 367, 379, 380, 388, 391, 392 અને 393ને 26 નવેમ્બર, 1949 ના રોજથી જ તરત અમલમાં મૂકી દેવામાં આવ્યા. આ દિવસને 'કાયદા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સંપૂર્ણ બંધારણ 26 જાન્યુઆરી, 1950ના રોજ અમલી બની ગયું. 26 જાન્યુઆરી, 1950 ને ભારતના પ્રજાસત્તાક દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો. 26 જાન્યુઆરી, 1950ના દિવસને બંધારણના અમલ માટે નક્કી કરવા પાછળ કોંગ્રેસનું લાહોર અધિવેશન જવાબદાર હતુ. 31 ડિસેમ્બર, 1929ના રોજ રાવી નદીના કિનારે ભરાયેલા જવાહરલાલ નહેરુની અધ્યક્ષતાવાળા લાહોર અધિવેશનમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો. આ ઠરાવ મુજબ 26 જાન્યુઆરી, 1930ના દિવસને 'પૂર્ણ સ્વરાજ દિન' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. આથી આ દિવસનું મહત્ત્વ પુનઃ સ્થાપિત કરવા માટે 26 જાન્યુઆરીના દિવસને બંધારણના સંપૂર્ણ અમલ માટે નિશ્ચિત કરવામાં આવ્યો. 26 નવેમ્બર, 1949ના રોજ અમલમાં મૂકવામાં આવેલ બંધારણમાં 22 ભાગ, 395 અનુચ્છેદો અને 8 પરિશિષ્ટ હતાં. આજે બંધારણમાં 25 ભાગ, 444 કરતાં વધુ અનુચ્છેદ અને 12 પરિશિષ્ટ છે. બંધારણનો લગભગ 2/3 ભાગ 'ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ 1935' માંથી લેવામાં આવ્યો હતો.

| **ભારતનો પ્રથમ હોદ્દો** | **નામ** |
|---|---|
| ગર્વનર જનરલ | માઉન્ટ બેટન |
| ભારતીય ગવર્નર જનરલ | સી. રાજગોપાલાચારી |
| રાષ્ટ્રપતિ | ડૉ. રાજેન્દ્ર પ્રસાદ |
| ઉપરાષ્ટ્રપતિ | ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન |
| વડાપ્રધાન | પંડિત જવાહરલાલ નહેરૂ |
| લોકસભાના અધ્યક્ષ | ગણેશ વાસુદેવ માવળંકર |
| રાજ્યસભાના સભાપતિ | ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન |
| સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ | હરિલાલ કણીયા |
| રેલ્વે પ્રધાન | જોન મથાઇ (આસીફ અલી બાદ) |
| સુચના અને પ્રસારણ મંત્રી | સરદાર વલ્લભભાઇ પટેલ |
| ખાદ્ય અને કૃષિ મંત્રી | ડૉ. રાજેન્દ્રપ્રસાદ |
| શ્રમપ્રધાન | બાબુ જગજીવનરામ |
| રક્ષામંત્રી | બલદેવસિંહ |
| વિરોધપક્ષના લોકસભાના નેતા | નગીનદાસ ગાંધી |
| વિરોધપક્ષના રાજયસભાના નેતા | ડૉ. કમલાપતિ ત્રિપાઠી |
| એટર્ની જનરલ | એમ. સી. સીતલવાડ |
| કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ | નરહરિ રાવ |

ભારતીય બંધારણની શરૂઆતમાં આમુખ આવે છે. વિશ્વમાં સૌપ્રથમ આમુખ અમેરિકાના બંધારણમાં દાખલ કરવામાં આવ્યું. ત્યારબાદ વિશ્વના ઘણા દેશોએ પોતાના

Astha Academy Mo 8980961441

બંધારણમાં પણ આમુખનો સમાવેશ કર્યો. ભારતના બંધારણમાં બંધારણ નિર્માણ સમયે જ આમુખનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નહેરુએ રજૂ કરેલ ઉદ્દેશ્ય પ્રસ્તાવના આધારે આમુખ તૈયાર કરવામાં આવેલ છે. જો કે સંપૂર્ણ બંધારણ અમલમાં આવ્યા બાદ આમુખનો અમલ કરવામાં આવ્યો. આપણું બંધારણ જે આદર્શો અને ધ્યેય સિદ્ધ કરવા ઈચ્છે છે; તેનુ આમુખમાં વર્ણન કરાયેલું છે. આપણા બંધારણમાં 42મા બંધારણીય સુધારા, 1976 દ્વારા બંધારણના આમુખમાં સુધારો કરવામાં આવ્યો; જેમાં 'સમાજવાદી', 'બિનસાંપ્રદાયિક' અને 'અખંડિતતા' શબ્દો ઉમેરવામાં આવ્યા. આ આમુખમાં થયેલો એકમાત્ર સુધારો છે.

સર્વોચ્ચ અદાલતે કેશવાનંદ ભારતી કેસ -1973માં આમુખને બંધારણનો ભાગ ગણાવ્યો છે તથા તેમાં અનુચ્છેદ ૩૬૮ આધીન સુધારાને કાયદેસર ગણાવ્યો છે. પરંતુ સર્વોચ્ચ અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું છે કે સુધારામાં સંસદ આમુખમાં કંઈ જોડવા ઈચ્છે તો જોડી શકે છે, પરંતુ તે આમુખના મૂળ અર્થને બદલી શકશે નહીં.

**બંધારણની વ્યાખ્યા:–**

સામાન્ય રીતે બંધારણ એક મૌલિક કાયદાકીય દસ્તાવેજ છે, જે અનુસાર કોઈ દેશની સરકાર કાર્ય કરતી હોય છે. પ્રત્યેક દેશનું પોતાનું એક બંધારણ હોય છે, જે સરકારના મુખ્ય અંગો – ધારાસભા (Legislature), ન્યાયપાલિકા (Judicial) અને કાર્યપાલિકા (Administration)ને વ્યાખ્યાચિત કરે છે અને તેના અધિકારો અને જવાબદારીઓને સુનિશ્ચિત કરે છે.

**બંધારણનું મહત્વ:–**

આ ભારત જેવા લોકશાહી દેશમાં બંધારણ પોતાનું એક વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. લોકશાહી સરકારમાં સરકારની શક્તિઓ અને નાગરિકોના અધિકારો વચ્ચે એક સ્પષ્ટ સમતોલન અને વિભાજન હોવું જરૂરી છે, જે બંધારણ દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે.

**બંધારણના સંદર્ભે વિવિધ મત :**

અનુચ્છેદ ૩૨ અંગે પોતાનો મત પ્રગટ કરતાં ડો. આંબેડકર દ્વારા બંધારણસભામાં નીચે મુજબ અભિપ્રાય રજૂ કરવામાં આવ્યો હતો.

"જો મને એમ કહેવામાં આવે કે બંધારણમાં કયા અનુચ્છેદને હું સૌથી મહત્ત્વનો માનું છું – એવો અનુચ્છેદ કે જેના વગર બંધારણ નિરર્થક બની જશે – તો હું બીજા કોઈ અનુચ્છેદને નહીં, પરંતુ આ અનુચ્છેદનો નિર્દેશ કરીશ. આ બંધારણનો આત્મા છે, તેનું હૃદય છે."

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિશે પંડિત જવાહરલાલ નહેરુ દ્વારા રજૂ કરવામાં આવેલ અભિપ્રાય નીચે મુજબ છે.

"કેટલાક લોકો માટે સમાજવાદના બે અર્થ છે : વિતરણ કે જેનો અર્થ છે, જેમની પાસે અતિશય માત્રામાં ધન છે, તેમનાં ખિસ્સાં ખાલી કરવા અને તેની સુવ્યવસ્થા કરવી. આ બંને ઉદ્દેશ પોતાના સ્વરૂપમાં સમાજવાદ નથી.

ઉત્પાદનના તંત્ર પર પ્રભાવ પાડીને વિતરણ કરવાનો પ્રયત્ન એ ખોટું પગલુ હશે. આવું કરીને આપણે આપણી જાતને નબળી કરીશું. સમાજવાદનો આધાર છે ધનવૃદ્ધિ. નિર્ધનતાનો સમાજવાદ ન હોય. આથી સમાનતા લાવવાની પ્રક્રિયા તબક્કાઓમાં થવી જોઈએ.

બીજો પ્રશ્ન રાષ્ટ્રીયકરણનો છે. હું સમજું છું કે જ્યાં સુધી રાષ્ટ્રીયકરણ કરીને આપણે કોઈ કાર્યને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે તૈયાર ન હોઈએ, ત્યાં સુધી રાષ્ટ્રીયકરણ કરવું એ જોખમી થશે. રાષ્ટ્રીયકરણ માટે આપણે વસ્તુઓની પસંદગી કરવી પડશે. મારી સમાજવાદની કલ્પના એવી છે કે રાજ્યમાં દરેક વ્યક્તિને પ્રગતિની સમાન તક પ્રાપ્ત થાય."

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના સંબંધમાં ડો. બંધારણસભામાં આંબેડકરનો મત :

"જો કોઈ સરકાર રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની અવગણના કરશે, તો તેણે ચૂંટણી સમયે મતદાતાઓને જવાબ આપવો પડશે."

સર બી. એન. રાવે વ્યક્તિના અધિકારોને બે વર્ગોમાં વિભાજીત કરવાની સલાહ આપી હતી. એક એવા અધિકારો જેનો અમલ અદાલતો દ્વારા કરાવી શકાય અને બીજા એવા જેનો અમલ અદાલતો દ્વારા કરાવી ન શકાય.

મૂળભૂત અધિકારો સંબંધમાં 1928માં મોતીલાલ નહેરુનો મત :

"આપણે સૌથી પહેલાં આપણા મૂળભૂત અધિકારોને એ રીતે સ્થાપિત કરવા જોઈએ કે જેથી કોઈ પણ પરિસ્થિતિમાં એમને છીનવી ન શકાય."

અનુચ્છેદ ૩૬૮ સંબંધમાં પંડિત જવાહરલાલ નહેરુનો મત :

"બંધારણ એટલું જડ(કઠોર) ન હોવું જોઈએ કે રાષ્ટ્રીય વિકાસ અને સામર્થ્યની બદલાતી પરિસ્થિતિને અનુકૂળ ન કરી શકાય."

અનુચ્છેદ ૩૬૮ સંબંધમાં ડો. આંબેડકરનો મત :

Astha Academy Mo.8980961441

"જેઓ બંધારણના પ્રત્યે અસંતુષ્ટ હોય એમણે માત્ર બે તૃતિયાંશ બહુમતી જ પ્રાપ્ત કરવાની રહેશે. જો તેઓ પુખ્ત મતાધિકારના આધારે ચૂંટાયેલ સંસદમાં બે તૃતિયાંશ બહુમતી પણ પ્રાપ્ત કરી શકતા નથી; તો એમ સમજવું જોઈએ કે બંધારણ પ્રત્યેના તેમના અસંતોષમાં પ્રજા એમની સાથે નથી."

## ભારતીય બંધારણનાં મુખ્ય લક્ષણોઃ–

26મી જાન્યુઆરી, 1950ના રોજ અમલમાં આવેલ ભારતના બંધારણમાં બીજા દેશોનાં બંધારણમાંથી કેટલાંક તત્ત્વ લેવામાં આવ્યાં છે. તેમ છતાં ભારતના આ બંધારણમાં તેનાં પોતાનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો પણ છે, જે નીચે પ્રમાણે છે.

**1. વિશ્વનું સૌથી લાંબુ બંધારણ :–**

જગતમાં બીજા દેશોની સરખામણીએ આપણા બંધારણને સૌથી લાંબા અને વિસ્તૃત બંધારણીય દસ્તાવેજ હોવાનું માન મળે છે. બંધારણની શરૂઆતમાં એકંદરે 395 અનુચ્છેદો અને 8 પરિશિષ્ટો હતા, પણ હાલમાં 444 કરતાં વધુ અનુચ્છેદો અને 12 પરિશિષ્ટો છે.

**2. સમવાયતંત્રી સ્વરૂપ :–**

ભારતનું બંધારણ તેના સ્વરૂપ પ્રત્યે અર્ધસમવાયી (Quasi Federal) છે.

**3. પરિવર્તનશીલ સ્વરૂપ :–**

કોઈ પણ બંધારણની માફક આપણા બંધારણમાં પણ સુધારાની જોગવાઈ છે. બંધારણ સુધારા અંગેની જોગવાઈઓમાં મુખ્ય અનુચ્છેદ 368 છે. ભારતનું બંધારણ બીજા સમવાયી લેખિત બંધારણોની સરખામણીએ ઘણું જ પરિવર્તનશીલ (Flexible) છે. તેથી કહી શકાય કે આપણું બંધારણ અંશતઃ જડ અને અંશતઃ પરિવર્તનશીલ છે, અને તેમ છતાં જડ કરતાં વધુ પરિવર્તનશીલ છે.

**4.બંધારણની સર્વોપરિતા :–**

આપણા દેશમાં સર્વોપરિતા ધારાસભાની નહિ; પણ બંધારણની છે, જેનો ખ્યાલ અમેરિકન બંધારણ પરથી લેવામાં આવ્યો છે.

**5. મૂળભૂત અધિકારો :–**

ભારતીય બંધારણના ભાગ – 3માં અનુચ્છેદ12 થી 35માં જુદા જુદા મૂળભૂત હકોની જોગવાઇ કરવામાં આવી છે.

**6. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :–**

ભારતીય બંધારણના ભાગ – 4માં અનુચ્છેદ 36 થી 51માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય કલ્યાણકારી રાજ્ય (Welfare State) ની સ્થાપનાનો છે. પરંતુ આ સિદ્ધાંતના અમલને મૂળભૂત હકોની માફક અદાલતની હકૂમતમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

**7. ન્યાયિક પુનરાવલોકન :–**

ભારતીય બંધારણમાં સ્વતંત્ર ન્યાયતંત્રની જોગવાઈ કરવામાં આવી છે. વળી દરેક સત્તા પોતાના બંધારણીય ક્ષેત્રમાં જ રહીને કામ કરે એ જોવાની ફરજ પણ અદાલતને સોંપવામાં આવી છે. બંધારણમાં સંસદની સર્વોપરીતા અને ન્યાયિક પુનરાવલોકનના સિદ્ધાંતો વચ્ચે એક પ્રકારનો સુમેળ સ્થાપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**8. એકલ નાગરિકત્વ :–**

ભારતીય બંધારણ તેના સ્વરૂપ પ્રત્યે અર્ધસમવાયી હોવા છતાં આખાયે સંઘ માટે એક જ નાગરિકતાની જોગવાઈ કરે છે. સમવાયતંત્રમાં બે નાગરિકતા હોય છે. પરંતુ આપણે ત્યાં બ્રિટનમાંથી એકલ નાગરિકત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

**9. એક ન્યાયતંત્ર :–**

અમેરિકાથી વિરુદ્ધ આપણા બંધારણે સમગ્ર ભારત માટે એકસૂત્રી ન્યાયતંત્રની જોગવાઈ કરી છે. સર્વોચ્ચ અદાલતની નીચે દેશની અન્ય અદાલતોને મૂકવામાં આવી છે.

**10. બિનસાંપ્રદાયિકતા :–**

રાજ્ય દ્વારા કોઈ ધર્મને ખાસ પ્રોત્સાહન આપવું નહીં અને સર્વ ધર્મ તરફ સમાન દષ્ટિ અને આદરભાવ એ આપણા બંધારણની લાક્ષણિકતા છે. આ અંગે અનુચ્છેદ 25 થી 28માં જોગવાઈ કરવામાં આવી છે.

**11. પુખ્ત મતાધિકાર :–**

ભારતીય બંધારણે ધર્મ, શિક્ષણ, આવક વગેરે કે એવા કોઈ કારણસર ભેદભાવમુક્ત મતાધિકારની જોગવાઈ કરી છે. બંધારણ નિર્માણ સમયે ઓછામાં ઓછી 21 વર્ષની ઉંમર ધરાવતા વ્યક્તિને મતાધિકાર આપવામાં આવ્યો હતો. પરંતુ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીના શાસન દરમિયાન ઈ.સ. 1989 માં 61 માં બંધારણીય સુધારા દ્વારા આ ઉંમરને ઘટાડી 18 વર્ષ કરવામાં આવી.

**12. સંસદીય શાસન પ્રણાલી :–**

ભારતીય બંધારણમાં કેન્દ્ર અને રાજ્ય બંને સ્તરે સંસદીય શાસન પ્રણાલી અપનાવવામાં આવી છે, જે અનુસાર

Astha Academy Mo.8980961441

પ્રધાનમંડળ સંસદને જવાબદાર હોય છે. આ પ્રણાલી બ્રિટનમાંથી લેવામાં આવી છે.

## રાષ્ટ્રીય પ્રતીક

**રાષ્ટ્રધ્વજ :**

ભારતીય રાષ્ટ્રધ્વજ ત્રણ પટ્ટાઓ વાળો છે. સૌથી ઉપર કેસરી, વચ્ચે સફેદ તથા સૌથી નીચે લીલા રંગનો પટ્ટો છે. બન્ને પટ્ટાની વચ્ચે ભૂરા રંગનું ચક્ર હોય છે. જેમાં 24 સળિયાઓ હોય છે. લંબાઈ – પહોળાઈનો ગુણોત્તર 3 : 2 નો હોય છે. 22 જુલાઈ, 1947 ના રોજ ભારતની બંધારણ સભા દ્વારા રાષ્ટ્રધ્વજનો સ્વીકાર કરવામાં આવ્યો.

**રાજચિહ્ન :**

ભારતના રાજચિહ્નમાં સારનાથ સ્થિત અશોકના સિંહ સ્તંભની આકૃતિ છે. જેમાં નીચે 'સત્યમેવ જયતે' લખાયેલ છે. તે મુંડક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે. આ ચિહ્નને ભારત સરકારે 26 જાન્યુઆરી, 1950ના રોજ અપનાવ્યું.

**રાષ્ટ્રગાન : (National Anthem)**

રવીન્દ્રનાથ દ્વારા મૂળ બંગાળીમાં રચાયેલ 'જન-ગણ-મન'નો રાષ્ટ્રગાન તરીકે 24 જાન્યુઆરી, 1950ના રોજ સ્વીકાર કરવામાં આવ્યો છે. આ ગીતમાં પાંચ પદ છે, જેમાંના પ્રથમ પદને આપણે રાષ્ટ્રગાન તરીકે અપનાવ્યું છે. આને સૌ પ્રથમ 27 ડિસેમ્બર, 1911ના રોજ ભારતીય કોંગ્રેસના કોલકત્તાના અધિવેશનમાં ગાવામાં આવ્યું હતું. રાષ્ટ્રગાનના ગાયનનો સમય 52 સેકન્ડ છે. કેટલાક પ્રસંગોમાં રાષ્ટ્રગાનને સંક્ષિપ્તમાં ગાવામાં આવે છે, જેમાં તેની પ્રથમ અને અંતિમ પંક્તિઓ હોય છે. તેના ગાયનનો સમય લગભગ 20 સેકન્ડ છે.

**રાષ્ટ્રગીત : (National Song)**

બંકિમચંદ્ર ચેટરજી દ્વારા સંસ્કૃતમાં રચાયેલ 'વંદે માતરમ્' ગીત ભારતનું રાષ્ટ્રગીત છે. ઈ.સ. 1896ના કોંગ્રેસ અધિવેશનમાં તે પ્રથમવાર ગાવામાં આવ્યું હતું. તેનો સ્વીકાર પણ બંધારણસભા દ્વારા 24 જાન્યુઆરી, 1950ના રોજ કરવામાં આવ્યો.

**રાષ્ટ્રીય પંચાંગ :**

શક સંવત, જેનો પહેલો મહીનો ચૈત્ર છે અને સામાન્ય વર્ષ 365 દિવસનું હોય છે. રાષ્ટ્રીય પંચાંગનો સ્વીકાર 22 માર્ચ, 1957 ના રોજ કરવામાં આવ્યો. આ પંચાંગ અને ગ્રેગોરિયન કેલેન્ડરની તારીખોમાં સમાનતા જોવા મળે છે. આ કેલેન્ડરનો પ્રથમ દિવસ 22 માર્ચ હોય છે અને જો લિપવર્ષ હોય તો 21 માર્ચ હોય છે.

| | |
|---|---|
| રાષ્ટ્રીય પ્રાણી | વાઘ (પેંથર ટાઈગ્રિસ – લિનાયસ) |
| રાષ્ટ્રીય પક્ષી | મોર (પાવો ક્રીસ્ટેટસ) |
| રાષ્ટ્રીય ફુલ | કમળ (નેલમ્બો ન્યૂસિકેસ) |
| રાષ્ટ્રીય ફળ | કેરી (મેન્ગીફેરા ઈન્ડીકા) |
| રાષ્ટ્રીય વૃક્ષ | વડ (ફાઈક્સ બેંઘાલેન્સિસ) |
| રાષ્ટ્રીય મુદ્રાલેખ | સત્યમેવ જયતે |
| રાષ્ટ્રભાષા | હિન્દી – દેવનાગરી લિપિ |
| રાષ્ટ્રીય નદી | ગંગા (દરજ્જો 4 નવેમ્બર, 2008) |
| રાષ્ટ્રીય જળચર જીવ | ડોલ્ફિન (દરજ્જો 5 ઓક્ટોબર, 2009) |
| રાષ્ટ્રીય વિરાસત પશુ | હાથી (દરજ્જો 22 ઓક્ટોબર, 2010) |

તાજેતરમાં ભારત સરકાર દ્વારા માહિતી અધિકાર અધિનિયમની અરજીના જવાબમાં આપવામાં આવેલ વિગતો મુજબ ભારત સરકાર દ્વારા હજુ સુધી કોઈ રમતને ભારતની રાષ્ટ્રીય રમત જાહેર કરવામાં આવેલ નથી.

### ❖ અંદાજ સમિતિ (Estimates Committee) :-

સંસદની આ અગત્યની સમિતિ છે. અંદાજ સમિતિ સૌપ્રથમ ઈ.સ. 1920માં બનાવવામાં આવી હતી અને ભારતની આઝાદી બાદ ઈ.સ. 1950માં તેની રચના કરવામાં આવી હતી. આ સમિતિ 30 સભ્યોની બનેલી હોય છે અને તેના તમામ સભ્યો લોકસભાના હોય છે. તેનુ કામ બજેટમાં રજૂ કરવામાં આવેલ ખર્ચના અંદાજો તપાસવાનું છે. આ સમિતિ ખર્ચમાં કાપ સૂચવી શકે છે અને કાર્યક્ષમતા વધારવા માટેના ઉપાયો પણ સૂચવી શકે છે. તેનો અહેવાલ પણ સંસદને સુપ્રત કરવામાં આવે છે. સંસદ તેના પર ચર્ચા કરે છે. અંદાજ સમિતિની ભલામણ સરકાર માટે બંધનકર્તા નથી. તેના પ્રથમ ચેરમેન અનંત શયનમ આયંગર હતા. 19 ઓગસ્ટ, 2014થી મુરલી મનોહર જોષી અંદાજ સમિતિના ચેરમેન છે.

### ❖ જાહેર હિસાબ સમિતિ (Public Account Committee) :-

જાહેર હિસાબ સમિતિ સંસદની એક અગત્યની સમિતિ છે. આ સમિતિ સંસદના 22 સભ્યોની બનેલી હોય છે, જેમાં 15 લોકસભાના અને 7 રાજ્યસભાના

Astha Academy Mo 8980961441

સભ્યો હોય છે. કોઈ મંત્રી તેનો સભ્ય બની શકે નહી. આ સમિતિ સરકારના દરેક ખાતાએ કરેલ ખર્ચ નિયમસર છે કે કેમ તેની ચકાસણી કરે છે. આ સમિતિ જરૂર જણાય ત્યારે ખાતાના સબંધિત અધિકારીઓને પણ તપાસે છે. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો અહેવાલ પણ તે ધ્યાનમાં લે છે. આ સમિતિ દરેક નાણાકીય વર્ષના સબંધમાં પોતાનો અહેવાલ સંસદને સુપરત કરે છે. મંત્રીઓ અથવા ખાતાઓ તરફથી જે અનિયમિતતાઓ અથવા ગેરકાયદેસરતાઓ આચરવામાં આવેલ હોય, તે આ સમિતિના અહેવાલથી પ્રકાશમાં આવે છે. જાહેર હિસાબ સમિતિના અહેવાલમાં દોષિત ઠરાવેલ મંત્રીને રાજીનામુ આપવાની ફરજ સરકાર પાડી શકે છે. ઈ.સ. 1967થી તેના અધ્યક્ષ વિરોધ પક્ષના નેતા હોય છે. આ અગાઉ તેના અધ્યક્ષ તરીકે સત્તાધારી પક્ષના વ્યક્તિની પસંદગી કરવામાં આવતી હતી. તેના પ્રથમ અધ્યક્ષ Mr. W.M. Hailey હતા, જેમણે ઈ.સ. 1921માં આ પદ સંભાળ્યુ હતુ. આ સમિતિના વર્તમાન અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે 2015થી હોદ્દા પર છે.

### ❖ ભાષાકીય આધાર પર રાજ્યોનું પુનર્ગઠન :–

સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાં જ ભારતમાં ભાષાના આધારે રાજ્યોના પુનર્ગઠનની માંગ હતી, પરંતુ સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ આ માંગમાં અધિક વૃદ્ધી થઈ. તેથી બંધારણ સભાના અધ્યક્ષ રાજેન્દ્ર પ્રસાદે અલાહાબાદ વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ એસ.કે.ધરની અધ્યક્ષતામાં એક આયોગની રચના કરી, જેનું કાર્ય ભારતમાં ભાષાના આધાર પર રાજ્યોના પુનર્ગઠનની યોગ્યતાની તપાસ કરવાનુ હતું. આ આયોગે 10 ડિસેમ્બર, 1948ના રોજ પોતાનો રીપોર્ટ બંધારણ સભાને રજૂ કર્યો. જેમાં ભાષાકીય આધાર પર રાજ્યોના પુનર્ગઠનનો વિરોધ કરવામાં આવ્યો હતો. પરંતુ વહીવટી સુવિધાના આધાર પર રાજ્યોના પુનર્ગઠનનું સમર્થન કરવામાં આવ્યુ હતું.

આયોગના આ રીપોર્ટનો તીવ્ર વિરોધ થયો અને કોંગ્રેસે પોતાના જયપુર અધિવેશનમાં ભાષાકીય આધાર પર રાજ્યોના પુનર્ગઠન બાબતે વિચાર કરવા માટે જવાહરલાલ નહેરૂ, વલ્લભભાઈ પટેલ તથા પટ્ટાભિ સીતારામૈયાની એક સમિતિની રચના કરી. આ સમિતિએ 1 એપ્રિલ, 1949ના રોજ પોતાની રીપોર્ટ રજૂ કર્યો; જેમાં તેઓએ પણ ભાષાકીય આધાર પર રાજ્યોની પુનર્રચનાની માંગણીનો અસ્વીકાર કર્યો. પરંતુ રીપોર્ટમાં એમ પણ સૂચવવામાં આવ્યુ કે લોકભાવનાના આદર માટે આ માંગનો સ્વીકાર કરવો જોઈએ. આ સમિતિના રીપોર્ટના પ્રકાશન બાદ તેલુગુ ભાષીઓએ તીવ્ર આંદોલન કર્યુ અને પરિણામ સ્વરૂપે 19 ડિસેમ્બર, 1952ના રોજ તત્કાલિન ભારતીય પ્રધાનમંત્રીએ તેલુગુ ભાષીઓ માટે પૃથક આંધ્ર પ્રદેશ રાજ્યની સ્થાપનાની ઘોષણા કરી. આ પ્રમાણે 1 ઓક્ટોબર, 1953ના રોજ આંધ્ર પ્રદેશ રાજ્યની રચના થઈ; જે ભાષાના આધાર પર સ્થાપિત ભારતનું પ્રથમ રાજ્ય હતું.

### ❖ રાજ્ય પુનર્ગઠન આયોગની રચના :–

ભાષાકીય આધાર પર આંધ્ર પ્રદેશ રાજ્યની રચના બાદ ભારતના અન્ય ભાષીઓની માંગની અવગણના કરવી શક્ય ન હતી. તેથી કેન્દ્ર સરકારે 22 ડિસેમ્બર, 1953ના રોજ રાજ્ય પુનર્ગઠન આયોગની નિમણૂકની ઘોષણા કરી. આ આયોગના અધ્યક્ષ ન્યાયાધીશ ફઝલ અલી હતા. આયોગે 30 ડિસેમ્બર, 1955ના રોજ પોતાનો રીપોર્ટ કેન્દ્રમાં રજૂ કર્યો. આ રીપોર્ટની ભલામણોને થોડા સુધારાઓ સાથે કેન્દ્ર સરકારે સ્વીકાર કરી, રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, 1956 સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો. જે અનુસાર ભારતમાં 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશોની રચના કરવામાં આવી. પરંતુ આ અધિનિયમમાં સમયાંતરે સુધારાઓના પરિણામ સ્વરૂપે વર્તમાનમાં ભારતમાં 29 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશો છે.

### ❖ ક્ષેત્રીય પરિષદો :–

ભારતીય બંધારણમાં ક્ષેત્રીય પરિષદોના સબંધમાં કોઈ જોગવાઈ નથી, પરંતુ 21 ડિસેમ્બર, 1955ના રોજ રાજ્ય પુનર્ગઠન આયોગના રીપોર્ટ પર વિચારણા દરમિયાન સંસદમાં પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂએ ભારતને ચાર અથવા પાંચ મોટા ક્ષેત્રોમાં વિભાજીત કરવા તથા પ્રત્યેક ક્ષેત્રમાં સામૂહિક વિચારની પરંપરા વિકસિત કરવા માટે સલાહકારી પરિષદોની રચના કરવાની રજૂઆત કરી અને ત્યારબાદ ક્ષેત્રીય પરિષદોની રચના કરવાની સલાહ આપી. રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, 1956ની ધારા 15માં ક્ષેત્રીય પરિષદોની રચનાની જોગવાઈ કરવામાં આવી.

ક્ષેત્રીય પરિષદોની રચના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. પ્રત્યેક ક્ષેત્રીય પરિષદના અધ્યક્ષ ભારતના ગૃહમંત્રી અથવા રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલ કેન્દ્રીય મંત્રી હોય છે

Astha Academy Mo.8980961441

તથા સબંધિત રાજ્યોના મુખ્યમંત્રી ઉપાધ્યક્ષ હોય છે, જે પ્રતિ વર્ષ બદલાય છે.

## ભારતીય બંધારણની મહત્વની બાબતો

સ્વતંત્ર ઉમેદવારના રૂપમાં ચૂંટણી જીતનાર રાષ્ટ્રપતિ – વી.વી.ગીરી

સર્વ સંમતિથી ચૂંટાયેલ રાષ્ટ્રપતિ – નીલમ સંજીવ રેડ્ડી (બિનહરીફ)

પોકેટ વીટોનો ઉપયોગ કરનાર રાષ્ટ્રપતિ- જ્ઞાની ઝૈલસિંહ (૧૯૮૬ – ભારતીય ટપાલ વિધેયક અંગે પોકેટ વીટો વાપરેલ છે.)

સૌથી ઓછો સમય રાષ્ટ્રપતિ રહેનાર – ડૉ. ઝાકીર હુસેન

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ કે જેમણે રાષ્ટ્રપતિનો હોદ્દો સંભાળ્યો હતો - મોહમ્મ્દ હિદાયતુલ્લા

હોદ્દા ઉપર મૃત્યુ પામનારા રાષ્ટ્રપતિ –ડૉ. ઝાકીર હુસેન, ફખરૂદ્દીન અલી એહમદ

એકમાત્ર રાષ્ટ્રપતિ હતા, જે બીજા રાઉન્ડની મત ગણતરી બાદ ચૂંટાયા હોય. - વી.વી.ગીરી

એકમાત્ર રાષ્ટ્રપતિ, કે જેઓ રાષ્ટ્રપતિના પદ પર સતત બે વાર ચૂંટાયા હોય અને સૌથી લાંબો સમય આ પદ પર રહ્યા હોય. - ડૉ. રાજેન્દ્રપ્રસાદ

ભારતના બંધારણનું આમુખ તૈયાર કરનાર – જવાહરલાલ નહેરૂ

સૌથી ઓછો સમય વડાપ્રધાન રહેનાર – ગુલઝારીલાલ નંદા

મુખ્યમંત્રીનો હોદ્દો સંભાળ્યા બાદ વડાપ્રધાન બનનાર- મોરારજી દેસાઈ, ચૌધરી ચરણસિંહ, વી.પી.સિંહ, એચ. ડી. દેવગૌડા, નરેન્દ્ર મોદી

સૌપ્રથમ બિનકાંગ્રેસી સરકાર – જનતા સરકાર (૧૯૭૭)

સૌપ્રથમ બિનકાંગ્રેસી વડાપ્રધાન – મોરારજી દેસાઈ (૧૯૭૭)

સંસદના નિયમોમાં શુન્યકાળનો ઉલ્લેખ નથી.

**વિધાનપરિષદ**: ઉત્તરપ્રદેશ, બિહાર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, જમ્મુ અને કશ્મીર. તેલંગાણામાં ૨૦૧૪માં વિધાન પરિષદ બનેલ છે. તમિલનાડુમાં ૧૯૮૬માં વિધાન પરિષદ નાબૂદ થયા બાદ ૨૦૧૦માં તમિલનાડુને વિધાન પરિષદ રચવા માટે સંસદે મંજૂરી આપી દીધેલ છે. પરંતુ હજુ સુધી તમિલનાડુમાં વિધાન પરિષદની રચના થયેલ નથી. બંધારણ મુજબ મધ્યપ્રદેશને પણ વિધાન પરિષદ રચવાની મંજૂરી આપી દીધેલ છે, પરંતુ ત્યાં પણ વિધાન પરિષદ રચાયેલ નથી.

મોહિની જૈન વિરૂદ્ધ કર્ણાટક રાજયના મુકદ્દમામાં ભારતની સર્વોચ્ચ અદાલતે શિક્ષણનો અધિકાર જીવવાના અધિકારમાં સામેલ કર્યો.

મહાભિયોગ – રાષ્ટ્રપતિ

મહાભિયોગ જેવી પ્રક્રિયા :- સર્વોચ્ચ અદાલત તથા વડી અદાલતના ન્યાયાધીશ, ચૂંટણીપંચના અધ્યક્ષ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલ.

ભારતીય નાગરિકતાના સંબંધમાં સંસદે "નાગરિકત્વ ધારો 1955" ઘડેલ છે.

ભારતના રાષ્ટ્રપતિ સંસદનો ભાગ છે, પરંતુ તેઓ સંસદને જવાબદાર નથી. તેઓ જે પ્રધાનમંડળની રચના કરે છ, તે સંસદને જવાબદાર છે.

અનુચ્છેદ-343 ઠરાવે છે કે સંઘની સત્તાવાર ભાષા દેવનાગરી લિપીવાળી હિન્દી રહેશે. પરંતુ બંધારણના અમલની શરૂઆત થયા બાદ 15 વર્ષ સુધી સંઘના તમામ સત્તાવાર હેતુઓ માટે અંગ્રેજી ભાષાનો ઉપયોગ ચાલુ રહેશે. પંદર વર્ષ બાદ સંસદ આ બાબતે કાયદો ઘડી શકશે. આ સંબંધમાં સંસદે 'સત્તાવાર ભાષા અધિનિયમ 1963' (Official Language Act, 1963) પસાર કરેલ છે.

નીચેની બાબતો સંસદ સામાન્ય બહુમતીથી પસાર કરી શકે છે અને તેને અનુ. 368 હેઠળ બંધારણમાં સંશોધન માનવામાં આવશે નહી.

(૧) રાજ્યોનાં નામ, સીમા કે ક્ષેત્રમાં પરિવર્તન અને રાજ્યોને અલગ કરવાં. (અનુચ્છેદ-4)

(૨) રાજયમાં વિધાન પરિષદનું સર્જન કે નાબૂદી. (અનુચ્છેદ-169)

(૩) અનુસૂચિત વિસ્તારો કે અનુસૂચિત જનજાતિઓનો વહીવટ (પરિશિષ્ટ-5 અને 6)

(૪) કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશો માટે વિધાનસભા કે મંત્રીમંડળનું નિર્માણ (અનુચ્છેદ- 239(ક)(2))

Astha Academy Mo.8980961441

# ભારતીય બંધારણમાં વિદેશી સ્રોત

| ક્રમ | દેશ | જોગવાઈ |
|---|---|---|
| ૧ | **સંયુક્ત રાજ્ય અમેરિકા (USA)** | મૂળભૂત અધિકારો (અનુચ્છેદ 12-35)<br>સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર<br>ન્યાયીક પુનરાવલોકન (અનુચ્છેદ 137)<br>ઉપરાષ્ટ્રપતિનું પદ (અનુચ્છેદ 63)<br>રાષ્ટ્રપતિને દૂર કરવાનો 'મહાભિયોગ પ્રસ્તાવ' (અનુચ્છેદ 61)<br>સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ન્યાયાધીશોને પદ પરથી દૂર કરવા (અનુ. 124) |
| ૨ | **બ્રિટન** | સંસદીય શાસન પ્રણાલી (અનુચ્છેદ 79)<br>એકલ નાગરિકત્વ (અનુચ્છેદ 5-11)<br>પ્રધાનમંડળની સંસદ પ્રતિ સામૂહિક જવાબદારી (અનુચ્છેદ 75)<br>કાયદાનું શાસન<br>કાયદો ઘડવાની પ્રક્રિયા<br>મંત્રીમંડળ પ્રણાલી (અનુચ્છેદ 74-75)<br>પરમાધિકાર લેખ<br>સંસદીય વિશેષાધિકાર<br>દ્વિગૃહી શાસનવ્યવસ્થા (અનુચ્છેદ 79) |
| ૩ | **ફ્રાન્સ** | પ્રજાસત્તાક શાસન વ્યવસ્થા<br>સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો આદર્શ (બંધારણની પ્રસ્તાવના) |
| ૪ | **જાપાન** | 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દપ્રયોગ (અનુચ્છેદ 21, 300(ક) અને અન્ય) |
| ૫ | **સોવિયેટ સંઘ પૂર્વનું બંધારણ** | મૂળભૂત ફરજો (અનુચ્છેદ 51-ક)<br>સામાજીક, આર્થિક અને રાજકીય ન્યાયનો આદર્શ (બંધારણની પ્રસ્તાવના) |
| ૬ | **જર્મનીનું વાઈમર બંધારણ** | કટોકટીની જોગવાઈ દરમ્યાન મૂળભૂત અધિકારોની મોકૂફી (અનુચ્છેદ 358-359) |
| ૭ | **આયર્લેન્ડ** | રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (અનુચ્છેદ 36-51)<br>આમુખનો ખ્યાલ<br>ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની પદ્ધતિ (અનુચ્છેદ 66)<br>રાજ્યસભામાં સભ્યોની નિયુક્તિ (અનુચ્છેદ 80) |
| ૮ | **ઓસ્ટ્રેલિયા** | સંયુક્ત યાદી (પરિશિષ્ટ – 7)<br>વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા (અનુચ્છેદ 301)<br>સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક (અનુચ્છેદ 108) |
| ૯ | **દ. આફ્રિકા** | બંધારણમાં સુધારાની પ્રક્રિયા (અનુ. 368)<br>રાજ્યસભાના સભ્યોની ચૂંટણી (અનુ. 80) |
| ૧૦ | **કેનેડા** | સશક્ત કેન્દ્ર સાથેની સંઘીય વ્યવસ્થા<br>શેષ અધિકાર કેન્દ્રમાં નિહિત હોવો<br>કેન્દ્ર દ્વારા રાજ્યના રાજ્યપાલોની નિયુક્તિ (અનુ. 65)<br>સર્વોચ્ચ ન્યાયાલયનો પરામર્શી ન્યાય નિર્ણય (અનુ. 143) |
| ૧૧ | **1935નો હિંદ રાજ્ય વહીવટ અધિનિયમ** | સંઘીય વ્યવસ્થા<br>રાજ્યપાલનું કાર્યાલય<br>ન્યાયતંત્ર (અનુચ્છેદ 124 & 214)<br>જાહેર સેવા આયોગ (અનુચ્છેદ 315)<br>કટોકટીના અમલ દરમ્યાનની જોગવાઈઓ અને વહીવટી વિવરણ (અનુ.352-360) |

# ભારતીય બંધારણના ભાગ

| ભાગ | વિગત | અનુચ્છેદ |
|---|---|---|
| 1 | સંઘ અને તેનો પ્રદેશ | ૧ - ૪ |
| 2 | નાગરિકતા | ૫ – ૧૧ |
| 3 | મૂળભૂત અધિકારો | ૧૨ – ૩૫ |
| 4 | રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | ૩૬ – ૫૧ |
| 4(A) | મૂળભૂત ફરજો | ૫૧ –A |
| આ ભાગ બંધારણમાં ૪૨મા સંશોધન, ૧૯૭૬ દ્વારા ઉમેરવામાં આવેલ છે. | | |
| 5 | સંઘ | ૫૨ – ૧૫૧ |
| 6 | રાજ્ય | ૧૫૨ – ૨૩૭ |
| 7 | અનુસૂચિ – ૧નાં ભાગ 'ખ' નાં રાજ્યો | ૨૩૮ |
| આ ભાગ બંધારણમાં સાતમા સંશોધન, ૧૯૫૬ દ્વારા રદ કરવામાં આવેલ છે. | | |
| 8 | કેન્દ્રશાસિત પ્રદેશો | ૨૩૯ – ૨૪૨ |
| 9 | પંચાયત | ૨૪૩ |
| 9(A) | નગરપાલિકા | ૨૪૩ |
| આ ભાગ બંધારણમાં ૭૪મા સંશોધન, ૧૯૯૨ દ્વારા ઉમેરવામાં આવેલ છે. | | |
| 9(B) | સહકારી મંડળીઓ | ૨૪૩ |
| આ ભાગ બંધારણમાં ૯૭મા સંશોધન, ૨૦૧૧ દ્વારા ઉમેરવામાં આવેલ છે. | | |
| 10 | અનુસૂચિત અને આદિજાતિ વિસ્તારો | ૨૪૪ |
| 11 | કેન્દ્ર અને રાજ્યના સંબંધો | ૨૪૫ – ૨૬૩ |
| 12 | નાણાકીય બાબતો, મિલકત, કરારો-દાવાઓ | ૨૬૪ – 300 (ક) |
| 13 | ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર | ૩૦૧ – ૩૦૭ |
| 14 | જાહેર સેવાઓ | ૩૦૮ – ૩૨૩ |
| 14(A) | ટ્રીબ્યુનલો | ૩૨૩ |
| આ ભાગ બંધારણમાં 42મા સંશોધન, 1976 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. | | |
| 15 | ચૂંટણીઓ | ૩૨૪ – ૩૨૯ |
| 16 | અમૂક વર્ગો માટે ખાસ જોગવાઈઓ | ૩૩૦ – ૩૪૨ |
| 17 | રાજભાષા | ૩૪૩ – ૩૫૧ |
| 18 | કટોકટીની જોગવાઈ | ૩૫૨ – ૩૬૦ |
| 19 | પ્રકીર્ણ | ૩૬૧ – ૩૬૭ |
| 20 | બંધારણમાં સંશોધનની પ્રક્રિયા | ૩૬૮ |
| 21 | કામચલાઉ, વચગાળાની અને ખાસ જોગવાઈઓ | ૩૬૯ – ૩૯૨ |
| 22 | ટૂંકી સંજ્ઞા, હિંદીમાં અધિકૃત પાઠ અને રદ કરવા બાબત | ૩૯૩ – ૩૯૫ |

# ભારતીય બંધારણનાં પરિશિષ્ટ

ભારતીય બંધારણમાં અત્યારે કુલ ૧૨ પરિશિષ્ટો છે. શરૂઆતમાં તેની સંખ્યા ૮ હતી. બંધારણમાં ૯મું પરિશિષ્ટ ૧૯૫૧માં બંધારણના પ્રથમ સુધારા દ્વારા, ૧૦મું પરિશિષ્ટ ૧૯૮૫માં ૫૨મા સુધારા દ્વારા, ૧૧મું ૭૩મા સુધારા દ્વારા ૧૯૯૩માં અને ૧૨મું પરિશિષ્ટ ૭૪મા સુધારા દ્વારા ૧૯૯૩માં ઉમેરવામાં આવ્યું છે.

| | |
|---|---|
| પરિશિષ્ટ – ૧ | રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો |
| પરિશિષ્ટ – ૨ | રાષ્ટ્રપતિ, રાજયપાલ, લોકસભા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, રાજયસભાના સભાપતિ અને ઉપસભાપતિ, રાજયની વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, વિધાન પરિષદના સભાપતિ અને ઉપસભાપતિ, સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ન્યાયાધીશ તથા CAG નાં વેતન ભથ્થાંઓની યાદી. |
| પરિશિષ્ટ – ૩ | શપથ અને પ્રતિજ્ઞાઓના નમૂના |
| પરિશિષ્ટ – ૪ | દરેક રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે રાજયસભાની બેઠકોની ફાળવણી |
| પરિશિષ્ટ – ૫ | અનુસૂચિત વિસ્તારો અને અનુસૂચિત આદિજાતિઓના વહીવટ અને નિયંત્રણ વિશે જોગવાઈ |
| પરિશિષ્ટ – ૬ | આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ રાજયોના આદિજાતિ વિસ્તારોના વહીવટ માટેની જોગવાઈ |
| પરિશિષ્ટ – ૭ | ત્રણ યાદીઓ દર્શાવે છે.<br>૧. કેન્દ્રની યાદીમાં ૯૭ વિષયો હતા, જે અંગે સંઘની સરકાર કાયદો ઘડવાનો અધિકાર ધરાવે છે. તેમાં હાલ ૧૦૦ વિષયો છે.<br>૨.રાજયની યાદીમાં ૬૬ વિષયો હતા, જે અંગે રાજય સરકાર કાયદો ઘડવાનો અધિકાર ધરાવે છે. તેમાં હાલ ૬૧ વિષયો છે.<br>૩. સંયુક્ત/સમવર્તી યાદીમાં ૪૭ વિષયો હતા, જેમાં કેન્દ્ર તથા રાજય બંને કાયદો ઘડવાની સત્તા ધરાવે છે. તેમાં હાલ ૫૨ વિષયો છે. |
| પરિશિષ્ટ – ૮<br>**ABP MUKT SG Highway**<br>A-Asami B-Bangali<br>P-Panjabi,<br>M-Marathi,Malayalam<br>U-Urdu, Udiya,<br>K-Kannad, Kashmiri<br>T-Tamil, Telugu<br>S-Sanskrit<br>G-Gujarati H-Hindi | બંધારણમાં માન્યતા પ્રાપ્ત પ્રાદેશિક ભાષાઓની યાદી<br>આ પરિશિષ્ટમાં શરૂઆતમાં 14 ભાષાઓ હતી. પરંતુ ત્યાર બાદ 8 ભાષાઓ ઉમેરવામાં આવતાં હાલ 22 ભાષાઓ છે. જે નીચે મુજબના બંધારણીય સુધારાઓ દ્વારા ઉમેરવામાં આવી છે.<br>1. 21મા બંધારણીય સુધારા, 1967 દ્વારા સિંધી ભાષા ઉમેરવામાં આવી છે.<br>2. 71મા બંધારણીય સુધારા, 1992 દ્વારા નેપાળી, મણિપૂરી અને કોંકણી ઉમેરવામાં આવી છે.<br>3. 92મા બંધારણીય સુધારા, 2003 દ્વારા મૈથિલી, બોડો, ડોંગરી અને સંથાલી ઉમેરવામાં આવી છે. |
| પરિશિષ્ટ – ૯ | કેટલાક અધિનિયમો અને વિનિયમોની કાયદેસરતા |
| પરિશિષ્ટ – ૧૦ | પક્ષપલટાને કારણે ગેરલાયકાત અંગેની જોગવાઈઓ |
| પરિશિષ્ટ – ૧૧ | પંચાયતના વિષયો – 29 વિષયો |
| પરિશિષ્ટ – ૧૨ | નગરપાલિકાના વિષયો – 18 વિષયો |

# સાતમી અનુસૂચિ
# (અનુચ્છેદ– ૨૪૬)
# યાદી ૧–સંઘ યાદી

૧. ભારતનું અને તેના દરેક ભાગનું સંરક્ષણ, જેમાં સંરક્ષણ માટેની તૈયારી અને યુદ્ધના સમયમાં તેના સંચાલન અને તેની સમાપ્તિ પછી અસરકારક રીતે સૈન્યના વિસર્જનમાં સહાયકારક થાય તેવાં તમામ કાર્યોનો સમાવેશ થાય છે.

૨. નૌકાદળ, ભૂમિદળ અને હવાઈદળ, સંઘના બીજા કોઈ સશસ્ત્ર દળો.

૨-ક. મુલકી સત્તાની સહાયમાં, કોઈપણ રાજ્યમાં સંઘના નિયંત્રણને અધીન રહીને, સંઘનું કોઈ સશસ્ત્ર દળ અથવા બીજું કોઈ દળ અથવા તેની કોઈ ટુકડી કે એકમ ગોઠવવા બાબત, તે એવી રીતે ગોઠવવામાં આવે ત્યારે, એવાં દળોના સભ્યોનાં સત્તા, હકૂમત, વિશેષાધિકારો અને જવાબદારીઓ.

3. કેન્ટોનમેન્ટ વિસ્તારોનું સીમાંકન, તે વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્ય, તે વિસ્તારોની અંદર કેન્ટોનમેન્ટ સત્તામંડળોની રચના તેમની સત્તા, અને તે વિસ્તારોમાં રહેઠાણનું (ભાડાના નિયંત્રણ સહિત નિયમન.)

૪. નૌકાદળ, ભૂમિદળ અને હવાઈદળનાં કામો.

૫. શસ્ત્રો, ફોડવાનાં શસ્ત્રો, દારૂગોળો અને સ્ફોટક પદાર્થો.

૬. અણુશક્તિ અને તેના ઉત્પાદન માટે જરૂરી ખનિજ સંપત્તિ.

૭. સંરક્ષણના હેતુ માટે અથવા યુદ્ધના સંચાલન માટે જરૂરી હોવાનું સંસદે કાયદાથી જાહેર કર્યું હોય તેવા ઉદ્યોગ.

૮. કેન્દ્રીય બાતમી અને તપાસ-બ્યુરો.

૯. ભારતના સંરક્ષણ, વિદેશને લગતી બાબતો અથવા સલામતી સાથે સંબંધ ધરાવતાં કારણોસર નિવારક-અટકાયત; આવી અટકાયતમાં લીધેલી વ્યક્તિઓ.

૧૦. વિદેશને લગતી બાબતો; સંઘને જેનાથી કોઈ પરદેશ સાથે સંબંધમાં આવવું પડે તેવી તમામ બાબતો.

૧૧. રાજનયિક, કોન્સ્યુલર અને વ્યાપારી પ્રતિનિધિત્વ.

૧૨. સંયુક્ત રાષ્ટ્રસંઘ.

૧૩. આંતરરાષ્ટ્રીય સંમેલનો, સંસ્થાઓ અને અન્ય મંડળોમાં ભાગ લેવા બાબત અને તેમાં લેવાયેલ નિર્ણયોના અમલ બાબત.

૧૪. પરદેશો સાથે સંધિઓ અને કબૂલાતનામાં કરવા બાબત અને પરદેશો સાથેનાં સંધિઓ, કબૂલાતનામાં અને કરારોનો અમલ કરવા બાબત.

૧૫. યુદ્ધ અને શાંતિ.

૧૬. વિદેશી હકૂમત.

૧૭. નાગરિકતા, નાગરિકીકરણ અને વિદેશીઓ.

૧૮. પ્રત્યાર્પણ.

૧૯. ભારતમાં પ્રવેશ અને ભારતમાંથી નિર્ગમન અને હદપારી, પાસપોર્ટ અને વીસા.

૨૦. ભારત બહારનાં સ્થળોએ તીર્થયાત્રાઓ.

૨૧. ભરદરિયે અથવા હવામાં થતી ચાંચિયાગીરી અને ગુનાઓ; જમીન ઉપર અથવા ભરદરિયે અથવા હવામાં કરેલા રાષ્ટ્રોના કાયદા વિરુદ્ધના ગુના.

૨૨. રેલવે.

૨૩. સંસદે અથવા સંસદે કરેલા કાયદા હેઠળ રાષ્ટ્રીય ધોરીમાર્ગો તરીકે જાહેર કરેલા ધોરી માર્ગો.

૨૪. યંત્રચાલિત જહાજો સંબંધમાં સંસદે કાયદાથી રાષ્ટ્રીય જળમાર્ગો તરીકે જાહેર કરેલા દેશના આંતરિક જળમાર્ગો ઉપરનું વહાણવટુ અને નૌકાવ્યવહાર; એવા જળમાર્ગો ઉપરના માર્ગ-નિયમ.

૨૫. દરિયાઈ વહાણવટુ અને નૌકાવ્યવહાર, જેમાં ભરતીજળમાં વહાણવટા અને દરિયાઈ વ્યવહારનો સમાવેશ થાય છે ; વેપારી નૌકાકાફલા માટે શિક્ષણ અને તાલીમની જોગવાઈ અને રાજ્યો અને બીજી સંસ્થાઓ દ્વારા અપાતા શિક્ષણનું અને તાલીમનું નિયમન.

૨૬. દીવાદાંડીઓ, જેમાં દીપ-જહાજો, માર્ગસૂચક ચિહ્નો અને વહાણો અને વિમાનોની સલામતી માટેની બીજી જોગવાઈઓનો સમાવેશ થાય છે.

૨૭. સંસદે અથવા તેણે કરેલા કાયદા હેઠળ અથવા વિદ્યમાન કાયદા હેઠળ મોટાં બંદરો તરીકે જાહેર કરેલાં બંદરો, જેમાં તેમનું સીમાંકન અને તેમાંના બંદર સત્તામંડળોની રચના અને તેમની સત્તાઓનો સમાવેશ થાય છે.

૨૮. બંદર-ક્વોરન્ટાઈન, જેમાં તેની સાથે સંબંધિત ઈસ્પિતાલોનો સમાવેશ થાય છે. ખલાસીઓ માટેની દરિયાઈ ઈસ્પિતાલો.

Astha Academy Mo.8980961441

૨૯. હવાઈમાર્ગો; વિમાનો અને હવાઈ માર્ગ-વ્યવહાર; વિમાનમથકોની જોગવાઈ; હવાઈ માર્ગવ્યવહાર અને વિમાન મથકોનાં નિયમન અને વ્યવસ્થા; વિમાનવિદ્યાનાં શિક્ષણ અને તાલીમની જોગવાઈ અને રાજ્ય અને બીજી સંસ્થાઓ દ્વારા અપાતા તેવા શિક્ષણ અને તાલીમનું નિયમન.

૩૦. રેલવે, દરિયાઈ અથવા હવાઈ માર્ગે અથવા રાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા યંત્રચાલિત જહાજોમાં ઉતારૂઓ અને માલની હેરફેર.

૩૧. ટપાલ અને તાર ; ટેલિફોન, વાયરલેસ, રેડિયો-પ્રસારણ અને તેવા પ્રકારના બીજા સંદેશાવ્યવહારો.

૩૨. સંઘની મિલકત અને તેમાંથી થતી આવક, પણ કોઈ રાજ્યમાં તે મિલકત આવેલી હોય તો, તે રાજ્યના અધીન રહેશે, સિવાય, કે તે સંબંધમાં સંસદે કાયદાથી બીજી જોગવાઈ કરી હોય.

૩૪. દેશી રાજ્યોના રાજવીઓની એસ્ટેટ માટે વાલી ન્યાયાલય.

૩૫. સંઘનું જાહેર દેવુ.

૩૬. ચલણી નાણાં, સિક્કા નિર્માણ અને કાયદેસર, ચલણ; વિદેશી હુંડીયામણ.

૩૭. વિદેશી લોન.

૩૮. ભારત રિઝર્વ બેંક.

૩૯. પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંક.

૪૦. ભારત સરકાર અથવા કોઈ રાજ્ય સરકાર યોજિત લોટરીઓ.

૪૧. પરદેશો સાથે વેપાર-વાણિજ્ય, જકાત-સરહદો પાર કરીને થતી આયાત અને નિકાસ ; જકાત સરહદો મુકરર કરવા બાબત.

૪૨. આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્ય.

૪૩. બેંકિગ, વીમાકીય અને નાણાકીય કોર્પોરેશનો સહિતનાં પણ સહકારી મંડળીઓ સિવાયના વેપારી કોર્પોરેશનનું સંસ્થાપન, નિયમન અને તેમનું સમાપન.

૪૪. જેમના ઉદ્દેશો એક જ રાજ્ય પૂરતા મર્યાદિત ન હોય તેવા કોર્પોરેશનોનું સંસ્થાપન, નિયમન અને તેમનું સમાપન, પછી ભલે તે વેપાર કરતાં હોય કે નહિ; પણ તેમાં યુનિર્સિટીઓનો સમાવેશ થતો નથી.

૪૫. બેંક-વ્યવસાય.

૪૬. વિનિયમપત્રો, ચેક, પ્રોમેસરી નોટ અને એવાં બીજાં ખત.

૪૭. વીમો.

૪૮. શેર-બજારો અને વાયદા બજારો.

૪૯. પેટન્ટો, શોધો અને ડિઝાઈનો ; કોપીરાઈટ, ટ્રડ-માર્ક અને વેપારી માલ-ચિહ્નો.

૫૦. વજન અને માપનાં ધોરણો સ્થાપવા બાબત.

૫૧. ભારત બહાર નિકાસ કરવાના અથવા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં લઈ જવાના માલની ગુણવત્તાનાં ધોરણો સ્થાપવા બાબત.

૫૨. સંઘ દ્વારા જેમનું નિયંત્રણ જાહેર હિતમાં ઈષ્ટ હોવાનું સંસદે કાયદાથી જાહેર કર્યું હોય તેવા ઉદ્યોગો.

૫૩. તેલ-ક્ષેત્રો અને ખનિજ તેલ-સંપત્તિનાં નિયમન અને નિકાસ; અને પેટ્રોલિયમની બનાવટો; સળગી ઉઠે તેવા જોખમી હોવાનું સંસદે કાયદાથી જાહેર કર્યું હોય તેવા અન્ય પ્રવાહીઓ અને પદાર્થો.

૫૪. સંઘના નિયંત્રણ હેઠળ જાહેર હિતમાં ઈષ્ટ હોવાનું સંસદે કાયદાથી જાહેર કર્યું હોય તેટલે અંશે ખાણોનું નિયમન અને ખનિજોનો વિકાસ.

૫૫. ખાણોમાં અને તેલક્ષેત્રોમાં કામદારો અને સલામતીનું નિયમન.

૫૬. આંતર-રાજ્ય નદીઓ નદીખીણોનું નિયંત્રણ સંઘ હેઠળ જાહેર કરહિતમાં ઈષ્ટ હોવાનું સંસદે કાયદાથી જાહેર કર્યું હોય તેટલે અંશે તેમનાં નિયમન અને વિકાસ.

૫૭. પ્રાદેશિક જળવિસ્તારની બહાર માછીમારી અને મત્સ્યક્ષેત્રો.

૫૮. સંઘ એજન્સીઓ દ્વારા મીઠું બનાવવા બાબત, તેનો પુરવઠો અને તેની વહેંચણી; અને અન્ય એજન્સીઓ દ્વારા મીઠું બનાવવા બાબત, તેનો પુરવઠો અને તેની વહેંચણીનું નિયમન અને નિયંત્રણ.

૫૯. અફીણનું વાવેતર, તેનું ઉત્પાદન અને નિકાસ માટે તેનું વેચાણ.

૬૦. સિનેમા-ફિલ્મો દેખાડવાની મંજૂરી.

૬૧. સંઘના કર્મચારીઓને લગતી ઔદ્યોગિક તકરારો.

૬૨. આ સંવિધાન આરંભે નેશનલ લાઈબ્રેરી, ઈન્ડિયન મ્યુઝિયમ, ઈમ્પીરિયલ વોર મ્યુઝિયમ, વિક્ટોરિયા મેમોરિયલ અને ઈન્ડિયન વોર મેમોરિયલને નામે ઓળખાતી સંસ્થાઓ અને ભારત સરકાર જેનું પુરું કે આંશિક ખર્ચ ભોગવતી હોય અને જેને સંસદે કાયદાથી રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા તરીકે જાહેર કરી હોય તેવી અને તેના જેવી બીજી સંસ્થા.

૬૩. આ સંવિધાનના આરંભે બનારસ હિંદુ યુનિવર્સિટી, અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને દિલ્હી યુનિવર્સિટી તરીકે ઓળખાતી સંસ્થાઓ; અનુચ્છેદ ૩૧૭-ચ

Astha Academy Mo.8980961441

અનુસાર સ્થપાયેલી યુનિવર્સિટી, સંસદે કાયદાથી રાષ્ટ્રીય મહત્ત્વની તરીકે જાહેર કરેલી બીજી કોઈ સંસ્થા.

૬૪. ભારત સરકાર જેનું પૂરું અથવા આંશિક ખર્ચ ભોગવતી હોય અને સંસદે જેને કાયદાથી રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા તરીકે જાહેર કરી હોય તેવી વૈજ્ઞાનિક અથવા ટેકનિકલ શિક્ષણ માટેની સંસ્થાઓ.

૬૫. (ક) પોલીસ અધિકારીઓની તાલીમ સહિત વ્યાવસાયિક, ધંધાકીય અથવા ટેકનિકલ તાલીમ માટેની ; અથવા

(ખ) ખાસ અભ્યાસ અથવા સંશોધનની અભિવૃદ્ધિ માટેની ; અથવા

(ગ) ગુનાની તપાસ કરવામાં કે તે પકડી પાડવામાં વૈજ્ઞાનિક અથવા ટેકનિકલ સહાય માટેની, સંઘ એજન્સીઓ અને સંસ્થાઓ.

૬૬. ઉચ્ચ શિક્ષણ અથવા સંશોધન માટેની સંસ્થાઓ અને વૈજ્ઞાનિક અથવા ટેકનિકલ સંસ્થાઓમાં સંકલન અને ધોરણો નક્કી કરવા બાબત.

૬૭. સંસદે કાયદાથી અથવા તે હેઠળ રાષ્ટ્રીય મહત્ત્વનાં હોવાનું જાહેર કરેલાં પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકો અને રેકર્ડ અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો.

૬૮. ભારતની મોજણી, ભારતની ભૂસ્તર, વનસ્પતિ, પ્રાણી અને માનવવંશ વિષયક મોજણી; હવામાન સંસ્થાઓ.

૬૯. વસ્તી ગણતરી.

૭૦. સંઘની રાજ્ય સેવાઓ ; અખિલ ભારતીય સેવાઓ ; સંઘ લોક સેવા આયોગ.

૭૧. સંઘ પેન્શનો, એટલે કે ભારત સરકારે અથવા ભારતના એકત્રિત ફંડમાંથી આપવાનાં થતાં પેન્શનો.

૭૨. સંસદની, રાજ્યોનાં વિધાનમંડળોની અને રાષ્ટ્રપતિ અને ઉપ-રાષ્ટ્રપતિના હોદ્દા માટેની ચૂટણીઓ; ચૂંટણી કમિશન.

૭૩. સંસદના સભ્યોનાં રાજ્યસભાના સભાપતિ અને ઉપ-સભાપતિનાં અને લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનાં પગાર અને ભથ્થાં.

૭૪. સંસદના દરેક ગૃહનાં અને દરેક ગૃહના સભ્યોનાં અને સમિતિઓનાં સત્તા, વિશેષાધિકારો અને મુક્તિઓ ; સંસદની સમિતિઓ અથવા સંસદે નીમેલાં કમિશનો સમક્ષ જુબાની આપવા અથવા દસ્તાવેજો રજૂ કરવા માટે વ્યક્તિઓને હાજર રહેવાની ફરજ પાડવા બાબત.

૭૫. રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોનાં મળતરો, ભથ્થાં, વિશેષાધિકારો અને ગેરહાજરી-રજા અંગેના હક્કો; સંઘના મંત્રીઓનાં પગાર અને ભથ્થાં; નિયંત્રક-મહાલેખા પરીક્ષકનાં પગાર, ભથ્થાં અને ગેરહાજરી-રજા અંગેના હકો અને સેવાની બીજી શરતો.

૭૬. સંઘ અને રાજ્યોના હિસાબો ઓડિટ કરવા બાબત.

૭૭. ઉચ્ચતમ ન્યાયાલયનાં રચના, વ્યવસ્થાપન, હકૂમત અને સત્તા (એવા ન્યાયાલયના તિરસ્કાર સહિત) અને તેમાં લેવાતી ફી ; ઉચ્ચતમ ન્યાયાલય સમક્ષ વકીલાત કરવાનો હક ધરાવતી વ્યક્તિઓ.

૭૮. ઉચ્ચ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓ વિષેની જોગવાઈઓ સિવાય, ઉચ્ચ ન્યાયાલયની રચના અને વ્યવસ્થાપન (વેકેશન સહિત) ; ઉચ્ચ ન્યાયાલય સમક્ષ વકીલાત કરવાનો હક ધરાવતી વ્યક્તિઓ.

૭૯. કોઈ સંઘ રાજ્યક્ષેત્ર સુધી કોઈ ઉચ્ચ ન્યાયાલયની હકૂમત વિસ્તારવા અને તેમાંથી તે બાકાત રાખવા બાબત.

૮૦. કોઈ રાજ્યના પોલીસ દળના સભ્યોની સત્તા અને હકૂમત તે રાજ્યના બહારના કોઈ વિસ્તાર સુધી વિસ્તારવા બાબત, પણ જે રાજ્યમાં આવો વિસ્તાર આવેલો હોય તે રાજ્યની સરકારની સંમતિ વિના એક રાજ્યની પોલીસ તે રાજ્ય બહારના કોઈ વિસ્તારમાં સત્તા અને હકૂમત ભોગવી શકે નહિ તે રીતે ; રાજ્ય બહારના રેલવે વિસ્તારોમાં કોઈ રાજ્યના પોલીસ દળના સભ્યોની સત્તા અનુ હકૂમત વિસ્તારવા બાબત.

૮૧. આંતરરાજ્ય સ્થાનાન્તર; આંતરરાજ્ય ક્વોરન્ટાઈન.

૮૨. ખેતીની આવક સિવાયની આવક ઉપરના કરો.

૮૩. નિકાસ જકાતો સહિતની જકાતો.

૮૪. ભારતમાં બનાવેલી અથવા ઉત્પન્ન કરેલી તમાકુ ઉપરની અને –

(ક) માનવ ઉપયોગ માટે આલ્કોહોલવાળો દારૂ ;

(ખ) અફીણ, ભાંગ અને બીજાં ઘેન લાવનારાં ઔષધો અને કેફી પદાર્થો સિવાયના, પણ આલ્કોહોલ અથવા આ નોંધના પેટા-પરિચ્છેદ (ખ)માં સમાવિષ્ટ કરેલા કોઈ પદાર્થવાળી દવાઓ અને પ્રસાધનની બનાવટ સહિતના અન્ય માલ ઉપરની, આબકારી જકાત.

૮૫. કોર્પોરેશન કર.

૮૬. વ્યક્તિઓની અને કંપનીઓની ખેતીની જમીન સિવાયની અસ્ક્યામતોની મૂડી કિંમત ઉપરના કર; કંપનીઓની મૂડી ઉપરના કર.

Astha Academy Mo.8980961441

૮૭. ખેતીની જમીન સિવાયની મિલકત અંગેની એસ્ટેટ ડ્યૂટી.

૮૮. ખેતીની જમીન સિવાયની મિલકતના ઉત્તરાધિકાર અંગેની ડ્યૂટી.

૮૯. રેલવે, દરિયાઈ અથવા માર્ગે લઈ જવાતા માલ અથવા ઉતારૂઓ ઉપરના સીમા કરો ; રેલવે ભાડાં અને નૂર ઉપરના કરો.

૯૦. શેર બજારોમાંના અને કાયદા બજારોમાંના સોદા ઉપર સ્ટેમ્પ ડ્યૂટી સિવાયના કરો.

૯૧. વિનિમયપત્રો, ચેકો પ્રોમિસરી નોટો, સતમીઓ, શાખપત્રો, વીમાની પોલિસીઓ, શેરોની તબદીલી, ડિબેન્ચરો, મુખત્યારનામાં અને પાવતીઓ અંગે સ્ટેમ્પ ડ્યૂટીના દરો.

૯૨. વર્તનામપત્રોનાં વેચાણ અને ખરીદી ઉપરના અને તેમાં પ્રસિદ્ધ થતી જાહેર ખબર ઉપરના કરો.

૯૨-ક. આંતર-રાજ્ય વેપાર વાણિજ્ય દરમિયાન વર્તમાનપત્રો સિવાયના માલના થયેલ વેચાણ અથવા ખરીદી ઉપરના કરો.

૯૨.-ખ. આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન માલની રવાનગી થઈ હોય ત્યારે એવી રવાનગી ઉપરના કરો. (પછી માલ મંગાવનાર વ્યક્તિને અથવા બીજી કોઈ વ્યક્તિને એવી રવાનગી કરી હોય તો પણ.)

૯૨.-ગ. સેવાઓ ઉપરના કર.

૯૩. આ યાદીમાંની કોઈપણ બાબત અંગે કાયદા વિરુદ્ધના ગુના.

૯૪. આ યાદીમાં કોઈ પણ બાબતના હેતુ માટે તપાસ, મોજણીઓ અને આંકડા.

૯૫. આ યાદીમાં કોઈ પણ બાબત અંગે ઉચ્ચતમ ન્યાયલય સિવાયના તમામ ન્યાયલયોની હકૂમત અને સત્તા; દરિયાઈ ન્યાયાલયની હકૂમત.

૯૬. આ યાદીમાંની કોઈ પણ બાબત અંગેની ફી, પણ તેમાં કોઈ ન્યાયાલયમાં લેવાતી ફીનો સમાવેશ થતો નથી.

૯૭. યાદી ૨ અને યાદી ૩માં નહિ ગણાવેલી કોઈ બાબત, જેમાં બે યાદીઓ પૈકી કોઈ યાદીમાં નહિ જણાવેલ કોઈ કરનો સમાવેશ થાય છે.

## યાદી–૨–રાજ્ય યાદી

૧. જાહેર વ્યવસ્થા (પણ તેમાં મુલકી સત્તાની સહાયમાં સંઘના નિયંત્રણને અધીન રહીને, સંઘના નૌકાદળ, ભૂમિદળ અથવા હવાઈદળ અથવા બીજા કોઈ સશસ્ત્ર દળના અથવા બીજા કોઈ દળના અથવા તેની કોઈ ટુકડી કે એકમના ઉપયોગનો સમાવેશ થતો નથી.)

૨. યાદી ૧ની નોંધ ૨-કની જોગવાઈઓને અધીન રહીને, રેલવે અને ગ્રામ પોલીસ સહિતની પોલીસ.

૩. ઉચ્ચ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓ; ભાડાં અને મહેસૂલ ન્યાયાલયમાંની કાર્યરિતિ; ઉચ્ચતમ ન્યાયાલય સિવાયના તમામ ન્યાયાલયોમાં લેવાતી ફી.

૪. જેલો, સુધારગૃહો, બોર્સ્ટલ સંસ્થાઓ અને તેવી બીજી સંસ્થાઓ અને તેમાં અટકમાં રાખેલી વ્યક્તિઓ ; જેલો અને બીજી સંસ્થાઓના ઉપયોગ માટે અન્ય રાજ્યો સાથે ગોઠવણો.

૫. સ્થાનિક સ્વરાજ્ય એટલે કે મ્યુનિસિપલ કોર્પોરેશનો, ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટો, જિલ્લા બોર્ડો, ખાણ, ઉદ્યોગ-વસાહતોનાં સત્તામંડળો અને સ્થાનિક સ્વરાજ્યની અથવા ગ્રામ વહીવટના હેતુ માટે બીજાં સ્થાનિક સત્તામંડળોની રચના અને સત્તા.

૬. જાહેર આરોગ્ય અને સફાઈ, ઈસ્પિતાલો અને દવાખાના.

૭. ભારત બહારનાં સ્થળોની તીર્થયાત્રાઓ સિવાયની તીર્થયાત્રાઓ.

૮. નશાકારક દારૂ, એટલે કે નશાકારક દારૂનાં ઉત્પાદન, બનાવટ, કબજો, હેરફેર, ખરીદી અને વેચાણ.

૯. અશક્ત થયેલા અને કામ ઉપર ન લઈ શકાય તેવાઓને રાહત.

૧૦. દફન અને કબ્રસ્તાનો; અગ્નિદાહ અને સ્મશાનો.

૧૨. રાજ્ય જેનું નિયંત્રણ કરતું હોય અથવા જેનું ખર્ચ ભોગવતું હોય તેવાં પુસ્તકાલયો, સંગ્રહાલયો અને તેના જેવી બીજી સંસ્થાઓ; સંસદે કરેલા કાયદાથી અથવા તે હેઠળ રાષ્ટ્રીય મહત્ત્વનાં હોવાનું જાહેર કરલું હોય તે સિવાયના પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકો અને રેકર્ડ

૧૩. માર્ગવ્યવહાર એટલે કે રસ્તાઓ, પુલો, નૌકાઘાટો અને યાદી ૧માં નિર્દિષ્ટ ન કરેલા માર્ગ વ્યવહારનાં અન્ય સાધનો; મ્યુનિસિપલ ટ્રામવે, રોપવે અને આંતરિક જળમાર્ગો અને એવા જળમાર્ગો સંબંધી યાદી ૧ અને યાદી ૩ની જોગવાઈઓને અધીન રહીને, તેના

Astha Academy Mo.8980961441

ઉપરનો ટ્રાફિક, યંત્ર ચાલિત વાહનો સિવાયના વાહનો.

૧૪. ખેતી, જેમાં ખેતી વિષયક શિક્ષણ અને સંશોધન, ઉપદ્રવી જીવાત સામે રક્ષણ અને વનસ્પતિ રોગોના નિવારણનો સમાવેશ થાય છે.

૧૫. પશુઓની ઓલાદનાં જાળવણી, રક્ષણ અને સુધારણા અને પશુરોગોનું નિવારણ, પશુચિકિત્સા તાલીમ અને વ્યવસાય.

૧૬. ઢોર પૂરવાના ડબા અને ઢોર-અતિક્રમણનું નિવારણ.

૧૭. પાણી, એટલે કે યાદી ૧ નોંધ ૫૬ની જોગવાઈઓને અધીન રહીને, પાણીનો પુરવઠો, સિંચાઈ અને નહેરો, પાણીનો સંગ્રહ અને પાળા, પાણીનો સંગ્રહ અને જળશક્તિ.

૧૮. જમીન, એટલે કે જમીનમાંના અથવા તે ઉપરના હકો, જમીનદાર અને ગણોતિયા વચ્ચેના સંબંધો સહિત જમીનના સત્તાપ્રકારો અને ગણોતની વસૂલાત, ખેતીની જમીનની તબદીલી અને સ્વત્વાર્પણ; જમીન સુધારણા અને ખેતી વિષય લોન; વસાહતો ઊભી કરવા બાબત.

૨૧. મત્સ્યક્ષેત્રો.

૨૨. યાદી નં.૧ નોંધ ૩૪ની જોગવાઈઓને અધીન રહીને, વાલી ન્યાયલયો ; બોજાવાળી અને જપ્ત કરેલી એસ્ટેટો.

૨૩. સંઘના નિયંત્રણ હેઠળનાં નિયમન અને વિકાસ અંગે યાદી ૧ની જોગવાઈઓને અધીન રહીને, ખાણોનું નિયમન અને ખનિજોનો વિકાસ.

૨૪. યાદી ૧ની નોંધો ૭ અને ૫૨ની જોગવાઈઓને અધીન રહીને ઉદ્યોગો.

૨૫. ગેસ અને ગેસ-કારખાનાં.

૨૬. યાદી ૩ની નોંધ ૩૩ની જોગવાઈઓને અધીન રહીને, રાજ્યની અંદરના વેપાર અને વાણિજ્ય.

૨૭. યાદી ૩ની નોંધ ૩૩ની જોગવાઈઓને અધીન રહીને, માલનાં ઉત્પાદન, પુરવઠો અને વહેંચણી.

૨૮. બજારો અને મેળા.

30. ધીરધાર અને ધીરધાર કરનારાઓ; ખેતી વિષયક ઋણ-રાહત.

૩૧. મુસાફરખાનાં અને તેમના સંચાલકો.

૩૨. યાદી ૧માં નિર્દિષ્ટ કરેલા હોય તે સિવાયના કોર્પોરેશનો અને યુનિવર્સિટીઓનાં સંસ્થાપન, નિયમન અને સંસ્થાપિત નહિ થયેલા વેપારી, સાહિત્યિક, વૈજ્ઞાનિક, ધાર્મિક અને અન્ય મંડળીઓ અને એસોસિયેશનો, સહકારી મંડળીઓ.

૩૩. નાટ્યગૃહો અને નાટ્ય પ્રયોગો; યાદી ૧ની નોંધ ૬૦ની જોગવાઈઓને અધીન રહીને, સિનેમા; રમતગમત, મનોરંજન અને આનંદપ્રમોદ.

૩૪. શરતબાજી અને જુગાર.

૩૫. રાજ્યમાં નિહિત થયેલા અથવા તો કબજામાંના બાંધકામો, જમીનો અને મકાનો.

૩૭. સંસદે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, રાજ્યના વિધાનમંડળની ચૂંટણીઓ.

૩૮. રાજ્યના વિધાનમંડળના સભ્યોનાં, વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનાં અને વિધાનપરિષદ હોય તો તેના સભાપતિ અને ઉપ-સભાપતિનાં પગારો અને ભથ્થાં.

૩૯. વિધાનસભાનાં અને તેના સભ્યોનાં અને તેની સમિતિઓનાં અને વિધાનપરિષદ હોય તો તે પરિષદનાં અને તેના સભ્યોનાં અને તેની સમિતિઓનાં સત્તા, વિશેષાધિકારો અને મુક્તિઓ, રાજ્યના વિધાનમંડળોની સમિતિઓ સમક્ષ જુબાની આપવા દસ્તાવેજો રજૂ કરવા માટે વ્યક્તિઓને હાજર રહેવાની ફરજ પાડવા બાબત.

૪૦. રાજ્યના મંત્રીઓનાં પગાર અને ભથ્થાં.

૪૧. રાજ્યની જાહેર સેવાઓ; રાજ્ય લોકસેવા આયોગ.

૪૨. રાજ્ય પેન્શનો, એટલે કે રાજ્ય અથવા રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવાનાં પેન્શનો.

૪૩. રાજ્યનું જાહેર દેવું.

૪૪. જમીનમાંથી મળી આવેલો ખજાનો.

૪૫. જમીન મહેસૂલ, જેમાં મહેસૂલની આકારણી અને વસૂલાત, જમીન દફતરની જાળવણી, મહેસૂલના હેતુઓ માટે મોજણી અને હક્કપત્રકો અને મહેસૂલના સ્વત્વર્પણનો સમાવેશ થાય છે.

૪૬. ખેતીની આવક ઉપરના કરો.

૪૭. ખેતીની જમીનના ઉત્તરાધિકાર અંગેની ડ્યૂટી.

૪૮. ખેતીની જમીન અંગે એસ્ટેટ ડ્યૂટી.

૪૯. જમીન અને મકાનો ઉપરના કરો.

૫૦. ખનિજ વિકાસ સંબંધી સંસદે કાયદાથી મૂકેલી મર્યાદાઓને અધીન રહીને, ખનિજ હકો ઉપરના કરો.

૫૧. રાજ્યમાંનાં બનતા અથવા ઉત્પાદિત થતા નીચે જણાવેલ માલ ઉપર આબકારી જકાત અને ભારતમાં અન્ય સ્થળોએ બનતા અથવા ઉત્પાદિત થતા તેવા

Astha Academy Mo.8980961441

માલ ઉપર તે જ દરે અથવા તેનાથી નીચે દરે સમકારી જકાતો :-

(ક) માનવ ઉપયોગ માટે આલ્કોહોલવાળો દારૂ.

(ખ) અફીણ, ભાંગ અને બીજાં ઘેન લાવનારાં ઔષધો અને કેફી પદાર્થો, પણ તેમાં આલ્કોહોલ અથવા આ નોંધના પેટા-પરિચ્છેદ (ખ)માં સમાવિષ્ટ કરેલ કોઈપણ પદાર્થવાળી દવા અને પ્રસાધનની બનાવટનો સમાવેશ થતો નથી.

૫૨. ઉપયોગ, વપરાશ, અથવા વેચાણ માટે કોઈ સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ ઉપરના કરો.

૫૩. વીજળીના વપરાશ અને વેચાણ ઉપરના કરો.

૫૪. યાદી ૧ ની નોંધ ૯૨-કની જોગવાઈઓને અધીન રહીને, વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અથવા ખરીદી ઉપરના કરો.

૫૫. વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલી જાહેરખબરો અને રેડિયો અથવા ટેલિવિઝન દ્વારા પ્રસારિત થતી જાહેર ખબરો સિવાયની જાહેર ખબરો ઉપરના કરો.

૫૬. રસ્તા દ્વારા અથવા આંતરિક જળમાર્ગો દ્વારા લઈ જવાતા માલ અને ઉતારુઓ ઉપરના કરો.

૫૭. યાદી ૩ની નોંધ ૩૫ની જોગવાઈઓને અધીન રહીને, રસ્તાઓ ઉપર ઉપયોગમાં લેવાલાયક યંત્રચાલિત હોય કે ન હોય, તેવા ટ્રામગાડીઓ સહિતનાં વાહનો ઉપરના કરો.

૫૮. પશુઓ અને હોડીઓ ઉપરના કરો.

૫૯. નાકાવેરો.

૬૦. વ્યવસાયો, વ્યાપારો, ધંધા અને રોજગાર ઉપરના કરો.

૬૧. માથાવેરો.

૬૨. મોજશોખ ઉપરના કરો, તેમાં મનોરંજન અને આનંદપ્રમોદના પ્રયોગો, શરતબાજી અને જુગાર ઉપરના કરોનો સમાવેશ થાય છે.

૬૩. સ્ટેમ્પ ડ્યૂટીના દરો સંબંધી યાદી ૧ની જોગવાઈઓમાં નિર્દિષ્ટ કર્યા હોય તે સિવાયના દસ્તાવેજો અંગે સ્ટેમ્પ ડ્યૂટીના દરો.

૬૪. આ યાદીમાંની કોઈપણ બાબત અંગેના કાયદા વિરુદ્ધના ગુના.

૬૫. આ યાદીમાંની કોઈપણ બાબત અંગે ઉચ્ચતમ ન્યાયાલય સિવાયના તમામ ન્યાયાલયોની હકૂમત અને સત્તા.

૬૬. આ યાદીમાંની કોઈપણ બાબત અંગીની ફી; પણ તેમાં કોઈ ન્યાયાલયમાં લેવાતી ફીનો સમાવેશ થતો નથી.

# યાદી ૩-સમવર્તી યાદી

૧. ફોજદારી કાયદો, જેમાં ભારતના ફોજદારી અધિનિયમમાં આ સંવિધાનના આરંભે સમાવિષ્ટ થતી હતી તે તમામ બાબતોનો સમાવેશ થાય છે, પણ યાદી ૧ અને યાદી ૨માં નિર્દિષ્ટ કરેલી કોઈ પણ બાબત અંગેના કાયદા વિરુદ્ધ ગુનાનો અને મલુકી સત્તાની સહાયમાં સંઘના નૌકાદળ, ભૂમિદળ અથવા હવાઈદળ અથવા બીજા કોઈ સશસ્ત્ર દળના ઉપયોગને સમાવેશ થતો નથી.

૨. ફોજદારી કાર્યરીતિ, જેમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમમાં આ સંવિધાનના આરંભે સમાવિષ્ટ થતી હતી તે તમામ બાબતોનો સમાવેશ થાય છે.

૩. કોઈ રાજ્યની સલામતી સાથે જાહેર વ્યવસ્થાની જાળવણી સાથે અથવા જનસમૂહ માટે આવશ્યક પુરવઠો અને સેવાઓની જાળવણી સાથે સંબંધ ધરાવતાં કારણો માટે નિવારક અટકાયત; આવી અટકાયતમાં લીધેલી વ્યક્તિઓ.

૪. કેદીઓને, આરોપીઓને અને આ યાદીની નોંધ ૩માં નિર્દિષ્ટ કરેલાં કારણો માટે નિવારક અટકાયતમાં લીધેલી વ્યક્તિઓને રાજ્યમાંથી બીજા રાજ્યમાં લઈ જવા બાબત.

૫. લગ્ન અને છૂટાછેડા; બાળકો અને સગીરા; દત્તકગ્રહણ; વિલ, બિન-વસિયતીપણું અને ઉત્તરાધિકાર; સંયુક્ત કુટુંબ અને વિભાજન, ન્યાયિક કાર્યવાહીમાં જે બાબતો અંગે આ સંવિધાનના આરંભની તરત પહેલાં પક્ષકારો પોતાના કાયદાને અધીન હતા તે તમામ બાબતો.

૬. ખેતીની જમીન સિવાયની મિલકતની તબદીલી, ખત અને દસ્તાવેજોની નોંધણી.

૭. કારો, જેમાં ભાગીદારી, એજન્સી, હેરફેરના કરારો અને બીજા ખાસ પ્રકારના કરારોનો સમાવેશ થાય છે, પણ તેમાં ખેતીની જમીન સંબંધી કરારોની સમાવેશ થતો નથી.

૮. દાવાયોગ્ય અપકૃત્યો.

૯. દેવાળુ અને નાદારી.

૧૦. એડમિનિસ્ટ્રેટર જનરલ અને સરકારી ટ્રસ્ટીઓ.

Astha Academy Mo.8980961441

૧૧-ક. ન્યાય વહીવટ; ઉચ્ચમત ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલયો સિવાયના તમામ ન્યાયાલયોની રચના અને વ્યવસ્થા.

૧૨. પુરાવો અને સોગંદ, કાયદા, જાહેર કાર્યો અને દફતર અને ન્યાયિક કાર્યવાહી માન્ય કરવા બાબત.

૧૩. દીવાની કાર્યરીતિ, જેમાં ''દીવાની કાર્યરીતિ અધિનિયમ''માં આ સંવિધાનના આરંભે સમાવિષ્ટ થતી હતી તે તમામ બાબતો, મુદત-મર્યાદા અને લવાદીનો સમાવેશ થાય છે.

૧૪. ન્યાયાલયનો તિરસ્કાર, પણ તેમાં ઉચ્ચતમ ન્યાયાલયના તિરસ્કારનો સમાવેશ થતો નથી.

૧૫. વિચરણ; વિચરતી અને સ્થાનાંતર કરતી આદિજાતિઓ.

૧૬. પાગલપણું અને માનસિક ખામી, તેમાં પગલાં અને માનસિક ખામીવાળાને રાખવા માટેનાં અથવા તેમની સારવાર માટેનાં સ્થળોનો સમાવેશ થાય છે.

૧૭. પશુઓ પ્રત્યેના ક્રૂરતાનું નિવારણ.

૧૭-ક. જંગલો.

૧૭-ખ. વન્ય પશુપક્ષીઓનું સંરક્ષણ.

૧૮. ખાદ્ય પદાર્થો અને બીજા માલમાં ભેળસેળ.

૧૯. યાદી ૧ની અફીણ અંગેની નોંધ ૫૯ની જોગવાઈઓને અધીન રહીને, ઔષધો અને ઝેરી પદાર્થો.

૨૦. આર્થિક અને સામાજિક આયોજન.

૨૦-ક. વસ્તી નિયંત્રણ અને કુટુંબ નિયોજન.

૨૧. વાણિજિયક અને ઔદ્યોગિક ઈજારા, જોડાણો અને ટ્રસ્ટો.

૨૨. મજૂર સંઘો; ઔદ્યોગિક અને મજૂકર તકરારો.

૨૩. સામાજિક સલામતી અને સામાજિક વીમો; રોજગારી અને બેકારી.

૨૪. મજૂરોનું કલ્યાણ, જેમાં કામની શરતો, પ્રોવિડન્ટ ફંડ, માલિકોની જવાબદારી; કામદારોને વળતર, અશક્તતા અને વુદ્ધાવસ્થા પેન્શનો અને પસૂતિ લાભોનો સમાવેશ થાય છે.

૨૫. યાદી ૧ ની નોંધો ૬૩, ૬૪, ૬૫ અને ૬૬ની જોગવાઈઓને અધીન રહીને, ટેકનિકલ શિક્ષણ, તબીબી શિક્ષણ અને યુનિવર્સિટીઓ સહિત શિક્ષણ ; મજૂરોની વ્યાવસાયિક અને ટેકનિકલ તાલીમ.

૨૬. વકીલાત, દાક્તરી અને બીજા વ્યવસાયો.

૨૭. હિંદ અને પાકિસ્તાન ડુમિનિયનનો થવાથી પોતાના મૂળ વતનની જગ્યાએથી નિર્વાસિત થયેલ વ્યક્તિઓને રાહત અને તેમનો પુનર્વસવાટ.

૨૮. સખાવતો અને સખાવતી સંસ્થાઓ, સખાવતી અને ધાર્મિક દેણગીઓ અને ધાર્મિક સંસ્થાઓ.

૨૯. મનુષ્યો, પશુઓ અને વનસ્પતિને અસરકર્તા ચેપી અથવા સંસર્ગજન્ય રોગોને અથવા ઉપદ્રવી જીવાતોને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ફેલાતી અટકાવવા બાબત.

30. જીવનવિષયક આંકડા, જેમાં જન્મ અને મરણની નોંધણીનો સમાવેશ થાય છે.

3૧. સંસદે કરેલા કાયદાથી અથવા વિદ્યમાન કાયદાથી તે હેઠળ મોટાં બંદરો તરીકે જાહેર કરેલા હોય તે સિવાયના બંદરો.

3૨. યાદી ૧ની રાષ્ટ્રીય જલમાર્ગો અંગેની જોગવાઈઓને અધીન રહીને, આંતરિક જળમાર્ગો ખેડતા યંત્રસંચાલિત જહાજોને લગતું વહાણવટું અને નૌકાવ્યવહાર અને એવા જળમાર્ગો ઉપરના માર્ગ-નિયમન અને રાષ્ટ્રીય જળમાર્ગો ઉપર ઉતારુઓ અને માલ લઈ જવા બાબત.

33. નીચેની વસ્તુઓનાં વેપાર, વાણિજ્ય અને તેમનું ઉત્પાદન, તેમનો પુરવઠો અને તેમની વહેંચણી –

(ક) કોઈ પણ ઉદ્યોગનું સંઘ દ્વારા નિયંત્રણ કરવું તે જાહેર હિતમાં ઈષ્ટ હોવાનું સંસદે કાયદાથી જાહેર કર્યું હોય ત્યારે, તેવા ઉદ્યોગની બનાવટો અને તેવી બનાવટ તરીકે તેવા પ્રકારનો આયાત કરેલો માલ;

(ખ) ખાદ્ય પદાર્થો, જેમાં ખાદ્ય તેલીબીયાં અને તેલનો સમાવેશ થાય છે;

(ગ) ઢોરોનું ખાણ, તેમાં ખોળ અને બીજા સત્વયુક્ત ચારાનો સમાવેશ થાય છે;

(ઘ) કપાસ, લોઢેલો અથવા લોઢ્યા વિનાનો અને કપાસિયા; અને

Astha Academy Mo.8980961441

(ચ) કાચું શણ.
૩૩-ક. ધોરણ સંસ્થાપન ઠરાવ્યા સિવાય વજન તથા માપ.
૩૪. ભાવ નિયંત્રણ.
૩૫. યંત્રચાલિત વાહનો, જેમાં એવાં વાહનો ઉપર જે સિદ્ધાંતો મુજબ કરો નાખવામાં આવતા હોય તે સિદ્ધાંતોનો સમાવેશ થાય છે.
૩૬. કારખાનાં.
૩૭. બોઈલરો.
૩૮. વીજળી.
૩૯. વર્તમાનપત્રો, પુસ્તકો અને છાપખાનાં.
૪૦. સંસદે કરેલા કાયદાથી અથવા તે હેઠળ રાષ્ટ્રીય મહત્ત્વનાં હોવાનું જાહેર કર્યું હોય તે સિવાયના પુરાતત્ત્વને લગતાં સ્થળો અને અવશેષો.
૪૧. કાયદાથી હિજરતી મિલકત તરીકે જાહેર કરેલી ખેતીની જમીન સહિત મિલકતના હવાલા, વ્યવસ્થા અને નિકાલ.
૪૨. મિલકતનું સંપાદન અને તેનું હંગામી સંપાદન.
૪૩. કરો અથવા બીજાં જાહેર લેણાં, જેમાં જમીન મહેસૂલની બાકી અને જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાપાત્ર રકમનો સમાવેશ થાય છે. તે અંગે કોઈ રાજ્ય બહાર ઉપસ્થિત થતા લેણાંની તે રાજ્યમાં વસૂલાત.
૪૪. જ્યુડિશિયલ સ્ટેમ્પ દ્વારા વસૂલ કરાતી ડ્યૂટી અથવા ફી સિવાયના સ્ટેમ્પ ડ્યૂટી, પણ તેમાં સ્ટેમ્પ ડ્યૂટીના દરોનો સમાવેશ થતો નથી.
૪૫. યાદી ૨ અથવા યાદી ૩માં નિર્દિષ્ટ કરેલી કોઇ પણ બાબતના હેતુ માટે તપાસ અને આંકડા
૪૬. આ યાદીમાં કોઈ પણ બાબત અંગે ઉચ્ચતમ ન્યાયાલય સિવાયના તમામ ન્યાયાલયોની હકૂમત અને સત્તા.
૪૭. આ યાદીમાંની કોઈ પણ બાબત અંગે ફી, પણ તેમાં કોઈ ન્યાયાલયોમાં લેવાતી ફીનો સમાવેશ થતો નથી.

## આઠમી અનુસૂચિ
## (અનુચ્છેદ ૩૪૪(૧) અને ૩૫૧)
## ભાષાઓ

૧. આસામી, ૨. બંગાળી, ૩. બોડો, ૪. ડોંગરી, , ૫., ગુજરાતી, ૬. હિંદી, ૭. કન્નડ, ૮. કાશ્મીરી, ૯. કોંકણી, ૧૦. મૈથીલી, ૧૧. મલયાલમ, ૧૨. મણીપુરી, ૧૩. મરાઠી, ૧૪. નેપાળી, ૧૫. ઉડિયા, ૧૬. પંજાબી, ૧૭. સંસ્કૃત, ૧૮. સંથાલી, ૧૯., સિંધી, ૨૦. તામિલ, ૨૧. તેલગુ, ૨૨. ઉર્દૂ

### બંધારણના આરંભ સમયે બંધારણમાં સામેલ 14 ભાષાઓ ઉયાદ રાખવાનું સૂત્ર

**ABP MUKT SG Highway**
**A - Asami**
**B-Bangali**
**P-Panjabi,**
**M - Marathi,Malayalam**
**U-Urdu, Udiya,**
**K - Kannad, Kashmiri**
**T - Tamil, Telugu**
**S-Sanskrit**
**G - Gujarati**
**H-Hindi**

## દસમી અનુચસૂચિ
## (અનુચ્છેદ ૧૦૨ (૨) અને ૧૯૧ (૨) )
## પક્ષપલટાના કારણે ગેરલાયકાત અંગેની જોગવાઈઓ

૧. અર્થઘટન.- આ અનુસૂચિમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો, -

(ક) "ગૃહ" એટલે સંસદ અથવા રાજ્યની વિધાનસભાનું બેમાંથી કોઈપણ ગૃહ અથવા યથાપ્રસંગ, રાજ્યના વિધાનમંડળનું બેમાંથી કોઈપણ ગૃહ;

(ખ) પરિચ્છેદ ૨ અથવા પરિચ્છેદ ૪ની જોગવાઈઓ અનુસાર, કોઈપણ રાજકીય ગૃહના સભ્યના સંબંધમાં, "વિધાનમંડળ પક્ષ" એટલે સદરહુ જોગવાઈઓ અનુસાર તે રાજકીય પક્ષના તે સમયે તે ગૃહના તમામ સભ્યોનું બનેલું જૂથ;

Astha Academy Mo.8980961441

(ગ) ગૃહના સભ્યના સબંધમાં, ''મૂળ રાજકીય પક્ષ'' એટલે પરિચ્છેદ ૨ના પેટા-પરિચ્છેદ (૧)ના હેતુઓ માટે તે જે રાજકીય પક્ષનો હોય તે રાજકીય પક્ષ;

(ઘ) ''પરિચ્છેદ'' એટલે આ અનુસૂચિનો પરિચ્છેદ.

૨. પક્ષપલટાના કારણે ગેરલાયકાત –

(૧) પરિચ્છેદો ૪ અને ૫ની જોગવાઈઓને અધીન રહીને, કોઈપણ રાજકીય પક્ષનો ગૃહનો સભ્ય, નીચેના સંજોગોમાં ગૃહનો સભ્ય થવા માટે ગેરલાયક ગણાશે -

(ક) તેણે તેવા રાજકીય પક્ષનું પોતાનું સભ્યપદ સ્વેચ્છાએ છોડી દીધું હોય તો; અથવા

(ખ) જો તે, જેનો તે સભ્ય હોય તેવા રાજકીય પક્ષ તરફથી અથવા તેવા રાજકીય પક્ષે આ અર્થે અધિકૃત કરેલ કોઈપણ વ્યક્તિ કે સત્તાધિકારી તરફથી અપાયેલા કોઈપણ આદેશથી વિરુદ્ધ તેવા ગૃહમાં, બેમાંથી કોઈપણ કિસ્સામાં તેવા રાજકીય પક્ષ, વ્યક્તિ અથવા સત્તાધિકારીની પૂર્વ પરવાનગી મેળવ્યા વિના, મતદાન કરે અથવા મતદાન કરવામાંથી દૂર રહે અને એ રીતે મતદાન કર્યાની અથવા મતદાન કરવામાંથી દૂર રહ્યાની તારીખથી પંદર દિવસની અંદર તેવા રાજકીય પક્ષે, વ્યક્તિએ અથવા સત્તાધિકારીએ, એ રીતે કરેલું મતદાન કરવામાંથી દૂર રહ્યાનું પગલું માફ કર્યું ન હોય તો.

**સ્પષ્ટીકરણ :–** આ પેટા –પરિચ્છેદના હેતુઓ માટે -

(ક) ગૃહનો ચૂંટાયેલો સભ્ય, જે રાજકીય પક્ષે તેને તેવા સભ્ય તરીકેની ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે ઊભો રાખ્યો તે રાજકીય પક્ષ કોઈ હોય તો તેનો સભ્ય હોવાનું ગણાશે;

(ખ) ગૃહનો નિયુક્ત કરાયેલો સભ્ય -

(૧)તેવા સભ્ય તરીકેની તેની નિયુક્તિની તારીખે કોઈપણ રાજકીય પક્ષનો સભ્ય હોય ત્યારે તેવા રાજકીય પક્ષનો સભ્ય હોવાનું ગણાશે;

(૨) બીજા કોઈ પ્રસંગે, અનુચ્છેદ ૯૯ અથવા યથાપ્રસંગ, અનુચ્છેદ ૧૮૮ની જરૂરિયાતોનું પાલન કર્યા પછી જે તારીખે બેઠક સંભાળે તે તારીખથી છ મહિના પૂરા થાય તે પહેલાં, જે રાજકીય પક્ષનો સભ્ય બને અથવા, યથાપ્રસંગ, સૌથી પહેલાં સભ્ય બને તે રાજકીય પક્ષનો હોવાનું ગણાશે.

(૨) કોઈપણ રાજકીય પક્ષે ઊભા રાખેલા ઉમેદવાર તરીકે હોય તે સિવાય બીજી રીતે સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યો હોય તેવો ગૃહનો ચૂંટાયેલો સભ્ય, એવી ચૂંટણી પછી કોઈપણ રાજકીય પક્ષમાં જોડાય; તો તે ગૃહના સભ્ય તરીકે રહેવા માટે ગેરલાયક ગણાશે.

(૩) ગૃહનો નિયુક્ત કરાયેલો સભ્ય, અનુચ્છેદ ૯૯ અથવા યથાપ્રસંગ, અનુચ્છેદ ૧૮૮ની જરૂરિયાતોનું પાલન કર્યા પછી, જે તારીખે પોતાની બેઠક સંભાળે તે તારીખથી છ મહિના પૂરા થયા પછી તે રાજકીય પક્ષમાં જોડાય; તો તે ગૃહના સભ્ય તરીકે રહેવા માટે ગેરલાયક ગણાશે.

(૪)આ પરિચ્છેદની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જે વ્યક્તિ સંવિધાન (બાવનમા સુધારા) અધિનિયમ ૧૯૮૫ના આરંભે ગૃહના એવા ચૂંટાયેલા કે નિયુક્ત કરાયેલ સભ્ય હોય તે -

(૧) જો તે એવા આરંભની તરત જ પહેલાં કોઈ રાજકીય પક્ષના સભ્ય હોય તે પ્રસંગે આ પરિચ્છેદના પેટા-પરિચ્છેદ (૧)ના હેતુઓ માટે, એવા રાજકીય પક્ષે ઊભા રાખેલા ઉમેદવાર તરીકે એવા ગૃહની સભ્ય તરીકે ચૂંટાયેલ હોવાનું ગણાશે ;

(૨) બીજા કોઈ પ્રસંગે, આ પરિચ્છેદના પેટા-પરિચ્છેદ (૨)ના હેતુઓ માટે, કોઈપણ રાજકીય પક્ષે ઊભા રાખેલા ઉમેદવાર તરીકે હોય તે સિવાય બીજી રીતે જેને ચૂંટવામાં આવ્યો હોય તેવો ગૃહનો ચૂંટાયેલ સભ્ય હોવાનું ગણાશે અથવા, યથાપ્રસંગ, આ પરિચ્છેદના પેટા-પરિચ્છેદ (૩)ના હેતુઓ માટે ગૃહનો નિયુક્ત સભ્ય હોવાનું ગણાશે.

૪. પક્ષપલટાના કારણ અંગેની ગેરલાયકાત જોડાણની બાબતમાં લાગુ નહિ પડવા બાબત. –

(૧)ગૃહનો સભ્ય, જો તેનો મૂળ રાજકીય પક્ષ બીજા રાજકીય પક્ષ સાથે જોડાય અને તે એવો દાવો કરે કે તે અને તેના મૂળ રાજકીય પક્ષના બીજા કોઈ સભ્યો –

Astha Academy Mo.8980961441

(ક)તેવા બીજા રાજકીય પક્ષના, અથવા યથાપ્રસંગ, એવા જોડાણ દ્વારા રચાયેલા નવા રાજકીય પક્ષના સભ્યો બન્યા છે; અથવા

(ખ) તેણે અને તેના મૂળ રાજકીય પક્ષના બીજા કોઈ સભ્યોએ જોડાણ સ્વીકાર્યું નથી અને એક અલગ જૂથ તરીકે કામ કરવાનું પસંદ કર્યું છે;

- તો ગૃહનો તેવો સભ્ય, પરિચ્છેદ ૨ ના પેટા – પરિચ્છેદ (૧) હેઠળ ગેરલાયક ગણાશે નહિ;

અને એવું જોડાણ થયાના સમયથી, યથાપ્રસંગ, એવો બીજો રાજકીય પક્ષ કે જૂથ, પરિચ્છેદ ૨ના પેટા-પરિચ્છેદ (૧)ના હેતુઓ માટે, તે જે રાજકીય પક્ષનો હોય તે રાજકીય પક્ષ હોવાનું ગણાશે અને આ પેટા-પરિચ્છેદના હેતુઓ માટે, તેનો મૂળ રાજકીય પક્ષ હોવાનું ગણાશે.

(૨)આ પરચ્છેદના પેટા-પરિચ્છેદ (૧)ના હેતુઓ માટે, ગૃહના સભ્યના મૂળ રાજકીય પક્ષનું જોડાણ સબંધિત વિધાનમંડળ પક્ષના સભ્યોના બે તૃતીયાંશ કરતાં ઓછા ન હોય તેટલા સભ્યો એવા જોડાણ કબૂલ થયા હોય તો અને ત્યારે જ થયું હોવાનું ગણાશે.

૫. મુક્તિ :- આ અનુસૂચિમાં ગમે તે મજકૂર હોય તે છતાં જે વ્યક્તિને લોકસભાના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના અથવા રાજ્યસભાના ઉપસભાપતિના અથવા રાજયની વિધાન પરિષદના સભાપતિ અથવા ઉપસભાપતિના અથવા રાજયની વિધાનસભાના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના હોદ્દા પર ચૂંટવામાં આવી હોય તે વ્યક્તિ, -

(ક) જો તે, તેવા હોદ્દા પર પોતે ચૂંટાઈ હોવાના કારણે એવી ચૂંટણીની તરત પહેલાં પોતે જે રાજકીય પક્ષની હોય તે રાજકીય પક્ષના સભ્યપદનો સ્વેચ્છાએ ત્યાગ કરે અને ત્યાર પછી પોતે એવો હોદ્દો ધરાવવાનું ચાલ રાખે ત્યાં સુધી તે રાજકીય પક્ષમાં ફરીથી ન જોડાય અથવા બીજા કોઈ રાજકીય પક્ષની સભ્ય ન બને; અથવા

(ખ) જો તે, એવા હોદ્દા ઉપર પોતે ચૂંટાઈ હોવાને કારણે, એવી ચૂંટણીની તરત જ પહેલાં પોતે જે રાજકીય પક્ષની હોય તે રાજકીય પક્ષના પોતાના સભ્યપદનો ત્યાગ કરીને એવો હોદ્દો ધરાવતી પોતે બંધ થાય ત્યાર પછી એવા રાજકીય પક્ષમાં ફરીથી જોડાય,

- તો આ અનુસૂચિ હેઠળ ગેરલાયક ગણાશે નહિ.

૬. પક્ષપલટાને કારણે ગેરલાયકાત સંબંધી પ્રશ્નો અંગે નિર્ણય :-

(૧) ગૃહનો કોઈ સભ્ય આ અનુસૂચિ હેઠળ ગેરલાયકાતને પાત્ર બને છે કે કેમ તે સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્ન તેવા ગૃહના સભાપતિ અથવા યથાપ્રસંગ, અધ્યક્ષને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે :

પરંતુ જે ગૃહના સભાપતિ અથવા અધ્યક્ષ એવી ગેરલાયકાતને પાત્ર બન્યા છે કે કેમ એવો પ્રશ્ન ઉપસ્થિત થયો હોય તો તે પ્રશ્ન, ગૃહ આ અર્થે ચૂંટે તેવા ગૃહના સભ્યને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

(૨)આ અનુસૂચિ હેઠળ ગૃહના સભ્યની ગેરલાયકાત સંબંધી કોઈપણ પ્રશ્નના સંબંધમાં આ પરિચ્છેદ (૧) હેઠળની તમામ કાર્યવાહી, અનુચ્છેદ ૧૨૨ના અર્થ મુજબ સંસદની કાર્યવાહી અથવા, યથાપ્રસંગ, અનુચ્છેદ ૨૧૨ના અર્થ મુજબ રાજ્યના વિધાનમંડળની કાર્યવાહી હોવાનું ગણાશે.

૭. ન્યાયલયોની હકૂમતને બાધ :–

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અનુસૂચિ હેઠળ ગૃહના સભ્યના ગેરલાયકાત સાથે સંકળાયેલી કોઈપણ બાબતના સંબંધમાં ન્યાયાલયને કોઈપણ હકૂમત રહેશે નહિ.

(ક) ગૃહના જુદા જુદા સભ્યો જે રાજકીય પક્ષોના હોય તે રાજકીય પક્ષો કોઈ હોય તો તે સંબંધી રજિસ્ટરો અથવા અન્ય રેકર્ડ રાખવા બાબત ;

(ખ) કોઈ ગૃહના સભ્યના સંબંધમાં વિધાનમંડળ પક્ષના નેતા, પરિચ્છેદ ૨ના પેટા-પરિચ્છેદ (૧)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલા સ્વરૂપની કોઈપણ માફી અંગે જે રીપોર્ટ આપે તે બાબત તેવો રીપોર્ટ જે સમયની અંદર અને જે સત્તાધિકારીને મોકલવાનો હોય તે સમય અને તે સત્તાધિકારી બાબત ;

(ગ) કોઈ રાજકીય પક્ષે, ગૃહના કોઈ સભ્યોના એવા રાજકીય પક્ષમાં પ્રવેશ અંગે આપવાનો રીપોર્ટ અને

Astha Academy Mo.8980961441

રીપોર્ટ જેને આપવાનો હોય તે ગૃહના અધિકારી બાબત; અને

(ઘ) પરિચ્છેદ ૬ના પેટા-પરિચ્છેદ (૧)માં ઉલ્લેખેલા કોઈપણ પ્રશ્નનો નિર્ણય કરવા માટેની કાર્યરીતિ અને એવા પ્રશ્નનો નિર્ણય કરવાના હેતુ માટે કરી શકાય તેવી કોઈપણ તપાસ માટેની કાર્યરીતિ બાબત.

(૨)આ પરિચ્છેદના પેટા-પરિચ્છેદ (૧) હેઠળ ગૃહના સભાપતિ અથવા અધ્યક્ષે કરેલા નિયમો તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ એક જ સત્રમાં અથવા લાગલગાટ બે કે વધુ સત્રોમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી ગૃહ સમક્ષ મૂકવા જોઈશે, અને ફેરફાર સાથે કે ફેરફાર વગર ગૃહે તે બનતી ત્વરાએ મંજૂર કર્યા હોય કે નામંજૂર કર્યા હોય તે સિવાય, સરદહુ ત્રીસ દિવસની મુદત પૂરી થયે અમલમાં આવશે અને તે નિયમો એ રીતે મંજૂર કર્યા હોય તો જે સ્વરૂપે તે એવી રીતે ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યા હોય તે સ્વરૂપે મંજૂર થયે, અથવા યથાપ્રસંગ, તેવા ફેરફાર કરાયેલા સ્વરૂપે જ અમલમાં આવશે અને જો તે નિયમો તેવી રીતે નામંજૂર કર્યા હોય તો તે અમલમાં આવશે જ નહિ.

(૩)ગૃહના સભાપતિ અથવા અધ્યક્ષ, અનુચ્છેદ ૧૦૫ની અથવા યથાપ્રસંગ, અનુચ્છેદ ૧૯૪ની જોગવાઈઓને અને આ સંવિધાન હેઠળ તેમને હોય તેવી બીજી કોઈપણ સત્તાને બાધ આવ્યા વિના, એવો આદેશ આપી શકશે કે કોઈપણ વ્યક્તિ આ પરિચ્છેદ હેઠળ કરેલા નિયમોનું જાણી બૂઝીને કોઈપણ પ્રકારે ઉલ્લંઘન કરે તો તેવી વ્યક્તિ સામે ગૃહના વિશેષાધિકારના ભંગ તરીકે હોય તેવી જ રીતે કામ ચલાવી શકાશે.

## અગિયારમી અનુસૂચિ
## (અનુચ્છેદ ૨૪૩-જ)

૧. ખેતી અને કૃષિ વિસ્તરણ
૨. ગૌણ સિંચાઈ, પાણી વ્યવસ્થા અને જળસ્ત્રાવ વિકાસ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને દવાખાના સહિત આરોગ્ય અને સ્વચ્છતા
૪. ગ્રામ ગૃહ નિર્માણ
૫. પીવાનું પાણી
૬. રસ્તાં, ગરનાળાં, પૂલો, નૌકાઘાટ, જળ માર્ગો અને વાહન વ્યવહારનાં બીજાં સાધનો
૭. ગૌણ વન પેદાશો
૮. બળતણ અને ઘાસચારો
૯. ગરીબી નાબૂદી કાર્યક્રમ
૧૦. બજાર અને મેળા
૧૧. પશુપાલન, ડેરી ઉદ્યોગ અને મરઘાં-બતકાં ઉછેર
૧૨. પરિવાર કલ્યાણ
૧૩. મહિલા અને બાળ વિકાસ
૧૪. નબળા વર્ગોના અને ખાસ કરીને અનુ.જાતિ અને અનુ.જનજાતિના લોકોનું કલ્યાણ
૧૫. પ્રાથમિક અને માધ્યમિક શાળા સહિતનુ શિક્ષણ
૧૬. પ્રૌઢ અને અનૌપચારિક શિક્ષણ
૧૭. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
૧૮. વિકલાંગ, મંદ બુદ્ધિવાળા વ્યક્તિઓના કલ્યાણ સહિત સમાજ કલ્યાણ
૧૯. સામુદાયિક મિલકતની જાળવણી
૨૦. જમીન સુધારણા, જમીન સુધારણાનું અમલીકરણ, એકત્રીકરણ અને ભૂમિ સંરક્ષણ
૨૧. મત્સ્યોદ્યોગ
૨૨. સામાજિક વનીકરણ, ફાર્મ વનીકરણ
૨૩. ખાદી, ગ્રામ અને કુટિર ઉદ્યોગો
૨૪. ખાદ્ય પ્રક્રિયા સહિતના લઘુ ઉદ્યોગો
૨૫. વીજળી વિસ્તરણ સહિત ગ્રામ્ય વીજળીકરણ
૨૬. બિન પરંપરાગત ઉર્જાના સાધનો
૨૭. ટેક્નિકલ તાલીમ અને વ્યાવસાયિક શિક્ષણ
૨૮. જાહેર વિતરણ વ્યવસ્થા
૨૯. ગ્રંથાલયો

## બારમી અનુસૂચિ
## (અનુચ્છેદ ૩૪૩-ય)

૧. શહેર યોજના, નગર યોજના સહિત
૨. જમીન વપરાશના અને મકાનોના બાંધકામના વિનિયમો
૩. આર્થિક અને સામાજિક વિકાસ માટેની યોજના
૪. માર્ગ અને પુલો
૫. ઘરગથ્થુ, ઔદ્યોગિક અને વાણિજ્ય હેતુઓ માટે પાણી પુરવઠો
૬. જાહેર આરોગ્ય, સ્વચ્છતા, સફાઈ અને ગંદા-પદાર્થોની વ્યવસ્થા

Astha Academy Mo.8980961441

૭. અગ્નિશામક સેવા

૮. શહેરી, જંગલ, પર્યાવરણ, સંરક્ષણ અને પરિસ્થિત વિષયક બાબતોની અભિવૃદ્ધિ

૯. વિકલાંગ અને મંદબુદ્ધિવાળી વ્યક્તિઓ સહિત સમાજના નબળા વર્ગોના હિતોનું રક્ષણ

૧૦. ગંદા વસવાટોની સુધારણા અને ઉન્નતિ

૧૧. શહેરી ગરીબી નિવારણ

૧૨. શહેરી સુખ-સુવિધા અને સગવડો જેવી કે બાગ, બગીચા, રમતના મેદાનોની જોગવાઈ

૧૩. સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સૌંદર્યલક્ષી પાસાંઓની અભિવૃદ્ધિ

૧૪. કબ્રસ્તાન અને સ્મશાનગૃહો, અગ્નિદાહ, સ્મશાન અને વિદ્યુત સ્મશાનગૃહો

૧૫. ઢોર પૂરવાના ડબા, પશુઓની ક્રૂરતા અટકાવવી

૧૬. જન્મ અને મરણની નોંધણી સહિત જન્મ-મરણ આંકડા

૧૭. શેરી દીવાબત્તીઓ, પાર્કીંગ-સ્થળો, બસ સ્ટોપ અને જાહેર સુવિધાઓ

૧૮. કતલખાનાં અને ચર્મ ઉદ્યોગનું નિયમન

Astha Academy Mo.8980961441

# ભારતીય બંધારણના અનુચ્છેદ : એક ઝલક

ભારતીય બંધારણ અમલમાં આવ્યું ત્યારે તેમાં કુલ 22 ભાગ હતા. ત્યાર બાદ 1 ભાગ રદ કરવામાં આવ્યો અને 4 ભાગ ઉમેરવામાં આવતાં હવે ભાગની સંખ્યા 25 છે, જેમાં 21 ભાગ મુખ્ય ભાગ છે અને 4 નવા ઉમેરવામાં આવેલા પેટા ભાગ છે. બંધારણનો ભાગ 7 બંધારણના 7મા સંશોધન, 1956 દ્વારા રદ કરવામાં આવેલ છે. બંધારણમાં ભાગ 4(ક) અને ભાગ 14(ક) 42 મા સંશોધન, 1976 દ્વારા ઉમેરવામાં આવેલા છે, જ્યારે ભાગ 9 (ક) 74મા સંશોધન, 1992 દ્વારા અને ભાગ 9 (ખ) 97મા બંધારણીય સંશોધન, 2011 દ્વારા ઉમેરવામાં આવેલ છે. બંધારણમાં મૂળભૂત અધિકારો તેજબહાદુર સપ્રૂ સમિતિની ભલામણો તથા મૂળભૂત ફરજો સ્વર્ણસિંહ સમિતિની ભલામણોના આધારે ઉમેરવામાં આવેલ છે.

### ભાગ – ૧ સંઘ અને તેનો પ્રદેશ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧ | સંઘનું નામ અને તેનો પ્રદેશ |
| અનુચ્છેદ – ૨ | નવા રાજયોનો પ્રવેશ તથા સ્થાપના |
| અનુચ્છેદ – ૩ | નવા રાજયોની રચના તથા વિદ્યમાન રાજયોના ક્ષેત્ર, સીમા અને નામમાં ફેરફાર કરવાની સંસદની સત્તા |
| અનુચ્છેદ – ૪ | અનુચ્છેદ 2 અને 3 હેઠળ કરેલા કાયદામાં પ્રથમ અને ચોથી અનુસૂચિઓના સુધારા અને પૂરક, આનુષાંગિક અને પારિણામિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત |

### ભાગ – ૨ નાગરિકત્વ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૫ | બંધારણના પ્રારંભ પર નાગરિકત્વ |
| અનુચ્છેદ – ૬ | પાકિસ્તાનથી ભારતમાં સ્થળાંતર કરીને આવેલી અમૂક વ્યક્તિઓના નાગરિકત્વનો અધિકાર |
| અનુચ્છેદ – ૭ | ભારતમાંથી પાકિસ્તાનમાં સ્થળાંતર કરીને ગયેલી કેટલીક વ્યક્તિઓના નાગરિકત્વનો અધિકાર |
| અનુચ્છેદ – ૮ | ભારતની બહાર વસતી ભારતીય મૂળની વ્યક્તિઓનો નાગરિકત્વનો અધિકાર |
| અનુચ્છેદ – ૯ | પોતાની રાજીખુશીથી બીજા દેશનું નાગરિકત્વ મેળવનારને નાગરિકો નહીં ગણવા બાબત |
| અનુચ્છેદ – ૧૦ | નાગરિકત્વના હકનું સાતત્ય |
| અનુચ્છેદ – ૧૧ | સંસદ દ્વારા નાગરિકત્વના અધિકાર પર નિયંત્રણ |

### ભાગ – 3 મૂળભૂત અધિકારો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૨ | રાજ્યની વ્યાખ્યા |
| અનુચ્છેદ – ૧૩ | મૂળભૂત અધિકારો સાથે અસંગત અથવા વિરુદ્ધ કાયદાઓ અંગે જોગવાઈઓ |

### સમાનતાનો અધિકાર

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૪ | કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ |
| અનુચ્છેદ – ૧૫ | ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનના આધારે ભેદભાવ પર પ્રતિબંધ |
| અનુચ્છેદ – ૧૬ | જાહેર નોકરીની બાબતમાં તકની સમાનતા |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૭ | અસ્પૃશ્યતાનો અંત |
| અનુચ્છેદ – ૧૮ | ખિતાબોની નાબૂદી |

## સ્વતંત્રતાનો અધિકાર

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૯ | વાણી સ્વાતંત્ર્ય અને રક્ષણ<br>(A) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય<br>(B) શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના એકઠા થવાનું સ્વાતંત્ર્ય<br>(C) સંઘ અથવા મંડળ અથવા સહકારી મંડળી રચવાનું સ્વાતંત્ર્ય<br>આ અનુચ્છેદમાં સહકારી મંડળી એ શબ્દો 97મા સંશોધન, 2011 દ્વારા ઉમેરવામાં આવેલ છે.<br>(D) ભારતના ગમે તે પ્રદેશમાં મુક્તપણે ફરવાનું સ્વાતંત્ર્ય<br>(E) ભારતના ગમે તે પ્રદેશમાં  વસવાટ કરવાનુ અને સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય<br>(F) (મિલકત ધરાવવાનું સ્વાતંત્ર્ય) બંધારણના 44મા સંશોધન, 1978 દ્વારા રદ કરવામાં આવેલ છે.<br>(G) કોઈ પણ વ્યવસાય, ધંધો કે કામકાજ કરવાની સ્વતંત્રતા |
| અનુચ્છેદ – ૨૦ | ગુનાઓ સામે દોષસિદ્ધી સંબંધિત રક્ષણ |
| અનુચ્છેદ – ૨૧ | જીવન અને શારીરિક સ્વાતંત્ર્યનું રક્ષણ |
| અનુચ્છેદ - ૨૧ (A) | રાજ્ય 6 થી 14 વર્ષનાં બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે જોગવાઈ કરશે.<br>આ અનુચ્છેદ બંધારણમાં 86 મા સુધારા, 2002 દ્વારા ઉમેરવામાં આવેલ છે. જો કે આ અગાઉ ઈ.સ. 1979માં સર્વોચ્ચ અદાલત દ્વારા શિક્ષણના અધિકારને જીવન જીવવાના અધિકારના ભાગરૂપે ગણાવેલ છે.<br>ઉપરોક્ત અનુચ્છેદમાં જણાવ્યા પ્રમાણે સંસદે કાયદા દ્વારા ઈ.સ. 2009માં જોગવાઈ કરવા માટે સંસદમાં ખરડો દાખલ કર્યો અને તેને Righ To Education Act, 2009 (RTE-2009) નામ આપવામાં આવ્યું. જો કે આ કાયદાનો અમલ 1 એપ્રિલ, 2010 થી થયેલ છે. |
| અનુચ્છેદ – ૨૨ | કેટલીક પરિસ્થિતિઓમાં ધરપકડ તથા અટકાયત સામે રક્ષણ |

## શોષણ વિરુદ્ધનો અધિકાર

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૩ | મનુષ્ય વેપાર તથા બળજબરી પૂર્વકની મજૂરી પર પ્રતિબંધ |
| અનુચ્છેદ – ૨૪ | કારખાનાં વગેરેમાં 14 વર્ષથી નીચેની વયનાં બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ |

## ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૫ | અંત:કરણની અને ધર્મને અબાધિત રૂપે માનવાની, તેના આચરણની અને પ્રચાર કરવાની સ્વતંત્રતા |
| અનુચ્છેદ – ૨૬ | ધાર્મિક બાબતોનો વહીવટ કરવાની સ્વતંત્રતા |
| અનુચ્છેદ – ૨૭ | ચોક્કસ ધર્મની અભિવૃદ્ધિ માટે કર ચૂકવણીની સ્વતંત્રતા |
| અનુચ્છેદ – ૨૮ | કેટલીક શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અથવા ધાર્મિક ઉપાસનામાં હાજરી આપવા અંગેની  સ્વતંત્રતા |

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૯ | લઘુમતિઓના હિતોનું રક્ષણ |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – 30 | લઘુમતિ વર્ગને શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને વહીવટ કરવાનો અધિકાર |
| | |

## મિલકતનો અધિકાર (રદ કરેલ છે)

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૧ | (મિલકતનો અધિકાર) બંધારણના 44મા સંશોધન, 1978 દ્વારા રદ કરવામાં આવેલ છે અને તેને બંધારણમાં 300 (A) તરીકે દાખલ કરેલ છે. આમ, મિલકતનો અધિકાર હવે મૂળભૂત અધિકાર ન રહેતાં માત્ર બંધારણીય અધિકાર છે. |

## બંધારણીય ઉપાયોનો અધિકાર

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૨ | મૂળભૂત અધિકારોનો અમલ કરાવવા માટેના ઉપાયો |
| અનુચ્છેદ – ૩૩ | આ ભાગ દ્વારા અપાયેલા અધિકારો દળો વગેરેને લાગુ પડતા હોય ત્યારે તે અધિકારોમાં સુધારણા કરવાની સંસદની સત્તા |
| અનુચ્છેદ – ૩૪ | જયારે કોઈ ક્ષેત્રમાં લશ્કરી કાયદો (માર્શલ લો) લાગુ થાય ત્યારે આ ભાગ દ્વારા અપાયેલા અધિકારો પર નિયંત્રણ |
| અનુચ્છેદ – ૩૫ | આ ભાગની જોગવાઈઓને અસરકારક બનાવવા માટે કાયદા કરવા બાબત |

## ભાગ – ૪ રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૬ | રાજ્યની વ્યાખ્યા |
| અનુચ્છેદ – ૩૭ | આ વિભાગોમાં સમાવિષ્ટ સિદ્ધાંતોની પ્રયુક્તિ |
| અનુચ્છેદ – ૩૮ | રાજય લોકકલ્યાણની વૃદ્ધિ માટે સામાજિક વ્યવસ્થા કરશે. |
| અનુચ્છેદ – ૩૯ | રાજયે અનુસરવાના કેટલાક નીતિના સિદ્ધાંતો (પુરૂષો અને સ્ત્રીઓને સમાન કામ માટે સમાન વેતન) |
| અનુચ્છેદ – ૩૯(A) | સમાન ન્યાય અને મફત કાનૂની સહાય<br>આ અનુચ્છેદ બંધારણમાં 42મા બંધારણીય સુધારા, 1976 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૪૦ | ગ્રામ પંચાયતોની સ્થાપના |
| અનુચ્છેદ – ૪૧ | અમૂક પરિસ્થિતિઓમાં રોજગારી, શિક્ષા અને જાહેર સહાય મેળવવાનો હક |
| અનુચ્છેદ – ૪૨ | કામની ન્યાયી અને માનવીય પરિસ્થિતિ અને પ્રસૂતિ સહાયતા માટે જોગવાઈ |
| અનુચ્છેદ – ૪૩ | કામદારો માટે નિર્વાહ વેતન |
| અનુચ્છેદ – ૪૩ (A) | ઉદ્યોગોના વહીવટમાં કામદારોની ભાગીદારી<br>આ અનુચ્છેદ બંધારણમાં 42મા બંધારણીય સુધારા, 1976 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ ૪૩ –(B) | સહકારી સમિતિઓનું સંવર્ધન<br>આ અનુચ્છેદ બંધારણમાં 97મા બંધારણીય સુધારા, 2011 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૪૪ | નાગરિકો માટે સમાન દીવાની કાયદાઓ |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૪૫ | 6 વર્ષથી ઓછી વયનાં બાળકો માટે શરૂઆતની બાલ્યાવસ્થા દરમ્યાન સંભાળ અને શિક્ષણની જોગવાઈ<br>બંધારણમાં મૂળ અનુચ્છેદને બદલે આ અનુચ્છેદ 86મા બંધારણીય સુધારા, 2002 દ્વારા મૂકવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૪૬ | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ |
| અનુચ્છેદ – ૪૭ | નાગરિકોના પોષણનું સ્તર અને જીવનધોરણ ઊંચુ લાવવાની અને જાહેર આરોગ્ય સુધારવાની રાજયની ફરજ |
| અનુચ્છેદ – ૪૮ | ખેતી અને પશુપાલન અંગેની વ્યવસ્થા |
| અનુચ્છેદ – ૪૮(A) | પર્યાવરણનું રક્ષણ અને સુધારણા તથા જંગલો અને વન્ય પશુપક્ષીઓના રક્ષણની જોગવાઈ અંગે<br>આ અનુચ્છેદ બંધારણમાં 42મા બંધારણીય સુધારા, 1976 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૪૯ | રાષ્ટ્રીય મહત્વ ધરાવતાં સ્મારકો, સ્થળો અને વસ્તુઓનું રક્ષણ |
| અનુચ્છેદ – ૫૦ | કારોબારીથી ન્યાયતંત્રનું વિભાજન |
| અનુચ્છેદ – ૫૧ | આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતિની અભિવૃદ્ધિ |

## ભાગ – ૪(A) મૂળભૂત ફરજો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૫૧ (A) | ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :-<br>બંધારણમાં ભાગ 4 (A) બંધારણીય સંશોધન, 1976 દ્વારા ઉમેરીને 10 ફરજો ઉમેરવામાં આવી છે. અને 11મી ફરજ “દરેક માતા-પિતા કે વાલીની 6 થી 14 વર્ષના તેમના બાળક કે પાલ્યને પ્રાથમિક શિક્ષણ પૂરૂ પાડવાની ફરજ” બંધારણમાં 86મા સંશોધન, 2002 દ્વારા ઉમેરવામાં આવેલ છે. |
| (A) | સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓના રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવાની |
| (B) | આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનાર ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની |
| (C) | ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની તેમનું રક્ષણ કરવાની |
| (D) | દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં તેમ કરવાની |
| (E) | ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુતાની ભાવનાની વૃદ્ધિ કરવાની અને સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની |
| (F) | આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની |
| (G) | જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની |
| (H) | વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની |
| (I) | જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની |
| (J) | રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં ઉન્નત સોપાનો ભણી સતત પપ્રગતિ કરતું રહે એ માટે વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિના તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| (K) | માતા-પિતાએ અથવા વાલીએ છ વર્ષથી ચૌદ વર્ષની વય સુધીના પોતાના બાળક અથવા યથાપ્રસંગ પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની |

**ભાગ – ૫ સંઘ**

**પ્રકરણ – ૧ કારોબારી**

**રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ**

| | |
|---|---|
| અનુચ્છેદ – ૫૨ | ભારતના રાષ્ટ્રપતિ |
| અનુચ્છેદ – ૫૩ | સંઘની કારોબારી સત્તા |
| અનુચ્છેદ – ૫૪ | રાષ્ટ્રપતિની ચૂંટણી |
| અનુચ્છેદ – ૫૫ | રાષ્ટ્રપતિની ચૂંટણીની પ્રક્રિયા |
| અનુચ્છેદ – ૫૬ | રાષ્ટ્રપતિના હોદ્દાની મુદત |
| અનુચ્છેદ – ૫૭ | પુન:ચૂંટાવા માટેની યોગ્યતા |
| અનુચ્છેદ – ૫૮ | રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા માટેની લાયકાત |
| અનુચ્છેદ – ૫૯ | રાષ્ટ્રપતિના પદ માટેની શરતો |
| અનુચ્છેદ – ૬૦ | રાષ્ટ્રપતિએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| અનુચ્છેદ – ૬૧ | રાષ્ટ્રપતિ સામે મહાભિયોગની પ્રક્રિયા |
| અનુચ્છેદ – ૬૨ | રાષ્ટ્રપતિ પદ માટેની ખાલી પડેલી જગ્યા ભરવા માટે કરવાની ચૂંટણીનો સમય અને તે રીતે ચૂંટાયેલી વ્યક્તિની મુદત |
| અનુચ્છેદ – ૬૩ | ભારતના ઉપરાષ્ટ્રપતિ |
| અનુચ્છેદ – ૬૪ | ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજયસભાના ચૂંટાયેલા સભાપતિ રહેશે |
| અનુચ્છેદ – ૬૫ | રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં કે પ્રસંગોપાત તેમનો હોદ્દો ખાલી પડે ત્યારે ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિનું પદ સંભાળશે |
| અનુચ્છેદ – ૬૬ | ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી |
| અનુચ્છેદ – ૬૭ | ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની મુદત |
| અનુચ્છેદ – ૬૮ | ઉપરાષ્ટ્રપતિ પદની ખાલી જગ્યા ભરવા માટે ચૂંટણી કરવાનો સમયગાળો તથા પ્રસંગોપાત ખાલી પડેલી જગ્યાને ભરવા માટે ચૂંટાયેલી વ્યક્તિની મુદત |
| અનુચ્છેદ – ૬૯ | ઉપરાષ્ટ્રપતિએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| અનુચ્છેદ – ૭૦ | અન્ય આકસ્મિક પ્રસંગે રાષ્ટ્રપતિનાં કાર્યો બજાવવા બાબત |
| અનુચ્છેદ – ૭૧ | રાષ્ટ્રપતિ અથવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગેની અથવા સંબંધિત બાબતો |
| અનુચ્છેદ – ૭૨ | માફી વગેરે આપવાની તથા અમૂક દાખલાઓમાં સજા મુલતવી રાખવાની, તેમાંથી મુક્તિ આપવાની અથવા તે ઘટાડવાની રાષ્ટ્રપતિની સત્તા |
| અનુચ્છેદ – ૭૩ | સંઘની કારોબારીની સત્તાઓમાં વૃદ્ધિ |

**મંત્રીમંડળ**

| | |
|---|---|
| અનુચ્છેદ – ૭૪ | રાષ્ટ્રપતિની મદદ અને સલાહ માટે મંત્રીમંડળ |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૭૫ | મંત્રીમંડળ સંબંધિત અન્ય જોગવાઈઓ |

## ભારતના એટર્ની જનરલ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૭૬ | ભારતના એટર્ની જનરલ |

## સરકારી કામકાજનું સંચાલન

| | |
|---|---|
| અનુચ્છેદ – ૭૭ | ભારત સરકારના કામકાજનું સંચાલન |
| અનુચ્છેદ – ૭૮ | રાષ્ટ્રપતિને માહિતી પૂરી પાડવા સંબંધમાં પ્રધાનમંત્રીની ફરજો |

## સંસદ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૭૯ | સંસદની રચના |
| અનુચ્છેદ – ૮૦ | રાજ્યસભાની રચના |
| અનુચ્છેદ – ૮૧ | લોકસભાની રચના |
| અનુચ્છેદ – ૮૨ | પ્રત્યેક વસ્તીગણતરી બાદ પુનર્વ્યવસ્થા |
| અનુચ્છેદ – ૮૩ | સંસદના ગૃહોની મુદત |
| અનુચ્છેદ – ૮૪ | સંસદસભ્ય માટેની લાયકાતો |
| અનુચ્છેદ – ૮૫ | સંસદનું સત્ર, સત્ર સમાપ્તિ અને વિસર્જન |
| અનુચ્છેદ – ૮૬ | ગૃહોને સંબોધવાનો તથા સંદેશો મોકલવાનો રાષ્ટ્રપતિનો હક |
| અનુચ્છેદ – ૮૭ | રાષ્ટ્રપતિનું ખાસ સંબોધન |
| અનુચ્છેદ – ૮૮ | ગૃહો અંગે મંત્રીઓ તથા એટર્ની જનરલના અધિકાર |

## સંસદના અધિકારીઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૮૯ | રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિ |
| અનુચ્છેદ – ૯૦ | ઉપસભાપતિના પદની ખાલી જગ્યા, રાજીનામુ અથવા રૂખસદ |
| અનુચ્છેદ – ૯૧ | સભાપતિની ફરજો બજાવવાની તથા સભાપતિ તરીકે કાર્ય કરવાની ઉપસભાપતિ અથવા અન્ય વ્યક્તિની સત્તા |
| અનુચ્છેદ – ૯૨ | જયારે સભાપતિ અથવા ઉપસભાપતિને દૂર કરવાનો ઠરાવ વિચારણા હેઠળ હોય ત્યારે તેઓ ગૃહમાં હાજર રહેવા છતાં અધ્યક્ષસ્થાન લેશે નહીં |
| અનુચ્છેદ – ૯૩ | લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ |
| અનુચ્છેદ – ૯૪ | અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના હોદ્દાની ખાલી જગ્યા, રાજીનામુ અથવા રૂખસદ |
| અનુચ્છેદ – ૯૫ | અધ્યક્ષના હોદ્દાની ફરજો બજાવવાની તથા અધ્યક્ષ તરીકે કાર્ય કરવાની ઉપાધ્યક્ષ અથવા અન્ય વ્યક્તિની સત્તા |
| અનુચ્છેદ – ૯૬ | જયારે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષને દૂર કરવાના ઠરાવ પર વિચારણા ચાલતી હોય ત્યારે તેઓ ગૃહમાં હાજર રહેવા છતાં અધ્યક્ષ સ્થાન લેશે નહીં |
| અનુચ્છેદ – ૯૭ | રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિ તથા લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના વેતન ભથ્થાં |

Astha Academy Mo. 8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૯૮ | સંસદનું સચિવાલય |

## કામકાજનું સંચાલન

| | |
|---|---|
| અનુચ્છેદ – ૯૯ | ગૃહના સભ્યોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| અનુચ્છેદ – ૧૦૦ | ગૃહોમાં મતદાન અને ખાલી જગા હોવા છતાં પણ ગૃહોની કાર્ય કરવાની સત્તા અને કોરમ |

## ગૃહના સભ્યોની ગેરલાયકાતો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૦૧ | બેઠક ખાલી કરવા અંગે |
| અનુચ્છેદ – ૧૦૨ | સભ્યપદ માટેની ગેરલાયકાતો |
| અનુચ્છેદ – ૧૦૩ | સભ્યોની ગેરલાયકાત સંબંધિત પ્રશ્નોનો નિર્ણય |
| અનુચ્છેદ – ૧૦૪ | અનુચ્છેદ – ૯૯ હેઠળ શપથ કે પ્રતિજ્ઞા લીધા પહેલાં અથવા લાયક ન હોવા અથવા ગેરલાયક ઠેરવેલ વ્યક્તિને સંસદમાં હાજરી આપવા અને મત આપવા પર દંડ |

## સંસદ અને તેના સભ્યોના સત્તા, વિશેષાધિકારો અને મુક્તિઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૦૫ | સંસદનાં ગૃહોના તથા તેના સભ્યો અને સમિતિઓની સત્તા, વિશેષાધિકારો વગેરે |
| અનુચ્છેદ – ૧૦૬ | સભ્યોના પગાર – ભથ્થાં |

## ધારાકીય પ્રક્રિયા

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૦૭ | સંસદમાં ખરડાઓ રજૂ કરવા અને પસાર કરવા અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ – ૧૦૮ | અમૂક પરિસ્થિતિઓમાં બંને ગૃહોની સંયુક્ત બેઠક |
| અનુચ્છેદ – ૧૦૯ | નાણાં ખરડા અંગેની ખાસ કાર્યવાહી |
| અનુચ્છેદ – ૧૧૦ | 'નાણા ખરડા'ની વ્યાખ્યા |
| અનુચ્છેદ – ૧૧૧ | ખરડાઓને અનુમતિ |

## નાણાકીય બાબતો સંબંધિત પ્રક્રિયા

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૧૨ | વાર્ષિક નાણાકીય પત્રક |
| અનુચ્છેદ – ૧૧૩ | સંસદમાં અંદાજો સંબંધિત કાર્યવાહી |
| અનુચ્છેદ – ૧૧૪ | વિનિયોગ ખરડાઓ |
| અનુચ્છેદ – ૧૧૫ | પૂરક, વધારાનું અને અધિક અનુદાન |
| અનુચ્છેદ – ૧૧૬ | લેખાનુદાન (હિસાબ પેટે મંજૂર કરવાનાં અનુદાન), વિશ્વાસના આધારે મંજૂર કરવાનાં અનુદાન તથા અપવાદરૂપ અનુદાન |
| અનુચ્છેદ – ૧૧૭ | નાણાંકીય ખરડા બાબતે ખાસ જોગવાઈ |

Astha Academy Mo. 8980961441

## સામાન્ય પ્રક્રિયા

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૧૮ | સંસદની સામાન્ય કાર્યવાહીના નિયમો |
| અનુચ્છેદ – ૧૧૯ | સંસદમાં નાણાંકીય કામકાજનું કાયદા દ્વારા નિયમન |
| અનુચ્છેદ – ૧૨૦ | સંસદમાં વાપરવાની ભાષા |
| અનુચ્છેદ – ૧૨૧ | સંસદમાં ચર્ચાવિચારણા પર નિયંત્રણ |
| અનુચ્છેદ – ૧૨૨ | ન્યાયાલયો દ્વારા સંસદની કાર્યવાહીની તપાસ થઇ શકશે નહીં. |

## રાષ્ટ્રપતિની ધારાકીય સત્તા

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૨૩ | સંસદની બેઠકો ચાલતી ન હોય ત્યારે વટહુકમ બહાર પાડવાની રાષ્ટ્રપતિની સત્તા |

## સંઘનું ન્યાયતંત્ર

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૨૪ | સર્વોચ્ચ અદાલતની સ્થાપના અને રચના |
| અનુચ્છેદ – ૧૨૫ | ન્યાયધીશોના પગાર વગેરે |
| અનુચ્છેદ – ૧૨૬ | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક |
| અનુચ્છેદ – ૧૨૭ | તદર્થ (એડહોક) ન્યાયાધીશોની નિમણૂક |
| અનુચ્છેદ – ૧૨૮ | સર્વોચ્ચ અદાલતની બેઠકોમાં નિવૃત ન્યાયાધીશોની હાજરી |
| અનુચ્છેદ – ૧૨૯ | સર્વોચ્ચ અદાલત અભિલેખ (રેકર્ડ) અદાલત રહેશે |
| અનુચ્છેદ – ૧૩૦ | સર્વોચ્ચ અદાલતનું સ્થળ |
| અનુચ્છેદ – ૧૩૧ | સર્વોચ્ચ અદાલતના મૂળભૂત હકૂમત |
| અનુચ્છેદ – ૧૩૨ | સર્વોચ્ચ અદાલતને કેટલાક કેસોમાં અપીલ કરવાની હકૂમત |
| અનુચ્છેદ – ૧૩૩ | વડી અદાલતોમાં દીવાની બાબતો સંબંધિત અપીલોમાં સર્વોચ્ચ અદાલતની અપીલી હકૂમત |
| અનુચ્છેદ – ૧૩૪ | ફોજદારી બાબતોમાં સર્વોચ્ચ અદાલતની અપીલી હકૂમત |
| અનુચ્છેદ – ૧૩૪(A) | સર્વોચ્ચ અદાલતને અપીલ કરવા માટેનું પ્રમાણપત્ર<br>આ અનુચ્છેદ બંધારણમાં 44મા બંધારણીય સંશોધન, 1978 દ્વારા ઉમેરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૧૩૫ | સમવાયી અદાલતની હકૂમત અને સત્તા અંગે સંસદ જોગવાઈ ન કરે ત્યાં સુધી સમવાયી અદાલતની હકૂમત અને સત્તા સર્વોચ્ચ અદાલત વાપરી શકશે |
| અનુચ્છેદ – ૧૩૬ | સર્વોચ્ચ અદાલતે અપીલ કરવા માટે ખાસ મંજૂરી આપવા બાબત |
| અનુચ્છેદ – ૧૩૭ | સર્વોચ્ચ અદાલને પોતાના દ્વારા અપાયેલા આદેશો કે નિર્ણયો પર પુન:વિચારણા કરવાની સત્તા |
| અનુચ્છેદ – ૧૩૮ | સર્વોચ્ચ અદાલતની હકૂમતમાં વૃદ્ધિ કરવા બાબત |
| અનુચ્છેદ – ૧૩૯ | સર્વોચ્ચ અદાલતને કેટલીક રીટ કાઢવાની સત્તા આપવા બાબત |
| અનુચ્છેદ – ૧૩૯(A) | કેટલાક કેસ તબદીલ કરવા સંબંધિત જોગવાઈ<br>આ અનુચ્છેદ બંધારણમાં 44મા બંધારણીય સંશોધન, 1978 દ્વારા ઉમેરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૧૪૦ | સર્વોચ્ચ અદાલતની સહાયક સત્તા |
| અનુચ્છેદ – ૧૪૧ | સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલ કાયદો ભારતના રાજયક્ષેત્રમાં તમામ અદાલતો |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| | માટે બંધનકર્તા રહેશે |
| અનુચ્છેદ – ૧૪૨ | સર્વોચ્ચ અદાલતના હુકમનામા અને આદેશ તથા દસ્તાવેજો જાહેર કરવા બાબતોમાં આદેશનું અમલીકરણ |
| અનુચ્છેદ – ૧૪૩ | સર્વોચ્ચ અદાલતની સલાહ લેવાની રાષ્ટ્રપતિની સત્તા |
| અનુચ્છેદ – ૧૪૪ | ભારતના રાજયક્ષેત્રના તમામ મુલકી અને ન્યાયીક અધિકારીઓએ સર્વોચ્ચ અદાલતની મદદમાં કાર્ય કરવા બાબત |
| અનુચ્છેદ – ૧૪૫ | અદાલતના નિયમો વગેરે |
| અનુચ્છેદ – ૧૪૬ | સર્વોચ્ચ અદાલતના અધિકારીઓ અને કર્મચારીઓ અને તેનુ ખર્ચ |
| અનુચ્છેદ – ૧૪૭ | અર્થઘટન |

## નિયંત્રક–મહાલેખા પરીક્ષક (Comptroller and Auditor General – CAG)

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૪૮ | ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ |
| અનુચ્છેદ – ૧૪૯ | કમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલની ફરજો અને સત્તા |
| અનુચ્છેદ – ૧૫૦ | કેન્દ્ર અને રાજયોના હિસાબોના નમૂના |
| અનુચ્છેદ – ૧૫૧ | ઓડિટ રિપોર્ટ |

## ભાગ – ૬ રાજયો

## પ્રકરણ – ૧ સામાન્ય

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૫૨ | રાજયની વ્યાખ્યા |

## પ્રકરણ – ૨ કારોબારી

### રાજયપાલ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૫૩ | રાજયોના રાજયપાલો |
| અનુચ્છેદ – ૧૫૪ | રાજયની કારોબારી સત્તા |
| અનુચ્છેદ – ૧૫૫ | રાજયપાલની નિમણૂક |
| અનુચ્છેદ – ૧૫૬ | રાજયપાલની મુદત |
| અનુચ્છેદ – ૧૫૭ | રાજયપાલની નિમણૂક માટેની લાયકાત |
| અનુચ્છેદ – ૧૫૮ | રાજયપાલના હોદ્દાની શરતો |
| અનુચ્છેદ – ૧૫૯ | રાજયપાલે લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| અનુચ્છેદ – ૧૬૦ | અમૂક આકસ્મિક પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિ રાજયપાલનાં કાર્યો માટે યોગ્ય જોગવાઈ કરી શકશે |
| અનુચ્છેદ – ૧૬૧ | માફી વગેરે આપવાની તથા અમૂક દાખલાઓમાં સજા મુલતવી રાખવાની, તેમાંથી મુક્તિ આપવાની અથવા તે હળવી કરવાની રાજયપાલની સત્તા |
| અનુચ્છેદ – ૧૬૨ | રાજયોની કારોબારી સત્તાનો વિસ્તાર |

Astha Academy Mo.8980961441

## મંત્રીમંડળ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૬૩ | રાજ્યપાલને મદદ અને સલાહ માટે મંત્રીમંડળ |
| અનુચ્છેદ – ૧૬૪ | મંત્રીઓ અંગેની અન્ય જોગવાઈઓ |

## રાજ્યના એડવોકેટ જનરલ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૬૫ | રાજ્યના એડવોકેટ જનરલ |

## સરકારી કામકાજનું સંચાલન

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૬૬ | રાજ્યના સરકારી કામકાજનું સંચાલન |
| અનુચ્છેદ – ૧૬૭ | રાજ્યપાલને માહિતી પૂરી પાડવા વગેરે સંબંધિત મુખ્યમંત્રીની ફરજો |

## પ્રકરણ – ૩ રાજ્યનું વિધાનમંડળ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૬૮ | રાજ્યોના વિધાનમંડળની રચના |
| અનુચ્છેદ – ૧૬૯ | રાજ્યોમાં વિધાન પરિષદોની નાબૂદી અથવા રચના |
| અનુચ્છેદ – ૧૭૦ | વિધાનસભાની રચના |
| અનુચ્છેદ – ૧૭૧ | વિધાન પરિષદોની રચના |
| અનુચ્છેદ – ૧૭૨ | રાજ્યોના વિધાનમંડળોની મુદત |
| અનુચ્છેદ – ૧૭૩ | વિધાનમંડળના સભ્યપદ માટેની લાયકાત |
| અનુચ્છેદ – ૧૭૪ | રાજ્યના વિધાનમંડળનું સત્ર, સત્ર સમાપ્તિ અને વિસર્જન |
| અનુચ્છેદ – ૧૭૫ | ગૃહને સંબોધન કરવાનો અને સંદેશો મોકલવાનો રાજ્યપાલનો અધિકાર |
| અનુચ્છેદ – ૧૭૬ | રાજ્યપાલનું ગૃહોને ખાસ સંબોધન |
| અનુચ્છેદ – ૧૭૭ | ગૃહો સંબંધિત મંત્રીઓ અને એડવોકેટ જનરલનો અધિકાર |

## રાજ્ય વિધાનમંડળના અધિકારીઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૭૮ | વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ |
| અનુચ્છેદ – ૧૭૯ | અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદની ખાલી જગ્યા, રાજીનામુ અને હોદ્દા પરથી રૂખસદ |
| અનુચ્છેદ – ૧૮૦ | અધ્યક્ષના કર્તવ્યોનું પાલન કરવાની અથવા અધ્યક્ષના રૂપમાં કાર્ય કરવાની ઉપાધ્યક્ષ અથવા અન્ય વ્યક્તિની સત્તા |
| અનુચ્છેદ – ૧૮૧ | જ્યારે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષને પદ પરથી દૂર કરવાનો ઠરાવ વિચારણા હેઠળ હોય ત્યારે તેઓ હાજર હોવા છતાં અધ્યક્ષસ્થાન સંભાળી શકતા નથી |
| અનુચ્છેદ – ૧૮૨ | વિધાન પરિષદના સભાપતિ અને ઉપસભાપતિ |
| અનુચ્છેદ – ૧૮૩ | સભાપતિ અથવા ઉપસભાપતિ નું પદ ખાલી થવું, પદ ત્યાગવું અને પદથી દૂર કરવું |
| અનુચ્છેદ – ૧૮૪ | અધ્યક્ષ પદના કર્તવ્યોનું પાલન કરવા અથવા અધ્યક્ષના રૂપમાં કાર્ય કરવાની ઉપસભાપતિ અથવા અન્ય વ્યક્તિની સત્તા |

Astha Academy Mo. 8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૮૫ | જયારે સભાપતિ અથવા ઉપસભાપતિને પદ પરથી હટાવવાનો ઠરાવ વિચારણા હેઠળ હોય ત્યારે તેઓ હાજર હોવા છતાં પણ અધ્યક્ષસ્થાન સંભાળી શકતા નથી |
| અનુચ્છેદ – ૧૮૬ | વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તથા વિધાનપરિષદના સભાપતિ અને ઉપસભાપતિના વેતન – ભથ્થાં |
| અનુચ્છેદ – ૧૮૭ | રાજયના વિધાનમંડળનું સચિવાલય |

## કામકાજનું સંચાલન

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૮૮ | સભ્યોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| અનુચ્છેદ – ૧૮૯ | ગૃહોમાં મતદાન અને ખાલી જગા હોવા છતાં પણ ગૃહોની કાર્ય કરવાની સત્તા અને કોરમ |

## સભ્યોની ગેરલાયકાતો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૯૦ | બેઠક ખાલી થવા અંગે |
| અનુચ્છેદ – ૧૯૧ | સભ્યપદ માટેની ગેરલાયકાતો |
| અનુચ્છેદ – ૧૯૨ | સભ્યોની ગેરલાયકાત સંબંધિત પ્રશ્નો ઉપર નિર્ણય |
| અનુચ્છેદ – ૧૯૩ | અનુચ્છેદ – ૧૮૮ હેઠળ શપથ લીધા પહેલાં અથવા લાયક ન હોવા છતાં અથવા ગેરલાયક ઠેરવેલ વ્યક્તિને ગૃહમાં હાજરી આપવા અથવા મત આપવા પર દંડ |

## રાજયોના વિધાનમંડળો અને તેના સભ્યોના સત્તા, વિશેષાધિકાર અને મુક્તિઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૯૪ | વિધાનમંડળોના ગૃહો તથા તેના સભ્યો અને સમિતિઓની સત્તા અને વિશેષાધિકાર |
| અનુચ્છેદ – ૧૯૫ | સભ્યોના વેતન – ભથ્થાં |

## ધારાકીય પ્રક્રિયા

| | |
|---|---|
| અનુચ્છેદ – ૧૯૬ | ખરડાઓ રજૂ અને પસાર કરવા અંગે જોગવાઈ |
| અનુચ્છેદ – ૧૯૭ | નાણાંખરડા સિવાયના ખરડા અંગે વિધાન પરિષદની સત્તા પર નિયંત્રણ |
| અનુચ્છેદ – ૧૯૮ | નાણાંખરડા બાબતે કાર્યવાહી |
| અનુચ્છેદ – ૧૯૯ | નાણાંખરડાની વ્યાખ્યા |
| અનુચ્છેદ – ૨૦૦ | ખરડાઓને અનુમતિ |
| અનુચ્છેદ – ૨૦૧ | વિચારણા માટે અનામત રાખેલા ખરડા |

## નાણાકીય બાબતો સંબંધિત કાર્યવાહી

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૦૨ | વાર્ષિક નાણાકીય પત્રક |
| અનુચ્છેદ – ૨૦૩ | વિધાનમંડળોમાં અંદાજો સંબંધિત કાર્યવાહી |
| અનુચ્છેદ – ૨૦૪ | વિનિયોગ ખરડાઓ |
| અનુચ્છેદ – ૨૦૫ | પૂરક, વધારાના અથવા અધિક અનુદાન |
| અનુચ્છેદ – ૨૦૬ | લેખાનુદાન (હિસાબ પટે અનુદાન), વિશ્વાસના આધારે અનુદાન તથા અપવાદરૂપ |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| | અનુદાન |
| અનુચ્છેદ – ૨૦૭ | નાણાખરડા સંબંધિત ખાસ જોગવાઈઓ |

## સામાન્ય કાર્યવાહી

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૦૮ | કાર્યવાહીના નિયમ |
| અનુચ્છેદ – ૨૦૯ | રાજ્ય વિધાનમંડળમાં નાણાકીય કાર્ય સંબંધિત કાર્યવાહીનું કાયદા દ્વારા નિયંત્રણ |
| અનુચ્છેદ – ૨૧૦ | વિધાનમંડળમાં વાપરવાની ભાષા |
| અનુચ્છેદ – ૨૧૧ | વિધાનમંડળમાં ચર્ચા વિચારણા પર નિયંત્રણ |
| અનુચ્છેદ – ૨૧૨ | અદાલત દ્વારા વિધાનમંડળની કાર્યવાહીની તપાસ નહીં થઈ શકે. |

## ધારાકીય સત્તા

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૧૩ | વિધાનમંડળની બેઠકો ચાલુ ન હોય ત્યારે વટહુકમ બહાર પાડવાની રાજ્યપાલની સત્તા |

## રાજ્યોની વડી અદાલત

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૧૪ | રાજ્યોની વડી અદાલતો |
| અનુચ્છેદ – ૨૧૫ | વડી અદાલતનું રેકર્ડ ન્યાયાલય હોવું |
| અનુચ્છેદ – ૨૧૬ | વડી અદાલતની રચના |
| અનુચ્છેદ – ૨૧૭ | વડી અદાલતના ન્યાયાધીશની નિમણૂક તથા હોદ્દાની શરતો |
| અનુચ્છેદ – ૨૧૮ | સર્વોચ્ચ અદાલત સંબંધિત અમૂક જોગવાઈઓનું વડી અદાલત પર લાગુ થવું |
| અનુચ્છેદ – ૨૧૯ | વડી અદાલતના ન્યાયાધીશોના શપથ અથવા પ્રતિજ્ઞા |
| અનુચ્છેદ – ૨૨૦ | કાયમી ન્યાયાધીશ થયા બાદ વકીલાત પર નિયંત્રણ |
| અનુચ્છેદ – ૨૨૧ | ન્યાયાધીશોના વેતન-ભથ્થાં |
| અનુચ્છેદ – ૨૨૨ | ન્યાયાધીશોની એક વડી અદાલતથી બીજી વડી અદાલતમાં બદલી |
| અનુચ્છેદ – ૨૨૩ | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક |
| અનુચ્છેદ – ૨૨૪ | વધારાના અને કાર્યકારી ન્યાયાધીશોની નિમણૂક |
| અનુચ્છેદ – ૨૨૪(A) | વડી અદાલતની બેઠકોમાં નિવૃત ન્યાયાધીશોની હાજરી |
| અનુચ્છેદ – ૨૨૫ | વિદ્યમાન વડી અદાલતોનું કાર્યક્ષેત્ર |
| અનુચ્છેદ – ૨૨૬ | કેટલીક રિટ કાઢવાની વડી અદાલતની સત્તા |
| અનુચ્છેદ – ૨૨૭ | અન્ય અદાલતો પર દેખરેખ રાખવાની વડી અદાલતની સત્તા |
| અનુચ્છેદ – ૨૨૮ | અમૂક કેસ વડી અદાલતને તબદીલ કરવા બાબત |
| અનુચ્છેદ – ૨૨૯ | વડી અદાલતોના અધિકારીઓ, કર્મચારીઓ અને ખર્ચ |
| અનુચ્છેદ – ૨૩૦ | વડી અદાલતની હકૂમતનો કેન્દ્રશાસિત પ્રદેશો પર વિસ્તાર |
| અનુચ્છેદ – ૨૩૧ | બે અથવા બે થી વધુ રાજ્યો માટે એક જ વડી અદાલતની રચના |
| અનુચ્છેદ – ૨૩૨ | રદ કરેલ છે. |

Astha Academy Mo.8980961441

## તાબાની અદાલતો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૩૩ | જિલ્લા ન્યાયાધીશોની નિમણૂક |
| અનુચ્છેદ – ૨૩૩(A) | કેટલાક જિલ્લા ન્યાયાધીશોની નિમણૂક અને તેઓ દ્વારા અપાયેલ ચુકાદા વગેરેને કાયદેસર ઠરાવવા બાબત |
| અનુચ્છેદ – ૨૩૪ | જિલ્લા ન્યાયાધીશો સિવાય અન્ય વ્યક્તિઓની ન્યાયીક સેવાઓમાં નિમણૂક |
| અનુચ્છેદ – ૨૩૫ | તાબા હેઠળની અદાલતો પર નિયંત્રણ |
| અનુચ્છેદ – ૨૩૬ | અર્થઘટન |
| અનુચ્છેદ – ૨૩૭ | અમૂક વર્ગોના મેજિસ્ટ્રેટો પર આ ભાગની જોગવાઈઓ લાગુ પાડવા બાબત |

## ભાગ – ૭ પહેલા પરિશિષ્ટનાં ભાગ – 'ખ' નાં રાજ્યો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૩૮ | આ અનુચ્છેદ અને ભાગ ૭ બંધારણમાંથી 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા રદ કરવામાં આવેલ છે. |

## ભાગ – ૮ કેન્દ્રશાસિત પ્રદેશો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૩૯ | કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ |
| અનુચ્છેદ– ૨૩૯(A) | કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થાનિક વિધાનમંડળ અથવા મંત્રીમંડળ અથવા બન્નેની રચના |
| અનુચ્છેદ-૨૩૯(AA) | દિલ્હી સંબંધિત વિશેષ જોગવાઈઓ |
| અનુચ્છેદ -૨૩૯(AB) | બંધારણીય તંત્રની નિષ્ફળતા પ્રસંગે જોગવાઈ |
| અનુચ્છેદ – ૨૩૯(B) | જયારે વિધાનમંડળનું સત્ર ચાલુ ન હોય ત્યારે વહીવટદારને વટહુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા |
| અનુચ્છેદ – ૨૪૦ | કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશો માટે કાયદા બનાવવાની રાષ્ટ્રપતિની સત્તા |
| અનુચ્છેદ – ૨૪૧ | કેન્દ્રશાસિત પ્રદેશો માટે વડી અદાલત |
| અનુચ્છેદ – ૨૪૨ | આ અનુચ્છેદ બંધારણમાંથી 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા રદ કરવામાં આવેલ છે. |

## ભાગ – ૯ પંચાયત

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૪૩ | વ્યાખ્યા |
| અનુચ્છેદ – ૨૪૩ (A) | ગ્રામ સભા |
| અનુચ્છેદ – ૨૪૩ (B) | પંચાયતોની રચના |
| અનુચ્છેદ – ૨૪૩ (C) | પંચાયતોનું ગઠન |
| અનુચ્છેદ – ૨૪૩ (D) | બેઠકોનું આરક્ષણ |
| અનુચ્છેદ – ૨૪૩ (E) | પંચાયતોનો કાર્યકાળ વગેરે |
| અનુચ્છેદ – ૨૪૩ (F) | સભ્યોની ગેરલાયકાતો |
| અનુચ્છેદ – ૨૪૩ (G) | પંચાયતોની સત્તા, અધિકાર અને જવાબદારી |

Astha Academy Mo. 8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૪૩ (H) | પંચાયતો દ્વારા કર લાદવાની સત્તાઓ અને તેના ફંડ બાબત |
| અનુચ્છેદ – ૨૪૩ (I) | નાણાંકીય સ્થિતિની સમીક્ષા માટે નાણાપંચની રચના |
| અનુચ્છેદ – ૨૪૩ (J) | પંચાયતોના હીસાબોનું ઓડિટ |
| અનુચ્છેદ – ૨૪૩ (K) | પંચાયતોની ચૂંટણી |
| અનુચ્છેદ – ૨૪૩ (L) | કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ થવા સંબંધિત |
| અનુચ્છેદ – ૨૪૩ (M) | અમૂક ક્ષેત્રો પર આ ભાગની જોગવાઈઓ લાગુ ન થવા બાબત |
| અનુચ્છેદ – ૨૪૩ (N) | વિધમાન કાયદાઓ અને પંચાયતો ચાલુ રહેવા બાબત |
| અનુચ્છેદ – ૨૪૩ (O) | ચૂંટણી સંબંધિત બાબતોમાં અદાલતના હસ્તક્ષેપ પર પ્રતિબંધ |

## ભાગ – ૯ (A) નગરપાલિકાઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૪૩ (P) | વ્યાખ્યા |
| અનુચ્છેદ – ૨૪૩ (Q) | નગરપાલિકાઓની રચના |
| અનુચ્છેદ – ૨૪૩ (R) | નગરપાલિકાઓનું ગઠન |
| અનુચ્છેદ – ૨૪૩ (S) | વોર્ડ, સમિતિઓ વગેરેની રચના અને ગઠન |
| અનુચ્છેદ – ૨૪૩ (T) | બેઠકોનું આરક્ષણ |
| અનુચ્છેદ – ૨૪૩ (U) | નગરપાલિકાઓનો કાર્યકાળ |
| અનુચ્છેદ – ૨૪૩ (V) | સભ્યોની ગેરલાયકાતો |
| અનુચ્છેદ – ૨૪૩ (W) | નગરપાલિકાઓની સત્તા, અધિકાર અને જવાબદારી |
| અનુચ્છેદ – ૨૪૩ (X) | નગરપાલિકાઓ દ્વારા કર લાદવાની સત્તાઓ અને તેના ફંડ બાબત |
| અનુચ્છેદ – ૨૪૩ (Y) | નાણાપંચ |
| અનુચ્છેદ – ૨૪૩ (Z) | નગરપાલિકાઓના હિસાબોનું ઓડિટ |
| અનુચ્છેદ – ૨૪૩ (ZA) | નગરપાલિકાઓની ચૂંટણી |
| અનુચ્છેદ – ૨૪૩ (ZB) | કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ થવા અંગે |
| અનુચ્છેદ – ૨૪૩ (ZC) | અમૂક ક્ષેત્રો પર આ ભાગની જોગવાઈઓ લાગુ ન થવા અંગે |
| અનુચ્છેદ – ૨૪૩ (ZD) | જિલ્લા આયોજન માટે સમિતિ |
| અનુચ્છેદ – ૨૪૩ (ZE) | મહાનગર (મેટ્રોપોલીટન) આયોજન માટે સમિતિ |
| અનુચ્છેદ – ૨૪૩ (ZF) | વિધમાન કાયદાઓ અને નગરપાલિકાઓ ચાલુ રહેવા બાબત |
| અનુચ્છેદ – ૨૪૩ (ZG) | ચૂંટણી સંબંધિત બાબતોમાં અદાલતોના હસ્તક્ષેપ પર પ્રતિબંધ |

## ભાગ – ૯ (B) સહકારી સમિતિઓ

## ભાગ – ૧૦ અનુસૂચિત અને જનજાતિ ક્ષેત્રો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૪૪ | અનુસૂચિત ક્ષેત્રો અને જનજાતિ ક્ષેત્રોનો વહીવટ |
| અનુચ્છેદ – ૨૪૪(A) | આસામના કેટલાક જનજાતિ ક્ષેત્રોને સમાવિષ્ટ કરનાર એક સ્વાયત રાજ્યની રચના અને તેના માટે સ્થાનીક વિધાનમંડળ અથવા મંત્રીમંડળ અથવા બન્નેની રચના |

Astha Academy Mo.8980961441

## ભાગ – ૧૧ સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો

### પ્રકરણ – ૧ ધારાકીય સંબંધો

### ધારાકીય સત્તાની વહેંચણી

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૪૫ | સંસદ દ્વારા અને રાજયોના વિધાનમંડળો દ્વારા બનાવાયેલા કાયદાઓનો વ્યાપ |
| અનુચ્છેદ – ૨૪૬ | સંસદ અને રાજયોના વિધાનમંડળો દ્વારા બનાવાયેલ કાયદાઓની વિષયવસ્તુ |
| અનુચ્છેદ – ૨૪૭ | કેટલીક વધારાની અદાલતોની સ્થાપનાની જોગવાઈ કરવાની સંસદની સત્તા |
| અનુચ્છેદ – ૨૪૮ | કાયદા કરવાની શેષ સત્તાઓ |
| અનુચ્છેદ – ૨૪૯ | રાજયની યાદીના વિષયો પર રાષ્ટ્રીય હિતમાં કાયદો ઘડવાની સંસદની સત્તા |
| અનુચ્છેદ – ૨૫૦ | કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય તો રાજયની યાદીના વિષયો બાબતે કાયદો ઘડવાની સંસદની સત્તા |
| અનુચ્છેદ – ૨૫૧ | સંસદ દ્વારા અનુચ્છેદ ૨૪૯ તથા ૨૫૦ હેઠળ બનાવાયેલ કાયદાઓ અને રાજયોના વિધાનમંડળો દ્વારા બનાવાયેલ કાયદાઓમાં અસંગતતા |
| અનુચ્છેદ – ૨૫૨ | બે અથવા બે થી વધુ રાજયોની સંમતિથી તેના માટે કાયદા ઘડવાની સંસદની સત્તા અને કોઈ અન્ય રાજય દ્વારા તે અપનાવવા બાબત |
| અનુચ્છેદ – ૨૫૩ | આંતરરાષ્ટ્રીય કરારોને અમલી બનાવવા માટે કાયદા કરવા બાબત |
| અનુચ્છેદ – ૨૫૪ | સંસદ દ્વારા બનાવાયેલ કાયદા અને રાજયના વિધાનમંડળ દ્વારા બનાવાયેલ કાયદા વચ્ચે અસંગતતા |
| અનુચ્છેદ – ૨૫૫ | ભલામણો અને પૂર્વમંજૂરીની જરૂરીયાતો ફક્ત કાર્યરીતિની બાબતો ગણવામાં આવશે |

### પ્રકરણ – ૨ વહીવટી સંબંધો

### સામાન્ય

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૫૬ | રાજયોની અને સંઘની ફરજ |
| અનુચ્છેદ – ૨૫૭ | કેટલીક પરિસ્થિતિઓમાં રાજયો પર કેન્દ્રનું નિયંત્રણ |
| અનુચ્છેદ – ૨૫૮ | કેટલીક પરિસ્થિતિઓમાં રાજયોને શકિત પ્રદાન કરવાની કેન્દ્રની સત્તા |
| અનુચ્છેદ – ૨૫૮ (A) | અમૂક પરિસ્થિતિઓમાં કેન્દ્રને કાર્યો સોંપવાની રાજયને સત્તા<br>આ અનુચ્છેદ અને ભાગ ૭ બંધારણમાંથી 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા રદ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૨૫૯ | રદ કરેલ છે. |
| અનુચ્છેદ – ૨૬૦ | ભારત બહારના પ્રદેશો સંબંધમાં કેન્દ્રની હકૂમત |
| અનુચ્છેદ – ૨૬૧ | જાહેર કાર્યો, દફતરો અને ન્યાયિક કાર્યવાહીઓ |

### જળ સંબંધી તકરારો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૬૨ | આંતરરાજય નદીઓ અથવા નદીખીણોના પાણી સંબંધી વિવાદોનો ન્યાયનિર્ણય |

### રાજયો વચ્ચે સંકલન

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૬૩ | આંતરરાજ્ય પરિષદ સંબંધિત જોગવાઈઓ |

## ભાગ – ૧૨ નાણાકીય બાબતો, મિલકત, કરારો અને દાવાઓ

### પ્રકરણ – ૧ નાણાકીય બાબતો

### સામાન્ય

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૬૪ | અર્થઘટન |
| અનુચ્છેદ – ૨૬૫ | કાયદાની સત્તા સિવાય કરો લાદવામાં આવશે નહીં |
| અનુચ્છેદ – ૨૬૬ | ભારતની અને રાજયની સંચિત નિધિઓ અને જાહેર હિસાબો |
| અનુચ્છેદ – ૨૬૭ | આકસ્મિક નિધિ |

### સંઘ અને રાજયો વચ્ચે આવકની વહેંચણી

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૬૮ | કેન્દ્ર દ્વારા લગાવવામાં આવેલ, પરંતુ રાજયો દ્વારા વસૂલ કરાતા અને વિનિયોગ કરાતા કરો |
| અનુચ્છેદ – ૨૬૮ (A) | કેન્દ્ર દ્વારા લગાવવામાં આવેલ અને કેન્દ્ર અને રાજ્યોએ વસૂલ કરવાનો અને વિનિયોગ કરવાનો સેવા કર<br>આ અનુચ્છેદ બંધારણમાં 88મા બંધારણીય સંશોધન, 2003 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૨૬૯ | કેન્દ્ર દ્વારા લગાવવામાં આવેલ અને વસૂલ કરાયેલ પરંતુ રાજયોને સોંપવામાં આવેલા કરો |
| અનુચ્છેદ – ૨૭૦ | વસૂલ કરાયેલા અને કેન્દ્ર અને રાજયો વચ્ચે વહેંચવામાં આવતા કરો |
| અનુચ્છેદ – ૨૭૧ | કેટલાક કરો પર સંઘના હેતુઓ માટે સરચાર્જ |
| અનુચ્છેદ – ૨૭૨ | કેન્દ્ર દ્વારા લગાવાયેલા અને વસૂલ કરાયેલા કરો કેન્દ્ર અને રાજયો વચ્ચે વહેંચી શકાય.<br>આ અનુચ્છેદ બંધારણમાં 80મા બંધારણીય સંશોધન, 2000 દ્વારા રદ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૨૭૩ | શણ અને શણની બનાવટો ઉપરની નિકાસ જકાતને બદલે અનુદાન |
| અનુચ્છેદ – ૨૭૪ | જેમાં રાજયોનું હિત હોય તે કરવેરાને અસર કરતા ખરડાઓ માટે રાષ્ટ્રપતિની પૂર્વભલામણ જરૂરી હોવા અંગે |
| અનુચ્છેદ – ૨૭૫ | કેન્દ્ર તરફથી કેટલાંક રાજયોને અનુદાનો આપવા અંગે |
| અનુચ્છેદ – ૨૭૬ | વ્યવસાયો, વ્યાપાર, ધંધા અને રોજગાર પરના કરો |
| અનુચ્છેદ – ૨૭૭ | અપવાદો |
| અનુચ્છેદ – ૨૭૮ | આ અનુચ્છેદ બંધારણમાં 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા રદ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૨૭૯ | 'ચોખ્ખી આવક' ની ગણતરી વગેરે |
| અનુચ્છેદ – ૨૮૦ | નાણા પંચ |
| અનુચ્છેદ – ૨૮૧ | નાણાપંચની ભલામણો |

### પ્રકીર્ણ નાણાકીય જોગવાઈઓ

Astha Academy Mo. 8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૮૨ | સંઘ અથવા રાજ્ય પોતાની આવકમાંથી કરી શકે તેવુ ખર્ચ |
| અનુચ્છેદ – ૨૮૩ | સંચિત નિધિ, આકસ્મિક નિધિ અને જાહેર હિસાબમાં જમા થયેલ નાણાંનો હવાલો વગેરે |
| અનુચ્છેદ – ૨૮૪ | સરકારી નોકરો અને અદાલતોને મળેલ દાવાદારોની અનામતો અને અન્ય નાણાંનો હવાલો |
| અનુચ્છેદ – ૨૮૫ | સંઘની મિલકતને રાજયના કરવેરામાંથી મુક્તિ |
| અનુચ્છેદ – ૨૮૬ | માલનું વેચાણ અથવા ખરીદી પર કર નાખવા સંબંધમાં નિયંત્રણો |
| અનુચ્છેદ – ૨૮૭ | વીજળી પરના કરોમાંથી મુક્તિ |
| અનુચ્છેદ – ૨૮૮ | અમૂક પરિસ્થિતિઓમાં પાણી કે વીજળી સંબંધમાં રાજયોએ નાખેલ કરમાંથી મુક્તિ |
| અનુચ્છેદ – ૨૮૯ | સંઘના કરવેરામાંથી રાજયની મિલકત અને આવકને મુક્તિ |
| અનુચ્છેદ – ૨૯૦ | કેટલાક ખર્ચાઓ અને પેન્શનો સંબંધમાં હિસાબમેળ બાબત |
| અનુચ્છેદ – ૨૯૦ (A) | અમૂક દેવસ્વમ્ નિધિઓને વાર્ષિક ચૂકવણી<br>આ અનુચ્છેદ બંધારણમાં 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૨૯૧ | રાજ્યોનાં સાલિયાણાંની રકમ<br>આ અનુચ્છેદ બંધારણમાં 26મા બંધારણીય સંશોધન, 1971 દ્વારા રદ કરવામાં આવેલ છે. |

## પ્રકરણ – ૨ કરજ લેવા અંગે

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૯૨ | ભારત સરકાર દ્વારા કરજ લેવા અંગે |
| અનુચ્છેદ – ૨૯૩ | રાજ્ય સરકાર દ્વારા કરજ લેવા અંગે |

## પ્રકરણ – ૩ મિલકત કરારો, હક, જવાબદારીઓ, ફરજો અને દાવા

| | |
|---|---|
| અનુચ્છેદ – ૨૯૪ | અમૂક પરિસ્થિતિઓમાં મિલકતો, અસ્ક્યામતો, અધિકારો, જવાબદારીઓ, ફરજો વગેરેના ઉત્તરાધિકાર સંબંધિત |
| અનુચ્છેદ – ૨૯૫ | અન્ય પરિસ્થિતિઓમાં મિલકતો, અસ્ક્યામતો, અધિકારો, જવાબદારીઓ, ફરજો વગેરેના ઉત્તરાધિકાર સંબંધિત |
| અનુચ્છેદ – ૨૯૬ | ખાલસા થવાથી, અધિકાર વિલય થવાથી કે નધણિયાતી તરીકે પ્રાપ્ત થતી મિલકત |
| અનુચ્છેદ – ૨૯૭ | દેશના પ્રાદેશિક જળવિસ્તાર તથા ખંડીય છાજલીમાંના મહાસાગરની ભૂમિમાં રહેલ કિંમતી વસ્તુઓ અને મુખ્ય આર્થિક ક્ષેત્રોમાંના સંસાધનો અને સંપત્તિ કેન્દ્રમાં નિહિત થવા બાબત |
| અનુચ્છેદ – ૨૯૮ | વેપાર વગેરે કરવાની સત્તા |
| અનુચ્છેદ – ૨૯૯ | કરારો |
| અનુચ્છેદ – 300 | દાવાઓ અને કાર્યવાહીઓ |

## પ્રકરણ – ૪ મિલકતનો અધિકાર

| | |
|---|---|
| અનુચ્છેદ – 300 (A) | કાયદાથી આપેલા અધિકાર સિવાય વ્યક્તિઓને મિલકતથી વંચિત કરવામાં આવશે નહીં. |

Astha Academy Mo 8980961441

| | |
|---|---|
| | આ અનુચ્છેદ બંધારણમાં 44મા બંધારણીય સંશોધન, 1978 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |

## ભાગ – ૧૩ ભારતના પ્રદેશમાં વેપાર, વાણિજય અને આંતરવ્યવહાર

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૦૧ | વેપાર, વાણિજય અને આંતરવ્યવહારનું સ્વાતંત્ર્ય |
| અનુચ્છેદ – ૩૦૨ | વેપાર, વાણિજય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો મૂકવાની સંસદની સત્તા |
| અનુચ્છેદ – ૩૦૩ | વેપાર અને વાણિજય સંબંધમાં કેન્દ્ર અને રાજય સરકારની ધારાકીય સત્તાઓ પર નિયંત્રણો |
| અનુચ્છેદ – ૩૦૪ | રાજયોમાં અંદરોઅંદર વેપાર, વાણિજય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો |
| અનુચ્છેદ – ૩૦૫ | વિદ્યમાન કાયદાઓ અને રાજયના ઈજારાની જોગવાઈ કરનાર કાયદાઓનો અપવાદ |
| અનુચ્છેદ – ૩૦૬ | આ અનુચ્છેદ બંધારણમાં 7મા બંધારણીય સંશોધન, 1956થી રદ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૦૭ | અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૪ ની જોગવાઈઓના અમલીકરણ માટે અધિકારીની નિમણૂક |

## ભાગ – ૧૪ સંઘ અને રાજયો હેઠળની સેવાઓ
### પ્રકરણ – ૧ સેવાઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૦૮ | અર્થઘટન |
| અનુચ્છેદ – ૩૦૯ | સંઘ અથવા રાજયમાં નોકરી કરતી વ્યક્તિઓની ભરતી અને સેવાની શરતો |
| અનુચ્છેદ – ૩૧૦ | સંઘ અથવા રાજયની નોકરી કરતી વ્યક્તિઓના હોદ્દાની મુદત |
| અનુચ્છેદ – ૩૧૧ | સંઘ અથવા રાજય હેઠળ મુલકી સેવામાં નોકરી કરનાર વ્યક્તિઓની બરતરફી, રૂખસદ અથવા પાયરી ઉતાર |
| અનુચ્છેદ – ૩૧૨ | અખિલ ભારતીય સેવાઓ |
| અનુચ્છેદ – ૩૧૨ (A) | કેટલીક સેવાઓના અધિકારીઓની સેવાની શરતોમાં ફેરફાર કરવાની અથવા રદ કરવાની સંસદની સત્તા<br>આ અનુચ્છેદ બંધારણમાં 28મા બંધારણીય સંશોધન, 1972 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૧૩ | વચગાળાની જોગવાઈઓ |
| અનુચ્છેદ – ૩૧૪ | આ અનુચ્છેદ બંધારણમાં 28મા બંધારણીય સંશોધન, 1972 દ્વારા રદ કરવામાં આવેલ છે. |

### પ્રકરણ – ૨ જાહેર સેવા આયોગ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૧૫ | સંઘ અને રાજયોના જાહેર સેવા આયોગ |
| અનુચ્છેદ – ૩૧૬ | સભ્યોની નિમણૂક અને હોદ્દાની મુદત |
| અનુચ્છેદ – ૩૧૭ | જાહેર સેવા આયોગના કોઈ સભ્યને હોદ્દા પરથી દૂર કરવા અને સેવામાંથી મોકૂફ રાખવા બાબત |
| અનુચ્છેદ – ૩૧૮ | આયોગના સભ્યો અને કર્મચારીઓની સેવાની શરતો વિશે વિનિયમો કરવાની સત્તા |
| અનુચ્છેદ – ૩૧૯ | આયોગના સભ્યો હોદ્દો ધરાવતા બંધ થતાં હોદ્દાઓ ધરાવવા પર પ્રતિબંધ |
| અનુચ્છેદ – ૩૨૦ | જાહેર સેવા આયોગનાં કાર્યો |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૨૧ | જાહેર સેવા આયોગના કાર્યોનો વિસ્તાર કરવાની સત્તા |
| અનુચ્છેદ – ૩૨૨ | જાહેર સેવા આયોગનું ખર્ચ |
| અનુચ્છેદ – ૩૨૩ | જાહેર સેવા આયોગના અહેવાલો |

## ભાગ – ૧૪ (A) ન્યાય પંચો (ટ્રીબ્યુનલો)

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૨૩ (A) | વહીવટી ન્યાયપંચો |
| અનુચ્છેદ – ૩૨૩ (B) | અન્ય બાબતો માટે ન્યાયપંચો |

## ભાગ – ૧૫ ચૂંટણીઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૨૪ | ચૂંટણીઓની દેખરેખ, દોરવણી અને નિયંત્રણ ચૂંટણીપંચમાં નિહિત થવા બાબત |
| અનુચ્છેદ – ૩૨૫ | ધર્મ, જ્ઞાતિ, જાતિ, લિંગભેદના આધારે કોઈને મતાધિકારથી વંચિત નહીં કરી શકાય તથા તેના આધારે ખાસ મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે દાવો નહીં કરી શકાય |
| અનુચ્છેદ – ૩૨૬ | લોકસભા અને રાજયોની વિધાનસભાઓની ચૂંટણીઓ પુખ્ત મતાધિકારને ધોરણે કરવા બાબત |
| અનુચ્છેદ – ૩૨૭ | વિધાનમંડળો માટે ચૂંટણી સંબંધિત જોગવાઈ કરવાની સંસદની સત્તા |
| અનુચ્છેદ – ૩૨૮ | વિધાનમંડળની ચૂંટણીના સંબંધમાં જોગવાઈ કરવાની તે વિધાનમંડળની સત્તા |
| અનુચ્છેદ – ૩૨૯ | ચૂંટણી સંબંધિત બાબતોમાં અદાલતની દરમ્યાનગીરી પર પ્રતિબંધ |

## ભાગ – ૧૬ અમૂક વર્ગો સંબંધમાં ખાસ જોગવાઈઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૩૦ | લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકોનું આરક્ષણ |
| અનુચ્છેદ – ૩૩૧ | લોકસભામાં એંગ્લો ઈન્ડિયન જાતિનું પ્રતિનિધિત્વ |
| અનુચ્છેદ – ૩૩૨ | રાજયોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકોનું આરક્ષણ |
| અનુચ્છેદ – ૩૩૩ | રાજયોની વિધાનસભાઓમાં એંગ્લો ઈન્ડિયન જાતિનું પ્રતિનિધિત્વ |
| અનુચ્છેદ – ૩૩૪ | બેઠકોનું આરક્ષણ અને ખાસ પ્રતિનિધિત્વ સિત્તેર વર્ષ પછી બંધ થવા બાબત |
| અનુચ્છેદ – ૩૩૫ | સેવાઓ અને જગ્યાઓ માટે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના દાવાઓ |
| અનુચ્છેદ – ૩૩૬ | એંગ્લો ઈન્ડિયન જાતિ માટે અમૂક સેવાઓમાં ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૩૭ | એંગ્લો ઈન્ડિયન જાતિના લાભ માટે શૈક્ષણિક અનુદાન સંબંધિત ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૩૮ | અનુસૂચિત જાતિ માટે રાષ્ટ્રીય પંચ |
| અનુચ્છેદ – ૩૩૮(A) | અનુસૂચિત જનજાતિઓ માટે રાષ્ટ્રીય પંચ<br>આ અનુચ્છેદ બંધારણમાં ૪૭મા બંધારણીય સંશોધન, 2003 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૩૯ | અનુસૂચિત વિસ્તારોના વહીવટ અને અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ પર સંઘનું નિયંત્રણ |
| અનુચ્છેદ – ૩૪૦ | પછાત વર્ગોની સ્થિતિની તપાસ માટે પંચની નિમણૂક |
| અનુચ્છેદ – ૩૪૧ | અનુસૂચિત જાતિઓ |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૪૨ | અનુસૂચિત જનજાતિઓ |

## ભાગ – ૧૭ રાજભાષા

## પ્રકરણ – ૧ સંઘની ભાષા

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૪૩ | સંઘની રાજભાષા |
| અનુચ્છેદ – ૩૪૪ | રાજભાષા માટે પંચ અને સંસદની સમિતિ |

## પ્રકરણ – ૨ પ્રાદેશિક ભાષાઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૪૫ | રાજયની રાજભાષા અથવા રાજભાષાઓ |
| અનુચ્છેદ – ૩૪૬ | એક રાજય અને બીજા રાજય વચ્ચે અથવા કોઈ રાજય અને સંઘ વચ્ચેના વ્યવહાર માટેની રાજભાષા |
| અનુચ્છેદ – ૩૪૭ | રાજયની વસ્તીના કોઈ ભાગમાં બોલાતી ભાષા સંબંધમાં ખાસ જોગવાઈ |

## પ્રકરણ – ૩ સર્વોચ્ચ અદાલત, વડી અદાલત વગેરેની ભાષા

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૪૮ | સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોમાં અને કાયદાઓ, ખરડાઓ વગેરે માટે વાપરવાની ભાષા |
| અનુચ્છેદ – ૩૪૯ | ભાષા સંબંધી અમૂક કાયદાઓ કરવા માટે ખાસ કાર્યવાહી |

## પ્રકરણ – ૪ ખાસ આદેશો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૫૦ | અસંતોષના નિવારણ માટેની રજૂઆતમાં વાપરવાની ભાષા |
| અનુચ્છેદ – ૩૫૦ (A) | પ્રાથમિક તબક્કે માતૃભાષામાં શિક્ષણની સુવિધાઓ<br>આ અનુચ્છેદ બંધારણમાં 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૫૦ (B) | ભાષાકીય લઘુમતી વર્ગો માટે ખાસ અધિકારી<br>આ અનુચ્છેદ બંધારણમાં 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૫૧ | હિંદી ભાષાના વિકાસ માટે આદેશ |

## ભાગ – ૧૮ કટોકટીની જોગવાઈઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૫૨ | કટોકટીની જાહેરાત |
| અનુચ્છેદ – ૩૫૩ | કટોકટીની જાહેરાતની અસર |
| અનુચ્છેદ – ૩૫૪ | જયારે કટોકટીની જાહેરાત અમલમાં હોય ત્યારે આવકોની વહેંચણી સંબંધની જોગવાઈઓનું લાગુ પાડવા બાબત |
| અનુચ્છેદ – ૩૫૫ | બાહ્ય આક્રમણ અને આંતરિક અશાંતિ સામે રાજયોનું રક્ષણ કરવાની સંઘની ફરજ |
| અનુચ્છેદ – ૩૫૬ | રાજયમાં બંધારણીય તંત્ર નિષ્ફળ જવાના પ્રસંગે જોગવાઈઓ |

Astha Academy Mo. 8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૫૭ | અનુચ્છેદ ૩૫૬ને આધીન પ્રસિદ્ધ કરાયેલ જાહેરાત હેઠળ ધારાકીય સત્તાઓનો ઉપયોગ |
| અનુચ્છેદ – ૩૫૮ | કટોકટી દરમિયાન અનુચ્છેદ ૧૯ની જોગવાઈઓની મોકૂફી |
| અનુચ્છેદ – ૩૫૯ | કટોકટી દરમિયાન ભાગ – ૩ દ્વારા આપવામાં આવેલ અધિકારોના અમલની મોકૂફી |
| અનુચ્છેદ – ૩૬૦ | નાણાકીય કટોકટીના સંબંધમાં જોગવાઈઓ |

## ભાગ – ૧૯ પ્રકીર્ણ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૬૧ | રાષ્ટ્રપતિ, રાજયપાલો અને રાજપ્રમુખોને રક્ષણ |
| અનુચ્છેદ – ૩૬૧(A) | સંસદ અને રાજ્ય વિધાનમંડળની કાર્યવાહીની પ્રસિદ્ધિ અંગે રક્ષણ<br>આ અનુચ્છેદ બંધારણમાં 44મા બંધારણીય સંશોધન, 1978 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૬૧(B) | લાભપ્રદ રાજકીય પદ (હોદ્દા) પર નિમણૂક માટે ગેરલાયકાત<br>આ અનુચ્છેદ બંધારણમાં 91મા બંધારણીય સંશોધન, 2003 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૬૨ | દેશી રાજ્યોના રાજવીઓના હકો અને વિશેષાધિકારો<br>આ અનુચ્છેદ બંધારણમાં 26મા બંધારણીય સંશોધન, 1971 દ્વારા રદ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૬૩ | અમૂક સંધિઓ, સમજૂતિઓ વગેરેમાંથી ઉત્પન્ન થતા વિવાદોમાં અદાલતની દરમ્યાનગીરી પર પ્રતિબંધ |
| અનુચ્છેદ – ૩૬૩(A) | દેશી રાજ્યોના શાસકોને અપાયેલ માન્યતા બંધ કરવા અને સાલિયાણાં નાબૂદ કરવા બાબત<br>આ અનુચ્છેદ બંધારણમાં 26મા બંધારણીય સંશોધન, 1971 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૬૪ | મોટા બંદરો અને વિમાનમથક અંગે ખાસ જોગવાઈઓ |
| અનુચ્છેદ – ૩૬૫ | સંઘ તરફથી અપાયેલ આદેશોનું પાલન કરવા અને પાલન ન થાય તો તેનુ પરિણામ |
| અનુચ્છેદ – ૩૬૬ | બંધારણમાં ઉલ્લેખિત અમૂક શબ્દપ્રયોગોની વ્યાખ્યાઓ |
| અનુચ્છેદ – ૩૬૭ | અર્થઘટન |

## ભાગ – ૨૦ બંધારણમાં સુધારો

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૬૮ | બંધારણમાં સુધારા કરવાની સંસદની સત્તા અને તે માટેની કાર્યવાહી |

## ભાગ – ૨૧ કામચલાઉ, વચગાળાની અને ખાસ જોગવાઈઓ

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૬૯ | રાજ્ય યાદીના અમૂક વિષયો સમવર્તી યાદીના હોય તેમ કાયદો બનાવવાની સંસદને કામચલાઉ સત્તા |
| અનુચ્છેદ – ૩૭૦ | જમ્મુ – કશ્મીર રાજ્ય અંગે કામચલાઉ જોગવાઈઓ |
| અનુચ્છેદ – ૩૭૧ | મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોના વિષયમાં ખાસ જોગવાઈઓ |
| અનુચ્છેદ – ૩૭૧ (A) | નાગાલેન્ડ રાજ્યના સંબંધમાં ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૭૧ (B) | આસામ રાજ્યના સંબંધમાં ખાસ જોગવાઈ |

Astha Academy Mo. 8980961441

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૭૧ (C) | મણિપુર રાજય અંગે ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૭૧ (D) | આંધ્રપ્રદેશ અંગે ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૭૧ (E) | આંધ્રપ્રદેશમાં કેન્દ્રીય વિશ્વવિદ્યાલયની સ્થાપના અંગે જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૭૧ (F) | સિક્કિમ રાજયના સંબંધમાં ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૭૧ (G) | મિઝોરમ રાજયના સંબંધમાં ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૭૧ (H) | અરુણાચલ પ્રદેશ રાજયના સંબંધમાં ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૭૧ (I) | ગોવા રાજયના સંબંધમાં ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ – ૩૭૨ | વિદ્યમાન કાયદાઓ અમલમાં રહેવા બાબત અને તેમાં અનુકુલન કરવા અંગે |
| અનુચ્છેદ – ૩૭૨ (A) | કાયદાઓના અનુકુલન માટે રાષ્ટ્રપતિની સત્તા<br>આ અનુચ્છેદ બંધારણમાં 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૭૩ | અમૂક સંજોગોમાં નિવારક અટકાયતમાં રખાયેલ વ્યક્તિઓના સંબંધમાં હુકમ કરવાની રાષ્ટ્રપતિની સત્તા |
| અનુચ્છેદ – ૩૭૪ | ફેડરલ અદાલતના ન્યાયાધીશો અને ફેડરલ અદાલત સમક્ષ અથવા હીજ-મેજેસ્ટી-ઈન-કાઉન્સીલમાં અર્નિણીત કાર્યવાહી અંગે જોગવાઈઓ |
| અનુચ્છેદ – ૩૭૫ | આ બંધારણની જોગવાઈઓને અધીન રહીને અદાલતોએ, સત્તાધિકારીઓએ અને અધિકારીઓએ કાર્ય કરવાનુ ચાલુ રાખવા બાબત |
| અનુચ્છેદ – ૩૭૬ | વડી અદાલતોના ન્યાયાધીશો વિશે જોગવાઈઓ |
| અનુચ્છેદ – ૩૭૭ | ભારતના કમ્પટ્રોલર અને ઓડિટર જનરલ અંગે જોગવાઈઓ |
| અનુચ્છેદ – ૩૭૮ | જાહેર સેવા આયોગ અંગે જોગવાઈઓ |
| અનુચ્છેદ – ૩૭૮ (A) | આંધ્રપ્રદેશ વિધાન સભાના કાર્યકાળ સંબંધિત જોગવાઈ<br>આ અનુચ્છેદ બંધારણમાં 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૭૯ થી અનુચ્છેદ – ૩૯૧<br>આ અનુચ્છેદો બંધારણમાં 7મા બંધારણીય સંશોધન, 1956 દ્વારા રદ કરવામાં આવેલ છે. | |
| અનુચ્છેદ – ૩૯૨ | મુશ્કેલીઓને દૂર કરવાની રાષ્ટ્રપતિની સત્તા |

## ભાગ – ૨૨ બંધારણની ટૂંકી સંજ્ઞા, આરંભ, હિંદીમાં અધિકૃત પાઠ અને રદ કરવા બાબત

| | |
|---|---|
| અનુચ્છેદ – ૩૯૩ | ટૂંકા નામ / સંજ્ઞા |
| અનુચ્છેદ – ૩૯૪ | બંધારણનો પ્રારંભ |
| અનુચ્છેદ – ૩૯૪(A) | હિંદી ભાષામાં અધિકૃત પાઠ બાબત<br>આ અનુચ્છેદ બંધારણમાં 58મા બંધારણીય સંશોધન, 1987 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – ૩૯૫ | કાયદાઓ રદ કરવા બાબત |

Astha Academy Mo.8980961441

## ભાગ – ૧ સંઘ અને તેનો પ્રદેશ

**અનુચ્છેદ :– ૧ સંઘનું નામ અને તેનો પ્રદેશ**

ઈન્ડિયા અર્થાત ભારત રાજ્યોનો સંઘ રહેશે.

ભારતનાં રાજ્યો અને રાજ્યક્ષેત્રો પરિશિષ્ટ ૧માં દર્શાવ્યા મુજબ રહેશે.

ભારતના રાજ્યક્ષેત્રમાં પરિશિષ્ટ ૧માં દર્શાવ્યા મુજબનાં રાજ્યો અને રાજ્યક્ષેત્રો ઉપરાંત નવા દાખલ કરાયેલાં રાજ્યો કે સંપાદિત કરવામાં આવે તેવા પ્રદેશોનો સમાવેશ થશે.

**અનુચ્છેદ ૨ :– નવા રાજ્યોનો પ્રવેશ તથા સ્થાપના**

કાયદાથી સંસદ પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોના આધારે નવા રાજ્યોને પ્રવેશ આપી શકશે અને તેમની સ્થાપના કરી શકશે.

**અનુચ્છેદ ૩ :– નવાં રાજ્યોની રચના અને તેમનાં નામ, ક્ષેત્ર અને સીમામાં પરિવર્તન કરવાની સંસદની સત્તા**

સંસદ કાયદાથી ..........

કોઈ રાજ્યનો પ્રદેશ અલગ કરીને, બે કે વધારે રાજ્યોને એકબીજા સાથે જોડીને અથવા કોઈ પ્રદેશ કોઈ રાજ્ય સાથે જોડીને નવા રાજ્યની સ્થાપના કરી શકશે,

કોઈ રાજ્યનો વિસ્તાર વધારી શકશે,

કોઈ રાજ્યનો વિસ્તાર ઘટાડી શકશે,

રાજ્યોની સીમાઓ બદલી શકશે અને

રાજ્યોના નામમાં ફેરફાર કરી શકશે .

પરંતુ ઉપર મુજબની જોગવાઈ કરતું કોઈ પણ વિધેયક રાષ્ટ્રપતિની ભલામણ સિવાય અને આવા વિધેયકની દરખાસ્તોને કારણે જે રાજ્યોને અસર થાય છે, તેવાં રાજ્યોના વિધાન મંડળને મોકલી આપેલ હોય અને તે વિધેયક અંગે રાષ્ટ્રપતિએ નિર્દિષ્ટ કરેલ સમયમર્યાદા કે વધારી આપેલ સમયમર્યાદા પૂર્ણ થાય તે સિવાય સંસદના કોઈ પણ ગૃહમાં રજૂ કરી શકાશે નહી .

આવી સમયમર્યાદામાં રાજ્યોના વિધાનમંડળ દ્વારા અપાયેલા અભિપ્રાયો કે મંતવ્યોનો સ્વીકાર કે અસ્વીકાર કરવા રાષ્ટ્રપતિ અને સંસદ સ્વતંત્ર છે.

**અનુચ્છેદ ૪ :– અનુચ્છેદ 2 અને 3 હેઠળ કરાયેલા કાયદામાં પ્રથમ અને ચોથી અનુસૂચિઓના સુધારા અને પૂરક, આનુષાંગિક અને પારિણામિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત**

અનુચ્છેદ 2 અને 3 હેઠળ સંસદ દ્વારા કરવામાં આવતા કાયદાઓના આધારે અનુસૂચિ 1 અને 4 માં પણ ફેરફાર થશે અને તેને લગતી પૂરક, આનુષાંગિક કે પારિણામિક બાબતોનો પણ તેમાં સમાવેશ થશે.

પરંતુ ઉપર મુજબના કોઈ પણ ફેરફારને અનુચ્છેદ 368 હેઠળ બંધારણમાં સંશોધન માનવામાં આવશે નહીં.

## ભાગ – ૨ નાગરિકત્વ

**અનુચ્છેદ ૫ :– બંધારણના પ્રારંભ પર નાગરિકત્વ**

આ બંધારણના આરંભ સમયે જેનો વસવાટ ભારતના રાજ્યક્ષેત્રમાં હોય અને...

જેનો જન્મ ભારતનારાજ્યક્ષેત્રમાં થયો હોય અથવા

જેનાં માતાપિતામાંથી કોઈનો જન્મ ભારતના રાજ્યક્ષેત્રમાં થયો હોય અને

જે વ્યક્તિનો બંધારણના આરંભની તરત પહેલાંના ઓછામાં ઓછા પાંચ વર્ષથી વસવાટ ભારતના રાજ્યક્ષેત્રમાં હોય;

-તે ભારતનો નાગરિક માનવામાં આવશે.

**અનુચ્છેદ ૬ :- પાકિસ્તાનથી ભારતમાં સ્થળાંતર કરીને આવેલી અમૂક વ્યકિતઓના નાગરિકત્વનો અધિકાર**

અત્યારે પાકિસ્તાનમાં સમાવિષ્ટ રાજ્યક્ષેત્રમાંથી સ્થળાંતર કરીને ભારતના રાજ્યક્ષેત્રમાં આવેલ વ્યક્તિ ..........

જેનો અથવા જેનાં માતાપિતા કે દાદાદાદીમાંથી કોઈનો જન્મ મૂળ અધિનિયમિચિત કર્યા પ્રમાણેના હિંદ રાજ્ય વહીવટ અધિનિયમ, 1935માં વ્યાખ્યા કરાયા પ્રમાણેના ભારતના રાજ્યક્ષેત્રમાં થયો હોય અને જેણે 19 જુલાઈ, 1948 પહેલાં આવું સ્થળાંતર કર્યું હોય; તો તેને ભારતની નાગરિક માનવામાં આવશે.

પરંતુ, જો આવી વ્યક્તિએ ૧૯ જુલાઈ, ૧૯૪૮ના દિવસે અથવા તે પછી સ્થળાંતર કર્યુ હોય અને ભારત સરકારે નિયત કરેલા નમૂનામાં આ હેતુ માટે નક્કી કરેલા અધિકારીને અરજી કરેલી હોય અને તે અધિકારીએ આવી અરજીના આધારે તે વ્યક્તિની ભારતના નાગરિક તરીકે નોંધણી કરી હોય; તો તે ભારતની નાગરિક ગણવામાં આવશે.

Astha Academy Mo.8980961441

પરંતુ આ રીતે અરજી કરેલ વ્યક્તિએ અરજીની તારીખથી તરત પહેલાંના ઓછામાં ઓછા ૬ માસ ભારતના રાજ્યક્ષેત્રમાં વસવાટ કરેલ ન હોય, તો તેની ભારતના નાગરિક તરીકે નોંધણી કરી શકાશે નહીં .

**અનુચ્છેદ ૭ :- ભારતમાંથી પાકિસ્તાનમાં સ્થળાંતર કરીને ગયેલી કેટલીક વ્યક્તિઓના નાગરિકત્વનો અધિકાર**

અત્યારે ભારતમાં સમાવિષ્ટ રાજ્યક્ષેત્રમાંથી પાકિસ્તાનમાં સમાવિષ્ટ રાજયક્ષેત્રમાં સ્ળાંતર કરીને ગયેલ કોઈ વ્યક્તિ .....

જો તેણે ૧ માર્ચ, ૧૯૪૭ પછી ભારતમાંથી પાકિસ્તાનમાં સ્થળાંતર કર્યું હોય તો તે ભારતની નાગરિક ગણવામાં આવશે નહી.

પરંતુ આવી વ્યક્તિએ આવા પાકિસ્તાનમાં કરેલા સ્થળાંતર બાદ જો કોઈ કાયદાની જોગવાઈઓને આધારે કે પુનઃવસવાટ હેઠળ કઢાવેલ કાયમી પરમીટને આધારે ભારતના રાજ્યક્ષેત્રમાં પુનઃસ્થળાંતર કર્યું હશે, તો તેણે 19 જુલાઈ, 1948 પછી ભારતમાં સ્થળાંતર કર્યું છે, તેમ માનવામાં આવશે.

**અનુચ્છે ૮ :- ભારતની બહાર વસતી ભારતીય મૂળની વ્યક્તિઓનો નાગરિકત્વનો અધિકાર**

જેનો, જેનાં માતાપિતામાંથી કોઈનો અથવા જેનાં દાદાદાદીમાંથી કોઈનો જન્મ મૂળ અધિનિયમિચિત કર્યા પ્રમાણેના હિંદ રાજ્ય વહીવટ અધિનિયમ, 1935માં વ્યાખ્યા કરાયા પ્રમાણેના ભારતના રાજ્યક્ષેત્રમાં થયો હોય અને તે વ્યક્તિ આવા રાજ્યક્ષેત્રની બહાર વસવાટ કરતી હોય તો તેણે તે પ્રદેશના ભારત સરકારના અથવા હિંદની ડુમિનિયન સરકારના વાણિજ્યિક કે રાજનૈતિક અધિકારીને નિયત કરેલા નમૂનામાં અરજી કરી હોય અને તે અધિકારીએ આવી વ્યક્તિની ભારતના નાગરિક તરીકે નોંધણી કરી હોય, તો તેને ભારતની નાગરિક માનવામાં આવશે.

**અનુચ્છેદ ૯ :- પોતાની રાજીખુશીથી બીજા દેશનું નાગરિકત્વ મેળવનારને નાગરિકો નહીં ગણવા બાબત**

પોતાની રાજીખુશીથી બીજા દેશનું નાગરિકત્વ સ્વીકારનાર વ્યક્તિ ભારતની નાગરિક રહેશે નહીં.

**અનુચ્છેદ ૧૦:- નાગરિકત્વના હકનું સાતત્ય**

ભારતના નાગરિક તરીકે ગણવામાં આવતી હોય તેવી વ્યક્તિ સંસદ વખતોવખત ઘડે તેવા કાયદાઓને અધિન રહીને ભારતની નાગરિક તરીકે ચાલુ રહેશે.

**અનુચ્છેદ ૧૧ :- સંસદ દ્વારા નાગરિકત્વના અધિકાર પર નિયંત્રણ**

નાગરિકતાની પ્રાપ્તિ, સમાપ્તિ અને તેને સંબંધિત તમામ બાબતો અંગે જોગવાઈઓ કરવાની સંસદની સત્તામાં આ ભાગની કોઈ પૂર્વવર્તી જોગવાઈઓથી ઘટાડો થશે નહી.

## નાગરિકત્વ ધારો, 1955 :–

આપણા બંધારણના અનુચ્છેદ 5 થી 11માં ભારતીય નાગરિકતાની પ્રાપ્તિ અને સમાપ્તિ અંગે સંપૂર્ણ વિગતવાર જોગવાઈઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ નથી. આથી સંસદે તેને આપવામાં આવેલ અધિકાર અન્વયે ભારતીય નાગરિકત્વ ધારો - 1955 ઘડેલ છે. આ ઉપરાંત સમવાયી બંધારણોથી વિરૂદ્ધ જઈને ભારતીય બંધારણે સમગ્ર ભારત માટે ફક્ત એક જ નાગરિકતા માન્ય રાખેલ છે.

1955ના ભારતીય નાગરિકત્વ ધારા અનુસાર ભારતીય નાગરિકતાની પ્રાપ્તિ માટેની પાંચ રીત દર્શાવવામાં આવી છે.

**(૧) જન્મ દ્વારા નાગરિકત્વ**
**(૨) વંશાનુક્રમ દ્વારા નાગરિકત્વ**
**(૩) નોંધણી દ્વારા નાગરિકત્વ**
**(૪) દેશીયકરણ દ્વારા નાગરિકત્વ**
**(૫) પ્રદેશનો સમાવેશ થવાથી નાગરિકત્વ**

**(1) જન્મ દ્વારા નાગરિકતા**

**(Citizenship by Birth) :–**

26 જાન્યુઆરી, 1950ના રોજ અથવા તે પછી ભારતમાં જન્મેલા દરેક વ્યક્તિ જન્મ દ્વારા ભારતની નાગરિક ગણાશે. પરંતુ આ નિયમના બે અપવાદ છે.

(1) વિદેશના રાજકીય કર્મચારીઓના ભારતમાં જન્મેલા બાળકો તથા
(2) જન્મ સમયે તેના પિતા વિદેશમાં રહેતા શત્રુ હોય અને એવા સ્થળે જન્મ થયો હોય કે જે એ વખતે શત્રુના કબજામાં હોય, તો તે સમયે તેને ભારતની નાગરિક ગણવામાં આવશે નહી.

Astha Academy Mo.8980961441

નોંધ :- 1985માં એ ફરજીયાત કરવામાં આવ્યું કે ભારતમાં જન્મ લેનાર વ્યક્તિની માતા અથવા પિતામાંથી કોઈ ભારતના નાગરિક હોવા જોઈએ.

**(2) વંશાનુક્રમ દ્વારા નાગરિકતા (Citizenship by Descent) :–**

કોઈ વ્યક્તિ કે જે 26 જાન્યુઆરી, 1950ના રોજ અથવા તે પછી ભારતની બહાર જન્મી હોય અને તેના પિતા તેના જન્મ સમયે ભારતીય નાગરિક હોય; તો તે તેના જન્મ સમયે ભારતની નાગરિક રહેશે.

પરંતુ જો એવી વ્યક્તિનો પિતા ફક્ત વંશાનુક્રમ દ્વારા ભારતનો નાગરિક હોય, તો તે વ્યક્તિ જન્મ દ્વારા ભારતની નાગરિક ગણાશે નહી; સિવાય કે તેના જન્મથી અથવા અધિનિયમ શરૂ થયાથી એક વર્ષની મુદતમાં તેના જન્મની દૂતાવાસમાં નોંધણી કરવામાં આવી હોય.

**(3) નોંધણી દ્વારા નાગરિકતા (Citizenship by Registration) :–**

કોઈ વ્યક્તિ જે ખરેખર નાગરિક ન હોય, તે વ્યક્તિ નોંધણી દ્વારા ભારતનો નાગરિક બની શકે છે. પરંતુ એવી વ્યક્તિનો નીચે જણાવેલ કોઈ પણ વર્ગમાં સમાવેશ થતો હોવો જોઈએ.

(A) વ્યક્તિઓ મૂળ ભારતીય કે જે સામાન્ય રીતે ભારતના રહેવાસી હોય અને નોંધણી માટેની અરજી કરતાં પહેલાં ઓછામાં ઓછા છ મહિના પહેલાંથી (1985 થી 5 વર્ષ) ભારતમાં રહેતા હોય.
(B) વ્યક્તિઓ મૂળ ભારતીય, કે જે અવિભક્ત ભારતની બહાર કોઈ દેશમાં અથવા સ્થળે સાધારણ રીતે રહેતી હોય.
(C) તે સ્ત્રીઓ જે ભારતીય નાગરિકો સાથે લગ્નગ્રંથીથી જોડાય.
(D) ભારતીય નાગરિકના સગીર બાળકો અને
(E) વ્યક્તિઓ કે જે પુખ્ત વયની અને સમર્થ હોય અને પ્રથમ પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરાયેલ દેશના નાગરિક હોય.

જે વ્યક્તિને ભારતના નાગરિક તરીકે દૂર કરવામાં આવી હોય અથવા વંચિત કરવામાં આવી હોય અથવા જેની નાગરિકતાનો અંત લાવવામાં આવ્યો હોય; તેની કેન્દ્ર સરકારના હુકમ સિવાય નોંધણી કરી શકાશે નહી.

**(4) દેશીયકરણ દ્વારા નાગરિકતા (Citizenship by Naturalisation) :–**

જે ઉપરની કોઈ પણ શ્રેણીમાં નથી આવતા, તે દેશીયકરણ દ્વારા નાગરિકતા પ્રાપ્ત કરી શકે છે. કોઈ વ્યક્તિ જો પુખ્ત વયની સમર્થ હોય તો દેશીયકરણના અનુદાન માટે અરજી કરી શકે. તદુપરાંત, તેણે નીચે દર્શાવેલ શરતો પૂર્ણ કરવી પડે.

(F) તે કોઈ એવા દેશની નાગરિક ન હોવી જોઈએ, જે ભારતીયોને પોતાના રાષ્ટ્રીયકૃત નાગરિક બનવાની સુવિધા પ્રદાન કરતા ન હોય.
(G) તેણે તેના અગાઉના દેશની નાગરિકતાનો ત્યાગ કર્યો હોવો જોઈએ.
(H) અરજીની તારીખથી તુરંત પહેલાંના બાર મહિનાથી તે ભારતમાં રહેલી હોવી જોઈએ અથવા ભારત સરકારની નોકરીમાં કાર્યરત હોવી જોઈએ તેમજ આ એક વર્ષના સમયથી તુરંત પહેલાંના સાત વર્ષોમાં ઓછામાં ઓછા ચાર વર્ષ ભારતમાં પસાર કરેલા હોય.
(I) તે સારા ચારિત્ર્યની હોવી જોઈએ.
(J) બંધારણના આઠમા પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરાયેલી ભાષાઓમાંથી કોઈ ભાષાની પૂરતી જાણકારી હોય.
(K) દેશીયકરણનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ, તે વ્યક્તિનો ભારતમાં રહેવાનો, સરકારી નોકરીમાં સેવાકાર્ય કરવાનો અથવા ભારતમાં સ્થાપિત કોઈ સંસ્થા, કંપની અગર વ્યક્તિઓના સમૂહ હેઠળ નોકરી કરવાનો ઈરાદો હોવો જોઈએ.

જો કદાચ કોઈ વ્યક્તિ ઉપર જણાવેલ તમામ અથવા કોઈ પણ શરતો સંતોષી શકતી ન હોય તેમ છતાં કેન્દ્ર સરકારના અભિપ્રાય મુજબ જણાય કે તેણે વિજ્ઞાન, તત્વજ્ઞાન, કલા, સાહિત્ય, વિશ્વશાંતિ અથવા સામાન્ય રીતે મનુષ્ય પ્રગતિ માટે ગણનાપાત્ર સેવાઓ આપી છે, તો દેશીયકરણ દ્વારા તે ભારતનું નાગરિકત્વ પ્રાપ્ત કરે છે.

જે વ્યક્તિને દેશીયકરણ પ્રમાણપત્ર પ્રાપ્ત થાય છે, તેણે બંધારણ પ્રતિ સત્યનિષ્ઠાની શપથ કાયદાકીય પ્રક્રિયા અનુસાર લેવી પડે છે કે તે ભારતીય કાયદાઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરશે તથા ભારતીય નાગરિકોના જે કર્તવ્યો છે, તેનુ પાલન કરશે.

**(5) પ્રદેશનો સમાવેશ થવા દ્વારા નાગરિકતા (Citizenship by Incorporation of Territory) :–**

Astha Academy Mo.8980961441

જો કોઈ પ્રદેશ ભારતનો ભાગ બને તો એ પ્રમાણે સમાવિષ્ટ થવાને કારણે કોણ ભારતના નાગરિકો બનશે તે બાબત કેન્દ્ર સરકાર જાહેરાત દ્વારા નિર્દિષ્ટ કરી શકશે.

## નાગરિકતાની સમાપ્તિ અને વંચિતતા (Termination And Depriviation Of Citizenship) :-

નાગરિકત્વ ધારો – 1955 અનુસાર નીચેની ત્રણ પરિસ્થિતિઓમાં ભારતીય નાગરિક પોતાની નાગરિકતા ગુમાવી શકે છે.

**(૧) ત્યાગ દ્વારા :–**

જો કોઈ વ્યક્તિ જે બીજા દેશમાં નિવાસ કરે છે અને કાયદાકીય અરજીપત્ર દ્વારા ભારતીય નાગરિકતાનો ત્યાગ કરે, તો આ અરજીપત્રની નોંધણી બાદ તે પોતાની નાગરિકતા ગુમાવે છે.

**(૨) સમાપ્તિકરણ દ્વારા :–**

જો કોઈ વ્યક્તિએ અન્ય દેશની નાગરિકતા સ્વેચ્છાએ સ્વીકારી હોય તો તે જ સમયે ભારતની તેની નાગરિકતા સમાપ્ત થશે.

**(૩) વંચિત કરવા પર :–**

ભારત સરકાર ભારતીય નાગરિકત્વ ધારો – 1955ની કલમ 10 અનુસાર ભારતીય નાગરિકને નાગરિકતાથી વંચિત કરી શકે છે, પરંતુ સરકાર પોતાના આ અધિકારનો ઉપયોગ ફક્ત તે લોકો પર જ કરી શકે છે, જેઓએ નાગરિકતાની પ્રાપ્તિ દેશીયકરણ અથવા નોંધણી દ્વારા પ્રાપ્ત કરી હોય અથવા બંધારણના પાંચમાં અનુચ્છેદની ધારા (C) અનુસાર કરી હોય. ભારત સરકાર દ્વારા નાગરિકતાથી વંચિત કરવાના કારણો નીચે પ્રમાણે હોઇ શકે છે –

A. જો નાગરિકતા મેળવવામાં છેતરપીંડી કરી હોય,
B. ભારતીય બંધારણ પ્રતિ કાર્ય અથવા વાણી દ્વારા આસ્થા બતાવી ન હોય,
C. ભારત સાથે યુદ્ધ કરનાર રાષ્ટ્રની મદદ કરી હોય,
D. ભારતીય નાગરિકતા સ્વીકાર કર્યા બાદ પાંચ વર્ષોના સમયગાળામાં કોઈ અન્ય દેશમાં બે વર્ષ, અથવા તેનાથી અધિક કારાવાસનો દંડ મેળવ્યો હોય અથવા
E. સાત વર્ષ સુધી સતત ભારત બહાર નિવાસ કર્યો હોય.

## નાગરિકતા સંશોધન અધિનિયમ, 1986 :–

નાગરિકત્વ ધારો, 1955માં પરિવર્તન કરી નાગરિકતા સબંધી જોગવાઈઓમાં 1986માં સુધારા કરવામાં આવ્યા. આ સુધારા દ્વારા અધિનિયમમાં નીચે પ્રમાણેની જોગવાઈ કરવામાં આવી.

(1) ભારતમાં જન્મ લેનાર કોઈ વ્યક્તિ જો ભારતીય નાગરિકના રૂપમાં નોંધણી કરાવવા ઈચ્છતો હોય તો, તેણે ભારતમાં સતત 5 વર્ષો સુધી રહેવાનું પ્રમાણપત્ર આપવું પડે. આ પહેલાં આ સમયગાળો 6 મહિનાનો હતો.
(2) પહેલાં અધિનિયમમાં એવી વ્યવસ્થા કરવામાં આવી હતી કે ભારતમાં ફક્ત જન્મ લેવાથી નાગરિકતા પ્રાપ્ત થઈ જતી હતી, પરંતુ હવે કોઈ પણ વ્યક્તિ જેનો જન્મ ભારતમાં થયો હોય અને એના માતા-પિતામાંથી કોઈ એક પહેલાંથી જ ભારતના નાગરિક રહ્યા હોય, તો તે આધાર પર તે વ્યક્તિને ભારતની નાગરિકતા પ્રદાન કરી શકાય છે.
(3) પ્રવાસીના રૂપમાં રહેનાર વિદેશી વ્યક્તિ માટે દેશીયકરણના આધાર પર નાગરિકતા પ્રાપ્ત કરવા માટે ભારતમાં નિવાસ કરવાની જે શરત પહેલાં પાંચ વર્ષની હતી, હવે આ સુધારા દ્વારા નિવાસનો સમયગાળો 10 વર્ષ કરવામાં આવ્યો છે.

આ સુધારેલા અધિનિયમમાં ભારતીય પુરૂષ સાથે લગ્ન કરનાર વિદેશી મહિલાને નાગરિકતા પ્રાપ્ત કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

## ભાગ :– ૩ મૂળભૂત અધિકારો

### અનુચ્છેદ – ૧૨ રાજ્યની વ્યાખ્યા

આ ભાગ માટે સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો રાજ્ય એટલે ભારતની સરકાર, સંસદ કે રાજ્યની સરકાર કે સરકારો, રાજ્યનું વિધાનમંડળ, ભારતના રાજ્યક્ષેત્રમાં હોય અને ભારત સરકારના નિયંત્રણ હેઠળના સ્થાનિક કે અન્ય તમામ જાહેર સત્તા મંડળો.

દા. ત. ગુજરાત યુનિવર્સિટી, રાજ્ય પરીક્ષા બોર્ડ, માધ્યમિક શિક્ષણ બોર્ડ, LIC, ONGC, ગ્રામ પંચાયત

### અનુચ્છેદ – ૧૩ મૂળભૂત અધિકારો સાથે અસંગત અથવા વિરુદ્ધ કાયદાઓ અંગે જોગવાઈઓ

(૧) આ બંધારણના પ્રારંભ પૂર્વે કે પછી અમલમાં હોય તેવા તમામ કાયદા આ ભાગની જોગવાઈ સાથે જેટલા પ્રમાણમાં અસંગત હોય તેટલા પ્રમાણમાં રદબાતલ ગણવામાં આવશે.

Astha Academy Mo.8980961441

(૨) આ ભાગથી અપાયેલા અધિકારો લઈ લેતો કે ઓછા કરતો કોઈ કાયદો રાજ્ય ઘડી શકશે નહી અને આવો કોઈ પણ કાયદો આ ભાગથી અપાયેલા અધિકારો સાથે અસંગત હોય તેટલા પ્રમાણમાં તે રદબાતલ ગણવામાં આવશે.

આ અનુચ્છેદમાં કાયદો એટલે નિયમ, ઉપનિયમ, પેટાનિયમ, અધિનિયમ, હુકમ, વટહુકમ, રૂઢી કે પ્રથા.

આ અનુચ્છેદમાં અમલમાં હોય તેવા કાયદા એટલે ભારતની સરકારે કે હિન્દની ડુમિનિયમ સરકારે કે અન્ય યોગ્ય સત્તા અધિકારીએ જાહેર કરેલા અને રદ જાહેર કરેલા ન હોય તેવા કાયદા, ભલે પછી તે કાયદો અથવા તેનો કોઈ ભાગ ભારતના રાજ્યક્ષેત્ર પ્રભાવમાં હોય કે ન હોય.

(૪) અનુચ્છેદ ૩૬૮ અંતર્ગત કરવામાં આવતા બંધારણીય સંશોધનને આ અનુચ્છેદમાંની કોઈ જોગવાઈ લાગુ પડશે નહી.

## સમાનતાનો અધિકાર

### અનુચ્છેદ – ૧૪ કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ

રાજ્ય કોઈ પણ નાગરિકને કાયદા સમક્ષ સમાનતા અને કાયદાના સમાન રક્ષણનો ઈનકાર કરી શકાશે નહી.

### અનુચ્છેદ – ૧૫ ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનના આધારે ભેદભાવ પર પ્રતિબંધ

(૧) રાજ્ય કોઈ પણ નાગરિક સાથે ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન કે એમાંના કોઈ કારણસર ભેદભાવ કરી શકશે નહી.

(૨) કોઈ પણ નાગરિક ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન કે એમાંના કોઈ કારણસર -

(A) દુકાનો, જાહેર નાસ્તાગૃહો, હોટલો, મનોરંજન સ્થળોએ પ્રવેશ,

(B) રાજ્યના નાણામાંથી પૂર્ણતઃ કે અંશતઃ નિભાવાતાં અને સામાન્ય જનતાના ઉપયોગ માટે અર્પણ કરાયેલ કૂવા, તળાવ, સ્નાનઘાટો, રસ્તાઓ કે સાર્વજનિક સ્થળોના ઉપયોગ સબંધમાં -

કોઈ નિર્યોગ્યતા, નિયંત્રણ, જવાબદારી કે શરતને આધિન બનશે નહી.

(૩) રાજ્યને સ્ત્રીઓ અને બાળકોના ઉત્કર્ષ માટે ખાસ જોગવાઈ કરતાં આ અનુચ્છેદમાંના કોઈ મજકૂરથી બાધ આવશે નહી.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉત્કર્ષ માટે જોગવાઈ કરતાં રાજ્યને આ અનુચ્છેદ કે અનુચ્છેદ ૨૯(૨) ના કોઈ મજકૂરથી બાધ આવશે નહી.

અનુચ્છેદ ૨૯(૨) :- ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, ભાષા કે તેમાંના કોઈ કારણસર શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ અંગે ભેદભાવ પર પ્રતિબંધ.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે કરવામાં આવેલી ઉપર મુજબની જોગવાઈ અનુચ્છેદ ૩૦(૧) સિવાયની શિક્ષણસંસ્થાઓ સાથે સંબંધિત હોય ત્યાં આવી સંસ્થાઓ રાજ્ય દ્વારા નિભાવાતી કે રાજ્ય દ્વારા સહાય મેળવતી કે સહાય ન મેળવતી ખાનગી શિક્ષણ સંસ્થાઓ સાથે સબંધિત છે ત્યાં સુધી તેને આ અનુચ્છેદ કે અનુચ્છેદ ૧૯(૧)(જ)ની કોઈ જોગવાઈથી બાધ નડશે નહી.

અનુચ્છેદ ૩૦(૧) લઘુમતીઓને શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને વહીવટ કરવાનો અધિકાર.

અનુચ્છેદ ૧૯(૧)(જ) ગમે તે વ્યવસાય કરવાનો કે ગમે તે કામકાજ, વેપાર કે ધંધો કરવાનો અધિકાર.

### અનુચ્છેદ – ૧૬ જાહેર નોકરીની બાબતમાં તકની સમાનતા

(૧) રાજ્ય હેઠળના જાહેર હોદ્દાઓ કે નોકરી પર નિમણૂક બાબતમાં દરેક નાગરિકને તકની સમાનતા રહેશે.

(૨) નોકરી કે જાહેર હોદ્દા ઉપર નિમણૂક અંગે કોઈ પણ નાગરિક સાથે ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ, કુળ કે નિવાસસ્થાનના આધારે ભેદભાવ કરી શકાશે નહી.

(૩) પરંતુ અમૂક નોકરીઓમાં કે હોદ્દા ઉપર નિમણૂકની પહેલાં તે રાજ્યક્ષેત્રમાં નિવાસ આવશ્યક હોવાનું ઠરાવતો કોઈ કાયદો કરતાં રાજ્યને આ અનુચ્છેદના કોઈ મજકૂરથી બાધ આવશે નહી.

(૪) રાજ્યના અભિપ્રાય પ્રમાણે રાજ્ય હેઠળની નોકરીઓ કે હોદ્દા ઉપર જે વર્ગનું પ્રતિનિધિત્વ પૂરતા પ્રમાણમાં થયું નથી, તેવા કોઈ પછાત વર્ગની તરફેણમાં જગ્યાઓ અનામત રાખતાં રાજ્યને આ અનુચ્છેદના કોઈ મજકૂરથી બાધ આવશે નહી.

Astha Academy Mo.8980961441

(A) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ માટે બઢતીની બાબતમાં પણ અનામતની જોગવાઈ કરી શકાશે.

(B) અગાઉના વર્ષમાં ભરવાની થતી અને તે વર્ષમાં ભરવામાં આવેલી ન હોય તેવી જગ્યાઓને તે પછીના વર્ષ કે વર્ષોમાં ભરવાની થતી જગ્યાઓ સાથે વિચારણામાં લેતાં આ અનુચ્છેદના કોઈ મજકૂરથી બાધ આવશે નહી અને આવી જગ્યાઓને ૫૦% ની અનામતની ટોચ મર્યાદાની ગણતરી કરતાં ધ્યાને લેવાની રહેશે નહી.

(૫) કોઈ ધર્મ કે સંપ્રદાય હેઠળ સ્થાપવામાં આવેલ સંસ્થાના અધ્યક્ષ કે સંચાલક મંડળનો સભ્ય અમૂક ધર્મ કે સંપ્રદાયનો હોવો જોઈએ એવી જોગવાઈ કરતાં આ અનુચ્છેદના કોઈ મજકૂરથી બાધ આવશે નહી.

**અનુચ્છેદ – ૧૭ અસ્પૃશ્યતાનો અંત**

અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવે છે અને તેનુ કોઈ પણ સ્વરૂપમાં આચરણ કરવાની મનાઈ કરવામાં આવે છે. અસ્પૃશ્યતામાંથી ઉદ્ભવતી કોઈ પણ પ્રકારની ગેરલાયકાત ઉત્પન્ન કરવી કે લાગુ પાડવી એ કાયદા અનુસાર શિક્ષાપાત્ર ગુનો ગણાશે.

**અનુચ્છેદ – ૧૮ ખિતાબોની નાબૂદી**

લશ્કરી અને શૈક્ષણિક ન હોય તેવા ખિતાબ રાજ્ય એનાયત કરી શકશે નહી.

દેશની નાગરિક હોય તેવી વ્યક્તિ વિદેશી રાજ્ય પાસેથી રાષ્ટ્રપતિની પૂર્વસંમતિ સિવાય કોઈ ખિતાબ સ્વીકારી શકશે નહી.

રાજ્ય હેઠળ લાભનો કે નફાનો હોદ્દો ધરાવતી વ્યક્તિ પછી તે નાગરિક ન હોય તો પણ રાષ્ટ્રપતિની પૂર્વસમંતિ સિવાય કોઈ વિદેશી રાજ્ય પાસેથી કોઈ ખિતાબ, ભેટ કે મળતર કે તે હેઠળ કોઈ હોદ્દો સ્વીકારી શકશે નહીં.

## સ્વતંત્રતાનો અધિકાર

**અનુચ્છેદ – ૧૯ વાણી સ્વાતંત્ર્ય અને રક્ષણ**

(૧) સર્વ નાગરિકોને.......

(A) વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો,

(B) શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના એકઠા થવાનો,

(C) મંડળો, સંઘો અને સહકારી સમિતિઓ રચવાનો,

આ અનુચ્છેદમાં 'સહકારી સમિતિઓ' એ શબ્દો બંધારણમાં 97મા સંશોધન, 2011 દ્વારા ઉમેરવામાં આવ્યા છે.

(D) ભારતના રાજ્યક્ષેત્રમાં મુક્તપણે ફરવાનો,

(E) ભારતના રાજ્યક્ષેત્રમાં કે તેના કોઈ ભાગમાં નિવાસ કરવાનો અને સ્થાયી થવાનો અને

(F) ૪૪મા સંશોધન, ૧૯૭૮ દ્વારા મિલકતના સ્વાતંત્ર્યનો અધિકાર રદ કરવામાં આવેલ છે.(૨૦ જૂન, ૧૯૭૯ થી અમલ)

(G) ગમે તે વ્યવસાય કરવાનો અથવા ગમે તે કામકાજ, વ્યાપાર કે ધંધો કરવાનો

............. અધિકાર રહેશે.

પરંતુ ભારતના સાર્વભૌમત્વ, અંખિડતતા, નીતિમત્તા, શિષ્ટતા, ન્યાયાલયનો તિરસ્કાર, બદનક્ષી, ગુના માટે ઉશ્કેરણી કે અનુસૂચિત આદિજાતિની તરફેણમાં વ્યાજબી નિયંત્રણ મૂકતાં આ અનુચ્છેદના કોઈ મજકૂરથી બાધ આવશે નહી.

**અનુચ્છેદ – ૨૦ ગુનાઓ સામે દોષસિદ્ધી સંબંધિત રક્ષણ**

(૧) જ્યારે કોઈ વ્યક્તિ પર ગુના માટે તહોમત મૂકવામાં આવેલ હોય; ત્યારે તેણે અમલમાં હોય તેવા કોઈ કાયદાનો ભંગ કર્યો હોય તે સિવાયના ગુના માટે તેને દોષિત ઠેરવી શકાય નહી અને તે કાયદા અનુસાર તેને કરી શકાઈ હોત; તેથી વધુ સજા કરી શકાય નહી.

(૨) કોઈ પણ વ્યક્તિને એક જ ગુના માટે એકથી વધુવાર કામ ચલાવીને સજા કરી શકાય નહી.

(૩) કોઈ પણ વ્યક્તિને પોતાની વિરૂદ્ધ સાક્ષી બનવાની ફરજ પાડી શકાય નહી.

**અનુચ્છેદ – ૨૧ જીવન અને શારીરિક સ્વાતંત્ર્યનું રક્ષણ**

કાયદા અનુસાર સ્થાપિત પ્રક્રિયાને અનુસર્યા સિવાય કોઈ પણ વ્યક્તિનું જીવન કે શારીરીક સ્વાતંત્ર્ય છીનવી શકાશે નહી.

**અનુચ્છેદ – ૨૧ (A) શિક્ષણનો અધિકાર**

રાજ્ય ૬ થી ૧૪ વર્ષનાં તમામ બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે જોગવાઈ કરશે.

Astha Academy Mo.8980961441

અનુચ્છેદ-(૨૧-A) બંધારણમાં ૮૬મા સંશોધન, ૨૦૦૨ દ્વારા દાખલ કરવામાં આવેલ છે. તે અનુસાર રાજ્યે RTE – ACT ૨૦૦૯ ઘડેલ છે. તેનો અમલ ૦૧/૦૪/૨૦૧૦ થી કરવામાં આવેલ છે.

**અનુચ્છેદ – ૨૨ કેટલીક પરિસ્થિતિઓમાં ધરપકડ તથા અટકાયત સામે રક્ષણ**

(૧) જે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે તેને ધરપકડનાં કારણો જણાવવાનાં રહેશે અને તેની પસંદગીના ધારાશાસ્ત્રીની સલાહ લેવાના તથા તે મારફત પોતાનો બચાવ કરનારા તેના અધિકારનો ઈન્કાર કરી શકાશે નહી.

(૨) ધરપકડ કરવામાં આવેલ વ્યક્તિને ૨૪ કલાકની મર્યાદામાં નજીકમાં નજીકના ન્યાયાલયમાં મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવાની રહેશે અને આવી ચોવીસ કલાકની મુદત વિત્યા બાદ કોઈ પણ વ્યક્તિને મેજિસ્ટ્રેટની પરવાનગી સિવાય અટકાયતમાં રાખી શકાશે નહી. ૨૪ કલાકના સમયમાં ધરપકડના સ્થળેથી ન્યાયાલય સુધીના મુસાફરીના સમયને ધ્યાને લેવામાં આવશે નહી.

(૩) ખંડ (૧) અને (૨)ની જોગવાઈઓ શત્રુદેશની વ્યક્તિને અને નિવારક અટકાયત માટે ઘડવામાં આવેલા કાયદા હેઠળ જેની ધરપકડ કરવામાં આવી હોય તેને લાગુ પડશે નહી.

(૪) ૨૪ કલાક કરતા વધુ સમય માટે અટકાયતમાં રાખવામાં આવેલી વ્યક્તિને ૩ મહિના કરતાં વધુ સમય માટે અટકાયતમાં ત્યારે જ રાખી શકાય, જો આવા ત્રણ માસની સમયમર્યાદા પૂર્ણ થતાં પહેલાં વડી અદાલતના ન્યાયાધીશ તરીકે નિમાવા માટે લાયક હોય તેવી વ્યક્તિઓના બનેલા સલાહકાર મંડળે આવી અટકાયત માટે પૂરતુ કારણ છે એવો રીપોર્ટ આપ્યો હોય. પરંતુ આ અનુચ્છેદના પેટા ખંડ ૭-ખ ની જોગવાઈથી સંસદે ઠરાવેલી વધુમાં વધુ સમયમર્યાદા કરતાં કોઈ પણ વ્યક્તિને અટકાયતમાં રાખી શકાશે નહી.

(૫) જ્યારે કોઈ વ્યક્તિની ધરપકડ કે અટકાયતનો હુકમ કરવામાં આવેલ હોય ત્યારે તે હુકમ કરનાર અધિકારીએ તે વ્યક્તિને આવો હુકમ કયા કારણોસર કરવો પડ્યો તેનાં કારણો જણાવવાનાં રહેશે અને આવા હુકમની વિરૂદ્ધ રજૂઆત કરવાની તેને બનતી ત્વરાએ તક આપવાની રહેશે.

(૬) આવો હુકમ કરનાર અધિકારી જે કારણો જાહેર કરવાનુ જાહેર હિતની વિરૂદ્ધ સમજતો હોય; તેવાં કારણો જાહેર કરવા માટે તેને ફરજ પાડી શકાશે નહી.

(૭) કોઈ પણ વ્યક્તિની નિવારક અટકાયત,

(ક) કયા વર્ગના કિસ્સામાં થઈ શકે કે કયા સંજોગોમાં કરી શકાય તે સંજોગો;

(ખ) કોઈ પણ વ્યક્તિને વધુમાં વધુ કેટલા સમય માટે અટકાયતમાં રાખી શકાય તે સમય મર્યાદા અને

(ગ) આ અનુચ્છેદના ખંડ-૪માં ઉલ્લેખ કરેલ સલાહકાર મંડળે પોતાની તપાસમાં કઈ કાર્યરીતિને અનુસરવી તે કાર્યરીતિ

……… સંસદ કાયદાથી નિશ્ચિત કરી શકશે.

## શોષણ વિરુદ્ધનો અધિકાર

**અનુચ્છેદ – ૨૩ મનુષ્યવેપાર તથા બળજબરીપૂર્વકની મજૂરી પર પ્રતિબંધ**

માનવવેપાર, વેઠ તેમજ બળજબરીપૂર્વક કરાવાતી કોઈ પણ પ્રકારની મજૂરીને પ્રતિબંધિત કરવામાં આવે છે અને આ જોગવાઈનું ઉલ્લંઘન કાયદા અનુસાર શિક્ષાપાત્ર ગુનો ગણાશે.

પરંતુ રાજ્ય જાહેર હેતુ માટે ફરજિયાત સેવા લઈ શકશે અને તેમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન કે તેમાંના કોઈ કારણે ભેદભાવ થઈ શકશે નહી.

**અનુચ્છેદ – ૨૪ કારખાનાં વગેરેમાં 14 વર્ષથી નીચેની વયનાં બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ**

૧૪ વર્ષથી નીચેની વયનાં બાળકોને કારખાનાં, ખાણો કે અન્ય કોઈ પણ જોખમકારક કાર્યમાં રોકી શકાશે નહી.

## ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

**અનુચ્છેદ – ૨૫ અંતઃકરણની અને ધર્મને અબાધિત રૂપે માનવાની, તેના આચરણની અને પ્રચાર કરવાની સ્વતંત્રતા**

જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ ન આવે તે રીતે દરેક વ્યક્તિને અંતઃકરણની સ્વતંત્રતાનો

Astha Academy Mo. 8980961441

અને મુક્ત રીતે કોઈ પણ ધર્મને માનવાનો, પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો સમાન અધિકાર રહેશે.

પરંતુ રાજ્ય ધાર્મિક પ્રવૃત્તિ સાથે જોડાયેલી અન્ય કોઈ પણ આર્થિક, સામાજિક કે રાજકીય પ્રવૃત્તિના નિયમન માટે કાયદો કરી શકશે. આવા કોઈ વિદ્યમાન કાયદાના અમલને પણ આ અનુચ્છેદથી બાધ આવશે નહી.

**અનુચ્છેદ – ૨૬ ધાર્મિક બાબતોનો વહીવટ કરવાની સ્વતંત્રતા**

કોઈ પણ ધર્મ કે સંપ્રદાયને ધાર્મિક અને સખાવતી હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવાનો અને નિભાવવાનો, ધાર્મિક બાબતોમાં પોતાનો વહીવટ પોતે કરવાનો, સ્થાવર અને જંગમ મિલકતની માલિકી અને સંપાદનનો તથા કાયદા અનુસાર આવી મિલકતનો વહીવટ કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે.

**અનુચ્છેદ – ૨૭ ચોક્કસ ધર્મની અભિવૃદ્ધિ માટે કર ચૂકવણીની સ્વતંત્રતા**

જેની આવકનો અમૂક ભાગ કોઈ ધર્મ કે સંપ્રદાયની અભિવૃદ્ધિ કે નિભાવ માટે વાપરવામાં આવતો હોય તેવો કોઈ કર ચૂકવવા માટે કોઈ પણ વ્યક્તિને ફરજ પાડી શકાશે નહી.

**અનુચ્છેદ – ૨૮ કેટલીક શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અથવા ધાર્મિક ઉપાસનામાં હાજરી આપવા અંગેની સ્વતંત્રતા**

રાજ્ય દ્વારા સંપૂર્ણપણે નિભાવાતી કોઈ શિક્ષણસંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહી.

પરંતુ ધાર્મિક શિક્ષણ આપવાનુ ફરજિયાત હોય એવા કોઈ ટ્રસ્ટ હેઠળ સ્થાપવામાં આવેલી શિક્ષણસંસ્થાને ઉપરની જોગવાઈ લાગુ પડશે નહી.

રાજ્યે માન્ય કરેલી અથવા રાજ્ય દ્વારા સહાય મેળવતી શિક્ષણસંસ્થામાં આપવામાં આવતા ધાર્મિક શિક્ષણ કે ઉપાસનાની પ્રવૃત્તિમાં કોઈ વ્યક્તિને હાજર રહેવા માટે ફરજ પાડી શકાય નહી; સિવાય કે તે વ્યક્તિએ અથવા જો તે સગીર હોય તો તેનાં માતા-પિતા કે વાલીએ તે બાબતે સંમતિ આપી હોય.

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર

**અનુચ્છેદ – ૨૯ લઘુમતિઓના હિતોનું રક્ષણ**

(૧) ભારતના રાજ્યક્ષેત્રમાં કે તેના કોઈ ભાગમાં વસવાટ કરતા નાગરીકોના વર્ગને કે જેઓ પોતાની અલાયદી ભાષા, લિપિ કે સંસ્કાર ધરાવે છે; તેમને તે જાળવી રાખવાનો અધિકાર રહેશે.

(૨) રાજ્ય દ્વારા સંપૂર્ણપણે નિભાવાતી કોઈ શિક્ષણસંસ્થામાં કોઈ પણ વ્યક્તિને ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે તેમાંના કોઈ કારણે પ્રવેશનો ઈનકાર કરી શકાશે નહી.

**અનુચ્છેદ – ૩૦ લઘુમતિ વર્ગને શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને વહીવટ કરવાનો અધિકાર**

ધર્મ કે ભાષા ઉપર આધારિત લઘુમતિઓને પોતાની શિક્ષણસંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર રહેશે.

રાજ્ય દ્વારા સહાયક અનુદાન આપતી વખતે કોઈ શિક્ષણસંસ્થા કોઈ ધર્મ કે ભાષા પર આધારીત લઘુમતિઓના વહીવટ હેઠળ છે એ કારણે ભેદભાવ કરી શકાશે નહી.

**અનુચ્છેદ ૩૧ :– મિલકતનો અધિકાર**

મિલકતનો અધિકાર ૪૪મા સુધારા, ૧૯૭૮ દ્વારા રદ કરેલ છે અને હવે ૩૦૦(A) તરીકે માત્ર બંધારણીય અધિકાર છે.

## મૂળભૂત અધિકારોના ઈલાજોનો અધિકાર

**અનુચ્છેદ ૩૨ :– મૂળભૂત અધિકારોનો અમલ કરાવવા માટેના ઉપાયો**

(૧) મૂળભૂત અધિકારોના માટે સર્વોચ્ચ અદાલતમાં દાદ માગવાની બાંયધરી આપવામાં આવે છે.

(૨) મૂળભૂત અધિકારોના અમલ માટે સર્વોચ્ચ અદાલતને આદેશો, હૂકમો, આજ્ઞાપત્રો(રીટો) કે જેમાં બંદી પ્રત્યક્ષીકરણ, પરમાદેશ, ઉત્પ્રેષણ, પ્રતિષેધ અને અધિકાર પૃચ્છાનો સમાવેશ થાય છે, તે તમામ અથવા તેમાંની કોઈ રીટ ફરમાવવાની સત્તા રહેશે.

(૩) સંસદ સર્વોચ્ચ અદાલતને આપવામાં આવેલી આજ્ઞાપત્રો ફરમાવવાની સત્તા ઓછી કર્યા સિવાય અન્ય કોઈ અદાલતને પણ આ હેતુ માટે આજ્ઞાપત્રો ફરમાવવાની સત્તા આપી શકશે.

(૪) બંધારણથી અન્યથા જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો આ અનુચ્છેદથી આપવામાં આવેલ અધિકારને મોકૂફ રાખી શકાશે નહી.

Astha Academy Mo.8980961441

## આજ્ઞાપત્રો (Writ) :–

**(૧) હેબિયસ કોર્પસ (બંદી પ્રત્યક્ષીકરણ) :–**

તેનો અર્થ થાય છે “જવાબ આપવા માટે શરીર હાજર કરો”.

જ્યારે કોઈ વ્યક્તિને ખોટી રીતે કેદ કરી રાખવામાં આવેલ હોય ત્યારે આ રીટ માંગવામાં આવે છે. આ રીટ જે વ્યક્તિ માટે માંગવામાં આવે છે; તે સિવાયની અન્ય વ્યક્તિ પણ માંગી શકે છે.

**(૨) મેન્ડેમસ (પરમાદેશ) :–**

જ્યારે કોઈ વ્યક્તિમાં જાહેર સ્વરૂપની ફરજ નિહિત થયેલી હોય; ત્યારે તેને તે ફરજ અદા કરવાની ફરજ પાડવા માટે આ આજ્ઞાપત્ર ફરમાવવામાં આવે છે.

**(૩) ક્વો – વોરન્ટો (અધિકાર પૃચ્છા) :–**

જ્યારે કોઈ વ્યક્તિ કોઈ પદ પર ટકી રહેવા માટે લાયક ન હોય ત્યારે અથવા લાયક ન હોવા છતાં પદ પ્રાપ્ત કરેલ હોય ત્યારે આ રીટ ફરમાવામાં આવે છે.

**(૪) સર્શિયોરરી (ઉત્પ્રેષણ) :–**

જ્યારે નીચેની કોઈ અદાલતમાં સત્તા નિહિત ન હોય અને તે અદાલત તેવી કોઈ બાબત અંગે ચુકાદો આપવા જઈ રહી હોય અથવા ચુકાદો આપી દીધેલ હોય; ત્યારે આ રીટ ફરમાવવામાં આવે છે.

**(૫) પ્રોહીબિશન (પ્રતિષેધ) :–**

જ્યારે નીચેની કોઈ અદાલતમાં સત્તા નિહિત ન હોય અને તે અદાલત તેવી કોઈ બાબત અંગે ચુકાદો આપવા જઈ રહી હોય ત્યારે તે કામગીરીને અટકાવવા માટે આ રીટ ફરમાવવામાં આવે છે.

જ્યારે ચુકાદો આપવાનો બાકી હોય ત્યારે પ્રતિષેધ રીટ ફરમાવામાં આવે છે. પરંતુ ચુકાદો અપાઈ ગયેલો હોય; ત્યારે આ રીટ ફરમાવી શકાતી નથી.

**અનુચ્છેદ – ૩૩ આ ભાગ દ્વારા અપાયેલા અધિકારો દળો વગેરેને લાગુ પડતા હોય ત્યારે તે અધિકારોમાં સુધારણા કરવાની સંસદની સત્તા**

સશસ્ત્ર દળો વગેરેને મૂળભૂત અધિકાર લાગુ પાડતી વખતે તેમાં ફેરફાર કરવામાં આવશે.

**અનુચ્છેદ – ૩૪ જયારે કોઈ ક્ષેત્રમાં લશ્કરી કાયદો (માર્શલ લો) લાગુ થાય ત્યારે આ ભાગ દ્વારા અપાયેલા અધિકારો પર નિયંત્રણ**

જ્યારે કોઈ વિસ્તારમાં લશ્કરી કાયદો અમલમાં હશે તે દરમિયાન મૂળભૂત અધિકારો મોકૂફ રાખી શકાશે.

**અનુચ્છેદ – ૩૫ આ ભાગની જોગવાઈઓને અસરકારક બનાવવા માટે કાયદા કરવા બાબત**

મૂળભૂત અધિકારોના વધુ સારા અમલ માટે સંસદ કાયદો ઘડીને જોગવાઈ કરશે.

ઉ.દા. – અસ્પૃશ્યતા નાબૂદી અધિનિયમ, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯

## ભાગ – ૪ રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

**અનુચ્છેદ – ૩૬ રાજ્યની વ્યાખ્યા**

રાજ્યની વ્યાખ્યા ભાગ-૩, અનુચ્છેદ-૧૨ મુજબ રહેશે.

**અનુચ્છેદ – ૩૭ આ ભાગમાં સમાવિષ્ટ સિદ્ધાંતોની પ્રયુક્તિ**

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ હોઇ ન્યાયાલય દ્વારા કરાવી શકાશે નહી.

**અનુચ્છેદ – ૩૮ રાજ્ય લોકકલ્યાણની વૃદ્ધિ માટે સામાજિક વ્યવસ્થા કરશે**

(૧) તમામ લોકોને સામાજીક, આર્થિક અને રાજકીય ન્યાય પ્રાપ્ત થાય તે માટે રાજ્ય જોગવાઈ કરશે.
(૨) માત્ર વ્યક્તિઓ વચ્ચે જ નહી; પરંતુ જુદા-જુદા વિસ્તારમાં રહેતા અને જુદા-જુદા વ્યવસાયમાં રોકાયેલા વ્યક્તિઓના જૂથો વચ્ચે પણ આર્થિક અસમાનતા ઓછી થાય અને દરજ્જા, તક અને સગવડોની અસમાનતા નાબૂદ થાય તે માટે રાજ્ય પ્રયત્ન કરશે.

અનુચ્છેદ – ૩૮ની મૂળ જોગવાઈne બંધારણના ૪૪મા સંશોધન, ૧૯૭૮ દ્વારા (૧) નંબર આપીને તેમાં ખંડ (૨) દાખલ કરેલ છે.

**અનુચ્છેદ – ૩૯ રાજયે અનુસરવાના કેટલાક નીતિના સિદ્ધાંતો**

નીચેની પરિસ્થિતિ સિદ્ધ થાય તે માટે રાજ્ય જોગવાઈ કરશે.

(૧) પુરુષ અને સ્ત્રીને આજીવિકાનું સાધન પ્રાપ્ત થાય.
(૨) પુરુષ અને સ્ત્રીને સમાન કામ માટે સમાન વેતન પ્રાપ્ત થાય.

Astha Academy Mo.8980961441

(૩) પુરુષ, સ્ત્રી અને બાળકોને તેમના આરોગ્ય, શક્તિ અને વયને માફક ન હોય એવા વ્યવસાયમાં રોકાવું ન પડે.
(૪) બાળકોને સ્વતંત્રતાભરી અને ગૌરવપૂર્ણ પરિસ્થિતિમાં વિકસવાની તક પ્રાપ્ત થાય અને તેમનું સામાજિક અને નૈતિક ઉપેક્ષા સામે રક્ષણ થાય.
(૫) સમાજની ભૌતિક સાધનસામગ્રીની માલિકી અને નિયંત્રણનું વિતરણ લોકહિત ઉત્તમ રીતે સધાય તે પ્રમાણે થાય.
(૬) અર્થતંત્રનું સંચાલન લોકહિતને નુકશાન કરે એવાં ઉત્પાદનનાં સાધનોની જમાવટમાં પરિણમે નહી.

**અનુચ્છેદ ૩૯ – A :- સમાન ન્યાય અને મફત કાનૂની સહાય**

રાજ્ય સમાન તકના ધોરણે ન્યાયનો ઉત્કર્ષ સધાય અને આર્થિક તંગીના કારણે કોઈ પણ વ્યક્તિ ન્યાયથી વંચિત ન રહે તે માટે કાયદો ઘડીને, યોજના દ્વારા અથવા બીજી કોઈ રીતે મફત કાનૂની સહાયની જોગવાઈ કરશે.

આ અનુચ્છેદ ૪૨મા સંશોધન, ૧૯૭૬ દ્વારા દાખલ કરાયેલ છે.

**અનુચ્છેદ – ૪૦ ગ્રામ પંચાયતોની સ્થાપના**

રાજ્ય ગ્રામ પંચાયતોની સ્થાપના કરશે અને સ્વરાજ્યનાં એકમો તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને સત્તા અને અધિકારો આપશે.

**અનુચ્છેદ – ૪૧ અમૂક પરિસ્થિતિઓમાં રોજગારી, શિક્ષણ અને જાહેર સહાય મેળવવાનો હક**

રાજ્ય પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને તેના નાગરિકોને કામનો, શિક્ષણનો અને બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી અને અપંગતાના પ્રસંગે અથવા વગર વાંકે વેઠવી પડતી તંગીના અન્ય પ્રસંગે જાહેર સહાયનો હક પ્રાપ્ત થાય તે માટે જોગવાઈ કરશે.

**અનુચ્છેદ – ૪૨ કામની ન્યાયી અને માનવીય પરિસ્થિતિ અને પ્રસૂતિ સહાયતા માટે જોગવાઈ**

રાજ્ય કામની ન્યાયી અને માનવોચિત પરિસ્થિતિ સિદ્ધ થાય તે માટે અને પ્રસૂતિ સહાયતા માટે જોગવાઈ કરશે.

**અનુચ્છેદ – ૪૩ કામદારો માટે નિર્વાહ વેતન**

રાજ્ય કામદારોને નિર્વાહ વેતન, ફુરસદનો સમય તથા સામાજિક અને સાંસ્કૃતિક તક પ્રાપ્ત થાય તેવી કામની પરિસ્થિતિ સિદ્ધ થાય તે માટે જોગવાઈ કરશે અને ગ્રામ્ય વિસ્તારોમાં વ્યક્તિગત અથવા સામૂહિક ધોરણે ગૃહઉદ્યોગોની અભિવૃદ્ધિ માટે પ્રયત્ન કરશે.

**અનુચ્છેદ ૪૩ –A ઉદ્યોગોના વહીવટમાં કામદારોની ભાગીદારી**

ઉદ્યોગોના વહીવટમાં કામદારો ભાગ લેતા થાય તે માટે રાજ્ય પ્રયત્ન કરશે.

૪૨મા સંશોધન, ૧૯૭૬ દ્વારા આ અનુચ્છેદ દાખલ કરવામાં આવેલ છે.

**અનુચ્છેદ ૪૩ B :- સહકારી મંડળીઓનું સંવર્ધન**

રાજ્ય સહકારી મંડળીની સ્વૈચ્છીક સંરચના, એમની સ્વયંસંચાલિત કારોબારી, લોકશાહી નિયંત્રણ અને નાણાકીય જોગવાઈના સંવર્ધન માટે પ્રયત્ન કરશે.

આ અનુચ્છેદ બંધારણમાં 97મા સંશોધન, 2011 દ્વારા દાખલ કરવામાં આવેલ છે. (15-2-2011થી અમલી)

**અનુચ્છેદ – ૪૪ નાગરિકો માટે સમાન દીવાની કાયદાઓ**

ભારતના રાજ્યક્ષેત્રમાં તમામ નાગરિકો માટે સમાન દીવાની કાયદો ઘડવા રાજ્ય પ્રયત્ન કરશે.

**અનુચ્છેદ ૪૫ : ૬ વર્ષથી ઓછી વયનાં બાળકો માટે શરૂઆતની બાલ્યાવસ્થા દરમ્યાન સંભાળ અને શિક્ષણની જોગવાઈ**

૬ વર્ષથી નીચેની વયનાં બાળકોને તેમની શરૂઆતની બાલ્યાવસ્થા દરમ્યાન સંભાળ અને શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય જોગવાઈ કરશે.

૮૬મા સંશોધન, ૨૦૦૨ દ્વારા મૂળ અનુચ્છેદને બદલે આ અનુચ્છેદ મૂકવામાં આવેલ છે. (1-4-2010 થી અમલી)

**અનુચ્છેદ – ૪૬ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ**

રાજ્ય નબળા વર્ગો અને ખાસ કરીને અનુજાતિ અને જનજાતિનાં આર્થિક હિતોની અભિવૃદ્ધિ વિશેષ

Astha Academy Mo.8980961441

કાળજીથી કરશે અને સામાજીક અન્યાય અને તમામ પ્રકારના શોષણ સામે તેમનું રક્ષણ કરશે.

**અનુચ્છેદ : – ૪૭ નાગરિકોના પોષણનું સ્તર અને જીવનધોરણ ઊંચું લાવવાની અને જાહેર આરોગ્ય સુધારવાની રાજ્યની ફરજ**

લોકોના પોષણની ક્ષમતા અને જીવન ધોરણ સુધારવું તેને રાજ્ય પોતાની પ્રાથમિક ફરજોમાં ગણશે અને ઔષધના હેતુઓ સિવાય હોય તેવાં માદક પીણાં અને આરોગ્યને હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા પગલાં લેશે.

**અનુચ્છેદ : – ૪૮ ખેતી અને પશુપાલન અંગેની વ્યવસ્થા**

રાજ્ય ખેતી અને પશુપાલનની આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા કરશે અને ગાયો, વાછરડાં, દુધાળાં તેમજ અન્ય ભારવાહક ઢોરોની ઓલાદો જાળવી રાખવા અને તેમની સુધારણા કરવા તથા તેમની કતલ પર પ્રતિબંધ મૂકવા પગલાં લેશે.

**અનુચ્છેદ : – ૪૮ (એ) પર્યાવરણનું રક્ષણ અને સુધારણા તથા જંગલો અને વન્ય પશુપક્ષીઓના રક્ષણની જોગવાઈ**

રાજ્ય પર્યાવરણનું જતન અને સુધારણા કરવા તથા જંગલો અને વન્ય પશુપક્ષીઓનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરશે.

આ અનુચ્છેદ ૪૨મા સંશોધન, ૧૯૭૬ દ્વારા દાખલ કરાયેલ છે.

**અનુચ્છેદ : – ૪૯ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં સ્મારકો, સ્થળો અને વસ્તુઓનું રક્ષણ**

રાજ્ય સંસદે ઘડેલા કોઈ કાયદા કે તે હેઠળ રાષ્ટ્રીય મહત્ત્વનાં જાહેર થયેલાં હોય તેવાં સ્થળો, સ્મારકો અને વસ્તુઓનું યથાપ્રસંગ લૂંટફાટ, વિનાશ, વિકૃતિ, સ્થળાંતર, નિકાલ કે નિકાસ સામે રક્ષણ કરશે.

**અનુચ્છેદ : – ૫૦ કારોબારીથી ન્યાયતંત્રનું વિભાજન**

રાજ્ય વહીવટમાં કારોબારીથી ન્યાયતંત્રને અલગ રાખવા પ્રયત્ન કરશે.

**અનુચ્છેદ : – ૫૧ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની અભિવૃદ્ધિ**

રાજ્ય આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની અભિવૃદ્ધિ માટે પ્રયત્ન કરશે.

## ભાગ ૫ : – સંઘ

**અનુચ્છેદ : – ૫૨ ભારતના રાષ્ટ્રપતિ**

ભારતના એક રાષ્ટ્રપતિ રહેશે.

**અનુચ્છેદ : – ૫૩ સંઘની કારોબારી સત્તા**

સંઘની કારોબારી સત્તા રાષ્ટ્રપતિમાં નિહિત થશે અને આ સત્તા તેઓ પોતે અથવા પોતાના તાબાના અધિકારીઓ દ્વારા વાપરશે.

**અનુચ્છેદ : – ૫૪ રાષ્ટ્રપતિની ચૂંટણી**

રાષ્ટ્રપતિની ચૂંટણી લોકસભા અને રાજ્યસભા તથા રાજ્યોની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો દ્વારા સપ્રમાણ પ્રતિનિધિત્વના આધારે એકલ સંક્રમણીય મત દ્વારા ગુપ્ત મતદાનથી થશે.

**અનુચ્છેદ : – ૫૫ રાષ્ટ્રપતિની ચૂંટણીની પદ્ધતિ**

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દરેક સભ્યના મતને નહિ, પરંતુ મતના મૂલ્યને ગણતરીમાં લેવામાં આવશે.

દરેક વિધાનસભ્યના મતનુ મૂલ્ય નીચેની રીતે નક્કી કરવામાં આવશે.

$$\frac{\text{રાજ્યની કુલ વસ્તી}}{\text{રાજ્યના વિધાન સભ્યોની કુલ સંખ્યા}} \times \frac{1}{1000} = X$$

X ની શેષ ૫૦૦ થી ઓછી ન હોય તો તેમાં ૧ અંકનો વધારો કરવામાં આવશે.

**દા.ત.**

3.૭૭૦ જો મતમૂલ્ય હોય તો ૪ મતમૂલ્ય ગણાશે.

દરેક સંસદસભ્યના મતનું મૂલ્ય નીચેની રીતે નક્કી થશે.

$$\frac{\text{તમામ રાજ્યોની વિધાનસભાઓના મતના મૂલ્યનો સરવાળો}}{\text{રાજ્યસભા અને લોકસભાના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા}} \times \frac{1}{1000} = X$$

Astha Academy Mo.8980961441

જો અપૂર્ણાંક ½ કરતાં મોટો હોય, તો તે સંસદ સભ્યના મતના મૂલ્યમાં ૧ અંકનો વધારો કરવામાં આવશે અને જો અપૂર્ણાંક ½ કરતાં નાનો હોય, તો તે ગણતરીમાં લેવાશે નહી.

દા.ત.

3 ⅔ હોય તો 3+1 = 4 મતમૂલ્ય

3 ⅓ હોય તો 3 મતમૂલ્ય

**અનુચ્છેદ : – ૫૬ રાષ્ટ્રપતિના હોદ્દાની મુદત**

રાષ્ટ્રપતિ શપથ કે પ્રતિજ્ઞા ધારણ કરે તે તારીખથી ૫ વર્ષ સુધી હોદ્દા પર ચાલુ રહેશે. પરંતુ તેમના ઉતરાધિકારી હોદ્દો ધારણ ન કરે ત્યાં સુધી તેમની મુદત પૂર્ણ થયેલ હોવા છતાં, તેઓ હોદ્દા પર ચાલુ રહેશ.

**અનુચ્છેદ : – ૫૭ ફરી ચૂંટાવાની પાત્રતા**

રાષ્ટ્રપતિ અનુચ્છેદ ૫૮ની જોગવાઈઓને અધીન રહીને ગમે તેટલીવાર તે હોદ્દા પર ચૂંટાઈ શકશે.

**અનુચ્છેદ : – ૫૮ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા માટેની લાયકાત**

- ભારતના નાગરિક હોવા જોઈએ.
- ઉંમર ૩૫ વર્ષ હોવી જોઈએ.
- લોકસભાના સભ્ય તરીકે ચૂંટાવાની લાયકાત હોવી જોઈએ.
- લાભનો હોદ્દો ધરાવતા હોવા જોઈએ નહી.

**અનુચ્છેદ : – ૫૯ રાષ્ટ્રપતિના હોદ્દાની શરતો**

બેમાંથી કોઈ પણ ગૃહના સભ્ય અથવા કોઈ રાજ્યના વિધાનમંડળના સભ્ય રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાય તો તેઓ હોદ્દો ધારણ કરે તે પહેલાં ગૃહનુ પોતાનુ સભ્યપદ રાજીનામુ આપીને ખાલી કરવાનુ રહેશે અને જો તેમણે રાજીનામુ આપ્યુ ન હોય, તો તેઓ હોદ્દો ધારણ કરે તે તારીખથી ગૃહની તેમની બેઠક ખાલી માનવામાં આવશે.

રાષ્ટ્રપતિ ભાડુ આપ્યા વગર હોદ્દાકીય નિવાસનો ઉપયોગ કરી શકશે.

**અનુચ્છેદ : – ૬૦ શપથ અથવા પ્રતિજ્ઞા**

**અનુચ્છેદ : – ૬૧ રાષ્ટ્રપતિ પર મહાભિયોગ**

રાષ્ટ્રપતિ પર આરોપ મૂકવા માટે ગૃહના ¼ સભ્યોએ આવો ઠરાવ દાખલ કરતાં પહેલાં ૧૪ દિવસની લેખિત નોટિસ રાષ્ટ્રપતિ કે તેમના કાર્યાલયને આપવાની રહેશે.

જે ગૃહમાં આવો ઠરાવ રજૂ કરવામાં આવે છે તે ગૃહના કુલ સભ્યસંખ્યાના ⅔ સભ્યોએ તેને સંમતિ આપી હોય, તો જ રાષ્ટ્રપતિ પર આરોપ મૂકી શકાશે.

જ્યારે એક ગૃહ આરોપ મૂકશે; ત્યારે બીજુ ગૃહ તેની તપાસ કરશે અને આવી તપાસમાં રાષ્ટ્રપતિને હાજર રહેવાનો અને પોતાના વતી રજૂઆત કરાવવાનો અધિકાર રહેશે.

જ્યારે બીજુ ગૃહ પણ આવો ઠરાવ કુલ સભ્ય સંખ્યાની ⅔ બહુમતીથી પસાર કરશે; ત્યારે તે તારીખે તેઓ પોતાના પદ પરથી દૂર થયેલા ગણાશે.

**અનુચ્છેદ : – ૬૨ રાષ્ટ્રપતિનો હોદ્દો ખાલી પડે તો તે ભરવા માટે ચૂંટણી કરવાનો સમય અને પ્રસંગોપાત ખાલી પડતી જગા ભરવા ચૂંટાયેલી વ્યક્તિના હોદ્દાની મુદત**

જ્યારે રાષ્ટ્રપતિનું પદ ખાલી પડે ત્યારે શક્ય તેટલી ઝડપથી ચૂંટણી કરવાની રહેશે. પરંતુ કોઈ પણ સંજોગોમાં આવી ચૂંટણી ૬ માસ કરતાં મોડી થવી જોઈએ નહી.

આવી ચૂંટણીથી નિમાયેલ વ્યક્તિ રાષ્ટ્રપતિ તરીકે હોદ્દો ધારણ કરે તે તારીખથી ૫ વર્ષ સુધી પોતાના પદ પર ચાલુ રહેશે.

**અનુચ્છેદ : – ૬૩ ભારતના ઉપરાષ્ટ્રપતિ**

ભારતના એક ઉપરાષ્ટ્રપતિ રહેશે.

**અનુચ્છેદ : – ૬૪ ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ રહેશે**

ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ રહેશે અને તેમને રાજ્યસભાના સભાપતિ તરીકેનાં પગાર અને ભથ્થાં મળશે.

**અનુચ્છેદ : – ૬૫ રાષ્ટ્રપતિનો હોદ્દો પ્રસંગોપાત ખાલી રહે તે દરમિયાન અથવા તેમની ગેરહાજરી દરમિયાન ઉપરાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરશે અથવા તેમનાં કાર્યો બજાવશે**

જ્યારે રાષ્ટ્રપતિનું પદ ખાલી પડે અથવા તેઓ પોતાની ફરજો બજાવી શકે તેમ ન હોય, ત્યારે ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિની ફરજો બજાવશે અને આ સમય દરમિયાન તેમને રાજ્યસભાના સભાપતિનાં પગાર અને ભથ્થાં મળશે નહી.

**સમજૂતી :**

Astha Academy Mo.8980961441

ઉપરના અનુચ્છેદ મુજબ રાષ્ટ્રપતિની ફરજો ઉપરાષ્ટ્રપતિ ત્યારે જ બજાવશે જ્યારે તેઓ તેમની ફરજો બજાવવા માટે સક્ષમ ન હોય. પરંતુ અહીં એક પ્રશ્ન એ ઉપસ્થિત એ થાય છે કે રાષ્ટ્રપતિ પોતાની ફરજો બજાવી શકે તેમ નથી એ બાબત નક્કી કોણ કરી શકે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન એવા પ્રથમ ઉપરાષ્ટ્રપતિ હતા, જેમણે રાષ્ટ્રપતિની ફરજો આ અનુચ્છેદની જોગવાઈ અનુસાર નિભાવી હોય. જૂન, ૧૯૬૦માં જ્યારે ડૉ. રાજેન્દ્રપ્રસાદ રશિયાના પ્રવાસે ગયા હતા; ત્યારે સૌપ્રથમ ડૉ. રાધાકૃષ્ણનને રાષ્ટ્રપતિનાં કાર્યો અને ફરજો વહન કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

બીજો આવો પ્રસંગ ત્યારે બન્યો જ્યારે મે, ૧૯૬૧માં ડૉ. રાજેન્દ્રપ્રસાદ ગંભીર બિમારીમાં સપડાયા અને પોતાનાં કાર્યો કરવા માટે અસક્ષમ બન્યા. કેટલાક દિવસોની બિમારી બાદ ડૉ. રાજેન્દ્રપ્રસાદે પોતે જ સલાહ આપી કે જ્યાં સુધી તેઓ સંપૂર્ણ સ્વસ્થ ન થઈ જાય, ત્યાં સુધી ઉપરાષ્ટ્રપતિ એમનાં કાર્યો અને ફરજોનું વહન કરે. આમ, એ નક્કી કરવાની સત્તા રાષ્ટ્રપતિમાં જ નિહિત છે કે પોતે પોતાનાં કાર્યો કરવા માટે ક્યારે સક્ષમ નથી અને ક્યારે પોતાનાં કાર્યો અને ફરજો તથા સત્તા પુન:ગ્રહણ કરશે.

ભારતના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંનેનાં મૃત્યુ, રાજીનામાં કે પદ પરથી દૂર કરવામાં આવે તેવા સંજોગોમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમની ગેરહાજરીમાં સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિ આ પદ સંભાળશે. 1969માં રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસૈનના મૃત્યુ પછી ઉપરાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગિરિએ રાજીનામું આપી દેતાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી હિદાયતુલ્લાએ ૨૦ જુલાઈ, ૧૯૬૯થી રાષ્ટ્રપતિ તરીકે જવાબદારી સંભાળી હતી.

**અનુચ્છેદ : – ૬૬ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી**

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી બંને ગૃહોના બનેલા મતદાર મંડળના સભ્યો દ્વારા કરવામાં આવશે.

ઉપરાષ્ટ્રપતિની લાયકાત :-

૧. ભારતના નાગરિક હોવા જોઈએ.
૨. ૩૫ વર્ષની ઉંમર ધરાવતા હોવા જોઈએ.
૩. રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.

**અનુચ્છેદ : – ૬૭ ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની મુદત**

ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની મુદત તેઓ હોદ્દો ધારણ કરે તે તારીખથી ૫ વર્ષની રહેશે. પરંતુ તેમના ઉત્તરાધિકારી (નવા ઉપરાષ્ટ્રપતિ) હોદ્દો ધારણ ન કરે, ત્યાં સુધી તેઓ પોતાના હોદ્દા પર ચાલુ રહી શકશે.

તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને પોતાના હોદ્દાનુ રાજીનામુ આપી શકશે.

રાજ્યસભાના સભ્યોએ સામાન્ય બહુમતીથી પસાર કરેલ અને લોકસભાએ સંમતિ આપેલ હોય તેવા ઠરાવ દ્વારા તેમને પદ પરથી દૂર કરી શકાશે.

**અનુચ્છેદ : – ૬૮ ઉપરાષ્ટ્રપતિ પદની ખાલી જગ્યા ભરવા માટે ચૂંટણી કરવાનો સમયગાળો તથા પ્રસંગોપાત ખાલી પડેલી જગ્યાને ભરવા માટે ચૂંટાયેલી વ્યક્તિની મુદત**

ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણી કરવી જોઈએ અને તેમનું પદ ખાલી પડે તો બનતી ત્વરાએ ચૂંટણી કરવી જોઈએ.

**અનુચ્છેદ : – ૬૯ ઉપરાષ્ટ્રપતિએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા**

**અનુચ્છેદ : – ૭૦ આકસ્મિક પ્રસંગે રાષ્ટ્રપતિનાં કાર્યો બજાવવા બાબત**

આ પ્રકરણમાં જેને માટે જોગવાઈ કરવામાં આવેલી ન હોય તેવા આકસ્મિક સંજોગોમાં રાષ્ટ્રપતિની ફરજો બજાવવા માટે સંસદ કાયદાથી પોતાને યોગ્ય લાગે તેવી જોગવાઈ કરશે.

**અનુચ્છેદ : – ૭૧ રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીના વિવાદો**

રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીના વિવાદનો નિર્ણય સર્વોચ્ચ અદાલત કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

**અનુચ્છેદ : – ૭૨ માફી વગેરે આપવાની તથા અમૂક દાખલાઓમાં સજા મુલતવી રાખવાની, તેમાંથી મુક્તિ આપવાની અથવા તે ઘટાડવાની રાષ્ટ્રપતિની સત્તા**

રાષ્ટ્રપતિ મૃત્યુની સજા સહિત તમામ સજાઓ માફ કરી શકે, ઘટાડી શકે, તેનો અમલ મોકૂફ રાખી શકે અથવા તેમાંથી મુક્તિ આપી શકે.

**અનુચ્છેદ : – ૭૩ કારોબારી સત્તામાં વૃદ્ધિ**

જે બાબતમાં સંસદ કાયદો ઘડી શકે તે બાબત સુધી સંઘની કારોબારી સત્તા વિસ્તરશે અને કોઈ આંતરરાષ્ટ્રીય કરાર કે સંધિના આધારે મળેલી હોય તેવી સત્તા સંઘ ભોગવી શકશે.

**અનુચ્છેદ : – ૭૪ રાષ્ટ્રપતિની મદદ અને સલાહ માટે મંત્રીમંડળ**

Astha Academy Mo.8980961441

રાષ્ટ્રપતિને સલાહ આપવા અને સહાય કરવા માટે પ્રધાનમંત્રી જેના વડા હોય, તેવુ એક મંત્રીમંડળ રહેશે અને રાષ્ટ્રપતિ આવા મંત્રીમંડળની સલાહ અનુસાર પોતાનાં કાર્યો કરશે.

પરંતુ રાષ્ટ્રપતિ એવી સલાહની ફેરવિચારણા માટે મંત્રીમંડળને કહી શકશે અને એવી ફેરવિચારણા પછી અપાયેલી સલાહ પ્રમાણે રાષ્ટ્રપતિ કાર્ય કરશે.

મંત્રીઓએ રાષ્ટ્રપતિને કોઈ સલાહ આપી હતી કે કેમ અને આપી હતી તો શું સલાહ આપી હતી, તેની કોઈ ન્યાયાલય દ્વારા તપાસ થઈ શકશે નહી.

**સમજૂતી :**

ઉપરોક્ત અનુચ્છેદ મુજબ રાષ્ટ્રપતિને સલાહ આપવા અને સહાય માટે મંત્રીમંડળ રહેશે અને રાષ્ટ્રપતિ પોતાનાં કાર્યો મંત્રીમંડળની સલાહ મુજબ કરશે તેનો અર્થ એવો થાય છે કે રાષ્ટ્રપતિ આવા મંત્રીમંડળની સલાહથી વિરુદ્ધ કોઈ કાર્ય કરી શકે નહીં. જો કે પોતાના વિવેકાધીન કાર્યો માટે રાષ્ટ્રપતિ સ્વતંત્ર રીતે કાર્યો કરી શકે છે.

આથી જો પ્રધાનમંત્રી કોઈ મંત્રીની નિમણૂક માટેની યાદી આપે છે અને એ યાદીમાં ન હોય એવા કોઈ મંત્રીની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવે છે, તો તેને બંધારણનો ભંગ માનાવામાં આવશે અને તે માટે રાષ્ટ્રપતિ પર મહાભિયોગ પણ ચલાવી શકાય છે.

બંધારણમાં ૪૨મા સંશોધન, ૧૯૭૬ દ્વારા ઈન્દીરા ગાંધીની સરકારે રાષ્ટ્રપતિ માટે મંત્રીમંડળની સલાહ અનુસાર વર્તવાનું ફરજિયાત કરવામાં આવ્યું અને મૂળ અનુચ્છેદને બદલે આ અનુચ્છેદ મુજબની જોગવાઈ દાખલ કરવામાં આવી. ત્યારબાદ આવેલી મોરારજી દેસાઈની જનતા સરકારે તે અનુચ્છેદને તે મુજબ રહેવા દઈને તે પછી એક ભાગ જોડી દીધો. તે મુજબ મંત્રીમંડળને રાષ્ટ્રપતિ તેણે આપેલી સલાહની એકવાર પુનર્વિચારણા માટે જણાવી શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી. પરંતુ ત્યારબાદ અપાયેલી સલાહ મુજબ કાર્ય કરવું રાષ્ટ્રપતિ માટે ફરજિયાત છે.

**અનુચ્છેદ : – ૭૫ મંત્રીમંડળ સંબંધિત અન્ય જોગવાઈઓ**

રાષ્ટ્રપતિ પ્રધાનમંત્રીને નીમશે અને તેમની સલાહથી અન્ય મંત્રીઓને નીમશે.

મંત્રીમંડળ લોકસભાની સભ્ય સંખ્યાના 15% કરતાં વધુ હોવું જોઈએ નહી.

મંત્રીઓ રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ભોગવી શકશે.

કોઈ ગૃહના સભ્ય ન હોય એવા મંત્રી ૬ માસની મુદત પૂરી થતાં મંત્રી તરીકે ચાલુ રહી શકશે નહી.

**અનુચ્છેદ : – ૭૬ એટર્ની જનરલ**

રાષ્ટ્રપતિ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમાવાને લાયક હોય તેવી વ્યક્તિની એટર્ની જનરલ તરીકે નિમણૂક કરશે.

એટર્ની જનરલ રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ભોગવશે અને રાષ્ટ્રપતિ નક્કી કરે તે પગાર તેમને મળશે.

એટર્ની જનરલે કાયદાકીય બાબતમાં ભારત સરકારને સલાહ આપવાની રહેશે અને તે ઉપરાંત રાષ્ટ્રપતિ સોંપે તેવી કાયદાકીય સ્વરૂપની બીજી ફરજો બજાવવાની રહેશે.

એટર્ની જનરલને ભારતના રાજ્યક્ષેત્રની તમામ અદાલતોમાં સુનવણીનો અધિકાર રહેશે.

**અનુચ્છેદ : – ૭૭ ભારત સરકારના કામકાજનું સંચાલન**

ભારત સરકારનાં તમામ કામકાજ રાષ્ટ્રપતિના નામે થશે.

**અનુચ્છેદ : – ૭૮ રાષ્ટ્રપતિને માહિતી પૂરી પાડવા સંબંધમાં પ્રધાનમંત્રીની ફરજો**

ભારત સરકારના કામકાજ અને વહીવટ અંગે લેવાયેલ તમામ નિર્ણયોની પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિને જાણ કરવાની રહેશે.

ભારત સરકારના કામકાજ અને વહીવટ અંગે રાષ્ટ્રપતિ માંગે તેવી અન્ય માહિતી પ્રધાનમંત્રીએ પૂરી પાડવાની રહેશે.

કોઈ બાબત અંગે કોઈ મંત્રીએ નિર્ણય લીધો હોય અને મંત્રીમંડળે તેની વિચારણા કરેલી ન હોય, ત્યારે રાષ્ટ્રપતિ ફરમાવે તો તેવી બાબત મંત્રીમંડળની વિચારણા માટે મૂકવાની રહેશે.

**અનુચ્છેદ : – ૭૯ સંસદની રચના**

સંસદ રાષ્ટ્રપતિ અને રાજ્યસભા તથા લોકસભા તરીકે ઓળખાતાં બે ગૃહોની બનશે.

**અનુચ્છેદ : – ૮૦ :– રાજ્યસભાની રચના**

રાજ્યસભા ચૂંટાયેલ ૨૩૮ સભ્યો અને રાષ્ટ્રપતિ નિયુક્ત કરે તેવા ૧૨ સભ્યોની બનશે.

રાજ્યોના પ્રતિનિધિઓને રાજ્યોની વિધાનસભાઓ દ્વારા ચૂંટવામાં આવશે, જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશોના

Astha Academy Mo.8980961441

પ્રતિનિધિઓને સંસદ નક્કી કરે તે રીતે પસંદ કરવામાં આવશે.

રાષ્ટ્રપતિ કલા, સાહિત્ય, વિજ્ઞાન અને સમાજસેવા ક્ષેત્રે વિશિષ્ટ જ્ઞાન કે પ્રત્યક્ષ અનુભવ ધરાવતા હોય તેવા ૧૨ વ્યક્તિઓને રાજ્યસભામાં નીમશે.

**અનુચ્છેદ : – ૮૧ લોકસભાની રચના**

અનુચ્છેદ ૩૩૧ની જોગવાઈઓને અધિન રહીને લોકસભા સીધી ચૂંટણીથી ચૂંટાયેલા ૫૩૦ સભ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૦ પ્રતિનિધિઓની બનશે.

**અનુચ્છેદ : – ૮૨ પ્રત્યેક વસ્તીગણતરી બાદ પુનર્વ્યવસ્થા**

દરેક વસ્તી ગણતરી બાદ બંન્ને ગૃહોની બેઠકોની ફેરગોઠવણી કરવામાં આવશે.

સંસદના ગૃહોની બેઠકોની સંખ્યા, જ્યાં સુધી ૨૦૨૬ પછીની પ્રથમ વસ્તી ગણતરીના આંકડા પ્રસિદ્ધ ન થાય, ત્યાં સુધી ૧૯૭૧ આધારે નક્કી કરવામાં આવશે.

**અનુચ્છેદ : – ૮૩ સંસદના ગૃહોની મુદત**

રાજ્યસભાનું વિસર્જન થશે નહી. લોકસભાની મુદત તેની પ્રથમ બેઠકથી પાંચ વર્ષની રહેશે.

રાજ્યસભાના ⅓ સભ્યો દર બીજા વર્ષને અંતે નિવૃત્ત થશે.

**અનુચ્છેદ : – ૮૪ સંસદના સભ્યપદ માટેની લાયકાતો**

- ભારતનો નાગરિક હોવો જોઈએ.
- લોકસભા માટે ઉંમર ૨૫ વર્ષ અને રાજ્યસભા માટે ઉંમર ૩૦ વર્ષ હોવી જોઈએ.
- નાદાર ના હોવો જોઈએ.
- અસ્થિર મગજનો ના હોવો જોઈએ.
- વિદેશી રાજ્યની નાગરિકતા સ્વીકારી ન હોય અથવા વિદેશી રાજ્ય પ્રત્યે વફાદારી કે નિષ્ઠા બતાવી ન હોય.

**અનુચ્છેદ : – ૮૫ સંસદનું સત્ર, સત્ર સમાપ્તિ અને વિસર્જન**

રાષ્ટ્રપતિ પોતાને યોગ્ય લાગે તે સમયે અને સ્થળે સંસદના બંન્ને ગૃહોની બેઠક બોલાવશે અને બંન્ને ગૃહોની સત્ર સમાપ્તિ કરી શકશે. પરંતુ તેની પ્રથમ બેઠકની છેલ્લી તારીખ અને બીજી બેઠકની પહેલી તારીખ વચ્ચે ૬ માસ કરતાં વધુ સમયગાળો હોવો જોઈએ નહી.

રાષ્ટ્રપતિ લોકસભાનું વિસર્જન કરી શકશે.

**અનુચ્છેદ : – ૮૬ ગૃહોને સંબોધવાનો તથા સંદેશો મોકલવાનો રાષ્ટ્રપતિનો હક**

રાષ્ટ્રપતિ બંન્ને ગૃહોને સંદેશો મોકલી શકશે અને સંબોધન કરી શકશે.

**અનુચ્છેદ : – ૮૭ રાષ્ટ્રપતિનું ખાસ સંબોધન**

રાષ્ટ્રપતિ દરેક ચૂંટણી પછીની પ્રથમ બેઠકને અને દરેક વર્ષની પ્રથમ બેઠકને સંબોધન કરશે અને ગૃહોને બોલાવવાનો પોતાનો ઈરાદો જણાવશે.

**અનુચ્છેદ : – ૮૮ ગૃહો અંગે મંત્રીઓ તથા એટર્ની જનરલના અધિકાર**

દરકે મંત્રી અને એટર્ની જનરલને સંસદના કોઈ પણ ગૃહમાં હાજર રહેવાનો, રજૂઆત કરવાનો અને અન્ય રીતે તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર રહેશે, પરંતુ આ અનુચ્છેદની રૂએ તેઓને મત આપવાનો અધિકાર રહેશે નહી.

**અનુચ્છેદ : ૮૯ રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિ**

(૧) ભારતના ઉપ-રાષ્ટ્રપતિ, હોદ્દાની રૂ એ, રાજ્યસભાના સભાપતિ રહેશે.

(૨) રાજ્યસભા, બનતી ત્વરાએ, પોતાના એક સભ્યને ઉપ-સભાપતિ તરીકે પસંદ કરશે અને ઉપ-સભાપતિનો હોદ્દો ખાલી પડે ત્યારે બીજા સભ્યને ઉપ-સભાપતિ તરીકે પસંદ કરશે.

**અનુચ્છેદ : ૯૦ ઉપસભાપતિના પદની ખાલી જગ્યા, રાજીનામુ અથવા રૂખસદ**

રાજ્યસભાના ઉપ-સભાપતિ તરીકે હોદ્દો ધરાવતા સભ્ય -

(ક) રાજ્યસભાના સભ્ય ન રહે તો તેમણે પોતાનો હોદ્દો ખાલી કરવો જોઈશે ;

(ખ) સભાપતિને સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી ગમે ત્યારે પોતાના હોદ્દાનું રાજીનામુ આપી શકશે ; અને

(ગ) રાજ્યસભાના તે વખતના તમામ સભ્યોની બહુમતીએ પસાર કરેલા ઠરાવથી તેમને પોતાના હોદ્દો ઉપરથી દૂર કરી શકાશે. પરંતુ ખંડ (ગ)ના હેતુ માટેનો ઠરાવ, તે રજૂ કરવાના ઈરાદાથી ઓછામાં ઓછી ચૌદ દિવસની નોટિસ અપાઈ હોય, તો જ તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે.

**અનુચ્છેદ : ૯૧ સભાપતિની ફરજો બજાવવાની તથા સભાપતિ તરીકે કાર્ય કરવાની ઉપસભાપતિ અથવા અન્ય વ્યક્તિની સત્તા**

(૧) સભાપતિનો હોદ્દો ખાલી હોય તે દરમિયાન, અથવા ઉપ-રાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરતા હોય અથવા તેમના કાર્યો બજાવતા હોય તેવી કોઈ મુદત દરમિયાન, તે હોદ્દાની ફરજો ઉપ-સભાપતિ બજાવશે અથવા ઉપ-સભાપતિનો હોદ્દો પણ ખાલી હોય તો રાષ્ટ્રપતિ તે હેતુ માટે નીમે તેવા રાજ્યસભાના સભ્ય તે ફરજો બજાવશે.

Astha Academy Mo.8980961441

(૨) રાજયસભાની કોઈ બેઠકમાં સભાપતિની ગેરહાજરી દરમિયાન, ઉપ-સભાપતિ અથવા જો તેઓ પણ ગેરહાજર હોય તો રાજયસભાની કાર્યરીતિના નિયમોથી નક્કી કરવામાં આવે એવી વ્યક્તિ, અથવા એવો કોઈ વ્યક્તિ હાજર ન હોય, તો રાજ્યસભા નક્કી કરે એવી બીજી વ્યક્તિ, સભાપતિ તરીકે કાર્ય કરશે.

**અનુચ્છેદ : ૯૨ જયારે સભાપતિ અથવા ઉપસભાપતિને દૂર કરવાનો ઠરાવ વિચારણા હેઠળ હોય ત્યારે તેઓ ગૃહમાં હાજર રહેવા છતાં અધ્યક્ષસ્થાન લેશે નહીં**

(૧) રાજ્યસભાની કોઈ બેઠકમાં ઉપ-રાષ્ટ્રપતિને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે સભાપતિ પોતે અથવા ઉપ-સભાપતિને તેમના હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે ઉપ-સભાપતિ પોતે હાજર હોય તો પણ અધ્યક્ષ સ્થાન લઈ શકશે નહિ અને અનુચ્છેદ ૯૧ના ખંડ (૨)ની જોગવાઈઓ, યથાપ્રસંગ, સભાપતિ અથવા ઉપ-સભાપતિ જેમાં ગેરહાજર હોય તેવી બેઠકને જેમ લાગુ પડે છે તેમ, આવી દરેક બેઠકને લાગુ પડશે.

(૨) ઉપ-રાષ્ટ્રપતિને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે, ઉપરાષ્ટ્રપતિને રાજયસભામાં બોલવાનો અને અનુચ્છેદ ૧૦૦મમાં ગમે તે મજકૂર હોય તે છતાં, એવા ઠરાવ ઉપર અથવા એવી કાર્યવાહી દરમિયાન બીજી કોઈ બાબત ઉપર મત આપવાનો તેમને કોઈ હક રહશે નહિ.

**અનુચ્છેદ : ૯૩ લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ**

લોકસભા બનતી ત્વરાએ પોતાના બે સભ્યોને, અનુક્રમે, તેના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરશે અને, યથાપ્રસંગ, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષનો હોદ્દો ખાલી પડે ત્યારે ત્યારે ગૃહ કોઈ બીજા સભ્યને અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરશે.

**અનુચ્છેદ : ૯૪ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના હોદ્દાની ખાલી જગ્યા, રાજીનામુ અથવા રૂખસદ**

લોકસભાના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ તરીકે હોદ્દો ધરાવતા સભ્ય

(ક) લોકસભાના સભ્ય ન રહે તો તેમણે પોતાનો હોદ્દો ખાલી કરવો જોઈએ.

(ખ) એવા સભ્ય અધ્યક્ષ હોય તો ઉપાધ્યક્ષને, અને ઉપાધ્યક્ષ હોય તો અધ્યક્ષને સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી ગમે ત્યારે પોતાના હોદ્દાનું રાજીનામુ આપી શકશે; અને

(ગ) લોકસભાના તે વખતના તમામ સભ્યોની બહુમતીએ પસાર કરેલા ઠરાવથી તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે :

પરંતુ ખંડ (ગ)ના હેતુ માટેનો ઠરાવ, તે રજૂ કરવાના ઈરાદાની ઓછામાં ઓછી ચૌદ દિવસની નોટિસ અપાઈ ન હોય, તો રજૂ કરી શકાશે નહિ :

વધુમાં, લોકસભાનું વિસર્જન થાય ત્યારે ઉપાધ્યક્ષ તે હોદ્દાની ફરજો બજાવશે અને ઉપાધ્યક્ષનો હોદ્દો પણ ખાલી હોય તો રાષ્ટ્રપતિ તે હેતુ માટે નીમે તેવા લોકસભાના સભ્ય તે ફરજો બજાવશે.

**અનુચ્છેદ : ૯૫ અધ્યક્ષના હોદ્દાની ફરજો બજાવવાની તથા અધ્યક્ષ તરીકે કાર્ય કરવાની ઉપાધ્યક્ષ અથવા અન્ય વ્યક્તિની સત્તા**

(૧) અધ્યક્ષનો હોદ્દો ખાલી હોય ત્યારે ઉપાધ્યક્ષ તે હોદ્દાની ફરજો બજાવશે અને ઉપાધ્યક્ષનો હોદ્દો પણ ખાલી હોય તો રાષ્ટ્રપતિ તે હેતુ માટે નીમે તેવા લોકસભાના સભ્ય તે ફરજો બજાવશે.

(૨) લોકસભાની કોઈ બેઠકમાં અધ્યક્ષની ગેરહાજરી દરમિયાન ઉપાધ્યક્ષ અથવા તેઓ પણ જો ગેરહાજર હોય તે ગૃહની કાર્યરીતિના નિયમોથી નક્કી કરવામાં આવે તે વ્યક્તિ, અથવા તે વ્યક્તિ હાજર ન હોય તો ગૃહ નક્કી કરે એવી બીજી વ્યક્તિ અધ્યક્ષ તરીકે કાર્ય કરશે.

**અનુચ્છેદ : ૯૬ જયારે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષને દૂર કરવાના ઠરાવ પર વિચારણા ચાલતી હોય ત્યારે તેઓ ગૃહમાં હાજર રહેવા છતાં અધ્યક્ષ સ્થાન લેશે નહીં**

(૧) લોકસભાની કોઈ બેઠકમાં અધ્યક્ષને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે અધ્યક્ષ પોતે અથવા ઉપાધ્યક્ષને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના ઠરાવ પર વિચારણા ચાલતી હોય, ત્યારે ઉપાધ્યક્ષ પોતે હાજર ધોય તો પણ, અધ્યક્ષસ્થાન લઈ શકાશ નહિ અને અનુચ્છેદ ૯૫ના ખંડ (૨)ની જોગવાઈઓ, યથાપ્રસંગ, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ ગેરહાજર હોય તેવી બેઠકને જેમ લાગે પડે છે તેમ આવી દરેક બેઠકને લાગુ પડશે.

(૨) લોકસભામાં અધ્યક્ષને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે તેમને ગૃહમાં બોલવાનો અને બીજી રીતે તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો હક રહેશે, અને અનુચ્છેદ ૧૦૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, એવા ઠરાવ ઉપર અથવા તેની કાર્યવાહી દરમિયાન બીજી કોઈ બાબત ઉપર તેમને ફક્ત પહેલી વાર મત આપવાનો હક રહેશે., પણ મતો સરખા પડે ત્યારે તેવો હક રહેશે નહિ.

Astha Academy Mo.8980961441

**અનુચ્છેદ : ૯૭ રાજયસભાના સભાપતિ અને ઉપસભાપતિ તથા લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના વેતન ભથ્થાં**

રાજયસભા સભાપતિ અને ઉપ-સભાપતિને તથા લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને સંસદ, કાયદાથી નક્કી કરે તે પ્રમાણે અને તે અર્થે એવી જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી,બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ પગાર અને ભથ્થાં આપવામાં આવશે.

**અનુચ્છેદ : ૯૮ સંસદનું સચિવાલય**

(૧) સંસદના દરેક ગૃહને જુદો દફતરી સ્ટાફ રહેશે.

પરંતુ સંસદનાં બન્ને ગૃહોની સહિયારી જગાઓ ઊભી કરવામાં આ ખંડના કોઈ મજકૂરથી બાધ આવે છે એમ સમજવું નહિ.

(૨) સંસદનાં બેમાંથી કોઈ પણ ગૃહની દફતરી સ્ટાફની ભરતીનું અને તે ઉપર નીમાયેલી વ્યક્તિઓની નોકરીની શરતોનું નિયમન સંસદ કાયદાથી કરી શકશે.

(૩) સંસદ ખંડ(૨) હેઠળ જોગવાઈ ના કરે ત્યાં સુધી, રાષ્ટ્રપતિ, યથાપ્રસંગ, લોકસભાના અધ્યક્ષ અથવા રાજ્યસભાના સભાપતિ સાથે વિચાર વિનિયમય કર્યા પછી, લોકસભા અથવા રાજ્યસભાના દફતરી સ્ટાફની ભરતી માટે અને તે ઉપર નીમાયેલી વ્યક્તિઓની નોકરીની શરતોના નિયમન માટે નિયમો કરી શકશે અને એ રીતે કરેલા નિયમો સદરહુ ખંડ હેઠળ ઘડેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને અમલી બનશે.

## કામકાજનું સંચાલય

**અનુચ્છેદ :– ૯૯ ગૃહના સભ્યોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા**

સંસદના બેમાંથી કોઈ પણ ગૃહના દરેક સભ્યે, પોતાની બેઠક સંભાળતાં પહેલાં, રાષ્ટ્રપતિ અથવા તેમણે એ અર્થે નીમેલી કોઈ વ્યક્તિ સમક્ષ ત્રીજી અનુસૂચિમાં તે હેતુ માટે આપેલા નમૂના પ્રમાણે શપથ અથવા પ્રતિજ્ઞા લેવી જોઈશે અને પ્રતિજ્ઞાપત્ર ઉપર પોતાની સહી કરવી જોઈશે.

**અનુચ્છેદ :– ૧૦૦ ગૃહોમાં મતદાન અને ખાલી જગા હોવા છતાં પણ ગૃહોની કાર્ય કરવાની સત્તા અને કોરમ**

(૧) આ સંવિધાનમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય બેમાંથી કોઈ ગૃહની કોઈ બેઠકમાં અથવા બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં તમામ પ્રશ્નોનો નિર્ણય, અધ્યક્ષ અથવા સભાપતિ કે અધ્યક્ષ તરીકે કાર્ય કરનાર વ્યક્તિ સિવાયના તેમાં હાજર રહી મત આપનારા સભ્યોની બહુમતીથી થશે.

સભાપતિ કે અધ્યક્ષ અથવા સભાપતિ કે અધ્યક્ષ તરીકે કાર્ય કરનાર વ્યક્તિ પહેલાં તો મત આપી શકશે નહી, પણ મતો સરખા પડે ત્યારે તેમને નિર્ણાયક મત રહેશે, જે તેમણે આપવો જોઈએ.

(૨) ગૃહમાં કોઈ સભ્યપદ ખાલી પડે તેમ છતાં, સંસદના બેમાંથી કોઈ પણ ગૃહને કાર્ય કરવાની સત્તા રહેશે અને સંસદની કોઈ પણ કાર્યવાહી દરમિયાન બેસવાનો કે મત આપવાનો કે બીજી રીતે કાર્યવાહીમાં ભાગ લેવાનો હક ન ધરાવતી કોઈ વ્યક્તિએ તેમ કર્યાનું પાછળથી માલૂમ પડે તેમ છતાં, તે કાર્યવાહી કાયદેસર ગણાશે.

(૩) સંસદ કાયદાથી અન્યથા જોગવાઈ ન કરે ત્યાં સુધી, સંસદના બેમાંથી કોઈ પણ ગૃહની બેઠક માટેનું કોરમ ગૃહના સભ્યોની કુલ સંખ્યાના એક દશાંશથી થશે.

(૪) કોઈ ગૃહની બેઠક દરમિયાન કોઈ સમયે કોરમ ન થાય તો ગૃહ મોકૂફ રાખવાની અથવા કોરમ ન થાય ત્યાં સુધી તેની બેઠક મુલતવી રાખવાની સભાપતિ અથવા અધ્યક્ષ અથવા તે હેસિયતથી કાર્ય કરનાર વ્યક્તિની ફરજ રહેશે.

## સભ્યોની ગેરલાયકાતો

**અનુચ્છેદ :– ૧૦૧ બેઠક ખાલી કરવા અંગે**

(૧) કોઈ વ્યક્તિ સંસદના બન્ને ગૃહોની સભ્ય થઈ શકશે નહી અને બન્ને ગૃહોના સભ્ય તરીકે પસંદ થયેલી વ્યક્તિ એક અથવા બીજા ગૃહમાંની તેની બેઠક ખાલી કરે એ માટે સંસદે કાયદાથી જોગવાઈ કરવી જોઈએ.

(૨) કોઈ વ્યક્તિ સંસદની અને કોઈ રાજ્યના વિધાનમંડળના કોઈ ગૃહની એમ બન્નેની સભ્ય થઈ શકશે નહી અને કોઈ વ્યક્તિ, સંસદની અને કોઈ રાજ્યના વિધાનમંડળના કોઈ ગૃહની એમ બન્નેની સભ્ય તરીકે પસંદ થાય, તો તેણે રાજ્યના વિધાનમંડળમાંની પોતાની બેઠકનું અગાઉથી રાજીનામુ આપ્યું ન હોય તો રાષ્ટ્રપતિએ કરેલા નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી મુદત પૂરી થયે તેની સંસદમાંની બેઠક ખાલી પડશે.

(૩) સંસદના બેમાંથી કોઈ પણ ગૃહના સભ્ય –

(ક) અનુચ્છેદ ૧૦૨ના ખંડ (૧) અથવા ખંડ (૨)માં જણાવ્યા પ્રમાણે ગેરલાયક બને અથવા

(ખ) યથાપ્રસંગ સભાપતિ અથવા અધ્યક્ષને સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી પોતાની બેઠકનું રાજીનામુ આપે અને યથાપ્રસંગ, સભાપતિ અથવા અધ્યક્ષ તે સ્વીકારે, તો તેમ થયે તેની બેઠક ખાલી પડશે.

પરંતુ પેટા-ખંડ (ખ)માં ઉલ્લેખેલા કોઈ રાજીનામાના દાખલામાં મળેલી માહિતી ઉપરથી અથવા બીજી રીતે અને

Astha Academy Mo. 8980961441

પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, યથાપ્રસંગ, સભાપતિ અથવા અધ્યક્ષને ખાતરી થાય કે એવુ રાજીનામુ સ્વૈચ્છિક અથવા વાસ્તવિક નથી, તો તેઓ એ રાજીનામુ સ્વીકારી શકશે નહી.

(૪) સંસદના બેમાંથી કોઈ ગૃહની પરવાનગી વિના કોઈ સભ્ય તેની તમામ બેઠકોમાં થઈને સાઠ દિવસની મુદત સુધી ગેરહાજર રહે તો ગૃહ તેની બેઠક ખાલી પડી હોવાનું જાહેર કરી શકશે.

પરંતુ સદરહુ સાઠ દિવસની મુદતની ગણતરી કરતી વખતે, જે મુદત દરમિયાન ગૃહનું સત્ર સમાપ્ત થયેલું હોય તે મુદત અથવા ચારથી વધુ દિવસ સુધી ગૃહની બેઠક મુલતવી રહી હોય તો તે મુદત ગણવામાં આવશે નહી.

**અનુચ્છેદ :– ૧૦૨ સભ્યપદ માટેની ગેરલાયકાતો**

(૧) કોઈ વ્યક્તિ –

(ક) જે હોદ્દો ધરાવવાથી ગેરલાયક થવાતું નથી એમ સંસદે કાયદાથી જાહેર કર્યું હોય તે સિવાયનો ભારત સરકાર અથવા કોઈ રાજ્યની સરકાર હેઠળ બીજો કોઈ લાભદાયક હોદ્દો ધરાવતી હોય,

(ખ) અસ્થિર મગજની હોય અને સત્તા ધરાવતા ન્યાયાલયે તેને તેવી હોવાનું જાહેર કર્યું હોય,

(ગ) મુક્ત નહી ઠરાવેલી નાદાર હોય,

(ઘ) ભારતની નાગરિક ન હોય અથવા તેણે સ્વેચ્છાએ કોઈ વિદેશી રાજ્યની નાગરિકતા પ્રાપ્ત કરી હોય અથવા કોઈ વિદેશી રાજ્ય પ્રત્યે નિષ્ઠા અથવા વફાદારી સ્વીકારી હોય,

(ચ) સંસદે કરેલા કોઈ કાયદાથી કે તે હેઠળ એ રીતે ગેરલાયક ઠરાવાયેલી હોય,

તો તે, સંસદના બેમાંથી કોઈ ગૃહની સભ્ય તરીકે પસંદ થવા અને રહેવા માટે ગેરલાયક ગણાશે.

**સ્પષ્ટીકરણ :** આ ખંડના હેતુઓ માટે, કોઈ વ્યક્તિ સંઘની અથવા કોઈ રાજ્યમાં મંત્રી છે તેવા કારણ માત્રથી, ભારત સરકાર અથવા તેવા રાજ્યની સરકાર હેઠળ કોઈ લાભદાયક હોદ્દો ધરાવતી હોવાનું ગણાશે નહી.

(૨) કોઈ વ્યક્તિ દસમી અનુસૂચિ હેઠળ એવી રીતે ગેરલાયક બની હોય તો, તે સંસદનાં બેમાંથી કોઈ ગૃહની સભ્ય થવા માટે ગેરલાયક ગણાશે.

**અનુચ્છેદ :– ૧૦૩ સભ્યોની ગેરલાયકાત સંબંધિત પ્રશ્નોનો નિર્ણય**

(૧) સંસદનાં બેમાંથી કોઈ ગૃહનો સભ્ય અનુચ્છેદ ૧૦૨ના ખંડ(૧)માં જણાવેલી ગેરલાયકાતો પૈકી કોઈ પણ ગેરલાયકાતને અધીન બન્યો છે કે કેમ તે સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્ન રાષ્ટ્રપતિને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

(૨) એવા કોઈ પ્રશ્ન અંગે નિર્ણય આપતાં પહેલાં, રાષ્ટ્રપતિ ચૂંટણી કમિશનનો અભિપ્રાય મેળવશે અને એવા અભિપ્રાય પ્રમાણે વર્તશે.

**અનુચ્છેદ :– ૧૦૪ અનુચ્છેદ – ૯૯ હેઠળ શપથ કે પ્રતિજ્ઞા લીધા પહેલાં અથવા લાયક ન હોવા અથવા ગેરલાયક ઠેરવેલ વ્યક્તિને સંસદમાં હાજરી આપવા અને મત આપવા પર દંડ**

કોઈ વ્યક્તિ અનુચ્છેદ ૯૯ની જરૂરિયાતોનું પાલન કર્યા પહેલાં અથવા પોતે સંસદના બેમાંથી કોઈ ગૃહના સભ્યપદ માટે લાયક નથી અથવા ગેરલાયક થઈ છે અથવા સંસદે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓથી પોતાને સભ્ય તરીકે ગૃહમાં બેસવાનો કે મત આપવાનો પ્રતિબંધ છે એમ જાણતી હોવા છતાં, ગૃહમાં બેસે કે મત આપે તો એ રીતે તે દરેક દિવસ માટે પાંચસો રૂપિયાના દંડને પાત્ર થશે અને તે રકમ સંઘના લેણાં તરીકે વસૂલ કરવામાં આવશે.

## સંસદ અને તેના સભ્યોના સત્તા, વિશેષાધિકારો અને મુક્તિઓ

**અનુચ્છેદ :– ૧૦૫ સંસદનાં ગૃહોના તથા તેના સભ્યો અને સમિતિઓની સત્તા, વિશેષાધિકારો વગેરે**

(૧) આ સંવિધાનની જોગવાઈઓ તથા સંસદની કાર્યરીતિના નિયમન માટેના નિયમો અને સ્થાયી હુકમોને અધીન રહીને, સંસદમાં વાણી-સ્વાતંત્ર્ય રહેશે.

(૨) સંસદના કોઈ સભ્યે સંસદમાં અથવા તેની કોઈ સમિતિમાં કંઈ કહ્યું હોય અથવા મત આપ્યો હોય તે સંબંધમાં કોઈ ન્યાયાલયમાં તેના ઉપર કોઈ પણ કાર્યવાહી થઈ શકશે નહી અને સંસદના બેમાંથી કોઈ ગૃહના અધિકારની રૂએ કે તે હેઠળ કોઈ રિપોર્ટ, કાગળ, નિર્ણયો અથવા કાર્યવાહી પ્રકાશિત કરવા અંગે કોઈ વ્યક્તિ સામે એ રીતે કાર્યવાહી થઈ શકશે નહી.

(૩) બીજી બાબતોમાં, સંસદના દરેક ગૃહના અને દરેક ગૃહના સભ્યોના અને સમિતઓનાં સત્તા, વિશેષાધિકારો અને મુક્તિઓ સંસદ કાયદાથી વખતોવખત નક્કી કરે તેવાં રહેશે, અને એવી રીતે નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી, સંવિધાન (ચુંમાળીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૮ની કલમ ૧૫ અમલમાં આવે તેની તરત પહેલાં તે ગૃહનાં અને તેના

Astha Academy Mo.8980961441

સભ્યોના અને તેની સમિતિઓના સત્તા, વિશેષાધિકારો અને મુક્તિઓ હોય તે રહેશે.

(૪) ખંડો (૧), (૨) અને (૩)ની જોગવાઈઓ જેમ સંસદના સભ્યોના સંબંધમાં લાગુ પડે છે તેમ, જે વ્યક્તિઓને સંસદની કોઈ સમિતિમાં આ સંવિધાની રૂએ બોલવાનો અને બીજી રીતે તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો હક હોય તેમના સંબંધમાં લાગુ પડશે.

**અનુચ્છેદ :– ૧૦૬ સભ્યોના પગાર – ભથ્થાં**

સંસદના બેમાંથી કોઈ ગૃહના સભ્યોને સંસદ વખતોવખત કાયદાથી ઠરાવે તેવાં પગાર-ભથ્થાં મેળવવાનો અને એ રીતે જોગવાઈ ન થાય ત્યાં સુધી, આ સંવિધાનના આરંભની તરત પહેલાં હિંદ ડુમિનિયનની સંવિધાન સભાના સભ્યોની બાબતમાં લાગુ પડતા હોય તે દરોએ અને તે શરતોએ પગાર અને ભથ્થાં મેળવવાનો હક રહેશે.

## ધારાકીય કાર્યરીતિ

**અનુચ્છેદ :– ૧૦૭ સંસદમાં ખરડાઓ રજૂ કરવા અને પસાર કરવા અંગેની જોગવાઈ**

(૧) નાણા વિધેયકો અને અન્ય નાણા વિષયક વિધેયકો અંગેના અનુચ્છેદો ૧૦૯ અને ૧૧૭ની જોગવાઈઓને અધીન રહીને સંસદનાં બેમાંથી કોઈ ગૃહમાં કોઈ પણ વિધેયક લાવી શકાશે.

(૨) અનુચ્છેદો ૧૦૮ અને ૧૦૯ની જોગવાઈઓને અધીન રહીને સંસદનાં બંને ગૃહોએ સુધારા વગર અથવા બન્ને ગૃહોએ સંમતિ આપી હોય તેવા જ સુધારા સહિત, કોઈ વિધેયકને સંમતિ આપી ન હોય ત્યાં સુધી, તે સંસદનાં બન્ને ગૃહોએ પસાર કરેલું ગણાશે નહી.

(૩) સંસદમાં વિચારણા હેઠળ હોય તે વિધેયક ગૃહોની સત્ર સમાપ્તિને કારણે રદ થશે નહી.

(૪) રાજ્યસભામાં વિચારણા હેઠળનું લોકસભાએ પસાર કર્યું ન હોય તેવુ વિધેયક લોકસભાનું વિસર્જન થતાં રદ થશે નહી.

(૫) લોકસભામાં વિચારણા હેઠળ હોય અથવા લોકસભાએ પસાર કર્યું હોય અને રાજ્યસભામાં વિચારણા હેઠળ હોય તેવુ વિધેયક, અનુચ્છેદ ૧૦૮ની જોગવાઈઓને અધીન રહીને લોકસભાનું વિસર્જન થતાં રદ થશે.

**અનુચ્છેદ :– ૧૦૮ અમૂક પરિસ્થિતિઓમાં બંને ગૃહોની સંયુક્ત બેઠક**

(૧) એક ગૃહે કોઈ વિધેયક પસાર કરીને બીજા ગૃહને મોકલી આપ્યા પછી –

(ક) બીજું ગૃહ તે વિધેયકને નામંજૂર કરે, અથવા

(ખ) તે વિધેયકમાં કરવાના સુધારા વિશે ગૃહો છેવટે સહમત ન થાય, અથવા

(ગ) તે વિધેયક બીજા ગૃહને મળે તે તારીખથી છ મહિના કરતાં વધુ સમય સુધી તે ગૃહમાં પસાર થયા વિના પડ્યું રહે, તો લોકસભાના વિસર્જનને કારણે તે વિધેયક વિલય પામ્યું ન હોય તો, તેની ઉપર વિચારણા કરવા અને મત આપવાના હેતુ માટે રાષ્ટ્રપતિ બન્ને ગૃહોની સંયુક્ત બેઠક ભરવા ગૃહોને બોલાવવાનો પોતાનો ઈરાદો ગૃહોની બેઠક ચાલુ હોય તો સંદેશાથી અને ચાલુ ન હોય તો રાજપત્રિત જાહેરનામાથી ગૃહોને જણાવી શકશે.

પરંતુ આ ખંડમાંનો કોઈ પણ મજકૂર કોઈ નાણા વિધેયકને લાગુ પડશે નહી.

(૨) ખંડ (૧)માં ઉલ્લેખેલા છ મહિનાની મુદતની ગણતરી કરતી વખતે, જે મુદત દરમિયાન તે ખંડના પેટાખંડ(ગ)માં ઉલ્લેખેલા ગૃહનું સત્ર સમાપ્ત થયેલું હોય તે મુદત અથવા સતત ચારથી વધારે દિવસ સુધી તે ગૃહની બેઠક મુલતવી રહી હોય તે મુદત ગણવામાં આવશે નહી.

(૩) રાષ્ટ્રપતિએ ખંડ (૧) અનુસાર બન્ને ગૃહોની સંયુક્ત બેઠક ભરવા માટે ગૃહોને બોલાવવાનો પોતાનો ઈરાદો જણાવ્યો હોય ત્યારે બેમાંથી કોઈ ગૃહ તે વિધેયક અંગે આગળ કાર્યવાહી ચલાવી શકશે નહી. રાષ્ટ્રપતિ પોતાના જાહેરનામાની તારીખ પછી કોઈ પણ સમયે તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા હેતુ માટે તે ગૃહોની સંયુક્ત બેઠક ભરવા ગૃહોને બોલાવી શકશે અને તેઓ એમ કરે તો ગૃહો તે અનુસાર મળશે.

(૪) બે ગૃહોની સંયુક્ત બેઠકમાં કોઈ સુધારા સ્વીકારાય તો તે સહિત તે વિધેયક સંયુક્ત બેઠકમાં બન્ને ગૃહોના હાજર રહી મત આપનારા સભ્યોની કુલ સંખ્યાની બહુમતીથી પસાર થાય તો, તે આ સંવિધાનના હેતુઓ માટે બન્ને ગૃહોએ પસાર કરેલું ગણાશે.

પરંતુ સંયુક્ત બેઠકમાં

(ક) તે વિધેયક એક ગૃહે પસાર કર્યા પછી બીજા ગૃહે સુધારા સહિત પસાર કર્યું ન હોય અને જે ગૃહમાં તે પ્રથમ લાવવામાં આવ્યું હોય તેને એ પાછુ મોકલવામાં આવ્યું ન હોય, તો તે વિધેયક પસાર કરવામાં વિલંબને લીધે તેમાં કરવો જરૂરી બન્યો હોય તે સિવાયનો બીજો કોઈ સુધારો તેમાં સૂચવી શકાશે નહી.

(ખ) તે વિધેયક એ રીતે પસાર થયુ હોય અને પાછુ મોકલ્યું હોય તો તે વિધેયકના ફક્ત ઉપર જણાવેલા સુધારા અને જેને

અંગે ગૃહો સહમત થયા ન હોય તેવી બાબતોને લગતા બીજા સુધારા સૂચવી શકાશે.

આ ખંડ હેઠળ કયા સુધારા ગ્રાહ્ય છે તે વિશે અધ્યક્ષ સ્થાને હોય તે વ્યક્તિનો નિર્ણય આખરી ગણાશે.

(૫) રાષ્ટ્રપતિએ જે સંયુક્ત બેઠક ભરવા માટે ગૃહોને બોલાવવાનો પોતાનો ઈરાદો જણાવ્યો હોય તે પછી, વચમાં લોકસભાનું વિસર્જન થયું હોય તે છતાં, આ અનુચ્છેદ હેઠળ સંયુક્ત બેઠક ભરી શકાશે અને વિધેયક તેમાં પસાર કરી શકાશે.

**અનુચ્છેદ : ૧૦૯ નાણાં ખરડા અંગેની ખાસ કાર્યવાહી**

(૧) નાણા વિધેયક રાજ્યસભામાં રજૂ કરી શકાશે નહી.

(૨) લોકસભાએ નાણા વિધેયક પસાર કર્યા પછી, રાજ્યસભાને તેની ભલામણ માટે તે મોકલવામાં આવશે અને રાજ્યસભાએ તે મળ્યાની તારીખથી ચૌદ દિવસની મુદતની અંદર પોતાની ભલામણો સહિત લોકસભાને પાછુ મોકલવું જોઈશે અને તેમ થયે લોકસભા, રાજ્યસભાની તમામ અથવા તેમાંની કોઈ ભલામણનો સ્વીકાર અથવા અસ્વીકાર કરી શકશે.

(૩) રાજયસભાએ કરેલી કોઈ ભલામણનો લોકસભા સ્વીકાર કરે તો રાજ્યસભાએ ભલામણ કરેલા અને લોકસભાએ સ્વીકારેલા સુધારા સહિત તે નાણા વિધેયક બન્ને ગૃહોએ પસાર કરેલુ ગણાશે.

(૪) રાજ્યસભાએ કરેલી કોઈ ભલામણનો લોકસભા સ્વીકાર કરે નહી અથવા તે નાણા વિધેયક રાજ્યસભાએ ભલામણ કરેલા સુધારા વિના લોકસભાને પાછુ મોકલવામાં ન આવે તો સદરહુ મુદત પૂરી થતાં લોકસભાએ તે પસાર કરેલું હોય તે રૂપમાં જ બન્ને ગૃહોએ પસાર કરેલું ગણાશે.

(૫) લોકસભાએ પસાર કરેલુ અને રાજયસભાને તેની ભલામણ માટે મોકલેલું નાણા વિધેયક ચૌદ દિવસની મુદતની અંદર લોકસભાને પાછુ મોકલવામાં ન આવે તો આવી મુદત પૂરી થતાં લોકસભાએ તે પસાર કર્યું હોય તે રૂપમાં જ બન્ને ગૃહોએ પસાર કરેલું ગણાશે.

**અનુચ્છેદ : ૧૧૦ 'નાણા ખરડા'ની વ્યાખ્યા**

(૧) આ પ્રકરણના હેતુઓ માટે, કોઈ વિધેયકમાં નીચેની તમામ અથવા તે પૈકી કોઈ બાબતને લગતી જોગવાઈઓ આવતી હોય તો તે વિધેયક નાણા વિધેયક ગણાશે :

(ક) કોઈ કર નાખવાની, નાબૂદ કરવાની, માફ કરવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તેનુ નિયમન કરવાની,

(ખ) ભારત સરકારે નાણાં કરજે લેવાનું કે કોઈ બાંયધરી આપવાનુ નિયમન કરવાની અથવા ભારત સરકારે લીધેલી કે લેવાની કોઈ નાણાકીય જવાબદારીઓ અંગેના કાયદામાં સુધારો કરવાની,

(ગ) ભારતના એકત્રિત ફંડ અથવા આકસ્મિક ફંડના હવાલાની, એવા કોઈ ફંડનાં નાણાં ભરવાની અથવા તેમાંથી નાણાં ઉપાડવાની,

(ઘ) ભારતના એકત્રિત ફંડમાંથી નાણાંનો વિનિયોગ કરવાની,

(ચ) કોઈ ખર્ચને ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારવાનું જાહેર કરવાની અથવા એવા કોઈ ખર્ચની રકમ વધારવાની,

(છ) ભારતના એકત્રિત ફંડ અથવા ભારતના જાહેર હિસાબ ખાતે નાણાં પ્રાપ્ત કરવાની અથવા એવાં નાણાંનો હવાલો રાખવાની કે તે નાણાં આપવાની અથવા સંઘ કે કોઈ રાજ્યના હિસાબોના ઓડિટ અંગેની, અથવા

(જ) પેટા-ખંડો (ક) થી (છ)માં નિર્દિષ્ટ કરેલી બાબતને આનુષંગિક કોઈ બાબતની.

(૨) કોઈ વિધેયક દંડ નાખવાની કે નાણાંના રૂપમાં બીજી શિક્ષા કરવાની અથવા લાઈસન્સ માટેની ફી કે બજાવેલ સેવા માટેની ફી માંગવાની કે આપવાની જોગવાઈ કરતું હોય તેટલા જ કારણે અથવા સ્થાનિક હેતુઓ માટે કોઈ સ્થાનિક સત્તામંડળે કે મંડળે કોઈ કર નાખવાની, નાબૂદ કરવાની, માફ કરવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તેનુ નિયમન કરવાની જોગવાઈ કરતું હોય તેટલા જ કારણે તે નાણા વિધેયક ગણાશે નહી.

(૩) કોઈ વિધેયક નાણા વિધેયક છે કે નહી એવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે લોકસભાના અધ્યક્ષનો નિર્ણય આખરી ગણાશે.

(૩) અનુચ્છેદ ૧૦૯ હેઠળ જ્યારે દરેક નાણા વિધેયક રાજ્યસભાને મોકલવામાં આવે અને અનુચ્છેદ ૧૧૧ હેઠળ જ્યારે તે રાષ્ટ્રપતિ સમક્ષ અનુમતિ માટે રજૂ કરવામાં આવે ત્યારે તે નાણા વિધેયક છે એવા લોકસભાના અધ્યક્ષની સહીવાળા પ્રમાણપત્રનો શેરો તેના ઉપર થયેલો હોવો જોઈએ.

**અનુચ્છેદ :- ૧૧૧ ખરડાઓને અનુમતિ**

સંસદના ગૃહોએ વિધેયક પસાર કર્યું હોય ત્યારે તેને રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવું જોઈશે અને રાષ્ટ્રપતિ એવુ જાહેર કરશે કે પોતે તે વિધેયકને અનુમતિ આપે છે અથવા અનુમતિ આપવાનુ રોકી રાખે છે.

પરંતુ કોઈ વિધેયક અનુમતિ માટે તેમની સમક્ષ રજૂ થયા પછી, જો તે નાણા વિધેયક ન હોય તો, ગૃહો વિધેયકની અથવા તેની કોઈ નિર્દિષ્ટ કરેલી જોગવાઈઓની પુનર્વિચારણા કરે અને ખાસ કરીને, પોતાના સંદેશામાં પોતે

Astha Academy Mo.8980961441

જેની ભલામણ કરી હોય તેવા સુધારા દાખલ કરવાનુ ઈચ્છવાજોગ છે કે કેમ તે વિચારે તેવી વિનંતીવાળા સંદેશા સાથે રાષ્ટ્રપતિ તે વિધેયક બનતી ત્વરાએ ગૃહોને પાછુ મોકલી શકશે અને કોઈ વિધેયક એ રીતે પાછુ મોકલવામાં આવે ત્યારે તે અનુસાર વિધેયકની પુનર્વિચારણા કરવી જોઈશે અને જો ગૃહો સુધારા સાથે કે સુધારા વગર તે વિધેયક ફરી પસાર કરે અને રાષ્ટ્રપતિ સમક્ષ અનુમતિ માટે તે રજૂ કરવામાં આવે, તો રાષ્ટ્રપતિથી તેને અનુમતિ આપવાનુ રોકી શકાશે નહી.

## નાણાંકીય બાબતોમાં કાર્યરીતિ

**અનુચ્છેદ : ૧૧૨ વાર્ષિક નાણાકીય પત્રક**

(૧) દરેક નાણાકીય વર્ષ સંબંધમાં રાષ્ટ્રપતિ તે વર્ષ માટે ભારત સરકારની અંદાજી આવક તથા ખર્ચનું પત્રક જેનો આ ભાગમાં ‘‘વાર્ષિક નાણાકીય પત્રક’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે સંસદના બંન્ને ગૃહો સમક્ષ રજૂ કરાવશે.

(૨) વાર્ષિક નાણાંકીય પત્રકમાં સમાવેલા ખર્ચના અંદાજમાં –

(ક) આ સંવિધાનમાં ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા ખર્ચ તરીકે વર્ણવેલા ખર્ચને પહોંચી વળવા માટે જોઈતી રકમ, અને

(ખ) ભારતના એકત્રિત ફંડમાંથી જે બીજું ખર્ચ કરવાની દરખાસ્ત હોય તે ખર્ચને પહોંચી વળવા માટે જોઈતી રકમ,

અલગ બતાવવામાં આવશે અને મહેસૂલ ખાતેના ખર્ચને અન્ય ખર્ચથી અલગ દર્શાવવામાં આવશે.

(૩) નીચેનું ખર્ચ ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારેલું ખર્ચ ગણાશે :-

(ક) રાષ્ટ્રપતિનાં મળતરો અને ભથ્થાં અને તેમના હોદ્દા અંગેનું બીજું ખર્ચ,

(ખ) રાજ્યસભાના સભાપતિ અને ઉપ-સભાપતિના તથા લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર અને ભથ્થાં,

(ગ) જે ચૂકવવાની જવાબદારી ભારત સરકાર ઉપર હોય તેવાં દેવાં અંગેનું ખર્ચ, જેમાં વ્યાજ, દેવાં-ભરપાઈ ફંડ-ખર્ચ અને દેવાં-ચૂકવણી ખર્ચ અને લોન ઊભી કરવા અંગેના અને દેવાંની વ્યવસ્થા અને તેની ચૂકવણી અંગેના બીજા ખર્ચનો સમાવેશ થાય છે.

(ઘ) -

(૧) ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશોને અથવા તેમના સંબંધમાં આપવાના પગાર , ભથ્થાં અને પેન્શનો,

(૨) ફેડરલ ન્યાયાલયના ન્યાયાધીશોને અથવા તેમના સંબંધમાં આપવાનાં પેન્શન,

(૩) ભારતના રાજ્યક્ષેત્રમાં સમાવિષ્ટ કોઈ વિસ્તાર સંબંધમાં હકૂમત ભોગવતી અથવા હિંદ ડુમિનિયનના ગવર્નરના પ્રાંતમાં સમાવિષ્ટ કોઈ વિસ્તારના સંબંધમાં આ સંવિધાનના આરંભ પહેલાં કોઈ સમયે હકૂમત ભોગવી ચૂકેલા કોઈ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોને અથવા તેમના સંબંધમાં આપવાનાં પેન્શન,

(ચ) ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષક અથવા તેમના સંબંધમાં આપવાના પગાર, ભથ્થાં અને પેન્શન,

(છ) કોઈ ન્યાયાલય કે લવાદી ટ્રિબ્યુનલનો કોઈ ફેસલો, હુકમનામું અથવા ચૂકાદાથી પતવણી માટે જોઈતી રકમ,

(જ) આ સંવિધાને અથવા સંસદે કાયદાથી એ રીતે ઉધારવું એમ જાહેર કર્યું હોય તેવુ બીજુ ખર્ચ.

**અનુચ્છેદ :– ૧૧૩ સંસદમાં અંદાજો સંબંધિત કાર્યવાહી**

(૧) ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા ખર્ચને લગતા હોય તેટલા પૂરતા અંદાજો સંસદમાં મતદાન માટે રજૂ કરવામાં આવશે નહી, પણ આ ખંડનો કોઈ મજકૂર તેમાંના કોઈ અંદાજોની સંસદના બેમાંથી કોઈ ગૃહમાં ચર્ચા થતાં અટકાવે છે એમ સમજવુ નહી.

(૨) સદરહુ અંદાજોમાંથી બીજા ખર્ચને લગતા હોય તેટલા પૂરતા અંદાજો લોકસભા સમક્ષ અનુદાનની માગણીઓના રૂપે રજૂ કરવા જોઈશે અને લોકસભાને તેવી કોઈ માંગણીને અનુમતિ આપવાની અથવા ન આપવાની અથવા તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ ઘટાડીને માગણીને અનુમતિ આપવાની સત્તા રહેશે.

(૩) રાષ્ટ્રપતિની ભલામણ વગર અનુદાન માટેની કોઈ માગણી કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૧૧૪ વિનિયોગ ખરડાઓ**

(૧) અનુચ્છેદ ૧૧૩ હેઠળ લોકસભાએ અનુદાન મંજૂર કર્યા પછી –

(ક) લોકસભાએ એ રીતે મંજૂર કરેલ અનુદાનને તથા

(ખ) ભારતના એકત્રિક ફંડ ખાતે ઉધારેલા પણ સંસદ સમક્ષ અગાઉ મૂકેલા પત્રકમાં બતાવેલી રકમ કરતાં કોઈ પણ સંજોગોમાં વધે નહીં તેટલા ખર્ચને પહોંચી વળવા માટે જોઈતાં તમામ નાણાંનો ભારતના એકત્રિત ફંડમાંથી વિનિયોગ કરવા બનતી ત્વરાએ વિધેયક રજૂ કરવુ જોઈશે.

(૨) એ રીતે મંજૂર કરેલા કોઈ અનુદાનની રકમમાં ફેરફાર થતો હોય કે તેનુ લક્ષ્ય બદલાતું હોય અથવા ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા કોઈ ખર્ચની રકમમાં ફેરફાર થતો હોય તે મતલબનો એવા કોઈ વિધેયક અંગેનો કોઈ

Astha Academy Mo.8980961441

સુધારો સંસદના બેમાંથી કોઈ ગૃહમાં લાવી શકાશે નહી અને કોઈ સુધારો આ ખંડ હેઠળ અસ્વીકાર્ય છે કે કેમ તે સંબંધમાં અધ્યક્ષસ્થાને હોય તે વ્યક્તિનો નિર્ણય આખરી ગણાશે.

(૩) અનુચ્છેદ ૧૧૫ અને ૧૧૬ની જોગવાઈઓને અધીન રહીને, આ અનુચ્છેદની જોગવાઈઓ અનુસાર પસાર થયેલા કાયદાથી કરાયેલા વિનિયોગ હેઠળ હોય તે સિવાય, ભારતના એકત્રિત ફંડમાંથી કોઈ નાણાં ઉપાડી શકાશે નહી.

**અનુચ્છેદ : ૧૧૫ પૂરક, વધારાનું અને અધિક અનુદાન**

(૧) રાષ્ટ્રપતિએ –

(ક) અનુચ્છેદ ૧૧૪ની જોગવાઈઓ અનુસાર કરેલા કોઈ કાયદાથી ચાલુ નાણાકીય વર્ષ માટે કોઈ ખાસ સેવા માટે ખર્ચવાને અધિકૃત કરેલી રકમ તે વર્ષ માટે અપૂરતી જણાય તો, અથવા તે વર્ષ માટેના વાર્ષિક નાણાકીય પત્રકમાં વિચારેલી નહી એવી નવી સેવા ખાતે પૂરક અથવા વધારાના ખર્ચની જરૂર ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ઊભી થઈ હોય તો, અથવા

(ખ) કોઈ નાણાકીય વર્ષ દરમિયાન કોઈ સેવા ખાતે થયેલું ખર્ચ તે સેવા ખાતે અને તે વર્ષ માટે મંજૂર કરેલી રકમ કરતાં વધુ થયું હોય તો, સંસદના બન્ને ગૃહો સમક્ષ યથાપ્રસંગ, તે ખર્ચની અંદાજી રકમ બતાવતું બીજું પત્રક મુકાવવું જોઈશે અથવા લોકસભા સમક્ષ એવા વધારા માટેની માગણી રજૂ કરાવવી જોઈશે.

(૨) અનુચ્છેદ ૧૧૨, ૧૧૩ અને ૧૧૪ની જોગવાઈઓ, વાર્ષિક નાણાકીય પત્રક અને તેમાં દર્શાવેલ ખર્ચ સંબંધમાં અથવા અનુદાન માટેની માગણીના અને એ ખર્ચને અથવા અનુદાનને પહોંચી વળવા ભારતના એકત્રિત ફંડમાંથી નાણાંના વિનયોગને અધિકૃત કરવા માટે કરેલા કાયદા સંબંધમાં જેમ અસરકર્તા થાય છે, તેમ તે જોગવાઈઓ, એવા કોઈ પત્રક અને ખર્ચ અથવા માંગણીના સંબંધમાં તેમજ એવા ખર્ચને અથવા એવી માગણી અંગેના અનુદાનને પહોંચી વળવા માટે ભારતના એકત્રિત ફંડમાંથી નાણાંના વિનયોગને અધિકૃત કરવા માટે કરવાના કોઈ કાયદા સંબંધમાં અસરકર્તા થશે.

**અનુચ્છેદ : ૧૧૬ લેખાનુદાન (હિસાબ પેટે મંજૂર કરવાનાં અનુદાન), વિશ્વાસના આધારે મંજૂર કરવાનાં અનુદાન તથા અપવાદરૂપ અનુદાન**

(૧) આ પ્રકરણની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં -

(ક) કોઈ નાણાકીય વર્ષના કોઈ ભાગ માટે અંદાજી ખર્ચ અંગે, એવા અનુદાન વિશેના મતદાન માટે અનુચ્છેદ ૧૧૩માં ઠરાવેલી કાર્યરીતિ પૂરી ન થાય તેમજ તે ખર્ચ સંબંધમાં અનુચ્છેદ ૧૧૪ની જોગવાઈઓ અનુસાર કાયદો ન થાય ત્યાં સુધી અગાઉથી કોઈ અનુદાન આપવાની,

(ખ) કોઈ સેવા અંગે ભારતની સાધનસામગ્રી ઉપર અણધારી માંગ ઊભી થાય અને તે સેવાનાં વ્યાપક્તા અને અનિશ્ચિત સ્વરૂપને કારણે તેને લગતી માગણી વાર્ષિક નાણાકીય પત્રકમાં સામાન્ય રીતે અપાતી વિગતો સાથે રજૂ કરવાનુ શક્ય ન હોય; ત્યારે તેવી માંગને પહોંચી વળવા માટે અનુદાન આપવાની,

(ગ) કોઈ નાણાકીય વર્ષની ચાલુ સેવાના ભાગરૂપ ન હોય તેવુ અપવાદરૂપ અનુદાન આપવાની,

- લોકસભાને સત્તા રહેશે અને સદરહુ અનુદાનોને જે હેતુઓ માટે મંજૂર કરવામાં આવ્યા હોય તે હેતુ માટે ભારતના એકત્રિત ફંડમાંથી નાણાંના ઉપાડને કાયદાથી અધિકૃત કરવાની સંસદને સત્તા રહેશે.

(૨) અનુચ્છેદ ૧૧૩ અને ૧૧૪ની જોગવાઈઓ વાર્ષિક નાણાકીય પત્રકમાં દર્શાવેલ કોઈ ખર્ચ અંગે અનુદાન આપવા સંબંધમાં અને એવા ખર્ચને પહોંચી વળવા ભારતના એકત્રિત ફંડમાંથી નાણાંના વિનિયોગને અધિકૃત કરવા માટે કરવાના કાયદા સંબંધમાં જેમ અસરકર્તા થાય છે તેમ તે જોગવાઈઓ ખંડ (૧) હેઠળ કોઈ અનુદાન આપવાના અને તે ખંડ હેઠળ કરવાના કોઈ કાયદા સંબંધમાં અસરકર્તા થશે.

**અનુચ્છેદ : ૧૧૭ નાણાંકીય ખરડા બાબતે ખાસ જોગવાઈ**

(૧) અનુચ્છેદ ૧૧૦ના ખંડ (૧)ના પેટા-ખંડો (ક) થી (ચ)માં નિર્દિષ્ટ કરેલી કોઈ પણ બાબત માટે જોગવાઈ કરતું વિધેયક અથવા સુધારો, રાષ્ટ્રપતિની ભલામણ સિવાય રજૂ કે પ્રસ્થાપિત કરી શકાશે નહી અને એવી જોગવાઈ કરતું વિધેયક રાજ્યસભામાં રજૂ કરી શકાશે નહી.

પરંતુ કોઈ કરમાં ઘટાડો કરવાની કે તે નાબૂદ કરવાની જોગવાઈ કરતો કોઈ સુધારો પ્રસ્તાવિત કરવા માટે આ ખંડ હેઠળ કોઈ ભલામણની જરૂર રહેશે નહી.

(૨) કોઈ વિધેયક અથવા સુધારો માત્ર દંડ નાખવાની કે નાણાંના રૂપમાં બીજી શિક્ષા કરવાની અથવા લાઈસન્સ માટેની ફી કે બજાવેલી સેવા માટેની ફી માગવાની કે આપવાની જોગવાઈ કરતો હોય તેટલા જ કારણે અથવા સ્થાનિક હેતુઓ માટે કોઈ સ્થાનિક સત્તામંડળ કે મંડળ દ્વારા કોઈ કર નાખવાની, નાબૂદ કરવાની, માફ કરવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તેનુ નિયમન કરવાની જોગવાઈ કરતો હોય તેટલા જ કારણે તે ઉપર જણાવેલી કોઈ બાબતની જોગવાઈ કરે છે એમ ગણાશે નહી.

Astha Academy Mo.8980961441

(૩) અધિનિયમિત કરીને જેને અમલમાં લાવવાથી ભારતના એકત્રિત ફંડમાંથી ખર્ચ કરવાનુ થતુ હોય તેવુ વિધેયક, રાષ્ટ્રપતિએ તે ઉપર વિચારણા કરવા માટે તે ગૃહને ભલામણ કરી ન હોય, તો સંસદના બેમાંથી કોઈ ગૃહથી પસાર કરી શકાશે નહી.

## સામાન્ય કાર્યરીતિ

**અનુચ્છેદ : ૧૧૮ સંસદની સામાન્ય કાર્યવાહીના નિયમો**

(૧) સંસદનું દરેક ગૃહ આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, પોતાની કાર્યરીતિ અને પોતાના કામકાજના સંચાલનનું નિયમન કરવા માટે નિયમો કરી શકશે.

(૨) ખંડ (૧) હેઠળ નિયમો કરવામાં ન આવે ત્યાં સુધી આ સંવિધાનના આરંભની તરત પહેલાં હિંદ ડુમિનિયનના વિધાનમંડળ અંગે જે કાર્યરીતિના નિયમો અને સ્થાયી હુકમો અમલમાં હોય તે, યથાપ્રસંગ, રાજ્યસભાના સભાપતિ અથવા લોકસભાના અધયક્ષ તેમાં સુધારાવધારા અને અનુકૂળ ફેરફારો કરે તેને અધીન રહીને, સંસદ સંબંધમાં અમલી થશે.

(૩) રાજ્યસભાના સભાપતિ અને લોકસભાના અધ્યક્ષ સાથે વિચાર વિનિમય કર્યા પછી, રાષ્ટ્રપતિ બે ગૃહોની સંયુક્ત બેઠક અને બે ગૃહો વચ્ચેના વ્યવહારો અંગેની કાર્યરીતિને લગતા નિયમો કરી શકશે.

(૪) બે ગૃહોની સંયુક્ત બેઠકમાં લોકસભાના અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં ખંડ (૩) હેઠળ કરેલા કાર્યરીતિના નિયમોથી નક્કી કરવામાં આવે તે વ્યક્તિ અધ્યક્ષ સ્થાન લેશે.

**અનુચ્છેદ : ૧૧૯ સંસદમાં નાણાંકીય કામકાજનું કાયદા વ્દારા નિયમન**

નાણાકીય કામકાજ સમયસર પૂર્ણ કરવાના હેતુ માટે, નાણાકીય બાબતના અથવા ભારતના એકત્રિત ફંડમાંથી નાણાંના વિનિયોગ માટેના કોઈ વિધેયક સંબંધમાં સંસદના દરેક ગૃહની કાર્યરીતિ અને તેના કામકાજના સંચાલનનું કાયદાથી સંસદ નિયમન કરી શકશે અને એ રીતે કરેલા કાયદાની કોઈ જોગવાઈ સંસદના કોઈ ગૃહે અનુચ્છેદ ૧૧૮ ના ખંડ (૧) હેઠળ કરેલા નિયમ અથવા તે અનુચ્છેદના ખંડ (૩) હેઠળ સંસદ સંબંધમાં અમલી કોઈ નિયમ કે સ્થાયી હુકમ સાથે અસંગત હોય, તો તેટલે અંશે કાયદાની તે જોગવાઈ પ્રવર્તશે.

**અનુચ્છેદ : ૧૨૦ સંસદમાં વાપરવાની ભાષા**

(૧) ભાગ ૧૭માં ગમે તે મજકૂર હોય તે છતાં પણ અનુચ્છેદ ૩૪૮ની જોગવાઈઓને અધીન રહીને સંસદનું કામકાજ હિંદી અથવા અંગ્રેજીમાં ચલાવવામાં આવશે.

પરંતુ જે સભ્ય પોતાને કહેવાનું હોય તે હિંદી અથવા અંગ્રેજીમાં બરાબર વ્યક્ત કરી શકતા ન હોય તેમને તેમની માતૃભાષામાં ગૃહને સંબોધવાની પરવાનગી, યથાપ્રસંગ, રાજ્યસભાના સભાપતિ અથવા લોકસભાના અધ્યક્ષ અથવા તે તરીકે કાર્ય કરનાર વ્યક્તિ આપી શકશે.

(૨) સંસદ કાયદાથી અન્યથા જોગવાઈ ન કરે તો, આ સંવિધાનના આરંભથી પંદર વર્ષની મુદ્દત પૂરી થયા પછી આ અનુચ્છેદમાંથી " અથવા અંગ્રેજીમાં" એ શબ્દો કમી કરવામાં આવ્યા હોય તેમ તેનો અમલ થશે.

**અનુચ્છેદ :– ૧૨૧ સંસદમાં ચર્ચાવિચારણા પર નિયંત્રણ**

ઉચ્ચતમ ન્યાયાલય અથવા ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની પોતાની ફરજો બજાવતી વેળાએ વર્તણૂંક અંગે, આમાં હવે પછી જોગવાઈ કર્યા પ્રમાણે તે ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવા માટે અરજ કરતું નિવેદન રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવા માટેના પ્રસ્તાવ ઉપર ચર્ચા થતી હોય તે સિવાય, સંસદમાં કોઈ ચર્ચા થઈ શકશે નહી.

**અનુચ્છેદ : ૧૨૨ ન્યાયાલયો વ્દારા સંસદની કાર્યવાહીની તપાસ થઈ શકશે નહીં.**

(૧) કાર્યરીતિની કહેવાતી અનિયમસરતાને કારણે સંસદની કોઈ કાર્યવાહીની કાયદેસરતા સામે વાંધો ઉઠાવી શકાશે નહી.

(૨) સંસદમાં કાર્યરીતિનું અથવા કામકાજના સંચાલનનું નિયમન કરવા અથવા વ્યવસ્થા જાળવવા માટે, આ સંવિધાનથી કે તે હેઠળ સંસદના જે અધિકારી કે સભ્યમાં સત્તા નિહિત થઈ હોય તે, એ સત્તા વાપરે ત્યારે તે અંગે કોઈ ન્યાયાલયની હકૂમતને અધીન ગણાશે નહી.

## પ્રકરણ ૩
## રાષ્ટ્રપતિની ધારાકીય સત્તા

**અનુચ્છેદ : ૧૨૩ સંસદની બેઠકો ચાલતી ન હોય ત્યારે વટહુકમ બહાર પાડવાની રાષ્ટ્રપતિની સત્તા**

(૧) સંસદના બન્ને ગૃહોનું સત્ર ચાલુ ન હોય; ત્યારે કોઈ પણ સમયે રાષ્ટ્રપતિને ખાતરી થાય કે તાત્કાલિક પગલાં લેવાનું

પોતાને માટે જરૂરી બનાવે એવા સંજોગો પ્રવર્તે છે; તો તેઓ એ સંજોગોમાં પોતાને આવશ્યક જણાય તેવા વટહુકમો પ્રસિદ્ધ કરી શકશે.

(૨) આ અનુચ્છેદ હેઠળ પ્રસિદ્ધ થયેલા વટહુકમનો સંસદના અધિનિયમ જેટલો જ પ્રભાવ અને અમલ રહેશે, પણ એવો દરેક વટહુકમ -

(ક) સંસદના બન્ને ગૃહો સમક્ષ મૂકવો જોઈએ અને સંસદ ફરી મળે ત્યારથી છ અઠવાડિયાં પૂરાં થયે અથવા તે મુદત પૂરી થાય તે પહેલાં બંને ગૃહો તેને અનુમતિ ન આપતા ઠરાવો પસાર કરે, તો તેમાંનો બીજો ઠરાવ પસાર થયે તે અમલમાં રહેશે નહી; અને

(ખ) રાષ્ટ્રપતિ કોઈ પણ સમયે તેને પાછો ખેંચી શકશે.

**સ્પષ્ટીકરણ :** સંસદના ગૃહોને જુદી જુદી તારીખોએ ફરી મળવા જણાવવામાં આવે તો આ ખંડના હેતુઓ માટે છ અઠવાડિયાંની મુદતની ગણતરી તે તારીખોમાંથી મોડી હોય તે તારીખથી કરવામાં આવશે.

(૩) આ સંવિધાન હેઠળ સંસદને જેના માટે અધિનિયમ કરવાની સત્તા ન હોય તેવી કોઈ જોગવાઈ આ અનુચ્છેદ હેઠળ વટહુકમથી કરવામાં આવે; તો તેટલે અંશે તે વટહુકમ રદબાતલ ગણાશે.

**પ્રકરણ – ૪**

**સંઘનું ન્યાયતંત્ર**

**અનુચ્છેદ : ૧૨૪ સર્વોચ્ચ અદાલતની સ્થાપના અને રચના**

(૧) ભારતનું એક ઉચ્ચતમ ન્યાયાલય રહેશે, જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું અને કાયદાથી સંસદ વધુ સંખ્યા ઠરાવે નહી ત્યાં સુધી વધુમાં વધુ ત્રીસ ન્યાયાધીશોનું બનશે.

(૨) પોતે આ હેતુ માટે જરૂરી ગણે તેવા ઉચ્ચતમ ન્યાયાલય અને રાજ્યોના ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયાધીશો સાથે વિચાર વિનિમય કર્યા પછી, રાષ્ટ્રપતિ પોતાના સહી સિક્કાવાળા આદેશપત્રથી ઉચ્ચતમ ન્યાયાલયના દરેક ન્યાયાધીશને નીમશે, જે પાંસઠ વર્ષની ઉંમરના થાય ત્યાં સુધી હોદ્દો ધરાવી શકશે.

પરંતુ મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના કોઈ ન્યાયધીશની નિમણૂકની બાબતમાં હંમેશા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિનિમય કરવામાં આવશે.

(ક) કોઈ ન્યાયાધીશ, રાષ્ટ્રપતિને સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી પોતાના હોદ્દાનું રાજીનામુ આપી શકશે.

(ખ) ખંડ (૪)ની જોગવાઈ મુજબ કોઈ ન્યાયાધીશને તેમના હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે.

(૨ક) સંસદ કાયદાથી ઠરાવે એવા સત્તાધિકારી દ્વારા અને તેવી રીતે ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશની ઉમર નક્કી કરવામાં આવશે.

(ક) કોઈ ઉચ્ચ ન્યાયાલયની અથવા એક પછી એક બે કે વધુ ઉચ્ચ ન્યાયાલયોની ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ન્યાયાધીશ રહી ન હોય, અથવા

(ખ) કોઈ ઉચ્ચ ન્યાલયની અથવા એક પછી એક બે કે વધુ ઉચ્ચ ન્યાયાલયોની ઓછામાં ઓછા દસ વર્ષ સુધી એડવોકેટ રહી ન હોય, અથવા

(ગ) રાષ્ટ્રપતિના અભિપ્રાય પ્રમાણે નામાંકિત કાયદા નિષ્ણાત ન હોય તો, ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમાવા માટે તે લાયક ગણાશે નહી.

**સ્પષ્ટીકરણ ૧ :** આ ખંડમાં ઉચ્ચ ન્યાયાલય એટલે ભારતના રાજ્યક્ષેત્રના કોઈ પણ ભાગમાં હકૂમત ધરાવતું અથવા આ સંવિધાનના આરંભ પહેલાં કોઈ પણ સમયે હકૂમત ધરાવી ચૂકેલ હોય એવુ ઉચ્ચ ન્યાયાલય .

**સ્પષ્ટીકરણ ૨ :** આ ખંડના હેતુઓ માટે કોઈ વ્યક્તિની એડવોકેટ તરીકેની મુદતની ગણતરી કરતી વખતે, તે વ્યક્તિની એડવોકેટ થયા પછી, જિલ્લા ન્યાયાધીશના હોદ્દા કરતાં ઊતરતા દરજ્જાનો નહી તેવો કોઈ ન્યાયિક હોદ્દો ધરાવ્યો હોય તે મુદતનો સમાવેશ કરવામાં આવશે.

(૪) સાબિત થયેલ ગેરવર્તણૂક અથવા અપાત્રતાને કારણે ઉચ્ચતમ ન્યાયાલયના કોઈ ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવા માટે સંસદના દરેક ગૃહે તે ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમતીના તથા તે ગૃહના હાજર રહીને મત આપનાર ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોની બહુમતીના ટેકાવાળું નિવેદન રાષ્ટ્રપતિ સમક્ષ એક જ સત્રમાં રજૂ કર્યું હોય; તે પછી રાષ્ટ્રપતિએ કરેલા હુકમ સિવાય, તેમને હોદ્દા પરથી દૂર કરી શકાશે નહી.

(૫) ખંડ (૪) હેઠળ નિવેદન રજૂ કરવા માટેની અને ન્યાયાધીશની ગેરવર્તણૂક કે અપાત્રતાની તપાસ અને સાબિતી કાર્યરીતિનું નિયમન સંસદ કાયદાથી કરી શકશે.

(૬) ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નીમાયેલી દરેક વ્યક્તિએ પોતે હોદ્દો સંભાળે તે પહેલાં રાષ્ટ્રપતિ અથવા તેમણે તે અર્થે નીમેલી વ્યક્તિ સમક્ષ ત્રીજી અનુસૂચિમાં આ હેતુ માટે આપેલા નમૂના અનુસાર શપથ અથવા પ્રતિજ્ઞા લેવી જોઇશે અને પ્રતિજ્ઞાપત્ર ઉપર પોતાની સહી કરવી જોઇશે.

Astha Academy Mo.8980961441

(૭) ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકેનો હોદ્દો ધરાવી ચૂકેલી કોઈ પણ વ્યક્તિ ભારતના રાજ્યક્ષેત્રની અંદરના કોઈ ન્યાયાલયમાં અથવા કોઈ સત્તાધિકારી સમક્ષ વકીલાત કે કામકાજ કરી શકશે નહી.

**અનુચ્છેદ : ૧૨૫ ન્યાયધીશોના પગાર વગેરે**

(૧) ઉચ્ચત્તમ ન્યાયાલયના ન્યાયાધીશોને સંસદે કરેલા કાયદાથી નક્કી કરવામાં આવે તેવા પગાર અને તે અર્થે તેવી રીતે જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં હોય તેવા પગાર આપવામાં આવશે.

(૨) દરેક ન્યાયાધીશને સંસદે કરેલા કાયદાથી કે તે હેઠળ વખતોવખત નક્કી કરવામાં આવે તેવા વિશેષાધિકારો અને ભથ્થાં અને રજા અને પેન્શન અંગેના હકો મળશે અને એ રીતે નક્કી કરવામાં આવે નહી ત્યાં સુધી બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા હોય તે વિશેષાધિકારો, ભથ્થાં અને હકો મળશે.

પરંતુ કોઈ ન્યાયાધીશના વિશેષાધિકારો અથવા ભથ્થાં કે રજા અથવા પેન્શન અંગેના હકોમાં તેમની નિમણૂક પછી તેમને ગેરલાભ થાય તેવો ફેરફાર કરી શકાશે નહીં.

**અનુચ્છેદ : ૧૨૬ કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક**

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો હોદ્દો ખાલી હોય ત્યારે, અથવા મુખ્ય ન્યાયમૂર્તિ, ગેરહાજરીને કારણે કે બીજા કારણે પોતાના હોદ્દાની ફરજો બજાવી ન શકે, ત્યારે તે ન્યાયાલયના બીજા ન્યાયાધીશોમાંથી રાષ્ટ્રપતિ આ હેતુ માટે નીમે તે ન્યાયાધીશ તે હોદ્દાની ફરજો બજાવશે.

**અનુચ્છેદ : ૧૨૭ તદર્થ (એડહોક) ન્યાયાધીશોની નિમણૂક**

(૧) જો કોઈ સમયે ઉચ્ચત્તમ ન્યાયાલયનું સત્ર યોજવા કે ચાલુ રાખવા માટે તે ન્યાયાલયને ન્યાયધીશોનું કોરમ ન થાય, તો રાષ્ટ્રપતિની પૂર્વ સંમતિ લઈને અને સંબંધિત ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિનિમય કરીને, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે નિયમાનુસાર લાયકાત ધરાવતા હોય તેવા તે ઉચ્ચ ન્યાયાલયના કોઈ ન્યાયાધીશને, જરૂરી મુદત સુધી તદર્થ ન્યાયાધીશ તરીકે ઉચ્ચતમ ન્યાયાલયની બેઠકમાં હાજરી આપવાની લેખિત વિનંતી કરી શકશે.

(૨) પોતાના હોદ્દાની બીજી ફરજો કરતાં અગ્રતા આપીને, પોતાની હાજરીની જરૂર હોય તે સમયે અને તેટલી મુદત સુધી, ઉચ્ચતમ ન્યાયાલયની બેઠકોમાં હાજરી આપવાની એરીતે નામ નિર્દિષ્ટ થયેલા ન્યાયાધીશની ફરજ રહેશે અને એ રીતે હાજરી આપે તે દરમિયાન તેમને ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશનાં તમામ હકૂમત, સત્તા અને વિશેષાધિકારો રહેશે, તેમજ તેમની ફરજો તે બજાવશે.

**અનુચ્છેદ : ૧૨૮ સર્વોચ્ચ અદાલતની બેઠકોમાં નિવૃત ન્યાયાધીશોની હાજરી**

આ પ્રકરણમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ કોઈ પણ સમયે રાષ્ટ્રપતિની પૂર્વસંમતિ લઈને ઉચ્ચતમ ન્યાયાલયના અથવા ફેડરલ ન્યાયાધીશનો હોદ્દો ધરાવ્યો હોય તેવી અથવા ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશનો હોદ્દો ધરાવ્યો હોય અને ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમાવાની નિયમાનુસાર લાયકાત ધરાવતી વ્યક્તિને ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયધીશ તરીકે બેસવાની અને કાર્ય કરવાની વિનંતી કરી શકશે અને એ રીતે જેને વિનંતી કરવામાં આવી હોય તેવી દરેક વ્યક્તિને તે એ રીતે બેસીને કાર્ય કરતી હોય ત્યાં સુધી રાષ્ટ્રપતિ હુકમ કરીને નક્કી કરે તેવાં ભથ્થાંનો હક રહેશે તેમજ તેમને તે ન્યાયાલયના ન્યાયાધીશના તમામ હકૂમત, સત્તા અને વિશેષાધિકારો રહેશે, પણ બીજી રીતે તે એ ન્યાયાલયની ન્યાયાધીશ ગણાશે નહી.

પરંતુ ઉપર જણાવેલી કોઈ વ્યક્તિ, તે ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે બેસવા અને કાર્ય કરવા સંમત ન થાય, તો તેને આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરથી તેમ કરવાનુ ફરજરૂપ ગણાશે નહી.

**અનુચ્છેદ : ૧૨૯ સર્વોચ્ચ અદાલત અભિલેખ (રેકર્ડ) અદાલત રહેશે**

ઉચ્ચતમ ન્યાયાલય રેકર્ડ ન્યાયાલય રહેશે અને તેને પોતાનો તિરસ્કાર થવા માટે શિક્ષા કરવાની સત્તા સહિતની એવા ન્યાયાલયની તમામ સત્તા રહેશે.

**અનુચ્છેદ : ૧૩૦ સર્વોચ્ચ અદાલતનું સ્થળ**

ઉચ્ચતમ ન્યાયાલય દિલ્હીમાં અથવા રાષ્ટ્રપતિની મંજૂરી લઈને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વખતોવખત નક્કી કરે એવા બીજા સ્થળે કે સ્થળોએ બેસશે.

**અનુચ્છેદ : ૧૩૧ સર્વોચ્ચ અદાલતના મૂળભૂત હકૂમત**

આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને –

(ક) ભારત સરકાર અને એક અથવા વધારે રાજ્યો વચ્ચેની, અથવા

Astha Academy Mo.8980961441

(ખ) એક તરફ ભારત સરકાર તથા કોઈ રાજ્ય કે રાજ્યો, અને બીજી તરફ બીજા એક અથવા વધુ રાજ્યો વચ્ચેની, અથવા

(ગ) બે અથવા વધારે રાજ્યો વચ્ચેની,

કોઈ તકરાર જેના ઉપર કાયદેસરના કોઈ હકનું અસ્તિત્વ કે તેનો વિસ્તાર આધાર રાખતાં હોય તેવો (કાયદા અથવા હકીકતનો) પ્રશ્ન સમાયેલો હોય તો અને તેટલે અંશે બીજા કોઈ ન્યાયાલયને નહી પણ ઉચ્ચતમ ન્યાયાલયને જ મૂળ હકૂમત રહેશે.

પરંતુ આ સંવિધાનના આરંભ પહેલાં જે કરેલી હોય કે જેના ઉપર સહી સિક્કા થયા હોય અને જે એવા આરંભ પછી ચાલુ હોય તેવી અથવા સદરહુ હકૂમત જેમાંથી ઉદભવતી તકરાર સુધી વિસ્તરશે નહી એવી જેમાં જોગવાઈ કરવામાં આવી હોય તેવી કોઈ સંધિ, કબૂલાતનામુ, કરારનામુ, સમજૂતી, સનદ અથવા તેવા બીજા ખતમાંથી ઉદભવતી તકરાર સુધી સદરહુ હકૂમત વિસ્તરશે નહી.

**અનુચ્છેદ : ૧૩૨ સર્વોચ્ચ અદાલતને કેટલાક કેસોમાં અપીલ કરવાની હકૂમત**

(૧) ભારતના રાજ્યક્ષેત્રમાંની કોઈ ઉચ્ચ ન્યાયાલયની દીવાની, ફોજદારી કે અન્ય કાર્યવાહીમાંના કોઈ ફેંસલા, હુકમનામા કે આખરી હુકમ અંગે તે ઉચ્ચ ન્યાયાલય અનુચ્છેદ ૧૩૪-ક હેઠળ એવુ પ્રમાણપત્ર આપે કે તે કેસમાં આ સંવિધાનના અર્થઘટનની બાબતમાં કાયદાનો તાત્ત્વિક પ્રશ્ન સમાવેલો છે તો, ઉચ્ચતમ ન્યાયાલયમાં અપીલ કરી શકાશે.

(૨) એવુ પ્રમાણપત્ર આપવામાં આવે ત્યારે ઉપર જણાવેલ કોઈ પ્રશ્નોનો નિર્ણય, ખોટી રીતે થયો છે એ કારણે તે કેસોમાંનો કોઈ પક્ષકાર ઉચ્ચતમ ન્યાયાલયને અપીલ કરી શકશે.

**સ્પષ્ટીકરણ :** આ અનુચ્છેદના હેતુ માટે ‘‘આખરી હુકમ’’ એ શબ્દમાં જે મુદ્દાનો નિર્ણય અપીલ કરનારના લાભમાં થાય તો કેસના આખરી નિકાલ માટે તે પૂરતો થાય તેવા મુદ્દાનો નિર્ણય કરનારા હુકમનો સમાવેશ થાય છે.

**અનુચ્છેદ : ૧૩૩ વડી અદાલતોમાં દીવાની બાબતો સંબંધિત અપીલોમાં સર્વોચ્ચ અદાલતની અપીલી હકૂમત**

(૧) ભારતના રાજ્યક્ષેત્રમાંના કોઈ ઉચ્ચ ન્યાયાલયની દીવાની કાર્યવાહીમાંના કોઈ ફેંસલા, હુકમનામા અથવા આખરી હુકમ અંગે જો તે ઉચ્ચ ન્યાયાલય અનુચ્છેદ ૧૩૪-ક હેઠળ એવુ પ્રમાણપત્ર આપે કે –

(ક) તે કેસમાં કાયદાનો વ્યાપક મહત્વનો તાત્ત્વિક પ્રશ્ન સમાયેલો છે, અને

(ખ) ઉચ્ચ ન્યાયાલયના અભિપ્રાય મુજબ સદરહુ પ્રશ્નનો નિર્ણય ઉચ્ચતમ ન્યાયાલયે કરવો જરૂરી છે,

તો, ઉચ્ચતમ ન્યાયાલયને અપીલ થઈ શકશે.

(૨) અનુચ્છેદ ૧૩૨માં ગમે તે મજકૂર હોય તે છતાં, ઉચ્ચતમ ન્યાયાલયમાં ખંડ (૧) હેઠળ અપીલ કરનાર કોઈ પક્ષકાર એ અપીલ માટેના એક કારણ તરીકે એમ દલીલ કરી શકશે કે આ સંવિધાનના અર્થઘટનની બાબતમાં કાયદાના તાત્ત્વિક પ્રશ્નનો નિર્ણય ખોટી રીતે થયો છે.

(૩) આ અનુચ્છેદમાં ગમે તે મજકૂર હોય તે છતાં કાયદાથી સંસદ અન્યથા જોગવાઈ ન કરે, તો ઉચ્ચ ન્યાયાલયના એક જ ન્યાયાધીશના ફેંસલા, હુકમનામા કે આખરી હુકમ ઉપર ઉચ્ચ ન્યાયાલયમાં અપીલ કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૧૩૪ ફોજદારી બાબતોમાં સર્વોચ્ચ અદાલતની અપીલી હકૂમત**

(૧) ભારતના રાજ્યક્ષેત્રમાંની કોઈ ઉચ્ચ ન્યાયાલયની ફોજદારી કાર્યવાહીમાંના કોઈ ફેંસલા, આખરી હુકમ કે સજા ઉપર, જો તે ઉચ્ચ ન્યાયાલયે –

(ક) અપીલ આરોપીની દોષમુક્તિનો હુકમ ફેરવીને તેને મોતની સજા કરી હોય, અથવા

(ખ) પોતાના અધિકાર નીચેના કોઈ ન્યાયાલયમાંથી કોઈ કેસ પોતાના સમક્ષ ચલાવવા માટે પાછળ ખેંચી લીધો હોય અને તેવી ઈન્સાફી કાર્યવાહીમાં આરોપી વ્યક્તિને દોષિત ઠરાવીને મોતની સજા કરી હોય, અથવા

(ગ) કેસ ઉચ્ચતમ ન્યાયાલયમાં અપીલ કરવા યોગ્ય છે, એવુ પ્રમાણપત્ર અનુચ્છેદ ૧૩૪-ક હેઠળ આપ્યું હોય,

તો ઉચ્ચતમ ન્યાયાલયમાં અપીલ કરી શકાશે.

પરંતુ પેટા ખંડ (ગ) હેઠળની અપીલ, અનુચ્છેદ ૧૪૫ના ખંડ (૧) હેઠળ તે અર્થે કરવામાં આવે તેવી જોગવાઈઓને અને ઉચ્ચ ન્યાયાલય ઠરાવે કે ફરમાવે તે શરતોને અધીન રહીને કરી શકાશે.

(૨) ભારતના રાજ્યક્ષેત્રમાંથી કોઈ ઉચ્ચ ન્યાયાલયની ફોજદારી કાર્યવાહીમાંના કોઈ ફેંસલા, આખરી હુકમ કે સજા ઉપર, કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને મર્યાદાઓને અધીન રહીને, અપીલો સ્વીકારવાની તથા સાંભળવાની વધુ સત્તા, કાયદાથી સંસદ ઉચ્ચતમ ન્યાયાલયને આપી શકશે.

Astha Academy Mo.8980961441

**અનુચ્છેદ : ૧૩૪ (ક) સર્વોચ્ચ અદાલતને અપીલ કરવા માટેનું પ્રમાણપત્ર**

અનુચ્છેદ ૧૩૨ના ખંડ (૧) અથવા અનુચ્છેદ ૧૩૩ના ખંડ (૧) અથવા અનુચ્છેદ ૧૩૪ના ખંડ (૧)માં ઉલ્લેખેલ ફેંસલો, હુકમનામું, આખરી હુકમ કે સજા કરનાર દરેક ઉચ્ચ ન્યાયાલય, અનુચ્છેદ ૧૩૨ના ખંડ (૧) અથવા અનુચ્છેદ ૧૩૩ના ખંડ (૧) અથવા, યથાપ્રસંગ, અનુચ્છેદ ૧૩૨ના ખંડ (૧)ના પેટા-ખંડ (ગ)માં ઉલ્લેખેલા પ્રકારનું પ્રમાણપત્ર તે કેસ માટે આપી શકાય કે કેમ તે પ્રશ્નનો નિર્ણય, -

(ક) તેને તેમ કરવાનુ યોગ્ય લાગે, તો તે પછી બનતી ત્વરાએ પોતાની મેળે કરી શકશે, અને

(ખ) નારાજ થયેલા પક્ષકાર તરફથી અથવા તેના તરફથી મૌખિક અરજી કરવામાં આવી હોય, તો તે નિર્ણય, એવો ફેંસલો, હુકમનામું, આખરી હુકમ અથવા સજા કર્યા પછી તેને તરત કરવો જોઈશે.

**અનુચ્છેદ : ૧૩૫ સમવાયી અદાલતની હકૂમત અને સત્તા અંગે સંસદ જોગવાઈ ન કરે ત્યાં સુધી સમવાયી અદાલતની હકૂમત અને સત્તા સર્વોચ્ચ અદાલત વાપરી શકશે**

અનુચ્છેદ ૧૩૩ અથવા અનુચ્છેદ ૧૩૪ની જોગવાઈઓ જેને લાગુ પડતી હોય તેવી જે બાબત અંગે આ સંવિધાનના આરંભની તરત પહેલાં કોઈ વિદ્યમાન કાયદા હેઠળ ફેડરલ ન્યાયાલય હકૂમત અને સત્તા વાપરતું હોય તે બાબત સંબંધમાં કાયદાથી સંસદ અન્યથા જોગવાઈ ન કરે ત્યાં સુધી ઉચ્ચતમ ન્યાયાલયને પણ હકૂમત અને સત્તા રહેશે.

**અનુચ્છેદ : ૧૩૬ સર્વોચ્ચ અદાલતે અપીલ કરવા માટે ખાસ મંજૂરી આપવા બાબત**

(૧) આ પ્રકરણમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ઉચ્ચતમ ન્યાયાલય પોતાની વિવેકબુદ્ધિ અનુસાર ભારતના રાજ્યક્ષેત્રમાંના કોઈ ન્યાયાલયે કે ટ્રિબ્યુનલે કોઈ દાવા કે બાબતમાં આપેલા કોઈ ફેંસલા અથવા કરેલા કોઈ હુકમનામા, નિર્ણય, સજા અથવા હુકમ ઉપર અપીલ કરવાની ખાસ પરવાનગી આપી શકશે.

(૨) સશસ્ત્ર દળો સંબંધી કોઈ કાયદાથી કે તે હેઠળ રચેલા કોઈ ન્યાયાલયે કે ટ્રિબ્યુનલે આપેલા કોઈ ફેસલા અથવા કરેલા કોઈ નિર્ણય, સજા અથવા હુકમને ખંડ(૧)નો કોઈ પણ મજકૂર લાગુ પડશે નહીં.

**અનુચ્છેદ : ૧૩૭ સર્વોચ્ચ અદાલને પોતાના વ્દારા અપાયેલા આદેશો કે નિર્ણયો પર પુનઃવિચારણા કરવાની સત્તા**

સંસદે કરેલા કોઈ કાયદાની અથવા અનુચ્છેદ ૧૪૫ હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને, ઉચ્ચતમ ન્યાયાલયને પોતે સંભળાયેલા કોઈ ફેંસલાની અથવા કરેલા હુકમની પુનર્વિચારણા કરવાની સત્તા રહેશે.

**અનુચ્છેદ : ૧૩૮ સર્વોચ્ચ અદાલતની હકૂમતમાં વૃદ્ધિ કરવા બાબત**

(૧) ઉચ્ચતમ ન્યાયાલયને સંઘ યાદીમાંની કોઈ પણ બાબત અંગે કાયદાથી સંસદ આપે તેવી વધારાની હકૂમત અને સત્તા રહેશે.

(૨) કોઈ બાબત અંગે ભારત સરકાર અને કોઈ રાજ્યની સરકાર ખાસ કરારથી આપે એવી હકૂમત અને સત્તા ઉચ્ચતમ ન્યાયાલય વાપરે તેવી જોગવાઈ કાયદાથી સંસદ કરે તો ઉચ્ચતમ ન્યાયાલયને તેવી વધુ હકૂમત અને સત્તા રહેશે.

**અનુચ્છેદ : ૧૩૯ સર્વોચ્ચ અદાલતને કેટલીક રીટ કાઢવાની સત્તા આપવા બાબત**

અનુચ્છેદ ૩૨ના ખંડ (૨)માં જણાવેલા હોય તે સિવાયના કોઈ હેતુઓ માટે, જેમાં બંદી પ્રત્યક્ષીકરણ (હેબિયસ કોર્પસ), પરમાદેશ (મેન્ડેમસ), પ્રતિષેધ (પ્રોહિબિશન), અધિકાર-પૃચ્છા (ક્વો વોરન્ટો) અને ઉત્પ્રેષણ (સર્શિયોરરી) પ્રકારની રિટ અથવા તેમાંની કોઈ રિટનો સમાવેશ થાય છે તેવા આદેશો, હુકમો અથવા રિટ કાઢવાની સત્તા સંસદ ઉચ્ચતમ ન્યાયાલયને આપી શકશે.

**અનુચ્છેદ : ૧૩૯ (ક) કેટલાક કેસ તબદીલ કરવા સંબંધિત જોગવાઈ**

(૧) જેમાં કાયદાના તેના તે જ અથવા વસ્તુતઃ તે જ તાત્ત્વિક પ્રશ્ન સમાયેલો હોય તેવા કેસો ઉચ્ચતમ ન્યાયાલય અને એક કે વધુ ઉચ્ચ ન્યાયાલયો સમક્ષ અથવા બે કે વધુ ઉચ્ચ ન્યાયાલય સમક્ષ નિકાલ બાકી હોય ત્યારે અને ઉચ્ચતમ ન્યાયાલયને પોતાની મેળે અથવા ભારતના એટર્ની જનરલે અથવા એવા કોઈ કેસના પક્ષકારે કરેલી અરજી ઉપરથી એવી ખાતરી થાય કે એવા પ્રશ્નો વ્યાપક અગત્ય ધરાવતા તાત્વિક પ્રશ્નો છે ત્યારે ઉચ્ચતમ ન્યાયાલય, ઉચ્ચ ન્યાયાલય અથવા ઉચ્ચ ન્યાયાલયો સમક્ષ નિકાલબાકી હોય તેવા કેસો પાછા ખેંચી લઈ શકશે અને પોતે તમામ કેસોનો નિકાલ કરી શકશે.

Astha Academy Mo.8980961441

પરંતુ ઉચ્ચતમ ન્યાયાલય કાયદાના સદરહુ પ્રશ્નોનો નિર્ણય કર્યા પછી, તેવી રીતે પાછો ખેંચી લીધેલો કોઈ પણ કેસ એવા પ્રશ્નો અંગેના ફેસલાની એક નકલ સાથે જે ન્યાયાલયમાંથી કેસ પાછો ખેંચી લીધો હોય તે ઉચ્ચ ન્યાયાલયને પાછો મોકલી શકશે અને ઉચ્ચ ન્યાયાલય તે મળ્યે, એવા ફેસલાને અનુરૂપ કેસોનો નિકાલ કરવાની કાર્યવાહી કરશે.

(૨) ન્યાયનો હેતુ સિદ્ધ કરવા માટે તેમ કરવુ ઈષ્ટ છે એમ ઉચ્ચતમ ન્યાયાલને લાગે તો, તે કોઈ પણ ઉચ્ચ ન્યાયાલયમાં નિકાલબાકી હોય તેવો કોઈ કેસ, અપીલ અથવા બીજી કાર્યવાહી બીજા કોઈ ન્યાયાલયને તબદીલ કરશે.

**અનુચ્છેદ : ૧૪૦ સર્વોચ્ચ અદાલતની સહાયક સત્તા**

આ સંવિધાનથી કે તે હેઠળ ઉચ્ચતમ ન્યાયાલયને અપાયેલી હકૂમત તે ન્યાયાલય વધુ અસરકારક રીતે ભોગવી શકે તે હેતુ માટે જરૂરી કે ઈચ્છવાજોગ જણાય તેવી આ સંવિધાનની કોઈ જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી પૂરક સત્તા તે ન્યાયાલયને આપવા માટે સંસદ કાયદાથી જોગવાઈ કરી શકશે.

**અનુચ્છેદ : ૧૪૧ સર્વોચ્ચ અદાલતની સહાયક સત્તા**

ઉચ્ચતમ ન્યાયાલયે પ્રતિપાદિત કરેલો કાયદો ભારતના રાજ્યક્ષેત્રની અંદરનાં તમામ ન્યાયાલયોને બંધનકર્તા રહેશે.

**અનુચ્છેદ : ૧૪૨ સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલ કાયદો ભારતના રાજ્યક્ષેત્રમાં તમામ અદાલતો માટે બંધનકર્તા રહેશે**

(૧) ઉચ્ચતમ ન્યાયાલય પોતાની હકૂમત વાપરતાં પોતાની સમક્ષ વિચારણા માટે બાકી હોય તેવા કોઈ દાવા કે બાબતમાં સંપૂર્ણ ન્યાય આપવા માટે પોતાને જરૂરી લાગે એવુ હુકમનામુ અથવા એવો હુકમ કરી શકશે અને એ રીતે કરેલા હુકમનામાનો અથવા હુકમનો સંસદે કરેલા કોઈ કાયદાથી કે તે હેઠળ ઠરાવ્યું હોય એ રીતે અને તે અર્થે એ રીતે જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, રાષ્ટ્રપતિ હુકમથી ઠરાવે એ રીતે ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં અમલ થશે.

(૨) સંસદે આ અર્થે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ઉચ્ચતમ ન્યાયાલયને ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર અંગે કોઈ પણ વ્યક્તિને હાજર કરાવવાના, દસ્તાવેજો પ્રગટ કે રજૂ કરાવવાના અથવા પોતાના તિરસ્કારની તપાસ કે શિક્ષા કરવાના હેતુ માટે કોઈ હુકમ કરવાની તમામ અને દરેક સત્તા રહેશે.

**અનુચ્છેદ : ૧૪૩ સર્વોચ્ચ અદાલતની સલાહ લેવાની રાષ્ટ્રપતિની સત્તા**

(૧) રાષ્ટ્રપતિને કોઈ સમયે એમ જણાય કે કાયદાનો કે હકીકતનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે થવાનો સંભવ છે, જે એવા પ્રકારનો અને એવા જાહેર મહત્ત્વનો છે કે તે અંગે ઉચ્ચતમ ન્યાયાલયનો અભિપ્રાય મેળવવો ઈષ્ટ છે, તો તેઓ તે ન્યાયાલયને તે પ્રશ્ન વિચારણા માટે મોકલી શકશે અને તે ન્યાયાલય પોતાને ઉચિત લાગે એવી સુનાવણી કર્યા બાદ, રાષ્ટ્રપતિને તેના ઉપર પોતાનો અભિપ્રાય જણાવી શકશે.

(૨) અનુચ્છેદ ૧૩૧માંના પરંતુકમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ સદરહુ પરંતુકમાં જણાવેલા પ્રકારની તકરાર ઉચ્ચતમ ન્યાયાલયને અભિપ્રાય માટે મોકલી શકશે અને ઉચ્ચતમ ન્યાયાલયે પોતાને ઉચિત લાગે એવી સુનાવણી કર્યા બાદ રાષ્ટ્રપતિને તેના ઉપર પોતાનો અભિપ્રાય જણાવવો જોઈએ.

**અનુચ્છેદ : ૧૪૪ ભારતના રાજ્યક્ષેત્રના તમામ મુલકી અને ન્યાયીક અધિકારીઓએ સર્વોચ્ચ અદાલતની મદદમાં કાર્ય કરવા બાબત**

ભારતના રાજ્યક્ષેત્રમાંના તમામ મુલકી તથા ન્યાયિક સત્તાધિકારીઓ ઉચ્ચતમ ન્યાયાલયની મદદમાં કાર્ય કરી શકશે.

**અનુચ્છેદ : ૧૪૫ અદાલતના નિયમો વગેરે**

(૧) સંસદે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, વખતોવખત રાષ્ટ્રપતિની મંજૂરી લઈને પોતાનાં શિરસ્તા અને કાર્યરીતિનું સામાન્યપણે નિયમન કરવા માટે ઉચ્ચતમ ન્યાયાલય નિયમો કરી શકશે, જેમાં નીચેનાનો સમાવેશ થશે :

(ક) ઉચ્ચતમ ન્યાયાલય સમક્ષ વકીલાત કરતી વ્યક્તિઓ વિશેના નિયમો,

(ખ) અપીલોની સુનાવણી માટેની કાર્યરીતિ તથા અપીલો સંબંધી બીજી બાબતો, તેમાં સદરહુ ન્યાયાલયોમાં અપીલો નોંધવાની સમયમર્યાદાનો સમાવેશ થાય છે તે વિશેના નિયમો,

(ગ) ભાગ ૩ થી આપેલા કોઈ પણ હકનો અમલ કરાવવા માટે સદરહુ ન્યાયાલયમાંની કાર્યવાહી વિશેના નિયમો,

(ગગ) અનુચ્છેદ ૧૩૯-ક હેઠળની ન્યાયાલયમાંની કાર્યવાહી વિશેના નિયમો,

(ઘ) અનુચ્છેદ ૧૩૪ના ખંડ(૧)ના પેટા-ખંડ (ગ) હેઠળ અપીલો સ્વીકારવા વિશેના નિયમો,

Astha Academy Mo.8980961441

(ચ) ઉચ્ચતમ ન્યાયાલયે જાહેર કરેલા ફેંસલાની કે કરેલા હુકમની પુનર્વિચારણા માટેની શરતો અને એવી પુનર્વિચારણા માટે ન્યાયાલયે કરવાની અરજીઓ નોંધવાની સમયમર્યાદા સહિત એવી પુનર્વિચારણા માટેની કાર્યરીતિ વિશેના નિયમો,

(છ) ઉચ્ચતમ ન્યાયાલયમાંની કોઈ કાર્યવાહીના તથા તેના આનુષંગિક ખર્ચને લગતા તેમજ તેમાંની કાર્યવાહી અંગે લેવાની ફી વિશેના નિયમો,

(જ) જમીન આપવા વિશેના નિયમો,

(ઝ) કાર્યવાહી રોકવા વિશેના નિયમો,

(ટ) ઉચ્ચતમ ન્યાયાલયને જે અપીલ ક્ષુલ્લક અથવા ત્રાસદાયક અથવા વિલંબ કરવાના હેતુ માટે કરવામાં આવેલી જણાય તેનો ત્વરિત નિર્ણય કરવા માટે જોગવાઈ કરતા નિયમો,

(ઠ) અનુચ્છેદ ૩૧૭ના ખંડ (૧)માં ઉલ્લેખેલી તપાસ માટેની કાર્યરીતિ વિશેના નિયમો,

(૨) ખંડ (૪)ની જોગવાઈઓને અધીન રહીને, આ અનુચ્છેદ હેઠળ કરેલા નિયમોથી કોઈ હેતુ માટે બેસનારા ન્યાયાધીશોની ઓછામાં ઓછી સંખ્યા નક્કી કરી શકાશે અને એકલ ન્યાયાધીશોની તથા વિભાગીય ન્યાયાલયોની સત્તા માટે જોગવાઈ કરી શકાશે .

(૩) આ સંવિધાનના અર્થઘટન બાબતમાં કાયદાનો તાત્ત્વિક પ્રશ્ન સમાયેલો હોય તેવી બાબતનો નિર્ણય કરવાના હેતુ માટે અથવા અનુચ્છેદ ૧૪૩ હેઠળ વિચારણા માટે મોકલેલી બાબતની સુનાવણી કરવાના હેતુ માટે બેસનારા ન્યાયાધીશોની સંખ્યા ઓછામાં ઓછી પાંચની રહેશે.

પરંતુ આ પ્રકરણની તપાસ અનુચ્છેદ ૧૩૨ સિવાયની કોઈ જોગવાઈઓ હેઠળ અપીલ સાંભળનાર ન્યાયાલય પાંચથી ઓછા ન્યાયાધીશોનું બનેલું હોય અને અપીલની સુનાવણી દરમિયાન તે ન્યાયાલયને ખાતરી થાય કે અપીલમાં આ સંવિધાનના અર્થઘટન બાબતમાં કાયદાનો કોઈ તાત્ત્વિક પ્રશ્ન સમાયેલો છે જે નક્કી કરવાનુ તે અપીલના નિકાલ માટે જરૂરી છે ત્યારે, આવું ન્યાયાલય એ પ્રશ્ન જેમાં સમાયેલો છે તે કેસનો નિર્ણય કરવાના હેતુ માટે આ ખંડની આવશ્યકતા મુજબ રચાયેલા ન્યાયાલયને તે પ્રશ્ન અભિપ્રાય માટે મોકલી આપશે અને તે અભિપ્રાય પ્રાપ્ત થયે તેને અનુસરીને અપીલનો નિકાલ કરશે.

(૪) ઉચ્ચતમ ન્યાયાલય બીજી રીતે નહી, પણ ખુલ્લા ન્યાયાલયમાં ફેંસલો આપશે તેમજ ખુલ્લા ન્યાયાલયમાં જ આપેલા અભિપ્રાય અનુસાર ન હોય તેવો રિપોર્ટ અનુચ્છેદ ૧૪૩ હેઠળ કરી શકશે નહી.

(૫) કેસની સુનાવણી વખતે હાજર હોય તે ન્યાયાધીશોની બહુમતીની સહમતી સિવાય ઉચ્ચતમ ન્યાયાલયમાં કોઈ પણ ફેંસલો કે એવો અભિપ્રાય આપી શકાશે નહી; પણ સહમત ન થતા હોય તેવા ન્યાયાધીશને અસંમતિ દર્શક ફેંસલો કે અભિપ્રાય આપવામાં આ ખંડમાંના કોઈ મજકૂરથી બાધ આવે છે એમ ગણાશે નહી.

### અનુચ્છેદ : ૧૪૬ સર્વોચ્ચ અદાલતના અધિકારીઓ અને કર્મચારીઓ અને તેનુ ખર્ચ

(૧) ઉચ્ચતમ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂકો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા તે જેને આદેશ કરે તેવા તે ન્યાયાલયના બીજા ન્યાયાધીશ અથવા અધિકારી કરશે.

પરંતુ રાષ્ટ્રપતિ નિયમ દ્વારા ફરમાવી શકશે કે સદરહુ નિયમમાં નિર્દિષ્ટ કરવામાં આવે એવા દાખલાઓમાં ઉચ્ચતમ ન્યાયાલય સાથે અગાઉથી જોડાયેલી ન હોય તેવી કોઈ પણ વ્યક્તિને સંઘ લોક સેવા આયોગ સાથે વિચાર વિનિમય કર્યા સિવાય ન્યાયાલય સાથે સંબંધ ધરાવતા કોઈ હોદ્દા ઉપર નીમી શકાશે નહી.

(૨) સંસદે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ઉચ્ચતમ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓની નોકરીની શરતો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ અથવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ આ હેતુ માટે નિયમો કરવાને અધિકૃત કરેલા ન્યાયાલયના કોઈ બીજા ન્યાયાધીશે કે અધિકારીએ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તે રહેશે.

પરંતુ આ ખંડ હેઠળ કરેલા નિયમો, પગાર, ભથ્થાં, રજા કે પેન્શનો સંબંધી હોય તેટલે અંશે, તેને રાષ્ટ્રપતિની જરૂર રહેશે.

(૩) ઉચ્ચતમ ન્યાયાલયનું વહીવટી ખર્ચ, જેમાં તે ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓને અથવા તેમના સંબંધમાં આપવાનાં તમામ પગાર, ભથ્થાં અને પેન્શનોનો સમાવેશ થાય છે, તે ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવશે અને ઉચ્ચતમ ન્યાયાલયે લીધેલી ફી કે અન્ય નાણાં તે ફંડના ભાગરૂપ બનશે.

### અનુચ્છેદ : ૧૪૭ અર્થઘટન

આ પ્રકરણમાં અને ભાગ-૬ ના પ્રકરણ-૫માં આ સંવિધાનના અર્થઘટન બાબતમાં કાયદાના કોઈ તાત્ત્વિક પ્રશ્ન વિશેના ઉલ્લેખોમાં હિંદ રાજ્ય વહીવટ અધિનિયમ, ૧૯૩૫ના તે અધિનિયમ સુધારતા કે પૂરક કોઈ અધિનિયમ સહિત અથવા કોઈ ઓર્ડર ઈન કાઉન્સિલ અથવા તે હેઠળ કરેલા

Astha Academy Mo.8980961441

કોઈ હુકમના અથવા હિંદ સ્વાતંત્ર અધિનિયમ, ૧૯૪૭ના અથવા તે હેઠળ કરેલા હુકમના અર્થઘટનની બાબતમાં કાયદાના તાત્ત્વિક પ્રશ્ન વિષેના ઉલ્લેખોનો સમાવેશ થાય છે એમ સમજવું.

**પ્રકરણ ૫**

**ભારતના નિયંત્રક–મહાલેખા પરીક્ષક**

**અનુચ્છેદ : ૧૪૮ ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ**

(૧) ભારતના એક નિયંત્રક-મહાલેખા પરીક્ષક રહેશે, જેમને રાષ્ટ્રપતિ પોતાના સહી સિક્કાવાળા આદેશપત્રથી નીમશે અને ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશને જે રીતે અને જે કારણે હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે તે રીતે અને તે કારણે તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે.

(૨) ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષક તરીકે નીમાયેલી દરેક વ્યક્તિએ પોતે હોદ્દો સંભાળે તે પહેલાં રાષ્ટ્રપતિ અથવા તેમણે તે અર્થે નીમેલી કોઈ વ્યક્તિ સમક્ષ ત્રીજી અનુસૂચિમાં તે હેતુ માટે આપવામાં આવેલા નમૂના પ્રમાણે શપથ કે પ્રતિજ્ઞા લેવી જોઈશે અને તે પર પોતાની સહી કરવી જોઈશે.

(૩) નિયંત્રક-મહાલેખા પરીક્ષકના પગાર અને સેવાની બીજી શરતો કાયદાથી સંસદ નક્કી કરે તે રહેશે અને એ રીતે નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે.

પરંતુ નિયંત્રક-મહાલેખા પરીક્ષકના પગારમાં અથવા રજા, પેન્શન કે નિવૃત્તિવય અંગેના તેમના હકોમાં તેમની નિમણૂક થયા પછી, તેમને ગેરલાભ થાય તેવો ફેરફાર કરી શકાશે નહી.

(૪) નિયંત્રક-મહાલેખા પરીક્ષક પોતાનો હોદ્દો ધરાવતા બંધ થયા હોય તે પછી, ભારત સરકાર હેઠળના અથવા તો કોઈ રાજ્ય સરકારની હેઠળના બીજા કોઈ હોદ્દા માટે પાત્ર ગણાશે નહી.

(૫) આ સંવિધાનની અને સંસદે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ભારતના ઓડિટ અને હિસાબ ખાતામાં નોકરી કરનાર વ્યક્તિઓની નોકરીની શરતો તેમજ નિયંત્રક-મહાલેખા પરીક્ષકની વહીવટી સત્તા, નિયંત્રક-મહાલેખા પરીક્ષક સાથે વિચાર વિનમય કર્યા પછી, રાષ્ટ્રપતિએ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે એવી રહેશે.

(૬) નિયંત્રક-મહાલેખા પરીક્ષકની કચેરીનું વહીવટી ખર્ચ, જેમાં તે કચેરીમાં નોકરી કરનાર વ્યક્તિઓને અથવા તેમના સંબંધમાં આપવાના તમામ પગાર, ભથ્થાં અને પેન્શનોનો સમાવેશ થાય છે, તે ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવશે.

**અનુચ્છેદ : ૧૪૯ કમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલની ફરજો અને સત્તા**

નિયંત્રક-મહાલેખા પરીક્ષક, સંઘના તથા રાજ્યોના તથા અન્ય કોઈ સત્તામંડળના અથવા મંડળના હિસાબ સંબંધમાં સંસદે કરેલા કોઈ કાયદાથી કે તે હેઠળ ઠરાવવામાં આવે તેવી ફરજો અદા કરશે અને તેવી સત્તા વાપરશે અને તે અર્થે એ રીતે જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, સંઘના અને રાજ્યોના હિસાબ સંબંધમાં આ સંવિધાનના આરંભની તરત પહેલાં અનુક્રમે હિંદ ડુમિનિયન અને પ્રાંતોના હિસાબ સંબંધમાં ભારતના મહાલેખા પરીક્ષકને સોંપયેલી હોય તે ફરજો અદા કરશે અથવા તેમણે વાપરવાની હોય તે સત્તાઓ વાપરશે.

**અનુચ્છેદ : ૧૫૦ કેન્દ્ર અને રાજ્યોના હિસાબોના નમૂના**

સંઘના તેમજ રાજ્યોના હિસાબો ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષકની સલાહથી રાષ્ટ્રપતિ ઠરાવે તેવા નમૂનામાં રાખવામાં આવશે.

**અનુચ્છેદ : ૧૫૧ ઓડિટ રિપોર્ટ**

(૧) સંઘના હિસાબો સંબંધી ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષકના રિપોર્ટો રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવા જોઈશે અને તેઓ તેને સંસદના દરેક ગૃહ સમક્ષ મુકાવશે.

(૨) રાજ્યના હિસાબો સંબંધી ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષકના રીપોર્ટો રાજ્યના રાજ્યપાલ સમક્ષ રજૂ કરવા જોઈશે અને તેઓ તેને રાજ્યના વિધાનમંડળ સમક્ષ મુકાવશે.

# ભાગ – ૬ : રાજ્યો

## પ્રકરણ ૧ : સામાન્ય

**અનુચ્છેદ : ૧૫૨ રાજ્યની વ્યાખ્યા**

આ ભાગમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,''રાજ્ય'' એ શબ્દમાં જમ્મુ અને કાશ્મીર રાજ્યનો સમાવેશ થતો નથી.

**પ્રકરણ ૨ કારોબારી**

**રાજ્યપાલ**

Astha Academy Mo.8980961441

**અનુચ્છેદ : ૧૫૩ રાજ્યોના રાજ્યપાલો**

દરેક રાજ્યના એક રાજ્યપાલ રહેશે.

પરંતુ એક જ વ્યક્તિની બે અથવા વધુ રાજ્યોના રાજ્યપાલ તરીકેની નિમણૂકને આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરથી બાધ આવશે નહી.

**અનુચ્છેદ : ૧૫૪ રાજ્યની કારોબારી સત્તા**

(૧) રાજ્યની કારોબારી સત્તા રાજ્યપાલમાં નિહિત થશે અને તે સત્તા આ સંવિધાન અનુસાર તેઓ પોતે અથવા પોતાના તાબાના અધિકારીઓ મારફ્ત વાપરશે.

(૨) આ અનુચ્છેદમાંના કોઈ મજકૂરથી –

(ક) કોઈ વિદ્યમાન કાયદાથી કોઈ બીજા સત્તાધિકારીને અપાયેલાં કાર્યો રાજ્યપાલને સોંપાયેલા ગણાશે નહી, અથવા

(ખ) રાજ્યપાલના તાબાના કોઈ સત્તાધિકારીને કાયદાથી કાર્યો સોંપવામાં સંસદને અથવા રાજ્યના વિધાનમંડળને બાધ આવશે નહી.

**અનુચ્છેદ : ૧૫૫ રાજ્યપાલની નિમણૂક**

કોઈ પણ રાજ્યના રાજ્યપાલને રાષ્ટ્રપતિ પોતાના સહી સિક્કાવાળા આદેશપત્રથી નીમશે.

**અનુચ્છેદ : ૧૫૬ રાજ્યપાલની મુદત**

(૧) રાજ્યપાલ રાષ્ટ્રપતિની મરજી હોય તયાં સુધી હોદ્દો ધરાવશે.

(૨) રાજ્યપાલ, રાષ્ટ્રપતિને સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી પોતાના હોદ્દાનું રાજીનામુ આપી શકશે.

(૩) આ અનુચ્છેદની અગાઉની જોગવાઈઓને અધીન રહીને, રાજ્યપાલના હોદ્દાની મુદત, તેઓ પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી પાંચ વર્ષની રહેશે.

પરંતુ રાજ્યપાલ પોતાના હોદ્દાની મુદત પૂરી થવા છતાં, તેમના ઉત્તરાધિકારી હોદ્દો ન સંભાળે ત્યાં સુધી હોદ્દા ઉપર ચાલુ રહેશે.

**અનુચ્છેદ : ૧૫૭ રાજ્યપાલની નિમણૂક માટેની લાયકાત**

ભારતની નાગરિક ન હોય અને પાંત્રીસ વર્ષની ઉમર પૂરી કરી ચૂકી ન હોય તેવી કોઈ વ્યક્તિ રાજ્યપાલ તરીકે નીમાવા માટે પાત્ર ગણાશે નહીં.

**અનુચ્છેદ : ૧૫૮ રાજ્યપાલના હોદ્દાની શરતો**

(૧) રાજ્યપાલ સંસદનાં બેમાંથી કોઈ ગૃહના અથવા પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા કોઈ રાજ્યના વિધાનમંડળના કોઈ ગૃહના સભ્ય હોવા જોઈશે નહી અને સંસદનાં બેમાંથી કોઈ ગૃહના અથવા કોઈ રાજ્યના વિધાનમંડળના કોઈ ગૃહના સભ્ય જો રાજ્યપાલ તરીકે નીમાય તો તેઓ રાજ્યપાલ તરીકે પોતાનો હોદ્દો સંભાળે તે તારીખે તેમણે તે ગૃહમાંની પોતાની બેઠક ખાલી કરી ગણાશે.

(૨) રાજ્યપાલ બીજો કોઈ લાભદાયક હોદ્દો ધરાવી શકશે નહીં.

(૩) રાજ્યપાલને ભાડું આપ્યા વગર પોતાના હોદ્દાકીય નિવાસનો ઉપયોગ કરવાનો તેમજ કાયદાથી સંસદ ઠરાવે તે મળતરો, ભથ્થાં અને વિશેષાધિકારો મેળવવાનો હક રહેશે અને તે અર્થે એ રીતે જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનાં મળતરો, ભથ્થાં અને વિશેષાધિકારો મેળવવાનો હક રહેશે.

(૩-ક) એક જ વ્યક્તિને બે અથવા વધુ રાજ્યોના રાજ્યપાલ તરીકે નીમવામાં આવી હોય ત્યારે, તે રાજ્યપાલને આપવાનાં મળતરો અને ભથ્થાં રાષ્ટ્રપતિ હુકમ કરીને નક્કી કરે તે પ્રમાણમાં તે રાજ્યો વચ્ચે ફાળવવામાં આવશે.

(૪) રાજ્યપાલનાં મળતરો અને ભથ્થાં તેમના હોદ્દાની મુદત દરમિયાન ઘટાડી શકાશે નહી.

**અનુચ્છેદ : ૧૫૯ રાજ્યપાલે લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા**

દરેક રાજ્યપાલનાં કાર્યો બજાવતી દરેક વ્યક્તિએ પોતાનો હોદ્દો સંભાળતાં પહેલાં તે રાજ્યના સંબંધમાં હકૂમત ધરાવતા ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા તેમની ગેરહાજરીમાં તે ન્યાયાલયના ઉપલબ્ધ ન્યાયાધીશોમાંથી સૌથી સિનિયર ન્યાયાધીશની હાજરીમાં નીચેના નમૂનામાં શપથ અથવા પ્રતિજ્ઞા લેવી જોઈએ અને તેમાં પોતાની સહી કરવી જોઈશે :-

“હું, અ, બ ઈશ્વરને નામે સોગંદ લઉ છું/ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું કે હું ........................................................................ ... (રાજ્યનું નામ)ના રાજ્યપાલના હોદ્દાની ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરીશ, (અથવા રાજ્યપાલનાં કાર્યો બજાવીશ) અને મારી પૂરી શક્તિથી સંવિધાન અને કાયદાની જાળવણી, રક્ષણ અને બચાવ કરીશ, તથા ........... (રાજ્યનું નામ)ના લોકોની સેવા અને કલ્યાણમાં રત રહીશ.”

Astha Academy Mo.8980961441

**અનુચ્છેદ : ૧૬૦ અમૂક આકસ્મિક પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિ રાજયપાલનાં કાર્યો માટે યોગ્ય જોગવાઈ કરી શકશે**

આ પ્રકરણમાં જેને માટે જોગવાઈ કરી ન હોય એવા કોઈ આકસ્મિક પ્રસંગે રાષ્ટ્રપતિ, રાજ્યના રાજ્યપાલનાં કાર્યો બજાવવા માટે પોતાને યોગ્ય લાગે તેવી જોગવાઈ કરી શકશે.

**અનુચ્છેદ : ૧૬૧ માફી વગેરે આપવાની તથા અમૂક દાખલાઓમાં સજા મુલતવી રાખવાની, તેમાંથી મુક્તિ આપવાની અથવા તે હળવી કરવાની રાજયપાલની સત્તા**

રાજ્યના રાજ્યપાલને, રાજ્યની કારોબારી સત્તા જે બાબત સુધી વિસ્તરતી હોય તે સંબંધી કોઈ કાયદા વિરુદ્ધના ગુના માટે દોષિત ઠરેલી વ્યક્તિને થયેલી શિક્ષા માફ કરવાની, તેનો અમલ મોકૂફ રાખવાની, તેમાં મહેતલ આપવાની કે તેમાંથી મુક્તિ આપવાની અથવા ફરમાવેલી સજાને મુલતવી રાખવાની, તેમાંથી મુક્તિ આપવાની અથવા તે હળવી કરવાની સત્તા રહેશે.

**અનુચ્છેદ : ૧૬૨ રાજયોની કારોબારી સત્તાનો વિસ્તાર**

આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, રાજ્યની કારોબારી સત્તા તે રાજ્યના વિધાનમંડળને જેને અંગે કાયદા કરવાની સત્તા હોય તેવી બાબતો સુધી વિસ્તરશે.

પરંતુ જેના અંગે રાજ્યના વિધાનમંડળને અને સંસદને કાયદા કરવાની સત્તા હોય તેવી બાબતમાં રાજ્યની કારોબારી સત્તા આ સંવિધાનથી અથવા સંસદે કરેલા કોઈ કાયદાથી સંઘ અથવા તેના સત્તામંડળોને સ્પષ્ટણે અપાયેલી સત્તાએ આધીન રહેશે અને તેનાથી મર્યાદિત બનશે.

**અનુચ્છેદ : ૧૬૩ રાજયપાલને મદદ અને સલાહ માટે મંત્રીમંડળ**

(૧) રાજ્યપાલે આ સંવિધાનથી અથવા તે હેઠળ જેટલે સુધી જે કાર્યો બજાવવાનાં આવશ્યક હોય અથવા પોતાની મુનસફી અનુસાર તેમાંનાં કોઈ કાર્યો બજાવવાનું આવશ્યક હોય તેવા કાર્યો સિવાયનાં કાર્યો બજાવવામાં રાજ્યપાલને મદદ કરવા અને સલાહ આપવા માટે એક મંત્રીમંડળ રહેશે, જેના વડા મુખ્યમંત્રી રહેશે.

(૨) આ સંવિધાનથી અથવા તે હેઠળ રાજ્યપાલને પોતાની વિવેધબુદ્ધિ અનુસાર કોઈ બાબત અંગે કાર્ય કરવાનુ આવશ્યક છે કે નહી તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય, તો રાજ્યપાલે પોતાની વિવેકબુદ્ધિ અનુસાર કરેલો નિર્ણય આખરી ગણાશે અને તેમણે કરેલા કોઈ કાર્યની કાયદેસરતા સામે તેમણે તે પોતાની વિવેકબુદ્ધિ અનુસાર કરવુ જોઈતુ હતુ કે નહોતુ કરવુ જોઈતુ એ કારણે વાંધો ઉઠાવી શકાશે નહી.

(૩) મંત્રીઓએ રાજ્યપાલને કોઈ સલાહ આપી હતી કે કેમ, અને આપી હોય તો શી આપી હતી, એ પ્રશ્નની કોઈ ન્યાયાલયમાં તપાસ કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૧૬૪ મંત્રીઓ અંગેની અન્ય જોગવાઈઓ**

(૧) મુખ્યમંત્રીને રાજ્યપાલ નીમશે અને મુખ્યમંત્રીની સલાહથી રાજ્યપાલ બીજા મંત્રીઓ નીમશે અને મંત્રીઓ, રાજ્યપાલની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

**પરંતુ** છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ અને ઓરિસ્સા રાજ્યોમાં આદિજાતિના કલ્યાણની બાબત જેમના હસ્તક હોય તેવા એક મંત્રી રહેશે, જેઓ વધુમાં અનુસૂચિત જાતિઓ અને પછાત વર્ગોના કલ્યાણની બાબતો અથવા બીજી કોઈ કામગીરી સંભાળી શકશે.

(૧ક) કોઈ રાજ્યના મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત **મંત્રીઓની કુલ સંખ્યા** તે રાજ્યની વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના **પંદર ટકાથી વધુ હોવી જોઈશે નહીં**.

**પરંતુ** રાજ્યમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા **બારથી ઓછી હોવી જોઈશે નહીં**.

વધુમાં, કોઈ પણ રાજ્યના મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની કુલ સંખ્યા **સવિધાન (એકાણુમા સુધારા) અધિનિયમ, ૨૦૦૩**ના આરંભ વખતે, સદરહુ પંદર ટકા અથવા યથાપ્રસંગ, પ્રથમ પરંતુકમાં નિર્દિષ્ટ કરેલી સંખ્યાથી વધુ હોય તો તે રાજયમાં મંત્રીઓની કુલ સંખ્યા, રાષ્ટ્રપતિ જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખથી છ મહિનાની અંદર, આ ખંડની જોગવાઈઓને સુસંગત કરવી જોઈશે.

(૧ખ) કોઈ પણ રાજકીય પક્ષના કોઈ રાજયની વિધાનસભાના અથવા વિધાન પરિષદવાળા રાજ્યના વિધાનમંડળના બેમાંથી કોઈ પણ ગૃહના સભ્ય જેઓ, દસમી અનુસૂચિના પરિચ્છેદ ૨ હેઠળ તે ગૃહના સભ્ય હોવા માટે ગેરલાયક ઠર્યા હોય તેઓ, પોતાની ગેરલાયકાતની તારીખથી શરૂ થતી અને એવા સભ્ય તરીકે પોતાના હોદ્દાની મુદત પૂરી થાય તે તારીખ સુધીની અથવા આવી મુદત પૂરી થાય તે પહેલાં પોતે રાજ્યની વિધાનસભાની અથવા યથાપ્રસંગ, વિધાન પરિષદવાળા રાજ્યના વિધાનમંડળના

Astha Academy, Mo.8980961441

બેમાંથી કોઈ પણ ગૃહની ચૂંટણી લડતા હોય, તો તેમને ચૂંટાયેલા જાહેર કરવામાં આવે તે તારીખ સુધીની, બેમાંથી જે વહેલી હોય તે મુદત દરમ્યાન ખંડ (૧) હેઠળ મંત્રી તરીકે નીમાવા માટે પણ ગેરલાયક ગણાશે.
(૨) મંત્રીમંડળ રાજ્યની વિધાનસભાને સામૂહિક રીતે જવાબદાર રહેશે.
(૩) કોઈ મંત્રી પોતાનો હોદ્દો સંભાળે તે પહેલાં રાજ્યપાલ તેમની પાસે ત્રીજી અનુસૂચિમાં આ હેતુ માટે આપવામાં આવેલા નમૂના અનુસાર હોદ્દાના અને ગુપ્તતાના શપથ લેવડાવશે.
(૪) સતત છ મહિનાની મુદત સુધી રાજ્યના વિધાનમંડળના સભ્ય ન હોય તે મંત્રી એ મુદત પૂરી થયે મંત્રી તરીકે રહેશે નહી.
(૫) મંત્રીઓના પગાર અને ભથ્થાં રાજ્યનું વિધાનમંડળ વખતોવખત કાયદાથી ઠરાવે તેવાં રહેશે અને રાજ્યનું વિધાનમંડળ એ રીતે ન ઠરાવે ત્યાં સુધી, બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે.

## રાજ્યના એડવોકેટ જનરલ

**અનુચ્છેદ : ૧૬૫ રાજ્યના એડવોકેટ જનરલ**

(૧) દરેક રાજ્યના રાજ્યપાલ, ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમાવાને લાયક હોય તેવી કોઈ વ્યક્તિને રાજ્યના એડવોકેટ જનરલ તરીકે નીમશે.
(૨) રાજ્યપાલ તરફથી વખતોવખત વિચારણા માટે મોકલવામાં આવે કે સોપવામાં આવે તેવી કાયદા વિષયક બાબતોમાં રાજ્યની સરકારને સલાહ આપવાની અને કાયદાના રૂપની બીજી ફરજો બજાવવાની અને આ સંવિધાન અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાથી કે તે હેઠળ તેમને સોંપાયેલાં કાર્યો બજાવવાની એડવોકેટ જનરલની ફરજો રહેશે.
(૩) એડવોકેટ જનરલ રાજ્યપાલની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે અને તેમને રાજ્યપાલ નક્કી કરે તે મહેનતાણું મળશે.

## સરકારી કામકાજનું સંચાલન

**અનુચ્છેદ : ૧૬૬ રાજ્યના સરકારી કામકાજનું સંચાલન**

(૧) રાજ્ય સરકારનું તમામ કારોબારી કાર્ય રાજ્યપાલના નામે થયું છે તેમ કહેવાશે.
(૨) રાજ્યપાલના નામથી કરેલા અને તેમના સહી-સિક્કાવાળા હુકમો અને બીજા ખતો રાજ્યપાલે કરવાના નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે રીતે પ્રમાણિત કરવામાં આવશે અને એ રીતે પ્રમાણિત કરેલા કોઈ હુકમ અથવા ખતની કાયદેસરતા સામે, તે હુકમ અથવા ખત રાજ્યપાલે કરેલું નથી કે તેમના સહી-સિક્કાવાળુ નથી એ કારણે વાંધો ઉઠાવી શકાશે નહી.
(૩) રાજ્ય સરકારના કામકાજના વધુ સુગમ સંચાલન માટે અને આ સંવિધાનથી કે તે હેઠળ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર કાર્ય કરવાનુ પોતાને માટે આવશ્યક હોય તે સિવાયનું કામકાજ મંત્રીઓ વચ્ચે ફાળવવા માટે રાજ્યપાલ નિયમો કરશે.

**અનુચ્છેદ : ૧૬૭ રાજ્યપાલને માહિતી પૂરી પાડવા વગેરે સંબંધિત મુખ્યમંત્રીની ફરજો**

દરેક રાજ્યના મુખ્યમંત્રીની ફરજો નીચે પ્રમાણે રહેશે :-
(ક) રાજ્યના કામકાજના વહીવટ અને કાયદા કરવા માટેની દરખાસ્તો સંબંધી મંત્રીમંડળના તમામ નિર્ણયોની રાજ્યના રાજ્યપાલને જાણ કરવાની.
(ખ) રાજ્યના કામકાજના વહીવટ અને કાયદા કરવા માટેની દરખાસ્તો સંબંધી રાજ્યપાલ માગે તે માહિતી પૂરી પાડવાની, અને
(ગ) જેને વિશે કોઈ મંત્રીએ નિર્ણય લીધો હોય; પણ મંત્રીમંડળે વિચારણા કરી ન હોય; તેવી કોઈ બાબત રાજ્યપાલ ફરમાવે તો મંત્રીમંડળની વિચારણા માટે રજૂ કરવાની.

## પ્રકરણ ૩
## રાજ્યનું વિધાનમંડળ

### સામાન્ય

**અનુચ્છેદ : ૧૬૮ રાજ્યોના વિધાનમંડળની રચના**

(૧) દરેક રાજ્યનું એક વિધાનમંડળ રહેશે, જે રાજ્યપાલ અને,
(ક) આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ અને તેલંગાણા રાજ્યોમાં બે ગૃહોનું અને
(ખ) બીજા રાજ્યોમાં એક ગૃહનું બનશે.

Astha Academy Mo.8980961441

(૨) રાજ્યના વિધાનમંડળનાં બે ગૃહો હોય; તો એક વિધાન પરિષદ અને બીજું વિધાનસભા એ નામે ઓળખાશે અને એક ગૃહ હોય; ત્યાં તે વિધાનસભા નામે ઓળખાશે.

**અનુચ્છેદ :૧૬૯ રાજ્યોમાં વિધાન પરિષદોની નાબૂદી અથવા રચના**

(૧) અનુચ્છેદ ૧૬૮ માં ગમે તે મજકૂર હોય તે છતાં, વિધાન પરિષદવાળા રાજ્યમાં પરિષદ નાબૂદ કરવા માટે અથવા તેવી પરિષદ વિનાના રાજ્યમાં પરિષદ રચવા માટે તે રાજ્યની વિધાનસભા તેની કુલ સભ્યસંખ્યાની બહુમતીથી અને સભામાં હાજર રહીને મત આપનારા સભ્યોની ઓછામાં ઓછી બે તૃતીયાંશ બહુમતીથી તે મતલબનો ઠરાવ કરે, તો કાયદાથી સંસદ તેની જોગવાઈ કરી શકશે.

(૨) ખંડ (૧)માં ઉલ્લેખેલા કોઈ કાયદાની અંદર તે કાયદાની જોગવાઈઓના અમલ માટે તેમાં આ સંવિધાનને સુધારવા માટે જરૂરી જોગવાઈઓનો સમાવેશ થવો જોઈશે અને સંસદ આવશ્યક ગણે એવી પૂરક, આનુષંગિક અને પારિણામિક જોગવાઈઓનો પણ તેમાં સમાવેશ થઈ શકશે.

(૩) ઉપર જણાવેલો કોઈ કાયદો અનુચ્છેદ ૩૬૮ના હેતુઓ માટે આ સંવિધાનનો સુધારો ગણાશે નહી.

**અનુચ્છેદ : ૧૭૦ વિધાનસભાની રચના**

(૧) અનુચ્છેદ ૩૩ની જોગવાઈઓને અધીન રહીને દરેક રાજ્યની વિધાનસભા રાજ્યમાંના પ્રાદેશિક મતદાર મંડળોમાંથી સીધી ચૂંટણીથી પસંદ કરેલા **વધુમાં વધુ પાંચસો અને ઓછામાં ઓછા સાઠ સભ્યો**ની બનશે.

(૨) ખંડ (૧) ના હેતુઓ માટે, દરેક રાજ્યનું પ્રાદેશિક મતદાર મંડળોમાં એવી રીતે વિભાજન કરવામાં આવશે કે તેથી દરેક મતદાર મંડળની વસ્તી અને તેને ફાળવવામાં આવેલી બેઠકોની સંખ્યા વચ્ચેનું પ્રમાણ શક્ય હોય ત્યાં સુધી તે રાજ્યમાં સર્વત્ર એકસરખું રહે.

**સ્પષ્ટીકરણ** :

આ ખંડમાં "વસ્તી" એ શબ્દનો અર્થ, જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસ્તીગણતરીમાં નક્કી થયા પ્રમાણેની વસ્તી એવો થાય છે.

પરંતુ આ સ્પષ્ટીકરણમાં જેને લગતા આંકડા પ્રસિદ્ધ થયા હોય તેવી છેલ્લી વસ્તી ગણતરીના આંકડામાં છેલ્લા ઉલ્લેખનો અર્થ સને ૨૦૨૬ પછી કરેલી પ્રથમ વસ્તીગણતરીને લગતા આંકડા પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી, સન ૨૦૦૧ની વસ્તી ગણતરીના ઉલ્લેખ તરીકે કરવો જોઈશે.

(૩) દરેક વસ્તી ગણતરી પૂરી થયે દરેક રાજ્યની વિધાનસભામાંની બેઠકોની કુલ સંખ્યાની અને દરેક રાજ્યના પ્રાદેશિક મતદાર મંડળોમાં વિભાજનની કાયદાથી સંસદ ઠરાવે તેવા સત્તાધિકારી વડે અને તે રીતે ફેર ગોઠવણી કરવામાં આવશે.

પરંતુ તે વખતની વિદ્યમાન સભાનું વિસર્જન ન થાય ત્યાં સુધી, આવી ફેર ગોઠવણીની અસર વિધાનસભામાંના પ્રતિનિધિત્વ ઉપર થશે નહી.

વધુમાં, આવી ગોઠવણી, રાષ્ટ્રપતિ હુકમ કરીને નિર્દિષ્ટ કરે તેવી તારીખથી અમલમાં આવશે અને આવી ફેર ગોઠવણી અમલમાં ન આવે ત્યાં સુધી વિધાનસભાની કોઇ પણ ચૂંટણી આવી ફેર ગોઠવણી પહેલાંનાં વિદ્યમાન પ્રાદેશિક મતદાર મંડળોના ધોરણે કરી શકાશે.

વળી, સન ૨૦૨૬ પછી કરેલી પ્રથમ વસ્તીગણતરીને લગતા આંકડા પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી, આ ખંડ હેઠળ -

(૧) સન ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે ફેરગોઠવણી કર્યા પ્રમાણે દરેક રાજ્યની વિધાનસભાની બેઠકોની કુલ સંખ્યાની ફેરગોઠવણી કરવાનુ, અને

(૨) સને ૨૦૦૧ની વસ્તી ગણતરીના આધારે ફેરગોઠવણી કરવામાં આવે તે પ્રમાણે રાજ્યનું પ્રાદેશિક મતદાર મંડળોમાં વિભાજનની ફેરગોઠવણી કરવાનુ જરૂરી રહેશે નહી.

**અનુચ્છેદ : ૧૭૧ વિધાન પરિષદોની રચના**

(૧) વિધાન પરિષદવાળા રાજ્યની **વિધાન પરિષદના સભ્યોની કુલ સંખ્યા** તે રાજ્યની **વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના એક તૃતીયાંશ** કરતાં વધુ રહેશે નહી.

પરંતુ રાજ્યની વિધાન પરિષદનાં સભ્યોની કુલ સંખ્યા **કોઈ પણ સંજોગોમાં ચાલીસથી ઓછી** હોવી જોઈશે **નહી**.

**અનુચ્છેદ : ૧૭૨ રાજ્યોના વિધાનમંડળોની મુદત**

(૧) દરેક રાજ્યની વિધાનસભાનું વહેલું વિસર્જન ન થાય તો તેની પહેલી બેઠક માટે નક્કી થયેલી તારીખથી પાંચ વર્ષ સુધી તે ચાલુ રહેશે પણ તેથી વધુ નહી અને સદરહું પાંચ વર્ષની મુદત પૂરી થયે તે સભાનું વિસર્જન થયું ગણાશે.

પરંતુ કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય તે દરમિયાન સંસદ કાયદો કરીને સદરહુ મુદત એકસાથે વધુમાં વધુ એક વર્ષ સુધી લંબાવી શકશે. પરંતુ ઉદઘોષણાનો અમલ બંધ થયા પછી કોઈ પણ સંજોગોમાં તે મુદત વધુમાં વધુ છ મહિના કરતાં વધારે લંબાવી શકાશે નહી.

Astha Academy Mo.8980961441

(૨) રાજ્યની વિધાન પરિષદનું વિસર્જન થઈ શકશે નહી, પણ તેની એક તૃતીયાંશની શક્ય હોય તેટલી નજીકમાં નજીકની સંખ્યાના સભ્યો, સંસદે તે અર્થે કાયદાથી કરેલી જોગવાઈઓ અનુસાર દર બીજા વર્ષના અંતે બનતી ત્વરાએ નિવૃત્ત થશે.

**અનુચ્છેદ : ૧૭૩ વિધાનમંડળના સભ્યપદ માટેની લાયકાત**

કોઈ વ્યક્તિ –

(ક) ભારતની નાગરિક ન હોય, અને ચૂંટણી કમિશને તે અર્થે અધિકાર આપેલી કોઈ વ્યક્તિ સમક્ષ ત્રીજી અનુસૂચિમાં એ હેતુ માટે આપેલા નમૂના અનુસાર જેણે શપથ અથવા પ્રતિજ્ઞા લીધી ન હોય અને તેણે તે પર સહી કરી ન હોય,

(ખ) વિધાનસભાની બેઠક માટે ઓછામાં ઓછા પચીસ વર્ષની અને વિધાન પરિષદની બેઠક માટે ઓછામાં ઓછા ત્રીસ વર્ષની ઉંમરની ન હોય અને

(ગ) સંસદે કરેલા કોઈ કાયદાથી કે તે હેઠળ તે અર્થે ઠરાવવામાં આવે તેવી બીજી લાયકાતો ધરાવતી ન હોય તો,

- તે રાજ્યના વિધાનમંડળમાંની કોઈ બેઠક માટે પસંદગી પામવાને લાયક ગણાશે નહી.

**અનુચ્છેદ : ૧૭૪ રાજયના વિધાનમંડળનું સત્ર, સત્ર સમાપ્તિ અને વિસર્જન**

(૧) રાજ્યપાલ, રાજ્યના વિધાનમંડળના ગૃહની અથવા દરેક ગૃહની બેઠક, પોતાને યોગ્ય લાગે તે સમયે અને સ્થળે વખતોવખત બોલાવશે.

પરંતુ એક સત્રમાંની તેની છેલ્લી બેઠક અને તરત પછીના સત્રમાંની તેની પહેલી બેઠક માટે નક્કી કરેલી તારીખો વચ્ચે છ મહિના કરતાં વધારે લાંબો ગાળો પડવો જોઈશે નહી.

(૨) રાજ્યપાલ વખતોવખત-

(ક) ગૃહની અથવા બેમાંથી કોઈ ગૃહની સત્રસમાપ્તિ કરી શકશે,

(ખ) વિધાનસભાનું વિસર્જન કરી શકશે.

**અનુચ્છેદ : ૧૭૫ ગૃહને સંબોધન કરવાનો અને સંદેશો મોકલવાનો રાજયપાલનો અધિકાર**

(૧) રાજ્યપાલ વિધાનસભાને અથવા વિધાન પરિષદવાળા રાજ્યની બાબતમાં રાજ્યના વિધાનમંડળના બેમાંથી કોઈ ગૃહને અથવા એકત્રિત થયેલાં બંને ગૃહોને સંબોધી શકશે અને તે હેતુ માટે સભ્યોને હાજર રહેવા જણાવી શકશે.

(૨) રાજ્યપાલ, રાજ્યના વિધાનમંડળના ગૃહને અથવા ગૃહોને વિધાનમંડળમાં તે સમયે વિચારણા માટે બાકી હોય તેવા વિધેયક અંગે કે અન્ય બાબત અંગે સંદેશા મોકલી શકશે અને જે ગૃહને એ રીતે સંદેશો મોકલવામાં આવે તે ગૃહે સંદેશામાં વિચારણામાં લેવી આવશ્યક ગણી હોય તે બાબત બનતી ત્વરાએ વિચારણામાં લેવી જોઈએ.

**અનુચ્છેદ : ૧૭૬ રાજયપાલનું ગૃહોને ખાસ સંબોધન**

(૧) વિધાનસભાની દરેક સામાન્ય ચૂંટણી પછીના પહેલા સત્રને અને દરેક વર્ષના પહેલા સત્રને આરંભે રાજ્યપાલ વિધાનસભાને અથવા વિધાન પરિષદવાળા રાજ્યની બાબતમાં એકત્રિત થયેલાં બન્ને ગૃહોને સંબોધશે અને વિધાનમંડળને બોલાવવાનાં કારણો જણાવશે.

(૨) એવા સંબોધનમાં ઉલ્લેખેલી બાબતોની ચર્ચા માટે સમય ફાળવવા માટે ગૃહની અથવા બેમાંથી કોઈ ગૃહની કાર્યરીતિનું નિયમન કરતા નિયમોથી જોગવાઈ કરવામાં આવશે.

**અનુચ્છેદ : ૧૭૭ ગૃહો સંબંધિત મંત્રીઓ અને એડવોકેટ જનરલનો અધિકાર**

રાજ્યના દરેક મંત્રીને અને એડવોકેટ જનરલને રાજ્યની વિધાનસભામાં અથવા વિધાન પરિષદવાળા રાજ્યની બાબતમાં બન્ને ગૃહોમાં બોલવાનો અને બીજી રીતે તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો અને જેમાં તેમનું નામ સભ્ય તરીકે મૂકવામાં આવ્યું હોય તેવી વિધાનમંડળની કોઈ સમિતિમાં બોલવાનો અને બીજી રીતે તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો હક રહેશે, પણ તેમને આ અનુચ્છેદની રૂએ મત આપવાનો હક રહેશે નહી.

## રાજ્ય વિધાનમંડળના અધિકારીઓ

**અનુચ્છેદ : ૧૭૮ વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ**

રાજ્યની દરેક વિધાનસભા, બનતી ત્વરાએ પોતાના બે સભ્યોને અનુક્રમે તેના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરશે અને યથાપ્રસંગ, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષનો હોદ્દો ખાલી પડે ત્યારે સભા બીજા સભ્યને અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરશે.

**અનુચ્છેદ : ૧૭૯ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદની ખાલી જગ્યા, રાજીનામુ અને હોદ્દા પરથી રૂખસદ**

સભાના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ તરીકે હોદ્દો ધરાવતા સભ્ય –

Astha Academy Mo.8980961441

(ક) સભાના સભ્ય ન રહે તો, તેમણે પોતાનો હોદ્દો ખાલી કરવો જોઈશે.
(ખ) એવા સભ્ય અધ્યક્ષ હોય તો ઉપાધ્યક્ષને અને ઉપાધ્યક્ષ હોય તો અધ્યક્ષને સંબોધીને, પોતાની સહીથી કરેલા લખાણથી, ગમે ત્યારે પોતાના હોદ્દાનું રાજીનામુ આપી શકશે અને
(ગ) સભાના તે વખતના તમામ સભ્યોની બહુમતીએ પસાર કરેલા સભાના ઠરાવથી તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે.

**પરંતુ** ખંડ (ગ)ના હેતુ માટેના ઠરાવ અંગે તે રજૂ કરવાના ઈરાદાની ઓછામાં ઓછી ચૌદ દિવસની નોટિસ અપાઈ ન હોય તો રજૂ કરી શકાશે નહીં.

વધુમાં, સભાનું વિસર્જન થાય ત્યારે વિસર્જન પછીની સભાની પહેલી બેઠક મળે તેની તરત પહેલાં સુધી અધ્યક્ષ પોતાનો હોદ્દો ખાલી કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૧૮૦ અધ્યક્ષના કર્તવ્યોનું પાલન કરવાની અથવા અધ્યક્ષના રૂપમાં કાર્ય કરવાની ઉપાધ્યક્ષ અથવા અન્ય વ્યક્તિની સત્તા**

(૧) અધ્યક્ષનો હોદ્દો ખાલી હોય ત્યારે ઉપાધ્યક્ષ તે હોદ્દાની ફરજો બજાવશે અથવા ઉપાધ્યક્ષનો હોદ્દો પણ ખાલી હોય તો, રાજ્યપાલ તે હેતુ માટે નીમે તેવા સભાના સભ્ય તે ફરજો બજાવશે.
(૨) સભાની કોઈ બેઠકમાં અધ્યક્ષની ગેરહાજરી દરમિયાન ઉપાધ્યક્ષ અથવા તેઓ પણ જો ગેરહાજર હોય, તો સભાની કાર્યરીતિના નિયમોથી નક્કી કરવામાં આવે તેવી વ્યક્તિ, અથવા તે વ્યક્તિ હાજર ન હોય તો સભા નક્કી કરે તે બીજી વ્યક્તિ અધ્યક્ષ તરીકે કાર્ય કરશે.

**અનુચ્છેદ : ૧૮૧ જયારે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષને પદ પરથી દૂર કરવાનો ઠરાવ વિચારણા હેઠળ હોય ત્યારે તેઓ હાજર હોવા છતાં અધ્યક્ષસ્થાન સંભાળી શકતા નથી**

(૧) વિધાનસભાની કોઈ બેઠકમાં અધ્યક્ષને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે અધ્યક્ષ પોતે અથવા ઉપાધ્યક્ષને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે ઉપાધ્યક્ષ પોતે હાજર હોય તો પણ  અધ્યક્ષ સ્થાન લઈ શકશે નહી અને અનુચ્છેદ ૧૮૦ ના ખંડ (૨)ની જોગવાઈઓ, યથાપ્રસંગ, અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ ગેરહાજર હોય તો તેવી બેઠકને જેમ લાગુ પડે છે તેમ, આવી બેઠકને લાગુ પડશે.
(૨) વિધાનસભામાં અધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે તેમને સભામાં બોલવાનો અને બીજી રીતે તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો હક રહેશે અને અનેચ્છેદ ૧૮૯માં ગમે તે મજકૂર હોય તે છતાં, એવા ઠરાવ ઉપર અથવા એવી કાર્યવાહી દરમિયાન બીજી કોઈ બાબત ઉપર તેમને ફક્ત પહેલી વાર મત આપવાનો હક રહેશે. પણ મતો સરખા પડે ત્યારે એવો હક રહેશે નહી.

**અનુચ્છેદ : ૧૮૨ વિધાન પરિષદના સભાપતિ અને ઉપસભાપતિ**

વિધાન પરિષદવાળા દરેક રાજ્યની એવી પરિષદ, બનતી ત્વરાથી સભાના બે સભ્યોને અનુક્રમે તેના સભાપતિ તથા ઉપ-સભાપતિ તરીકે પસંદ કરશે અને જ્યારે જ્યારે સભાપતિ અથવા ઉપસભાપતિનો હોદ્દો ખાલી પડે ત્યારે બીજા સભ્યને, સભાપતિ અથવા ઉપ-સભાપતિ તરીકે પસંદ કરશે.

**અનુચ્છેદ : ૧૮૩ સભાપતિ અથવા ઉપસભાપતિ નું પદ ખાલી થવું, પદ ત્યાગવું અને પદથી દૂર કરવું**

વિધાન પરિષદના સભાપતિ અથવા ઉપ-સભાપતિ તરીકે હોદ્દો ધરાવતા સભ્યો -
(ક) પરિષદના સભ્ય ન રહે, તો તેમણે પોતાનો હોદ્દો ખાલી કરવો જોઈએ,
(ખ) આવા સભ્ય સભાપતિ હોય તો ઉપ-સભાપતિને અને ઉપ-સભાપતિ હોય તો સભાપતિને સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી ગમે ત્યારે પોતાના હોદ્દાનુ રાજીનામુ આપી શકશે અને
(ગ) પરિષદના તે વખતના તમામ સભ્યોની બહુમતીએ પસાર કરેલા ઠરાવથી તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે.

પરંતુ ખંડ (ગ)ના હેતુ માટેનો ઠરાવ, તે રજૂ કરવાના ઈરાદાની ઓછામાં ઓછી **ચૌદ દિવસની નોટિસ** અપાઈ ન હોય તો રજૂ કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૧૮૪ અધ્યક્ષ પદના કર્તવ્યોનું પાલન કરવા અથવા અધ્યક્ષના રૂપમાં કાર્ય કરવાની ઉપસભાપતિ અથવા અન્ય વ્યક્તિની સત્તા**

(૧) સભાપતિનો હોદ્દો ખાલી હોય તે દરમિયાન તે હોદ્દાની ફરજો ઉપ-સભાપતિ બજાવશે અને ઉપ-સભાપતિનો હોદ્દો પણ ખાલી હોય તો રાજ્યપાલ તે હેતુ માટે નીમે તેવા પરિષદના સભ્ય તે ફરજો બજાવશે.

Astha Academy Mo. 8980961441

(૨) પરિષદની કોઈ બેઠકમાં સભાપતિની ગેરહાજરી દરમિયાન ઉપ-સભાપતિ અથવા જો તેઓ પણ ગેરહાજર હોય, તો પરિષદની કાર્યરીતિના નિયમોથી નક્કી કરવામાં આવે તે વ્યક્તિ, અથવા તે વ્યક્તિ ગેરહાજર હોય તો પરિષદ નક્કી કરે તેવી એવી બીજી વ્યક્તિ સભાપતિ તરીકે કાર્ય કરશે.

**અનુચ્છેદ : ૧૮૫ જયારે સભાપતિ અથવા ઉપસભાપતિને પદ પરથી હટાવવાનો ઠરાવ વિચારણા હેઠળ હોય ત્યારે તેઓ હાજર હોવા છતાં પણ અધ્યક્ષસ્થાન સંભાળી શકતા નથી**

(૧) વિધાન પરિષદની કોઈ બેઠકમાં સભાપતિને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે સભાપતિ પોતે અથવા ઉપ-સભાપતિને તેમના હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે ઉપ-સભાપતિ પોતે હાજર હોય તો પણ અધ્યક્ષ સ્થાન લઈ શકશે નહી અને અનુચ્છેદ ૧૮૪ના ખંડ(૨)ની જોગવાઈઓ, યથાપ્રસંગ, સભાપતિ અથવા ઉપ-સભાપતિ ગેરહાજર હોય તો તેવી બેઠકને જેમ લાગુ પડે છે તેમ, આવી દરેક બેઠકને લાગુ પડશે.

(૨) વિધાન પરિષદમાં સભાપતિને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેના કોઈ ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય તે વખતે તેમને પરિષદમાં બોલવાનો અને બીજી રીતે તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો હક રહેશે; પણ અનુચ્છદ ૧૮૯ માં ગમે તે મજકૂર હોય તે છતાં, એવા ઠરાવ ઉપર અથવા એવી કાર્યવાહી દરમિયાન બીજી કોઈ બાબત ઉપર તેમને ફક્ત પહેલી વાર મત આપવાનો હક રહેશે, પણ મત સરખો પડે ત્યારે તેવો હક રહેશે નહી.

**અનુચ્છેદ : ૧૮૬ વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તથા વિધાનપરિષદના સભાપતિ અને ઉપસભાપતિના વેતન – ભથ્થાં**

વિધાનસભાના અધ્યક્ષને અને ઉપાધ્યક્ષને તથા વિધાન પરિષદના સભાપતિ અને ઉપ-સભાપતિને રાજ્યનું વિધાનમંડળ કાયદાથી નક્કી કરે તે પ્રમાણે અને તે અર્થે એવી જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં પગાર અને ભથ્થાં આપવામાં આવશે.

**અનુચ્છેદ : ૧૮૭ રાજયના વિધાનમંડળનું સચિવાલય**

(૧) રાજ્યના વિધાનમંડળનાં ગૃહોને અથવા દરેક ગૃહને દફ્તરી સ્ટાફ રહેશે :

**પરંતુ** વિધાન પરિષદવાળા રાજ્યના વિધાનમંડળની બાબતમાં, એવા વિધાનમંડળનાં બંને ગૃહો માટે સહિયારી જગાઓ ઊભી કરવામાં આ ખંડમાંના કોઈ પણ મજકૂરથી બાધ આવે છે એમ સમજવું નહી.

(૨) રાજ્યના વિધાનમંડળના ગૃહ અથવા ગૃહોના દફ્તરી સ્ટાફની ભરતીનું અને તે ઉપર નિમાયેલી વ્યક્તિઓની નોકરીની શરતોનું નિયમન કાયદાથી રાજ્યનું વિધાનમંડળ કરી શકશે.

(૩) રાજ્યનું વિધાનમંડળ ખંડ (૨) હેઠળ જોગવાઈ ન કરે ત્યાં સુધી, રાજ્યપાલ, યથાપ્રસંગ વિધાનસભાના અધ્યક્ષ અથવા વિધાન પરિષદના સભાપતિ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, સભા અથવા પરિષદના દફ્તરી સ્ટાફની ભરતી માટે અને તે ઉપર નિમાયેલી વ્યક્તિઓની નોકરીની શરતોના નિયમન માટે નિયમો કરી શકશે અને એ રીતે કરેલા નિયમો સદરહુ ખંડ હેઠળ કરેલ કાયદાની જોગવાઈઓને અધીન રહીને અમલી બનશે.

## કામકાજનું સંચાલન

**અનુચ્છેદ : ૧૮૮ સભ્યોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા**

વિધાનસભાના અથવા વિધાન પરિષદના દરેક સભ્યે, પોતાની બેઠક સંભાળતાં પહેલાં રાજ્યપાલ અથવા તેમણે તે અર્થે નીમેલી કોઈ વ્યક્તિ સમક્ષ ત્રીજી અનુસૂચિમાં તે હેતુ માટે આપેલા નમૂના પ્રમાણે શપથ અથવા પ્રતિજ્ઞા લેવી જોઈશે અને તેના ઉપર પોતાની સહી કરવી જોઈશે.

**અનુચ્છેદ : ૧૮૯ ગૃહોમાં મતદાન અને ખાલી જગા હોવા છતાં પણ ગૃહોની કાર્ય કરવાની સત્તા અને કોરમ**

(૧) આ સંવિધાનમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, રાજ્યના વિધામંડળના ગૃહની કોઈ બેઠકમાં તમામ પ્રશ્નોનો નિર્ણય અધ્યક્ષ અથવા સભાપતિ અથવા તે તરીકે કાર્ય કરનાર વ્યક્તિ સિવાયના તેમાં હાજર રહીને મત આપનાર સભ્યોની બહુમતીથી થશે.

અધ્યક્ષ અથવા સભાપતિ અથવા તે કાર્ય કરનાર વ્યક્તિ પહેલી વાર મત આપી શકશે નહી, પણ મત સરખા પડે ત્યારે તેમને નિર્ણાયક મત રહેશે, જે તેમણે આપવો રહેશે.

(૨) ગૃહમાં કોઈ સભ્યપદ ખાલી પડે તે છતાં, રાજ્યના વિધાનમંડળના ગૃહને કાર્ય કરવાની સત્તા રહેશે અને

Astha Academy Mo.8980961441

વિધાનમંડળની કોઈ પણ કાર્યવાહી દરમિયાન બેસવાનો કે મત આપવાનો કે બીજી રીતે ભાગ લેવાનો હક ન ધરાવતી વ્યક્તિએ તે કર્યાનું પાછળથી માલૂમ પડે તે છતાં, તે કાર્યવાહી કાયદેસર ગણાશે.

(૩) રાજ્યનું વિધાનમંડળ કાયદાથી અન્યથા જોગવાઈ ન કરે ત્યાં સુધી, રાજ્યના વિધાનમંડળના ગૃહની બેઠક માટેનું **કોરમ તે ગૃહના દસ સભ્યો અથવા તે ગૃહના સભ્યોની કુલ સંખ્યાના એક દશાંશ, એ બેમાંથી જે વધુ હોય તે** રહેશે.

(૪) રાજ્યની વિધાનસભા અથવા વિધાન પરિષદની બેઠક દરમિયાન કોઈ સમયે કોરમ ન થાય તો ગૃહ મોકૂફ રાખવાની અથવા કોરમ ન થાય ત્યાં સુધી તેની બેઠક મુલતવી રાખવાની, અધ્યક્ષ અથવા સભાપતિ અથવા તે હેસિયતથી કાર્ય કરનાર વ્યક્તિની ફરજ રહેશે.

## સભ્યોની ગેરલાયકાતો

### અનુચ્છેદ : ૧૯૦ બેઠક ખાલી થવા અંગે

(૧) કોઈ વ્યક્તિ રાજ્યના વિધાનમંડળનાં બંને ગૃહોની સભ્ય થઈ શકશે નહી અને બંને ગૃહોના સભ્ય તરીકે પસંદ થયેલી વ્યક્તિ પાસે એક અથવા બીજા ગૃહમાંની તેની બેઠક ખાલી કરાવવા માટે રાજ્યના વિધાનમંડળે કાયદાથી જોગવાઈ કરવી જોઈશે.

(૨) કોઈ વ્યક્તિ પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં બે અથવા વધારે રાજ્યોનાં વિધાનમંડળોની સભ્ય થઈ શકશે નહી અને કોઈ વ્યક્તિ એવાં બે કે વધારે રાજ્યોના વિધાનમંડળોની સભ્ય તરીકે પસંદ થાય, તો તેણે એક સિવાયના તમામ રાજ્યોનાં વિધાનમંડળોમાંથી પોતાની બેઠકનું અગાઉથી રાજીનામુ આપ્યું ન હોય તો રાષ્ટ્રપતિએ કરેલા નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી મુદત પૂરી થયે તે વ્યક્તિની એવાં તમામ રાજ્યોનાં વિધાનમંડળોમાંની બેઠક ખાલી પડશે.

(૩) રાજ્યના વિધાનમંડળના ગૃહના કોઈ સભ્ય –

(ક) અનુચ્છેદ ૧૯૧ ખંડ (૧) અથવા ખંડ (૨) માં જણાવ્યા પ્રમાણે ગેરલાયક બને, અથવા

(ખ) યથાપ્રસંગ, અધ્યક્ષ અથવા સભાપતિને સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી પોતાની બેઠકનું રાજીનામુ આપે અને યથાપ્રસંગે, અધ્યક્ષ અથવા સભાપતિ તે સ્વીકારે,

તો, તેમ થયે તેમની બેઠક ખાલી પડશે.

**પરંતુ** પેટા-ખંડ (ખ)માં ઉલ્લેખેલ કોઈ રાજીનામાના દાખલામાં મળેલી માહિતી ઉપરથી અથવા બીજી રીતે અને પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી યથાપ્રસંગ અધ્યક્ષ અથવા સભાપતિને ખાતરી થાય કે એવુ રાજીનામુ સ્વૈચ્છિક અથવા વાસ્તવિક નથી, તો તે એવુ રાજીનામુ સ્વીકારી શકશે નહી.

(૪) રાજ્યના વિધાનમંડળના ગૃહના કોઈ સભ્ય, ગૃહની પરવાનગી વિના તેની તમામ બેઠકોમાં સાઠ દિવસની મુદત સુધી ગેરહાજર રહે, તો ગૃહ તેની બેઠક ખાલી પડી હોવાનુ જાહેર કરી શકશે.

**પરંતુ** સદરહુ સાઠ દિવસની મુદતની ગણતરી કરવામાં, જે કોઈ મુદત દરમિયાન ગૃહનું સત્ર સમાપ્ત થયેલું હોય અથવા સતત ચારથી વધુ દિવસ સુધી ગૃહ મોકૂફ રહ્યુ હોય તે મુદત ગણવામાં આવશે નહી.

### અનુચ્છેદ : ૧૯૧ સભ્યપદ માટેની ગેરલાયકાતો

(૧) કોઈ વ્યક્તિ –

(ક) જે હોદ્દો ધરાવવાથી ગેરલાયક થવાતું નથી એમ રાજ્યના વિધાનમંડળે કાયદાથી જાહેર કર્યું હોય તે સિવાયનો કોઈ લાભદાયક હોદ્દો ધારણ કર્યો હોય,

(ખ) અસ્થિર મગજની હોય અને સત્તા ધરાવતા ન્યાયાલયે તેને તેવી હોવાનું જાહેર કર્યું હોય,

(ગ) મુક્ત નહી ઠરાવેલી નાદાર હોય,

(ઘ) ભારતની નાગરિક ન હોય અથવા તેણે સ્વેચ્છાએ કોઈ વિદેશી રાજ્યની નાગરિકતા પ્રાપ્ત કરી હોય અથવા કોઈ વિદેશી રાજ્ય પ્રત્યે નિષ્ઠા અથવા વફાદારી સ્વીકારી હોય,

(ચ) સંસદે કરેલા કોઈ કાયદાથી કે તે હેઠળ તેને ગેરલાયક ઠરાવાયેલ હોય તો,

- રાજ્યની વિધાનસભાના અથવા વિધાન પરિષદના સભ્ય તરીકે પસંદ થવા અને રહેવા માટે તે ગેરલાયક ગણાશે.

**સ્પષ્ટીકરણ :** આ ખંડના હેતુઓ માટે કોઈ વ્યક્તિ સંઘની અથવા પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા કોઈ રાજ્યની મંત્રી હોય એટલા જ કારણે તે ભારત સરકાર અથવા એવા કોઈ રાજ્યની સરકાર હેઠળ લાભદાયક હોદ્દો ધરાવે છે એમ ગણાશે નહી.

(૨) કોઈ વ્યક્તિ, દસમી અનુસૂચિ હેઠળ એવી રીતે ગેરલાયક બની હોય તો તે, રાજ્યની વિધાનસભાની અથવા વિધાન પરિષદની સભ્ય થવા માટે ગેરલાયક ગણાશે.

### અનુચ્છેદ : ૧૯૨ સભ્યોની ગેરલાયકાત સંબંધિત પ્રશ્નો ઉપર નિર્ણય

(૧) રાજ્યના વિધાનમંડળના કોઈ ગૃહનો સભ્ય, અનુચ્છેદ ૧૯૧ ના ખંડ (૧) માં જણાવ્યા પ્રમાણેની કોઈ ગેરલાયકાતને

Astha Academy Mo.8980961441

આધીન બન્યો છે કે કેમ તે અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો, તે પ્રશ્ન રાજ્યપાલને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.
(૨) એવા કોઈ પ્રશ્ન અંગે નિર્ણય આપતાં પહેલાં રાજ્યપાલ, ચૂંટણી કમિશનનો અભિપ્રાય મેળવશે અને તેઓ તે અભિપ્રાય પ્રમાણે વર્તશે.

**અનુચ્છેદ : ૧૯૩ અનુચ્છેદ – ૧૮૮ હેઠળ શપથ લીધા પહેલાં અથવા લાયક ન હોવા છતાં અથવા ગેરલાયક ઠેરવેલ વ્યક્તિને ગૃહમાં હાજરી આપવા અથવા મત આપવા પર દંડ**

કોઈ વ્યક્તિ અનુચ્છેદ ૧૮૮ની જરૂરિયાતોનું પાલન કર્યા પહેલાં અથવા પોતે રાજ્યની વિધાનસભા કે વિધાન પરિષદના સભ્યપદ માટે લાયક નથી અથવા ગેરલાયક છે અથવા સંસદે કે રાજ્યના વિધાનમંડળે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓથી પોતાને સભ્ય તરીકે ગૃહમાં બેસવાનો કે મત આપવાનો પ્રતિબંધ છે એમ જાણતી હોવા છતાં ગૃહમાં બેસે કે મત આપે તો એવી રીતે તે બેસે કે મત આપે તે દરેક દિવસ માટે તે પાંચસો રૂપિયાના દંડને પાત્ર થશે અને તે રકમ રાજ્યનાં લેણાં તરીકે વસૂલ કરવામાં આવશે.

## રાજ્યનાં વિધાનમંડળો અને તેમના સભ્યોનાં સત્તા, વિશેષાધિકારો અને મુક્તિઓ

**અનુચ્છેદ : ૧૯૪ વિધાનમંડળોના ગૃહો તથા તેના સભ્યો અને સમિતિઓની સત્તા અને વિશેષાધિકાર**

(૧) સંવિધાનની જોગવાઈઓને અને વિધાનમંડળની કાર્યરીતિના નિયમન માટેના નિયમો અને સ્થાયી હુકમોને આધીન રહીને દરેક રાજ્યના વિધાનમંડળમાં વાણી સ્વાતંત્ર્ય રહેશે.
(૨) રાજ્યના વિધાનમંડળના કોઈ સભ્યે વિધાનમંડળમાં અથવા તેની સમિતિમાં કંઈ કહ્યુ હોય અથવા મત આપ્યો હોય તે સંબંધમાં કોઈ ન્યાયાલયમાં તેની ઉપર કશી કાર્યવાહી થઈ શકશે નહી અને એવા વિધાનમંડળના ગૃહના અધિકારની રૂએ કે તે હેઠળ કોઈ રિપોર્ટ, કાગળ, મતો અથવા કાર્યવાહી પ્રગટ કરવા અંગે કોઈ વ્યક્તિ સામે કાર્યવાહી થઈ શકશે નહી.
(૩) બીજી બાબતોમાં, રાજ્યના વિધાનમંડળના કોઈ ગૃહમાં અને એવા વિધાનમંડળના ગૃહના સભ્યોનાં અને સમિતિઓનાં સત્તા, વિશેષાધિકારો અને મુક્તિઓ, વિધાનમંડળ વખતોવખત કાયદાથી મુકરર કરે તેવાં રહેશે અને એ રીતે મુકરર કરવામાં ન આવે ત્યાં સુધી, (ચુંમાળીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૮ની કલમ ૨૬ અમલમાં આવે તેની તરત પહેલાં તે ગૃહના અને તેના સભ્યોના અને સમિતિઓના હોય તે રહેશે.
(૪) ખંડો (૧), (૨) અને (૩)ની જોગવાઈઓ જેમ રાજ્ય વિધાનમંડળના સભ્યોના સંબંધમાં લાગુ પડે છે તેમ, જે વ્યક્તિઓને રાજ્યના વિધાનમંડળના ગૃહમાં કે તેની કોઈ સમિતિમાં આ સંવિધાનની રૂએ બોલવાનો અને બીજી રીતે તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો હક હોય તેમના સંબંધમાં લાગુ પડશે.

**અનુચ્છેદ : ૧૯૫ સભ્યોના વેતન – ભથ્થાં**

રાજ્યની વિધાનસભા અને વિધાન પરિષદના સભ્યોને રાજ્યનું વિધાનમંડળ વખતોવખત કાયદાથી ઠરાવે તેવાં પગાર અને ભથ્થાં મેળવવાનો અને તે અંગે એવી રીતે જોગવાઈ ન થાય ત્યાં સુધી, આ સંવિધાનના આરંભની તરત પહેલાં તત્સમાન પ્રાન્તની વિધાનસભાના સભ્યોની બાબતમાં લાગુ પડતા હોય તે દરોએ અને તે શરતોએ પગાર અને ભથ્થાં મેળવવાનો હક રહેશે.

### ધારાકીય કાર્યરીતિ

**અનુચ્છેદ : ૧૯૬ ખરડાઓ રજૂ અને પસાર કરવા અંગે જોગવાઈ**

(૧) નાણા વિધેયક અને અન્ય નાણા વિષયક વિધેયકો અંગેની અનુચ્છેદ ૧૯૮ અને ૨૦૭ની જોગવાઈઓને આધીન રહીને, વિધાન પરિષદવાળા રાજ્યના વિધાનમંડળના બેમાંથી કોઈ ગૃહમાં કોઈ પણ વિધેયક લાવી શકાશે.
(૨) અનુચ્છેદ ૧૯૭ અને ૧૯૮ની જોગવાઈઓને અધીન રહીને, વિધાન પરિષદવાળા રાજ્યના વિધાનમંડળના બંને ગૃહોએ, સુધારા વગર અથવા બંને ગૃહોએ સંમતિ આપી હોય તેવા જ સુધારા સહિત કોઈ વિધેયકને સંમતિ આપી ન હોય ત્યાં સુધી, તેને ગૃહોએ પસાર કરેલું ગણાશે નહી.
(૩) રાજ્ય વિધાનમંડળમાં વિચારણા હેઠળ હોય તે વિધેયક, તેના ગૃહ કે ગૃહોની સત્ર સમાપ્તિને કારણે વિલય પામશે નહી.
(૪) વિધાનસભાએ પસાર કર્યુ ન હોય તેવુ રાજ્યની વિધાન પરિષદમાં વિચારણા હેઠળનું વિધેયક તે સભાનું વિસર્જન થતાં વિલય પામશે નહી.
(૫) રાજ્યની વિધાનસભામાં વિચારણા હેઠળ હોય અથવા વિધાનસભાએ પસાર કર્યુ હોય અને વિધાન પરિષદમાં વિચારણા હેઠળ હોય તે વિધેયક, વિધાનસભાનું વિસર્જન થતાં વિલય પામશે.

Astha Academy Mo.8980961441

**અનુચ્છેદ : ૧૯૭ નાણાંખરડા સિવાયના ખરડા અંગે વિધાન પરિષદની સત્તા પર નિયંત્રણ**

(૧) વિધાન પરિષદવાળા રાજ્યની વિધાનસભાએ કોઈ વિધેયક પસાર કરીને વિધાન પરિષદને મોકલી આપ્યા પછી

(ક) પરિષદ તે વિધેયકને નામંજૂર કરે; અથવા

(ખ) તે વિધેયક પરિષદ સમક્ષ મૂકવામાં આવે તે તારીખથી ત્રણ મહિના કરતાં વધુ સમય સુધી પસાર થયા વિના પડ્યું રહે; અથવા

(ગ) પરિષદ તે વિધેયક એવા સુધારા સહિત પસાર કરે કે જેની સાથે વિધાનસભા સંમત થાય નહી,

તો, વિધાનસભા પોતાની કાર્યરીતિનું નિયમન કરતા નિયમોને આધીન રહીને, વિધાન પરિષદે કરેલા, સૂચવેલા કે સંમતિ આપેલા સુધારા હોય તો તે સહિત અથવા તે વિના તે વિધેયકને તે જ અથવા પછીના કોઈ સત્રમાં ફરીથી પસાર કરી શકશે અને પછી એ રીતે પસાર કરેલું વિધેયક વિધાન પરિષદને મોકલી શકશે.

(૨) વિધાનસભાએ એ રીતે બીજી વાર વિધેયક પસાર કર્યા પછી અને વિધાન પરિષદને તે મોકલી આપ્યા પછી –

(ક) પરિષદ તે વિધેયકને નામંજૂર કરે; અથવા

(ખ) પરિષદ સમક્ષ વિધેયક મુકવામાં આવે તે તારીખથી એક મહિના કરતાં વધુ સમય સુધી તે પસાર થયા વિના પડ્યુ રહે; અથવા

(ગ) પરિષદ તે વિધેયકને એવા સુધારા સહિત પસાર કરે કે જેની સાથે વિધાનસભા સંમત થાય નહી,

તો, વિધાન પરિષદે કરેલા અથવા સૂચવેલા અને જેને વિધાનસભાએ સંમતિ આપી હોય એવા કોઈ સુધારા હોય તો તે સહિત જે રૂપમાં વિધાનસભાએ તે વિધેયક બીજી વાર પસાર કર્યુ હોય તે રૂપમાં રાજ્યના વિધાનમંડળનાં બંને ગૃહોએ તે પસાર કરેલુ ગણાશે.

(૩) કોઈ નાણા વિધેયકને આ અનુચ્છેદમાંનો કોઈ પણ મજકૂર લાગુ પડશે નહી.

**અનુચ્છેદ : ૧૯૮ નાણાંખરડા બાબતે કાર્યવાહી**

(૧) નાણા વિધેયક વિધાન પરિષદમાં રજૂ કરી શકાશે નહી.

(૨) વિધાન પરિષદવાળા રાજ્યની વિધાનસભાએ નાણા વિધેયક પસાર કર્યા પછી વિધાન પરિષદને તેની ભલામણો માટે તે મોકલવામાં આવશે અને વિધાન પરિષદે તે મળ્યાની તારીખથી ચૌદ દિવસની મુદતની અંદર પોતાની ભલામણો સહિત વિધાનસભાને તે પાછુ મોકલવુ જોઈશે અને તેમ થયે વિધાનસભા, વિધાન પરિષદની તમામ અથવા તે પૈકી કોઈ ભલામણનો સ્વીકાર અથવા અસ્વીકાર કરી શકાશે.

(૩) વિધાનસભા, વિધાન પરિષદે કરેલી કોઈ પણ ભલામણનો સ્વીકાર કરે, તો વિધાન પરિષદે ભલામણ કરેલા અને વિધાનસભાએ સ્વીકારેલા સુધારા સહિત તે નાણા વિધેયક બન્ને ગૃહોએ પસાર કરેલું ગણાશે.

(૪) વિધાનસભા, વિધાન પરિષદે કરેલી કોઈ પણ ભલામણનો સ્વીકાર કરે નહી તો તે નાણા વિધેયક વિધાન પરિષદે ભલામણ કરેલા સુધારા વિના વિધાનસભાએ પસાર કરેલું હોય તે રૂપમાં જ બન્ને ગૃહોએ પસાર કરેલું ગણાશે.

(૫) વિધાનસભાએ પસાર કરેલું અને વિધાન પરિષદે તેની ભલામણ માટે મોકલેલું નાણા વિધેયક ચૌદ દિવસની સદરહુ મુદતની અંદર વિધાનસભાને પાછુ મોકલવામાં ન આવે, તો સદરહુ મુદત પૂરી થતાં વિધાનસભાએ તે પસાર કર્યું હોય તે રૂપમાં જ બન્ને ગૃહોએ પસાર કરેલું ગણાશે.

**અનુચ્છેદ : ૧૯૯ નાણાંખરડાની વ્યાખ્યા**

(૧) આ પ્રકરણના હેતુઓ માટે, કોઈ વિધેયકમાં ફક્ત નીચેની તમામ અથવા તે પૈકી કોઈ બાબતને લગતી જોગવાઈઓ આવતી હોય, તો તે વિધેયક નાણા વિધેયક છે એમ ગણાશે –

(ક) કોઈ કર નાખવાની, નાબૂદ કરવાની, માફ કરવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તેનુ નિયમન કરવાની;

(ખ) રાજ્યે નાણાં કરજે લેવાનું કે કોઈ બાંયધરી આપવાનુ નિયમન કરવાની અથવા રાજ્યે લીધેલી કે લેવાની કોઈ નાણાકીય જવાબદારીઓ અંગેના કાયદામાં સુધારો કરવાની;

(ગ) રાજ્યના એકત્રિત ફંડના અથવા આકસ્મિક ફંડના હવાલાની અથવા એવાં કોઈ ફંડનાં નાણાઠ ભરવાની અથવા તેમાંથી નાણાં ઉપાડવાની;

(ઘ) રાજ્યના એકત્રિત ફંડમાંથી નાણાંનો વિનિયોગ કરવાની;

(ચ) કોઈ ખર્ચને રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારવાનું જાહેર કરવાની અથવા એવા કોઈ ખર્ચની રકમ વધારવાની;

(છ) રાજ્યના એકત્રિત ફંડ અથવા રાજ્યના જાહેર હિસાબ ખાતે નાણાં પ્રાપ્ત કરવાની અથવા એવાં નાણાંનો હવાલો રાખવાની કે તે આપવાની; અથવા

(જ) પેટા ખંડો (ક) થી (છ)માં નિર્દિષ્ટ કરેલી કોઈ પણ બાબતને આનુષંગિક કોઈ બાબતની.

(૨) કોઈ વિધેયક દંડ નાખવાની કે નાણાંના રૂપની બીજી શિક્ષા કરવાની અથવા લાઈસન્સ માટેની ફી કે બજાવેલી સેવા માટેની ફી માંગવાની કે આપવાની જોગવાઈ કરતું હોય તેટલા જ કારણે અથવા સ્થાનિક હેતુઓ માટે કોઈ સ્થાનિક સત્તાધિકારી કે મંડળે કોઈ કર નાખવાની, નાબૂદ કરવાની, માફ કરવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તેનુ નિયમન કરવાની તે જોગવાઈ કરતું હોય તેટલા જ કારણે તે નાણા વિધેયક ગણાશે નહી.

Astha Academy Mo.8980961441

(૩) વિધાન પરિષદવાળા રાજ્યના વિધાનમંડળમાં રજૂ થયેલ વિધેયક નાણા વિધેયક છે કે નહી એવો પ્રશ્ન ઉભો થાય, તો તે અંગે એવા રાજ્યની વિધાનસભાના અધ્યક્ષનો નિર્ણય આખરી ગણાશે.

(૪) અનુચ્છેદ ૧૯૮ હેઠળ દરેક નાણા વિધેયક વિધાન પરિષદને મોકલવામાં આવે અને અનુચ્છેદ ૨૦૦ હેઠળ તે રાજ્યપાલ સમક્ષ અનુમતિ માટે રજૂ કરવામાં આવે, ત્યારે તે નાણા વિધેયક છે એવા વિધાનસભાના અધ્યક્ષની સહીવાળા પ્રમાણપત્રનો શેરો તેના ઉપર થયેલો હોવો જોઈશે.

**અનુચ્છેદ : ૨૦૦ ખરડાઓને અનુમતિ**

રાજ્યની વિધાનસભાએ અથવા વિધાન પરિષદવાળા રાજ્યમાં, રાજ્યના વિધાનમંડળનાં બંને ગૃહોએ કોઈ વિધેયક પસાર કર્યુ હોય ત્યારે, તેને રાજ્યપાલ સમક્ષ રજૂ કરવું જોઈશે અને રાજ્યપાલે એવુ જાહેર કરવુ જોઈશે કે પોતે તે વિધેયકને અનુમતિ આપે છે અથવા અનુમતિ આપવાનુ રોકી રાખે છે અથવા પોતે રાષ્ટ્રપતિની વિચારણા માટે વિધેયકને અનામત રાખે છે.

**પરંતુ** વિધેયક અનુમતિ માટે તેમની સમક્ષ રજૂ થયા પછી જો તે નાણા વિધેયક ન હોય તો ગૃહ અથવા ગૃહો તે વિધેયકની અથવા તેની કોઈ નિર્દિષ્ટ કરેલી જોગવાઈઓની પુન: વિચારણા કરે અને ખાસ કરીને પોતાના સંદેશામાં પોતે જેની ભલામણ કરી હોય તેવા સુધારા દાખલ કરવાનુ ઈચ્છાવા જોગ છે કે કેમ તે વિચારે તેવી વિનંતીવાળા સંદેશા સાથે રાજ્યપાલ તે વિધેયકને બનતી ત્વરાએ ગૃહોને પાછુ મોકલી શકશે અને કોઈ વિધેયક એ રીતે પાછુ મોકલવામાં આવે, ત્યારે ગૃહ અથવા ગૃહોએ તે અનુસાર તે વિધેયકની પુન:વિચારણા કરવી જોઈશે અને જો ગૃહ અથવા ગૃહો સુધારા સાથે કે તે વિના વિધેયક ફરી પસાર કરે અને રાજ્યપાલ સમક્ષ અનુમતિ માટે તે રજૂ કરવામાં આવે તો રાજ્યપાલથી તેને અનુમતિ આપવાનુ રોકી શકાશે નહી.

વધુમાં, રાજ્યપાલનો એવો અભિપ્રાય થાય કે કોઈ વિધેયક કાયદો બને તો ઉચ્ચ ન્યાયાલયની સત્તા એટલે સુધી ઘટી જશે કે તે ન્યાયાલયને આ સંવિધાનથી આપવા ધારેલ સ્થાન જોખમાશે, તો પોતે એવા વિધેયકને અનુમતિ આપશે નહી, પણ રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખશે.

**અનુચ્છેદ : ૨૦૧ વિચારણા માટે અનામત રાખેલા ખરડા**

રાષ્ટ્રપતિની વિચારણા માટે રાજ્યપાલે કોઈ વિધેયક અનામત રાખ્યુ હોય ત્યારે રાષ્ટ્રપતિએ એવુ જાહેર કરવુ જોઈશે કે પોતે વિધેયકને અનુમતિ આપે છે અથવા અનુમતિ આપવાનુ રોકી રાખે છે.

પરંતુ તે વિધેયક, નાણા વિધેયક ન હોય તો અનુચ્છેદ ૨૦૦ના પહેલા પરંતુકમાં જણાવ્યા પ્રમાણેના સંદેશા સાથે રાષ્ટ્રપતિ યથાપ્રસંગ રાજ્યના વિધાનમંડળના ગૃહને અથવા ગૃહોને પાછુ મોકલવાનો આદેશ રાજ્યપાલને આપી શકશે અને વિધેયક એ રીતે પાછુ મોકલાવામાં આવે, ત્યારે એવો સંદેશો મળ્યાની તારીખથી **છ મહિનાની મુદત**ની અંદર તે ગૃહે અથવા ગૃહોએ તે અનુસાર વિધેયકની પુન:વિચારણા કરવી જોઈશે અને જો વિધેયક તે ગૃહ અથવા ગૃહો સુધારા સાથે અથવા સુધારા વગર ફરી પસાર કરે તો તેને ફરીથી રાષ્ટ્રપતિ સમક્ષ વિચારણા માટે રજૂ કરવું જોઈશે.

# નાણાકીય બાબતોમાં કાર્યરીતિ

**અનુચ્છેદ : ૨૦૨ વાર્ષિક નાણાકીય પત્રક**

(૧) દરેક નાણાકીય વર્ષ સંબંધમાં રાજ્યપાલ તે વર્ષ માટે રાજ્યનું અંદાજી આવક તથા ખર્ચનું પત્રક જેનો આ ભાગમાં "વાર્ષિક નાણાકીય પત્રક" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે રાજ્યમાં વિધાનમંડળના ગૃહ અથવા ગૃહો સમક્ષ રજૂ કરાવશે.

(૨) વાર્ષિક નાણાકીય પત્રકોમાં સમાવેશ કરેલા ખર્ચના અંદાજમાં -

(ક) આ સંવિધાનમાં રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા ખર્ચ તરીકે વર્ણવેલા ખર્ચને પહોંચી વળવા માટે જોઈતી રકમ; અને

(ખ) રાજ્યના એકત્રિત ફંડમાંથી જે બીજું ખર્ચ કરવાની દરખાસ્ત હોય તે ખર્ચને પહોંચી વળવા માટે જોઈતી રકમ,

- અલગ બતાવવામાં આવશે અને મહેસૂલ ખાતેના ખર્ચને અન્ય ખર્ચથી અલગ દર્શાવવામાં આવશે.

(૩) નીચેનું ખર્ચ દરેક રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલું ખર્ચ ગણાશે :-

(ક) રાજ્યપાલનાં મળતરો અને ભથ્થાં અને તેમના હોદ્દા અંગેનું બીજું ખર્ચ;

(ખ) વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના તથા વિધાન પરિષદવાળા રાજ્યની બાબતમાં વિધાન પરિષદના સભાપતિ અને ઉપ-સભાપતિના પગાર અને ભથ્થાં;

(ગ) જે ચૂકવવાની જવાબદારી રાજ્ય ઉપર હોય તેવાં દેવાં અંગેનું ખર્ચ જેમાં વ્યાજ, દેવા ભરપાઈ-ફંડ-ખર્ચ અને દેવાં-ચૂકવણી ખર્ચ અને લોન ઊભી કરવા અંગેના તથા દેવાંની

Astha Academy Mo.8980961441

વ્યવસ્થા અને તેની ચૂકવણી અંગેના બીજા ખર્ચનો સમાવેશ થાય છે.
(ઘ) કોઈ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોનાં પગાર અને ભથ્થાં અંગેનું ખર્ચ;
(ચ) કોઈ ન્યાયાલય કે લવાદી ટ્રિબ્યુનલના કોઈ ફેંસલા, હુકમનામા અથવા ચુકાદાની પતવણી માટે જોઈતી રકમ;
(છ) આ સંવિધાનથી અથવા રાજ્યના વિધાનમંડળે એ રીતે ઉધારવું કાયદાથી જાહેર કર્યું હોય તેવુ બીજું ખર્ચ.

**અનુચ્છેદ : ૨૦૩ વિધાનમંડળોમાં અંદાજો સંબંધિત કાર્યવાહી**

(૧) રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા ખર્ચને લગતા હોય તેટલા પૂરતા અંદાજો વિધાનસભામાં મતદાન માટે રજૂ કરવામાં આવશે નહી, પણ વિધાનમંડળમાં તેમાંના કોઈ પણ અંદાજોની ચર્ચાને બાધ આવે છે એવો આ ખંડના કોઈ મજકૂરનો અર્થ કરવામાં આવશે નહી.
(૨) સદરહુ અંદાજોમાંથી બીજા ખર્ચને લગતા હોય તેટલા પૂરતા અંદાજો વિધાનસભા સમક્ષ અનુદાનની માગણીઓ રૂપે રજૂ કરવા જોઈશે અને વિધાનસભાને તેવી કોઈ માંગણીની અનુમતિ આપવાની અથવા ન આપવાની અથવા તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ ઘટાડીને માંગણીને અનુમતિ આપવાની સત્તા રહેશે.
(૩) રાજ્યપાલની ભલામણ વગર અનુદાન માટેની કોઈ માંગણી કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૨૦૪ વિનિયોગ ખરડાઓ**

(૧) અનુચ્છેદ ૨૦૩ હેઠળ વિધાનસભાએ અનુદાનો મંજૂર કર્યા પછી –
(ક) સભાએ એ રીતે મંજૂર કરેલ અનુદાનોને; અને
(ખ) રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા પણ ગૃહ અથવા ગૃહો સમક્ષ અગાઉ મૂકેલા પત્રકમાં બતાવેલી રકમ કરતાં કોઈ પણ સંજોગોમાં વધુ નહી તેટલા ખર્ચને પહોંચી વળવા માટે જોઈતાં તમામ નાણાંનો રાજ્યના એકત્રિત ફંડમાંથી વિનિયોગ કરવા માટે જોગવાઈ કરવા બનતી ત્વરાએ વિધેયક રજૂ કરવું જોઈશે.
(૨) એ રીતે મંજૂર કરેલા કોઈ અનુદાનની રકમમાં ફેરફાર થતો હોય અથવા તેનુ લક્ષ્ય બદલાતું હોય અથવા રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા કોઈ ખર્ચની રકમમાં કોઈ ફેરફાર થતો હોય તેવી મતલબનો એવા કોઈ વિધેયક અંગેનો કોઈ સુધારો, રાજ્યના વિધાનમંડળના ગૃહમાં અથવા બેમાંથી કોઈ ગૃહમાં લાવી શકાશે નહી અને કોઈ સુધારો આ ખંડ હેઠળ અસ્વીકાર્ય છે કે કેમ તે સંબંધમાં અધ્યક્ષસ્થાને હોય તે વ્યક્તિનો નિર્ણય આખરી ગણાશે.
(૩) અનુચ્છેદ ૨૦૫ અને ૨૦૬ની જોગવાઈઓને અધીન રહીને, આ અનુચ્છેદની જોગવાઈઓ અનુસાર પસાર થયેલા કાયદાથી કરાયેલા વિનિયોગ હેઠળ હોય તે સિવાય રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઈ નાણાં ઉપાડી શકાશે નહી.

**અનુચ્છેદ : ૨૦૫ પૂરક, વધારાના અથવા અધિક અનુદાન**

(૧) રાજ્યપાલે –
(ક) અનુચ્છેદ ૨૦૪ની જોગવાઈઓ અનુસાર કરેલ કોઈ કાયદાથી ચાલુ નાણાકીય વર્ષ માટે કોઈ ખાસ સેવા માટે ખર્ચવાને અધિકૃત કરેલી રકમ તે વર્ષ માટે અપૂરતી જણાય તો અથવા તે વર્ષ માટેના વાર્ષિક નાણાકીય પત્રકમાં વિચારેલી નહી એવી કોઈ નવી સેવા ખાતે પૂરક અથવા વધારાના ખર્ચની જરૂર ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ઊભી થઈ હોય તો, અથવા
(ખ) કોઈ નાણાકીય વર્ષ દરમિયાન કોઈ સેવા ખાતે થયેલું ખર્ચ, તે સેવા માટે અને તે વર્ષ માટે મંજૂર કરેલી રકમ કરતાં વધુ થયુ હોય તો, રાજ્યના વિધાનમંડળના ગૃહ કે ગૃહો સમક્ષ યથાપ્રસંગ, તે ખર્ચની અંદાજી રકમ બતાવતું બીજું પત્રક મુકાવવુ જોઈશે અથવા રાજ્યની વિધાનસભા સમક્ષ એવા વધારા માટેની માંગણી રજૂ કરાવડાવવી જોઈશે.
(૨) અનુચ્છેદ ૨૦૨, ૨૦૩ અને ૨૦૪ની જોગવાઈઓ, વાર્ષિક નાણાકીય પત્રક અને તેમાં દર્શાવેલા ખર્ચ સંબંધમાં અથવા અનુદાન માટેની માંગણીના અને એવા ખર્ચને અથવા અનુદાનને પહોંચી વળવા રાજ્યના એકત્રિત ફંડમાંથી નાણાંના વિનિયોગને અધિકૃત કરવા માટે કરવાના કાયદાના સંબંધમાં જેમ અમલી થાય છે, તેમ તે જોગવાઈઓ, એવા કોઈ પત્રક અને ખર્ચ અથવા માંગણીના સંબંધમાં તેમજ એવા બીજા ખર્ચને અથવા એવી માગણી અંગેના અનુદાનને પહોંચી વળવા માટે રાજ્યના એકત્રિત ફંડમાંથી નાણાંના વિનિયોગને અધિકૃત કરવા માટે કરવાના કોઈ કાયદા સંબંધમાં અસરકર્તા થશે.

**અનુચ્છેદ : ૨૦૬ લેખાનુદાન (હિસાબ પટે અનુદાન), વિશ્વાસના આધારે અનુદાન તથા અપવાદરૂપ અનુદાન**

(૧) આ પ્રકરણની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં –
(ક) કોઈ નાણાકીય વર્ષના કોઈ ભાગ માટે અંદાજી ખર્ચ અંગે કોઈ અનુદાન વિશેના મતદાન માટે અનુચ્છેદ ૨૦૩માં ઠરાવેલી કાર્યરીતિ પૂરી થાય તેમજ તે ખર્ચ સંબંધમાં

Astha Academy Mo.8980961441

અનુચ્છેદ ૨૦૪ની જોગવાઈઓ અનુસાર કાયદો ન થાય ત્યાં સુધી અગાઉથી એવુ અનુદાન આપવાની;
(ખ) કોઈ સેવા અંગે રાજ્યની સાધનસંપત્તિ ઉપર અણધારી માંગ ઉભી થાય અને તે સેવાનાં વ્યાપકતા અને અનિર્ણિત સ્વરૂપને કારણે તેને લગતી માગણી વાર્ષિક નાણાકીય પત્રકમાં સામાન્ય રીતે અપાતી વિગતો સાથે રજૂ કરવાનુ શક્ય ન હોય, ત્યારે તેવી માંગને પહોંચી વળવા માટે અનુદાન આપવાની;
(ગ) કોઈ નાણાકીય વર્ષની ચાલુ સેવાના ભાગરૂપ ન હોય તેવા અપવાદરૂપ અનુદાન આપવાની,

રાજ્યની વિધાનસભાને સત્તા રહેશે અને સદરહુ અનુદાનો જે હેતુઓ માટે મંજૂર કરવામાં આવ્યાં હોય તે હેતુઓ માટે રાજ્યના એકત્રિત ફંડમાંથી નાણાંના ઉપાડને કાયદાથી અધિકૃત કરવાની રાજ્યના વિધાનમંડળને સત્તા રહેશે.
(૨) અનુચ્છેદ ૨૦૩ અને ૨૦૪ની જોગવાઈઓ, વાર્ષિક નાણાકીય પત્રકમાં દર્શાવેલા કોઈ ખર્ચ અંગે અનુદાન આપવા સંબંધમાં અને એવા ખર્ચને પહોંચી વળવા રાજ્યના એકત્રિત ફંડમાંથી જ નાણાંના વિનિયોગને અધિકૃત કરવા માટે કરવાના કોઈ કાયદા સંબંધમાં જેમ અમલી થાય છે, તેમ તે જોગવાઈઓ, ખંડ (૧) હેઠળ કોઈ અનુદાન આપવાના અને તે ખંડ હેઠળ કરવાના એવા કાયદા સંબંધમાં અસરકર્તા થશે.

**અનુચ્છેદ : ૨૦૭ નાણાખરડા સંબંધિત ખાસ જોગવાઈઓ**

(૧) અનુચ્છેદ ૧૯૯ ના ખંડ (૧)ના પેટા-ખંડ (ક)થી પેટા-ખંડ (છ)માં નિર્દિષ્ટ કરેલી કોઈ પણ બાબત માટે જોગવાઈ કરતુ વિધેયક અથવા સુધારો, રાજ્યપાલે ભલામણ કર્યા સિવાય દાખલ કે પ્રસ્તાવિત કરી શકાશે નહી અને એવી જોગવાઈ કરતું વિધેયક વિધાન પરિષદમાં દાખલ કરી શકાશે નહીં.

પરંતુ કોઈ કરમાં ઘટાડો કરવાની કે તે નાબુદ કરવાની જોગવાઈ કરતો કોઈ સુધારો પ્રસ્તાવિત કરવા માટે આ ખંડ હેઠળ કોઈ ભલામણની જરૂર રહેશે નહી.
(૨) કોઈ વિધેયક અથવા સુધારો માત્ર દંડ નાખવાની કે નાણાંના રૂપમાં બીજી શિક્ષા કરવાની અથવા લાયસન્સ માટેની ફી કે બજાવેલી સેવા માટેની ફી માંગવાની કે આપવાની જોગવાઈ કરતો હોય તેટલા જ કારણે અથવા સ્થાનિક હેતુઓ માટે કોઈ સ્થાનિક સત્તામંડળ કે મંડળે કોઈ કર નાખવાની, નાબૂદ કરવાની, માફ કરવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તેનુ નિયમન કરવાની તે જોગવાઈ કરતો હોય તેટલા જ કારણે તે ઉપર જણાવેલી કોઈ બાબતની જોગવાઈ કરે છે, એમ ગણાશે નહી.
(૩) અધિનિયમિત કરીને જેને અમલમાં લાવવાથી રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચ કરવાનુ થતુ હોય તેવુ વિધેયક રાજ્યપાલે તે ઉપર વિચાર કરવા માટે તે ગૃહને ભલામણ કરી ન હોય, તો રાજ્યના વિધાનમંડળના કોઈ ગૃહથી પસાર કરી શકાશે નહી.

**સામાન્ય કાર્યરીતિ**

**અનુચ્છેદ : ૨૦૮ કાર્યવાહીના નિયમ**

(૧) રાજ્યના વિધાનમંડળનું કોઈ ગૃહ આ સંવિધાનની જોગવાઈઓને આધિન રહીને, પોતાની કાર્યરીતિ અને પોતાના કામકાજના સંચાલનનું નિયમન કરવા માટે નિયમો કરી શકશે.
(૨) ખંડ (૧) હેઠળ નિયમો કરવામાં ન આવે ત્યાં સુધી, આ સંવિધાનના આરંભની, તરત પહેલાં તત્સમાન પ્રાંતના વિધાનમંડળ અંગે જે કાર્યરીતિના નિયમો અને સ્થાયી હુકમો અમલમાં હોય તે, યથાપ્રસંગ, વિધાનસભાના અધ્યક્ષ અથવા વિધાન પરિષદના સભાપતિ તેમાં જે સુધારાવધારા અને અનુકૂળ ફેરફારો કરે તેને અધીન રહીને, રાજ્યના વિધાનમંડળ સંબંધમાં અમલી થશે.
(૩) વિધાન પરિષદવાળા રાજ્યમાં વિધાનસભામાં અધ્યક્ષ તથા વિધાન પરિષદના સભાપતિ સાથે વિચાર વિનિમય કર્યા પછી, રાજ્યપાલ બે ગૃહો વચ્ચેના વ્યવહારો અંગેની કાર્યરીતિને લગતા નિયમો કરી શકશે.

**અનુચ્છેદ : ૨૦૯ રાજ્ય વિધાનમંડળમાં નાણાકીય કાર્ય સંબંધિત કાર્યવાહીનું કાયદા વ્દારા નિયંત્રણ**

નાણાકીય કામકાજ સમયસર પુરુ કરવાના હેતુ માટે નાણાકીય બાબતના અથવા રાજ્યના એકત્રિત ફંડમાંથી નાણાંના વિનિયોગ માટેના કોઈ વિધેયક સંબંધમાં રાજ્યના વિધાનમંડળના ગૃહ અથવા ગૃહોની કાર્યરીતિ અને તેના કાર્યસંચાલનનું કાયદાથી રાજ્યનું વિધાનમંડળ નિયમન કરી શકશે અને એ રીતે કરેલા કાયદાની કોઈ જોગવાઈ રાજ્યના વિધાનમંડળના ગૃહે અથવા બેમાંથી કોઈ ગૃહે અનુચ્છેદ ૨૦૮ ના ખંડ (૧) હેઠળ કરેલા નિયમ સાથે અથવા તે અનુચ્છેદના ખંડ (૨) હેઠળ રાજ્યના વિધાનમંડળ સંબંધમાં અમલી કોઈ નિયમ કે સ્થાયી હુકમ સાથે અસંગત હોય તો તેટલે અંશે તેવી જોગવાઈ પ્રવર્તશે.

**અનુચ્છેદ : ૨૧૦ વિધાનમંડળમાં વાપરવાની ભાષા**

(૧) ભાગ ૧૭માં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ અનુચ્છેદ ૩૪૮ની જોગવાઈઓને અધીન રહીને, રાજ્યના

Astha Academy Mo.8980961441

વિધાનમંડળનું કામકાજ રાજ્યની રાજભાષા કે ભાષાઓમાં અથવા હિન્દી કે અંગ્રેજીમાં ચલાવવામાં આવશે.

**પરંતુ** જે સભ્ય પોતાને જે સંબોધવાનું હોય, તે ઉપર જણાવેલી કોઈ પણ ભાષામાં બરાબર વ્યક્ત કરી શકતા ન હોય તો તેમને, યથાપ્રસંગ, વિધાનસભાના અધ્યક્ષ અથવા વિધાન પરિષદના સભાપતિ અથવા તે તરીકે કાર્ય કરનાર વ્યક્તિ, તેમની માતૃભાષામાં ગૃહને સંબોધવાની પરવાનગી આપી શકશે.

(૨) રાજ્યનું વિધાનમંડળ કાયદાથી અન્યથા જોગવાઈ ન કરે તો, આ સંવિધાનના આરંભથી પંદર વર્ષની મુદત પૂરી થયા પછી આ અનુચ્છેદમાંથી "કે અંગ્રેજીમાં" એ શબ્દો કમી કરવામાં આવ્યા હોય તેમ તે અમલી થશે.

**પરંતુ હિમાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય અને ત્રિપુરા** રાજ્યના વિધાનમંડળોના સંબંધમાં આ ખંડ, તેમાં આવતા "પંદર વર્ષ" એ શબ્દોને સ્થાને **"પચ્ચીસ વર્ષ"** એ શબ્દો મૂકવામાં આવ્યા હોય તેમ અમલી થશે.

**વધુમાં અરૂણાચલ પ્રદેશ, ગોવા અને મિઝોરમ** રાજ્યોના વિધાનમંડળોના સંબંધમાં, આ ખંડ, તેમાં આવતા "પંદર વર્ષ" એ શબ્દોને સ્થાને **"ચાળીસ વર્ષ"** એ શબ્દો મુકવામાં આવ્યા હોય તેમ અમલી થશે.

**અનુચ્છેદ : ૨૧૧ વિધાનમંડળમાં ચર્ચા વિચારણા પર નિયંત્રણ**

ઉચ્ચતમ ન્યાયાલયના અથવા ઉચ્ચ ન્યાયાલયના કોઈ ન્યાયાધીશની પોતાની ફરજો બજાવતી વેળાની વર્તણૂક અંગે રાજ્યના વિધાનમંડળમાં કોઈ ચર્ચા થઈ શકશે નહી.

**અનુચ્છેદ : ૨૧૨ અદાલત દ્વારા વિધાનમંડળની કાર્યવાહીની તપાસ નહીં થઈ શકે**

(૧) કાર્યરીતિની કહેવાતી અનિયમસરતાને કારણે રાજ્યના વિધાનમંડળની કોઈ કાર્યવાહીની કાયદેસરતા સામે વાંધો ઉઠાવી શકાશે નહી.

(૨) રાજ્યના વિધાનમંડળમાં કાર્યરીતિનુ અથવા કામકાજના સંચાલનનુ નિયમન કરવા માટે અથવા વ્યવસ્થા જાળવવા માટે, આ સંવિધાનથી કે તે હેઠળ રાજ્યના વિધાનમંડળના જે કોઈ અધિકારી કે સભ્યમાં સત્તા નિહિત થઈ હોય તે અધિકારી કે તે સભ્ય તે સત્તા વાપરે ત્યારે કોઈ ન્યાયાલયની હકૂમતને અધીન રહેશે નહી.

**પ્રકરણ – ૪**

**રાજ્યપાલની ધારાકીય સત્તા**

**અનુચ્છેદ : ૨૧૩ વિધાનમંડળની બેઠકો ચાલુ ન હોય ત્યારે વટહુકમ બહાર પાડવાની રાજ્યપાલની સત્તા**

(૧) રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોય ત્યારે અથવા જ્યાં રાજ્યના વિધાન પરિષદ હોય ત્યાં વિધાનમંડળના બંને ગૃહોનું સત્ર ચાલુ ન હોય ત્યારે, કોઈ પણ સમયે રાજ્યપાલને એવી ખાતરી થાય કે તાત્કાલિક પગલાં લેવાનું પોતાને માટે જરૂરી બનાવે એવા સંજોગો પ્રવર્તે છે, તો તેઓ એ સંજોગોમાં પોતાને આવશ્યક જણાય તેવા વટહુકમો પ્રસિદ્ધ કરી શકશે.

પરંતુ જો –

(ક) એ જ જોગવાઈઓનો સમાવેશ કરતા વિધેયકને વિધાનમંડળમાં રજૂ કરવા માટે આ સંવિધાન હેઠળ રાષ્ટ્રપતિની પૂર્વમંજૂરી આવશ્યક હોત; અથવા

(ખ) એ જ જોગવાઈઓનો સમાવેશ કરતા વિધેયકને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવું રાજ્યપાલે જરૂરી ગણ્યુ હોત; અથવા

(ગ) એ જ જોગવાઈઓનો સમાવેશ કરતો રાજ્યના વિધાનમંડળનો અધિનિયમ, રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રખાયા પછી તેને, રાષ્ટ્રપતિની અનુમતિ મળી ન હોત તો, આ સંવિધાન હેઠળ બિનકાયદેસર બનત,

**તો રાષ્ટ્રપતિની સૂચના સિવાય**, એવો કોઈ વટહુકમ રાજ્યપાલ પ્રસિદ્ધ કરી શકશે નહી.

(૨) આ અનુચ્છેદ હેઠળ પ્રસિદ્ધ થયેલા કોઈ વટહુકમને રાજ્યપાલે અનુમતિ આપી હોય તેવા જ રાજ્યના વિધાનમંડળના અધિનિયમ જેટલો જ પ્રભાવ અને અમલ રહેશે,

**પણ** એવો દરેક વટહુકમ, -

(ક) રાજ્યની વિધાનસભા સમક્ષ અથવા જે રાજ્યમાં વિધાન પરિષદ હોય ત્યાં બન્ને ગૃહો સમક્ષ મૂકવો જોઈશે અને વિધાનમંડળ ફરી મળે ત્યારથી છ અઠવાડિયાં પૂરાં થયે અથવા તે મુદત પૂરી થાય તે પહેલાં વિધાનસભા તેને અનુમતિ નહી આપતો ઠરાવ પસાર કરે અને વિધાન પરિષદ હોય તો, એ ઠરાવને તે સંમતિ આપે તો, યથાપ્રસંગ, ઠરાવ પ્રસાર થયે અથવા તે ઠરાવને પરિષદની સંમતિ મળ્યે તે અમલમાં રહેશે નહી; અને

(ખ) રાજ્યપાલ કોઈ પણ સમયે તેને પાછો ખેંચી શકશે.

**સ્પષ્ટીકરણ** : વિધાન પરિષદવાળા રાજ્યના વિધાનમંડળના ગૃહોને જુદી જુદી તારીખોએ ફરી મળવા માટે બોલાવવામાં આવે તો, આ ખંડના હેતુઓ માટે છ અઠવાડિયાંની મુદતની ગણતરી તે તારીખોમાંથી જે મોડી હોય તે તારીખથી કરવામાં આવશે.

(૩) આ અનુચ્છેદ હેઠળ કોઈ વટહુકમથી કરેલી કોઈ જોગવાઈ જે રાજ્યપાલની અનુમતિ પામેલા રાજ્યના

Astha Academy Mo.8980961441

વિધાનમંડળના અધિનિયમમાં અધિનિયમિત કરવામાં આવી હોત, તો કાયદેસર ગણાત નહી, તો તેવી જોગવાઈ તેટલે અંશે રદબાતલ થશે.

**પરંતુ** સંસદના કોઈ અધિનિયમથી અથવા સમવર્તી યાદીમાં ગણાવેલી બાબત અંગેના વિદ્યમાન કાયદાથી વિરુદ્ધ હોય તેવી રાજ્યના વિધાનમંડળના અધિનિયમની અસર સંબંધી આ સંવિધાનની જોગવાઈઓના હેતુઓ માટે રાષ્ટ્રપતિની સુચનાને અનુસરીને આ અનુચ્છેદ હેઠળ પ્રસિદ્ધ કરેલો વટહુકમ, રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખેલો અને તેમની અનુમતી પામેલો રાજ્યના વિધાનમંડળનો અધિનિયમ ગણાશે.

**અનુચ્છેદ : ૨૧૪ રાજ્યોની વડી અદાલતો**

દરેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલય રહેશે.

**અનુચ્છેદ : ૨૧૫ વડી અદાલતનું રેકર્ડ ન્યાયાલય હોવું**

દરેક ઉચ્ચ ન્યાયાલય રેકર્ડ ન્યાયાલય રહેશે અને તેને પોતાના તિરસ્કાર માટે શિક્ષા કરવાની સત્તા સહિત એવા ન્યાયાલયની તમામ સત્તા રહેશે.

**અનુચ્છેદ : ૨૧૬ વડી અદાલતની રચના**

દરેક ઉચ્ચ ન્યાયાલય એક મુખ્ય ન્યાયમૂર્તિનું અને રાષ્ટ્રપતિ વખતોવખત નીમવા જરૂરી ગણે એવા બીજા ન્યાયાધીશોનું બનશે.

**અનુચ્છેદ : ૨૧૭ વડી અદાલતના ન્યાયાધીશની નિમણૂક તથા હોદ્દાની શરતો**

(૧) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે, રાજ્યના રાજ્યપાલ સાથે અને મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના બીજા ન્યાયાધીશની નિમણૂકની બાબતમાં, તે ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિનિમય કર્યા પછી, રાષ્ટ્રપતિ પોતાની સહી સિક્કાવાળા આદેશપત્રથી ઉચ્ચ ન્યાયાલયના દરેક ન્યાયાધીશને નીમશે અને તે વધારાના અથવા કાર્યકારી ન્યાયાધીશ હોય, તો અનુચ્છેદ ૨૨૪માં કરેલી જોગવાઈ પ્રમાણે અને તે સિવાયના દાખલામાં, તે બાસઠ વર્ષની ઉંમરના ન થાય ત્યાં સુધી હોદ્દો ધરાવી શકશે.

**પરંતુ –**

(ક) કોઈ ન્યાયાધીશ, રાષ્ટ્રપતિને સંબોધીને પોતાની સહીવાળા લખાણથી પોતાના હોદ્દાનું રાજીનામુ આપી શકશે;

(ખ) ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશને હોદ્દા ઉપરથી દૂર કરવા માટેની અનુચ્છેદ ૧૨૪ના ખંડ (૪)ની જોગવાઈ મુજબ રાષ્ટ્રપતિ કોઈ પણ ન્યાયાધીશને તેમના હોદ્દા ઉપરથી દૂર કરી શકશે;

(ગ) રાષ્ટ્રપતિએ કોઈ ન્યાયાધીશને ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નીમવાથી અથવા રાષ્ટ્રપતિએ ભારતના રાજ્યક્ષેત્રની અંદરના કોઈ ઉચ્ચ ન્યાયાલયમાં તેમની બદલી કરવાથી તેમનો હોદ્દો ખાલી પડશે.

(૨) કોઈ વ્યક્તિ ભારતની નાગરિક ન હોય, અને

(ક) ભારતના રાજ્યક્ષેત્રમાં ઓછામાં ઓછા દસ વર્ષ સુધી તેણે ન્યાયિક હોદ્દો ધરાવ્યો ન હોય; અથવા

(ખ) તે ઉચ્ચ ન્યાયાલય અથવા એક પછી એક એવા બે કે વધુ ન્યાયાલયોની ઓછામાં ઓછા દસ વર્ષ સુધી એડવોકેટ તરીકે રહી ન હોય;

તો ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નીમાવા માટે તે લાયક ગણાશે નહી.

**સ્પષ્ટીકરણ :** આ ખંડના હેતુ માટે -

(ક) જે મુદત દરમિયાન કોઈ વ્યક્તિએ ભારતના રાજ્યક્ષેત્રમાં ન્યાયિક હોદ્દો ધરાવ્યો હોય તે મુદતની ગણતરી કરતી વખતે, જે મુદત દરમિયાન તે ઉચ્ચ ન્યાયાલયની એડવોકેટ થઈ હોય અથવા ટ્રિબ્યુનલના સભ્યનો હોદ્દો અથવા કાયદાનું વિશિષ્ટ જ્ઞાન જરૂરી હોય તેવી સંઘ અથવા રાજ્ય હેઠળની કોઈ જગા તેણે ધરાવી હોય તેવો ન્યાયિક હોદ્દો ધરાવ્યા પછીની કોઈ પણ મુદતનો સમાવેશ કરવામાં આવશે.

(કક) કોઈ વ્યક્તિની ઉચ્ચ ન્યાયાલયના એડવોકેટ તરીકેની મુદતની ગણતરી કરતી વખતે, તે વ્યક્તિએ એડવોકેટ થયા પછી કોઈ ન્યાયિક હોદ્દો અથવા ટ્રિબ્યુનલના સભ્યનો હોદ્દો અથવા કાયદાનું વિશિષ્ટ જ્ઞાન જેમાં જરૂરી હોય તેવી સંઘ અથવા રાજ્યની કોઈ જગા ધરાવ્યાની કોઈ પણ મુદતનો સમાવેશ કરવામાં આવશે;

(ખ) કોઈ વ્યક્તિની ભારતના રાજ્યક્ષેત્રમાં તેણે ન્યાયિક હોદ્દો ધરાવ્યાની અથવા તે ઉચ્ચ ન્યાયાલયના એડવોકેટ તરીકે રજાની મુદતની ગણતરી કરતી વખતે, સન ૧૯૪૭ના ઓગષ્ટ મહિનાની ૧૫મી તારીખ પહેલાં "હિન્દ રાજ્ય વહીવટ અધિનિયમ, ૧૯૩૫"માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના ભારતમાં આવેલા વિસ્તારમાં, યથાપ્રસંગ, તેણે આ સંવિધાનના આરંભ પહેલાં ન્યાયિક હોદ્દો ધરાવ્યાની મુદતનો અથવા એવા કોઈ વિસ્તારમાં કોઈ ઉચ્ચ ન્યાયાલયના એડવોકેટ તરીકે રજાની મુદતનો સમાવેશ કરવામાં આવશે.

(૩) ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની ઉંમર સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો રાષ્ટ્રપતિ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિનિમય કર્યા પછી, તે પ્રશ્નનો નિર્ણય કરશે અને રાષ્ટ્રપતિનો નિર્ણય આખરી ગણાશે.

Astha Academy Mo 8980961441

**અનુચ્છેદ : ૨૧૮ સર્વોચ્ચ અદાલત સંબંધિત અમૂક જોગવાઈઓનું વડી અદાલત પર લાગુ થવું**

અનુચ્છેદ ૧૨૪ના ખંડો (૪) અને (૫)ની જોગવાઈઓ, ઉચ્ચતમ ન્યાયાલયના સંબંધમાં જેમ લાગુ પડે છે તેમ, ઉચ્ચતમ ન્યાયાલયના ઉલ્લેખોને બદલે ઉચ્ચ ન્યાયાલયના ઉલ્લેખો મૂકીને, ઉચ્ચ ન્યાયાલયને લાગુ પડશે.

**અનુચ્છેદ : ૨૧૯ વડી અદાલતના ન્યાયાધીશોના શપથ અથવા પ્રતિજ્ઞા**

ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમાયેલી દરેક વ્યક્તિએ પોતે હોદ્દો સંભાળે તે પહેલાં રાજ્યના રાજ્યપાલ અથવા તેમણે તે અર્થે નીમેલી કોઈ વ્યક્તિ સમક્ષ ત્રીજી અનુસૂચિમાં આ હેતુ માટે આપેલા નમૂના અનુસાર શપથ અથવા પ્રતિજ્ઞા લેવી જોઈશે અને તે પર સહી કરવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૨૦ કાયમી ન્યાયાધીશ થયા બાદ વકીલાત પર નિયંત્રણ**

આ સંવિધાનના આરંભ પછી, ઉચ્ચ ન્યાયાલયના કાયમી ન્યાયાધીશ તરીકેનો હોદ્દો ધરાવી ચૂકેલી વ્યક્તિ ઉચ્ચતમ ન્યાયાલય અને બીજા ઉચ્ચ ન્યાયાલયો સિવાય ભારતના કોઈ ન્યાયાલય અથવા કોઈ સત્તાધિકારી સમક્ષ વકીલાત કે કામકાજ કરી શકશે નહી.

**સ્પષ્ટીકરણ :** આ અનુચ્છેદમાં 'ઉચ્ચ ન્યાયાલય' એ શબ્દ પ્રયોગમાં સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ના આરંભ પહેલાં અસ્તિત્વમાં હોય તેવા પહેલી અનુસૂચિના ભાગ-ખમાં નિર્દિષ્ટ કરેલા રાજ્યના ઉચ્ચ ન્યાયાલયનો સમાવેશ થતો નથી.

**અનુચ્છેદ : ૨૨૧ ન્યાયાધીશોનાં વેતન–ભથ્થાં**

(૧) ઉચ્ચ ન્યાયાલયના દરેક ન્યાયાધીશને સંસદે કરેલા કાયદાથી નક્કી કરવામાં આવે તેવા પગાર અને તે અર્થે તેવી રીતે જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા હોય તેવા પગાર આપવામાં આવશે.

(૨) દરેક ન્યાયાધીશને સંસદે કરેલા કાયદાથી કે તે હેઠળ વખતોવખત નક્કી કરવામાં આવે તેવાં ભથ્થાં અને ગેરહાજરીની રજા અને પેન્શન અંગેના તેવા હકો મળશે અને તે રીતે નક્કી કરવામાં આવે નહી ત્યાં સુધી, બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં ભથ્થાં અને હકો મળશે :

પરંતુ ન્યાયાધીશનાં ભથ્થાં કે ગેરહાજરીની રજા અથવા પેન્શન અંગેના તેમના હકોમાં તેમની નિમણૂક પછી, તેમને ગેરલાભ થાય તેવી રીતે ફેરફાર કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૨૨૨ ન્યાયાધીશોની એક વડી અદાલતથી બીજી વડી અદાલતમાં બદલી**

(૧) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિનિમય કર્યા પછી, રાષ્ટ્રપતિ, કોઈ ન્યાયાધીશની એક ઉચ્ચ ન્યાયાલયમાંથી બીજા કોઈ ઉચ્ચ ન્યાયાલયમાં બદલી કરી શકશે.

(૨) કોઈ ન્યાયાધીશની એ રીતે બદલી કરવામાં આવી હોય કે આવે, ત્યારે સંવિધાન (પંદરમાં સુધારા) અધિનિયમ, ૧૯૬૩ના આરંભ પછી, તેઓ બીજા ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે કામ કરે તે મુદત દરમિયાન પોતાના પગાર ઉપરાંત વધારામાં કાયદાથી સંસદ નક્કી કરે તે વળતર ભથ્થુ મેળવવા અને એ રીતે ઠરાવાય નહી ત્યાં સુધી, રાષ્ટ્રપતિ હુકમ કરીને નક્કી કરે તે વળતર ભથ્થુ મેળવવા તેઓ હકદાર રહેશે.

**અનુચ્છેદ : ૨૨૩ કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક**

ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિનો હોદ્દો ખાલી હોય ત્યારે અથવા એવા કોઈ મુખ્ય ન્યાયમૂર્તિની ગેરહાજરીને કારણે કે બીજા કારણે પોતાના હોદ્દાની ફરજો અદા ન કરી શકે, ત્યારે ન્યાયાલયના બીજા ન્યાયાધીશોમાંથી રાષ્ટ્રપતિ આ હેતુ માટે નીમે તે ન્યાયાધીશ તે હોદ્દાની ફરજો અદા કરશે.

**અનુચ્છેદ : ૨૨૪ વધારાના અને કાર્યકારી ન્યાયાધીશોની નિમણૂક**

(૧) કોઈ ઉચ્ચ ન્યાયાલયના કામકાજમાં થોડા સમય પૂરતો વધારો થવાના અથવા તેમાં કામ ચડી ગયાના કારણે રાષ્ટ્રપતિને એમ લાગે કે તે ન્યાયાલયના ન્યાયાધીશોની સંખ્યા તે સમય પૂરતી વધારવી જોઈએ, તો યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિઓને રાષ્ટ્રપતિ પોતે નિર્દિષ્ટ કરે તેવી વધુમાં વધુ બે વર્ષ સુધીની મુદત માટે તે ન્યાયાલયના વધારાના ન્યાયાધીશ તરીકે નીમી શકશે.

(૨) મુખ્ય ન્યાયામૂર્તિ સિવાયના ઉચ્ચ ન્યાયાલયના કોઈ ન્યાયાધીશ ગેરહાજર હોવાને અથવા બીજા કોઈ કારણે પોતાની હોદ્દાની ફરજો અદા ન કરી શકે અથવા તેમની હંગામી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવામાં આવે ત્યારે, રાષ્ટ્રપતિ, કાયમી ન્યાયાધીશ પોતાની ફરજ ઉપર હાજર ન થાય ત્યાં સુધી યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિને તે ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે કાર્ય કરવા માટે નીમી શકશે.

Astha Academy Mo.8980961441

(૩) ઉચ્ચ ન્યાયાલયના વધારાના અથવા કાર્યકારી ન્યાયાધીશ તરીકે નીમાયેલી કોઈ વ્યક્તિ બાસઠ વર્ષની ઉંમર થયા પછી હોદ્દો ધરાવી શકશે નહી.

**અનુચ્છેદ : ૨૨૪.ક વડી અદાલતની બેઠકોમાં નિવૃત ન્યાયાધીશોની હાજરી**

આ પ્રકરણમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ રાજ્યના ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ કોઈ પણ સમયે, રાષ્ટ્રપતિની પૂર્વ સંમતિ લઈને ન્યાયાલયના અથવા બીજા કોઈ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશનો હોદ્દો ધરાવ્યો હોય તેવી કોઈ વ્યક્તિને તે રાજ્યના ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે બેસવાની અને કાર્ય કરવાની વિનંતી કરી શકશે અને તે રીતે જેને વિનંતી કરવામાં આવી હોય તેવી દરેક વ્યક્તિને તે એ રીતે બેસીને કાર્ય કરતી હોય ત્યાં સુધી, રાષ્ટ્રપતિ હુકમ કરીને નક્કી કરે તેવાં ભથ્થાંનો હક રહેશે તેમજ તેમને તે ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની તમામ હકૂમત, સત્તા અને વિશેષાધિકારો રહેશે, પણ બીજી રીતે તે એ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ છે એમ ગણાશે નહીં.

પરંતુ ઉપર જણાવ્યા મુજબની વ્યક્તિ તે ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે બેસવા અને કાર્ય કરવા સંમત ન થાય, તો તેમને આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરથી તેમ કરવાનુ ફરજરૂપ છે એમ ગણાશે નહી.

**અનુચ્છેદ : ૨૨૫ વિદ્યમાન વડી અદાલતોનું કાર્યક્ષેત્ર**

આ સંવિધાનની જોગવાઈઓને અને આ સંવિધાનની સમુચિત વિધાનમંડળને અપાયેલી સત્તાની રૂએ તે વિધાનમંડળે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને આધીન રહીને, કોઈ વિદ્યમાન ઉચ્ચ ન્યાયાલયની હકૂમત અને તેમાં ચાલતો કાયદો અને તે ન્યાયાલયમાં ન્યાયના વહીવટના સંબંધમાં તેના ન્યાયાધીશોની પોતપોતાની સત્તા, જેમાં ન્યાયાલયના નિયમો કરવાની અને ન્યાયાલયની અને એકલા અથવા વિભાગીય ન્યાયાલયોમાં બેસતા તેના સભ્યોની બેઠકોનું નિયમન કરવાની સત્તાનો સમાવેશ થાય છે, તે આ સંવિધાનના આરંભના તરત પહેલાં હતા તેવા જ રહેશે :

પરંતુ મહેસૂલ સંબંધી અથવા તેની વસૂલાત અંગે ફરમાવેલા કે કરેલા કોઈ કાર્યને લગતી કોઈ બાબત સંબંધી કોઈ પણ ઉચ્ચ ન્યાયાલયની મૂળ હકૂમત વાપરવાનું આ સંવિધાનના આરંભની તરત પહેલાં જે મર્યાદાને અધીન હતું તે મર્યાદા એવી હકૂમત વાપરવાને હવે પછી લાગુ પડશે નહી.

**અનુચ્છેદ : ૨૨૬ કેટલીક રીટ કાઢવાની વડી અદાલતની સત્તા**

(૧) અનુચ્છેદ ૩૨માં ગમે તે મજકૂર હોય તે છતાં દરેક ઉચ્ચ ન્યાયાલયને જેના સંબંધમાં તે હકૂમત વાપરતુ હોય તે સમગ્ર રાજ્યક્ષેત્રમાં ભાગ ૩થી અપાયેલા હકો પૈકી કોઈ હકના અમલ માટે અને બીજા કોઈ પણ હેતુ માટે તે રાજ્યક્ષેત્રની અંદરની કોઈ પણ વ્યક્તિ અથવા સત્તામંડળ ઉપર તેમજ યોગ્ય દાખલાઓમાં કોઈ સરકાર ઉપર પણ આદેશો, હુકમો અથવા જેમાં બંદી પ્રત્યક્ષીકરણ (હેબિયસ કોરપસ), પરમાદેશ (મેન્ડેમસ), પ્રતિષેધ (પ્રોહિબિશન), અધિકાર-પૃચ્છા (ક્વો વોરંટો) ઉત્પ્રેષણ (સર્શિયોરરી) પ્રકારની રીટોનો સમાવેશ થાય છે, એવી રીટો અથવા તેમાંની કોઈ રીટ કાઢવાની સત્તા રહેશે.

(૨) કોઈ સરકાર, સત્તામંડળ અથવા વ્યક્તિ ઉપર આદેશો, હુકમો અથવા રિટ કાઢવા માટે ખંડ (૧) થી અપાયેલી સત્તા, તે સરકાર અથવા સત્તામંડળનું મથક અથવા તે વ્યક્તિનું નિવાસસ્થાન તે પ્રદેશમાં આવેલું ન હોય તે છતાં, જેમાં એવી સત્તા વાપરવા માટે દાવાનું પુરું અથવા આંશિક કારણ ઉપસ્થિત થાય તે રાજ્યક્ષેત્રના સંબંધમાં એવી સત્તા વાપરવા માટે હકૂમત વાપરતું ઉચ્ચ ન્યાયાલય પણ વાપરી શકશે.

(૩) ખંડ (૧) હેઠળ અરજી ઉપર અથવા તેને લગતી કોઈ કાર્યવાહીમાં મનાઈ હુકમ કરીને અથવા સ્ટેથી અથવા બીજી કોઈ રીતે કોઈ વચગાળાનો હુકમ જેની વિરૂદ્ધ કરવામાં આવ્યો હોય તે પક્ષકાર -

(ક) એવા વચગાળાના હુકમ માટેની વિનંતીના સમર્થનમાં એવી અરજીની અને તમામ દસ્તાવેજોની નકલો, તેવા પક્ષકારને આપ્યા વિના; અને

(ખ) એવા પક્ષકારને જે કાંઈ કહેવું હોય તે કહી સંભળાવવાની તક આપ્યા વિના,

એવા હુકમ ઉઠાવી લેવા માટે ઉચ્ચ ન્યાયાલયને અરજી કરે અને તે અરજીની એક નકલ જેની તરફેણમાં હુકમ કરવામાં આવ્યો હોય તે પક્ષકારને અથવા તે પક્ષકારના વકીલને પૂરી પાડે, ત્યારે ઉચ્ચ ન્યાયાલય તે મળે તે તારીખ અથવા એવી અરજીની નકલ તેવી રીતે આપ્યાની તારીખ, એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી બે અઠવાડિયાની મુદતની અંદર અથવા તે મુદતના છેલ્લા દિવસે ઉચ્ચ ન્યાયાલય બંધ હોય તો ત્યાર પછી આવતા બીજા જ દિવસે ઉચ્ચ ન્યાયાલય ખૂલ્લુ હોય તે દિવસ પૂરો થતાં પહેલાં અરજીઓનો નિકાલ કરશે અને અરજીનો તેવી રીતે નિકાલ કરવામાં આવ્યો ન હોય તો વચગાળાનો હુકમ, યથાપ્રસંગ, તે મુદત પૂરી થતાં અથવા બીજો દિવસ પુરો થયે ઉઠાવી લીધેલો ગણાશે.

Astha Academy Mo. 8980961441

(૪) આ અનુચ્છેદથી કોઈ ઉચ્ચ ન્યાયાલયને અપાયેલી સત્તાથી, અનુચ્છેદ ૩૨ના ખંડ (૨) થી ઉચ્ચતમ ન્યાયાલયને અપાયેલી સત્તામાં ઘટાડો થશે નહી.

**અનુચ્છેદ : ૨૨૭ અન્ય અદાલતો પર દેખરેખ રાખવાની વડી અદાલતની સત્તા**

(૧) જેના સંબંધમાં પોતે હકૂમત વાપરતું હોય તે સમગ્ર રાજ્યક્ષેત્રમાંનાં તમામ ન્યાયાલયો અને ટ્રિબ્યુનલો ઉપર દરેક ઉચ્ચ ન્યાયાલયની દેખરેખ રહેશે.

(૨) પૂર્વવર્તી જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, ઉચ્ચ ન્યાયાલય –

(ક) એવા ન્યાયાલય પાસેથી પત્રકો મંગાવી શકશે;

(ખ) એવા ન્યાયાલયની કાર્યપ્રણાલી અને કાર્યવાહીનું નિયમન કરવા માટે સામાન્ય નિયમો કરી તે બહાર પાડી શકશે અને નમૂનાઓ ઠરાવી શકશે; અને

(ગ) એવા કોઈ ન્યાયાલયોના અધિકારીઓએ કેવા નમૂના પ્રમાણે ચોપડા, નોંધો અને હિસાબો રાખવાં તે ઠરાવી શકશે.

(૩) એવા ન્યાયાલયોના શેરીફને અને તમામ કારકુનો અને અધિકારીઓને તથા તેમાં વકીલાત કરતા એટર્ની, એડવોકેટ અને વકીલોને આપવાની ફીના કોઠા પણ ઉચ્ચ ન્યાયાલય નક્કી કરી શકશે :

પરંતુ ખંડ (૨) અથવા ખંડ (૩) હેઠળ કરેલા નિયમો, ઠરાવેલા નમૂના અથવા નક્કી કરેલા કોઠા તે સમયે અમલમાં હોય એવા કોઈ પણ કાયદાની જોગવાઈ સાથે અસંગત હોવા જોઈશે નહી અને તેને માટે અગાઉથી રાજ્યપાલની મંજૂરી મેળવવી જોઈશે.

(૪) સશસ્ત્ર દળો સંબંધી કોઈ કાયદાથી કે તે હેઠળ રચાયેલા કોઈ પણ ન્યાયાલય કે ટ્રિબ્યૂનલ ઉપર દેખરેખ રાખવાની સત્તા અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરથી કોઈ ઉચ્ચ ન્યાયાલયને આપવામાં આવી છે એમ ગણાશે નહી.

**અનુચ્છેદ : ૨૨૮ અમૂક કેસ વડી અદાલતને તબદીલ કરવા બાબત**

ઉચ્ચ ન્યાયાલયને ખાતરી થાય કે, પોતાના તાબાના કોઈ પણ ન્યાયાલયની વિચારણા હેઠળ હોય તેવા કેસમાં આ સંવિધાનના અર્થઘટન બાબત કાયદાનો કોઈ તાત્ત્વિક પ્રશ્ન સમાયો છે, જેનો નિર્ણય કરવાનુ એ કેસના નિકાલ માટે જરૂરી છે; તો તે એ કેસ પોતાની પાસે મંગાવી લેશે; અને

(ક) પોતે તે કેસનો નિકાલ કરી શકશે, અથવા

(ખ) સદરહુ કાયદાના પ્રશ્નનો નિર્ણય કરી શકશે અને જે ન્યાયાલયમાંથી એ રીતે કેસ મંગાવી લેવામાં આવ્યો હોય તે ન્યાયાલયને તે પ્રશ્ન ઉપરના પોતાના ફેંસલાની નકલ સાથે કેસ પાછો મોકલી શકશે અને સદરહુ ન્યાયાલયે, તે મળ્યે, તેવા ફેંસલાને અનુરૂપ તે કેસનો નિકાલ કરવા માટે કાર્યવાહી કરવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૨૯ વડી અદાલતોના અધિકારીઓ, કર્મચારીઓ અને ખર્ચ**

(૧) ઉચ્ચ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂકો તે ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા તેઓ આદેશ કરે તેવા તે ન્યાયાલયના બીજા ન્યાયાધીશ કે અધિકારી કરશે.

પરંતુ રાજ્યના રાજ્યપાલ નિયમ દ્વારા ફરમાવી શકશે કે સદરહુ નિયમમાં નિર્દિષ્ટ કરવામાં આવે એવા દાખલાઓમાં ન્યાયાલય સાથે અગાઉથી જોડાયેલી ન હોય તેવી કોઈ પણ વ્યક્તિને રાજ્ય જાહેર સેવા આયોગ સાથે વિચાર વિનિમય કર્યા સિવાય, તે ન્યાયાલય સાથે સંબંધ ધરાવતા કોઈ હોદ્દા ઉપર નીમી શકાશે નહી.

(૨) રાજ્ય વિધાનમંડળે કરેલા કાયદાની જોગવાઈઓને આધીન રહીને, ઉચ્ચ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓની સેવાની શરતો, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિએ અથવા મુખ્ય ન્યાયમૂર્તિએ આ હેતુ માટે નિયમો કરવાને અધિકૃત કરેલા ન્યાયાલયના બીજા કોઈ ન્યાયાધીશ કે અધિકારીએ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તે રહેશે :

પરંતુ આ ખંડ હેઠળ કરાયેલા નિયમોને પગાર, ભથ્થાં, રજા કે પેન્શનો સાથે સંબંધ હોય તેટલે અંશે, તેમને રાજ્યના રાજ્યપાલની અનુમતિની જરૂર રહેશે.

(૩) ઉચ્ચ ન્યાયાલયનું વહીવટી ખર્ચ જેમાં તે ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓને અથવા તેમના સંબંધી આપવાના તમામ પગાર, ભથ્થાં અને પેન્શનોનો સમાવેશ થાય છે તે, રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવશે અને તે ન્યાયાલયે લીધેલી ફી કે બીજાં કોઈ નાણાં તે ફંડના ભાગરૂપ બનશે.

**અનુચ્છેદ : ૨૩૦ વડી અદાલતની હકૂમતનો કેન્દ્રશાસિત પ્રદેશો પર વિસ્તાર**

(૧) કોઈ ઉચ્ચ ન્યાયાલયની હકૂમત કોઈ પણ સંઘ રાજ્યક્ષેત્ર સુધી સંસદ કાયદાથી વિસ્તારી શકશે અથવા તેમાંથી તેને બાકાત રાખી શકશે.

(૨) રાજ્યનું ઉચ્ચ ન્યાયાલય સંઘ રાજ્યક્ષેત્ર સંબંધમાં હકૂમત વાપરતુ હોય ત્યારે –

(ક) રાજ્યના વિધાનમંડળને તે હકૂમત વધારવા, તેનુ નિયંત્રણ કરવા કે તેને નાબૂદ કરવાની સત્તા આપવામાં આવે

Astha Academy Mo.8980961441

છે, તેવો આ સંવિધાનના કોઈ પણ મજકૂરનો અર્થ કરવામાં આવશે નહી; અને

(ખ) અનુચ્છેદ ૨૨૭માં રાજ્યપાલ અંગેનો ઉલ્લેખ, તે રાજ્યક્ષેત્રમાં તાબાનાં ન્યાયાલયો માટેના કોઈ નિયમો, નમૂના અથવા કોઠા સંબંધમાં, રાષ્ટ્રપતિ અંગેનો ઉલ્લેખ છે, એમ તેનો અર્થ કરવામાં આવશે.

**અનુચ્છેદ : ૨૩૧ બે અથવા બે થી વધુ રાજ્યો માટે એક જ વડી અદાલતની રચના**

(૧) આ પ્રકારની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કાયદાથી સંસદ બે કે વધુ રાજ્યો વચ્ચે અથવા બે કે વધુ રાજ્યો અને સંઘ રાજ્યક્ષેત્ર વચ્ચે એક જ ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના કરી શકશે.

(૨) એવા કોઈ ઉચ્ચ ન્યાયાલય સંબંધમાં –

(ક) અનુચ્છેદ ૨૧૭માં રાજ્યના રાજ્યપાલ અંગેનો ઉલ્લેખ, જે રાજ્યો સંબંધમાં ઉચ્ચ ન્યાયાલય હકૂમત વાપરતું હોય તે તમામ રાજ્યોના રાજ્યપાલો અંગેનો ઉલ્લેખ છે, એમ તેનો અર્થ કરવામાં આવશે;

(ખ) અનુચ્છેદ ૨૨૭માં રાજ્યપાલ અંગેનો ઉલ્લેખ, તાબાનાં ન્યાયાલયો માટેના કોઈ નિયમો, નમૂના અથવા કોઠા સંબંધમાં, જે રાજ્યમાં તાબાના ન્યાયાલયો આવેલા હોય તે રાજ્યના રાજ્યપાલ અંગેનો ઉલ્લેખ છે, એમ તેનો અર્થ કરવામાં આવશે; અને

(ગ) અનુચ્છેદ ૨૧૯ અને ૨૨૯માં રાજ્ય અંગેના ઉલ્લેખો, જેમાં ઉચ્ચ ન્યાયાલયનું મુખ્ય મથક આવેલું હોય તે રાજ્ય અંગેના ઉલ્લેખો છે, એમ તેનો અર્થ કરવામાં આવશે.

પરંતુ જો આવું મુખ્યમથક સંઘ રાજ્યક્ષેત્રમાં હોય, તો અનુચ્છેદ ૨૧૯ અને ૨૨૯માં રાજ્યના રાજ્યપાલ, જાહેર સેવા આયોગ, વિધાનમંડળ અને એકત્રિત ફંડ અંગેના ઉલ્લેખો, અનુક્રમે રાષ્ટ્રપતિ, સંઘ જાહેર સેવા આયોગ, સંસદ અને ભારતના એકત્રિત ફંડ અંગેના ઉલ્લેખો છે એમ તેનો અર્થ કરવામાં આવશે.

**અનુચ્છેદ : – ૨૩૨** (રદ કર્યો છે.)

**પ્રકરણ–૬ તાબાનાં ન્યાયાલયો**

**અનુચ્છેદ : ૨૩૩ જિલ્લા ન્યાયાધીશોની નિમણૂક**

(૧) કોઈ રાજ્યના જિલ્લા ન્યાયાધીશ તરીકે વ્યક્તિઓની નિમણૂકો અને તેમની જગા ઉપર નિયુક્તિ અને બઢતી તે રાજ્ય સંબંધમાં હકૂમત વાપરતા ઉચ્ચ ન્યાયાલય સાથે વિચાર વિનિમય કરીને રાજ્યના રાજ્યપાલ કરશે.

(૨) સંઘ અથવા રાજ્યની નોકરીમાં ન હોય એવી વ્યક્તિ, ઓછામાં ઓછા સાત વર્ષ સુધી તે એડવોકેટ કે વકીલ રહી હોય અને તેની નિમણૂક માટે ઉચ્ચ ન્યાયાલયને ભલામણ કરી હોય, તો જ જિલ્લા ન્યાયાધીશ તરીકે નિમાવાને પાત્ર ગણાશે.

**અનુચ્છેદ : – ૨૩૩.ક કેટલાક જિલ્લા ન્યાયાધીશોની નિમણૂક અને તેઓ દ્વારા અપાયેલ ચુકાદા વગેરેને કાયદેસર ઠરાવવા બાબત**

કોઈ ન્યાયાલયનો ફેંસલો, હુકમનામું અથવા હુકમ હોય તે છતાં,-

(ક) (૧) રાજ્યની ન્યાયિક સેવામાં હોય તેવી કોઈ પણ વ્યક્તિની અથવા ઓછામાં ઓછા સાત વર્ષ સુધી એડવોકેટ અથવા વકીલ રહી હોય તેવી કોઈ વ્યક્તિની તે રાજ્યમાં જિલ્લા ન્યાયાધીશ તરીકેની કોઈ નિમણૂક; અને

(૨) જિલ્લા ન્યાયાધીશ તરીકે એવી કોઈ વ્યક્તિની જગા ઉપર નિયુક્તિ, બઢતી અથવા બદલી, સંવિધાન (વીસમા સુધારા) અધિનિયમ ૧૯૬૬ના આરંભ પહેલાં કોઈ પણ સમયે અનુચ્છેદ ૨૩૩ અથવા અનુચ્છેદ ૨૩૫ની જોગવાઈઓ અનુસાર ન હોય તે રીતે કરેલી હોય તો, એવી નિમણૂક, બઢતી અથવા બદલી સદરહુ જોગવાઈઓ અનુસાર કરવામાં આવી ન હતી તે હકીકતને કારણે જ તે ગેરકાયદેસર અથવા રદબાતલ બને છે અથવા તે ક્યારેક તેવી બની છે એમ ગણાશે નહી;

(ખ) અનુચ્છેદ ૨૩૩ અથવા અનુચ્છેદ ૨૩૫ની જોગવાઈઓ અનુસાર ન હોય તે રીતે, કોઈ રાજ્યમાં જિલ્લા ન્યાયાધીશ તરીકે નિમાયેલી, તે જગ્યા ઉપર નિયુક્ત થયેલી, બઢતી પામેલી કે બદલી થયેલી કોઈ વ્યક્તિએ સંવિધાન (વીસમા સુધારા) અધિનિયમ, ૧૯૬૬ના આરંભ પહેલાં તેણે વાપરેલી હકૂમત, આપેલો ફેંસલો, કરેલું હુકમનામું, કરેલી સજા અથવા હુકમ, અને તેની સમક્ષ લેવાયેલું બીજું પગલું કે થયેલી કાર્યવાહી, એવી નિમણૂક, સ્થળ નિયુક્તિ, બઢતી અથવા બદલી સદરહુ જોગવાઈઓ અનુસાર કરવામાં આવી ન હતી તે હકીકતને કારણે જ ગેરકાયદેસર અથવા અમાન્ય બને છે અથવા ક્યારેક તેવી બની હોય એમ ગણાશે નહી.

**અનુચ્છેદ : ૨૩૪ જિલ્લા ન્યાયાધીશો સિવાય અન્ય વ્યક્તિઓની ન્યાયીક સેવાઓમાં નિમણૂક**

રાજ્યની ન્યાયિક સેવામાં જિલ્લા ન્યાયાધીશ સિવાયની અન્ય વ્યક્તિઓની નિમણૂકો તે રાજ્યના રાજ્યપાલ, રાજ્ય લોક સેવા આયોગ સાથે અને તે રાજ્ય સંબંધમાં હકૂમત વાપરતા ઉચ્ચ ન્યાયાલય સાથે વિચાર વિનિમય કર્યા પછી, તે વિશે પોતે કરેલા નિયમો અનુસાર કરશે.

Astha Academy Mo.8980961441

**અનુચ્છેદ : ૨૩૫ તાબા હેઠળની અદાલતો પર નિયંત્રણ**

રાજ્યની ન્યાયિક સેવામાંની અને જિલ્લા ન્યાયાધીશ કરતાં ઉતરતા દરજ્જાની કોઈ જગા ધરાવનારી વ્યક્તિઓની તે જગા ઉપર નિયુક્તિ અને બઢતી અને તેમની રજાની મંજૂરી સહિત જિલ્લા ન્યાયાલયો અને તેનાં તાબાનાં ન્યાયાલયો ઉપરનું નિયંત્રણ ઉચ્ચ ન્યાયાલયમાં નિહિત થશે, પણ એવી કોઈ વ્યક્તિનો તેની નોકરીની શરતોનું નિયમન કરતા કાયદા હેઠળ અપીલ કરવાનો હક હોય તે આથી લઈ લેવામાં આવે છે એવી અથવા એવા કાયદા હેઠળ ઠરાવેલી તેની નોકરીની શરતો અનુસાર નહી, પણ બીજી રીતે તેની સાથે કામ લેવાનો અધિકાર ઉચ્ચ ન્યાયાલયને આપવામાં આવે છે તેવો આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરનો અર્થ કરવામાં આવશે નહી.

**અનુચ્છેદ : ૨૩૬ અર્થઘટન**

આ પ્રકરણમાં,-

(ક) "જિલ્લા ન્યાયાધીશ" એ શબ્દમાં સિટી સિવિલના ન્યાયાધીશ, વધારાના જિલ્લા ન્યાયાધીશ, સંયુક્ત જિલ્લા ન્યાયાધીશ, મદદનીશ જિલ્લા ન્યાયાધીશ, સ્મોલ કોઝ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ, ચીફ પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ, વધારાના ચીફ પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ, સેશન્સ ન્યાયાધીશ, વધારાના સેશન્સ ન્યાયાધીશ અને મદદનીશ સેશન્સ ન્યાયાધીશનો સમાવેશ થાય છે.

(ખ) "ન્યાયિક સેવા" એટલે જિલ્લા ન્યાયાધીશની જગા અને જિલ્લા ન્યાયાધીશ કરતાં ઉતરતા દરજ્જાની બીજી દીવાની ન્યાયિક જગ્યાઓ જેમનાથી પૂરવા ધાર્યું હોય તે વ્યક્તિઓની જ બનેલી સેવા.

**અનુચ્છેદ : ૨૩૭ અમૂક વર્ગોના મેજિસ્ટ્રેટો પર આ ભાગની જોગવાઈઓ લાગુ પાડવા બાબત**

રાજ્યપાલ જાહેરનામાથી ફરમાવી શકશે કે આ પ્રકરણની પૂર્વવર્તી જોગવાઈઓ અને તે હેઠળ કરેલા નિયમો, જેમ રાજ્યની ન્યાયિક સેવામાં નીમેલી વ્યક્તિઓ સંબંધમાં લાગુ પડે છે તેમ, રાજ્યના મેજિસ્ટ્રેટોના કોઈ વર્ગ અથવા વર્ગો સંબંધમાં આ અર્થે તે પોતે નક્કી કરે તે તારીખથી, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે અપવાદો અને ફેરફારો સાથે લાગુ પડશે.

**ભાગ–૭**

**(પહેલી અનુસૂચિનાં ભાગ–ખનાં રાજ્યો)**

**અનુચ્છેદ :૨૩૮**

સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૯ અને અનુસૂચિથી રદ કર્યો છે.

**ભાગ–૮**

**(સંઘ રાજ્યક્ષેત્રો)**

**અનુચ્છેદ : ૨૩૯ કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ**

(૧) સંસદ, કાયદાથી અન્યથા જોગવાઈ કરે તે સિવાય, રાષ્ટ્રપતિ દરેક સંઘ રાજ્યક્ષેત્રનો વહીવટ કરશે અને તેઓ પોતે નિર્દિષ્ટ કરે તેવા હોદ્દાથી પોતે નીમે તેવા વહીવટકર્તા દ્વારા પોતાને યોગ્ય લાગે તેટલે અંશે કાર્યો કરશે.

(૨) ભાગ-૬માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ કોઈ રાજ્યના રાજ્યપાલને તે રાજ્યની લગોલગ આવેલા કોઈ સંઘ રાજ્યક્ષેત્રના વહીવટકર્તા તરીકે નીમી શકશે અને તે રીતે નીમાયેલા રાજ્યપાલ, એવા વહીવટકર્તા તરીકેના પોતાના કાર્યો પોતાના મંત્રીમંડળથી સ્વતંત્ર રહીને બજાવશે.

**અનુચ્છેદ : ૨૩૯.ક કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થાનિક વિધાનમંડળ અથવા મંત્રીમંડળ અથવા બન્નેની રચના**

(૧) પુડુચેરીના સંઘ રાજ્યક્ષેત્ર માટે,

(ક) તે સંઘ રાજ્યક્ષેત્રના વિધાનમંડળ તરીકે કાર્ય બજાવવા માટે ચૂંટાયેલા અથવા અંશતઃ નિયુક્ત થયેલા અને અંશતઃ ચૂંટાયેલા મંડળની, અથવા

(ખ) મંત્રીમંડળની,

અથવા બંનેની, સંસદ કાયદાથી રચના કરી શકશે અને એ દરેકની રચના, સત્તા અને કાર્યો તે કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવાં રહેશે.

(૨) ખંડ (૧)માં ઉલ્લેખેલો કોઈ કાયદો, તેમાં આ સંવિધાનમાં સુધારો કરતી અથવા સુધારાની અસરવાળી જોગવાઈ હોય તે છતાં, અનુચ્છેદ ૩૬૮ના હેતુઓ માટે તે કાયદો આ સંવિધાનનો સુધારો છે એમ ગણાશે નહી.

**અનુચ્છેદ : ૨૩૯.કક દિલ્લી સંબંધિત વિશેષ જોગવાઈઓ**

(૧) સંવિધાન (અગણોસીત્તેરમા સુધારા) અધિનિયમ ૧૯૯૧ના આરંભની તારીખે, દિલ્હી રાજ્યક્ષેત્રને, દિલ્હી રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્ર (જેનો આ ભાગમાં, "રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્ર" તરીકે ઉલ્લેખ કર્યો છે) કહેવામાં આવશે અને અનુચ્છેદ ૨૩૯ હેઠળ તે માટે નિમાયેલ વહીવટકર્તાને ઉપ-રાજ્યપાલ કહેવામાં આવશે.

(૨)(ક) રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્ર માટે એક વિધાનસભા રહેશે અને આવી વિધાનસભાની બેઠકો, રાષ્ટ્રીય રાજધાની

Astha Academy Mo.8980961441

રાજ્યક્ષેત્રમાંના પ્રાદેશિક મતવિસ્તારમાંથી, સીધી ચૂંટણી દ્વારા ચૂંટાયેલા સભ્યો વડે ભરવામાં આવશે.

(ખ) વિધાનસભામાં બેઠકોની કુલ સંખ્યા, અનુસૂચિત જાતિઓ માટે અનામત રાખેલ બેઠકોની સંખ્યા, રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્રના પ્રાદેશિક મત વિસ્તારમાં વિભાજન આવા વિભાજન માટેના આધાર સહિત અને વિધાનસભાના કામકાજને લગતી તમામ અન્ય બાબતોનું નિયમન સંસદે ઘડેલા કાયદાથી કરવામાં આવશે.

(ગ) રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્ર, રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્રની વિધાનસભા અને તેના સભ્યોના સંબંધમાં અનુચ્છેદ ૩૨૪ થી ૩૨૭ અને ૩૨૯ની જોગવાઈઓ, અનુક્રમે રાજ્ય, રાજ્ય વિધાનસભા અને તેના સભ્યોના સંબંધમાં જે રીતે લાગુ પડે છે તે જ રીતે લાગુ પડશે; અને "યોગ્ય વિધાનમંડળ"ને લગતો, અનુચ્છેદ ૩૨૬ થી ૩૨૯માંનો કોઈ ઉલ્લેખ, એ સંસદના ઉલ્લેખ તરીકે ગણાશે.

(૩)(ક) આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય-યાદીમાં અથવા સમવર્તી યાદીમાં જણાવેલી બાબતો પૈકી કોઈ બાબત, જેટલે સુધી આવી કોઈ બાબત, રાજ્ય યાદીની નોંધો ૧, ૨ અને ૧૮ અને જેટલે સુધી તે સદરહુ નોંધો ૧, ૨ અને ૧૮ સાથે સંબંધ ધરાવે છે તેટલે સુધી તે યાદીની નોંધો ૬૪, ૬૫ અને ૬૬ સંબંધી બાબતો સિવાય, સંઘ રાજ્ય-ક્ષેત્રોને લાગુ પડતી હોય તેટલે સુધી, સમગ્ર રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્ર માટે અથવા તેના કોઈ ભાગ માટે કાયદા કરવાની વિધાનસભાને સત્તા રહેશે.

(ખ) પેટા-ખંડ (ક)માંના કોઈ મજકૂરથી, સંઘ રાજ્યક્ષેત્ર અથવા તેના કોઈ ભાગ માટેની કોઈ બાબતના સંબંધમાં કાયદા કરવાની, આ સંવિધાન હેઠળની સંસદની સત્તામાં ઘટાડો થશે નહી.

(ગ) કોઈ પણ બાબતના સંબંધમાં વિધાનસભાએ કરેલા કોઈ કાયદાની કોઈ પણ જોગવાઈ, તે બાબત સંબંધી સંસદે કરેલા કોઈ કાયદાની કોઈ પણ જોગવાઈ સાથે અસંગત હોય, પછી તે વિધાનસભાએ કરેલા કાયદાની પહેલાં કે પછી પસાર કરવામાં આવેલ હોય અથવા વિધાનસભાએ કરેલા કાયદા સિવાય અગાઉના કાયદાની પહેલાં કે પછી પસાર કરવામાં આવેલ હોય તો યથાપ્રસંગ, સંસદે કરેલો કાયદો અથવા તેવો અગાઉનો કાયદો પ્રવર્તશે અને વિધાનસભાએ કરેલ કાયદો, જેટલે સુધી તે અસંગત હોય તેટલે સુધી નિરર્થક ગણાશે.

પરંતુ વિધાનસભાએ કરેલ આવો કોઈ કાયદો રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવામાં આવ્યો હોય અને તેમની સંમતિ મળેલી હોય તો, એવો કાયદો રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્રમાં પ્રવર્તશે.

વધુમાં, આ પેટા-ખંડના કોઈ મજકૂરથી, તેવી રીતે વિધાનસભાએ કરેલા કાયદામાં ઉમેરો કરતા, સુધારો કરતા, ફેરફાર કરતા અથવા રદ કરતા કોઈ કાયદા સહિત, તે બાબત સંબંધી કોઈ પણ કાયદો, કોઈ પણ સમયે અધિનિયમિત કરવા માટે સંસદને અટકાવવામાં આવે છે તેમ ગણાશે નહી.

(૪) ઉપ-રાજ્યપાલને, જેટલે સુધી તેમને કોઈ કાયદાથી અથવા તે હેઠળ પોતાના સ્વવિવેકાનુસાર કાર્ય કરવું પડતું હોય તેટલે સુધી હોય તે સિવાય, જેના સંબંધમાં વિધાનસભાને કાયદો કરવાની સત્તા હોય તે સંબંધી બાબતોને લગતા તેમના કાર્યોની રૂએ સહાય અને સલાહ આપવા માટે **મુખ્યમંત્રીના વડપણ હેઠળ વિધાનસભામાંના સભ્યોની કુલ સંખ્યાના દસ ટકા કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાની બનેલી મંત્રી પરિષદ રહેશે**.

પરંતુ કોઈ પણ બાબત પરત્વે ઉપ-રાજ્યપાલ અને તેના મંત્રીઓ વચ્ચે અભિપ્રાયમાં ફેર હોય તેવા કિસ્સામાં ઉપ-રાજ્યપાલ નિર્ણયાર્થે રાષ્ટ્રપતિને લખી મોકલશે અને રાષ્ટ્રપતિએ તે ઉપર આપેલ નિર્ણય અનુસાર વર્તશે અને આવો નિર્ણય ન આવે ત્યાં સુધી જે પ્રસંગે કોઈ બાબત તેમના અભિપ્રાય પ્રમાણે એટલી બધી તાકીદની હોય કે તાત્કાલિક પગલાં લેવાનું તેમના માટે જરૂરી હોય તે પ્રસંગે, ઉપ-રાજ્યપાલ, સદરહુ બાબતમાં પોતાને યોગ્ય લાગે તેવુ પગલું લે અથવા તેવા આદેશો આપે તો તે સક્ષમ ગણાશે.

(૫) **મુખ્યમંત્રીને રાષ્ટ્રપતિ નીમશે અને અન્ય મંત્રીઓની નિમણૂક, મુખ્યમંત્રીની સલાહથી રાષ્ટ્રપતિ કરશે અને મંત્રીઓ રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.**

(૬) મંત્રી પરિષદ, વિધાનસભાને સામૂહિક રીતે જવાબદાર રહેશે.

(૭) (ક) સંસદ, પૂર્વવર્તી ખંડોમાં સમાવિષ્ટ જોગવાઈઓનો અમલ કરવા અથવા તેને પૂરક બનવા માટે અને તેને આનુષંગિક કે પરિણામિક હોય તેવી તમામ બાબતો માટે કાયદો કરીને જોગવાઈઓ કરી શકશે.

(ખ) ખંડ (ક)માં ઉલ્લેખેલો કોઈ કાયદો, તેમાં આ સંવિધાનમાં સુધારો કરતી અથવા સુધારાની અસરવાળી જોગવાઈ હોય તે છતાં, અનુચ્છેદ ૩૬૮ ના હેતુઓ માટે તે કાયદો આ સંવિધાનનો સુધારો છે એમ ગણાશે નહી.

(૮) અનુચ્છેદ ૨૩૯ (ખ)ની જોગવાઈઓ, જેટલે સુધી તે પુડુચેરીના સંઘ રાજ્યક્ષેત્ર, વહીવટકર્તા અને તેના વિધાનમંડળના સંબંધમાં લાગુ પડે છે તેટલે સુધી તે, રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્ર, ઉપ-રાજ્યપાલ અને વિધાનસભાના

Astha Academy Mo.8980961441

સંબંધમાં લાગુ પડશે; અને અનુચ્છેદ ૨૩૯ના ખંડ (૧) સંબંધી તે અનુચ્છેદના કોઈ ઉલ્લેખને યથાપ્રસંગ, આ અનુચ્છેદ અથવા અનુચ્છેદ ૨૩૯ (ખ)ના ઉલ્લેખ તરીકે ગણવામાં આવશે.

**અનુચ્છેદ : ૨૩૯ ક.ખ બંધારણીય તંત્રની નિષ્ફળતા પ્રસંગે જોગવાઈ**

રાષ્ટ્રપતિને ઉપ-રાજ્યપાલનો અહેવાલ સંપન્ન થયેથી અથવા અન્યથા એમ ખાતરી થાય કે-

(ક) એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જેમાં અનુચ્છેદ ૨૩૯ (કક)ની અથવા તે અનુચ્છેદ અનુસાર કરેલ કોઈ કાયદાની જોગવાઈઓ અનુસાર રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્રનું સંચાલન થઈ શકે એમ નથી; અથવા

(ખ) રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્રના સુયોગ્ય સંચાલન અર્થે તેમ કરવું આવશ્યક અથવા ઈષ્ટ છે,

તો રાષ્ટ્રપતિ હુકમ કરીને, અનુચ્છેદ ૨૩૯ (કક)ની કોઈ જોગવાઈ અથવા તે અનુચ્છેદ અનુસાર કરેલા કોઈ કાયદાની તમામ કે કોઈ જોગવાઈનો અમલ, સદરહુ કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી અને તેવી શરતોને અધીન રહીને, મોકૂફ રાખી શકશે અને અનુચ્છેદ ૨૩૯ અને અનુચ્છેદ ૨૩૯ (કક)ની જોગવાઈઓ અનુસાર, રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્રના વહીવટ માટે પોતાને આવશ્યક અથવા ઈષ્ટ લાગે તેવી આનુષંગિક અને પારિણામિક જોગવાઈઓ કરી શકશે.

**અનુચ્છેદ : ૨૩૯.ખ જ્યારે વિધાનમંડળનું સત્ર ચાલુ ન હોય ત્યારે વહીવટદારને વટહુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા**

(૧) પુડુચેરીના સંઘ રાજ્યક્ષેત્રના વિધાનમંડળનું સત્ર ચાલુ ન હોય, ત્યારે કોઈ પણ સમયે એવાં તાત્કાલિક પગલાં લેવાનું પોતાને માટે જરૂરી બનાવે એવા સંજોગો પ્રવર્તે છે એવી તેના વહીવટકર્તાને ખાતરી થાય તો, તે એ સંજોગો પ્રમાણે પોતાને આવશ્યક જણાય તેવા વટહુકમો પ્રસિદ્ધ કરી શકશે :

પરંતુ આ માટે રાષ્ટ્રપતિની સૂચના મેળવ્યા સિવાય, વહીવટકર્તા એવો કોઈ વટહુકમ પ્રસિદ્ધ કરી શકશે નહીં :

વધુમાં, સદરહુ વિધાનમંડળનું વિસર્જન થયું હોય અથવા અનુચ્છેદ ૨૩૯(ક)ના ખંડ (૧) માં ઉલ્લેખ કર્યો હોય તેવા કોઈ કાયદા હેઠળ લીધેલા કોઈ પગલાને કારણે તેમના કાર્યો બજાવવાનું મોકૂફ રાખવામાં આવ્યું હોય ત્યારે, વહીવટકર્તા એવા વિસર્જન અથવા મોકૂફીની મુદત દરમિયાન કોઈ વટહુકમ પ્રસિદ્ધ કરી શકશે નહી.

(૨) રાષ્ટ્રપતિની સૂચના અનુસાર આ અનુચ્છેદ હેઠળ પ્રસિદ્ધ કરેલો કોઈ પણ વટહુકમ, અનુચ્છેદ ૨૩૯-કના ખંડ (૧) માં ઉલ્લેખ કર્યો હોય તેવા કોઈ કાયદામાં આપેલી તે અંગેની જોગવાઈઓનું પાલન કર્યા પછી વિધિસર કરવામાં આવેલો સંઘ રાજ્યક્ષેત્રના વિધાનમંડળનો અધિનિયમ હોય એમ ગણાશે. પરંતુ એવો દરેક વટહુકમ-

(ક) સંઘ રાજ્યક્ષેત્રના વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે અને વિધાનમંડળ ફરી મળે ત્યારથી છ અઠવાડિયાં પૂરાં થયે અથવા તે મુદત પૂરી થાય તે પહેલાં વિધાનમંડળ તેને અનુમતિ ન આપતો ઠરાવ પસાર કરે તો તે ઠરાવ પસાર થયે અમલમાં રહેશે નહી; અને

(ખ) આ માટે રાષ્ટ્રપતિની સૂચના મેળવ્યા પછી, વહીવટકર્તા કોઈ પણ સમયે પાછો ખેંચી શકશે.

(૩) આ અનુચ્છેદ હેઠળનો વટહુકમ, જો અને જેટલે અંશે અનુચ્છેદ ૨૩૯-કના ખંડ (૧)માં ઉલ્લેખેલા કોઈ કાયદામાં જણાવેલી તે અંગેની જોગવાઈઓનું પાલન કર્યા પછી કરવામાં આવેલા સંઘ રાજ્યક્ષેત્રના વિધાનમંડળના અધિનિયમમાં કરવામાં આવી હોત, તો કાયદેસર ગણાત નહી તેવી જોગવાઈ કરતો હોય તો અને તેટલે અંશે તે જોગવાઈ રદબાતલ થશે.

**અનુચ્છેદ : ૨૪૦ અમૂક સંઘ રાજ્યક્ષેત્રો માટે વિનિયમો કરવાની રાષ્ટ્રપતિની સત્તા**

નીચેના સંઘ રાજ્યક્ષેત્રોનાં શાંતિ, પ્રગતિ અને સુશાસન માટે રાષ્ટ્રપતિ વિનિયમો કરી શકશે-

(ક) આંદામાન અને નિકોબાર ટાપુઓ;

(ખ) લક્ષદ્વીપ;

(ગ) દાદરા અને નગર હવેલી;

(ઘ) દમણ અને દીવ;

(ચ) પુડુચેરી

પરંતુ અનુચ્છેદ ૨૩૯-ક મુજબ પુડુચેરીના સંઘ રાજ્યક્ષેત્ર માટે વિધાનમંડળ તરીકે કાર્ય બજાવવા કોઈ મંડળ રચવામાં આવે ત્યારે, વિધાનમંડળની પ્રથમ બેઠક માટે નિયત કરેલી તારીખથી તે સંઘ રાજ્યક્ષેત્રના શાંતિ, પ્રગતિ અને સુશાસન માટે રાષ્ટ્રપતિ, કોઈ પણ રેગ્યુલેશન કરી શકશે નહીં.

વધુમાં, ગોવા, દમણ અને દીવ અને પુડુચેરીના સંઘ રાજ્યક્ષેત્ર માટે વિધાનમંડળ તરીકે કાર્ય બજાવતા કોઈ મંડળનું વિસર્જન કરવામાં આવે અથવા અનુચ્છેદ ૨૩૯-કના ખંડ (૧)માં ઉલ્લેખેલા કોઈ કાયદા હેઠળ લીધેલા કોઈ પગલાને કારણે એવા વિધાનમંડળ તરીકે તે મંડળને કાર્ય કરતું મોકૂફ કરાય તો રાષ્ટ્રપતિ, એવા વિસર્જનની અથવા મોકૂફીની મુદત દરમિયાન તે સંઘ રાજ્યક્ષેત્રના શાંતિ, પ્રગતિ અને સુશાસન માટે રેગ્યુલેશનો કરી શકશે.

(૨) એ રીતે કરેલા કોઈ રેગ્યુલેશન સંસદે કરેલા કોઈ અધિનિયમને અથવા સંઘ રાજ્યક્ષેત્રને તે સમયે લાગુ પડતા

Astha Academy Mo 8980961441

બીજા કોઈ કાયદાને રદ કરી શકશે અથવા તેને સુધારી શકશે અને રાષ્ટ્રપતિ તેને પ્રસિદ્ધ કરે, ત્યારે તેને તે રાજ્યક્ષેત્રને લાગુ પડતા સંસદના અધિનિયમ જેટલો જ પ્રભાવ અને અસર રહેશે.

**અનુચ્છેદ – ૨૪૧ સંઘ રાજ્યક્ષેત્રો માટેનું ઉચ્ચ ન્યાયાલય**

(૧) કાયદાથી સંસદ સંઘ રાજ્યક્ષેત્ર માટે ઉચ્ચ ન્યાયાલય રચી શકશે અથવા એવા કોઈ રાજ્યક્ષેત્રમાંના કોઈ ન્યાયાલયને આ સંવિધાનના તમામ અથવા કોઈ પણ હેતુ માટે ઉચ્ચ ન્યાયાલય તરીકે જાહેર કરી શકશે.

(૨) ભાગ ૬ના પ્રકરણ ૫ની જોગવાઈઓ, અનુચ્છેદ ૨૧૪માં ઉલ્લેખેલા ઉચ્ચ ન્યાયાલય સંબંધમાં લાગુ પડે છે તેમ, કાયદાથી સંસદ જોગવાઈ કરે તેવા ફેરફાર અથવા અપવાદો સાથે ખંડ (૧)માં ઉલ્લેખેલા દરેક ઉચ્ચ ન્યાયાલયના સંબંધમાં લાગુ પડશે.

(૩) આ સંવિધાનની જોગવાઈઓને અને આ સંવિધાનથી કે તે હેઠળ સમુચિત વિધાનમંડળને અપાયેલી સત્તાની રૂએ કરેલા તે વિધાનમંડળના કાયદાની જોગવાઈઓને અધીન રહીને, સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ના આરંભની તરત પહેલાં કોઈ સંઘ રાજ્યક્ષેત્ર સંબંધમાં હકૂમત ધરાવતુ દરેક ઉચ્ચ ન્યાયાલય એવા આરંભ પછી જે તે રાજ્યક્ષેત્ર સંબંધમાં એવી હકૂમત ધરાવવાનું ચાલુ રાખશે.

(૪) કોઈ રાજ્યના ઉચ્ચ ન્યાયાલયની હકૂમતને કોઈ પણ સંઘ રાજ્યક્ષેત્ર અથવા તેના કોઈ ભાગ સુધી વિસ્તારવાની અથવા તેમાંથી બાકાત રાખવાની સંસદની સત્તામાં આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરથી ઘટાડો થતો નથી.

**અનુચ્છેદ : ૨૪૨ કુર્ગ**

કુર્ગ સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૯ અને અનુસૂચિથી રદ કર્યો છે.

અસલ ભાગ-૯ (પહેલી અનુસૂચિના ભાગ ઘ માંના રાજ્યક્ષેત્રો તેમજ તે અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યાં ન હોય તેવાં બીજા રાજ્યક્ષેત્રો) સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૯ અને અનુસૂચિથી રદ કર્યો હતો.

## ભાગ – ૯ : પંચાયતો

**અનુચ્છેદ : ૨૪૩ વ્યાખ્યા**

આ ભાગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "જિલ્લો" એટલે, રાજ્યમાંનો જિલ્લો;

(ખ) "ગ્રામ સભા" એટલે, ગ્રામ સ્તરે, પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામને લગતી મતદાર યાદીમાં નોંધાયેલી વ્યક્તિઓનું બનેલું મંડળ;

(ગ) "મધ્યવર્તી સ્તર" એટલે, રાજ્યના રાજ્યપાલ જાહેરનામાથી, આ ગામના હેતુઓ માટે મધ્યવર્તી સ્તર તરીકે નિર્દિષ્ટ કરે તેવુ ગ્રામ્ય અને જિલ્લા સ્તર વચ્ચેનું સ્તર;

(ઘ) "પંચાયત" એટલે, ગ્રામ્ય વિસ્તારો માટે અનુચ્છેદ ૨૪૩-ખ હેઠળ રચાયેલ ગમે તે નામે ઓળખાતી સ્વરાજ્યની સંસ્થા;

(ચ) "પંચાયત વિસ્તાર" એટલે પંચાયતનો પ્રાદેશિક વિસ્તાર;

(છ) "વસ્તી" એટલે જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસ્તી ગણતરીમાં નક્કી થયા પ્રમાણેની વસ્તી;

(જ) "ગામ" એટલે આ ભાગના હેતુઓ માટે, રાજ્યપાલે જાહેરનામાથી નિર્દિષ્ટ કરેલ ગામ અને તેમાં તેવી રીતે નિર્દિષ્ટ કરેલ ગામોના સમૂહનો સમાવેશ થશે.

**અનુચ્છેદ : ૨૪૩.ક ગ્રામસભા**

ગ્રામસભા, ગ્રામ્ય સ્તરે રાજ્ય વિધાનમંડળ કાયદાથી જોગવાઈ કરે તેવી સત્તાઓ વાપરી શકશે અને તેવા કાર્યો બજાવી શકશે.

**અનુચ્છેદ : ૨૪૩.ખ પંચાયતોની રચના**

(૧) આ ભાગની જોગવાઈઓ અનુસાર, દરેક રાજ્યમાં, ગામ, મધ્યવર્તી અને જિલ્લા સ્તરે, પંચાયતોની રચના કરવી જોઈશે.

(૨) ખંડ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, વીસ લાખથી વધુ ન હોય તેવી વસ્તીવાળા રાજ્યમાં, મધ્યવર્તી સ્તરે, પંચાયતોની રચના કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૨૪૩.ગ પંચાયતોની સંરચના**

(૧) આ ભાગની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય વિધાનમંડળ, કાયદાથી પંચાયતોની સંરચના સંબંધી જોગવાઈઓ કરી શકશે.

પરંતુ કોઈ પણ સ્તરની પંચાયતના પ્રાદેશિક વિસ્તારની વસ્તી અને ચૂંટણીથી ભરવાની આવી પંચાયતોની બેઠકની સંખ્યા વચ્ચેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, સમગ્ર રાજ્યમાં એકસરખુ હોવું જોઈશે.

(૨) પંચાયતોની તમામ બેઠકો, પંચાયત વિસ્તારના પ્રાદેશિક મતદાર મંડળમાંથી, સીધી ચૂંટણી કરીને, પસંદ કરેલી વ્યક્તિઓ દ્વારા ભરવી જોઈશે અને આ હેતુ માટે, દરેક પંચાયત વિસ્તારનું પ્રાદેશિક મતદાર મંડળમાં એવી

Astha Academy Mo 8980961441

રીતે વિભાજન કરવું જોઈશે કે જેથી દરેક મતદાર મંડળની વસ્તી અને તેને ફાળવેલી બેઠકોની સંખ્યાનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, સમગ્ર પંચાયત વિસ્તારમાં એકસરખું રહે.

(૩) રાજ્ય વિધાનમંડળ કાયદો કરીને,-

(ક) ગ્રામ્ય સ્તરની પંચાયતો માટે, મધ્યવર્તી સ્તરની પંચાયતો માટે અથવા મધ્યવર્તી સ્તરે પંચાયતો ન હોય તેવા રાજ્યની બાબતમાં જિલ્લા સ્તરની પંચાયતો માટે, અધ્યક્ષ સ્થાન લેનાર વ્યક્તિના;

(ખ) જિલ્લા સ્તરની પંચાયતોમાં, મધ્યવર્તી સ્તરે પંચાયતો માટે, અધ્યક્ષ સ્થાન લેનાર વ્યક્તિના;

(ગ) તેવી પંચાયતમાં ગ્રામ્ય સ્તર સિવાયના અન્ય સ્તરે સંપૂર્ણત: કે અંશત: પંચાયત વિસ્તારના બનેલા મતદાર મંડળોનું પ્રતિનિધિત્વ કરતા લોકસભાના સભ્યોના અને રાજ્ય વિધાનમંડળના સભ્યોના;

(ઘ) રાજ્યસભાના સભ્યો અને રાજ્ય વિધાન પરિષદના સભ્યો, જ્યારે તેઓ,-

(૧) મધ્યવર્તી સ્તરે પંચાયતમાં, મધ્યવર્તી સ્તરે પંચાયત વિસ્તારમાં;

(૨) જિલ્લા સ્તરે પંચાયતમાં, જિલ્લા સ્તરે પંચાયત વિસ્તારમાં; મતદારો તરીકે નોંધાયેલા હોય ત્યારે, તેના પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરી શકશે.

(૪) પંચાયત વિસ્તારમાંના પ્રાદેશિક મતદાર મંડળમાંથી સીધી ચૂંટણીથી પસંદ થયા હોય કે થયા ન હોય તેવા, પંચાયતનું અધ્યક્ષ સ્થાન લેનાર વ્યક્તિને અને પંચાયતમાં બીજા સભ્યોને પંચાયતની બેઠકમાં મત આપવાનો હક રહેશે.

(૫)(ક) રાજ્ય વિધાનમંડળ કાયદો કરીને ઠરાવે તેવી રીતે ગ્રામ્ય સ્તરના પંચાયતના; અને

(ખ) મધ્યવર્તી સ્તરની અથવા જિલ્લા સ્તરની પંચાયતના ચૂંટાયેલા સભ્યો દ્વારા અને તેમનામાંથી, અધ્યક્ષ સ્થાન લેનાર વ્યક્તિને ચૂંટી કાઢવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૪૩.ઘ બેઠકો અનામત રાખવા બાબત**

(૧) દરેક પંચાયતમાં,-

(ક) અનુસૂચિત જાતિઓ, અને

(ખ) અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવી જોઈશે અને તેવી રીતે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું તે પંચાયતમાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, તે પંચાયત વિસ્તારમાંની અનુસૂચિત જાતિઓ અથવા તે પંચાયત વિસ્તારમાંની અનુસૂચિત આદિજાતિઓની વસ્તીનું પ્રમાણ, તે વિસ્તારની કુલ વસ્તી જોડે જેટલું હોય તેટલું રહેશે અને આવી બેઠકો, તે પંચાયત વિસ્તારમાંના જુદા જુદા મતદાર મંડળમાં વારાફરથી ફાળવી શકાશે.

(૨) ખંડ (૧) હેઠળ અનામત બેઠકોની કુલ સંખ્યાના એક તૃતીયાંશથી ઓછી ન હોય તેટલી બેઠકો યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ માટે, અનામત રાખવી જોઈશે.

(૩) દરેક પંચાયતમાં, સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાના એક તૃતીયાંશથી ઓછી ન હોય તેટલી બેઠકો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની સંખ્યા સહિત, સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે અને એવી બેઠકો પંચાયતોના જુદા જુદા મતદાર મંડળમાં વારાફરથી ફાળવી શકાશે.

(૪) ગ્રામ અથવા બીજા કોઈ સ્તરે, પંચાયતોમાં અધ્યક્ષોના હોદ્દા, રાજ્ય વિધાનમંડળ કાયદાથી જોગવાઈ કરે તેવી રીતે, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સ્ત્રીઓ માટે અનામત રાખવા જોઈશે.

પરંતુ કોઈ પણ રાજ્યમાં, દરેક સ્તરે પંચાયતોમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલ અધ્યક્ષના હોદ્દાઓની સંખ્યાનું, દરેક સ્તરની પંચાયતોમાં એવા હોદ્દાઓની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, તે રાજ્યના અનુસૂચિત જાતિઓ અથવા રાજ્યની અનુસૂચિત આદિજાતિઓનું પ્રમાણ, તે રાજ્યમાંની કુલ વસ્તી જોડે જેટલું હોય તેટલું રહેશે.

વધુમાં, દરેક સ્તરની પંચાયતોના અધ્યક્ષોના હોદ્દાની કુલ સંખ્યાના એક તૃતીયાંશથી ઓછા ન હોય તેટલા હોદ્દાઓ, સ્ત્રીઓ માટે અનામત રાખવા જોઈશે.

વળી આ ખંડ હેઠળ અનામત રાખેલ હોદ્દાઓ, દરેક સ્તરની જુદી જુદી પંચાયતોમાં વારાફરથી ફાળવવા જોઈશે.

(૫) ખંડ (૧) અને (૨) હેઠળની બેઠકો અનામત રાખવાનું અને ખંડ (૪) હેઠળ સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી હોય તે બેઠકો સિવાયના અધ્યક્ષના હોદ્દાઓ અનામત રાખવાનું, અનુચ્છેદ ૩૩૪માં નિર્દિષ્ટ મુદત પૂરી થયે બંધ થશે.

(૬) આ ભાગમાંના કોઈ પણ મજકૂરથી, પછાત વર્ગના નાગરિકોની તરફેણમાં, રાજ્ય વિધાનમંડળને કોઈ પણ સ્તરની કોઈ પંચાયતમાં, બેઠકો અનામત રાખવા અથવા પંચાયતમાં અધ્યક્ષના હોદ્દાઓ અનામત રાખવા માટેની જોગવાઈ કરવામાં બાધ આવશે નહી.

**અનુચ્છેદ : ૨૪૩.ચ પંચાયતોની મુદત વગેરે**

(૧) દરેક પંચાયત તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ, તેનુ વહેલું વિસર્જન ન થાય તો, તેની પહેલી બેઠક માટે નક્કી થયેલી તારીખથી પાંચ વર્ષ સુધી તે ચાલુ રહેશે, પણ તેથી વધુ નહી.

Astha Academy Mo.8980961441

(૨) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાનો કોઈ સુધારો, ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી ન થાય ત્યાં સુધી, આવા સુધારાની તરત પહેલાં, કામ કરતી હોય તેવી કોઈ પણ સ્તરની પંચાયતનું વિસર્જન કરવામાં અમલી બનશે નહી.

(૩) કોઈ પંચાયતની રચના કરવા માટેની ચૂંટણી,-

(ક) ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી તેની મુદત પૂરી થાય તે પહેલાં કરવી જોઈશે; અથવા

(ખ) તેના વિસર્જનની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં કરવી જોઈશે.

પરંતુ વિસર્જીત પંચાયત ચાલુ રહી હોય તેવી બાકી રહેલી મુદત, છ મહિના કરતાં ઓછી હોય તો એવી મુદત માટે પંચાયતોની રચના કરવા માટે આ ખંડ હેઠળ કોઈ ચૂંટણી કરવાની જરૂર રહેશે નહી.

(૪) પંચાયતની મુદત પૂરી થાય તે પહેલાં, તેનુ વિસર્જન થયે, રચવામાં આવેલી પંચાયત, તેનુ એવી રીતે વિસર્જન કરવામાં આવ્યુ ન હોત તો, ખંડ (૧) હેઠળ જે મુદત માટે વિસર્જીત પંચાયત, ચાલુ રહી હોત તેટલી બાકીની મુદત માટે જ ચાલુ રહેશે.

**અનુચ્છેદ : ૨૪૩.છ સભ્યપદ માટેની ગેરલાયકાતો**

(૧) કોઈ પણ વ્યક્તિ, પંચાયતના સભ્ય તરીકે પસંદ થવા અને રહેવા માટે ગેરલાયક ગણાશે :-

(ક) જો સંબંધિત રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓના હેતુઓ માટે, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ, તેને તેવી રીતે ગેરલાયક ઠરાવી હોય તો;

પરંતુ કોઈ પણ વ્યક્તિને જો તે એકવીસ વર્ષની ઉંમરની થઈ હોય તો, તે વ્યક્તિ પચીસ વર્ષથી ઓછી ઉંમરની છે તે કારણે, તેને ગેરલાયક ઠરાવી શકાશે નહીં.

(ખ) જો રાજ્ય વિધાનમંડળે કરેલા કોઈ કાયદાથી અથવા તે હેઠળ તેને તેવી રીતે ગેરલાયક ઠરાવી હોય તો,

(૨) કોઈ પંચાયતનો કોઈ સભ્ય, ખંડ (૧)માં જણાવેલ ગેરલાયકાતો પૈકી કોઈ ગેરલાયકાતને પાત્ર બન્યો છે કે કેમ એવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો, તે પ્રશ્ન રાજ્ય વિધાનમંડળ, કાયદાથી જોગવાઈ કરે તેવી રીતે અને તેવા સત્તાધિકારીના નિર્ણય માટે મોકલવો જોઈશે.

**અનુચ્છેદ : ૨૪૩.જ પંચાયતોની સત્તા, અધિકાર અને જવાબદારીઓ**

સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય વિધાનમંડળ કાયદાથી પંચાયતોને સ્વરાજ્યની સંસ્થાઓ તરીકે કાર્યો કરવા માટે જરૂરી હોય તેવી સત્તાઓ અને અધિકાર આપી શકશે અને આવા કાયદામાં, નીચે જણાવેલી બાબતોના સંબંધમાં, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, યોગ્ય સ્તરે પંચાયતોની સત્તા અને જવાબદારીઓની વહેંચણી માટેની જોગવાઈઓનો સમાવેશ કરી શકાશે :-

(ક) આર્થિક વિકાસ અને સામાજીક ન્યાય માટે યોજનાઓ તૈયાર કરવા બાબત;

(ખ) અગિયારમી અનુસૂચિમાં જણાવેલ યાદીની બાબતોના સંબંધમાં હોય તે બાબતો સહિત તેમને સોંપવામાં આવે તેવી આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાના અમલીકરણ બાબત.

**અનુચ્છેદ : ૨૪૩.ઝ પંચાયતોની કર નાખવાની સત્તા અને ફંડ બાબત**

રાજ્ય વિધાનમંડળ કાયદાથી, કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી,-

(ક) કાર્યવાહી અનુસાર અને તેવી મર્યાદાને અધીન રહીને, કર, ડ્યૂટી, ટોલ અને ફી નાખવા, ઉઘરાવવા અને તેનો વિનિયોગ કરવા, પંચાયતને અધિકાર આપી શકશે;

(ખ) તેવા હેતુઓ માટે અને તેવી શરતો અને મર્યાદાને અધીન રહીને, રાજ્ય સરકારે નાખેલ અને ઉઘરાવેલ એવા કર, ડ્યૂટી, ટોલ અને ફી પંચાયતને સોંપી શકશે;

(ગ) રાજ્યના એકત્રિત ફંડમાંથી, પંચાયતોને એવુ સહાયક અનુદાન આપવાની જોગવાઈ કરી શકશે;

(ઘ) પંચાયતો દ્વારા અથવા તેના વતી અનુક્રમે મેળવેલ તમામ નાણાં જમા કરવા માટે અને વળી તેમાંથી તે નાણાં ઉપાડવા માટે આવા ફંડની રચના કરવા માટે જોગવાઈ કરી શકશે.

**અનુચ્છેદ : ૨૪૩.ટ નાણાકીય પરિસ્થિતિની પુનર્વિચારણા કરવા નાણા આયોગની રચના કરવા બાબત**

(૧) રાજ્યના રાજ્યપાલ, સવિધાન (તોંતેરમા સુધારા) અધિનિયમ, ૧૯૯૨ના આરંભથી જેમ બને તેમ જલદી એક વર્ષની અંદર અને ત્યારબાદ દરેક પાંચમા વર્ષના અંતે, પંચાયતોની નાણાકીય પરિસ્થિતિની પુનર્વિચારણા કરવા માટે અને રાજ્યપાલને તે અંગે નીચેના સંબંધી ભલામણો કરવા નાણા આયોગની રચના કરશે,-

(ક) (૧) રાજ્યે નાખેલ કર, ડ્યૂટી, ટોલ અને ફીની ચોખ્ખી ઊપજ, જે આ ભાગ હેઠળ રાજ્ય અને પંચાયતો વચ્ચે વહેંચી શકાય તે તેમની વચ્ચે વહેંચવાને અને પંચાયતના તમામ સ્તરે, આવી ઉપજનો તેમનો સંબંધિત હિસ્સો, તેમની વચ્ચે ફાળવવાને;

Astha Academy Mo.8980961441

(૨) પંચાયતોને સોંપી શકાય અને પંચાયતો વિનિયોગ કરી શકે તેવા કર, ડ્યૂટી, ટોલ અને ફી નક્કી કરવાને;
(૩) રાજ્યના એકત્રિત ફંડમાંથી પંચાયતોને સહાયક અનુદાન આપવાને,

- લાગુ પાડવા જોઈએ તે સિદ્ધાંતો બાબત.

(ખ) પંચાયતોની નાણાકીય પરિસ્થિતિ સુધારવા માટે જરૂરી પગલાં બાબત,
(ગ) રાજ્યપાલે પંચાયતોની નાણાકીય સદ્ધરતાના હિતમાં નાણા આયોગને મોકલેલી બીજી કોઈ બાબત.
(૨) રાજ્ય વિધાનમંડળ, કાયદાથી આયોગની રચના, તેના સભ્યો તરીકે નીમાવા માટે જરૂરી હોય તેવી લાયકાતો અને તેમની પસંદગી કરવા માટેની રીત અંગે જોગવાઈ કરી શકશે.
(૩) આયોગે, તેની કાર્યરીતિ નક્કી કરવી જોઈશે અને તેના કાર્યો કરવા માટે, રાજ્ય વિધાનમંડળ કાયદાથી તેને સોંપે તેવી સત્તા રહેશે.
(૪) રાજ્યપાલે, આ અનુચ્છેદ હેઠળ, આયોગે કરેલી દરેક ભલામણ, તેના ઉપર લેવાનાં પગલાં અંગેની સ્પષ્ટીકરણાત્મક યાદી સાથે, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૪૩.ઠ પંચાયતોના હિસાબોનું ઓડિટ**

રાજ્ય વિધાનમંડળ, કાયદો કરીને, પંચાયતોએ જાળવવાના હિસાબો અને તેવા હિસાબોના ઓડિટ કરવા અંગે જોગવાઈ કરી શકશે.

**અનુચ્છેદ : ૨૪૩.ડ પંચાયતોની ચૂંટણીઓ**

(૧) પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનુ નિયંત્રણ રાખવાનું અને તેનુ સંચાલન રાજ્યપાલે નીમવાના રાજ્ય ચૂંટણી કમિશ્નરના બનેલા રાજ્ય ચૂંટણી કમિશનમાં નિહિત થશે.
(૨) રાજ્ય વિધાનમંડળે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય ચૂંટણી કમિશ્નરની સેવાની શરતો અને તેની પદાવધિ, રાજ્યપાલ નિયમથી નક્કી કરે તેવા રહેશે.

પરંતુ રાજ્ય ચૂંટણી કમિશ્નરને, ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને જેવી રીતે અને જેવા કારણોથી તેમના પદ ઉપરથી દૂર કરી શકાય છે તેવી રીતે અને તેવા કારણો સિવાય દૂર કરી શકાશે નહિ અને રાજ્ય ચૂંટણી કમિશ્નરની સેવાની શરતોમાં, તેમની નિમણૂક પછી તેમને વિપરીત અસર થાય તેવી રીતે, ફેરફાર કરી શકાશે નહી.

(૩) રાજ્યના રાજ્યપાલ, રાજ્ય ચૂંટણી કમિશન વિનંતી કરે ત્યારે ખંડ (૧) હેઠળ કમિશનને સોંપેલાં કાર્યો બજાવવા માટે જરૂરી હોય તેવો સ્ટાફ રાજ્ય ચૂંટણી કમિશનને આપશે.
(૪) આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય વિધાનમંડળ, કાયદાથી પંચાયતોની ચૂંટણીને લગતી અથવા તે સાથે સંકળાયેલી તમામ બાબતો સંબંધી જોગવાઈ કરી શકશે.

**અનુચ્છેદ : ૨૪૩.ઢ સંઘ રાજ્યક્ષેત્રોને લાગુ પાડવા બાબત**

આ ભાગની જોગવાઈઓ, સંઘ રાજ્યક્ષેત્રોને લાગુ પડશે અને સંઘ રાજ્યક્ષેત્રોને તે લાગુ પાડતી વખતે, રાજ્યના રાજ્યપાલના ઉલ્લેખો, જાણે કે અનુચ્છેદ ૨૩૯ હેઠળ નીમાયેલ સંઘ રાજ્યક્ષેત્રના વહીવટકર્તાના ઉલ્લેખો હોય તેમ અને રાજ્ય વિધાનમંડળ અથવા વિધાનસભાના ઉલ્લેખો, વિધાનસભાવાળા સંઘ રાજ્યક્ષેત્રના સંબંધમાં, તે વિધાનસભાના ઉલ્લેખો હોય તેમ અસરકર્તા થશે.

પરંતુ રાષ્ટ્રપતિ, જાહેરનામાથી એવો આદેશ આપી શકશે કે આ ભાગની જોગવાઈઓ, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અપવાદો અને ફેરફારોને અધીન રહીને, કોઈ પણ સંઘ રાજ્યક્ષેત્ર અથવા તેના ભાગને લાગુ પાડવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૪૩.ત અમૂક વિસ્તારોને આ ભાગ લાગુ નહી પાડવા બાબત**

(૧) આ ભાગમાંનો કોઈ પણ મજકૂર, અનુચ્છેદ ૨૪૪ના ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલા અનુસૂચિત વિસ્તારોને અને ખંડ (૨)માં નિર્દિષ્ટ કરેલા આદિજાતિ વિસ્તારોને, લાગુ પડશે નહી.
(૨) આ ભાગમાંનો કોઈ પણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહી :-
(ક) નાગાલેન્ડ, મેઘાલય અને મિઝોરમ રાજ્યોને;
(ખ) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ તેના માટે જીલ્લા કાઉન્સિલો અસ્તિત્વમાં હોય, તે મણિપુર રાજ્યમાંના પર્વતીય વિસ્તારોને,
(૩) (ક) જિલ્લા સ્તરની પંચાયતોને લગતો આ ભાગમાંનો કોઈ પણ મજકૂર, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ જેના માટે દાર્જીલિંગ, ગોરખા હિલ્સ કાઉન્સિલ અસ્તિત્વમાં હોય તે પશ્ચિમ બંગાળ રાજ્યમાંના દાર્જીલિંગ જિલ્લાના પર્વતીય વિસ્તારોને લાગુ પડશે નહી.
(ખ) આ ભાગમાંના કોઈ પણ મજકૂરનો અર્થ, આવા કાયદા હેઠળ રચાયેલા દાર્જીલિંગ ગોરખા હિલ્સ કાઉન્સિલના કાર્યો અને સત્તાને બાધ આવે છે તેમ કરવો નહી.
(૩ક) સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ઘમાં અનુસૂચિત જાતિઓ માટેની બેઠકોની અનામતને લગતો ગમે તે મજકૂર હોય તે છતાં, તે અરૂણાચલ પ્રદેશ રાજ્યને લાગુ પડશે નહી.

Astha Academy Mo.8980961441

(૪) આ સંવિધાનમાં, ગમે તે મજકૂર હોય તે છતાં,-
(ક) ખંડ (૨)ના પેટા-ખંડ (ક)માં ઉલ્લેખેલ રાજ્ય વિધાનમંડળ, કાયદાથી આ ભાગ, ખંડ (૧)માં ઉલ્લેખેલ કોઈ વિસ્તારો હોય તો તે સિવાય, તે રાજ્યને લાગુ પાડી શકશે.

પરંતુ તે રાજ્યની વિધાનસભાએ તે ગૃહના કુલ સભ્યોની બહુમતીથી અને ગૃહમાં હાજર રહીને મત આપનાર રાજ્યોની બે તૃતીયાંશથી ઓછી ન હોય તેટલી બહુમતીથી, એ મુજબનો ઠરાવ પસાર કર્યો હોવો જોઈએ.
(ખ) સંસદ કાયદો કરીને, આ ભાગની જોગવાઈઓ, આવા કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અપવાદો અને ફેરફારોને અધીન રહીને, ખંડ (૧)માં ઉલ્લેખેલ અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોને લાગુ પાડી શકશે અને આવો કોઈ પણ કાયદો, અનુચ્છેદ ૩૬૮ના હેતુઓ માટે આ સંવિધાનનો સુધારો છે એમ ગણાશે નહી.

**અનુચ્છેદ : ૨૪૩.થ વિદ્યમાન કાયદાઓ અને પંચાયતો ચાલુ રહેવા બાબત**

આ ભાગમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંવિધાન (તોંતેરમા સુધારા) અધિનિયમ, ૧૯૯૨ના આરંભની તરત પહેલાં, રાજ્યમાં અમલમાં હોય તેવા પંચાયતને લગતા કોઈ પણ કાયદાની જે કોઈ પણ જોગવાઈ, આ ભાગની જોગવાઈઓ સાથે સુસંગત હોય તે જોગવાઈ સક્ષમ વિધાનમંડળ અથવા બીજું સક્ષમ સત્તામંડળ સુધારો ન કરે અથવા રદ ન કરે અથવા આવા આરંભથી એક વર્ષ પુરું થાય એ બેમાંથી જે વહેલું બને ત્યાં સુધી, અમલમાં રહેવાનું ચાલુ રહેશે.

પરંતુ આવા આરંભની તરત પહેલાં અસ્તિત્વ ધરાવતી તમામ પંચાયતો તેમની મુદત પૂરી ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે, સિવાય કે તે રાજ્યની વિધાનસભા અથવા વિધાન પરિષદવાળા રાજ્યની બાબતમાં તે રાજ્યમાં વિધાનમંડળના દરેક ગૃહે, તે મુજબનો ઠરાવ પસાર કરીને વહેલુ વિસર્જન કર્યું હોય.

**અનુચ્છેદ : ૨૪૩.દ ચૂંટણી સંબંધી બાબતમાં ન્યાયાલયની દરમિયાનગીરીનો બાધ**

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં,-
(ક) અનુચ્છેદ ૨૪૩-ક હેઠળ કરેલા અથવા કરવાનુ અભિપ્રેત હોય તેવા મતદાર મંડળોના સીમાંકનને અથવા આવા મતદારમંડળોને બેઠકો ફાળવવાને લગતા કોઈ કાયદાની કાયદેસરતા અંગે કોઈ પણ ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકાશે નહી.
(ખ) કોઈ પંચાયતની ચૂંટણી સામે રાજ્ય વિધાનમંડળે કરેલા કોઈ કાયદાથી અથવા તે હેઠળ જેના માટે જોગવાઈ કરી હોય તેવા સત્તામંડળ સમક્ષ અને એવી રીતે ચૂંટણી અરજી રજૂ કરી હોય તે સિવાય, વાંધો ઉઠાવી શકાશે નહી.

## ભાગ–૯ (ક) : નગરપાલિકાઓ

**અનુચ્છેદ – ૨૪૩.ધ વ્યાખ્યા**

આ ભાગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-
(ક) “સમિતિ” એટલે અનુચ્છેદ ૨૪૩-ફ હેઠળ રચેલ સમિતિ;
(ખ) “જિલ્લો” એટલે રાજ્યમાંનો જિલ્લો;
(ગ) “મેટ્રોપોલિટન વિસ્તાર” એટલે એક કે વધુ જિલ્લાનો બનેલો અને બે કે વધુ નગરપાલિકાઓ અથવા પંચાયતોવાળો દસ લાખ કે તેથી વધુ વસ્તીવાળો વિસ્તાર અથવા, રાજ્યપાલે જાહેરનામા દ્વારા આ ભાગના હેતુઓ માટે મેટ્રોપોલિટન વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરેલ અન્ય લગોલગના વિસ્તારો;
(ઘ) “નગરપાલિકા વિસ્તાર” એટલે રાજ્યપાલે જાહેર કર્યા પ્રમાણે નગરપાલિકાનો પ્રાદેશિક વિસ્તાર;
(ચ) “નગરપાલિકા” એટલે અનુચ્છેદ ૨૪૩-ન હેઠળ રચેલ સ્વરાજ્ય સંસ્થા;
(છ) “પંચાયત” એટલે અનુચ્છેદ ૨૪૩-ખ હેઠળ રચેલ પંચાયત;
(જ) “વસ્તી” એટલે જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસ્તી ગણતરીમાં નક્કી થયા પ્રમાણેની વસ્તી.

**અનુચ્છેદ : ૨૪૩.ન નગરપાલિકાઓની રચના**

(૧) આ ભાગની જોગવાઈઓ અનુસાર દરેક રાજ્યમાં,-
(ક) વચગાળાના વિસ્તાર, એટલે કે ગ્રામ્ય વિસ્તારથી શહેરી વિસ્તાર સુધીના વચગાળાના વિસ્તાર માટે ગમે તે નામે ઓળખાતી નગર પંચાયતની;
(ખ) નાના શહેરી વિસ્તાર માટે મ્યુનિસિપલ કાઉન્સિલની; અને
(ગ) મોટા શહેરી વિસ્તાર માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની; રચના કરવી જોઈશે.

પરંતુ રાજ્યપાલ, વિસ્તારના પ્રમાણને અને તે વિસ્તારમાં ઔદ્યોગિક સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી હોય અથવા પૂરી પાડવા ધાર્યું હોય તેવી નગરપાલિકા સેવાઓને અને પોતે યોગ્ય ગણે તેવાં બીજાં પાસાંઓને ધ્યાનમાં લઈને, સરકારી જાહેરનામા દ્વારા ઔદ્યોગિક નગર તરીકે નિર્દિષ્ટ કરે તેવા, શહેરી વિસ્તાર અથવા તેના

Astha Academy Mo.8980961441

ભાગમાં, આ અનુચ્છેદ હેઠળ નગરપાલિકાની રચના કરી શકશે નહી.

(૨) આ અનુચ્છેદમાં "વચગાળાનો વિસ્તાર", "નાનો શહેરી વિસ્તાર" અથવા "મોટો શહેરી વિસ્તાર" એટલે રાજ્યપાલ આ ભાગના હેતુઓ માટે, તે વિસ્તારની વસ્તી, તેમાંની વસ્તીની ગીચતા, સ્થાનિક વહીવટ માટે પ્રાપ્ત કરેલ મહેસૂલ, બિન-ખેતી વિષયક પ્રવૃત્તિઓમાં રોજગારની ટકાવારી, આર્થિક મહત્વ અથવા પોતે યોગ્ય ગણે તેવા બીજા પાસાંઓને ધ્યાનમાં લઈને જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તેવો વિસ્તાર.

**અનુચ્છેદ : ૨૪૩.પ નગરપાલિકાઓની સંરચના**

(૧) ખંડ (૨)માં ઠરાવ્યુ હોય તે સિવાય, નગરપાલિકાની તમામ બેઠકો નગરપાલિકા, વિસ્તારમાંના પ્રાદેશિક મતદાર મંડળોમાંથી સીધી ચૂંટણી કરીને પસંદ કરેલી વ્યક્તિઓ દ્વારા ભરવી જોઈશે અને આ હેતુ માટે દરેક નગરપાલિકા વિસ્તારને, પ્રાદેશિક મતદાર વિભાગોમાં વિભાજીત કરવામાં આવશે જે વોર્ડ તરીકે ઓળખાશે.

(૨) રાજ્ય વિધાનમંડળ કાયદો કરીને,-

(ક) (૧) નગરપાલિકાના વહીવટનું વિશિષ્ટ જ્ઞાન અથવા અનુભવ ધરાવતી વ્યક્તિઓના;

(૨) સંપૂર્ણત: અથવા અંશત: નગરપાલિકાના વિસ્તારના બનેલા મતદાર મંડળોનું પ્રતિનિધિત્વ કરતા, લોકસભાના સભ્યોના અને રાજ્ય વિધાનસભાના સભ્યોના;

(૩) નગરપાલિકા વિસ્તારમાં મતદાર તરીકે નોંધાયેલ રાજ્યસભાના સભ્યોના અને રાજ્ય વિધાન પરિષદના સભ્યોનાં;

(૪) અનુચ્છેદ ૨૪૩-ફના ખંડ (૫) હેઠળ રચાયેલ સમિતિઓનું અધ્યક્ષ સ્થાન લેનાર વ્યક્તિઓના,

- નગરપાલિકાઓમાંના પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરી શકશે.

પરંતુ પરિચ્છેદ (૧)માં ઉલ્લેખેલ વ્યક્તિઓને, નગરપાલિકાઓની બેઠકોમાં મત આપવાનો અધિકાર રહેશે નહી.

(ખ) નગરપાલિકાના અધ્યક્ષની ચૂંટણીની રીત બાબતે જોગવાઈ કરી શકશે.

**અનુચ્છેદ : ૨૪૩.ફ વોર્ડ, સમિતિઓ, વગેરેની રચના અને સંરચના**

(૧) ત્રણ લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતી નગરપાલિકાના પ્રાદેશિક વિસ્તારમાં એક કે વધુ વોર્ડોની બનેલી વોર્ડ સમિતિઓ રચવામાં આવશે.

(૨) રાજ્ય વિધાનમંડળ કાયદાથી નીચેની બાબતો સંબંધી જોગવાઈ કરી શકશે –

(ક) વોર્ડ સમિતિની સંરચના અને તેનો પ્રાદેશિક વિસ્તાર અને

(ખ) વોર્ડ સમિતિમાં બેઠકો ભરવાની રીત.

(૩) વોર્ડ સમિતિના પ્રાદેશિક વિસ્તારમાંના વોર્ડનું પ્રતિનિધિત્વ કરતા નગરપાલિકાના સભ્ય તે સમિતિના સભ્ય ગણાશે.

(૪) વોર્ડ સમિતિ,-

(ક) એક વોર્ડની બનેલી હોય ત્યારે, નગરપાલિકામાં તે વોર્ડનું પ્રતિનિધિત્વ કરતા સભ્ય; અથવા

(ખ) બે અથવા વધુ વોર્ડોની બનેલી હોય ત્યારે, વોર્ડ સમિતિના સભ્યોએ ચૂંટેલા નગરપાલિકાના આવા વોર્ડોનું પ્રતિનિધિત્વ કરતા સભ્યો પૈકીના એક સભ્ય, તે સમિતિના અધ્યક્ષ ગણાશે.

(૫) આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરથી વોર્ડ સમિતિઓ ઉપરાંત સમિતિઓ રચવા માટે કોઈ પણ જોગવાઈ કરવામાં રાજ્ય વિધાનમંડળને બાધ આવે છે એમ ગણાશે નહી.

**અનુચ્છેદ – ૨૪૩–બ બેઠકો અનામત રાખવા બાબત**

(૧) દરેક નગરપાલિકામાં, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવી જોઈશે અને એવી રીતે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું તે નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, નગરપાલિકા વિસ્તારમાંની અનુસૂચિત જાતિની અથવા નગરપાલિકા વિસ્તારમાંની અનુસૂચિત આદિજાતિની વસ્તીનું પ્રમાણ તે વિસ્તારની કુલ વસ્તી જોડેનું જેટલું હોય તેટલું રહેશે અને આવી બેઠકો, નગરપાલિકામાંના જુદા-જુદા મતદારમંડળોમાં વારાફરતી ફાળવી શકાશે.

(૨) ખંડ (૧) હેઠળ અનામત રાખેલી બેઠકોની કુલ સંખ્યાના એક તૃતીયાંશથી ઓછી ન હોય તેટલી બેઠકો યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે.

(૩) દરેક નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાના એક તૃતીયાંશથી ઓછી ન હોય તેટલી બેઠકો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે અને આવી બેઠકો નગરપાલિકાના જુદા-જુદા મતદાર મંડળોમાં વારાફરતી ફાળવી શકાશે.

(૪) નગરપાલિકાઓના અધ્યક્ષના હોદ્દા, રાજ્ય વિધાનમંડળ કાયદાથી જોગવાઈ કરે તેવી રીતે, અનુસૂચિત

જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સ્ત્રીઓ માટે અનામત રાખવા જોઈશે.

(૫) ખંડો (૧) અને (૨) હેઠળની બેઠકો અનામત રાખવાનું અને ખંડ (૪) હેઠળ સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી હોય તે બેઠકો સિવાય અધ્યક્ષના હોદ્દા અનામત રાખવાનું અનુચ્છેદ-૩૨૪ માં નિર્દિષ્ટ કરેલ મુદત પૂરી થયે બંધ થશે.

(૬) આ ભાગમાંના કોઈ પણ મજકૂરથી, પછાત વર્ગના નાગરિકોની તરફેણમાં રાજ્ય વિધાનમંડળને કોઈ પણ નગરપાલિકાની બેઠકો અથવા નગરપાલિકાના અધ્યક્ષના હોદ્દા અનામત રાખવા માટેની કોઈ પણ જોગવાઈ કરવામાં બાધ આવશે નહી.

**અનુચ્છેદ : ૨૪૩.ભ નગરપાલિકાઓની મુદત વગેરે**

(૧) દરેક નગરપાલિકા, તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ તેનુ વહેલું વિસર્જન ન થાય તો, તેની પહેલી બેઠક માટે નક્કી થયેલી તારીખથી પાંચ વર્ષ સુધી તે ચાલુ રહેશે, પણ તેથી વધુ નહી.

પરંતુ નગરપાલિકાને, તેનુ વિસર્જન કરતા પહેલા, સુનાવણીથી વાજબી તક આપવી જોઈશે.

(૨) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાનો સુધારો આવા સુધારાની તરત પહેલા કામ કરતી હોય તેવી કોઈ પણ સ્તરની નગરપાલિકાની ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલ મુદત પૂરી ન થાય ત્યાં સુધી તેનુ વિસર્જન કરવામાં અમલી બનશે નહી.

(૩) કોઈ નગરપાલિકાની રચના કરવા માટેની ચૂંટણી-

(ક) ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલી તેની મુદત પૂરી થાય તે પહેલાં કરવી જોઈશે; અથવા

(ખ) તેના વિસર્જનની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં કરવી જોઈશે.

પરંતુ વિસર્જિત નગરપાલિકા જે મુદત માટે ચાલુ રહી હોત તેવી બાકી રહેલી મુદત છ મહિના કરતા ઓછી હોય, તો એવી મુદત માટે નગરપાલિકાની રચના કરવા માટે આ ખંડ હેઠળ કોઈ ચૂંટણી કરવાની જરૂર રહેશે નહી.

(૪) નગરપાલિકાની મુદત પૂરી થાય તે પહેલાં, તેનુ વિસર્જન થયે, રચવામાં આવેલી નગરપાલિકા, તેનુ તેવી રીતે વિસર્જન કરવામાં આવ્યું ન હોય તો ખંડ (૧) હેઠળ જે મુદત માટે વિસર્જિત નગરપાલિકા ચાલુ રહી હોય તેટલી બાકીની મુદત માટે જ ચાલુ રહેશે.

**અનુચ્છેદ : ૨૪૩.મ સભ્યપદ માટેની ગેરલાયકાતો**

(૧) કોઈ પણ વ્યક્તિ, નગરપાલિકાના સભ્ય તરીકે પસંદ થવા અને ચાલુ રહેવા માટે ગેરલાયક ગણાશે-

(ક) જો સંબંધિત રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓના હેતુઓ માટે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ, તેને એવી રીતે ગેરલાયક ઠરાવી હોય તો.

પરંતુ કોઈ વ્યક્તિ, જો તે એકવીસ વર્ષની ઉંમરની થઈ હોય તો, તે વ્યક્તિ પચ્ચીસ વર્ષથી ઓછી ઉંમરની છે તે કારણે તેને ગેરલાયક ઠરાવી શકાશે નહીં.

(ખ) જો રાજ્ય વિધાનમંડળે કરેલા કોઈ પણ કાયદાથી અથવા તે હેઠળ તેને એવી રીતે ગેરલાયક ઠરાવી હોય તો.

(૨) નગરપાલિકાનો કોઈ સભ્ય, ખંડ (૧)માં જણાવેલ ગેરલાયકાતો પૈકી કોઈ ગેરલાયકાતને પાત્ર બન્યો છે કે કેમ એવો કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો, તે પ્રશ્ન, રાજ્ય વિધાનમંડળ, કાયદાથી જોગવાઈ કરે તેવી રીતે અને તેવા સત્તાધિકારીઓના નિર્ણય માટે મોકલવો જોઈશે.

**અનુચ્છેદ : ૨૪૩.ય નગરપાલિકાઓની સત્તા, અધિકાર અને જવાબદારીઓ વગેરે બાબત**

આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય વિધાનમંડળ, કાયદાથી-

(ક) નગરપાલિકાઓને સ્વરાજ્યની સંસ્થાઓ તરીકે તેમને કાર્યો કરવા માટે જરૂરી જણાય તેવી સત્તાઓ અને અધિકાર આપી શકશે અને આવા કાયદામાં નીચે જણાવેલી બાબતોના સંબંધમાં, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, નગરપાલિકાઓને સત્તા અને જવાબદારીઓની વહેંચણી કરવા માટેની જોગવાઈઓનો સમાવેશ કરી શકાશે.

(૧) આર્થિક વિકાસ અને સામાજીક ન્યાય માટે યોજનાઓ તૈયાર કરવા બાબત;

(૨) બારમી અનુસૂચિમાં જણાવેલી બાબતોના સંબંધમાં હોય તે બાબતો સહિત, તેમને સોંપવામાં આવે તેવાં કાર્યો અને યોજનાઓના અમલીકરણ બાબત;

(ખ) સમિતિઓને બારમી અનુસૂચિમાં જણાવેલી યાદીની બાબતોના સંબંધમાં, હોય તે બાબતો સહિત, તેમને મળેલી જવાબદારીઓ પાર પાડી શકવાનું તેમને માટે જરૂરી હોય તેવી સત્તા અને અધિકાર આપી શકશે.

**અનુચ્છેદ : ૨૪૩.૨ નગરપાલિકાઓની કર નાખવાની સત્તા અને તેના ફંડો બાબત**

રાજ્ય વિધાનમંડળ, કાયદો કરીને કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે,-

(ક) તેવી કાર્યરીતિ અનુસાર અને એવી મર્યાદાઓને અધીન રહીને તેવા કર, ડ્યૂટી, ટોલ અને ફી નાખવા, ઉઘરાવવા અને તેનો વિનિયોગ કરવા નગરપાલિકાને અધિકાર આપી શકશે;

Astha Academy Mo.8980961441

(ખ) તેવા હેતુઓ માટે અને તેવી શરતો અને મર્યાદાને અધીન રહીને, રાજ્ય સરકારે નાખેલ અને ઉઘરાવેલ તેવા કર, ડ્યૂટી, ટોલ અને ફી નગરપાલિકાઓને સોંપી શકશે;
(ગ) રાજ્યના એકત્રિત ફંડમાંથી નગરપાલિકાઓને તેવુ સહાયક-અનુદાન આપવાની જોગવાઈ કરી શકશે; અને
(ઘ) નગરપાલિકાઓ દ્વારા અથવા તેના વતી અનુક્રમે મેળવેલ તમામ નાણાં જમા કરવા માટે અને વળી તેમાંથી તે નાણાં ઉપાડવા માટે આવા ફંડોની રચના કરવા માટે જોગવાઈ કરી શકશે.

**અનુચ્છેદ : ૨૪૩ લ નાણા આયોગ**

(૧) અનુચ્છેદ ૨૪૩-ટ હેઠળ રચાયેલા નાણા આયોગે નગરપાલિકાઓની નાણાકીય પરિસ્થિતીની પણ પુર્નવિચારણા કરવી જોઈશે અને રાજ્યપાલને, નીચેના સંબંધી ભલામણો કરવી જોઈશે.
(ક) (૧) રાજ્યે નાખેલ કર, ડ્યૂટી, ટોલ અને ફીની ચોખ્ખી ઉપજ, જે આ ભાગ હેઠળ રાજ્ય અને નગરપાલિકાઓ વચ્ચે વહેંચે તે તેમની વચ્ચે વહેંચવાને અને તમામ સ્તરે આવી ઉપજનો તેમનો સંબંધિત હિસ્સો નગરપાલિકાઓ વચ્ચે ફાળવવાને;
(૨) નગરપાલિકાઓને સોંપી શકાય અથવા તેમના દ્વારા તેનો વિનિયોગ કરી શકાય તેવા કર, ડ્યૂટી, ટોલ અને ફી નક્કી કરવાને;
(૩) રાજ્યના એકત્રિત ફંડમાંથી નગરપાલિકાઓને સહાયક અનુદાન આપવાને, લાગુ પાડવા જોઈએ તે સિદ્ધાંતો બાબત.
(ખ) નગરપાલિકાઓની નાણાકીય પરિસ્થિતિ સુધારવા માટે જરૂરી પગલાં બાબત.
(ગ) રાજ્યપાલે, નગરપાલિકાઓની નાણાકીય સદ્ધરતાના હિતમાં, નાણા આયોગને મોકલેલ બીજી કોઈ બાબત.
(૨) રાજ્યપાલે, આ અનુચ્છેદ હેઠળ આયોગે કરેલી દરેક ભલામણ, તેના ઉપર લેવાનાં પગલાં સંબંધી સ્પષ્ટીકરણાત્મક યાદી સાથે રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૪૩-વ નગરપાલિકાઓના હિસાબોનું ઓડિટ**

રાજ્ય વિધાનમંડળ કાયદો કરીને, નગરપાલિકાઓએ હિસાબ જાળવવા અને તેવા હિસાબોના ઓડિટ કરવા અંગે જોગવાઈઓ કરી શકશે.

**અનુચ્છેદ : ૨૪૩ વ.ક નગરપાલિકાઓની ચૂંટણીઓ**

(૧) નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનુ સંચાલન, અનુચ્છેદ ૨૪૩-ડ માં ઉલ્લેખેલ રાજ્ય ચૂંટણી કમિશનમાં નિહિત થશે.
(૨) આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય વિધાનમંડળ, કાયદો કરીને, નગરપાલિકાઓની ચૂંટણીઓને લગતી અથવા તેની સાથે સંકળાયેલી તમામ બાબતો સંબંધી જોગવાઈઓ કરી શકશે.

**અનુચ્છેદ : ૨૪૩ વ.ખ સંઘ રાજ્યક્ષેત્રોને લાગુ પાડવા બાબત**

આ ભાગની જોગવાઈઓ, સંઘ રાજ્યક્ષેત્રોને લાગુ પડશે અને સંઘ રાજ્યક્ષેત્રોને તે લાગુ પાડતી વખતે, રાજ્યના રાજ્યપાલોના ઉલ્લેખો, જાણે કે અનુચ્છેદ ૨૩૯ હેઠળ નિમાયેલ સંઘ રાજ્યક્ષેત્રના વહીવટકર્તાના ઉલ્લેખો હોય તેમ અને રાજ્યના વિધાનમંડળ અથવા વિધાનસભાના ઉલ્લેખો, વિધાનસભાવાળા સંઘ રાજ્યક્ષેત્રના સંબંધમાં તે વિધાનસભાના ઉલ્લેખો હોય તેમ, અસરકર્તા થશે.

પરંતુ રાષ્ટ્રપતિ, જાહેરનામાથી એવો આદેશ કરી શકશે કે આ ભાગની જોગવાઈઓ, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અપવાદો અને ફેરફારોને અધીન રહીને, કોઈ પણ સંઘ રાજ્યક્ષેત્ર અથવા તેના ભાગને, લાગુ પાડવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૪૩ વ.ગ અમૂક વિસ્તારોને આ ભાગ લાગુ નહી પાડવા બાબત**

(૧) આ ભાગનો કોઈ પણ મજકૂર, અનુચ્છેદ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખેલ અનુસૂચિત વિસ્તારને અને ખંડ (૨)માં ઉલ્લેખેલ આદિજાતિ વિસ્તારને લાગુ પડશે નહી.
(૨) આ ભાગમાંના કોઈ પણ મજકૂરનો અર્થ, પશ્ચિમ બંગાળ રાજ્યના દાર્જીલિંગ જિલ્લાના પર્વતીય વિસ્તારો માટે, તે સમયે અમલમાં હોય તેવા કોઈ પણ કાયદા હેઠળ રચાયેલી દાર્જીલિંગ ગોરખા હિલ્સ કાઉન્સિલના કાર્યો અને સત્તાને બાધ આવે છે તેમ કરવો નહી.
(૩) આ સંવિધાનમાં, ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદ, કાયદા દ્વારા આ ભાગની જોગવાઈઓ આવા કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અપવાદો અને ફેરફારોને અધીન રહીને, ખંડ (૧)માં ઉલ્લેખેલ અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોને લાગુ પાડી શકશે અને એવો કોઈ પણ કાયદો, અનુચ્છેદ-૩૬૮ના હેતુઓ માટે આ સંવિધાનને સુધારે છે એમ ગણાશે નહી.

**અનુચ્છેદ : ૨૪૩ વ.ઘ જિલ્લા આયોજન માટે સમિતિ**

(૧) દરેક રાજ્યમાં, જિલ્લા કક્ષાએ, જિલ્લામાંની પંચાયતો અને નગરપાલિકાઓએ તૈયાર કરેલ યોજનાના એકત્રીકરણ માટે

Astha Academy Mo.8980961441

અને સમગ્ર જિલ્લા માટે વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા માટે જિલ્લા આયોજન સમિતિ રચવી જોઈશે.

(૨) રાજ્ય વિધાનમંડળ, કાયદો કરીને નીચેના સંબંધી જોગવાઈ કરી શકશે :-

(ક) જિલ્લા આયોજન સમિતિઓની રચના;

(ખ) જે એવી રીતે સમિતિઓમાંની બેઠકો ભરવી જોઈએ તે રીત :

પરંતુ એવી સમિતિઓના સભ્યોની કુલ સંખ્યાના ચાર પંચમાંશ કરતાં ઓછા ન હોય તેટલા સભ્યો, જિલ્લા કક્ષાએ પંચાયતના અને જિલ્લામાં નગરપાલિકાઓના ચૂંટાયેલા સભ્યો દ્વારા અને તેમનામાંથી જિલ્લામાંના ગ્રામીણ વિસ્તારોની અને શહેરી વિસ્તારોની વસ્તી વચ્ચેના પ્રમાણ અનુસાર ચૂંટાવા જોઈશે;

(ગ) આવી સમિતિઓને સોંપવામાં આવે તેવા જિલ્લા આયોજનને લગતાં કાર્યો;

(ઘ) એવી સમિતિઓના અધ્યક્ષસ્થાન લેનાર વ્યક્તિને પસંદ કરવાની રીત;

(૩) દરેક જિલ્લા આયોજન સમિતિએ-

(ક) નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈશે.

(ક) (૧) સ્થાનિક આયોજન, જળ અને અન્ય ભૌતિક તથા પ્રાકૃતિક સાધનોના હિસ્સા, પ્રાથમિક જરૂરિયાતનો સંકલિત વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ સહિત પંચાયત અને નગરપાલિકાઓ વચ્ચેની સામાન્ય હિતની બાબતોને;

(૨) નાણાકીય અથવા બીજા ઉપલભ્ય સાધનોના પ્રમાણ અને પ્રકારને,

(ખ) રાજ્યપાલ, હુકમ કરીને, નિર્દિષ્ટ કરે તેવી સંસ્થાઓ અને સંગઠનો સાથે વિચાર વિનિમય કરવો જોઈશે.

(૪) દરેક જિલ્લા આયોજન સમિતિનું અધ્યક્ષસ્થાન લેનાર વ્યક્તિએ એવી સમિતિને ભલામણ કર્યા મુજબની વિકાસ યોજના, રાજ્ય સરકારને મોકલવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૪૩ વ.ચ મેટ્રોપોલિટન આયોજન માટેની સમિતિ**

(૧) દરેક મેટ્રોપોલિટન વિસ્તારમાં સમગ્ર મેટ્રોપોલિટન વિસ્તાર માટે વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા માટે, એક મેટ્રોપોલિટન આયોજન સમિતિની રચના કરવામાં આવશે.

(૨) રાજ્ય વિધાનમંડળ, કાયદો કરીને, નીચેની બાબતો સંબંધી જોગવાઈ કરી શકશે-

(ક) મેટ્રોપોલિટન આયોજન સમિતિઓની રચના;

(ખ) આવી સમિતિઓમાં બેઠકો ભરવાની રીત.

પરંતુ આવી સમિતિના સભ્યોના બે તૃતીયાંશ કરતાં ઓછા ન હોય તેટલા સભ્યો, નગરપાલિકાઓના ચૂંટાયેલા સભ્યો અને મેટ્રોપોલિટન વિસ્તારમાં પંચાયતના અધ્યક્ષસ્થાન લેનાર વ્યક્તિ દ્વારા અને તેમનામાંથી તે વિસ્તારની નગરપાલિકાઓ અને પંચાયતોની વસ્તી વચ્ચેના પ્રમાણ અનુસાર ચૂંટવા જોઈશે.

(ગ) ભારત સરકાર અને રાજ્ય સરકારના તથા એવી સમિતિઓને સોંપેલા કાર્યો કરવા માટે જરૂરી જણાય તેવા સંગઠનો અને સંસ્થાઓના એવી સમિતિઓમાં પ્રતિનિધિત્વ બાબત;

(ઘ) એવી સમિતિઓને સોંપવામાં આવે તેવા મેટ્રોપોલિટન વિસ્તાર માટે આયોજન અને સંકલનને લગતા કાર્યો બાબત.

(ચ) એવી સમિતિઓના અધ્યક્ષસ્થાન લેનાર વ્યક્તિની પસંદગીની રીત બાબત;

(૩) દરેક મેટ્રોપોલિટન આયોજન સમિતિને, વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવામાં,-

(ક) નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈશે :-

(૧) મેટ્રોપોલિટન વિસ્તારમાં નગરપાલિકાઓએ અને પંચાયતોએ તૈયાર કરેલી યોજનાને;

(૨) સ્થાનિક આયોજન, જળ અને અન્ય ભૌતિક તથા પ્રાકૃતિક સાધનોના હિસ્સા, પ્રાથમિક જરૂરીયાતનો સંકલિત વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ સહિત નગરપાલિકાઓ અને પંચાયતો વચ્ચેની સામાન્ય હીતની બાબતોને;

(૩) ભારત સરકારે અને રાજ્ય સરકારે નક્કી કરેલ સમગ્ર ઉદ્દેશો અને અગ્રતાક્રમોને;

(૪) ભારત સરકારની અને રાજ્ય સરકારની એજન્સીઓએ મેટ્રોપોલિટન વિસ્તારમાં રોકાણ કરવાનો સંભવ હોય તેનુ અને નાણાકીય અથવા બીજા ઉપલબ્ધ સાધનોનું પ્રમાણ અને પ્રકારને;

(ખ) રાજ્યપાલ, હુકમ કરી નિર્દિષ્ટ કરે તેવી સંસ્થાઓ અને સંગઠનો સાથે વિચાર વિનિમય કરવો જોઈશે.

(૪) દરેક મેટ્રોપોલિટન આયોજન સમિતિનું અધ્યક્ષસ્થાન લેનાર વ્યક્તિએ, રાજ્ય સરકારને એવી સમિતિએ ભલામણ કર્યા મુજબનો વિકાસ પ્લાન મોકલવો જોઈશે.

**અનુચ્છેદ : ૨૪૩ વ.છ વિદ્યમાન કાયદાઓ અને નગરપાલિકાઓ ચાલુ રહેવા બાબત**

આ ભાગમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંવિધાન (ચુંમોતેરમા સુધારા) અધિનિયમ, ૧૯૯૨ ના આરંભની તરત પહેલાં રાજ્યમાં અમલમાં હોય તેવા નગરપાલિકાઓને લગતા કોઈ પણ કાયદાની જોગવાઈ, આ ભાગની જોગવાઈઓ સાથે અસંગત હોય તેટલે સુધી તે, સક્ષમ વિધાનમંડળ અથવા બીજા સક્ષમ સત્તામંડળ સુધારો ન કરે અથવા રદ ન કરે અથવા આવા આરંભથી એક વર્ષ પુરુ ન થાય, તે

Astha Academy Mo.8980961441

બેમાંથી જે વહેલું બને ત્યાં સુધી, અમલમાં હોવાનું ચાલુ રહેશે.

પરંતુ આવા આરંભની તરત અગાઉ અસ્તિત્વ ધરાવતી તમામ નગરપાલિકાઓ, તેમની મુદત પૂરી ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે, સિવાય કે તે રાજ્યની વિધાનસભાએ અથવા વિધાન પરિષદવાળા રાજ્યની બાબતમાં, તે રાજ્યના વિધાનમંડળના દરેક ગૃહે, તે મુજબનો ઠરાવ પ્રસાર કરીને તેનુ વહેલું વિસર્જન કર્યું હોય.

**અનુચ્છેદ : ૨૪૩ વ.જ ચૂંટણી સંબંધી બાબતોમાં ન્યાયાલયની દરમિયાનગીરીનો બાધ**

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં,-

(ક) અનુચ્છેદ ૨૪૩-વ.ક હેઠળ કરેલા અથવા કર્યા હોવાનું અભિપ્રેત હોય તેવા મતદારમંડળોના સીમાંકનને અથવા આવા મતદારમંડળોને બેઠકો ફાળવવાને લગતા કોઈ પણ કાયદાની કાયદેસરતા અંગે, કોઈ પણ ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકાશે નહી;

(ખ) કોઈ પણ નગરપાલિકાની ચૂંટણી સામે, રાજ્ય વિધાનમંડળે કરેલા કોઈ પણ કાયદાથી, અથવા તે હેઠળ જેના માટે જોગવાઈ કરી હોય તેવા સત્તામંડળ સમક્ષ અને એવી રીતે ચૂંટણી અરજી રજૂ કરી હોય તે સિવાય, વાંધો ઉઠાવી શકાશે નહી.

**ભાગ–૧૦**

**અનુસૂચિત અને આદિજાતિ વિસ્તારો**

**અનુચ્છેદ – ૨૪૪ અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોનો વહીવટ**

(૧) આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ રાજ્યો સિવાયના કોઈ પણ રાજ્યમાંના અનુસૂચિત વિસ્તારો અને અનુસૂચિત આદિજાતિઓના વહીવટ અને નિયંત્રણને પાંચમી અનુસૂચિની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમના રાજ્યોમાંના આદિજાતિ વિસ્તારોના વહીવટને છઠ્ઠી અનુસૂચિની જોગવાઈઓ લાગુ પડશે.

**અનુચ્છેદ : ૨૪૪ (ક) આસામના અમૂક આદિજાતિ વિસ્તારોના બનેલા સ્વાયત્ત રાજ્યની રચના અને તેના માટે સ્થાનિક વિધાનમંડળ અથવા મંત્રીમંડળ અથવા બન્નેની રચના**

(૧) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદ, કાયદાથી આસામ રાજ્યની અંદર જેમાં છઠ્ઠી અનુસૂચિના પરિચ્છેદ ૨૦ સાથે જોડેલા કોઠાના ભાગ-૧ માં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈ પણ આદિજાતિ વિસ્તારોનો પૂર્ણત: અથવા અંશત: સમાવેશ થયો હોય તેવુ સ્વાયત્ત રાજ્ય રચી શકશે, અને તે માટે —

(ક) સ્વાયત્ત રાજ્યના વિધાનમંડળ તરીકે કાર્ય બજાવવા માટે ચૂંટાયેલા અથવા અંશત: નિયુક્ત થયેલા અને અંશત: ચૂંટાયેલા મંડળની, અથવા

(ખ) મંત્રીમંડળની, અથવા બંનેની રચના કરી શકશે અને એ દરેકના રચના, સત્તા અને કાર્યો તે કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવાં રહેશે.

(૨) ખંડ (૧) માં ઉલ્લેખેલા કોઈ કાયદાથી ખાસ કરીને-

(ક) રાજ્ય યાદી અથવા સમવર્તી યાદીમાં ગણાવેલી કઈ બાબતો અંગે આસામ રાજ્યના વિધાનમંડળને બાકાત રાખીને અથવા બાકાત રાખ્યા વગર સ્વાયત્ત રાજ્યના વિધાનમંડળને તેના સમગ્ર અથવા તેના કોઈ ભાગ માટે કાયદા કરવાની સત્તા રહેશે તે નિર્દિષ્ટ કરી શકાશે;

(ખ) સ્વાયત્ત રાજ્યની કારોબારી સત્તા કઈ બાબતો સુધી વિસ્તરશે તે મુકરર કરી શકાશે;

(ગ) આસામ રાજ્યે નાખેલા કોઈ કરની રકમ, જેટલે અંશે તેની આવક સ્વાયત્ત રાજ્યમાંથી મળેલી હોય તેટલે અંશે સ્વાયત્ત રાજ્યને સોંપી દેવામાં આવશે એવી જોગવાઈ કરી શકાશે;

(ઘ) આ સંવિધાનના કોઈ પણ અનુચ્છેદમાં રાજ્યના ઉલ્લેખમાં સ્વાયત્ત રાજ્યના ઉલ્લેખનો સમાવેશ થાય છે એવો અર્થ કરવામાં આવે એવી જોગવાઈ કરી શકાશે; અને

(ચ) જરૂરી જણાય તેવી પૂરક, આનુષંગિક અને પારિણામિક જોગવાઈઓ કરી શકાશે.

(૩) ઉપર જણાવ્યા પ્રમાણેના કોઈ કાયદાનો સુધારો જેટલે અંશે ખંડ (૨)ના પેટા ખંડ (ક) અથવા પેટા ખંડ (ખ)ને લગતો હોય તેટલે અંશે તે સુધારો સંસદના દરેક ગૃહમાં હાજર રહીને મત આપનારા ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોની બહુમતીથી પસાર થયો ન હોય તો તે સુધારો અસરકર્તા થશે નહી.

(૪) આ અનુચ્છેદમાં ઉલ્લેખેલ છે એવો કોઈ કાયદો અનુચ્છેદ ૩૬૮ના હેતુઓ માટે આ સંવિધાનનો સુધારો છે એમ ગણાશે નહી; પછી ભલે તે કાયદામાં આ સંવિધાનને સુધારતી હોય તેવી અથવા જેની અસર આ સંવિધાન સુધાર્યા જેવી થતી હોય તેવી કોઈ જોગવાઈ કરવામાં આવી હોય.

**ભાગ–૧૧**

**સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો**

**પ્રકરણ – ૧**

**ધારાકીય સંબંધો**

**ધારાકીય સત્તાની વહેંચણી**

Astha Academy Mo.8980961441

**અનુચ્છેદ : ૨૪૫ સંસદે અને રાજ્યોના વિધાનમંડળોએ કરેલા કાયદાઓની વ્યાપ્તિ**

(૧) આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, સંસદ, ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર કે તેના કોઈ ભાગ માટે કાયદા કરી શકશે, અને રાજ્યનું વિધાનમંડળ સમગ્ર રાજ્ય કે તેના કોઈ ભાગ માટે કાયદા કરી શકશે.

(૨) સંસદે કરેલો કોઈ કાયદો, તેનો અમલ રાજ્યક્ષેત્ર બહાર થશે એ કારણે બિનકાયદેસર છે એમ ગણાશે નહી.

**અનુચ્છેદ : ૨૪૬ સંસદે અને રાજ્યોના વિધાનમંડળોએ કરેલા કાયદાઓનું વિષય વસ્તુ**

(૧) ખંડો (૨) અને (૩)માં ગમે તે મજકૂર હોય તે છતાં, સાતમી અનુસૂચિમાંની યાદી (આ સંવિધાનમાં "સંઘ યાદી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ગણાવેલી કોઈ પણ બાબત અંગે કાયદા કરવાની સુવાંગ સત્તા સંસદને છે.

(૨) ખંડ (૩) માં ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદને અને ખંડ (૧) ને અધીન રહીને, કોઈ રાજ્યના વિધાનમંડળને પણ, સાતમી અનુસૂચિમાંની યાદી (આ સંવિધાનમાં "સમવર્તી યાદી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ગણાવેલી કોઈ પણ બાબત અંગે કાયદા કરવાની સત્તા છે.

(૩) ખંડો (૧) અને (૨) ને અધીન રહીને, કોઈ રાજ્યના વિધાનમંડળને જ તે રાજ્ય કે તેના કોઈ ભાગ માટે સાતમી અનુસૂચિમાંની યાદી (આ સંવિધાનમાં "રાજ્ય યાદી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ગણાવેલી કોઈ પણ બાબત અંગે કાયદા કરવાની સત્તા છે.

(૪) કોઈ રાજ્યમાં સમાવિષ્ટ ન હોય તેવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈ ભાગ માટે કોઈ બાબત રાજ્ય યાદીમાં ગણાવેલી હોય તે છતાં, સંસદને તે બાબત અંગે કાયદા કરવાની સત્તા છે.

**અનુચ્છેદ : ૨૪૭ અમૂક વધારાના ન્યાયાલયોની સ્થાપના માટે જોગવાઈ કરવાની સંસદની સત્તા**

આ પ્રકરણમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદે કરેલા કાયદાઓના અથવા સંઘ યાદીમાં ગણાવેલી બાબત અંગે કોઈ વિદ્યમાન કાયદાના વધુ સારા અમલ માટે કોઈ વધારાના ન્યાયાલયની સ્થાપના કરવાની જોગવાઈ સંસદ કાયદાથી કરી શકશે.

**અનુચ્છેદ : ૨૪૮ કાયદા કરવાની અવશિષ્ટ સત્તા**

(૧) સમવર્તી યાદી અથવા રાજ્ય યાદીમાં નહી ગણાવેલી કોઈ પણ બાબત અંગે કાયદો કરવાની સુવાંગ સત્તા સંસદને જ છે.

(૨) ઉપરની બેમાંથી કોઈ યાદીમાં નહી જણાવેલો કર નાખતો કાયદો કરવાની સત્તાનો એ સત્તામાં સમાવેશ થશે.

**અનુચ્છેદ : ૨૪૯ રાજ્ય યાદીમાંની કોઈ બાબત અંગે રાષ્ટ્રીય હિતમાં કાયદા કરવાની સંસદની સત્તા**

(૧) આ પ્રકરણની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્યસભાએ હાજર રહી મત આપનારાઓમાંના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોના ટેકાવાળા ઠરાવથી જાહેર કર્યુ હોય કે એ ઠરાવમાં નિર્દિષ્ટ કરેલી રાજ્ય યાદીમાં ગણાવેલી કોઈ બાબત અંગે સંસદ કાયદા કરે એ રાષ્ટ્રીય હિતમાં જરૂરી કે ઈષ્ટ છે, તો એ ઠરાવ અમલમાં રહે ત્યાં સુધી, તે બાબત અંગે ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર કે તેના કોઈ ભાગ માટે કાયદા કરવાનુ સંસદ માટે કાયદેસર ગણાશે.

(૨) ખંડ (૧) હેઠળ પસાર થયેલો ઠરાવ, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી પણ એક વર્ષથી વધુ નહી તેટલી મુદત સુધી અમલમાં રહેશે.

પરંતુ આવા કોઈ ઠરાવનો અમલ ચાલુ રાખવાની અનુમતિ આપતો ઠરાવ જો અને જેટલીવાર ખંડ (૧) ની જોગવાઈ મુજબ પસાર કરવામાં આવે તો અને તેટલી વાર તે ઠરાવ, જે તારીખે આ ખંડ હેઠળ અન્યથા તેનો અમલ બંધ થયો હોત તો તે તારીખથી વધુ એક વર્ષની મુદત સુધી અમલમાં ચાલું રહેશે.

(૩) ખંડ (૧) હેઠળ ઠરાવ પસાર ન થયો હોત, તો જે કાયદો કરવાની સંસદને સત્તા ન હોત એવો સંસદે કરેલો કાયદો તેવી સત્તા ન હોવા પૂરતો, તે ઠરાવનો અમલ બંધ થયા પછી છ મહિનાની મુદત પૂરી થયે, સદરહુ મુદત પૂરી થયા પહેલાં કરેલાં કે કર્યા વિના રહેવા દીધેલાં કાર્યો સિવાયની બીજી બાબતો અંગે અમલમાં રહેશે નહી.

**અનુચ્છેદ : ૨૫૦ કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય તો રાજ્ય યાદીમાંની કોઈ બાબત અંગે કાયદા કરવાની સંસદની સત્તા**

(૧) આ પ્રકરણમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય ત્યાં સુધી, રાજ્ય યાદીમાં ગણાવેલી કોઈ પણ બાબત અંગે ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર અથવા તેના કોઈ પણ ભાગ માટે કાયદા કરવાની સંસદને સત્તા રહેશે.

(૨) કટોકટીની ઉદઘોષણા થઈ ન હોય તો જે કાયદો કરવા સંસદને સત્તા ન હોત એવો સંસદે કરેલો કાયદો, એવી સત્તા ન હોવા પુરતો, ઉદઘોષણાનો અમલ બંધ થયા પછી છ મહિનાની મુદત પૂરી થયે, સદરહુ મુદત પૂરી થયા

Astha Academy Mo.8980961441

પહેલા કરેલા કે કર્યા વિના રહેવા દીધેલા કાર્યો સિવાયની બીજી બાબતો અંગે અમલમાં રહેશે નહી.

**અનુચ્છેદ : ૨૫૧ અનુચ્છેદ ૨૪૯ અને ૨૫૦ હેઠળ સંસદે કરેલા કાયદા અને રાજ્યોના વિધાનમંડળોએ કરેલા કાયદા વચ્ચે અસંગતતા**

આ સંવિધાન હેઠળ રાજ્યના વિધાનમંડળને કોઈ કાયદો કરવાની સત્તા હોય તે, અનુચ્છેદ ૨૪૯ અને ૨૫૦ માંના કોઈ પણ મજકૂરથી મર્યાદિત થશે નહી, પણ રાજ્યના વિધાનમંડળે કરેલા કાયદાની કોઈ જોગવાઈ, સંસદને સદરહુ બંન્નેમાંની કોઈ અનુચ્છેદ હેઠળ કાયદો કરવાની સત્તા હોય એવા સંસદે કરેલા કાયદાની કોઈ જોગવાઈઓથી વિરોધી હોય તો, સંસદે કરેલો કાયદો, રાજ્યના વિધાનમંડળે કરેલા કાયદા પહેલાં કે પછી પસાર થયો હોય તો પણ, તે પ્રવર્તશે, અને રાજ્યના વિધાનમંડળે કરેલો કાયદો, અસંગતતા પૂરતો બિનઅમલી રહેશે, પરંતુ સંસદે કરેલો કાયદો અમલમાં રહે ત્યાં સુધી જ, બિનઅમલી રહેશે.

**અનુચ્છેદ : ૨૫૨ બે અથવા વધારે રાજ્યો માટે તેમની સંમતિથી કાયદો કરવાની સંસદની સત્તા અને એવો કાયદો બીજા કોઈ રાજ્યે અપનાવવા બાબત**

(૧) અનુચ્છેદ ૨૪૯ અને ૨૫૦ માં કરેલી જોગવાઈ સિવાય, જે બાબતો અંગે સંસદને રાજ્યો માટે કાયદો કરવાની સત્તા નથી તે પૈકી કોઈ બાબતનું નિયમન એવા રાજ્યોમાં સંસદ કાયદાથી કરે એ ઈચ્છવાજોગ છે એવું બે કે વધારે રાજ્યોનાં વિધાનમંડળોને લાગે અને તે રાજ્યોનાં વિધાનમંડળોનાં તમામ ગૃહો એ મતલબના ઠરાવો પસાર કરે, તો તે અનુસાર તે બાબતનું નિયમન કરવા માટે અધિનિયમ પસાર કરવાનુ સંસદને માટે કાયદેસર ગણાશે અને એ રીતે પસાર કરેલો કોઈ અધિનિયમ એવા રાજ્યોને અને બીજા જે રાજ્યે, તે રાજ્યના વિધાનમંડળના ગૃહે અથવા જ્યાં બે ગૃહે તે અર્થે પસાર કરેલા ઠરાવથી તેને પાછળથી અપનાવ્યો હોય તે રાજ્યને લાગુ પડશે.

(૨) સંસદે એ રીતે પસાર કરેલા કોઈ અધિનિયમ, એ જ રીતે પસાર કરેલા કે અપનાવેલા સંસદના અધિનિયમથી સુધારી કે રદ કરી શકાશે, પણ તે લાગુ પડતો હોય એવા કોઈ રાજ્યની બાબતમાં, તે રાજ્યના વિધાનમંડળના અધિનિયમથી તેને સુધારી કે રદ કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૨૫૩ આંતરરાષ્ટ્રીય કબૂલાતનામાને અમલમાં લાવવા માટે કાયદો કરવા બાબત**

આ પ્રકરણની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, બીજા કોઈ દેશ કે દેશો સાથેની કોઈ સંધિ, કબૂલાતનામા કે કરારનામાના અથવા કોઈ આંતરરાષ્ટ્રીય સંમેલન, સંસ્થા કે અન્ય મંડળમાં કરેલા કોઈ નિર્ણયના પાલન માટે ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર કે તેના કોઈ ભાગ માટે સંસદને કોઈ પણ કાયદો કરવાની સત્તા છે.

**અનુચ્છેદ : ૨૫૪ સંસદે કરેલા કાયદા અને રાજ્યોના વિધાનમંડળોએ કરેલા કાયદા વચ્ચે અસંગતતા**

(૧) કોઈ રાજ્યના વિધાનમંડળે કરેલા કાયદાની કોઈ જોગવાઈ, સંસદને જે કરવાની સત્તા હોય એવા તેણે કરેલા કાયદાની કોઈ જોગવાઈથી અથવા સમવર્તી યાદીમાં ગણાવેલી કોઈ એક બાબત અંગે વિદ્યમાન કાયદાની કોઈ જોગવાઈથી વિરોધી હોય તો, ખંડ (૨) ની જોગવાઈઓને અધીન રહીને, સંસદે કરેલો કાયદો, એવા રાજ્યના વિધાનમંડળે કરેલા કાયદા પહેલાં કે પછી પસાર થયો હોય તો પણ, યથાપ્રસંગ, તે કાયદો અથવા વિદ્યમાન કાયદો પ્રવર્તશે અને રાજ્યના વિધાનમંડળે કરેલો કાયદો, વિરૂદ્ધતા પૂરતો, રદબાતલ થશે.

(૨) જ્યાં રાજ્યના વિધાનમંડળે સમવર્તી યાદીમાં ગણાવેલી કોઈ એક બાબત અંગે કરેલા કાયદામાં, સંસદે કરેલા અગાઉના કાયદાની અથવા તે બાબત અંગે વિદ્યમાન કાયદાની જોગવાઈઓથી વિરોધી કોઈ જોગવાઈનો સમાવેશ થયો હોય, તો એવા રાજ્યના વિધાનમંડળે એ રીતે કરેલો કાયદો, તેને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવામાં આવેલો હોય અને તેને તેમની અનુમતિ મળી હોય, તો તે રાજ્યમાં પ્રવર્તશે.

પરંતુ સંસદને કોઈ પણ સમયે એ જ બાબત અંગે રાજ્યના વિધાનમંડળે એ રીતે કરેલા કાયદામાં ઉમેરો કરતા, સુધારો કરતા, ફેરફાર કરતા કે રદ કરતા કાયદા સહિત કોઈ કાયદો અધિનિયમિત કરવામાં આ ખંડમાંના કોઈ પણ મજકૂરથી બાધ આવશે નહી.

**અનુચ્છેદ : ૨૫૫ ભલામણો અને પૂર્વ-મંજૂરી ને લગતી જરૂરિયાતને ફક્ત કાર્યરીતિની બાબત ગણવા બાબત**

સંસદનો અથવા કોઈ રાજ્યના વિધાન મંડળનો કોઈ પણ અધિનિયમ અને એવા અધિનિયમમાંની કોઈ પણ જોગવાઈ, જો તે અધિનિયમને-

(ક) રાજ્યપાલની ભલામણની જરૂર હોય, ત્યાં રાજ્યપાલે અથવા રાષ્ટ્રપતિએ;

(ખ) રાજપ્રમુખની ભલામણની જરૂર હોય ત્યાં, રાજપ્રમુખે અથવા રાષ્ટ્રપતિએ;

(ગ) રાષ્ટ્રપતિની ભલામણ કે પૂર્વ-મંજૂરી ની જરૂર હોય ત્યાં, રાષ્ટ્રપતિએ અનુમતિ આપી હોય તો, તે આ સંવિધાનથી આવશ્યક ગણેલી કોઈ ભલામણ કરવામાં કે પૂર્વ-મંજૂરી

Astha Academy Mo.8980961441

આપવામાં આવી ન હતી તે કારણે બિનકાયદેસર ગણાશે નહી.

### પ્રકરણ–૨
### વહીવટી સંબંધો

### સામાન્ય

**અનુચ્છેદ : ૨૫૬ રાજ્યોની અને સંઘની ફરજ**

દરેક રાજ્યની કારોબારી સત્તા એવી રીતે વાપરવી જોઈશે કે જેથી સંસદે કરેલા કાયદાઓનું અને તે રાજ્યમાં લાગુ પડતા વિદ્યમાન કાયદાઓનું પાલન થાય અને તે હેતુ માટે ભારત સરકારને જરૂર જણાય એવા આદેશો કોઈ રાજ્યને આપવા સુધી સંઘની કારોબારી સત્તા વિસ્તરશે.

**અનુચ્છેદ : ૨૫૭ અમૂક સંજોગોમાં રાજ્યો ઉપર સંઘનું નિયંત્રણ**

(૧) દરેક રાજ્યની કારોબારી સત્તા એવી રીતે વાપરવી જોઈશે કે જેથી સંઘની કારોબારી સત્તા વાપરવામાં અંતરાય આવે નહી કે તેને પ્રતિકૂળ અસર થાય નહી અને તે હેતુ માટે ભારત સરકારને જરૂર જણાય એવા આદેશો કોઈ રાજ્યને આપવા સુધી સંઘની કારોબારી સત્તા વિસ્તરશે.

(૨) આદેશથી જેમને રાષ્ટ્રીય અથવા લશ્કરી મહત્વના હોવાનું જાહેર કરેલા હોય એવા વ્યવહારના સાધનોના બાંધકામ અને નિભાવ વિશે રાજ્યને આદેશો આપવા સુધી સંઘની કારોબારી સત્તા વિસ્તરશે.

પરંતુ રાજમાર્ગો અથવા જળમાર્ગોને રાષ્ટ્રીય રાજમાર્ગો અથવા રાષ્ટ્રીય જળમાર્ગો તરીકે જાહેર કરવાની સંસદની સત્તાને અથવા એવી રીતે જાહેર કરેલા રાજમાર્ગો અથવા જળમાર્ગો સંબંધી, સંઘની સત્તાને અથવા નૌકાદળ, ભૂમિદળ અને હવાઈદળના કામો અંગે પોતાના કાર્યોના ભાગરૂપે વ્યવહારના સાધનોના બાંધકામ અને નિભાવની સંઘની સત્તાને આ ખંડમાના કોઈ પણ મજકૂરથી મર્યાદિત કરવામાં આવી છે એમ ગણાશે નહી.

(૩) કોઈ રાજ્યની અંદરની રેલવેના રક્ષણ માટે લેવાના પગલાં સંબંધી તે રાજ્યને આદેશો આપવા સુધી પણ સંઘની કારોબારી સત્તા વિસ્તરશે.

(૪) ખંડ (૨) હેઠળ વ્યવહારના કોઈ સાધનોના બાંધકામ કે નિભાવ સંબંધી અથવા ખંડ (૩) હેઠળ કોઈ રેલવેના રક્ષણ માટે લેવાના પગલા સંબંધી કોઈ રાજ્યને આપેલા આદેશોને અમલ કરવામાં, તેવો આદેશ આપવામાં આવ્યો ન હોત અને તે રાજ્યની સામાન્ય ફરજો બજાવતાં થયું હોત તેના કરતાં વધારે ખર્ચ થયું હોય તો, એ રીતે થયેલા વધારાના ખર્ચ અંગે, સહમત થયા મુજબની અથવા સહમતી ન થાય તો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ નીમેલા લવાદ નક્કી કરે તેટલી રકમ ભારત સરકારે તે રાજ્યને આપવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૫૮ અમૂક દાખલાઓમાં રાજ્યને સત્તા, વગેરે સોંપવાની સંઘની સત્તા**

(૧) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ, કોઈ રાજ્યની સરકારની સંમતિથી તે સરકારને અથવા તેના અધિકારીઓને, સંઘની કારોબારી સત્તા જે બાબત સુધી વિસ્તરતી હોય તે અંગેનાં કાર્યો, શરતો સાથે અથવા શરતો વિના સોંપી શકશે.

(૨) કોઈ રાજ્યમાં લાગુ પડતો સંસદે કરેલો કાયદો, તે રાજ્યના વિધાનમંડળને જે અંગે કાયદો કરવાની સત્તા ન હોય એવી બાબત સંબંધમાં હોય તે છતાં, તે કાયદો, તે રાજ્યને અથવા તેના અધિકારીઓ અને સત્તાધિકારીઓને સત્તા સોંપી શકશે અને તેમના ઉપર ફરજો નાખી શકશે અથવા સત્તા સોંપવાનુ અને ફરજો નાખવાનું અધિકૃત કરી શકશે.

(૩) આ અનુચ્છેદની રૂએ કોઈ રાજ્યને અથવા તેના અધિકારીઓ અથવા સત્તાધિકારીઓને સત્તા આપવામાં આવી હોય કે તેમના ઉપર ફરજો નાખવામાં આવી હોય ત્યાં, તે સત્તા વાપરવા અને ફરજો બજાવવા સંબંધી તે રાજ્યને થયેલા વધારાના વહીવટી ખર્ચ અંગે સહમત થયા મુજબની અથવા સહમતી ન થાય તો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ નીમેલા લવાદ નક્કી કરે તેટલી રકમ ભારત સરકારે તે રાજ્યને આપવી જોઈશે.

**અનુચ્છેદ : ૨૫૮–ક સંઘને કાર્યો સોંપવાની રાજ્યોની સત્તા**

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ રાજ્યના રાજ્યપાલ, ભારત સરકારની સંમતિથી તે, સરકારને અથવા તેના અધિકારીઓને રાજ્યની કારોબારી સત્તા જે બાબત સુધી વિસ્તરતી હોય તે અંગેનાં કાર્યો, શરતો સાથે અથવા શરતો વિના સોંપી શકશે.

**અનુચ્છેદ : ૨૫૯ પહેલી અનુસૂચિના ભાગ–ખમાંના રાજ્યોમાંના સશસ્ત્ર દળો.**

સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ની કલમ-૨૯ અને અનુસૂચિથી રદ કર્યો છે.

**અનુચ્છેદ : ૨૬૦ ભારત બહારનાં રાજ્યક્ષેત્રો સંબંધી સંઘની હકૂમત**

ભારતના રાજ્યક્ષેત્રનો ભાગ ન હોય એવા કોઈ રાજ્યક્ષેત્રની સરકાર સાથેના કબૂલાતનામાથી એવા

Astha Academy Mo.8980961441

રાજ્યક્ષેત્રની સરકારમાં નિહિત થયેલાં કોઈ કારોબારી, ધારાકીય કે ન્યાયિક કાર્યો ભારત સરકાર હાથ ધરી શકશે, પણ એવુ દરેક કબૂલાતનામું વિદેશમાં હકૂમત ભોગવવા સંબંધી તે સમયે અમલમાં હોય એવા કાયદાને અધીન રહેશે અને તે કાયદા અનુસાર હોવું જોઈશે.

**અનુચ્છેદ : ૨૬૧ જાહેર કાર્યો, રેકર્ડ અને ન્યાયિક કાર્યવાહી**

(૧) સંઘ અને દરેક રાજ્યનાં જાહેર કાર્યો, રેકર્ડ અને ન્યાયિક કાર્યવાહીમાં ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકવામાં આવશે અને તે માન્ય રાખવામાં આવશે.
(૨) ખંડ (૧)માં ઉલ્લેખેલાં કાર્યો, રેકર્ડ અને કાર્યવાહી સાબિત કરવાની અને તેની અસર નક્કી કરવાની રીત અને શરતો સંસદે કરેલા કાયદાથી જોગવાઈ કર્યા મુજબ રહેશે.
(૩) ભારતના રાજ્યક્ષેત્રના કોઈ પણ ભાગમાં દીવાની ન્યાયાલયોએ આપેલા અંતિમ ફેંસલા કે કરેલા હુકમો, તે રાજ્યક્ષેત્રની અંદર કાયદા અનુસાર ગમે ત્યાં બજાવી શકાશે.

**પાણી સંબંધી તકરારો**

**અનુચ્છેદ : ૨૬૨ આંતર–રાજ્ય નદીઓ અથવા નદી–ખીણોના પાણી સંબંધી તકરારોનો ન્યાય નિર્ણય**

(૧) કોઈ આંતર-રાજ્ય નદી કે નદી-ખીણના કે તેમાંના પાણીના ઉપયોગ, વહેંચણી અથવા નિયંત્રણ અંગેની કોઈ તકરાર કે ફરિયાદના ન્યાયનિર્ણય માટે સંસદ કાયદાથી જોગવાઈ કરી શકશે.
(૨) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદ કાયદાથી જોગવાઈ કરી શકશે કે ખંડ (૧) માં ઉલ્લેખેલી કોઈ તકરાર કે ફરિયાદ અંગે ઉચ્ચતમ ન્યાયાલય અથવા બીજું કોઈ ન્યાયાલય હકૂમત ભોગવી શકશે નહી.

**રાજ્યો વચ્ચે સંકલન**

**અનુચ્છેદ : ૨૬૩ આંતરરાજ્ય કાઉન્સિલ અંગેની જોગવાઈઓ**

રાષ્ટ્રપતિને કોઈ સમયે એમ જણાય કે-
(ક) રાજ્યો વચ્ચે ઊભી થઈ હોય એવી તકરારોની તપાસ કરવાની અને તે વિશે સલાહ આપવાની;
(ખ) જેમાં કેટલાક અથવા તમામ રાજ્યોનું અથવા સંઘનું અને એક કે વધારે રાજ્યોનું સહિયારું હિત હોય તે વિષયોની તપાસ કરવાની અને તેની ચર્ચા કરવાની; અથવા
(ગ) એવા કોઈ વિષય ઉપર ભલામણ કરવાની અને ખાસ કરીને તે વિષય અંગે નીતિ અને અમલના વધારે સારા સંકલન માટે ભલામણ કરવાની,

- જવાબદારીવાળી કાઉન્સિલની સ્થાપના કરવાથી જાહેર હિત સધાશે, તો હુકમ કરીને તેવી કાઉન્સિલ સ્થાપવાનું અને તેણે બજાવવાની ફરજોનું સ્વરૂપ, તેની તંત્રવ્યવસ્થા અને કાર્યરીતિ મુકરર કરવાનુ રાષ્ટ્રપતિ માટે કાયદેસર ગણાશે.

## ભાગ–૧૨
## નાણાકીય બાબતો, મિલકત, કરારો અને દાવાઓ

### પ્રકરણ–૧
### નાણાકીય બાબતો (સામાન્ય)

**અનુચ્છેદ – ૨૬૪ અર્થઘટન**

આ ભાગમાં “નાણા કમિશન” એટલે અનુચ્છેદ ૨૮૦ હેઠળ રચાયેલુ નાણા કમિશન.

**અનુચ્છેદ – ૨૬૫ કાયદાથી મળેલા અધિકાર સિવાય કર નાખવા નહી**

કાયદાથી મળેલ અધિકાર સિવાય, કોઈ કર નાખી શકાશે નહી કે વસૂલ કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૨૬૬ ભારતના અને રાજ્યોના એકત્રિત ફંડ અને જાહેર હિસાબો**

(૧) અનુચ્છેદ ૨૬૭ની જોગવાઈઓને અને અમૂક કર અને ડ્યૂટીની કુલ ચોખ્ખી આવક કે તેનો કોઈ ભાગ રાજ્યોને સોંપી દેવા અંગે આ પ્રકરણની જોગવાઈઓને અધીન રહીને, ભારત સરકારને મળેલી તમામ આવક, તિજોરી બિલો કાઢીને તેણે ઊભી કરેલી તમામ લોન, બીજી લોન કે સાધનોપાય પેશગીઓ અને લોન ભરપાઈ થતાં તેને મળેલાં તમામ નાણાં મળીને, “ભારતનું એકત્રિત ફંડ” એ નામનું એક એકત્રિત ફંડ બનશે, અને કોઈ રાજ્યની સરકારને મળેલી તમામ આવક, તિજોરી બિલો કાઢીને તેણે ઊભી કરેલી તમામ લોન, બીજી લોન કે સાધનોપાય પેશગીઓ અને લોન ભરપાઈ થતાં તેને મળેલા તમામ નાણાં મળીને, “રાજ્યનું એકત્રિત ફંડ” એ નામનું એક એકત્રિત ફંડ બનશે.
(૨) ભારત સરકારે અથવા રાજ્યની સરકારે અથવા તેના વતી મેળવેલા બીજાં તમામ જાહેર નાણાં, યથાપ્રસંગ, ભારતના જાહેર હિસાબમાં અથવા રાજ્યના જાહેર હિસાબમાં જમા કરવામાં આવશે.

Astha Academy Mo.8980961441

(૩) કાયદા અનુસાર અને આ સંવિધાનમાં દર્શાવેલા હેતુ માટે અને તે રીતે હોય તે સિવાય, ભારતના એકત્રિત ફંડમાંથી અથવા રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઈ નાણાંનો વિનિયોગ કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૨૬૭ આકસ્મિક ફંડ**

(૧) સંસદ કાયદાથી "ભારતનું આકસ્મિક ફંડ" એ નામનું પેશગીના સ્વરૂપનું એક આકસ્મિક ફંડ સ્થાપી શકશે, જેમાં એવા કાયદાથી નક્કી કરવામાં આવે તેટલી રકમ વખતોવખત જમા કરવામાં આવશે, અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવાના હેતુ માટે અનુચ્છેદ ૧૧૫ અથવા અનુચ્છેદ ૧૧૬ હેઠળ કાયદાથી સંસદ એ ખર્ચને અધિકૃત ન કરે ત્યાં સુધી તે ફંડમાંથી પોતે પેશગીઓ આપી શકે તે માટે તે રાષ્ટ્રપતિના હસ્તક મૂકવામાં આવશે.

(૨) કાયદાથી રાજ્યનું વિધાનમંડળ "રાજ્ય આકસ્મિક ફંડ" એ નામનું પેશગીના સ્વરૂપનું એક આકસ્મિક ફંડ સ્થાપી શકશે, જેમાં એવા કાયદાથી નક્કી કરવામાં આવે તેટલી રકમ વખતોવખત જમા કરવામાં આવશે અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવાના હેતુ માટે અનુચ્છેદ ૨૦૫ અથવા અનુચ્છેદ ૨૦૬ હેઠળ કાયદાથી રાજ્યનું વિધાનમંડળ એ ખર્ચને અધિકૃત ન કરે ત્યાં સુધી તે ફંડમાંથી પોતે પેશગીઓ આપી શકે તે માટે તે રાજ્યના રાજ્યપાલના હસ્તક મૂકવામાં આવશે.

## સંઘ અને રાજ્યો વચ્ચે આવકની વહેંચણી

**અનુચ્છેદ : ૨૬૮ સંઘે નાખેલી પણ રાજ્યોએ વસૂલ કરી વિનિયોગ કરેલી ડ્યૂટી**

(૧) સંઘ યાદીમાં જણાવેલી હોય એવી સ્ટેમ્પ ડ્યૂટી અને દવાઓ અને પ્રસાધન સામગ્રી ઉપરની આબકારી ડ્યૂટી ભારત સરકાર નાખશે, પણ તેની વસૂલાત-

(ક) એવી ડ્યૂટી સંઘ રાજ્યક્ષેત્રની અંદર નાખવાપાત્ર હોય ત્યારે, ભારત સરકાર, અને

(ખ) એવી ડ્યૂટી રાજ્યોની અંદર નાખવાપાત્ર હોય ત્યારે, તે રાજ્યો, કરશે.

(૨) કોઈ રાજ્યની અંદર નાખવાપાત્ર એવી કોઈ ડ્યૂટીની કોઈ નાણાકીય વર્ષની આવક ભારતના એકત્રિત ફંડનો ભાગ બનશે નહી, પણ તે રાજ્યને તે સોંપી દેવામાં આવશે.

**અનુચ્છેદ : ૨૬૮-ક સંઘે નાખવાનો અને સંઘ અને રાજ્યોએ વસૂલ કરવાનો અને વિનિયોગ કરવાનો સેવા કર**

(૧) ભારત સરકારે સેવા ઉપર કર નાખવો જોઈશે અને આવો કર, ખંડ (૨)માં જોગવાઈ કરેલી રીતે કેન્દ્ર સરકારે અને રાજ્યોએ વસૂલ કરવો જોઈશે અને વિનિયોગ કરવો જોઈશે.

(૨) ખંડ (૧) ની જોગવાઈઓ અનુસાર લેવાના આવા કોઈ કરની નાણાકીય વર્ષની આવક સંસદે કાયદાથી ઘડેલા વસૂલાત અને વિનિયોગના સિદ્ધાંતો અનુસાર-

(ક) ભારત સરકારે અને રાજ્યોએ વસૂલ કરવી જોઈશે;

(ખ) ભારત સરકારે અને રાજ્યોએ વિનિયોગ કરવો જોઈશે.

**અનુચ્છેદ : ૨૬૯ સંઘે નાખેલા અને વસૂલ કરેલા પણ રાજ્યોને સોંપી દીધેલા કર**

(૧) માલના વેચાણ અથવા ખરીદી ઉપરના કર અને માલની રવાનગી ઉપરના કર ભારત સરકાર લેશે અને વસૂલ કરશે, પરંતુ ખંડ (૨) માં જોગવાઈ કરેલી રીતે, તે સન ૧૯૯૬ ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અથવા તે પછી રાજ્યોને સોંપી દેવામાં આવશે અને સોંપી દેવામાં આવેલ હોવાનું ગણાશે.

**સ્પષ્ટીકરણ :**- આ ખંડના હેતુઓ માટે-

(ક) "માલના વેચાણ અથવા ખરીદી ઉપરના કર" એ શબ્દપ્રયોગનો, આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન માલનું વેચાણ અથવા ખરીદી થયેલ હોય ત્યારે, વર્તમાનપત્રો સિવાયના માલના એવા વેચાણ અથવા ખરીદી ઉપરના કર એવો અર્થ થશે.

(ખ) "માલની રવાનગી ઉપરના કર" એ શબ્દપ્રયોગનો, આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન માલની રવાનગી થયેલ હોય ત્યારે રવાના કરનાર વ્યક્તિને અથવા બીજી કોઈ વ્યક્તિને રવાનગી કરવામાં આવી હોય તેમ છતાં માલની એવી રવાનગી ઉપરના કર એવો અર્થ થશે.

(૨) સંઘ રાજ્યક્ષેત્રોમાંથી થતી આવક સિવાયની કોઈ નાણાકીય વર્ષની એવા કરની ચોખ્ખી આવક, ભારતના એકત્રિત ફંડનો ભાગ બનશે નહી, પણ જે રાજ્યોની અંદર તે વર્ષમાં તે કર લેવા પાત્ર હોય તેમને સોંપી દેવામાં આવશે અને સંસદ કાયદાથી ઘડે તેવા વહેંચણીના સિદ્ધાંતો અનુસાર તે રાજ્યો વચ્ચે વહેંચી આપવામાં આવશે.

(૩) માલનું વેચાણ અથવા ખરીદી અથવા માલની રવાનગી ક્યારે આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન થઈ ગણાય તે નક્કી કરવા માટેના સિદ્ધાંતો કાયદાથી સંસદ ઠરાવી શકશે.

**અનુચ્છેદ : ૨૭૦ લીધેલા કર અને સંઘ તથા રાજ્યોની વચ્ચે તેની વહેંચણી**

Astha Academy Mo 8980961441

(૧) અનુચ્છેદ-૨૬૮, ૨૬૮-ક અને ૨૬૯માં અનુક્રમે ઉલ્લેખેલ ડ્યૂટી અને કર સિવાયના સંઘ યાદીમાં ઉલ્લેખેલ તમામ કર અને ડ્યૂટી, અનુચ્છેદ-૨૭૧ માં ઉલ્લેખેલ કર અને ડ્યૂટી ઉપરના સરચાર્જ અને સંસદે કરેલા કોઈ કાયદા હેઠળ ચોક્કસ હેતુ માટે લેવામાં આવતા કોઈ ઉપકર ભારત સરકાર લેશે અને વસૂલ કરશે અને ખંડ (૨) માં જોગવાઈ કરેલી રીતે સંઘ અને રાજ્યો વચ્ચે વહેંચી આપવામાં આવશે.

(૨) કોઈ નાણાકીય વર્ષમાં એવા કોઈ કર અથવા ડ્યૂટીની ચોખ્ખી આવકના ઠરાવવામાં આવે એવા તેટલા ટકા ભારતના એકત્રિત ફંડનો ભાગ બનશે નહી, પણ જે રાજ્યોની અંદર તે વર્ષમાં તે કર અથવા ડ્યૂટી લેવા પાત્ર હોય તેમને સોંપી દેવામાં આવશે અને ખંડ (૩) માં જોગવાઈ કરેલી રીત અનુસાર ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા સમયથી તે રાજ્યો વચ્ચે વહેંચી આપવામાં આવશે.

(૩) આ અનુચ્છેદમાં, "ઠરાવેલું" એટલે-

(૧) નાણા આયોગની રચના કરવામાં ન આવે ત્યાં સુધી, રાષ્ટ્રપતિએ હુકમથી ઠરાવેલું, અને

(૨) નાણા આયોગની રચના કરવામાં આવે તે પછી, નાણા આયોગની ભલામણોને વિચારણામાં લઈને રાષ્ટ્રપતિએ હુકમથી ઠરાવેલું.

### અનુચ્છેદ : ૨૭૧ સંઘના હેતુઓ માટે અમુક ડ્યૂટી અને કર ઉપર સરચાર્જ

અનુચ્છેદ-૨૬૯ અને ૨૭૦ માં ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદ કોઈ પણ સમયે તે અનુચ્છેદમાં ઉલ્લેખેલી કોઈ પણ ડ્યૂટી અથવા કરમાં સંઘના હેતુઓ માટે સરચાર્જથી વધારો કરી શકશે અને એવા કોઈ સરચાર્જની તમામ આવક ભારતના એકત્રિત ફંડનો ભાગ બનશે.

### અનુચ્છેદ :૨૭૨ સંઘે નાખ્યા હોય અને વસૂલ કર્યા હોય તેવા અને સંઘ અને રાજ્યો વચ્ચે વહેંચી શકાય તેવા કર

સંવિધાન (એંશીમા સુધારા) અધિનિયમ, ૨૦૦૦ની કલમ ૪(૧)થી આ અનુચ્છેદ રદ કર્યો છે.

### અનુચ્છેદ : ૨૭૩ શણ અને શણની બનાવટો ઉપરની નિકાસ-જકાતને બદલે અનુદાન

(૧) આસામ, બિહાર, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના રાજ્યોને શણ અને શણની બનાવટો ઉપરની દરેક વર્ષની નિકાસ-જકાતની ચોખ્ખી આવકનો કોઈ ભાગ આપવાને બદલે તે રાજ્યોની આવકની સહાયક અનુદાન તરીકે, ઠરાવવામાં આવે તેવી રકમ દર વર્ષે ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવશે.

(૨) શણ કે શણની બનાવટો ઉપરની કોઈ નિકાસ-જકાત નાખવાનું ભારત સરકાર જ્યાં સુધી ચાલુ રાખે અથવા આ સંવિધાનના આરંભથી દસ વર્ષ પુરાં થાય, એ બેમાંથી જે વહેલું બને ત્યાં સુધી, એ રીતે ઠરાવેલી રકમ ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારવાનું ચાલુ રાખવામાં આવશે.

(૩) આ અનુચ્છેદમાં "ઠરાવેલું" એ શબ્દપ્રયોગનો અર્થ, અનુચ્છેદ-૨૭૦ માં તેનો જે અર્થ થાય છે તે જ થશે.

### અનુચ્છેદ : ૨૭૪ રાજ્યોનું હિત હોય તેવા કરને અસર કરતાં વિધેયકો માટે અગાઉથી રાષ્ટ્રપતિની ભલામણ આવશ્યક હોવા બાબત

(૧) રાજ્યોનું હિત હોય તેવા કર અથવા ડ્યૂટી નાખતું અથવા તેમાં ફેરફાર કરતું અથવા ભારતના આવકવેરાને લગતા અધિનિયમોના હેતુઓ માટે વ્યાખ્યા કર્યા પ્રમાણે "ખેતીની આવક" એ શબ્દપ્રયોગના અર્થમાં ફેરફાર કરતું અથવા જે સિદ્ધાંતો મુજબ આ પ્રકરણની કોઈ પૂર્વવર્તી જોગવાઈ હેઠળ રાજ્યોને નાણાં વહેંચવાનાં હોય કે થાય તે સિદ્ધાંતોને અસર કરતું અથવા સંઘના હેતુ માટે આ પ્રકરણની પૂર્વવર્તી જોગવાઈઓમાં જણાવેલો કોઈ સરચાર્જ નાખતું કોઈ વિધેયક અથવા સુધારો રાષ્ટ્રપતિની ભલામણ સિવાય સંસદના બેમાંથી કોઈ પણ ગૃહમાં રજૂ કે પ્રસ્તાવિત કરી શકાશે નહી.

(૨) આ અનુચ્છેદમાં "રાજ્યોનું હિત હોય તેવો કર અથવા ડ્યૂટી" એટલે-

(ક) જેની કુલ ચોખ્ખી આવક અથવા તેનો કોઈ ભાગ કોઈ રાજ્યને સોંપી દેવાનો હોય તેવો કર અથવા ડ્યૂટી; અથવા

(ખ) જેની ચોખ્ખી આવકને અનુલક્ષીને ભારતના એકત્રિત ફંડમાંથી કોઈ રાજ્યને તે સમયે રકમ આપવાની હોય તે કર અથવા ડ્યૂટી.

### અનુચ્છેદ : ૨૭૫ સંઘમાંથી અમુક રાજ્યોને અનુદાન આપવા બાબત

(૧) સંસદ જેને મદદની જરૂરવાળાં ઠરાવે તેવાં રાજ્યોની આવકની સહાયક અનુદાન તરીકે કાયદાથી સંસદ જોગવાઈ કરે તે રકમ દર વર્ષે ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવશે અને જુદા-જુદા રાજ્યો માટે જુદી-જુદી રકમ મુકરર કરી શકાશે.

પરંતુ કોઈ રાજ્યમાં અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ સાધવા અથવા તે રાજ્યમાંના અનુસૂચિત વિસ્તારોના વહીવટની કક્ષા સુધારી તેને તે રાજ્યના બાકીના વિસ્તારોના વહીવટની કક્ષાએ લઈ જવાના હેતુ માટે ભારત

Astha Academy Mo.8980961441

સરકારની અનુમતિથી તે રાજ્ય તરફથી હાથ ધરવામાં આવે તેવી વિકાસની યોજનાઓના ખર્ચને તે રાજ્ય પહોંચી વળી શકે તે માટે જરૂરી મૂડીની રકમ અને આવર્તક-રકમ તે રાજ્યની આવકની સહાયક અનુદાન તરીકે ભારતના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે :

વધુમાં, આસામ રાજ્યની આવકની સહાયક અનુદાન તરીકે-

(ક) છઠ્ઠી અનુસૂચિના પરિચ્છેદ ૨૦ ની સાથે જોડેલા કોઠાના (ભાગ-૧) માં નિર્દિષ્ટ કરેલા, આદિજાતિ વિસ્તારોના વહીવટ અંગે આ સંવિધાનના આરંભની તરત પહેલાંના બે વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચના સરેરાશ વધારા જેટલી; અને

(ખ) સદરહુ વિસ્તારોના વહીવટની કક્ષા સુધારી તેને તે રાજ્યના બાકીના વિસ્તારોના વહીવટની કક્ષાએ લઈ જવા ભારત સરકારની અનુમતિથી તે રાજ્ય તરફથી હાથ ધરવામાં આવે તેવી વિકાસ યોજનાઓના ખર્ચ જેટલી,

-મૂડીની અને આવર્તક રકમ ભારતના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે.

(૧ક) અનુચ્છેદ ૨૪૪-ક હેઠળ સ્વાયત્ત રાજ્ય બન્યું હોય તે તારીખે અને તે તારીખથી,-

(૧) ખંડ (૧) ના બીજા પરંતુકના ખંડ (ક) હેઠળ આપવાની રકમ, જો તે સ્વાયત્ત રાજ્ય તે ખંડમાં ઉલ્લેખેલા તમામ આદિજાતિ વિસ્તારોનું બનેલું હોય તો તેને આપવામાં આવશે અને જો તે સ્વાયત્ત રાજ્ય તેમાંના અમૂક આદિજાતિ વિસ્તારોનું જ બનેલું હોય તો, રાષ્ટ્રપતિ હુકમ કરીને નિર્દિષ્ટ કરે તે રીતે આસામ રાજ્ય અને તે સ્વાયત્ત રાજ્ય વચ્ચે ફાળવવામાં આવશે.

(૨) સ્વાયત્ત રાજ્યના વહીવટની કક્ષા સુધારીને તેને આસામ રાજ્યના બાકીના વિસ્તારોના વહીવટની કક્ષાએ લઈ જવાના હેતુ માટે ભારત સરકારની અનુમતિથી તે રાજ્ય તરફથી હાથ ધરવામાં આવે તેવી વિકાસની યોજનાના ખર્ચ જેટલી મૂડીની રકમ અને આવર્તક રકમ તે સ્વાયત્ત રાજ્યની આવકની સહાયક અનુદાન તરીકે ભારતના એકત્રિત ફંડમાંથી આપવાની રહેશે.

(૩) સંસદ ખંડ (૧) હેઠળ જોગવાઈ ન કરે ત્યાં સુધી, તે ખંડ હેઠળ તેને અપાયેલી સત્તા રાષ્ટ્રપતિ હુકમ કરીને વાપરી શકશે, અને રાષ્ટ્રપતિએ આ ખંડ હેઠળ કરેલો કોઈ હુકમ સંસદે એ રીતે કરેલી જોગવાઈઓને અધીન રહીને, અસરકર્તા રહેશે.

પરંતુ નાણા કમિશન રચાયા પછી, તેની ભલામણો વિચારણામાં લીધા સિવાય, આ ખંડ હેઠળ રાષ્ટ્રપતિ કોઈ હુકમ કરી શકશે નહી.

### અનુચ્છેદ : ૨૭૬ વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર ઉપરના કર

(૧) અનુચ્છેદ ૨૪૬ માં ગમે તે મજકૂર હોય તે છતાં, વ્યવસાય, વ્યાપાર, ધંધા અથવા રોજગાર અંગે કોઈ રાજ્યના અથવા તેમાંની નગરપાલિકા, જિલ્લા બોર્ડ, સ્થાનિક બોર્ડ કે બીજા સ્થાનિક સત્તામંડળના કેસો સંબંધી તે રાજ્યના વિધાનમંડળનો કોઈ કાયદો આવક ઉપરના કર સંબંધી હોવાને કારણે બિનકાયદેસર ગણાશે નહી.

(૨) કોઈ રાજ્યને અથવા તે રાજ્યમાંની કોઈ નગરપાલિકાને, જિલ્લા બોર્ડને, લોકલ બોર્ડને અથવા બીજા સ્થાનિક સત્તામંડળને વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર ઉપરના કર તરીકે, વ્યક્તિ દીઠ આપવાની થતી કુલ રકમ, વાર્ષિક બે હજાર અને પાંચસો રૂપિયા કરતાં વધુ થવી જોઈશે નહીં.

(૩) વ્યવસાય, વ્યાપાર, ધંધો અને રોજગાર ઉપરના કર અંગે ઉપર જણાવ્યા પ્રમાણે કાયદા કરવાની રાજ્યના વિધાનમંડળની સત્તાથી, વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગારમાંથી મળતી કે ઉભી થતી આવક ઉપરના કર અંગે કાયદા કરવાની સંસદની સત્તા કોઈ પણ રીતે મર્યાદિત થાય છે એવો અર્થ કરવામાં આવશે નહી.

### અનુચ્છેદ : ૨૭૭ અપવાદો

આ સંવિધાનના આરંભની તરત પહેલા કોઈ રાજ્યની સરકાર અથવા કોઈ નગરપાલિકા કે બીજા સ્થાનિક સત્તામંડળ કે સંસ્થા તરફથી તે રાજ્ય, નગરપાલિકા કે બીજા સ્થાનિક વિસ્તારોના હેતુઓ માટે કાયદેસર રીતે નાખવામાં આવતા હતા તે કર, ડ્યૂટી, ઉપકર કે ફી, સંઘ યાદીમાં તે જણાવેલા હોય તે છતાં, કાયદાથી સંસદ, એથી વિરૂદ્ધની જોગવાઈ ન કરે ત્યાં સુધી, તે નાખવાનું અને એ જ હેતુઓ માટે તેમને ઉપયોગમાં લેવાનું ચાલુ રાખી શકાશે.

### અનુચ્છેદ : ૨૭૮ પહેલી અનુસૂચિના ભાગ-ખ માંના રાજ્યો સાથે અમૂક નાણાકીય બાબતો સંબંધી કરાર

સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૯ અને અનુસૂચિથી રદ કર્યો છે.

### અનુચ્છેદ : ૨૭૯ "ચોખ્ખી આવક" ની ગણતરી, વગેરે

(૧) આ પ્રકરણની પૂર્વવર્તી જોગવાઈઓમાં "ચોખ્ખી આવક" એટલે કોઈ કર કે ડ્યૂટીના સંબંધમાં તે વસૂલ કરવાનુ ખર્ચ બાદ કર્યા પછી બાકી રહેતી તેની આવક, અને તે જોગવાઈઓના હેતુઓ માટે કોઈ વિસ્તારની અથવા તેમાંથી મળેલી કોઈ કર કે ડ્યૂટી અથવા તેના કોઈ ભાગની

Astha Academy Mo.8980961441

ચોખ્ખી ઊપજ ભારતના નિયંત્રણ-મહાલેખા પરીક્ષકે નક્કી કરીને પ્રમાણિત કરવી જોઈશે અને તે માટે તેમનું પ્રમાણપત્ર આખરી ગણાશે.

(૨) ઉપર જણાવ્યા મુજબ અને આ પ્રકારની બીજી સ્પષ્ટ જોગવાઈઓને અધીન રહીને, આ ભાગ હેઠળ કોઈ ડ્યૂટી અથવા કર કોઈ રાજ્યને સોંપી દીધા હોય અથવા સોંપવામાં આવે ત્યારે ઉપજની ગણતરી કેવી રીતે કરવી તે માટે અને કયા સમયથી અથવા કયે સમયે અને કઈ રીતે ચૂકવણી કરવી તે માટે, અને બે નાણાકીય વર્ષ માટે હિસાબમેળ બેસાડવા માટે, અને બીજી કોઈ આનુષંગિક અથવા સહાયક બાબતો માટે, સંસદે કરેલા કાયદાથી અથવા રાષ્ટ્રપતિના હુકમથી જોગવાઈ કરી શકાશે.

### અનુચ્છેદ : ૨૮૦ નાણા આયોગ

(૧) આ સંવિધાનના આરંભથી બે વર્ષની અંદર અને ત્યાર પછી દરેક પાંચમું વર્ષ પુરું થયે અથવા તે પહેલાં પોતાને જરૂરી જણાય, ત્યારે રાષ્ટ્રપતિ હુકમ કરીને, એક નાણા આયોગ રચશે, જે તેમણે નીમેલા અધ્યક્ષ અને બીજા ચાર સભ્યોનું બનશે.

(૨) આ આયોગના સભ્યો તરીકે નીમાવા માટેની આવશ્યક લાયકાતો અને તેમને પસંદ કરવાની રીત કાયદાથી સંસદ ઠરાવી શકાશે.

(૩) નીચેની બાબતો સંબંધી રાષ્ટ્રપતિને ભલામણો કરવાની આયોગની ફરજ રહેશે :-

(ક) આ પ્રકરણ હેઠળ સંઘ અને રાજ્યો વચ્ચે વિભાજિત કરવાના અથવા કરી શકાય તેવા કરની ચોખ્ખી આવકની તેમની વચ્ચે વહેંચણી કરવા બાબત અને રાજ્યો વચ્ચે એવી આવકના તેમના દરેકના હિસ્સાની ફાળવણી કરવા બાબત;

(ખ) ભારતના એકત્રિત ફંડમાંથી રાજ્યોને સહાયક અનુદાન આપવામાં કયા સિદ્ધાંતો પાળવા જોઈએ તે બાબત;

(ખખ) રાજ્ય નાણા આયોગે કરેલી ભલામણોના આધારે, રાજ્યમાંની પંચાયતોના સાધનોની પૂર્તિ કરવા રાજ્યના એકત્રિત ફંડમાં વૃદ્ધિ કરવા માટેનાં જરૂરી પગલાં બાબત;

(ગ) રાજ્યના નાણા આયોગે કરેલી ભલામણોના આધારે, રાજ્યમાંની નગરપાલિકાઓની સાધનોની પુરતી કરવા રાજ્યના એકત્રિત ફંડમાં વૃદ્ધિ કરવા માટેના જરૂરી પગલા બાબત;

(ઘ) સંગીન નાણાકીય વ્યવસ્થાના હિતમાં રાષ્ટ્રપતિએ આયોગને વિચારણા માટે મોકલેલી બીજી કોઈ બાબત.

(૪) આયોગ પોતે પોતાની કાર્યરીતિ નક્કી કરશે અને પોતાનાં કાર્યો બજાવવા માટે કાયદાથી સંસદ આપે એવી તેને સત્તા રહેશે.

### અનુચ્છેદ : ૨૮૧ નાણા આયોગની ભલામણો

રાષ્ટ્રપતિ આ સંવિધાનની જોગવાઈઓ હેઠળ નાણા આયોગને કરેલી દરેક ભલામણ તેના ઉપર લીધેલા પગલા વિષેની સમજૂતી-યાદી સાથે સંસદના દરેક ગૃહ સમક્ષ મુકાવશે.

## પ્રકીર્ણ નાણાકીય જોગવાઈઓ

### અનુચ્છેદ : ૨૮૨ સંઘ અથવા રાજ્ય પોતાની આવકમાંથી કરી શકે તેવુ ખર્ચ

જેને અંગે, યથાપ્રસંગ, સંસદ અથવા રાજ્યનું વિધાનમંડળ કાયદા કરી શકે એવો જાહેર હેતુ ન હોય તે છતાં, તેવા હેતુ માટે સંઘ અથવા રાજ્ય અનુદાન આપી શકશે.

### અનુચ્છેદ : ૨૮૩ એકત્રિત ફંડ, આકસ્મિક ફંડ અને જાહેર હિસાબમાં જમા થયેલાં નાણાંનો હવાલો વગેરે બાબત

(૧) ભારતના એકત્રિત ફંડના અને ભારતના આકસ્મિક ફંડના હવાલાનું, તે ફંડોમાં નાણાંના ભરણાનું, તેમાંથી નાણાં ઉપાડવાનું, ભારત સરકારને કે તેના વતી પ્રાપ્ત થયેલાં તે ફંડોમાં જમા થયાં સિવાયનાં જાહેર નાણાંના હવાલાનું, ભારતના જાહેર હિસાબમાં તેના ભરણાનું અને તે હિસાબમાંથી નાણાંના ઉપાડનું અને ઉપર જણાવેલી બાબતો સાથે સંબંધ ધરાવતી કે તેને સહાયક બીજી તમામ બાબતોનું નિયમન સંસદે કરેલા કાયદાથી કરવામાં આવશે અને તે અર્થે એ રીતે જોગવાઈ ન થાય ત્યાં સુધી, રાષ્ટ્રપતિએ કરેલા નિયમોથી તેનુ નિયમન કરવામાં આવશે.

(૨) રાજ્યના એકત્રિત ફંડના અને રાજ્યના આકસ્મિક ફંડના હવાલાનું, તે ફંડોમાં નાણાંના ભરણાનું, તેમાંથી નાણા ઉપાડવાનું, રાજ્ય સરકારને કે તેના વતી પ્રાપ્ત થયેલા તે ફંડોમાં જમા થયા સિવાયનાં જાહેર નાણાંનાં હવાલાનું, રાજ્યના જાહેર હિસાબમાં તેના ભરણાનું અને તે હિસાબમાંથી નાણાંના ઉપાડનું અને ઉપર જણાવેલી બાબતો સાથે સંબંધ ધરાવતી કે તેને સહાયક બીજી તમામ બાબતોનું નિયમન રાજ્યના વિધાનમંડળે કરેલા કાયદાથી કરવામાં આવશે અને તે અર્થે એ રીતે જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી તે રાજ્યના રાજ્યપાલે કરેલા નિયમોથી તેનુ નિયમન કરવામાં આવશે.

Astha Academy Mo.8980961441

### અનુચ્છેદ : ૨૮૪ સરકારી નોકરોને અને ન્યાયાલયોને મળેલી દાવાદારોની અનામતો અને બીજા નાણાંનો હવાલો

(ક) યથાપ્રસંગ, ભારત સરકારે અથવા રાજ્ય સરકારે ઊભી કરેલી કે તેને પ્રાપ્ત થયેલી આવક કે બીજા જાહેર નાણાં સિવાયના, સંઘના અથવા રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી નોકરી કરતા કોઈ અધિકારીને તેની એવી હેસિયતથી મળેલાં કે તેની પાસે અનામત મૂકાયેલાં તમામ નાણાં, અથવા

(ખ) ભારતના રાજ્યક્ષેત્રમાંના કોઈ ન્યાયાલયને કોઈ દાવા, કામ, હિસાબ અથવા વ્યક્તિઓને ખાતે જમા થવા મળેલાં કે તેની પાસે અનામત મૂકાયેલાં તમામ નાણાં,

-યથાપ્રસંગ, ભારતના જાહેર હિસાબમાં અથવા રાજ્યના જાહેર હિસાબમાં જમા કરાવવા જોઈશે.

### અનુચ્છેદ : ૨૮૫ સંઘની મિલકતને રાજ્યના કરમાંથી મુક્તિ

(૧) સંસદ કાયદાથી અન્યથા જોગવાઈ કરે તે સિવાય, રાજ્યે અથવા રાજ્યની અંદરના કોઈ સત્તાધિકારીએ નાખેલા તમામ કરમાંથી સંઘની મિલકત મુક્ત રહેશે.

(૨) કોઈ રાજ્યમાં આ સંવિધાનના આરંભની તરત પહેલાં, સંઘની મિલકત કોઈ કરને પાત્ર હોય કે ગણાતી હોય તે કર તે રાજ્યમાં લેવાનું ચાલુ રહે ત્યાં સુધી, તેના ઉપર તે કર લેતાં તે રાજ્યની અંદરના કોઈ સત્તાધિકારીને સંસદ કાયદાથી અન્યથા જોગવાઈ ન કરે ત્યાં સુધી, ખંડ (૧) માંના કોઈ પણ મજકૂરથી બાધ આવશે નહી.

### અનુચ્છેદ : ૨૮૬ માલનું વેચાણ અથવા ખરીદી ઉપર કર નાખવા અંગે નિયંત્રણો

(૧) માલનું વેચાણ અથવા ખરીદી-

(ક) કોઈ રાજ્યની બહાર થાય; અથવા

(ખ) ભારતના રાજ્યક્ષેત્રની અંદર તેની અટકાયત કે તેની બહાર નિકાસ દરમિયાન થાય, ત્યારે વેચાણ કે ખરીદી ઉપર તે રાજ્યના કોઈ પણ કાયદાથી કર નાખી શકાશે નહી અથવા નાખવાનું અધિકૃત કરી શકાશે નહી.

(૨) ખંડ (૧) માં જણાવેલી રીતે માલનું વેચાણ કે ખરીદી ક્યારે થઈ ગણાય તે નક્કી કરવાના સિદ્ધાંતો કાયદાથી સંસદ ઠરાવી શકશે.

(૩) રાજ્યનો કોઈ કાયદો, જેટલે અંશે તે કાયદો-

(ક) આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યમાં જે માલ ખાસ અગત્યનો હોવાનું કાયદાથી સંસદે જાહેર કર્યુ હોય તેના વેચાણ અથવા ખરીદી ઉપરનો કર, અથવા

(ખ) માલના વેચાણ અથવા ખરીદી ઉપર અનુચ્છેદ ૩૬૬ ના ખંડ (૨૯-ક) ના પેટા-ખંડ (ખ), પેટા-ખંડ (ગ) અથવા પેટા-ખંડ (ઘ) ઉલ્લેખેલા પ્રકારનો કર હોય તેવો કર, નાખતો કે નાખવાનું અધિકૃત કરતો હોય તેટલે અંશે, સંસદ, કાયદાથી કર નાખવાની પદ્ધતિ, તેના દર અને અન્ય આનુષંગિક બાબતો સંબંધમાં નિર્દિષ્ટ કરે એવી મર્યાદાઓ અને શરતોને અધીન રહેશે.

### અનુચ્છેદ : ૨૮૭ વીજળી ઉપરના કરમાંથી મુક્તિ

સંસદ કાયદાથી અન્યથા જોગવાઈ ન કરે ત્યાં સુધી, સરકારે કે અન્ય વ્યક્તિઓએ, ઉત્પન્ન કરેલી વીજળીની વપરાશ કે વેચાણ ઉપર કોઈ રાજ્યના કાયદાથી કોઈ કર નાખી શકાશે નહી કે નાખવાનું અધિકૃત કરી શકાશે નહી, જો તે વીજળી-

(ક) ભારત સરકાર વાપરતી હોય અથવા ભારત સરકારને તે સરકારે વપરાશ માટે વેચી હોય; અથવા

(ખ) ભારત સરકારે કે રેલવે સંચાલન કરનાર કોઈ રેલવે કંપનીએ, તે રેલવેના બાંધકામ, નિભાવ કે સંચાલન માટે વાપરી હોય અથવા તે સરકારને કે એવી કોઈ રેલવે કંપનીને કોઈ રેલવેના બાંધકામ, નિભાવ કે સંચાલન માટે વેચી હોય,

અને વીજળીના વેચાણ ઉપર કર નાખતા કે નાખવાનું અધિકૃત કરતા હોય એવા કોઈ કાયદાથી એવી ખાતરી કરવી કે તેની વપરાશ માટે ભારત સરકારને કે કોઈ રેલવેના બાંધકામ, નિભાવ કે સંચાલન માટે ઉપર જણાવેલી કોઈ રેલવે કંપનીને વેચેલી વીજળીની કિંમત, વીજળીનો સારો એવો જથ્થો વાપરનારાઓ પાસેથી લીધેલી કિંમત કરતાં તે કરની રકમ જેટલી ઓછી હોય તો.

### અનુચ્છેદ : ૨૮૮ અમૂક દાખલાઓમાં પાણી કે વીજળી અંગે રાજ્યોએ નીખેલા કરમાંથી મુક્તિ

(૧) રાષ્ટ્રપતિ હુકમ કરીને અન્યથા જોગવાઈ કરે તે સિવાય, આ સંવિધાનના આરંભની તરત પહેલાં અમલમાં હોય તેવા રાજ્યના કોઈ પણ કાયદાથી આંતરરાજ્ય નદી કે નદીખીણનું નિયમન કે વિકાસ કરવા માટે કોઈ વિદ્યમાન કાયદાથી અથવા સંસદે કરેલા કોઈ કાયદાથી સ્થપાયેલા કોઈ સત્તામંડળે સંગ્રહેલા, ઉત્પન્ન કરેલા, વપરાશમાં લીધેલા, વહેંચણી કરેલા અથવા વેચેલા પાણી કે વીજળી અંગે કર નાખી શકાશે નહી કે તે નાખવાનું અધિકૃત કરી શકાશે નહી.

**સ્પષ્ટીકરણ :-** આ ખંડમાં "અમલમાં હોય એવો રાજ્યનો કાયદો" એ શબ્દપ્રયોગમાં, આ સંવિધાનના આરંભ પહેલા પસાર થયેલા કે કરેલા અને રદ ન કરેલા, રાજ્યના કોઈ કાયદાનો સમાવેશ થશે; પછી ભલે તે કાયદો અથવા

તેના ભાગો તે સમયે બિલકુલ અથવા અમૂક ખાસ વિસ્તારોમાં અમલમાં ન હોય.

(૨) રાજ્યનું વિધાનમંડળ ખંડ (૧) માં જણાવેલા કોઈ કર, કાયદાથી નાખી શકશે અથવા નાંખવાનું અધિકૃત કરી શકશે, પણ તેને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવામાં આવ્યા પછી, તેને તેમની અનુમતિ મળી ન હોય તો, તે કાયદાની કોઈ અસર થશે નહી અને કોઈ સત્તાધિકારીએ તે કાયદા હેઠળ કરવાના નિયમો અથવા હુકમોથી એવા કરના દર અને બીજી આનુષાંગિક બાબતો નક્કી કરવા માટે એવા કોઈ કાયદાની જોગવાઈ કરવામાં આવે, તો તેવો કોઈ નિયમ કે હુકમ કરવા માટે રાષ્ટ્રપતિની પૂર્વસંમતિ મેળવવી જોઈશે એવી જોગવાઈ તે કાયદાથી કરવી જોઈશે.

### અનુચ્છેદ : ૨૮૯ સંઘના કરવેરામાંથી રાજ્યની મિલકત અને આવકને મુક્તિ

(૧) રાજ્યની મિલકત અને આવક સંઘના કરવેરામાંથી મુક્ત રહેશે.

(૨) રાજ્ય સરકાર કરતી હોય કે તેના વતી કરવામાં આવતા હોય એવા કોઈ પણ જાતના વેપાર કે ધંધા અથવા તેની સાથે સંબંધિત ક્રિયાઓ અંગે અથવા એવા વેપાર કે ધંધાના હેતુ માટે ઉપયોગમાં લીધેલી કે ભોગવટામાં રાખેલી કોઈ મિલકત અંગે અથવા તેના સંબંધમાં પ્રાપ્ત થતી કે ઊભી થતી કોઈ આવક અંગે કાયદાથી સંસદ જોગવાઈ કરે તેટલે અંશે કોઈ કર નાખવામાં કે તે નાખવાનું અધિકૃત કરવામાં ખંડ (૧) માંના કોઈ પણ મજકૂરથી સંઘને બાધ આવશે નહી.

(૩) જેને સરકારના સામાન્ય કાર્યોને આનુષંગિક હોવાનું કાયદાથી સંસદ જાહેર કરે તેવા કોઈ વેપાર કે ધંધા અથવા વેપાર કે ધંધાના કોઈ વર્ગને ખંડ (૨) માંનો કોઈ પણ મજકૂર લાગુ પડશે નહી.

### અનુચ્છેદ : ૨૯૦ અમૂક ખર્ચ અને પેન્શનો અંગે હિસાબમેળ બાબત

આ સંવિધાનની જોગવાઈઓ હેઠળ કોઈ ન્યાયાલય કે કમિશનનું ખર્ચ અથવા આ સંવિધાનના આરંભ પહેલાં કોઈ વ્યક્તિએ ભારતમાં તાજ હેઠળ અથવા તેના આરંભ પછી સંઘના કે કોઈ રાજ્યના કામકાજ અંગે નોકરી કરી હોય તેને અથવા તેના અંગે આપવાનુ પેન્શન ભારતના એકત્રિત ફંડ કે રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધાર્યુ હોય ત્યારે -

(ક) ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધાર્યુ હોય તેવી બાબતમાં, તે ન્યાયાલય અથવા કમિશન કોઈ રાજ્યની કોઈ અલાયદી જરૂરિયાત પૂરી પાડતું હોય, અથવા તે વ્યક્તિએ કોઈ રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી નોકરી સંપૂર્ણ સમય માટે અથવા અંશત: સમય માટે કરી હોય; અથવા

(ખ) રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધાર્યું હોય તેવી બાબતમાં, તે ન્યાયાલય અથવા કમિશન, સંઘ અથવા બીજા કોઈ રાજ્યની કોઈ પણ અલાયદી જરૂરિયાત પૂરી પાડતું હોય અથવા તે, વ્યક્તિએ સંઘના કે બીજા કોઈ રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી નોકરી સંપૂર્ણ સમય માટે અથવા અંશત: સમય માટે કરી હોય,

- તો તે ખર્ચ કે પેન્શન અંગે સહમત થયા મુજબનો અથવા સહમતી ન થાય તો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ નીમેલા લવાદ નક્કી કરે તેટલો ફાળો, યથાપ્રસંગ, તે રાજ્યના એકત્રિત ફંડ ખાતે અથવા ભારતના એકત્રિત ફંડ ખાતે અથવા તો બીજા રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવશે અને તેમાંથી આપવામાં આવશે.

### અનુચ્છેદ : ૨૯૦-ક અમૂક દેવસ્વમ ફંડને વાર્ષિક ચૂકવણી

દર વર્ષે કેરળ રાજ્યના એકત્રિત ફંડ ખાતે છેતાલીસ લાખ અને પચાસ હજાર રૂપિયાની રકમ ઉધારવામાં આવશે અને તે રકમ તે ફંડમાંથી ત્રાવણકોર દેવસ્વમ ફંડને આપવામાં આવશે અને દર વર્ષે તમિલનાડુ રાજ્યના એકત્રિત ફંડ ખાતે તેર લાખ અને પચાસ હજાર રૂપિયાની રકમ ઉધારવામાં આવશે અને તેમાંથી તે રકમ ત્રાવણકોર કોચીન રાજ્યમાંથી સન ૧૯૫૬ના નવેમ્બર મહિનાની ૧ લી તારીખે તે રાજ્યને ફેરબદલ કરેલા રાજ્યક્ષેત્રમાંના હિન્દુ મંદિરો અને દેવાલયોના નિભાવ માટે તે રાજ્યમાં સ્થપાયેલા દેવસ્વમ ફંડને આપવામાં આવશે.

### અનુચ્છેદ – ૨૯૧ : રાજવીઓના સાલિયાણાની રકમ

સંવિધાન (છવ્વીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૧ની કલમ ૨ થી રદ કર્યો છે.

# પ્રકરણ – ૨

# કરજે લેવા બાબત

### અનુચ્છેદ : ૨૯૨ ભારત સરકારે કરજે લેવા બાબત

સંઘની કારોબારી સત્તા સંસદ વખતોવખત કાયદાથી નક્કી કરે તે મર્યાદાઓમાં રહીને, ભારતના એકત્રિત ફંડની જામીનગીરી ઉપર કરજે લેવા સુધી અને તે નક્કી થાય તે મર્યાદાઓમાં રહીને, બાયંધરી આપવા સુધી વિસ્તરે છે.

Astha Academy Mo.8980961441

**અનુચ્છેદ : ૨૯૩ રાજ્યે કરજે લેવા બાબત**

(૧) આ અનુચ્છેદની જોગવાઈઓને અધીન રહીને, રાજ્યની કારોબારી સત્તા કોઈ રાજ્યનું વિધાનમંડળ વખતોવખત કાયદાથી નક્કી કરે તે મર્યાદામાં રહીને, ભારતના રાજ્યક્ષેત્રની અંદર રાજ્યના એકત્રિત ફંડની જામીનગીરી ઉપર કરજે લેવા સુધી અને તે રીતે નક્કી થાય તે મર્યાદામાં રહીને, બાંયધરી આપવા સુધી વિસ્તરે છે.

(૨) સંસદે કરેલા કોઈ કાયદાથી કે તે હેઠળ વખતોવખત રાખવામાં આવે તેવી શરતોને અધીન રહીને, ભારત સરકાર કોઈ રાજ્યને લોન આપી શકશે અથવા અનુચ્છેદ ૨૯૨ હેઠળ મુકરર કરેલી કોઈ મર્યાદામાં રહીને, કોઈ રાજ્યે ઊભી કરેલી લોન અંગે બાંયધરી આપી શકશે અને તેવી લોન આપવાના હેતુ માટે આવશ્યક રકમને ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવશે.

(૩) ભારત સરકારે અથવા તેની પુરોગામી સરકારે કોઈ રાજ્યને લોન આપેલી હોય અથવા જેના અંગે ભારત સરકારે અથવા તેની પુરોગામી સરકારે બાંયધરી આપેલી હોય તે લોનનો કોઈ ભાગ ભરપાઈ થયા વિના બાકી હોય, તો ભારત સરકારની સંમતિ સિવાય તે રાજ્ય કોઈ લોન ઊભી કરી શકશે નહી.

(૪) ભારત સરકારને મૂકવી યોગ્ય લાગે તેવી કોઈ શરતોએ ખંડ (૩) હેઠળ સંમતિ આપી શકાશે.

## પ્રકરણ – ૩

## મિલકત, કરારો, હક, જવાબદારીઓ, ફરજો અને દાવા

**અનુચ્છેદ : ૨૯૪ અમુક સંજોગોમાં મિલકત, અસ્કયામતો, હક, જવાબદારીઓ અને ફરજોનો ઉત્તરાધિકાર**

આ સંવિધાનના આરંભ પહેલાં પાકિસ્તાન ડુમિનિયનના અથવા પશ્ચિમ બંગાળ, પૂર્વ બંગાળ, પશ્ચિમ પંજાબ અને પૂર્વ પંજાબના પ્રાંતોની રચનાને કારણે કરેલી અથવા કરવાની કોઈ ગોઠવણને અધીન રહીને, આ સંવિધાનના આરંભથી–

(ક) તે આરંભની તરત પહેલાં હિન્દ ડુમિનિયનની સરકારના હેતુઓ માટે હિઝ મેજેસ્ટીમાં નિહિત થયેલી તમામ મિલકત અને અસ્કયામતો અને તે આરંભની તરત પહેલાં દરેક ગવર્નરના પ્રાંતની સરકારના હેતુઓ માટે હિઝ મેજેસ્ટીમાં નિહિત થયેલી તમામ મિલકત અને અસ્કયામતો, અનુક્રમે સંઘમાં અને તત્સમાન રાજ્યમાં નિહિત થશે; અને

(ખ) હિન્દ ડુમિનિયનની સરકારના અને દરેક ગવર્નરના પ્રાંતની સરકારના કોઈ કરારથી કે બીજી રીતે ઉભા થતા હોય તેવા તમામ હકો, જવાબદારીઓ અને ફરજો અનુક્રમે ભારત સરકારના અને તત્સમાન દરેક રાજ્યની સરકારના હકો, જવાબદારીઓ અને ફરજો ગણાશે.

**અનુચ્છેદ : ૨૯૫ બીજા સંજોગોમાં મિલકત, અસ્કયામતો, હક, જવાબદારીઓ અને ફરજોનો ઉત્તરાધિકાર**

(૧) ભારત સરકારે કોઈ રાજ્યની સરકાર સાથે તે અર્થે કરેલા કોઈ કબૂલાતનામાને અધીન રહીને, આ સંવિધાનના આરંભથી–

(ક) તે આરંભની તરત પહેલાં, પહેલી અનુસૂચિના ભાગ-ખ માં નિર્દિષ્ટ કરેલા રાજ્યના તત્સમાન કોઈ દેશી રાજ્યમાં નિહિત થયેલી હોય તે તમામ મિલકત અને અસ્કયામતો, જો એવી મિલકત અને અસ્કયામતો એ આરંભની તરત પહેલાં જે હેતુઓ માટે ધરાવી હોય તે હેતુઓ ત્યાર પછીથી સંઘ યાદીમાં ગણાવેલી કોઈ પણ બાબત સંબંધમાં સંઘના હેતુઓ બને તો, સંઘમાં નિહિત થશે, અને

(ખ) પહેલી અનુસૂચિના ભાગ-ખ માં નિર્દિષ્ટ કરેલા તે રાજ્યના તત્સમાન કોઈ દેશી રાજ્યની સરકારના કોઈ કરારથી કે બીજી રીતે ઊભા થતા હોય તેવા તમામ હકો, જવાબદારીઓ અને ફરજો, તે આરંભની તરત પહેલાં જે હેતુઓ માટે એવા હકો પ્રાપ્ત કરવામાં આવ્યા હોય અથવા જેના માટે જવાબદારીઓ કે ફરજો સ્વીકારવામાં આવી હોય તે હેતુઓ ત્યાર પછી, સંઘ યાદીમાં ગણાવેલી કોઈ પણ બાબત સંબંધમાં સંઘના હેતુઓ બને, તો તે ભારત સરકારના હકો, જવાબદારીઓ અને ફરજો ગણાશે.

(૨) ઉપર જણાવ્યુ છે તેને અધીન રહીને, ખંડ (૧) માં ઉલ્લેખેલી હોય તે સિવાયની તમામ મિલકત અને અસ્કયામતો અને કોઈ કરારથી કે બીજી રીતે થતા તમામ હકો, જવાબદારીઓ અને ફરજો સંબંધમાં પહેલી અનુસૂચિના ભાગ-ખ માં નિર્દિષ્ટ કરેલા દરેક રાજ્યની સરકાર, આ સંવિધાનના આરંભથી તત્સમાન દેશી રાજ્યની સરકારની ઉત્તરાધિકારી થશે.

**અનુચ્છેદ : ૨૯૬ ખાલસા થવાથી કે હકનો વિલય થવાથી કે નધણિયાતી તરીકે પ્રાપ્ત થતી મિલકત**

આમાં હવે પછી કરેલી જોગવાઈઓને અધીન રહીને, ભારતના રાજ્યક્ષેત્રમાંની કોઈ મિલકત, આ સંવિધાન અમલમાં આવ્યુ ન હોત તો, ખાલસા થવાથી, તેના હકનો વિલય થવાથી અથવા હકદાર માલિકને અભાવે નધણિયાતી તરીકે, યથાપ્રસંગ, હિઝ મેજેસ્ટીને અથવા કોઈ દેશી

Astha Academy Mo.8980961441

રાજ્યના રાજવીને પ્રાપ્ત થઈ હોત, તે મિલકત જે રાજ્યમાં આવેલી હોય તે રાજ્યમાં અને બીજા કોઈ દાખલામાં સંઘમાં નિહિત થશે.

પરંતુ કોઈ મિલકત હિઝ મેજેસ્ટીને અથવા કોઈ દેશી રાજ્યના રાજવીને એ રીતે પ્રાપ્ત થઈ હોત, તો તે તારીખે ભારત સરકાર અથવા કોઈ રાજ્યની સરકારના કબજામાં કે નિયંત્રણ હેઠળ હોય તો, તે મિલકત તે વખતે જે હેતુઓ માટે વપરાતી કે ધરાવતી હતી તે હેતુઓ સંઘ કે રાજ્યના હેતુઓ હોય તે પ્રમાણે સંઘમાં અથવા તે રાજ્યમાં નિહિત થશે.

**સ્પષ્ટીકરણ :-** આ અનુચ્છેદમાં "રાજવી" અને "દેશી રાજ્ય" એ શબ્દપ્રયોગોનો અર્થ, અનુચ્છેદ ૩૬૩ માં તેનો જે અર્થ છે તે જ થશે.

### અનુચ્છેદ : ૨૯૭ પ્રાદેશિક જળવિસ્તારની અથવા ખંડીય છાજલીની અંદર રહેલી કિંમતી વસ્તુઓ અને સુવાંગ આર્થિક ઝોનમાંની સંપત્તિ, સંઘમાં નિહિત થવા બાબત

(૧) ભારતના પ્રાદેશિક જળવિસ્તાર અથવા ખંડીય છાજલીમાંના અથવા સુવાંગ આર્થિક ઝોનની અંદરના મહાસાગરની નીચેની તમામ જમીન, ખનિજો અને બીજી કિંમતી વસ્તુઓ સંઘમાં નિહિત થશે અને સંઘના હેતુઓ માટે રાખવામાં આવશે.

(૨) ભારતના સુવાંગ આર્થિક ઝોનની બીજી તમામ સંપત્તિ પણ, સંઘમાં નિહિત થશે અને સંઘના હેતુઓ માટે રાખવામાં આવશે.

(૩) ભારતમાં પ્રાદેશિક જળવિસ્તારની, ખંડીય છાજલીની, સુવાંગ આર્થિક ઝોનની અને બીજા દરિયાઈ ઝોનની હદ, સંસદ કોઈ કાયદા દ્વારા અથવા તે હેઠળ વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી રહેશે.

### અનુચ્છેદ : ૨૯૮ વેપાર, વગેરે કરવાની સત્તા

સંઘની અને દરેક રાજ્યની કારોબારી સત્તા કોઈ પણ વેપાર અથવા ધંધો કરવા અને મિલકત સંપાદિત કરવા, તે ધરાવવા અને તેનો નિકાલ કરવા સુધી અને કોઈ પણ હેતુ માટે કરારો કરવા સુધી વિસ્તરશે. પરંતુ

(ક) સંઘની સદરહુ કારોબારી સત્તા, દરેક રાજ્યમાં, જેટલે અંશે એવો વેપાર કે ધંધો અથવા એવો હેતુ, જેને અંગે સંસદ કાયદો કરી શકે એવો ન હોય તેટલે અંશે, તે રાજ્ય કરે તે કાયદાને અધીન રહેશે; અને

(ખ) દરેક રાજ્યની સદરહુ કારોબારી સત્તા, જેટલે અંશે એવો વેપાર કે ધંધો અથવા એવા હેતુ જેને અંગે રાજ્ય વિધાનમંડળ કાયદો કરી શકે એવો ન હોય તેટલે અંશે, તે સંસદ કરે તે કાયદાને અધીન રહેશે.

### અનુચ્છેદ : ૨૯૯ કરારો

(૧) સંઘ કે કોઈ રાજ્યની કારોબારી સત્તા વાપરતાં કરેલા તમામ કરારો, યથાપ્રસંગ, રાષ્ટ્રપતિએ અથવા તે રાજ્યના રાજ્યપાલે કરેલા છે એમ કહેવાશે અને તે સત્તા વાપરતા કરેલા એવા તમામ કરારો અને મિલકતના હસ્તાંતરપત્રો ઉપર રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ વતી તેઓ ફરમાવે કે અધિકૃત કરે તે વ્યક્તિએ અને તે રીતે સહી-સિક્કા કરી આપવા જોઈશે.

(૨) આ સંવિધાનના હેતુઓ માટે અથવા આ પહેલાં અમલમાં હોય એવા ભારત સરકાર સંબંધી કોઈ અધિનિયમના હેતુઓ માટે કરેલા કોઈ કરાર કે હસ્તાંતરપત્ર અંગે રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ અંગત રીતે જવાબદાર ગણાશે નહી, તેમજ તેઓ પૈકી કોઈના વતી એવો કરાર કે હસ્તાંતરપત્ર કરનાર કે તેના ઉપર સહી-સિક્કા કરનાર કોઈ વ્યક્તિ તે અંગે અંગત રીતે જવાબદાર ગણાશે નહી.

### અનુચ્છેદ : ૩૦૦ દાવા અને કાર્યવાહી

(૧) ભારત સરકાર ભારત સંઘના નામથી દાવો માંડી શકશે અથવા તે નામે તેની સામે દાવો માંડી શકાશે, અને કોઈ રાજ્યની સરકાર તે રાજ્યના નામથી દાવો માંડી શકશે અથવા તે નામે તેની સામે દાવો માંડી શકાશે, અને આ સંવિધાનથી અપાયેલી સત્તાની રૂએ કરેલા સંસદના અથવા તે રાજ્યના વિધાનમંડળના અધિનિયમથી કરવામાં આવે તેવી જોગવાઈઓને અધીન રહીને, આ સંવિધાન કરવામાં આવ્યું ન હોત અને હિન્દ ડુમિનિયમ અને તત્સમાન પ્રાંતો અથવા તત્સમાન દેશી રાજ્યો જે દાખલાઓમાં દાવો માંડી શક્યા હોત અથવા તેમની સામે દાવો માંડી શકાયો હોત તેવા દાખલાઓમાં તેઓ પોતે પોતાના કામકાજના સંબંધમાં દાવો માંડી શકશે અને તેમની સામે દાવો માંડી શકશે.

(૨) આ સંવિધાનના આરંભે-

(ક) હિન્દ ડુમિનિયન જેમાં પક્ષકાર હોય એવી કોઈ કાનૂની કાર્યવાહી નિકાલ બાકી રહી હોય તો, તે કાર્યવાહીમાં ડુમિનિયનને બદલે ભારત સંઘ પક્ષકાર તરીકે ગણાશે; અને

(ખ) કોઈ પ્રાંત કે દેશી રાજ્ય જેમાં પક્ષકાર હોય એવી કાનૂની કાર્યવાહી નિકાલ-બાકી રહી હોય તો તે કાર્યવાહીમાં તે પ્રાંત અથવા દેશી રાજ્યને બદલે તત્સમાન રાજ્ય પક્ષકાર તરીકે ગણાશે.

## પ્રકરણ–૪
## મિલકત હક

Astha Academy Mo.8980961441

**અનુચ્છેદ : 300-ક કાયદાથી આપેલા અધિકાર સિવાય વ્યક્તિઓની મિલકત ન છીનવી લેવા બાબત**

કાયદાથી આપેલા અધિકાર સિવાય, કોઈ વ્યક્તિની મિલકત છીનવી લઈ શકાશે નહી.

## ભાગ : ૧૩

## ભારતના રાજ્યક્ષેત્રની અંદર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર

**અનુચ્છેદ : 301 વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનું સ્વાતંત્ર્ય**

આ ભાગની બીજી જોગવાઈઓને અધીન રહીને ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં, વેપાર, વાણિજ્ય અને આંતર-વ્યવહારની છૂટ રહેશે.

**અનુચ્છેદ : 302 વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો મૂકવાની સંસદની સત્તા**

એક રાજ્ય અને બીજા રાજ્યની વચ્ચેના અથવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈ ભાગની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતર-વ્યવહારની છૂટ ઉપર જાહેર હિતમાં આવશ્યક જણાય તેવાં નિયંત્રણો સંસદ કાયદાથી મૂકી શકશે.

**અનુચ્છેદ : 303 વેપાર અને વાણિજ્ય સંબંધમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની ધારાકીય સત્તાઓ પર નિયંત્રણો**

(૧) અનુચ્છેદ 302 માં ગમે તે મજકૂર હોય તે છતાં, સાતમી અનુસૂચિની યાદીઓ પૈકી કોઈ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધી કોઈ પણ નોંધની રૂએ, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પસંદગી આપતો કે આપવાનુ અધિકૃત કરતો અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો કે કરવાનુ અધિકૃત કરતો કાયદો કરવાની સંસદને અથવા રાજ્યના વિધાનમંડળને સત્તા રહેશે નહી.

(૨) પસંદગી આપતા કે આપવાનુ અધિકૃત કરતા અથવા કોઈ ભેદભાવ કરતા કે કરવાનુ અધિકૃત કરતા કોઈ કાયદાથી એવુ જાહેર કરવામાં આવ્યું હોય કે ભારતના રાજ્યક્ષેત્રના કોઈ ભાગમાં માલની તંગીમાંથી ઊભી થતી પરિસ્થિતિને પહોંચી વળવાના હેતુ માટે તેમ કરવું જરૂરી છે તો સંસદને તેવો કાયદો કરવામાં ખંડ(૧)માંના કોઈ પણ મજકૂરથી બાધ આવશે નહી.

**અનુચ્છેદ : 304 રાજ્યોમાં અંદરોઅંદર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો**

અનુચ્છેદ 301 અથવા 33માં ગમે તે મજકૂર હોય તે છતાં, કાયદાથી કોઈ રાજ્યનું વિધાનમંડળ–

(ક) રાજ્યમાં બનાવેલ કે ઉત્પાદિત કરેલા માલ ઉપર નાખવામાં આવતો કોઈ કર બીજા રાજ્યો અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંથી આયાત કરેલા તેના જેવા માલ ઉપર નાખી શકશે. પણ એ રીતે કે તેથી એવા આયાત કરેલા અને એવા બનાવેલા કે ઉત્પાદિત કરેલા માલ વચ્ચે ભેદભાવ દર્શાવાય નહિ; અને

(ખ) તે રાજ્ય સાથે કે તેની અંદરના વેપાર, વાણિજ્ય કે આંતર-વ્યવહારની છૂટ ઉપર જાહેર હિતમાં આવશ્યક એવાં વાજબી નિયંત્રણો મૂકી શકશે.

પરંતુ ખંડ (ખ)ના હેતુઓ માટેનું કોઈ વિધેયક કે સુધારો રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી સિવાય, રાજ્યના વિધાનમંડળમાં રજૂ કે પ્રસ્તાવિત કરી શકાશે નહી.

**અનુચ્છેદ : 305 :– વિદ્યમાન કાયદાઓ અને રાજ્યના ઈજારાની જોગવાઈ કરનાર કાયદાઓનો અપવાદ**

રાષ્ટ્રપતિ, હુકમ કરીને અન્યથા આદેશ આપે તે સિવાય, કોઈ વિદ્યમાન કાયદાની જોગવાઈઓ ઉપર, અનુચ્છેદ 301 અને 303માંના કોઈ મજકૂરથી અસર થશે નહિ; અને

અનુચ્છેદ ૧૯ ના ખંડ (૬) ના પેટા-ખંડ (૨) માં ઉલ્લેખેલી કોઈ પણ બાબત સંબંધી હોય તેટલે અંશે સંવિધાન (ચોથા સુધારા) અધિનિયમ, ૧૯૫૫ના આરંભ પહેલાં કરેલા કોઈ કાયદાના અમલને અનુચ્છેદ 301માંના મજકૂરથી અસર થશે નહિ અથવા તેવી બાબત સંબંધી કોઈ કાયદો કરવામાં સંસદને અથવા રાજ્યના વિધાનમંડળને તેથી બાધ આવશે નહી.

**અનુચ્છેદ : 306 :– પહેલી અનુસૂચિના ભાગ–ખમાંના અમુક રાજ્યોની વેપાર અને વાણિજ્ય ઉપર નિયંત્રણ મૂકવાનીસત્તા**

સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ ની અનુચ્છેદ ૨૯ અને અનુસૂચિથી રદ કર્યો છે.

**અનુચ્છેદ : 307 અનુચ્છેદ 301 થી 304 ની જોગવાઈઓના અમલીકરણ માટે અધિકારીની નિમણૂક**

Astha Academy Mo. 8980961441

અનુચ્છેદ : ૩૦૧, ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ના હેતુઓ પાર પાડવા માટે, સંસદ પોતાને યોગ્ય લાગે તેવા સત્તાધિકારોને કાયદાથી નીમી શકશે અને એ રીતે નિમાયેલા સત્તાધિકારીને પોતે જરૂરી ગણે તેવી સત્તાઓ અને ફરજો સોંપી શકશે.

# ભાગ ૧૪

# સંઘ અને રાજ્યો હેઠળનીસેવાઓ

## પ્રકરણ–૧

## સેવાઓ

### અનુચ્છેદ : ૩૦૮ :– અર્થઘટન

આ ભાગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો ‘‘રાજ્ય’’ એ શબ્દપ્રયોગમાં જમ્મુ અને કાશ્મીર રાજ્યનો સમાવેશ થતો નથી.

### અનુચ્છેદ : ૩૦૯ સંઘ અથવા રાજ્યમાં નોકરી કરતી વ્યક્તિઓની ભરતી અને સેવાની શરતો

આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, સંઘના અથવા કોઈ રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી જાહેર સેવાઓ અને જગ્યાઓમાં ભરતીનું અને તેના ઉપર નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું નિયમન વિધાનમંડળના અધિનિયમોથી કરી શકાશે.

પરંતુ આ અનુચ્છેદ હેઠળ સમુચિત વિધાનમંડળના અધિનિયમથી કે તે હેઠળ તે અર્થે જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, સંઘના કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓ અને જગાઓની, બાબતમાં રાષ્ટ્રપતિને, અથવા તેઓ આદેશ કરે તે વ્યક્તિને અને રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓ અને જગાઓની બાબતમાં રાજ્યના રાજ્યપાલને અથવા તેઓ આદેશ કરે તે વ્યક્તિને એવી સેવામાં અને જગાઓમાં ભરતીના અને તેના ઉપર નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોના નિયમન માટે નિયમો કરવાની સત્તા રહેશે અને એ રીતે કરેલા નિયમો એવા કોઈ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને અસરકર્તા રહેશે.

### અનુચ્છેદ : ૩૧૦ સંઘ અથવા રાજ્યની નોકરી કરતી વ્યક્તિઓના હોદ્દાની મુદત

(૧) આ સંવિધાનથી સ્પષ્ટપણે જોગવાઈ કરી હોય તે સિવાય, સંઘની સંરક્ષણ સેવાની અથવા મુલ્કી સેવાની અથવા અખિલ ભારતીય સેવાની સભ્ય અથવા સંઘ હેઠળની સંરક્ષણ સાથે સંબંધ ધરાવતી કોઈ જગા અથવા કોઈ મુલકી જગા ઉપર હોય તેવી દરેક વ્યક્તિ રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દા ઉપર રહેશે અને કોઈ રાજ્યની મુલકી સેવાની સભ્ય અથવા કોઈ રાજ્ય હેઠળ મુલકી જગા ઉપરની દરેક વ્યક્તિ રાજ્યના રાજ્યપાલની ઈચ્છા હોય ત્યાં સુધી હોદ્દા ઉપર રહેશે.

(૨) સંઘ કે કોઈ રાજ્ય હેઠળ કોઈ મુલકી જગા ઉપરની વ્યક્તિ, યથાપ્રસંગ રાષ્ટ્રપતિની અથવા તે રાજ્યના રાજ્યપાલની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવતી હોવા છતાં, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલની ખાસ લાયકાતો ધરાવતી વ્યક્તિની સેવા મેળવવાનું જરૂરી ગણે તો કોઈ સંરક્ષણ સેવાની અથવા કોઈ અખિલ ભારતીય સેવાની અથવા સંઘ કે સભ્યની મુલકી સેવાની સભ્ય ન હોય તેવી વ્યક્તિને આ સંવિધાન હેઠળ એવી કોઈ જગા ઉપર કામ કરવા માટે જે કરાર હેઠળ નીમવામાં આવે તેમાં કરાર મુજબની મુદત પૂરી થાય તે પહેલાં તે જગા નાબૂદ કરવામાં આવે અથવા તેની કોઈ ગેરવર્તણૂક સિવાયના કારણે તેને તે જગા ખાલી કરવી પડે તો તેને વળતર આપવાની જોગવાઈ કરી શકાશે.

### અનુચ્છેદ : ૩૧૧ સંઘ અથવા રાજ્ય હેઠળ મુલકી સેવામાં નોકરી કરનાર વ્યક્તિઓની બરતરફી, રૂખસદ અથવા પાયરી ઉતાર

(૧) સંઘની કોઈ મુલકી સેવા અથવા કોઈ અખિલ ભારતીય સેવા અથવા રાજ્યની કોઈ મુલકી સેવાના સભ્યને અથવા સંઘ કે રાજ્ય હેઠળની કોઈ મુલકી જગા ઉપરની વ્યક્તિને જે સત્તાધિકારીએ તેને નીમેલી હોય તેના તાબાના સત્તાધિકારીથી બરતરફ કે હોદ્દા ઉપરથી દૂર કરી શકશે નહી.

(૨) ઉપર જણાવ્યા મુજબની કોઈ પણ વ્યક્તિને તેની સામેના આક્ષેપોની તેને જાણ કરવામાં આવી હોય અને તે આક્ષેપો અંગે તેને બચાવની વાજબી તક આપવામાં આવી હોય તેવી તપાસ કર્યા સિવાય તેને તેવી કોઈ શિક્ષા કરી શકાશે નહિ.

પરંતુ એવી તપાસને અંતે આવી કોઈ શિક્ષા કરવા ધાર્યું હોય ત્યારે, એવી શિક્ષા, એવી તપાસ દરમિયાન લેવાયેલા પુરાવાના આધારે જ કરી શકાશે અને કરવા ધારેલી શિક્ષા વિશે રજૂઆત કરવાની વાજબી તક આવી કોઈ વ્યક્તિને આપવાનુ જરૂરી રહેશે નહિ.

વધુમાં, નીચેના પ્રસંગોમાં આ ખંડ લાગુ પડશે નહિ –

Astha Academy Mo.8980961441

(ક) કોઈ વ્યક્તિને ફોજદારી ગુનાના આરોપસર દોષિત ઠરાવતી તેની વર્તણૂકના કારણે બરતરફ કે હોદ્દા દૂર કરવામાં આવી હોય અથવા તેની પાયરી ઉતારવામાં આવી હોય ત્યારે; અથવા

(ખ) કોઈ વ્યક્તિને બરતરફ કે હોદ્દા પરથી દૂર કરવા અથવા તેની પાયરી ઉતારવા માટેની સત્તા ધરાવતા અધિકારીને ખાતરી થાય કે પોતે જેની લેખિત નોંધ કરવી જોઈએ એવા કોઈ કારણે એવી તપાસ હાથ ધરવાનું વાજબી અને વ્યવહારુ નથી ત્યારે; અથવા

(ગ) યથાપ્રસંગ, રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલને ખાતરી થાય કે રાજ્યની સલામતીના હિતમાં એવી તપાસ હાથ ધરવાનું ઈષ્ટ નથી ત્યારે.

(૩) ઉપર જણાવ્યા મુજબની કોઈ વ્યક્તિ અંગે ખંડ (૨) માં ઉલ્લેખેલી તપાસ હાથ ધરવાનું વાજબી અને વ્યવહારુ છે કે કેમ તેવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો એવી વ્યક્તિને બરતરફ કરવા કે હોદ્દા ઉપરથી દૂર કરવા અથવા તેની પાયરી ઉતારવા માટેની સત્તા ધરાવતા અધિકારીનો તે ઉપરનો નિર્ણય આખરી ગણાશે.

### અનુચ્છેદ : ૩૧૨ અખિલ ભારતીય સેવાઓ

(૧) ભાગ-૬ના પ્રકરણ-૬માં અથવા ભાગ-૧૧માં ગમે તે મજકૂર હોય તે છતાં રાજ્યસભાએ હાજર રહી તેમાં મત આપનારાઓના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોના ટેકાવાળા ઠરાવથી જાહેર કર્યું હોય સંઘ અને રાજ્યો વચ્ચે સહિયારી તેવી એક અથવા વધુ અખિલ ભારતીય સેવા (અખિલ ભારતીય ન્યાયિક સેવા સહિત) ઊભી કરવાનુ રાષ્ટ્રના હિતમાં જરૂરી કે ઈષ્ટ છે, તો સંસદ તેને માટે કાયદાથી જોગવાઈ કરી શકશે અને આ પ્રકરણની બીજી જોગવાઈઓને અધીન રહીને, તેવી કોઈ સેવાઓમાં ભરતીનું અને નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું નિયમન કરી શકશે.

(૨) આ સંવિધાનના આરંભે ભારતીય વહીવટી સેવા અને ભારતીય પોલીસ સેવા તરીકે ઓળખતી સેવાઓ આ અનુચ્છેદ હેઠળ સંસદે ઊભી કરેલી સેવાઓ છે એમ ગણાશે.

(૩) ખંડ (૧) માં ઉલ્લેખેલ અખિલ ભારતીય ન્યાયિક સેવામાં અનુચ્છેદ ૨૩૬ માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના જિલ્લા ન્યાયાધીશથી ઊતરતા દરજ્જાની કોઈ જગાનો સમાવેશ થશે નહી.

(૪) ઉપરોક્ત અખિલ ભારતીય ન્યાયિક સેવા ઊભી કરવાની જોગવાઈ કરતા કાયદામાં તે કાયદાની જોગવાઈઓને અમલમાં લાવવા માટે જરૂરી હોય તેવી, ભાગ-૬ના પ્રકરણ ૬ના સુધારા માટેની જોગવાઈઓ હોવી જોઈશે અને એવો કાયદો અનુચ્છેદ ૩૬૮ ના હેતુઓ માટે આ સંવિધાનનો સુધારો હોવાનું ગણાશે નહી.

### અનુચ્છેદ –:૩૧૨ – ક : કેટલીક સેવાઓના અધિકારીઓની સેવાની શરતોમાં ફેરફાર કરવાની અથવા રદ કરવાની સંસદની સત્તા

(૧) સંસદ કાયદો કરીને –

(ક) આ સંવિધાનના આરંભ પહેલાં, સેક્રેટરી ઓફ સ્ટેટ અથવા સેક્રેટરી ઓફ સ્ટેટ-ઈન-કાઉન્સિલ દ્વારા ભારતમાં તાજની કોઈ મુલકી સેવામાં નિમાયેલી અને સંવિધાન (અઠ્ઠાવીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૨ ના આરંભે અને તે પછી ભારત કે કોઈ રાજ્ય સરકાર હેઠળ કોઈ નોકરીમાં કે કોઈ જગા ઉપર નોકરીમાં ચાલુ હોય તેવી વ્યક્તિઓનાં મહેનતાણાં, રજા અને પેન્શન અંગેની તેમની સેવાની શરતોમાં અને શિસ્તને લગતી બાબતો અંગેના તેમના હકોમાં, ભૂતલક્ષી અથવા ભવિષ્યલક્ષી તારીખથી ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે;

(ખ) આ સંવિધાનના આરંભ પહેલાં સેક્રેટકરી ઓફ સ્ટેટ અથવા સેક્રેટરી ઓફ સ્ટેટ-ઈન-કાઉન્સિલ દ્વારા ભારતમાં તાજની કોઈ મુલકી સેવામાં નિમાયા પછી, સંવિધાન (અઠ્ઠાવીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૨ ના આરંભ પહેલાં કોઈ પણ નિવૃત્ત થતી અથવા બીજી રીતે નોકરીમાં ન રહેતી વ્યક્તિઓનાં પેન્શન અંગેની સેવાની શરતોમાં ભૂતલક્ષી અથવા ભવિષ્યલક્ષી તારીખથી ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે.

પરંતુ, ઉચ્ચતમ ન્યાયાલયના અથવા ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ બીજા ન્યાયાધીશ, ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષક અને સંઘના અથવા રાજ્યના લોક સેવા આયોગના અધ્યક્ષ અથવા બીજા સભ્ય અથવા મુખ્ય ચૂંટણી કમિશ્નરનો હોદ્દો ધરાવતી હોય કે ધરાવ્યો હોય તેવી કોઈ વ્યક્તિની બાબતમાં પેટા-ખંડ (ક) અથવા પેટા-ખંડ (ખ) માંના કોઈ પણ મજકૂરનો અર્થ, ભારતમાં તાજની કોઈ મુલકી સેવામાં સેક્રેટરી ઓફ સ્ટેટ અથવા સેક્રેટરી ઓફ સ્ટેટ-ઈન-કાઉન્સિલે નીમેલી વ્યક્તિ હોવાને કારણે, જેટલે સુધી એવી શરતો તેને લાગુ પડતી હોય તેટલે સુધી હોય તે સિવાય, તેની નિમણૂક થયા પછી તેની એવી સેવાની શરતોમાં તેને ગેરલાભ થાય તે રીતે, ફેરફાર કરવા અથવા તે રદ કરવાની સંસદને સત્તા મળે છે તેવો કરવો નહી.

(૨) આ અનુચ્છેદ હેઠળ કાયદાથી સંસદે જોગવાઈ કરી હોય તેટલે અંશે હોય તે સિવાય, ખંડ (૧)માં ઉલ્લેખેલ વ્યક્તિઓની સેવાની શરતોનું નિયમન કરવાની આ

Astha Academy Mo.8980961441

સંવિધાનની બીજી કોઈ જોગવાઈ હેઠળની કોઈ વિધાનમંડળ અથવા બીજા સત્તામંડળની કોઈ પણ સત્તાને આ અનુચ્છેદના કોઈ પણ મજકૂરથી બાધ આવશે નહી.

(૩) (ક) ખંડ (૧) માં ઉલ્લેખેલ કોઈ વ્યક્તિએ કરી આપેલા કોઈ કરાર, કબૂલાત અથવા તેના જેવા જ બીજા ખતની કોઈ સહી-શેરામાંથી ઉપસ્થિત થતી અથવા ભારતમાં તાજની કોઈ મુલકી સેવામાંની તેની નિમણૂકના સંબંધમાં અથવા હિંદ ડુમિનિમયનની અથવા તેના કોઈ પ્રાંતની સરકાર હેઠળની તેની નોકરીના સાતત્યના સંબંધમાં તેવી વ્યક્તિને મોકલેલા કોઈ પત્રમાંથી ઉપસ્થિત થતી કોઈ તકરારમાં;

(ખ) મૂળ અધિનિયમિત કર્યા પ્રમાણે અનુચ્છેદ ૩૧૪ હેઠળના કોઈ હક, જવાબદારી અથવા ફરજ સંબંધી કોઈ તકરારમાં,

ઉચ્ચતમ ન્યાયાલયને તેમજ બીજા કોઈ ન્યાયાલયને હકૂમત રહેશે નહી.

(૪) મૂળ અધિનિયમિત કર્યા પ્રમાણેની અનુચ્છેદ ૩૧૪માં અથવા આ સંવિધાનની બીજી કોઈ જોગવાઈમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અનુચ્છેદની જોગવાઈઓ અમલમાં આવશે.

### અનુચ્છેદ : ૩૧૩ વચગાળાની જોગવાઈઓ

આ સંવિધાન હેઠળ આ અર્થે બીજી જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, આ સંવિધાનના આરંભની તરત પહેલાં અમલમાં હોય તેવા અને આ સંવિધાનના આરંભ પછી, કોઈ જાહેર સેવા કે જગા તરીકે ચાલુ હોય તેને લાગુ પડતા હોય તેવા તમામ કાયદા આ સંવિધાનની જોગવાઈઓ સાથે સુસંગત હોય તેટલે અંશે અમલમાં ચાલુ રહેશે.

### અનુચ્છેદ : ૩૧૪ અમૂક સેવાઓના વિદ્યમાન અધિકારીઓનાં રક્ષણ માટે જોગવાઈ

સંવિધાન (અઠ્ઠાવીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૩થી રદ કર્યો છે.
(તારીખ ૨૯-૮-૭૨ થી અમલી.)

## પ્રકરણ – ૨
## લોક સેવા આયોગ

### અનુચ્છેદ : ૩૧૫ સંઘ અને રાજ્યોના જાહેર સેવા આયોગ

(૧) આ અનુચ્છેદની જોગવાઈઓને અધીન રહીને, સંઘને એક લોક સેવા આયોગ અને દરેક રાજ્યને એક લોક સેવા આયોગ રહેશે.

(૨) બે કે વધુ રાજ્યો તેમના જૂથ માટે એક લોક સેવા આયોગ રાખવાની સમજૂતી કરી શકશે અને તે રાજ્યો પૈકી દરેક રાજ્યના વિધાનમંડળનું ગૃહ અથવા જ્યાં બે ગૃહો હોય ત્યાં દરેક ગૃહ એ મતલબનો ઠરાવ પસાર કરે, તો સંસદ તે રાજ્યોની જરૂરિયાતો સંતોષવા એક સંયુક્ત રાજ્ય લોક સેવા આયોગ (જેનો આ પ્રકરણમાં "સંયુક્ત આયોગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), નીમવા માટે કાયદાથી જોગવાઈ કરી શકાશે.

(૩) ઉપર જણાવ્યા મુજબના કોઈ કાયદામાં તે કાયદાના હેતુઓ બર લાવવા માટે જરૂરી કે ઈષ્ટ હોય તેવી આનુષંગિક અને પારિણામિક જોગવાઈઓનો સમાવેશ કરી શકાશે.

(૪) કોઈ રાજ્યના રાજ્યપાલ રાજ્યની તમામ અથવા કોઈ જરૂરિયાત સંતોષવા માટે સંઘ લોક સેવા આયોગ વિનંતી કરે તો રાષ્ટ્રપતિની મંજૂરીથી તે તેમ કરવા સંમત થઈ શકશે.

(૫) આ સંવિધાનમાં સંઘ લોક સેવા આયોગ અથવા રાજ્ય લોક સેવા આયોગ અંગેના ઉલ્લેખો હોય ત્યાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, પ્રસ્તુત ખાસ બાબત અંગે યથાપ્રસંગ, સંઘની અથવા રાજ્યની જરૂરિયાતો સંતોષનાર આયોગ અંગેના ઉલ્લેખો છે એવો અર્થ કરવામાં આવશે.

### અનુચ્છેદ : ૩૧૬ સભ્યોની નિમણૂક અને હોદ્દાની મુદત

(૧) લોક સેવા આયોગના અધ્યક્ષને અને બીજા સભ્યોને, સંઘ આયોગ અથવા સંયુક્ત આયોગની બાબતમાં, રાષ્ટ્રપતિ અને રાજ્ય આયોગની બાબતમાં, તે રાજ્યના રાજ્યપાલ નીમશે.

પરંતુ દરેક લોક સેવા આયોગના અર્ધાથી નજીકની સંખ્યાના સભ્યો, દરેકે પોતાની નિમણૂકની તારીખે ભારત સરકાર હેઠળ અથવા કોઈ રાજ્યની સરકાર હેઠળ ઓછામાં ઓછા દસ વર્ષ સુધી હોદ્દો ધરાવ્યો હોય એવા હોવા જોઈએ અને સદરહુ દસ વર્ષની મુદતની ગણતરીમાં તેવા સભ્યોએ ભારતમાં તાજ હેઠળ અથવા કોઈ દેશી રાજ્યની સરકાર હેઠળ આ સંવિધાનના આરંભ પહેલાં જે મુદત દરમિયાન હોદ્દો ધરાવ્યો હોય તેનો સમાવેશ કરવામાં આવશે.

(૧-ક) આયોગના અધ્યક્ષનો હોદ્દો ખાલી પડે તો અથવા ગેરહાજરીને કારણે અથવા બીજા કોઈ કારણે તેઓ પોતાના હોદ્દાની ફરજો બજાવી ન શકે તો, યથાપ્રસંગ, ખાલી પડેલા હોદ્દા ઉપર ખંડ (૧) હેઠળ નિમાયેલી કોઈ વ્યક્તિ તેની ફરજો ન સંભાળે, ત્યાં સુધી અથવા અધ્યક્ષ પોતાની ફરજ ઉપર હાજર ન થાય ત્યાં સુધી, સંઘ આયોગની અથવા સંયુક્ત આયોગની બાબતમાં, રાષ્ટ્રપતિ અને કોઈ રાજ્ય આયોગની બાબતમાં, રાજ્યના રાજ્યપાલ આયોગના બીજા સભ્યોમાંથી તે હેતુ માટે નીમે તે સભ્ય, તેમની ફરજો બજાવશે.

Astha Academy Mo. 8980961441

(૨) લોક સેવા આયોગના સભ્ય, પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી છ વર્ષની મુદત સુધી અથવા સંઘ આયોગની બાબતમાં તે પાંસઠ વર્ષની ઉંમરના અને રાજ્ય આયોગની કે સંયુક્ત આયોગની બાબતમાં બાસઠ વર્ષની ઉંમરના થાય, એ બેમાંથી જે વહેલું બને ત્યાં સુધી, પરંતુ –

(ક) કોઈ લોક સેવા આયોગના સભ્ય સંઘ આયોગની કે કોઈ સંયુક્ત આયોગની બાબતમાં રાષ્ટ્રપતિને અને કોઈ રાજ્ય આયોગની બાબતમાં તે રાજ્યના રાજ્યપાલને સંબોધીને પોતાની સહીવાળા લખાણથી પોતાના હોદ્દાનું રાજીનામુ આપી શકશે ;

(ખ) કોઈ લોક સેવા આયોગના સભ્યને અનુચ્છેદ ૩૧૭ ના ખંડ (૧) અથવા ખંડ (૩) માં જોગવાઈ કરેલી રીતે તેમના હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે.

(૩) કોઈ લોક સેવા આયોગના સભ્ય તરીકે હોદ્દો ધરાવતી વ્યક્તિ પોતાના હોદ્દાની મુદત પૂરી થયે તે હોદ્દા ઉપર ફેર નિમણૂંક માટે પાત્ર ગણાશે નહી.

**અનુચ્છેદ : ૩૧૭ જાહેર સેવા આયોગના કોઈ સભ્યને હોદ્દા પરથી દૂર કરવા અને સેવામાંથી મોકૂફ રાખવા બાબત**

(૧) ખંડ (૩) ની જોગવાઈઓને અધીન રહીને, લોક સેવા આયોગના અધ્યક્ષ અથવા અન્ય કોઈ સભ્યને, રાષ્ટ્રપતિના હુકમથી ગેરવર્તણૂકને કારણે તેમના હોદ્દા ઉપરથી ત્યારે જ દૂર કરી શકાશે કે જ્યારે રાષ્ટ્રપતિએ ઉચ્ચતમ ન્યાયાલયને તે અંગે પુછાણ કર્યે, સદરહુ ન્યાયાલયે, અનુચ્છેદ ૧૪૫ હેઠળ એ અર્થે ઠરાવેલી કાર્યરીતિ અનુસાર કરેલી તપાસ ઉપરથી રીપોર્ટ કર્યો હોય કે, યથાપ્રસંગ, અધ્યક્ષ અથવા એવા બીજા સભ્યને તે કારણસર હોદ્દા ઉપરથી દૂર કરવા જોઈશે.

(૨) સંઘ આયોગના અથવા સંયુક્ત આયોગના સંબંધમાં, રાષ્ટ્રપતિ અને રાજ્ય આયોગના સંબંધમાં રાજ્યપાલ, જેમના અંગે ખંડ (૧) હેઠળ ઉચ્ચતમ ન્યાયાલયને પુછાણ કરવામાં આવ્યું હોય તેવા, આયોગના અધ્યક્ષ અથવા અન્ય કોઈ સભ્યને, રાષ્ટ્રપતિ એવા પુછાણ વિશે ઉચ્ચતમ ન્યાયાલયનો રિપોર્ટ મળ્યે, હુકમો પસાર ન કરે ત્યાં સુધી, હોદ્દા ઉપરથી મોકૂફ રાખી શકશે.

(૩) ખંડ (૧) માં ગમે તે મજકૂર હોય તે છતાં, લોક સેવા આયોગના અધ્યક્ષ અથવા બીજા કોઈ સભ્ય –

(ક) નાદાર ઠરાવાય; અથવા

(ખ) પોતાના હોદ્દાની મુદત દરમિયાન પોતાના હોદ્દાની ફરજો સિવાયની કોઈ સવેતન નોકરી કરતા હોય; અથવા

(ગ) રાષ્ટ્રપતિના અભિપ્રાય પ્રમાણે માનસિક કે શારીરિક અશક્તિના કારણે હોદ્દા ઉપર ચાલુ રહેવા માટે લાયક ન હોય,

– તો રાષ્ટ્રપતિ, હુકમ કરીને તે અધ્યક્ષને અથવા એવા સભ્યને, હોદ્દા ઉપરથી દૂર કરી શકશે.

(૪) કોઈ લોક સેવા આયોગના અધ્યક્ષ કે બીજા સભ્ય ભારત સરકારે અથવા કોઈ રાજ્યની સરકારે કરેલા અથવા તેમના વતી કરાયેલા કોઈ કરાર કે કબૂલાતનામામાં, કોઈ સંસ્થાપિત કંપનીના સભ્ય તરીકે હોય તે સિવાય અને બીજા સભ્યોની સાથોસાથ હોય તે સિવાય બીજી રીતે સંબંધ કે હિત ધરાવતા હોય કે ધરાવતા થયા હોય અથવા કોઈ રીતે તેના નફામાં કે તેમાંથી પ્રાપ્ત થતા કોઈ લાભ કે મળતરમાંથી ભાગ મેળવવા હોય, તો તેઓ ખંડ નફામાં કે તેમાંથી પ્રાપ્ત થતા કોઈ લાભ કે મળતરમાંથી ભાગ મેળવતા હોય, તો તેઓ ખંડ (૧) ના હેતુ પૂરતા ગેરવર્તણૂક માટે ગુનેગાર છે એમ ગણાશે.

**અનુચ્છેદ : ૩૧૮ આયોગના સભ્યો અને કર્મચારીઓની સેવાની શરતો વિશે વિનિયમો કરવાની સત્તા**

સંઘ આયોગની કે કોઈ સંયુક્ત આયોગની બાબતમાં રાષ્ટ્રપતિ અને કોઈ રાજ્ય આયોગની બાબતમાં તે રાજ્યના રાજ્યપાલ વિનિયમો કરીને,-

(ક) આયોગના સભ્યોની સંખ્યા અને તેમની શરતો નક્કી કરી શકશે; અને

(ખ) આયોગના સ્ટાફની સંખ્યા અને તેમની સેવાની શરતો અંગે જોગવાઈ કરી શકશે.

પરંતુ કોઈ લોક સેવા આયોગના સભ્યની સેવાની શરતોમાં તેની નિમણૂક પછી, તેને ગેરલાયક થાય તેવો ફેરફાર કરી શકાશે નહી.

**અનુચ્છેદ : ૩૧૯ :– આયોગના સભ્યો હોદ્દો ધરાવતા બંધ થતાં હોદ્દાઓ ધરાવવા પર પ્રતિબંધ**

હોદ્દા ધરાવતા બંધ થતાં –

(ક) સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ, ભારત સરકાર અથવા કોઈ રાજ્ય સરકાર હેઠળ બીજી કોઈ નોકરી માટે પાત્ર ગણાશે નહિ;

(ખ) કોઈ રાજ્ય લોક સેવા આયોગના અધ્યક્ષ, સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ કે તેના બીજા સભ્ય તરીકે અથવા બીજા કોઈ રાજ્ય લોક સેવા આયોગના અધ્યક્ષ તરીકે નિમાવા માટે પાત્ર ગણાશે, પણ ભારત સરકાર અથવા કોઈ

Astha Academy Mo.8980961441

રાજ્ય સરકાર હેઠળ બીજી કોઈ નોકરી માટે પાત્ર ગણાશે નહિ;

(ગ) સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ સિવાયના, કોઈ સભ્ય, સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ તરીકે અથવા કોઈ રાજ્ય લોક સેવા આયોગના અધ્યક્ષ તરીકે નિમાવા માટે પાત્ર ગણાશે, પણ ભારત સરકાર અથવા કોઈ રાજ્ય સરકાર હેઠળ બીજી કોઈ નોકરી માટે પાત્ર ગણાશે નહિ;

(ઘ) કોઈ રાજ્ય લોક સેવા આયોગના અધ્યક્ષ સિવાયના કોઈ સભ્ય, સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ કે બીજા સભ્ય તરીકે અથવા તે રાજ્ય અથવા બીજા રાજ્ય લોક સેવા આયોગના જ અધ્યક્ષ તરીકે નિમાવા માટે પાત્ર ગણાશે, પણ ભારત સરકાર અથવા રાજ્ય સરકાર હેઠળ બીજી કોઈ નોકરી માટે પાત્ર ગણાશે નહી.

### અનુચ્છેદ : ૩૨૦ :– જાહેર સેવા આયોગનાં કાર્યો

(૧) સંઘની સેવાઓમાં અને તેમની સેવાઓમાં અને રાજ્યની સેવાઓમાં નિમણૂકો માટેની પરીક્ષાઓનું સંચાલન કરવાની અનુક્રમે સંઘ અને રાજ્ય લોક સેવા આયોગની ફરજ રહેશે.

(૨) બે કે તેથી વધુ રાજ્યો ખાસ લાયકાતો ધરાવતા ઉમેદવારોની આવશ્યકતાવાળી સેવાઓ માટે સંયુક્ત ભરતીની યોજનાઓ ઘડવામાં અને તેના અમલમાં તેમને મદદ કરવાની વિનંતી કરે, તો તેમ કરવાની પણ સંઘ લોક સેવા આયોગની ફરજ રહેશે.

(૩) યથાપ્રસંગ, સંઘ લોક સેવા આયોગ અથવા રાજ્ય લોક સેવા આયોગની –

(ક) મુલકી સેવાઓમાં અને મુલકી જગાઓ માટે ભરતીની પદ્ધતિ સંબંધી તમામ બાબતો વિષે;

(ખ) મુલકી સેવાઓ અને જગાઓ ઉપર નિમણૂકો કરવામાં અનુસરવાના સિદ્ધાંતો વિશે અને એવી નિમણૂકો, બઢતીઓ અથવા બદલીઓ માટે ઉમેદવારોની યોગ્યતા વિષે;

(ગ) ભારત સરકાર અથવા કોઈ રાજ્ય સરકાર હેઠળ મુલકી હેસિયતથી નોકરી કરનારી કોઈ વ્યક્તિ સંબંધી શિસ્તની તમામ બાબતો તેમજ એવી બાબતો સબંધી નિવેદનપત્રો અને અરજીઓ વિષે;

(ઘ) ભારત સરકાર કે કોઈ રાજ્ય સરકાર હેઠળ કે ભારતમાં તાજ હેઠળ કે કોઈ દેશી રાજ્યની સરકાર હેઠળ, મુલકી હેસિયતથી નોકરી કરતી કે કરી ચૂકેલી વ્યક્તિએ પોતાની ફરજ બજાવવામાં કરેલા અથવા કર્યાનું અભિપ્રેત હોય તેવાં કાર્યો અંગે તેની સામે કરવામાં આવેલી કાનૂની કાર્યવાહીમાં પોતાનો બચાવ કરવામાં તેને થયેલું ખર્ચ, યથાપ્રસંગ, ભારતના એકત્રિત ફંડમાંથી અથવા રાજ્યના એકત્રિત ફંડમાંથી અપાવું જોઈએ એવા કોઈ વ્યક્તિના અથવા તેના અંગેના દાવા વિષે;

(ચ) ભારત સરકાર કે કોઈ રાજ્ય સરકાર હેઠળ કે ભારતમાં તાજ હેઠળ કે કોઈ દેશી રાજ્યની સરકાર હેઠળ મુલકી હેસિયતથી નોકરી કરતી કોઈ વ્યક્તિને થયેલી ઈજાઓ અંગેનું પેન્શન મેળવવા માટેના દાવા વિશે અને તે અંગે આપવાની રકમ સંબંધી કોઈ પ્રશ્ન વિષે, સલાહ લેવાવી જોઈશે અને તે રીતે વિચારણા માટે મોકલેલી કોઈ બાબત અંગે અને, યથાપ્રસંગ, રાષ્ટ્રપતિ અથવા રાજ્યના રાજ્યપાલ તેમને વિચારણા માટે મોકલે એવી બીજી કોઈ બાબત અંગે સલાહ આપવાની લોક સેવા આયોગની ફરજ રહેશે.

પરંતુ અખિલ ભારતીય સેવાઓ અંગે રાષ્ટ્રપતિ અને કોઈ રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી બીજી સેવાઓ અને જગાઓ અંગે રાજ્યપાલ સામાન્ય પણે અથવા કોઈ ખાસ વર્ગના દાખલામાં અથવા કોઈ ખાસ સંજોગોમાં લોક સેવા આયોગની સલાહ લેવાનું જેમાં જરૂરી નહિ રહે તેવી બાબતો નિર્દિષ્ટ કરતા વિનિયમો કરી શકશે.

(૪) અનુચ્છેદ ૧૬ ના ખંડ (૪) માં ઉલ્લેખેલી કોઈ જોગવાઈ કઈ રીતે કરી શકાય તે અંગે અથવા અનુચ્છેદ ૩૩૫ ની જોગવાઈઓને કઈ રીતે અમલમાં લાવી શકાય તે અંગે લોક સેવા આયોગની સલાહ લેવાનું ખંડ (૩) માંના કોઈ પણ મજકૂરથી આવશ્યક ગણાશે નહી.

(૫) રાષ્ટ્રપતિએ અથવા રાજ્યના રાજ્યપાલે ખંડ (૩)ના પરંતુક હેઠળ કરેલા તમામ વિનિયમોને તે કરવામાં આવે પછી, બનતી ત્વરાએ, યથાપ્રસંગ, સંસદના દરેક ગૃહ સમક્ષ અથવા રાજ્યના વિધાનમંડળના ગૃહ કે દરેક ગૃહ સમક્ષ ઓછામાં ઓછા ચૌદ દિવસ માટે મૂકવા જોઈશે અને તે વિનિયમો આ રીતે મૂકાય તે સત્ર દરમિયાન સંસદના બંને ગૃહો અથવા રાજ્યના વિધાનમંડળનું ગૃહ અથવા તેના બંને ગૃહો, રદ કરીને અથવા સુધારા કરીને જે ફેરફારો કરે તેને આધીન રહેશે.

### અનુચ્છેદ : ૩૨૧ જાહેર સેવા આયોગના કાર્યોનો વિસ્તાર કરવાની સત્તા

યથાપ્રસંગ, સંસદે અથવા કોઈ રાજ્યના વિધાનમંડળે કરેલા અધિનિયમથી, સંઘ કે રાજ્યની સેવાઓ અંગે કોઈ સ્થાનિક સત્તામંડળ કે કાયદાથી રચાયેલા બીજા સંસ્થાપિત મંડળની અથવા કોઈ જાહેર સંસ્થાની સેવાઓ અંગે સંઘ લોક સેવા આયોગ કે રાજ્ય લોક સેવા આયોગ વધારાનાં કાર્યો કરવા માટે જોગવાઈ કરી શકશે.

Astha Academy Mo.8980961441

### અનુચ્છેદ : ૩૨૨ જાહેર સેવા આયોગનું ખર્ચ

આયોગના સભ્યો અથવા સ્ટાફને અથવા તેમને અંગે આપવાના પગાર ભથ્થાં અને પેન્શન સહિતનું સંઘ કે રાજ્ય લોક સેવા આયોગનું ખર્ચ, યથાપ્રસંગ, ભારતના એકત્રિત ફંડ ખાતે અથવા રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવશે.

### અનુચ્છેદ : ૩૨૩ જાહેર સેવા આયોગના અહેવાલો

(૧) પોતે કરેલા કામ વિષેનો રિપોર્ટ રાષ્ટ્રપતિ સમક્ષ દર વર્ષે રજૂ કરવાની સંઘ આયોગની ફરજ રહેશે અને એવો રિપોર્ટ મળ્યે, રાષ્ટ્રપતિ, જેમાં આયોગની સલાહ સ્વીકારાઈ ન હોય એવી કોઈ બાબત હોય તો તે અંગે એવા અસ્વીકારનાં કારણો સમજાવતી યાદી સહિત તેની એક નકલ સંસદના દરેક ગૃહ સમક્ષ મુકાવશે.

(૨) પોતે કરેલા કામ વિષેનો રિપોર્ટ રાજ્યના રાજ્યપાલ સમક્ષ દર વર્ષે રજૂ કરવાની રાજ્ય આયોગની ફરજ રહેશે અને સંયુક્ત આયોગ જે રાજ્યોની જરૂરીયાતો સંતોષતુ હોય તે દરેક રાજ્યના સંબંધમાં પોતે કરેલ કામ વિષેનો રિપોર્ટ તેના રાજ્યપાલ સમક્ષ દર વર્ષે રજૂ કરવાની સંયુક્ત આયોગની ફરજ રહેશે અને બેમાંથી કોઈ પ્રસંગે આવો રિપોર્ટ મળ્યે, રાજ્યપાલ જેમાં આયોગની સલાહ સ્વીકારાઈ ન હોય એવી કોઈ બાબતો હોય, તો તે અંગે એવા કોઈ અસ્વીકારનાં કારણો સમજાવતી યાદી સહિત, તેની એક નકલ રાજ્યના વિધાનમંડળ સમક્ષ મુકાવશે.

# ભાગ–૧૪–ક

# ટ્રિબ્યુનલો

### અનુચ્છેદ : ૩૨૩–ક :– વહીવટી ન્યાયપંચો

(૧) સંસદ, કાયદો કરીને, ભારતના રાજ્યક્ષેત્રની અંદર સંઘના અથવા કોઈ રાજ્યના અથવા કોઈ સ્થાનિક કે બીજા સત્તામંડળના કામકાજ સાથે સંકળાયેલી અથવા ભારત સરકારના અથવા સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના કોઈ કોર્પોરેશનના નિયંત્રણ હેઠળની જાહેર સેવા અને જગાઓ ઉપર નિમાયેલી વ્યક્તિઓની ભરતી અને સેવાની શરતો સંબંધી તકરારો અને ફરિયાદોનો ન્યાય નિર્ણય કે ઈન્સાફી કાર્યવાહી વહીવટી ટ્રિબ્યુનલો દ્વારા કરવા માટેની જોગવાઈ કરી શકશે.

(૨) ખંડ (૧) હેઠળ કરેલા કાયદાથી –

(ક) સંઘ માટેની વહીવટી ટ્રિબ્યુનલની સ્થાપના માટે અને દરેક રાજ્ય માટે અથવા બે કે વધુ રાજ્યો માટે અલગ વહીવટી ટ્રિબ્યુનલની સ્થાપના માટે જોગવાઈ કરી શકાશે;

(ખ) સદરહુ ટ્રિબ્યુનલોએ વાપરવાની હકૂમત, તિરસ્કાર માટે શિક્ષા કરવાની સત્તા સહિતની સત્તા અને અધિકાર નિર્દિષ્ટ કરી શકાશે;

(ગ) સદરહુ ટ્રિબ્યુનલોએ અનૂસરવાની મર્યાદા અને પુરાવાના નિયમો અંગેની જોગવાઈઓ સહિતની કાર્યરીતિ માટે જોગવાઈ કરી શકાશે;

(ઘ) ખંડ (૧) માં ઉલ્લેખેલ તકરારો અથવા ફરિયાદો સંબંધમાં, અનુચ્છેદ ૧૩૬ હેઠળની ઉચ્ચતમ ન્યાયાલયની હકૂમત સિવાયની તમામ ન્યાયાલયોની હકૂમત બાકાત રાખી શકાશે;

(ચ) કોઈ દાવા અથવા કાર્યવાહી દાવાના જ કારણો ઉપર આધારિત હોય તે કારણો એવી વહીવટી ટ્રિબ્યુનલની સ્થાપના પછી ઊભાં થતા હોય, તો એવી ટ્રિબ્યુનલની હકૂમતની અંદર આવતા તેવા, તેવી ટ્રિબ્યુનલની સ્થાપનાની તરત પહેલાં કોઈ ન્યાયાલય અથવા બીજા સત્તાધિકારી સમક્ષ નિકાલ-બાકી હોય તે કેસો એવી દરેક વહીવટી ટ્રિબ્યુનલને તબદીલ કરવાની જોગવાઈ કરી શકાશે;

(જ) એવી ટ્રિબ્યુનલો અસરકારક રીતે કાર્ય કરી શકે તે માટે અને એવી ટ્રિબ્યુનલો દ્વારા કેસોના ત્વરિત નિકાલ માટે અને તેમના હુકમોના અમલ માટે સંસદ જરૂરી ગણે એવી પૂરક, આનુંષંગિક અને પારિણામિક જોગવાઈઓ (ફી અંગેની જોગવાઈઓ સહિત) નો તેમાં સમાવેશ કરી શકાશે.

(૩) આ અનુચ્છેદની જોગવાઈઓ આ સંવિધાનની બીજી કોઈ જોગવાઈઓમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, અમલમાં આવશે.

### અનુચ્છેદ : ૩૨૩–ખ અન્ય બાબતો માટે ન્યાયપંચો

(૧) સમુચિત વિધાનમંડળ, જેના સંબંધમાં તેને કાયદા કરવાની સત્તા હોય તેવા ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી તમામ અથવા કોઈ પણ બાબત સંબંધી કોઈ તકરારો, ફરિયાદો અથવા ગુનાઓનો ટ્રિબ્યુનલો દ્વારા ન્યાય નિર્ણય અથવા ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદા દ્વારા જોગવાઈ કરી શકશે.

(૨) ખંડ (૧) માં ઉલ્લેખેલ બાબતો નીચે પ્રમાણે રહેશે :-

(ક) કોઈ વેરો નાખવા, આકારવા, વસૂલ કરવા અને અમલમાં લાવવા બાબત;

Astha Academy Mo.8980961441

(ખ) વિદેશી હૂંડિયામણ, જકાતી સરહદો પાર કરી કરવામાં આવતી આયાત-નિકાસ બાબત,

(ગ) ઉદ્યોગ અને કામદારોનો લગતી તકરારો;

(ઘ) અનુચ્છેદ ૩૧-ક માં વ્યાખ્યા કર્યા પ્રમાણે રાજ્યે કોઈ એસ્ટેટ અથવા તેની અંદરના કોઈ પણ હકોનું સંપાદન કરીને અથવા એવા કોઈ હકો નાબૂદ કરીને અથવા તેમાં ફેરફાર કરીને અથવા ખેત જમીન ઉપર ટોચમર્યાદા મૂકીને અથવા બીજી કોઈ પણ રીતે જમીનની સુધારણા કરવા બાબત;

(ચ) શહેરી મિલકત ઉપર ટોચમર્યાદા મૂકવા બાબત ;

(છ) સંસદના બેમાંથી કોઈ ગૃહની અથવા રાજ્યના વિધાનમંડળના ગૃહ કે બેમાંથી કોઈ ગૃહની ચૂંટણીઓ બાબત,

પરંતુ અનુચ્છેદ ૩૨૯ અને અનુચ્છેદ ૩૨૯-ક માં ઉલ્લેખેલ બાબતો તેમાંથી બાકાત રાખવાની રહેશે ;

(જ) ખાદ્ય તેલબિયાં અને તેલ સહિતના ખાદ્ય પદાર્થોના અને રાષ્ટ્રપતિ, સરકારી જાહેરનામાંથી, આ અનુચ્છેદના હેતુ માટે આવશ્યક માલ-સામાન તરીકે જાહેર કરે તેવા બીજા માલસામાનનાં ઉત્પાદન, પુરવઠો અને વહેંચણી બાબત અને એવા માલસામાનના ભાવ-નિયંત્રણ બાબત ;

(ઝ) ભાડુ, તેનુ નિયમન અને નિયંત્રણ અને જમીનદારો અને ગણોતિયાના હક, માલિકી હક અને હિત સહિત ગણોત હકના મુદ્દાઓ;

(ટ) પેટા-ખંડો (ક) થી (ઝ) માં નિર્દિષ્ટ કરેલી કોઈ પણ બાબતોને લગતા કાયદા વિરુદ્ધના ગુના બાબત અને તે પૈકી કોઈ પણ બાબત અંગેની ફી બાબત ;

(ઠ) પેટા-ખંડો (ક) થી (ટ) માં નિર્દિષ્ટ કરેલી કોઈ પણ બાબતોને આનુષંગિક કોઈ બાબત.

(૩) ખંડ (૧) હેઠળ કરેલા કાયદાથી –

(ક) ચઢતા-ઊતરતા દરજ્જાની ટ્રિબ્યુનલો સ્થાપવા માટે જોગવાઈ કરી શકાશે ;

(ખ) સદરહુ દરેક ટ્રિબ્યુનલ વાપરી શકે તેવાં હકૂમત, (તિરસ્કાર માટે શિક્ષા કરવાની સત્તા સહિતની) સત્તા અને અધિકાર નિર્દિષ્ટ કરી શકાશે ;

(ગ) સદરહુ ટ્રિબ્યુનલોએ અનુસરવાની (મુદત અને પુરાવાના નિયમો અંગેની જોગવાઈઓ સહિતની) કાર્યરીતિ માટેની જોગવાઈ કરી શકાશે ;

(ઘ) સદરહુ ટ્રિબ્યુનલોએ હકૂમતમાં, આવતી તમામ અથવા કોઈ પણ બાબત સંબંધી, અનુચ્છેદ ૧૩૬ હેઠળની ઉચ્ચતમ ન્યાયાલયની હકૂમત સિવાયની, તમામ ન્યાયાલયોની હકૂમત બાકાત રાખી શકાશે ;

(ચ) કોઈ દાવા અથવા કાર્યવાહી, દાવાનાં જે કારણો ઉપર આધારિત હોય તે કારણો એવી ટ્રિબ્યુનલની સ્થાપના પછી ઊભાં થયાં હોય તો એવી ટ્રિબ્યુનલની હકૂમતની અંદર આવે તેવી ટ્રિબ્યુનલની સ્થાપના તરત પહેલાં કોઈ ન્યાયાલય અથવા બીજા કોઈ સત્તાધિકારી સમક્ષના નિકાલ-બાકી હોય તે કેસો, એવી દરેક ટ્રિબ્યુનલને તબદીલ કરવા માટે જોગવાઈ કરી શકાશે ;

(છ) એવી ટ્રિબ્યુનલો અસરકારક રીતે કાર્ય કરી શકે તે માટે,અને એવી ટ્રિબ્યુનલો દ્વારા કેસોનો ત્વરિત નિકાલ થઈ શકે અને તેમના હુકમોનો અમલ થઈ શકે તે માટે સમુચિત વિધાનમંડળ જરૂરી ગણે તેવી (ફીને લગતી જોગવાઈઓ સહિતની) પૂરક, આનુષંગિક અને પારિણામિક જોગવાઈઓનો એમાં સમાવેશ કરી શકાશે.

(૪) આ અનુચ્છેદની જોગવાઈઓ, આ સંવિધાનની બીજી જોગવાઈમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, અમલમાં આવશે.

**સ્પષ્ટીકરણ** – આ અનુચ્છેદમાં, કોઈ બાબત સંબંધમાં, ‘‘સમુચિત વિધાનમંડળ’’ એટલે, યથાપ્રસંગ, સંસદ અથવા ભાગ-૧૧ ની જોગવાઈઓ અનુસાર એવી બાબત સંબંધી કાયદા કરવાની સત્તા ધરાવતું હોય તેવુ રાજ્ય વિધાનમંડળ.

# ભાગ–૧૫
# ચૂંટણીઓ

**અનુચ્છેદ : ૩૨૪ :– ચૂંટણીઓની દેખરેખ, દોરવણી અને નિયંત્રણ ચૂંટણીપંચમાં નિહિત થવા બાબત**

(૧) આ સંવિધાન હેઠળ સંસદની અને દરેક રાજ્યના વિધામંડળની કરવામાં આવે તે તમામ ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવાના કામના અને તે ચૂંટણીઓના સંચાલનના અને રાષ્ટ્રપતિ અને ઉપ-રાષ્ટ્રપતિના હોદ્દાની ચૂંટણીઓના સંચાલનના દેખરેખ, દોરવણી અને નિયંત્રણ એક આયોગ જેનો આ સંવિધાનમાં ‘‘ચૂંટણી આયોગ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં નિહિત થશે.

(૨) ચૂંટણી આયોગ, મુખ્ય ચંટણી કમિશ્નર અને રાષ્ટ્રપતિ વખતોવખત નક્કી કરે તેટલા બીજા ચૂંટણી કમિશનરોનું બનશે અને મુખ્ય ચૂંટણી કમિશ્નર અને બીજા ચૂંટણી કમિશનરોની નિમણૂંક, સંસદે તે અર્થે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને રાષ્ટ્રપતિ કરશે.

Astha Academy Mo.8980961441

(૩) એ રીતે બીજા કોઈ ચૂંટણી કમિશ્નર નિમાય, ત્યારે મુખ્ય ચૂંટણી કમિશ્નર ચૂંટણી આયોગના અધ્યક્ષ તરીકે કાર્ય કરશે.

(૪) લોકસભાના અને દરેક રાજ્યની વિધાનસભાની દરેક સામાન્ય ચૂંટણી પહેલાં અને ત્યાર બાદ તેની દરેક દ્વિવાર્ષિક ચૂંટણી પહેલાં આયોગ સાથે વિચાર વિનિમય કરીને, ખંડ (૧)થી ચૂંટણી આયોગને સોંપાયેલાં કાર્યો બજાવવામાં તે આયોગને મદદ કરવા રાષ્ટ્રપતિ પોતાને જરૂરી લાગે તેટલા પ્રાદેશિક કમિશનરો પણ નીમી શકશે.

(૫) સંસદે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ચૂંટણી કમિશનરોની અને પ્રાદેશિક કમિશનરોની સેવાની શરતો અને હોદ્દાની મુદત, રાષ્ટ્રપતિ નિયમથી નક્કી કરે તેવાં રહેશે.

પરંતુ ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશને જે રીતે અને જે કારણે હોદ્દા પરથી દૂર શકાય તેવી રીતે અને તેવાં કારણો સિવાય મુખ્ય ચૂંટણી કમિશ્નરને તેના હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે નહિ, તેમજ મુખ્ય ચૂંટણી કમિશ્નરની સેવાની શરતોમાં, તેની નિમણૂક પછી તેને ગેરલાભ થાય તેવો ફેરફાર કરી શકાશે નહિ :

વધુમાં, કોઈ બીજા ચૂંટણી કમિશ્નરને અથવા કોઈ પ્રાદેશિક કમિશ્નરને મુખ્ય ચૂંટણી કમિશ્નરની ભલામણ સિવાય, હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે નહી.

(૬) રાષ્ટ્રપતિને અથવા કોઈ રાજ્યના રાજ્યપાલને ચૂંટણી કમિશ્નર વિનંતી કરે, ત્યારે તેઓ ખંડ ૧(થી) ચૂંટણી આયોગને સોંપાયેલાં કાર્યો બજાવવા માટે ચૂંટણી કમિશ્નર અથવા પ્રાદેશિક કમિશ્નર માટે જરૂરી સ્ટાફની વ્યવસ્થા કરશે.

### અનુચ્છેદ : ૩૨૫ ધર્મ, જ્ઞાતિ, જાતિ, લિંગભેદના આધારે કોઈને મતાધિકારથી વંચિત નહીં કરી શકાય તથા તેના આધારે ખાસ મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે દાવો નહીં કરી શકાય

સંસદના બેમાંથી કોઈ ગૃહની અથવા કોઈ રાજ્યના વિધાનમંડળના ગૃહ અથવા બેમાંથી કોઈ ગૃહની ચૂંટણી માટેના દરેક પ્રાદેશિક મતદાર મંડળ માટે એક સામાન્ય મતદાર યાદી રહેશે અને કોઈ પણ વ્યક્તિ ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ-ભેદના કે એ પૈકી કોઈ કારણે એવી મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે અપાત્ર થશે નહિ, અથવા એવા કોઈ મતદાર મંડળ માટેની ખાસ મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે દાવો કરી શકશે નહી.

### અનુચ્છેદ : ૩૨૬ લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ પુખ્ત મતાધિકારને ધોરણે કરવા બાબત

લોકસભાની અને દરેક રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ પુખ્ત મતાધિકારને ધોરણે થશે, એટલે કે ભારતની નાગરિક હોય અને સમુચિત વિધાનમંડળે કરેલા કોઈ કાયદાથી અથવા તે હેઠળ તે અર્થે નક્કી કરવામાં આવે તે તારીખે ઓછામાં ઓછી અઢાર વર્ષની ઉંમરની હોય અને આ સંવિધાન કે સમુચિત વિધાનમંડળે કરેલા કોઈ કાયદા હેઠળ નિવાસી ન હોવાના કારણે, મગજની અસ્થિરતાના કારણે, ગુનાના કે ભ્રષ્ટ અથવા ગેરકાયદેસર આચરણના કારણે, ગેરલાયક ઠરાવાઈ ન હોય તેવી દરેક વ્યક્તિ, એવી કોઈ પણ ચૂંટણીમાં મતદાર તરીકે નોંધાવા માટે હકદાર ગણાશે.

### અનુચ્છેદ : ૩૨૭ વિધાનમંડળો માટે ચૂંટણી સંબંધિત જોગવાઈ કરવાની સંસદની સત્તા

આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, સંસદનાં બેમાંથી કોઈ ગૃહની અથવા રાજ્યના વિધાનમંડળના ગૃહની કે બેમાંથી કોઈ ગૃહની ચૂંટણીઓ સંબંધી કે તેની સાથે સંકળાયેલી તમામ બાબતો, જેમાં મતદાર યાદીઓ તૈયાર કરવાની, મતદાર મંડળોનું સીમાંકન અને એવા ગૃહ કે ગૃહોની વિધિસર રચના કરવા માટે જરૂરી બીજી તમામ બાબતોનો સમાવેશ થાય છે તે અંગે સંસદ વખતોવખત કાયદાથી જોગવાઈ કરી શકશે.

### અનુચ્છેદ : ૩૨૮ વિધાનમંડળની ચૂંટણીના સંબંધમાં જોગવાઈ કરવાની તે વિધાનમંડળની સત્તા

આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, અને સંસદ આ અર્થે જોગવાઈ ન કરે તેટલે અંશે, કોઈ રાજ્યના વિધાનમંડળના ગૃહની અથવા બેમાંથી કોઈ ગૃહની ચૂંટણી સંબંધી અથવા તેની સાથે સંકળાયેલી તમામ બાબતો, જેમાં મતદાર યાદીઓ તૈયાર કરવાની અને તેવા ગૃહ અથવા ગૃહોની વિધિસર રચના કરવા માટે જરૂરી બીજી તમામ બાબતોનો સમાવેશ થાય છે તે અંગે રાજ્યનું વિધાનમંડળ વખતોવખત કાયદાથી જોગવાઈ કરી શકશે.

### અનુચ્છેદ : ૩૨૯ ચૂંટણી સંબંધિત બાબતોમાં અદાલતની દરમ્યાનગીરી પર પ્રતિબંધ

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં,

(ક) મતદાર મંડળોના સીમાંકન સંબંધી અથવા તેવાં મતદાર મંડળોને બેઠકોની ફાળવણી સંબંધી અનુચ્છેદ ૩૨૭ અથવા

Astha Academy Mo.8980961441

અનુચ્છેદ ૩૨૮ હેઠળ કરેલ કે કર્યાનું અભિપ્રેત હોય તેવા કોઈ કાયદાની કાયદેસરતા સામે કોઈ પણ ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકાશે નહિ;

(ખ) સમુચિત વિધાનમંડળે કરેલા કોઈ કાયદાથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તે સત્તાધિકારી સમક્ષ અને તે રીતે ચૂંટણી અરજી રજૂ કર્યા સિવાય, સંસદના બેમાંથી કોઈ ગૃહની અથવા રાજ્યના વિધાનમંડળના ગૃહ કે બેમાંથી કોઈ ગૃહની કોઈ પણ ચૂંટણી સામે વાંધો ઉઠાવી શકાશે નહી.

### અનુચ્છેદ : ૩૨૯ – ક પ્રધાનમંત્રી અને અધ્યક્ષની બાબતમાં, સંસદમાં તેમની ચૂંટણીઓ અંગે ખાસ જોગવાઈ

સંવિધાન (ચુંમાળીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૮ની કલમ ૩૬થી રદ કર્યો છે.

# ભાગ ૧૬
# અમૂક વર્ગો સંબંધી ખાસ જોગવાઈઓ

### અનુચ્છેદ : 330 :– લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકોનું આરક્ષણ

(૧) લોકસભામાં–

(ક) અનુસૂચિત જાતિઓ;

(ખ) આસામના સ્વાયત્ત જિલ્લાઓમાંની અનુસૂચિત આદિજાતિઓ સિવાયની અનુસૂચીત આદિજાતિઓ, અને )

(૨) ખંડ (૧) થી સંવિધાનના અનુચ્છેદ 330માં કરેલા સુધારાથી આ અધિનિયમના આરંભે વિદ્યમાન લોકસભાનું વિસર્જન ન થાય ત્યાં સુધી, લોકસભામાંના કોઈ પ્રતિનિધિત્વ ઉપર અસર થશે નહી.

(ગ) આસામના સ્વાયત્ત જિલ્લાઓની અનુસૂચિત આદિજાતિઓ, માટે બેઠકો અનામત રાખવામાં આવશે.

(૨) ખંડ (૧) હેઠળ કોઈ રાજ્યમાં અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું, લોકસભામાં તે રાજ્યને અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં ફાળવેલી બેઠકોની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, તે રાજ્યમાંની (અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંની) અથવા તે રાજ્યના અથવા સંઘ રાજ્યક્ષેત્રના ભાગમાંની અનુસૂચિત આદિજાતિની વસ્તી જેના સંબંધમાં એવી રીતે બેઠકો અનામત રાખવામાં આવી હોય તેનુ પ્રમાણ, યથાપ્રસંગ, તે રાજ્યની અથવા સંઘ રાજ્યક્ષેત્રની કુલ વસ્તી જોડે જેટલું હોય, તેટલું રહેશે.

(૩) ખંડ (૨) માં ગમે તે મજકૂર હોય તે છતાં, લોકસભામાં આસામના સ્વાયત્ત જિલ્લાઓની અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું તે રાજ્યને ફાળવેલી બેઠકોની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, ઓછામાં ઓછું, સદરહુ સ્વાયત્ત જિલ્લાઓમાંની અનુસૂચિત આદિજાતિઓની વસ્તીનું પ્રમાણતે રાજ્યની કુલ વસ્તી જોડે જેટલું હોય, તેટલું રહેશે.

**સ્પષ્ટીકરણ :** આ અનુચ્છેદમાં અને અનુચ્છેદ ૩૩૨ માં ''વસ્તી'' એ શબ્દનો અર્થ, જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઇ ગયા હોય એવી છેલ્લી વસ્તી ગણતરીમાં નક્કી કર્યા પ્રમાણેની વસ્તી, એવો થાય છે;

પરંતુ આ સ્પષ્ટીકરણમાં, જેને લગતા આંકડા પ્રસિદ્ધ થયા હોય એવી છેલ્લી વસ્તી ગણતરીના ઉલ્લેખનો અર્થ, સન ૨૦૨૬ પછી કરેલી પ્રથમ વસ્તી ગણતરીને લગતા આંકડા પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી, સન ૨૦૦૧ની વસ્તી ગણતરીના ઉલ્લેખ તરીકે કરવો જોઈશે.

### અનુચ્છેદ : ૩૩૧ લોકસભામાં એંગ્લો ઈન્ડિયન જાતિનું પ્રતિનિધિત્વ

અનુચ્છેદ ૮૧માં ગમે તે મજકૂર હોય તે છતાં, એંગ્લો-ઈન્ડિયન કોમને લોકસભામાં પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું નથી એવો રાષ્ટ્રપતિનો અભિપ્રાય થાય, તો તેઓ તે કોમના વધુમાં વધુ બે સભ્યોને લોકસભામાં નિયુક્ત કરી શકાશે.

### અનુચ્છેદ : ૩૩૨ રાજ્યોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકોનું આરક્ષણ

(૧) દરેક રાજ્યની વિધાનસભામાં અનુસૂચિત જાતિઓ માટે અને આસામના સ્વાયત્ત જિલ્લાઓમાંની અનુસૂચિત આદિજાતિઓ સિવાયની અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત બેઠકો રાખવામાં આવશે.

(૨) આસામ રાજ્યની વિધાનસભામાં સ્વાયત્ત જિલ્લાઓ માટે પણ બેઠકો અનામત રાખવામાં આવશે.

(૩) ખંડ (૧) હેઠળ કોઈ રાજ્યની વિધાનસભામાં અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું વિધાનસભામાંની બેઠકોની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, યથાપ્રસંગ, તે રાજ્યમાંની અનુસૂચિત જાતિની અથવા તે રાજ્યમાંની કે તે રાજ્યના ભાગમાંની અનુસૂચિત આદિજાતિની વસ્તી જેના અંગે એવી રીતે બેઠકો અનામત

Astha Academy Mo.8980961441

રાખવામાં આવી હોય, તેનુ પ્રમાણ તે રાજ્યની કુલ વસ્તી જોડે જેટલું હોય, તેટલું રહેશે.

(૩ક) ખંડ (૩) માં ગમે તે મજકૂર હોય તે છતાં, અરૂણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ અને નાગાલેન્ડના રાજ્યોની વિધાન સભાઓમાં બેઠકોની સંખ્યાની ૨૦૨૬ના વર્ષ પછી પ્રથમ વસ્તી ગણતરીના ધોરણે ફેર ગોઠવણીની અનુચ્છેદ ૧૭૦ હેઠળ અસર ન થાય ત્યાં સુધી, આવા કોઈ પણ રાજ્યની વિધાનસભામાં અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠકો –

(ક) સંવિધાન (સત્તાવનમા સુધારા) અધિનિયમ, ૧૯૮૭ અમલમાં આવ્યાની તારીખે, અસ્તિત્વમાં હોય એવા રાજ્યની વિધાનસભા આમાં હવે પછી આ ખંડમાં વિદ્યમાન વિધાનસભા તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાંની તમામ અનુસૂચિત આદિજાતિના સભ્યોને ધરાવી હોય તો, એક સિવાય તમામ બેઠકો રહેશે;

(ખ) અન્ય કોઈ પણ કિસ્સામાં, બેઠકોની કુલ સંખ્યા સાથે બેઠકોની આવી સંખ્યા જે પ્રમાણે ધરાવતી હોય તે પ્રમાણ, વિદ્યમાન વિધાનસભામાં અનુસૂચિત આદિજાતિના સભ્યોની સદરહુ તારીખે હોય તેમ સંખ્યા વિદ્યમાન વિધાનસભાની બેઠકોની કુલ સંખ્યા સાથે ધરાવતી હોય તેના કરતાં ઓછું ન હોય તેટલા પ્રમાણમાં રહેશે.

(૩ખ) ખંડ (૩)માં ગમે તે મજકૂર હોય તે છતાં, ત્રિપુરા રાજ્ય વિધાનસભામાંની બેઠકો, અનુચ્છેદ ૧૭૦ હેઠળ ફેર ગોઠવણી થાય ત્યાં સુધી, વિધાનસભામાંની અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખવામાં આવશે. તેવી બેઠકો, સંવિધાન (બોંતેરમા સુધારા) અધિનિયમ, ૧૯૯૨ અમલમાં આવે તે તારીખે, તે વિધાનસભામાં બેઠકોની જેટલી કુલ સંખ્યા હોય તેટલી સંખ્યા સાથે, સદરહું તારીખે અસ્તિત્વમાં હોય તેટલું જે પ્રમાણ, બેઠકોની કુલ સંખ્યા, સને ૨૦૨૬ પછીના પ્રથમ વસ્તી ગણતરીના આધારે અમલી બનશે.

(૪) આસામ રાજ્યની વિધાનસભામાં કોઈ સ્વાયત્ત જિલ્લા માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું તે વિધાનસભાની બેઠકોની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, ઓછામાં ઓછું, તે જિલ્લાની વસ્તીનું પ્રમાણ તે રાજ્યની કુલ વસ્તી જોડે જેટલું હોય, તેટલું રહેશે.

(૫) આસામના કોઈ સ્વાયત્ત જિલ્લા માટે અનામત રાખેલી બેઠકો માટેનાં મતદાર મંડળોમાં તે જિલ્લા બહારના કોઈ વિસ્તારનો સમાવેશ થશે નહી.

(૬) આસામ રાજ્યના કોઈ સ્વાયત્ત જિલ્લાની અનુસૂચિત આદિજાતિ ન હોય એવી કોઈ વ્યક્તિ, તે જિલ્લાની કોઈ મતદાર મંડળમાંથી તે રાજ્યની વિધાનસભામાં ચુંટવા માટે પાત્ર ગણાશે નહી.

પરંતુ આસામ રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ માટે, બોડોલેન્ડ પ્રાદેશિક વિસ્તાર જિલ્લામાં સમાવિષ્ટ મતદાર મંડળોમાં અનુસૂચિત આદિજાતિઓ અને બિન-અનુસૂચિત આદિજાતિઓનું, એવી રીતે જાહેર કરેલું અને બોડોલેન્ડ પ્રાદેશિક વિસ્તાર જિલ્લાની રચના પહેલાં વિદ્યમાન હોય તેવુ પ્રતિનિધિત્વ ચાલુ રાખવામાં આવશે.

### અનુચ્છેદ : ૩૩૩ રાજ્યોની વિધાનસભાઓમાં એંગ્લો ઈન્ડિયન જાતિનું પ્રતિનિધિત્વ

અનુચ્છેદ ૧૭૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ રાજ્યના રાજ્યપાલનો એવો અભિપ્રાય થાય કે, એંગ્લો-ઈન્ડિયન કોમને રાજ્યની વિધાનસભામાં પ્રતિનિધત્વ હોવું જોઈએ અને તેને તેમાં પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું નથી તો તે કોમના એક સભ્યને વિધાનસભામાં તેઓ નિયુક્ત કરી શકશે.

### અનુચ્છેદ : ૩૩૪ :- બેઠકોનું આરક્ષણ અને ખાસ પ્રતિનિધિત્વ સિત્તેર વર્ષ પછી બંધ થવા બાબત

આ ભાગની અગાઉની જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં,

(ક) લોકસભામાં અને રાજ્યોની વિધાસભાઓમાં અનુસુચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવા સંબંધમાં; અને

(ખ) લોકસભામાં અને રાજ્યોની વિધાનસભાઓમાં નિયુક્તિ દ્વારા એંગ્લો-ઈન્ડિયન કોમને પ્રતિનિધિત્વ આપવા સંબંધમાં;

આ સંવિધાનની જોગવાઈઓ, આ સંવિધાનના આરંભથી સિત્તેર વર્ષની મુદત પૂરી થયે અમલમાં રહેશે નહિ.

પરંતુ લોકસભામાં કે કોઈ રાજ્યની વિધાનસભામાંના કોઈ પ્રતિનિધિત્વ ઉપર, યથાપ્રસંગ, તે વખતની વિદ્યમાન લોકસભા કે વિધાનસભાનું વિસર્જન થાય ત્યાં સુધી, આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરથી અસર થશે નહી.

### અનુચ્છેદ : ૩૩૫ સેવાઓ અને જગ્યાઓ માટે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના દાવાઓ

સંઘના અથવા રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓ અને જગાઓ ઉપર નિમણૂક કરતી વખતે વહીવટની કાર્યક્ષમતાની જાળવણીને સુસંગત હોય તે રીતે,

Astha Academy Mo. 8980961441

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યોના દાવા વિચારણામાં લેવામાં આવશે.

પરંતુ સંઘ અથવા રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓમાં કોઈ પણ વર્ગ અથવા વર્ગોની જગાઓ પર બઢતી આપવાની બાબતમાં અનામત રાખવા માટે કોઈ પણ પરીક્ષામાં લાયકી ગુણની છૂટછાટ માટે અથવા મૂલ્યાંકનનાં ધોરણો નીચે લાવવા માટે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યોની તરફેણમાં કોઈ પણ જોગવાઈ કરવા માટે આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરથી બાધ આવશે નહી.

## અનુચ્છેદ : ૩૩૬ એંગ્લો ઈન્ડિયન જાતિ માટે અમૂક સેવાઓમાં ખાસ જોગવાઈ

(૧) આ સંવિધાનના આરંભ પછી, પહેલાં બે વર્ષ દરમિયાન સંઘની રેલ્વે, કસ્ટમ ટપાલ અને તારની સેવાઓમાંની જગાઓ ઉપર એંગ્લો-ઈન્ડિયન કોમના સભ્યોની નિમણૂકો સને ૧૯૪૭ ના ઓગષ્ટ મહિનાની પંદરમી તારીખથી તરત જ પહેલાં જે ધોરણે કરવામાં આવતી હતી તે જ ધોરણે કરવામાં આવશે.

ત્યાર પછીની દર બે વર્ષની મુદત દરમિયાન સદરહુ સેવાઓમાં તે કોમના સભ્યો માટે અનામત રાખેલ જગાઓની સંખ્યા, તેની તરત જ પહેલાંની બે વર્ષની મુદત દરમિયાન એ રીતે અનામત રાખેલી જગાઓની સંખ્યા કરતાં દસ ટકાની શક્ય તેટલી નજીકમાં નજીકની સંખ્યા જેટલી ઓછી રહેશે.

પરંતુ આ સંવિધાન આરંભથી દસ વર્ષને અંતે તેવી તમામ અનામત જગાઓ બંધ થશે.

(૨) એંગ્લો-ઈન્ડિયન કોમના સભ્યો બીજી કોમના સભ્યોની સરખામણીમાં ગુણવત્તાના ધોરણે નિમણૂક માટે લાયક જણાય, તો ખંડ (૧) હેઠળ તે કોમ માટે અનામત રાખેલી જગાઓ સિવાયની કે તે ઉપરાંતની જગાઓ ઉપર તેવા સભ્યોની નિમણૂકને તે ખંડમાંના કોઈ પણ મજકૂરથી બાધ આવશે નહી.

## અનુચ્છેદ : ૩૩૭ એંગ્લો ઈન્ડિયન જાતિના લાભ માટે શૈક્ષણિક અનુદાન સંબંધિત ખાસ જોગવાઈ

આ સંવિધાનના આરંભ પછીનાં પહેલાં ત્રણ નાણાકીય વર્ષો દરમિયાન, સંઘે અને, દરેક રાજ્યે, સન ૧૯૪૮ ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષમાં એંગ્લો-ઈન્ડિયન કોમના લાભ માટે શિક્ષણ અંગે જે અનુદાર અપાયેલ હોય તેટલું જ અનુદાન આપવું જોઈશે.

ત્યાર પછીની દર ત્રણ વર્ષની મુદત દરમિયાન એ અનુદાનો તેની તરત પહેલાંની ત્રણ વર્ષની મુદત માટેના અનુદાનો કરતાં દસ ટકા જેટલા ઓછા થશે.

પરંતુ આ સંવિધાનના આરંભથી દસ વર્ષ પૂરાં થયે એંગ્લો-ઈન્ડિયન કોમને ખાસ છૂટછાટ રૂપે અપાતાં હોય તેટલા પૂરતાં તેવાં અનુદાનો બંધ થશે.

વધુમાં, કોઈ શિક્ષણ સંસ્થામાં ઓછામાં ઓછી ચાળીસ ટકા જેટલી સંખ્યાના વાર્ષિક પ્રવેશો, એંગ્લો-ઈન્ડિયન કોમ સિવાયની બીજી કોમને અપાતા ન હોય તો, તે સંસ્થા આ અનુચ્છેદ હેઠળ કોઈ પણ અનુદાન મેળવવાને હકદાર રહેશે નહી.

## અનુચ્છેદ : ૩૩૮ અનુસૂચિત જાતિ માટે રાષ્ટ્રીય પંચ

(૧) અનુસૂચિત જાતિઓ માટે, ''અનુસૂચિત જાતિઓ માટે રાષ્ટ્રીય આયોગ'' તરીકે ઓળખાતું એક આયોગ રહેશે.

(૨) સંસદે આ અર્થે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, આયોગ અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને ત્રણ અન્ય સભ્યોનું બનશે અને તેવી રીતે નીમાયેલ અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને અન્ય સભ્યોની સેવાની શરતો અને હોદ્દાની મુદત રાષ્ટ્રપતિ નિયમોથી નક્કી કરે તેવાં રહેશે.

(૩) રાષ્ટ્રપતિ પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળ આજ્ઞાપત્ર દ્વારા આયોગના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક કરશે.

(૪) આયોગને, પોતાની કાર્યરીતિનું નિયમન કરવાની સત્તા રહેશે.

(૫) આયોગની નીચે મુજબની ફરજો રહેશે.

(ક) આ સંવિધાન હેઠળ અથવા તત્સમયે પૂરતા અમલમાં હોય તેવા કોઈ બીજા કાયદા હેઠળ અથવા સરકારના કોઈ હુકમ હેઠળ અનુસૂચિત જાતિઓ માટે જોગવાઈ કરેલાં સલામતીનાં પગલાંને લગતી તમામ બાબતોનું અન્વેષણ કરવું અને તેની દેખરેખ રાખવી અને એવા સલામતીનાં પગલાંની કામગીરીનું મૂલ્યાંકન કરવુ;

(ખ) અનુસૂચિત જાતિઓ અને તેમના હક અને સલામતીના પગલાંથી વંચિત રાખવા સંબંધી ખાસ ફરિયાદોની તપાસ કરવી;

(ગ) અનુસૂચિત જાતિઓના સામાજિક-આર્થિક વિકાસની આયોજન-પ્રક્રિયા અંગે સહભાગી બનવું અને સલાહ આપવી અને સંઘ તથા કોઈ રાજ્ય હેઠળની તેમના વિકાસની પ્રગતિનું મૂલ્યાંકન કરવું;

Astha Academy Mo.8980961441

(ઘ) વાર્ષિક ધોરણે અને આયોગ યોગ્ય ગણે તેવા બીજા સમયે આવાં સલામતીનાં પગલાંની કામગીરીનો અહેવાલ રાષ્ટ્રપતિને રજૂ કરવો;

(ચ) અનુસૂચિત જાતિઓના રક્ષણ, કલ્યાણ અને સામાજિક-આર્થિક વિકાસ માટેનાં સલામતીનાં અને અન્ય પગલાંના અસરકારક અમલ માટે સંઘે કે કોઈ રાજ્યે લેવાં જોઈતાં પગલાં સંબંધી એવા અહેવાલોમાં ભલામણ કરવી; અને

(છ) રાષ્ટ્રપતિ, સંસદે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને નિયમોથી નિર્દિષ્ટ કરે તેવા, અનુસૂચતિ જાતિઓના રક્ષણ, કલ્યાણ અને આધુનિકરણના સંબંધમાં અન્ય કાર્યો કરવાં.

(૬) રાષ્ટ્રપતિ સંસદના દરેક ગૃહ સમક્ષ આવા તમામ અહેવાલ મુકાવડાવશે અને તેની સાથે સંઘને લગતી ભલામણો ઉપર લીધેલાં કે લેવા ધારેલાં પગલાંની સમજણ આપતી યાદી અને આવી ભલામણી પૈકી કોઈ ભલામણનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય, તો તે માટેનાં કારણો સામેલ કરવાં જોઈશે.

(૭) એવો કોઈ અહેવાલ કે તેનો કોઈ ભાગ, રાજ્ય સરકાર સંબંધ ધરાવતી હોય તેવી કોઈ બાબતને લગતો હોય ત્યારે, તેવા અહેવાલની એક નકલ રાજ્યના રાજ્યપાલને મોકલવી જોઈશે અને તેઓ રાજ્યના વિધાનમંડળ સમક્ષ તે મુકાવડાવશે અને તેની સાથે રાજ્યને લગતી ભલામણો ઉપર લીધેલાં કે લેવા ધારેલાં પગલાંની સમજણ આપતી યાદી અને આવી ભલામણો પૈકી કોઈ ભલામણનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય, તો તે માટેનાં કારણો સામેલ કરવાં જોઈશે.

(૮) આયોગને, ખંડ (૫) ના પેટા-ખંડ (ક) માં ઉલ્લેખેલ કોઈ બાબતનું અન્વેષણ કરતી વખતે અથવા ખંડ (૫) ના પેટા ખંડ (ખ) માં ઉલ્લેખેલ કોઈ ફરિયાદની તપાસ કરતી વખતે, વાદો ચલાવતા દીવાની ન્યાયાલયની તમામ સત્તા અને ખાસ કરીને નીચેની બાબતોના સંબંધમાં –

(ક) ભારતના કોઈ ભાગમાંથી કોઈ વ્યક્તિને સમન્સથી બોલાવવાની અને તેમને હાજર રહેવા ફરજ પાડવાની અને સોગંદ ઉપર તેમને તપાસવાની;

(ખ) કોઈ દસ્તાવેજની શોધ કરવા અને રજૂ કરવાનુ ફરમાવવાની;

(ગ) સોગંદનામા ઉપર પુરાવો સ્વીકારવાની;

(ઘ) કોઈ ન્યાયાલય કે કચેરીમાંથી કોઈ જાહેર દસ્તાવેજ અથવા તેની નકલ મંગાવવાની;

(ચ) સાક્ષીઓ અને દસ્તાવેજોની તપાસ માટે કમિશનો કાઢવાની;

(છ) રાષ્ટ્રપતિ, નિયમોથી નક્કી કરે તેવી અન્ય કોઈ બાબત અંગેની;

- સત્તા રહેશે.

(૯) સંઘ અને રાજ્ય સરકાર, અનુસૂચિત જાતિઓને અસર કરતી તમામ મહત્ત્વની નીતિ વિષયક બાબતો અંગે આયોગ સાથે પરામર્શ કરશે.'

(૧૦) આ અનુચ્છદેમાં અનુસૂચિત જાતિઓના ઉલ્લેખોમાં, અનુચ્છેદ ૩૪૦ ના ખંડ (૧) હેઠળ નીમેલા કમિશનનો રિપોર્ટ મળ્યે રાષ્ટ્રપતિ હુકમ કરીને નિર્દિષ્ટ કરે તેવા બીજા પછાત વર્ગોના ઉલ્લેખોનો અને એંગ્લો-ઈન્ડિયન કોમના ઉલ્લેખોનો પણ સમાવેશ થાય છે એવો અર્થ કરવામાં આવશે.

## અનુચ્છેદ : ૩૩૮-ક અનુસૂચિત જનજાતિઓ માટે રાષ્ટ્રીય પંચ

(૧) અનુસૂચિત આદિજાતિઓ માટે, 'અનુસૂચિત આદિજાતિઓ માટે રાષ્ટ્રીય આયોગ' તરીકે ઓળખાતું એક આયોગ રહેશે.

(૨) સંસદે આ અર્થે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, આયોગ અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને ત્રણ અન્ય સભ્યોનું બનશે અને તેવી રીતે નીમાયેલ અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને અન્ય સભ્યોની સેવાની શરતો અને હોદ્દાની મુદત રાષ્ટ્રપતિ નિયમોથી નક્કી કરે તેવાં રહેશે.

(૩) રાષ્ટ્રપતિ પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળ આજ્ઞાપત્ર દ્વારા આયોગના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક કરશે.

(૪) આયોગને પોતાની કાર્યરીતિનું નિયમન કરવાની સત્તા રહેશે.

(૫) આયોગની નીચે મુજબની ફરજો રહેશે –

(ક) આ સંવિધાન હેઠળ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ બીજા કાયદા હેઠળ અથવા સરકારના કોઈ હુકમ હેઠળ અનુસૂચિત આદિજાતિઓ માટે જોગવાઈ કરેલાં સલામતીનાં પગલાંને લગતી તમામ બાબતોનું અન્વેષણ કરવું અને અને તેની દેખરેખ રાખવી અને એવા સલામતીનાં પગલાંની કામગીરીનું મૂલ્યાંકન કરવું;

(ખ) અનુસૂચિત આદિજાતિઓ અને તેમના હક અને સલામતીનાં પગલાંથી વંચિત રાખવા સંબંધી ખાસ ફરિયાદોની તપાસ કરવી;

(ઘ) વાર્ષિક ધોરણે અને આયોગ યોગ્ય ગણે તેવા બીજા સમયે આવા સલામતીના પગલાંની કામગીરીનો અહેવાલ રાષ્ટ્રપતિને રજૂ કરવો;

Astha Academy Mo.8980961441

(ચ) અનુસૂચિત આદિજાતિઓના રક્ષણ, કલ્યાણ અને સામાજિક-આર્થિક વિકાસ માટેનાં સલામતીનાં અને અન્ય પગલાંના અસરકારક અમલ માટે સંઘે કે કોઈ રાજ્યે લેવા જોઈતાં પગલાં સંબંધી એવા અહેવાલોમાં ભલામણો કરવી; અને

(છ) રાષ્ટ્રપતિ, સંસદે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને નિયમોથી નિર્દિષ્ટ કરે તેવા, અનુસૂચિત આદિજાતિઓના રક્ષણ, કલ્યાણ અને આધુનિકરણના સંબંધમાં અન્ય કાર્યો કરવાં.

(૬) રાષ્ટ્રપતિ સંસદના દરેક ગૃહ સમક્ષ આવા તમામ અહેવાલ મુકાવડાવશે અને તેની સાથે સંઘને લગતી ભલામણો ઉપર લીધેલાં કે લેવા ધારેલાં પગલાંની સમજણ આપતી યાદી અને આવી ભલામણો પૈકી કોઈ ભલામણનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય, તો તે માટેનાં કારણો સામેલ કરવાં જોઈશે.

(૭) એવો કોઈ અહેવાલ કે તેનો કોઈ ભાગ, રાજ્ય સરકાર સંબંધ ધરાવતી હોય તેવી કોઈ બાબતને લગતો હોય ત્યારે, તેવા અહેવાલની એક નકલ રાજ્યના રાજ્યપાલને મોકલવી જોઈશે અને તેઓ રાજ્યના વિધાનમંડળ સમક્ષ તે મુકાવડાવશે અને તેની સાથે રાજ્યને લગતી ભલામણો ઉપર લીધેલાં કે લેવા ધારલાં પગલાંની સમજણ આપતી યાદી અને આવી ભલામણો પૈકી કોઈ ભલામણનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય, તો તે માટેનાં કારણો સામેલ કરવાં જોઈશે.

(૮) આયોગને, ખંડ (૫) ના પેટા-ખંડ (ક) માં ઉલ્લેખેલ કોઈ બાબતનું અન્વેષણ કરતી વખતે અથવા ખંડ (૫) ના પેટા-ખંડ (ખ) માં ઉલ્લેખેલ કોઈ ફરિયાદની તપાસ કરતી વખતે, દાવો ચલાવતા દીવાની ન્યાયાલયની તમામ સત્તા અને ખાસ કરીને નીચેની બાબતોના સંબંધમાં-

(ક) ભારતના કોઈ ભાગમાંથી કોઈ વ્યક્તિને સમન્સથી બોલાવવાની અને તેમને હાજર રહેવા ફરજ પાડવાની અને સોગંદ ઉપર તેમને તપાસવાની;

(ખ) કોઈ દસ્તાવેજની શોધ કરવા અને રજૂ કરવાનુ ફરમાવવાની;

(ગ) સોગંદનામા ઉપર પુરાવો સ્વીકારવાની;

(ઘ) કોઈ ન્યાયાલય કે કચેરીમાંથી કોઈ જાહેર દસ્તાવેજ અથવા તેની નકલ મંગાવવાની;

(ચ) સાક્ષીઓ અને દસ્તાવેજોની તપાસ માટે કમિશનો કાઢવાની;

(છ) રાષ્ટ્રપતિ, નિયમોથી નક્કી કરે તેવી અન્ય કોઈ બાબત અંગેની

- સત્તા રહેશે.

(૯) સંઘ અને દરેક રાજ્ય સરકાર અનુસૂચિત આદિજાતિઓને અસર કરતી તમામ મહત્ત્વની નીતિ વિષયક બાબતો અંગે આયોગ સાથે પરામર્શ કરશે.

## અનુચ્છેદ : ૩૩૯ અનુસૂચિત વિસ્તારોના વહીવટ અને અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ પર સંઘનું નિયંત્રણ

(૧) રાષ્ટ્રપતિ આ સંવિધાનના આરંભ પછી, કોઈ પણ સમયે હુકમ કરીને રાજયોમાંના અનુસૂચિત વિસ્તારોના વહીવટ અને તેમાંની અનુસૂચિત આદિજાતિઓના કલ્યાણ અંગે રિપોર્ટ કરવા એક આયોગ નીમી શકશે અને આ સંવિધાનના આરંભથી દસ વર્ષ પૂરાં થયે તેઓએ હુકમ કરીને એવુ આયોગ નીમવું જોઈશે.

તે હુકમથી આયોગની રચના, સત્તા અને કાર્યરીતિ મુકરર કરી શકાશે અને તેમાં રાષ્ટ્રપતિ જરૂરી કે ઈચ્છાવાજોગ ગણે તેવી આનુષંગિક અથવા સહાયક જોગવાઈઓનો સમાવેશ થઈ શકશે.

(૨) સંઘની કારોબારી સત્તા કોઈ રાજ્યને તે રાજ્યમાંની અનુસૂચિત આદિજાતિના કલ્યાણ માટે આવશ્યક હોય તેવી આદેશમાં નિર્દિષ્ટ કરેલી યોજનાઓ ઘડવાના અને તેનો અમલ કરવાના આદેશો આપવા સુધી વિસ્તરશે.

## અનુચ્છેદ : ૩૪૦ પછાત વર્ગોની સ્થિતિની તપાસ માટે પંચની નિમણૂક

(૧) ભારતના રાજ્ય ક્ષેત્રની અંદર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સ્થિતિ અને તેમણે વેઠવી પડતી મુશ્કેલીઓની તપાસ કરવા અને તેવી મુશ્કેલીઓ દૂર કરવા અને તેમની સ્થિતિ સુધારવા માટે સંઘે અથવા કોઈ રાજ્યે લેવાં જોઈતાં પગલાં વિશે અને સંઘે અથવા કોઈ રાજ્યે તે હેતુ માટે આપવા જોઈતા અનુદાન વિશે અને તેવાં અનુદાન જે શરતોએ આપવા જોઈશે તે વિશે ભલામણો કરવા માટે રાષ્ટ્રપતિ હુકમ કરીને પોતાને યોગ્ય લાગે તેવી વ્યક્તિઓનું બનેલું એક આયોગ નીમી શકશે અને આવા આયોગની નિમણૂક કરતા હુકમથી તે આયોગને અનુસરવાની કાર્યરીતિ મુકરર કરી શકશે.

(૨) એવી રીતે નીમેલું આયોગ, તેને વિચારણા માટે સોંપેલી બાબતોની તપાસ કરશે અને તેને જણાવેલી હકીકતો દર્શાવતો અને પોતાને યોગ્ય લાગે તેવી ભલામણો કરતો રિપોર્ટ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરશે.

(૩) એ રીતે રજૂ થયેલા રિપોર્ટ ઉપર લેવામાં આવેલાં પગલાંની સમજૂતી આપતી યાદી સાથે રાષ્ટ્રપતિ તે રિપોર્ટની એક નકલ સંસદના દરેક ગૃહ સમક્ષ મુકાવશે.

Astha Academy Mo.8980961441

### અનુચ્છેદ : ૩૪૧ અનુસૂચિત જાતિઓ

(૧) કોઈ જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓને અથવા જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓના કયા ભાગોને અથવા તેની અંદરનાં કયાં જૂથોને, યથાપ્રસંગ, કોઈ રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્ર સંબંધમાં આ સંવિધાનના હેતુઓ માટે અનુસૂચિત જાતિઓ ગણવી તે રાષ્ટ્રપતિ તે રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્ર માટે પરંતુ રાજ્યની બાબતમાં તેના રાજ્યપાલ સાથે વિચાર વિનિમય કરીને રાજ્યપત્રિત જાહેરનામાથી નિર્દિષ્ટ કરી શકશે.

(૨) કોઈ જ્ઞાતિ, જાતિ કે આદિજાતિઓનો અથવા કોઈ જ્ઞાતિ, જાતિ કે આદિજાતિના ભાગનો અથવા તેની અંદરના જૂથોનો ખંડ (૧) હેઠળ કાઢેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી અનુસૂચતિ જાતિઓની યાદીમાં કાયદાથી સંસદ સમાવેશ કરી શકશે અથવા તેમાંથી તેને કાઢી નાખી શકશે. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે હોય તે સિવાય સદરહુ ખંડ હેઠળ કાઢેલા જાહેરનામામાં તે પછીના કોઈ જાહેરનામાથી ફેરફાર કરી શકાશે નહી.

### અનુચ્છેદ : ૩૪૨ અનુસૂચિત જનજાતિઓ

(૧) કઈ આદિજાતિઓને અથવા આદિજાતિ સમુદાય અથવા આદિજાતિઓ કે આદિજાતિ સમુદાયના કયા ભાગોને અથવા તેની અંદરનાં કયાં જૂથોને, યથાપ્રસંગ, કોઈ રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્ર સંબંધમાં આ સંવિધાનના હેતુઓ માટે અનુસૂચિત આદિજાતિઓ ગણવી તે રાષ્ટ્રપતિ તે રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્ર માટે પરંતુ રાજ્યની બાબતમાં તેના રાજ્યપાલ સાથે વિચાર વિનિમય કરીને રાજપત્રિત જાહેરનામાથી નિર્દિષ્ટ કરી શકશે.

(૨) કોઈ આદિજાતિ સમુદાયનો અથવા કોઈ આદિજાતિનો કે આદિજાતિ સમુદાયના ભાગનો અથવા તેની અદરનાં જૂથોનો ખંડ (૧) હેઠળ કાઢેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી અનુસૂચિત આદિજાતિની યાદીમાં, કાયદાથી સંસદ સમાવેશ કરી શકશે અથવા તેમાંથી તેને કાઢી નાંખી શકશે, પણ ઉપર જણાવ્યા પ્રમાણે હોય તે સિવાય, સદરહુ ખંડ હેઠળ કાઢેલા જાહેરનામામાં તે પછીના કોઈ જાહેરનામાથી ફેરફાર કરી શકાશે નહી.

# ભાગ – ૧૭

# રાજભાષા

## પ્રકરણ – ૧

## સંઘની ભાષા

### અનુચ્છેદ : ૩૪૩ :– સંઘની રાજભાષા

(૧) સંઘની રાજભાષા દેવનાગરી લિપિવાળી હિન્દી રહેશે.

સંઘના સરકારી હેતુઓ માટે વાપરવાના સંખ્યાંકોનું રૂપ, ભારતીય સંખ્યાંકોનું આંતરરાષ્ટ્રીય રૂપ રહેશે.

(૨) ખંડ (૧) માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ સંવિધાનના આરંભથી તરત પહેલાં અંગ્રેજી ભાષા સંઘના જે સરકારી હેતુઓ માટે વપરાતી હોય તે તમામ હેતુઓ માટે એ આરંભથી પંદર વર્ષ સુધી વપરાવી ચાલુ રહેશે;

પરંતુ રાષ્ટ્રપતિ સદરહુ મુદત દરમિયાન, હુકમ કરીને, સંઘના કોઈ પણ સરકારી હેતુ માટે અંગ્રેજી ભાષા ઉપરાંત હિન્દી ભાષાના અને ભારતીય સંખ્યાંકોના આંતરરાષ્ટ્રીય રૂપ ઉપરાંત સંખ્યાંકોના દેવનાગરી રૂપના ઉપયોગને અધિકૃત કરી શકશે.

(૩) આ અનુચ્છેદમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદ, કાયદથી તેમાં નિર્દિષટ કરવામાં આવે તે હેતુ માટે સદરહુ પંદર વર્ષની મુદત પછી –

(ક) અંગ્રેજી ભાષાનો, અથવા

(અ) સંખ્યાંકોના દેવનાગરી રૂપનો, ઉપયોગ કરવા માટે જોગવાઈ કરી શકશે.

### અનુચ્છેદ : ૩૪૪ રાજભાષા માટે પંચ અને સંસદની સમિતિ

(૧) આ સંવિધાનના આરંભથી પાંચ વર્ષ પૂરાં થયે અને ત્યારબાદ એવા આરંભથી દસ વર્ષ પૂરાં થયે, રાષ્ટ્રપતિ હુકમ કરીને, એક આયોગની રચના કરશે અને તે રાષ્ટ્રપતિ નીમે તેવા અધ્યક્ષ અને આઠમી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી જુદી જુદી ભાષાઓનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય એવા બીજા સભ્યોનું બનશે અને આયોગને અનુસરવાની કાર્યરીતિ તે હુકમથી મુકરર કરવામાં આવશે.

(૨) આયોગની ફરજ -

(ક) સંઘના સરકારી હેતુઓ માટે હિન્દી ભાષાની ઉત્તરોત્તર અધિક વપરાશ વિષે;

(ખ) સંઘના તમામ અથવા કોઈ સરકારી હેતુ માટે અંગ્રેજી ભાષાના ઉપયોગ ઉપર નિયંત્રણો વિષે;

(ગ) અનુચ્છેદ ૩૪૮માં જણાવેલા તમામ અથવા કોઈ હેતુ માટે વાપરવાની ભાષા વિષે;

(ઘ) સંઘના નિર્દિષ્ટ કરેલા એક કે વધુ હેતુઓ માટે વાપરવાના સંખ્યાંકોના રૂપ વિષે;

Astha Academy Mo.8980961441

(ચ) સંઘની રાજભાષા અને સંઘ અને કોઈ રાજ્ય વચ્ચેના અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચેના વ્યવહાર માટેની ભાષા અને તેની વપરાશ સંબંધી રાષ્ટ્રપતિએ આયોગને વિચાર માટે મોકલેલી બીજી કોઈ બાબત વિષે,

રાષ્ટ્રપતિને ભલામણ કરવાની રહેશે.

(૩) ખંડ (૨) હેઠળ પોતાની ભલામણો કરતી વખતે, આયોગે ભારતના ઔદ્યોગિક, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક ઉત્કર્ષનો અને બિન-હિન્દી ભાષી વિસ્તારના લોકોના જાહેર સેવાઓ સંબંધમાં યોગ્ય દાવાઓ અને હિતોનો ઘટતો ખ્યાલ રાખવો જોઈશે.

(૪) ત્રીસ સભ્યોની બનેલી એક સમિતિ રચવામાં આવશે, જેમાંના વીસ લોકસભાના અને દસ રાજ્યસભાના સભ્યો હોવા જોઈશે, જેમની ચૂંટણી અનુક્રમે લોકસભાના અને રાજ્યસભાના સભ્યો પ્રમાણસર પ્રતિનિધિત્વ અનુસાર ક્રમિક મત પદ્ધતિથી કરશે.

(૫) ખંડ (૧) હેઠળ રચાયેલા આયોગની ભલામણો તપાસી જઈ તે ઉપર રાષ્ટ્રપતિને પોતાના અભિપ્રાય વિશે રિપોર્ટ આપવાની તે સમિતિની ફરજ રહેશે.

(૬) અનુચ્છેદ ૩૪૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ ખંડ (૫) માં ઉલ્લેખેલા રિપોર્ટ ઉપર વિચારણા કર્યા પછી, સમગ્ર રિપોર્ટ કે તેના કોઈ ભાગ અનુસાર આદેશો કાઢી શકશે.

## પ્રકરણ – ૨

## પ્રાદેશિક ભાષાઓ

### અનુચ્છેદ : ૩૪૫ રાજ્યની રાજભાષા અથવા રાજભાષાઓ

અનુચ્છેદો ૩૪૬ અને ૩૪૭ની જોગવાઈઓને અધીન રહીને, કોઈ રાજ્યનું વિધાનમંડળ તે રાજ્યમાં વપરાતી એક કે વધુ ભાષાઓને અથવા હિન્દીને રાજ્યના તમામ અથવા કોઈ સરકારી હેતુ માટે વાપરવાની ભાષા અથવા ભાષાઓ તરીકે કાયદાથી અપનાવી શકશે.

પરંતુ રાજ્યનું વિધાનમંડળ કાયદાથી અન્યથા જોગવાઈ ન કરે ત્યાં સુધી, આ સંવિધાનના આરંભની તરત પહેલાં રાજ્યની અંદર જે સરકારી હેતુઓ માટે અંગ્રેજી ભાષા વપરાતી હોય તે હેતુઓ માટે તે વપરાવી ચાલુ રહેશે.

### અનુચ્છેદ : ૩૪૬ એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા કોઈ રાજ્ય અને સંઘ વચ્ચેના વ્યવહાર માટેની રાજભાષા

સંઘના સરકારી હેતુઓ માટે વાપરવાની તે સમયે અધિકૃત કરેલી ભાષા, એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે તથા કોઈ રાજ્ય અને સંઘ વચ્ચેના વ્યવહાર માટેની રાજભાષા ગણાશે.

પરંતુ બે કે વધુ રાજ્યો પોતાની વચ્ચેના વ્યવહારની રાજભાષા હિન્દી ભાષા રાખવા સંમત થાય તો, તે ભાષા તેવા વ્યવહાર માટે વાપરી શકાશે.

### અનુચ્છેદ : ૩૪૭ રાજ્યની વસ્તીના કોઈ ભાગમાં બોલાતી ભાષા સંબંધમાં ખાસ જોગવાઈ

રાષ્ટ્રપતિને ખાતરી થાય કે કોઈ રાજ્યની વસ્તીનો સારો એવો ભાગ પોતે બોલતો હોય તેવી કોઈ ભાષા વાપરવાનું તે રાજ્ય માન્ય રાખે એમ ઈચ્છે છે, તો એવી માંગણી થયે તે સમગ્ર રાજ્યમાં કે તેના કોઈ ભાગમાં તેઓ નિર્દિષ્ટ કરે તેવા હેતુ માટે તે ભાષા પણ સત્તાવાર રીતે માન્ય રાખવામાં આવે એવો આદેશ કરી શકશે.

## પ્રકરણ – ૩

## ઉચ્ચતમ ન્યાયાલય, ઉચ્ચ ન્યાયાલયો વગેરેની ભાષા

### અનુચ્છેદ : ૩૪૮ સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોમાં અને કાયદાઓ, ખરડાઓ વગેરે માટે વાપરવાની ભાષા

(૧) આ ભાગની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદ, કાયદાથી અન્યથા જોગવાઈ ન કરે ત્યાં સુધી
-

(ક) ઉચ્ચતમ ન્યાયાલયની અને દરેક ઉચ્ચ ન્યાયાલયની તમામ કાર્યવાહી;

(ખ) (૧) સંસદનાં બેમાંથી કોઈ ગૃહમાં અથવા કોઈ રાજ્યના વિધાનમંડળના ગૃહ કે બેમાંથી કોઈ ગૃહમાં રજૂ કરવાના તમામ વિધેયકો અથવા પ્રસ્તાવિત થનારા તેના સુધારાઓના,

(૨) સંસદે કોઈ રાજ્યના વિધાનમંડળે પસાર કરેલા તમામ અધિનિયમોના અને રાષ્ટ્રપતિએ અથવા કોઈ રાજ્યના રાજ્યપાલે પ્રસિદ્ધ કરેલા તમામ વટહુકમોના, અને

(૩) આ સંવિધાન હેઠળ અથવા સંસદે અથવા કોઈ રાજ્યના વિધાનમંડળે કરેલા કાયદા હેઠળ કાઢેલા તમામ હુકમો, નિયમો, વિનિયમો અને ઉપ-નિયમોના,

– અધિકૃત પાઠો, અંગ્રેજી ભાષામાં રહેશે.

Astha Academy Mo.8980961441

(૨) ખંડ (૧) ના પેટા-ખંડ (ક) માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ રાજ્યના રાજ્યપાલ, રાષ્ટ્રપતિની પૂર્વ સંમતિથી તે રાજ્યમાં જેનું મુખ્ય મથક હોય તે ઉચ્ચ ન્યાયાલયની કાર્યવાહીમાં હિન્દી ભાષાની અથવા તે રાજ્યના કોઈ સરકારી હેતુઓ માટે વપરાતી બીજી ભાષાના વપરાશને અધિકૃત કરી શકશે.

પરંતુ એવા ઉચ્ચ ન્યાયાલયે આપેલ કોઈ ફેંસલા અથવા કરેલા કોઈ હુકમનામા કે હુકમને આ ખંડમાંનો કોઈ પણ મજકૂર લાગુ પડશે નહી.

(૩) ખંડ (૧) ના પેટા-ખંડ (ખ)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ રાજ્યના વિધાનમંડળમાં રજૂ કરેલાં વિધેયકોમાં કે તેણે પસાર કરેલા અધિનિયમોમાં અથવા તે રાજ્યના રાજ્યપાલે પ્રસિદ્ધ કરેલા વટહુકમોમાં અથવા પેટા-ખંડના પરિચ્છેદ (૩)માં ઉલ્લેખેલા કોઈ હુકમ, નિયમ કે વિનિમય અથવા ઉપ-નિયમમાં વાપરવા માટે તે રાજ્યના વિધાનમંડળે અંગ્રેજી ભાષા સિવાયની કોઈ ભાષા ઠરાવી હોય ત્યારે, તે રાજ્યના રાજ્યપાલના અધિકાર હેઠળ તે રાજ્યના રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલું તેનુ અંગ્રેજી ભાષામાં કરેલું ભાષાંતર આ અનુચ્છેદ હેઠળ તેનો અંગ્રેજી ભાષામાં અધિકૃત પાઠ છે એમ ગણાશે.

### અનુચ્છેદ : ૩૪૯ ભાષા સંબંધી અમૂક કાયદાઓ કરવા માટે ખાસ કાર્યવાહી

આ સંવિધાનના આરંભથી વર્ષની મુદત દરમિયાન અનુચ્છેદ ૩૪૮ના ખંડ (૧)માં જણાવેલા કોઈ હેતુ માટે વાપરવાની ભાષા માટે જોગવાઈઓ કરતું કોઈ વિધેયક કે સુધારો રાષ્ટ્રપતિની પૂર્વમંજૂરી સિવાય, સંસદના કોઈ ગૃહમાં રજૂ કે પ્રસ્તાવિત કરી શકાશે નહિ અને અનુચ્છેદ ૩૪૪ના ખંડ (૧) હેઠળ રચાયેલા આયોગની ભલામણો અને તે અનુચ્છેદના ખંડ (૪) હેઠળ રચાયેલી સમિતિનો રિપોર્ટ વિચારણામાં લીધા સિવાય, રાષ્ટ્રપતિ એવા કોઈ વિધેયક રજૂ કરવાની અથવા એવા કોઈ સુધારાને પ્રસ્તાવિત કરવાની મંજૂરી આપશે નહી.

## પ્રકરણ – ૪

## ખાસ આદેશો

### અનુચ્છેદ : ૩૫૦ અસંતોષના નિવારણ માટેની રજૂઆતમાં વાપરવાની ભાષા

કોઈ અસંતોષના નિવારણ માટે સંઘ કે રાજ્યના કોઈ અધિકારી અથવા સત્તાધિકારી સમક્ષ, યથાપ્રસંગ, સંઘ કે રાજ્યમાં વપરાતી કોઈ ભાષામાં રજૂઆત કરવાનો દરેક વ્યક્તિને હક રહેશે.

### અનુચ્છેદ : ૩૫૦-ક પ્રાથમિક તબક્કે માતૃભાષામાં શિક્ષણની સુવિધાઓ

ભાષાકીય લઘુમતી જૂથોના બાળકોને શિક્ષણની પ્રાદેશિક કક્ષાએ માતૃભાષામાં શિક્ષણ આપવાની પૂરતી સગવડો કરી આપવા માટે દરેક રાજ્યે અને રાજ્યોમાંના દરેક સ્થાનિક સત્તામંડળે પ્રયાસ કરવો જોઈશે; અને એવી સગવડો કરી આપવા માટે રાષ્ટ્રપતિ, પોતાને જરૂરી અથવા યોગ્ય લાગે તેવા આદેશો કોઈ પણ રાજ્યને આપી શકાશે.

### અનુચ્છેદ : ૩૫૦-ખ ભાષાકીય લઘુમતી વર્ગો માટે ખાસ અધિકારી

(૧) ભાષાકીય લઘુમતીઓ માટે એક ખાસ અધિકારી રહેશે, જેની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે.

(૨) આ સંવિધાન હેઠળ ભાષાકીય લઘુમતીઓ માટે રાખેલી સલામતીઓ સંબંધી તમામ બાબતોની તપાસ કરવાની અને રાષ્ટ્રપતિ આદેશ કરે તેવા સમયાન્તરે તે બાબતો ઉપર રાષ્ટ્રપતિને રિપોર્ટ આપવાની તે ખાસ અધિકારીની ફરજ રહેશે અને રાષ્ટ્રપતિ તેવા તમામ રિપોર્ટો સંસદના દરેક ગૃહ સમક્ષ મુકાવશે તેમજ સંબંધિત રાજ્યોની સરકારને મોકલાવશે.

### અનુચ્છેદ : ૩૫૧ હિંદી ભાષાના વિકાસ માટે આદેશ

હિન્દી ભાષાનો પ્રચાર વધારવાની, ભારતની સંમિશ્ર સંસ્કૃતિનાં તમામ તત્ત્વોની અભિવ્યક્તિનું તે માધ્યમ બની શકે તે રીતે તેનો વિકાસ કરવાની અને તેની પ્રકૃતિમાં વિક્ષેપ કર્યા વિના, હિન્દુસ્તાનીમાં અને આઠમી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી ભારતની બીજી ભાષાઓમાં વપરાતાં રૂપો, શૈલી અને શબ્દપ્રયોગો તેમાં સમાવી લઈને અને જરૂરી કે ઈચ્છવાજોગ હોય ત્યાં તેના શબ્દભંડોળ માટે મુખ્યત્વે સંસ્કૃતનો અને ગૌણ પણે બીજી ભાષાઓનો ઉપયોગ કરીને તેને સમૃદ્ધ કરવાની સંઘની ફરજ રહેશે.

## ભાગ – ૧૮

## કટોકટી અંગે જોગવાઈઓ

### અનુચ્છેદ : ૩૫૨ :- કટોકટીની જાહેરાત

(૧) રાષ્ટ્રપતિને ખાતરી થાય કે એવી ગંભીર કટોકટી પ્રવર્તે છે કે જેને લીધે ભારતની અથવા તેના રાજ્યક્ષેત્રના કોઈ ભાગની સલામતી યુદ્ધને અથવા બાહ્ય આક્રમણને અથવા

Astha Academy Mo.8980961441

સશસ્ત્ર બંડને કારણે ભયમાં છે, તો તેઓ ઉદઘોષણા કરીને, સમગ્ર ભારતના અથવા ઉદઘોષણામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા તેના રાજ્યક્ષેત્રના ભાગના સંબંધમાં તે મતલબની જાહેરાત કરી શકશે.

**સ્પષ્ટીકરણ :** રાષ્ટ્રપતિને એવી ખાતરી થાય કે યુદ્ધનો અથવા બાહ્ય આક્રમણનો અથવા સશસ્ત્ર બંડનો ભય તોળાઈ રહ્યો છે; તો યુદ્ધ કે એવુ કોઈ આક્રમણ કે બંડ ખરેખર થયા પહેલાં ભારતની અથવા તેના રાજ્યક્ષેત્રના કોઈ ભાગની સલામતી એ રીતે ભયમાં છે એવુ જાહેર કરતી કટોકટીની ઉદઘોષણા કરી શકાશે.

(૨) ખંડ (૧) હેઠળ બહાર પાડેલી ઉદઘોષણામાં ત્યાર પછીની ઉદઘોષણાથી ફેરફાર કરી શકાશે અથવા તે રદ કરી શકાશે.

(૩) રાષ્ટ્રપતિથી ખંડ (૧) હેઠળની ઉદઘોષણા અથવા આવી ઉદઘોષણામાં ફેરફાર કરતી ઉદઘોષણા બહાર પાડી શકાશે નહિ, સિવાય કે આવી ઉદઘોષણા બહાર પાડી શકાય છે એવો સંઘ મંત્રીમંડળ એટલે કે, અનુચ્છેદ ૭૫ હેઠળ નિમાયેલ પ્રધાનમંત્રી અને કેબીનેટ કક્ષાના બીજા મંત્રીઓના બનેલા મંત્રીમંડળનો નિર્ણય લેખિત રૂપમાં તેમને જણાવવામાં આવ્યો હોય.

(૪) આ અનુચ્છેદ હેઠળ બહાર પાડેલી તમામ ઉદઘોષણા, સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવામાં આવશે અને તે અગાઉની ઉદઘોષણા હોય તે સિવાય, એક મહિનાની મુદત પૂરી થતાં પહેલાં સંસદનાં બન્ને ગૃહોના ઠરાવોથી માન્ય રાખવામાં આવી ન હોય, તો તે મુદત પૂરી થતાં અમલમાં રહેતી બંધ થશે.

પરંતુ અગાઉની ઉદઘોષણા રદ કરતી ઉદઘોષણા ન હોય એવી કોઈ ઉદઘોષણા લોકસભાનું વિસર્જન થઈ ગયું હોય તે સમયે બહાર પાડવામાં આવે, તો અથવા આ ખંડમાં ઉલ્લેખલ એક મહિનાની મુદત દરમિયાન લોકસભાનું વિસર્જન થાય અને ઉદઘોષણા માન્ય રાખતો ઠરાવ રાજ્યસભાએ પસાર કર્યો હોય પણ તે મુદત પૂરી થતાં પહેલાં આવી ઉદઘોષણા અંગેનો કોઈ ઠરાવ લોકસભાએ પસાર કર્યો ન હોય, તો લોકસભાની પુર્નરચના થયા પછી તેની પ્રથમ બેઠક મળે તે તારીખથી ત્રીસ દિવસ પૂરા થાય તે પહેલાં ઉદઘોષણા માન્ય રાખતો ઠરાવ લોકસભાએ પણ પસાર કર્યો ન હોય તો, સદરહું ત્રીસ દિવસની મુદત પૂરી થયે તે ઉદઘોષણા અમલમાં રહેશે નહી.

(૫) એ રીતે માન્ય થયેલી ઉદઘોષણા તેને રદ કરવામાં આવી ન હોય, તો તેનો ખંડ (૪) હેઠળ ઉદઘોષણા માન્ય રાખતો બીજો ઠરાવ કર્યાની તારીખથી છ મહિનાની મુદત પૂરી થયે અમલમાં રહેશે નહિ.

પરંતુ એવી ઉદઘોષણા અમલમાં ચાલુ રાખવાનું માન્ય રાખતો ઠરાવ સંસદનાં બન્ને ગૃહો જો અને જેટલી વાર પસાર કરે તો અને તેટલી વાર ઉદઘોષણા જો રદ કરવામાં ન આવી હોય તો, જે તારીખે આ ખંડ હેઠળ અન્યથા તેનો અમલ બંધ થયો હોત તે તારીખથી વધુ છ મહિનાની મુદત સુધી અમલમાં ચાલુ રહેશે.

વધુમાં, આવી કોઈ છ મહિનાની મુદત દરમિયાન લોકસભાનું વિસર્જન થાય અને આવી ઉદઘોષણા અમલમાં ચાલુ રાખવાનું માન્ય કરતો ઠરાવ રાજ્યસભાએ પસાર કર્યો હોય, પણ એવી ઉદઘોષણા અમલમાં ચાલુ રાખવા સંબંધી કોઈ ઠરાવ સદરહુ મુદત દરમિયાન લોકસભાએ પસાર કર્યો ન હોય તો, લોકસભાની પુર્નરચના થયા પછી તેની પ્રથમ બેઠક મળે તે તારીખથી ત્રીસ દિવસ પૂરા થાય તે પહેલાં ઉદઘોષણા અમલમાં ચાલુ રાખવાનું માન્ય રાખતો ઠરાવ લોકસભાએ પણ પસાર કર્યો ન હોય, તો સદરહુ ત્રીસ દિવસની મુદત પૂરી થતાં તે ઉદઘોષણા અમલમાં રહેશે નહી.

(૬) ખંડો (૪) અને (૫) ના હેતુઓ માટે સંસદમાં બેમાંથી એક ગૃહની કુલ સભ્ય-સંખ્યા બહુમતીથી જ અને તે ગૃહના હાજર રહીને મત આપતા સભ્યોની બે તૃતીયાંશ કરતાં ઓછી ન હોય તેટલી બહુમતીથી જ ઠરાવ પસાર કરી શકાશે.

(૭) પૂર્વવર્તી ખંડોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ ખંડ (૧) હેઠળ બહાર પાડેલી ઉદઘોષણા અથવા એવી ઉદઘોષણામાં ફેરફાર કરતી ઉદઘોષણા, જો લોકસભા એવી ઉદઘોષણા, યથાપ્રસંગ, અમાન્ય કરતો ઠરાવ અથવા અમલમાં ચાલુ રહેવાનું અમાન્ય કરવા માટેનો ઠરાવ પસાર કરે તો, રદ કરશે.

(૮) લોકસભાના સભ્યોની કુલ સંખ્યાના એક દશાંશ કરતાં ઓછા ન હોય તેટલા સભ્યોએ ખંડ (૧) હેઠળ બહાર પાડેલી ઉદઘોષણા અથવા એવી ઉદઘોષણામાં ફેરફાર કરતી ઉદઘોષણા અમાન્ય કરવા માટે અથવા યથાપ્રસંગ, અમલમાં ચાલુ રહેવાનું અમાન્ય કરવા માટેનો ઠરાવ રજૂ કરવાની તેમના ઈરાદાની લેખિત સહી કરેલ નોટિસ-

(ક) લોકસભાનું સત્ર ચાલુ હોય તો, અધ્યક્ષને, અથવા

(ખ) લોકસભાનું સત્ર ચાલુ ન હોય તો, રાષ્ટ્રપતિને, આપી હોય ત્યારે, યથાપ્રસંગ, અધ્યક્ષને અથવા, રાષ્ટ્રપતિને આવી નોટિસ મળ્યાની તારીખથી ચૌદ દિવસની અંદર લોકસભાની ખાસ બેઠક એવા ઠરાવ ઉપર વિચારણા કરવાના હેતુ માટે ભરવામાં આવશે.

Astha Academy Mo.8980961441

(૯) આ અનુચ્છેદથી રાષ્ટ્રપતિને મળેલી સત્તામાં યુદ્ધ અથવા બાહ્ય આક્રમણ અથવા સશસ્ત્ર બંડનો કે યુદ્ધનો અથવા બાહ્ય આક્રમણનો અથવા સશસ્ત્ર બંડનો ભય તોળાતો રહ્યો હોય તેવાં જુદાં જુદાં કારણોસર જુદી જુદી ઉદઘોષણા બહાર પાડવાની સત્તાનો સમાવેશ થશે, પછી ખંડ (૧) હેઠળ રાષ્ટ્રપતિએ કોઈ ઉદઘોષણા બહાર પાડી હોય કે ન પાડી હોય અને એવી ઉદઘોષણા અમલમાં હોય કે ન હોય.

## અનુચ્છેદ : ૩૫૩ કટોકટીની જાહેરાતની અસર

(ક) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંઘની કારોબારી સત્તા કોઈ રાજ્યને સંઘની કારોબારી સત્તા કઈ રીતે વાપરવી તેને વિશે આદેશો આપવા સુધી વિસ્તરશે;

(ખ) કોઈ બાબત સંઘ યાદીમાં ગણાવેલી ન હોય છતાં, તે અંગે કાયદા કરવાની સંસદની સત્તામાં, સંઘને અથવા સંઘના અધિકારીઓને કે સત્તાધિકારીઓને સત્તાઓ આપતા અને તેમના ઉપર ફરજો મૂકવાનું અધિકૃત કરતા કાયદા કરવાની સત્તાનો સમાવેશ થશે.

પરંતુ કટોકટીની ઉદઘોષણા ભારતના રાજ્યક્ષેત્રના કોઈ ભાગમાં જ અમલમાં હોય ત્યારે-

(૧) ખંડ (ક) હેઠળ આદેશો આપવાની સંઘની કારોબારી સત્તા, અને

(૨) ખંડ (ખ) હેઠળ કાયદા કરવાની સંસદની સત્તા, જેમાં કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય તેવા, ભારતના રાજ્યક્ષેત્રના કોઈ ભાગમાં અથવા તેના સંબંધમાં ચાલતી પ્રવૃત્તિઓને લીધે ભારતની અથવા તેના રાજ્યક્ષેત્રના કોઈ ભાગની સલામતી ભયમાં હોય તો અને તેટલે અંશે, જેમાં અથવા જેના કોઈ ભાગમાં કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય તે રાજ્ય સિવાયના બીજા કોઈ રાજ્ય સુધી પણ વિસ્તરશે.

## અનુચ્છેદ : ૩૫૪ જ્યારે કટોકટીની જાહેરાત અમલમાં હોય ત્યારે આવકોની વહેંચણી સંબંધની જોગવાઈઓનું લાગુ પાડવા બાબત

(૧) કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય ત્યારે રાષ્ટ્રપતિ, હુકમ કરીને, આદેશ આપી શકશે કે પોતાને યોગ્ય લાગે એવા અપવાદો અથવા સુધારા વધારા સાથે અનુચ્છેદ ૨૬૮ થી ૨૭૯ ની તમામ અથવા તે પૈકી કોઈ જોગવાઈ જે નાણાકીય વર્ષમાં એવી ઉદઘોષણાનો અમલ બંધ થવાનો હોય તે પૂરું થયા પછી, કોઈ પણ સંજોગોમાં લંબાય નહિ તેવી હુકમમાં નિર્દિષ્ટ કરેલી મુદત સુધી અમલમાં રહેશે.

(૨) ખંડ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવામાં આવશે.

## અનુચ્છેદ : ૩૫૫ :- બાહ્ય આક્રમણ અને આંતરિક અશાંતિ સામે રાજ્યોનું રક્ષણ કરવાની સંઘની ફરજ

બાહ્ય આક્રમણ અને આંતરિક અશાંતિ સામે દરેક રાજ્યનું રક્ષણ કરવાની અને દરેક રાજ્યનો વહીવટ આ સંવિધાની જોગવાઈઓ અનુસાર ચાલે તે જોવાની સંઘની ફરજ રહેશે.

## અનુચ્છેદ : ૩૫૬ :- રાજ્યમાં બંધારણીય તંત્ર નિષ્ફળ જવાના પ્રસંગે જોગવાઈઓ

(૧) કોઈ રાજ્યના રાજ્યપાલ તરફથી રિપોર્ટ મળ્યે અથવા બીજી રીતે રાષ્ટ્રપતિને ખાતરી થાય કે આ સંવિધાનની જોગવાઈઓ અનુસાર તે રાજ્યનો વહીવટ ચલાવી ન શકાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે તો, રાષ્ટ્રપતિ ઉદઘોષણા કરીને,-

(ક) તે રાજ્યની સરકારનાં તમામ અથવા તે પૈકી કોઈ કાર્ય અને રાજ્યપાલમાં અથવા તે રાજ્યના વિધાનમંડળ સિવાયના તે રાજ્યોમાંના બીજા મંડળ કે સત્તામંડળમાં નિહિત થયેલી અથવા તેમણે વાપરવાની તમામ અથવા તે પૈકી કોઈ સત્તા, પોતાને હસ્તક લઈ શકશે;

(ખ) તે રાજ્યના વિધાનમંડળની સત્તા સંસદના અધિકારથી કે તે હેઠળ વાપરી શકાશે એમ જાહેર કરી શકાશે;

(ગ) તે ઉદઘોષણાના ઉદ્દેશો બર લાવવા માટે તે રાજ્યમાંના કોઈ મંડળ કે સત્તામંડળ સંબંધ આ સંવિધાનની કોઈ જોગવાઈઓનો અમલ પૂરેપૂરો કે અંશતઃ મોકૂફ રાખવા માટેની જોગવાઈઓ સહિત, રાષ્ટ્રપતિને જરૂરી અથવા ઈચ્છનીય જણાય તેવી આનુષંગિક અને પારિણામિક જોગવાઈઓ કરી શકશે.

પરંતુ કોઈ ઉચ્ચ ન્યાયાલયમાં નિહિત થયેલી કે તેણે વાપરવાની કોઈ સત્તા પોતાને હસ્તક લેવાનો ઉચ્ચ ન્યાયાલય સંબંધી આ સંવિધાનની કોઈ જોગવાઈઓનો અમલ પૂરેપૂરો કે અંશતઃ મોકૂફ રાખવાનો અધિકાર રાષ્ટ્રપતિને આ ખંડમાંના કોઈ પણ મજકૂરથી મળશે નહી.

(૨) એવી કોઈ ઉદઘોષણાને ત્યાર પછીની ઉદઘોષણાથી રદ કરી શકાશે અથવા તેમાં ફેરફાર કરી શકાશે.

(૩) આ અનુચ્છેદ હેઠળની દરેક ઉદઘોષણાનો સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવામાં આવશે, અને અગાઉની ઉદઘોષણાનો રદ કરતી ઉદઘોષણાનો હોય તે સિવાય, બે મહિનાની મુદત પૂરી થયે તે અમલમાં રહેશે નહિ, સિવાય કે તે મુદત પૂરી

Astha Academy Mo. 8980961441

થાય તે પહેલાં તેને સંસદનાં બંને ગૃહોના ઠરાવોથી માન્ય રાખવામાં આવી હોય.

પરંતુ અગાઉની ઉદઘોષણાને રદ કરતી ન હોય તેવી કોઈ ઉદઘોષણા લોકસભાનું વિસર્જન થઈ થઈ ગયું હોય તે સમયે બહાર પાડવામાં આવી હોય અથવા આ ખંડમાં ઉલ્લેખેલી બે મહિનાની મુદત દરમિયાન લોકસભાનું વિસર્જન થાય અને ઉદઘોષણાને માન્ય રાખતો ઠરાવ રાજ્યસભાએ પસાર કર્યો હોય, પણ તે મુદત પૂરી થતાં પહેલાં એવી ઉદઘોષણા અંગેનો ઠરાવ લોકસભાએ પસાર કર્યો ન હોય, તો અને લોકસભાની પુનર્રચના થયા પછી, તેની પહેલી બેઠક મળે તે તારીખથી ત્રીસ દિવસ પૂરા થાય તે પહેલાં ઉદઘોષણા માન્ય રાખતો ઠરાવ લોકસભાએ પણ પસાર કર્યો ન હોય, તો સદરહુ ત્રીસ દિવસની મુદત પૂરી થયે તે ઉદઘોષણા અમલમાં રહેશે નહી.

(૪) એ રીતે માન્ય રાખેલી ઉદઘોષણા, તેને રદ કરવામાં નઆવી હોય તો, ઉદઘોષણા બહાર પાડ્યાની તારીખથી છ મહિનાની મુદત પૂરી થયે અમલમાં રહેશે નહિ.

પરંતુ એવી ઉદઘોષણાને રદ કરવામાં આવી ન હોય, તો સંસદનાં બંને ગૃહો તે અમલમાં ચાલુ રાખવાનું માન્ય રાખતો ઠરાવ પસાર કરે તો અને તેટલી વાર જે તારીખે આ ખંડ હેઠળ તેનો અમલ થતો બંધ થાય ત્યારથી વધુ છ મહિનાની મુદત સુધી તે અમલમાં ચાલુ રહેશે, પણ એવી કોઈ ઉદઘોષણા કોઈ પણ સંજોગોમાં ત્રણ વર્ષ કરતાં વધુ સમય સુધી અમલમાં ચાલુ રહેશે નહિ.

વધુમાં, એવી છ મહિનાની મુદત દરમિયાન લોકસભાનું વિસર્જન થાય અને એવી ઉદઘોષણા અમલમાં ચાલુ રાખવાનું માન્ય રાખતો ઠરાવ રાજ્યસભાએ પસાર કર્યો હોય, પણ સદરહુ મુદત દરમિયાન એવી ઉદઘોષણા અમલમાં ચાલુ રાખવા અંગે કોઈ ઠરાવ લોકસભાએ પસાર કર્યો ન હોય તો અને લોકસભાની પુનર્રચના થયા પછી, તેની પહેલી બેઠક મળે તે તારીખથી ત્રીસ દિવસ પૂરા થાય તે પહેલાં તેને અમલમાં ચાલુ રાખવાનું માન્ય રાખતો ઠરાવ તે લોકસભાએ પણ પસાર ન કર્યો હોય, તો સદરહુ ત્રીસ દિવસની મુદત પૂરી થયે તે ઉદઘોષણા અમલમાં રહેશે નહી.

(વળી, પંજાબ રાજ્ય સંબંધી, સને ૧૯૮૭ ના મે મહિનાની ૧૧ મી તારીખે, ખંડ (૧) હેઠળ બહાર પાડેલી ઉદઘોષણા બાબતમાં, આ ખંડના પરંતુકમાંના, ‘‘ત્રણ વર્ષ’’ એ ઉલ્લેખનો અર્થ પાંચ વર્ષ સમજવો.

(૫) ખંડ (૪) માં ગમે તે મજકૂર હોય તે છતાં, ખંડ (૩) હેઠળ માન્ય રાખેલ ઉદઘોષણા બહાર પાડ્યાની તારીખથી એક વર્ષ પુરું થયા પછીની કોઈ પણ મુદત માટે એવી ઉદઘોષણા અમલમાં ચાલુ રહેવા સંબંધી ઠરાવ સંસદના બેમાંથી કોઈ ગૃહથી પસાર કરી શકાશે નહિ, સિવાય કે -

(ક) આવો ઠરાવ પસાર કરતી વખતે સમગ્ર ભારતમાં, અથવા યથાપ્રસંગ, રાજ્યના સમગ્ર અથવા કોઈ પણ ભાગમાં, કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય ; અને.

(ખ) ચૂંટણી કમિશન એવુ પ્રમાણિત કરે કે આવા ઠરાવમાં નિર્દિષ્ટ કરેલી મુદત દરમિયાન ખંડ (૩) હેઠળ માન્ય રાખેલ ઉદઘોષણા સંબંધિત રાજ્યની વિધાનસભાની સામાન્ય ચૂંટણી કરવામાં મુશ્કેલીઓ હોવાને કારણે અમલમાં ચાલુ રાખવાનું જરૂરી હોય.

પરંતુ રાજ્ય સંબંધી સન ૧૯૮૭ ના મે મહિનાની ૧૧ મી તારીખે ખંડ (૧) હેઠળ બહાર પાડેલી ઉદઘોષણાને આ ખંડમાંનો કોઈ પણ મજકૂર લાગુ પડશે નહી.

### અનુચ્છેદ : ૩૫૭ અનુચ્છેદ ૩૫૬ને આધીન પ્રસિદ્ધ કરાયેલ જાહેરાત હેઠળ ધારાકીય સત્તાઓનો ઉપયોગ

(૧) અનુચ્છેદ ૩૫૬ ના ખંડ (૧) હેઠળ બહાર પાડેલી ઉદઘોષણાથી એમ જાહેર કરવામાં આવ્યું હોય કે રાજ્યના વિધાનમંડળની સત્તા સંસદે અથવા તેના અધિકાર હેઠળ વાપરવાની રહેશે ત્યારે –

(ક) રાજ્યના વિધાનમંડળની કાયદા કરવાની સત્તા રાષ્ટ્રપતિને આપવા માટે અને એ રીતે અપાયેલી સત્તા તેઓ એ અર્થે નિદિષ્ટ કરે એવા બીજા સત્તાધિકારીને, યોગ્ય જણાય તેવી શરતોને અધીન રહીને, સોંપવાનો રાષ્ટ્રપતિને અધિકાર આપવા માટે સંસદને સત્તા રહેશે.

(ખ) સંઘ કે તેના અધિકારીઓ અને સત્તાધિકારીઓને સત્તા આપવા અને તેમના ઉપર ફરજો મૂકવા અથવા તેમને સત્તા આપવાનુ અને તેમના ઉપર ફરજો મૂકવાનું અધિકૃત કરતા કાયદા કરવા માટે, સંસદને અથવા રાષ્ટ્રપતિને અથવા પેટા-ખંડ (ક) હેઠળ જેનામાં કાયદા કરવાની સત્તા નિહિત થઈ હોય તેવા બીજા સત્તાધિકારીને સત્તા રહેશે.

(ગ) લોકસભાનું સત્ર ચાલુ ન હોય ત્યારે, રાષ્ટ્રપતિને રાજ્યના એકત્રિત ફંડમાંથી કરેલા ખર્ચને, સંસદ તે મંજૂર ન કરે ત્યાં સુધી, અધિકૃત કરવા માટે સત્તા રહેશે.

(૨) સંસદે કે રાષ્ટ્રપતિએ અથવા બીજા સત્તાધિકારીએ રાજ્યના વિધાનમંડળની સત્તા વાપરતાં કરેલો જે કાયદો કરવાની, સંસદ કે રાષ્ટ્રપતિ અથવા ખંડ (૧) ના પેટા-ખંડ (ક) માં નિર્દિષ્ટ કરેલા બીજા સત્તાધિકારી, અનુચ્છેદ ૩૫૬ હેઠળ ઉદઘોષણા બહાર પડી ન હોત તો, સત્તા ધરાવતા ન હોય તે કાયદો, તે ઉદઘોષણાનો અમલ બંધ થયા પછી, તેમાં સક્ષમ વિધાનમંડળ અથવા બીજા સત્તામંડળ દ્વારા ફેરફાર

Astha Academy Mo.8980961441

કરવામાં ન આવે અથવા તે રદ કરવામાં ન આવે અથવા તેમાં સુધારો કરવામાં ન આવે ત્યાં સુધી, અમલમાં ચાલુ રહેશે.

### અનુચ્છેદ : ૩૫૮ કટોકટી દરમિયાન અનુચ્છેદ ૧૯ની જોગવાઈઓની મોકૂફી

(૧) ભારતની અથવા તેના રાજ્યક્ષેત્રના કોઇ પણ ભાગની સલામતી યુદ્ધને અથવા બાહ્ય આક્રમણને લીધે ભયમાં છે એમ જાહેર કરતી કટોકટીની કોઇ ઉદ્ઘોષણા અમલમાં હોય, તે દરમિયાન અનુચ્છેદ ૧૯માંના કોઇ પણ મજકૂરથી ભાગ-૩માં સમાવિષ્ટ જોગવાઈઓ ન હોત એ જે કાયદો કરવા અથવા કારોબારી પગલું ભરવા રાજ્ય સમર્થ હોત તે કાયદો કરવા કે પગલું ભરવા માટે તે ભાગમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેની રાજ્યની સત્તા મર્યાદિત રહેશે નહિ, પણ એ રીતે કરેલો કોઈ કાયદો, તેની અસમર્થતા પૂરતો, તે ઉદ્ઘોષણાનો અમલ બંધ થાય કે તરત અસરકર્તા રહેશે નહિ, સિવાય કે તે અસરકર્તા ન રહે તે પહેલાં કરેલી કે કર્યા વિના રહેવા દીધેલી બાબતો અંગે હોય.

પરંતુ, ભારતના રાજ્યક્ષેત્રના કોઇ ભાગમાં આવી કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય ત્યારે જે કોઈ રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં અથવા તેના જે કોઈ ભાગમાં કટોકટીની ઉદઘોષણા અમલમાં ન હોય, તેના સંબંધમાં અથવા તેમાં, જેટલે અંશે ભારતની અથવા તેના રાજ્યક્ષેત્રના કોઈ ભાગની સલામતી, ભારતના તે રાજ્યક્ષેત્રના જે ભાગમાં અથવા જે ભાગના સંબંધમાં કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય, તેમાં ચાલતી પ્રવૃત્તિઓને લીધે ભયમાં મુકાતી હોય તેટલે અંશે આ અનુચ્છેદ હેઠળ એવો કોઇ કાયદો કરી શકાશે અથવા એવુ કોઈ કારોબારી પગલું ભરી શકાશે.

(૨) ખંડ (૧)માંનો કોઈ મજકૂર –

(ક) એવા કોઈ કાયદાને લાગુ પડશે નહિ જેમાં એવુ બયાન સમાવિષ્ટ ન હોય કે તે કાયદો, તે કરવામાં આવ્યો ત્યારે અમલમાં હતી તે કટોકટીની ઉદઘોષણાના સંબંધમાં છે; અથવા

(ખ) એવુ બયાન સમાવિષ્ટ કરતા કાયદા હેઠળ નહિ પણ બીજી રીતે લેવામાં આવેલા કરોબારી પગલાંને લાગુ પડશે નહી.

### અનુચ્છેદ : ૩૫૯ કટોકટી દરમિયાન ભાગ – ૩ દ્વારા આપવામાં આવેલ અધિકારોના અમલની મોકૂફી

(૧) કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય, ત્યારે રાષ્ટ્રપતિ હુકમ કરીને જાહેર કરી શકશે કે, તે હુકમમાં જણાવવામાં આવે એવા અનુચ્છેદ ૨૦ અને ૨૧ સિવાય ભાગ-૩ થી અપાયેલા હકોના અમલ માટે કોઈ ન્યાયાલયમાં અરજી કરવાનો હક અને એવી રીતે જણાવેલા હકના અમલ માટે કોઈ ન્યાયાલયમાં નિકાલ બાકી હોય એવી તમામ કાર્યવાહી તે ઉદઘોષણા અમલમાં હોય તે મુદત દરમિયાન અથવા તે હુકમામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તેનાથી ઓછી મુદત સુધી મોકૂફ રહેશે.

(૧ક) ભાગ-૩ થી અપાયેલા અનુચ્છેદ ૨૦ અને ૨૧ સિવાયના હક પૈકીના કોઈનો ઉલ્લેખ કરતો ખંડ (૧) હેઠળ કરેલો હુકમ અમલમાં હોય ત્યારે, એવા હક આપતા તે ભાગમાંના કોઇ મજકૂરથી સદરહુ ભાગમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેના રાજ્યની, તે ભેગાં સમાવિષ્ટ જોગવાઈઓ ન હોય, તો રાજ્ય જે કાયદા કરવા અથવા જે કારોબારી પગલાં લેવા સક્ષમ બનતા, તેવાં રાજ્ય કરી શકે તેવા કોઇ કાયદા કરવાની અથવા લઈ શકે તેવા કોઈ કારોબારી પગલાં લેવાની સત્તા મર્યાદિત થશે નહિ, પણ ઉપર્યુક્ત હુકમ અમલમાં હોતો બંધ થાય કે તરત જ, એવી રીતે કરેલ કોઇ કાયદો તેની અક્ષમતાના પ્રમાણમાં, આવી રીતે કાયદો અમલમાં હોતો બંધ થયા પહેલાં કરેલ કૃત્યો અથવા કાર્યલોપ સિવાયના સંબંધમાં, અમલી હોય તો બંધ થશે.

પરંતુ કટોકટીની ઉદઘોષણા ભારતના રાજ્યક્ષેત્રના કોઇ ભાગમાં જ અમલમાં હોય, ત્યારે કટોકટીની ઉદઘોષણા જ્યાં અમલમાં હોય તેવા ભારતના રાજ્યક્ષેત્રના ભાગમાંની અથવા તે સંબંધી પ્રવૃત્તિઓથી ભારત અથવા તેના રાજ્યક્ષેત્રના કોઈ ભાગની સલામતી ભયમાં મૂકાતી હોય તો, જ્યાં કટોકટીની ઉદઘોષણા અમલમાં ન હોય તેવા કોઈ રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્ર અથવા તેના કોઈ ભાગમાં અથવા તેના સંબંધમાં આ અનુચ્છેદ હેઠળ આવો કોઇ કાયદો કરી શકાશે અથવા આવાં કોઈ કારોબારી પગલાં લઈ શકાશે.

(૧ખ) ખંડ (૧ક) માંનો એવો કોઈ મજકૂર –

(ક) એવા કોઈ કાયદાને લાગુ પડશે નહિ જેમાં એવુ બયાન સમાવિષ્ટ ન હોય કે તે કાયદો, તે કરવામાં આવ્યો ત્યારે અમલમાં હતી તે કટોકટીની ઉદઘોષણાના સંબંધમાં છે; અથવા

(ખ) એવુ બયાન સમાવિષ્ટ કરતા કાયદા હેઠળ નહિ પણ બીજી રીતે લેવામાં આવેલાં કારોબારી પગાલાંને લાગુ પડશે નહી.

(૨) ઉપર જણાવ્યા પ્રમાણે કરેલો હુકમ, ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર અથવા તેના કોઈ પણ ભાગ સુધી વિસ્તરશે.

પરંતુ ભારતના રાજ્યક્ષેત્રના કોઈ ભાગમાં જ કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય ત્યારે, ભારતના

Astha Academy Mo.8980961441

રાજ્યક્ષેત્રના બીજા કોઈ ભાગને એવો કોઈ હુકમ લાગુ પડશે નહિ, સિવાય કે ભારતના રાજ્યક્ષેત્રના જે કોઈ ભાગમાં અથવા જે ભાગના સંબંધમાં, કટોકટીની ઉદઘોષણા અમલમાં હોય તેમાં ચાલતી પ્રવૃત્તિઓને લીધે ભારતની અથવા તેના રાજ્યક્ષેત્રના કોઈ ભાગની સલામતી ભયમાં હોવાની ખાતરી થયે રાષ્ટ્રપતિ એવી રીતે લાગુ પાડવાનું જરૂરી ગણતા હોય.

(૩) ખંડ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવો જોઈશે.

### અનુચ્છેદ : ૩૬૦ નાણાકીય કટોકટીના સંબંધમાં જોગવાઈઓ

(૧) રાષ્ટ્રપતિને ખાતરી થાય કે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જેને લીધે ભારતની અથવા તેના રાજ્યક્ષેત્રના કોઈ ભાગની નાણાકીય સ્થિરતા કે શાખ ભયમાં છે તો તેઓ ઉદઘોષણા કરીને, તે મતલબની જાહેરાત કરી શકાશે.

(૨) ખંડ (૧) હેઠળ બહાર પાડેલી ઉદઘોષણા –

(ક) ત્યાર પછીની ઉદઘોષણાથી રદ કરી શકાશે અથવા તેમાં ફેરફાર કરી શકાશે;

(ખ) સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવામાં આવશે;

(ગ) બે મહિનાની મુદત પૂરી થયા પહેલાં સંસદના બંને ગૃહોના ઠરાવોથી તેને માન્ય રાખવામાં આવે નહિ તો તે મુદત પૂરી થયે તે અમલમાં રહેશે નહિ.

પરંતુ એવી કોઈ ઉદઘોષણા લોકસભાનું વિસર્જન થઈ ગયું હોય તે સમયે બહાર પાડવામાં આવી હોય અથવા પેટા-ખંડ (ગ) માં ઉલ્લેખેલ બે મહિનાની મુદત દરમિયાન લોકસભાનું વિસર્જન થયું હોય અને તે ઉદઘોષણાને માન્ય રાખતો ઠરાવ રાજ્યસભાએ પસાર કર્યો હોય પણ તે મુદત પૂરી થયા પહેલાં એવી ઉદઘોષણા અંગેનો ઠરાવ લોકસભાએ પસાર કર્યો ન હોય, તો, લોકસભાની પુનર્રચના થયા પછી, તેની પહેલી બેઠક મળે તે તારીખથી ત્રીસ દિવસ પૂરા થાય તે પહેલાં જ ઉદઘોષણાને માન્ય રાખતો ઠરાવ લોકસભાએ પણ પસાર કર્યો ન હોય તો સદરહુ ત્રીસ દિવસની મુદત પૂરી થયે તે ઉદઘોષણા અમલમાં રહેશે નહી.

(૩) ખંડ (૧) માં જણાવેલી કોઈ ઉદઘોષણા અમલમાં હોય તે મુદત દરમિયાન, સંઘનો કારોબારી અધિકાર, આદેશોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા નાણાકીય ઔચિત્યનાં ધોરણોનું પાલન કરવા માટે કોઈ પણ રાજ્યને આદેશો આપવા સુધી અને રાષ્ટ્રપતિ એ હેતુ માટે જરૂરી અને પૂરતા ગણે તેવા બીજા આદેશો આપવા સુધી વિસ્તરશે.

(૪) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં-

(ક) એવા કોઈ આદેશોમાં -

(૧) રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી નોકરી કરતી તમામ અથવા કોઈ વર્ગની વ્યક્તિઓના પગાર અને ભથ્થાંમાં ઘટાડો કરવાનુ ફરમાવતી કોઈ જોગવાઈનો;

(૨) અનુચ્છેદ ૨૦૭ની જોગવાઈઓ લાગુ પડતી હોય એવાં તમામ નાણાં વિધેયકો અથવા, બીજાં વિધેયકો, રાજ્યનું વિધાનમંડળ પસાર કરે તે પછી તેને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવાનું ફરમાવતી જોગવાઈનો સમાવેશ થઈ શકશે.

(ખ) આ અનુચ્છેદ હેઠળ બહાર પાડેલી કોઈ ઉદઘોષણા અમલમાં હોય તે મુદત દરમિયાન ઉચ્ચતમ ન્યાયાલયના અને ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો સહિત સંઘના કામકાજ સાથે સંબંધ ધરાવતી નોકરી કરતી તમામ અથવા કોઈ વર્ગની વ્યક્તિઓનાં પગાર અને ભથ્થાંમાં ઘટાડો કરવા માટે આદેશો કાઢવાની રાષ્ટ્રપતિને સત્તા રહેશે.

# ભાગ – ૧૯
# પ્રકીર્ણ

### અનુચ્છેદ : ૩૬૧ રાષ્ટ્રપતિ, રાજ્યપાલો અને રાજપ્રમુખોને રક્ષણ

(૧) રાષ્ટ્રપતિ અથવા કોઈ રાજ્યના રાજ્યપાલ કે રાજ્ય પ્રમુખ, પોતાના હોદ્દાની સત્તા વાપરે અને ફરજો અદા કરે એ માટે અથવા તે સત્તા વાપરતાં અને ફરજો અદા કરતાં તેમણે કરેલા અથવા કરવાનુ અભિપ્રેત હોય તેવા કોઈ કાર્ય માટે કોઈ ન્યાયાલયને જવાબદાર હોવાનું ગણાશે નહિ.

પરંતુ અનુચ્છેદ ૬૧ હેઠળ કોઈ તહોમતની તપાસ માટે સંસદના બેમાંથી કોઈ ગૃહે નિમેલા કે મુકરર કરેલા કોઈ ન્યાયાલય, ટ્રિબ્યુનલ અથવા મંડળ દ્વારા રાષ્ટ્રપતિની વર્તણૂકની તપાસ કરાવી શકાશે :

વધુમાં, ભારત સરકાર અથવા કોઈ રાજ્ય સરકાર વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરાવવાનો કોઈ વ્યક્તિનો હક આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરથી મર્યાદિત થાય છે, એમ તેનો અર્થ કરવામાં આવશે નહી.

(૨) રાષ્ટ્રપતિ અથવા કોઈ રાજ્યના રાજ્યપાલ વિરુધ્ધ તેમના હોદ્દાની મુદત દરમિયાન કોઈ ન્યાયાલયમાં કોઈ પણ પ્રકારની ફોજદારી કાર્યવાહી માંડી શકાશે નહિ અને ચાલુ રખાશે નહી.

Astha Academy Mo.8980961441

(૩) રાષ્ટ્રપતિને અથવા કોઈ રાજ્યના રાજ્યપાલને ગિરફતાર અથવા કેદ કરવા માટે તેમના હોદ્દાની મુદત દરમિયાન કોઈ ન્યાયાલયથી હુકમ કાઢી શકાશે નહી.

(૪) રાષ્ટ્રપતિ અથવા કોઈ રાજ્યના રાજ્યપાલ, તેઓ રાષ્ટ્રપતિ અથવા તે રાજ્યના રાજ્યપાલ તરીકે પોતાનો હોદ્દો સંભાળે તે પહેલાં કે પછી, તેમણે પોતાની વ્યક્તિગત હેસિયતથી કરેલા કે કરવાનુ અભિપ્રેત હોય તેવા કોઈ કાર્ય અંગે જેમાં દાદ માંગવામાં આવી હોય તેવી કોઈ દીવાની કાર્યવાહી, તેમના હોદ્દાની મુદત દરમિયાન, તે કાર્યવાહીનો પ્રકાર, તે માટેનું કારણ, એવી કાર્યવાહી માંડવાના હોય તે પક્ષકારનું નામ, વર્ણન અને ઠેકાણું અને તેણે માંગેલી દાદ દર્શાવતી લેખિત નોટિસ, યથાપ્રસંગ, રાષ્ટ્રપતિને અથવા રાજ્યપાલને પહોંચાડવામાં આવે અથવા તેમની કચેરીમાં સુપરત કરવામાં આવે તે પછી બે મહિના પૂરા ન થાય ત્યાં સુધી, કોઈ પણ ન્યાયાલયમાં માંડી શકાશે નહી.

### અનુચ્છેદ : ૩૬૧–ક સંસદ અને રાજ્ય વિધાનમંડળની કાર્યવાહીની પ્રસિદ્ધિ અંગે રક્ષણ

(૧) કોઈ વ્યક્તિ, સંસદના બેમાંથી કોઈ ગૃહની અથવા યથાપ્રસંગ, રાજ્યની વિધાનસભાની અથવા વિધાનમંડળના બેમાંથી કોઈ ગૃહની કોઈ પણ કાર્યવાહીના વસ્તુત: સાચા રિપોર્ટની વર્તમાન પત્રમાં પ્રસિદ્ધિના સંબંધમાં, એવી પ્રસિદ્ધિ દ્વેષથી કરવામાં આવી હોવાનું સાબિત ન થાય, તો કોઈ ન્યાયાલયમાં કોઈ પણ દીવાની કે ફોજદારી કાર્યવાહીને પાત્ર થશે નહિ.

પરંતુ સંસદના બેમાંથી કોઈ પણ ગૃહની અથવા, યથાપ્રસંગ, રાજ્યની વિધાનસભાની અથવા વિધાનમંડળના બેમાંથી કોઈ ગૃહની ખાનગી બેઠકની કાર્યવાહી કોઈ રિપોર્ટની પ્રસિદ્ધિને આ ખંડમાંનો કોઈ પણ મજકૂર લાગુ પડશે નહી.

(૨) ખંડ (૧) કોઈ વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ થયેલ રિપોર્ટ અથવા બાબતોના સંબંધમાં લાગુ પડે છે તેમ તે ખંડ પ્રસારણ કેન્દ્ર દ્વારા અપાતા કોઈ કાર્યક્રમ અથવા સેવાના ભાગ તરીકે બિનતારી ટેલિગ્રાફી દ્વારા પ્રસારિત રિપોર્ટો અથવા બાબતોના સંબંધમાં લાગુ પડશે.

**સ્પષ્ટીકરણ** – આ અનુચ્છેદમાં ''વર્તમાનપત્ર'' માં કોઈ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવા માટેની સામગ્રીવાળા સમાચાર એજન્સી રિપોર્ટનો સમાવેશ થાય છે.

### અનુચ્છેદ : ૩૬૧–ખ લાભપ્રદ રાજકીય પદ (હોદ્દા) પર નિમણૂક માટે ગેરલાયકાત

કોઈ પણ રાજકીય પક્ષના કોઈ પણ ગૃહના સભ્ય જેઓ, દસમી અનુસૂચિના પરિચ્છેદ ૨ હેઠળ ગૃહના સભ્ય હોવા માટે ગેરલાયક ઠર્યા હોય તેઓ, પોતાની ગેરલાયકાતની તારીખથી શરૂ થતી અને એવા સભ્ય તરીકે પોતાના પદની મુદત પૂરી થાય તે તારીખ સુધીની અથવા પોતે કોઈ ગૃહની ચૂંટણી લડતા હોય અને તેમને ચૂંટાયેલા જાહેર કરવામાં આવે તે તારીખ સુધીની, બેમાંથી જે વહેલી હોય તે મુદત માટે કોઈ પણ લાભપ્રદ રાજકીય પદ ધરાવવા માટે પણ ગેરલાયક ગણાશે.

**સ્પષ્ટીકરણ :** આ અનુચ્છેદના હેતુઓ માટે –

(ક) ''ગૃહ'' એ શબ્દપ્રયોગનો અર્થ દસમી અનુસૂચિના પરિચ્છેદ ૧ ના ખંડ (ક) માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે;

(ખ) ''લાભપ્રદ રાજકીય પદ'' એ શબ્દપ્રયોગ એટલે –

(૧) જે પદ માટેનો પગાર અથવા મહેનતાણું ભારત સરકાર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારની જાહેર મહેસૂલમાંથી ચૂકવવામાં આવતું હોય તેવુ ભારત સરકાર અથવા રાજ્ય સરકાર હેઠળનું કોઈ પદ; અથવા

(૨) ભારત સરકાર અથવા રાજ્ય સરકારની સંપૂર્ણ અથવા આંશિક માલિકીના, સંસ્થાપિત હોય કે ન હોય, તેવા મંડળ હેઠળનું અને જે પદ માટેનો પગાર અથવા મહેનતાણું એવા મંડળ દ્વારા ચૂકવવામાં આવતું હોય તેવું કોઈ પદ, સિવાય કે જ્યાં ચૂકવવામાં આવતો પગાર અથવા મહેનતાણું વળતર સ્વરૂપનું હોય.

### અનુચ્છેદ : ૩૬૨ દેશી રાજ્યોના રાજવીઓના હકો અને વિશેષાધિકારો

સંવિધાન (છવ્વીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૧ની કલમ ૨થી રદ કર્યો છે.

### અનુચ્છેદ : ૩૬૩ અમુક સંધિઓ, સમજૂતિઓ વગેરેમાંથી ઉત્પન્ન થતા વિવાદોમાં અદાલતની દરમ્યાનગીરી પર પ્રતિબંધ

(૧) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ અનુચ્છેદ ૧૪૩ની જોગવાઈઓને અધીન રહીને, કોઈ સંધિ, કબૂલાતનામું, કરારનામું, સમજૂતી સનદ અથવા તેના જેવો બીજો લેખ કે જે કોઈ દેશી રાજ્યના રાજવીએ આ સંવિધાનના આરંભ પહેલાં કર્યો હોય અથવા જેમાં તેણે સહી-સિક્કા કર્યા હોય અને જેમાં હિંદ ડુમિનિયનની કે તેની પુરોગામી કોઈ પણ સરકાર પક્ષકાર હોય અને જેનો અમલ સંવિધાનના આરંભ પછી ચાલુ હોય અથવા ચાલુ રાખવામાં

Astha Academy Mo.8980961441

આવ્યો હોય, તેમાંની કોઈ જોગવાઈઓમાંથી ઉદભવતી કોઈ તકરારમાં, અથવા એવી સંધિ કબૂલાતનામા, કરારનામા, સમજૂતી, સનદ અથવા તેના જેવી બીજા લેખ સંબંધી આ સંવિધાનની કોઈ પણ જોગવાઈ હેઠળ પ્રાપ્ત થતા કોઈ હક અથવા તે જોગવાઈઓમાંથી ઊભી થતી કોઈ જવાબદારી અથવા ફરજ અંગેની કોઈ તકરારમાં ઉચ્ચતમ ન્યાયાલયને અથવા બીજા કોઈ ન્યાયાલને હકૂમત રહેશે નહી.

(૨) આ અનુચ્છેદમાં –

(ક) ''દેશી રાજય'' એટલે આ સંવિધાનના આરંભ પહેલાં હિઝ મેજેસ્ટીએ અથવા હિંદ ડુમિનિયનની સરકારે એવા રાજ્ય તરીકે માન્ય કરેલ કોઈ રાજ્યક્ષેત્ર; અને

(ખ) ''રાજવી'' માં, એવા આરંભ પહેલાં હિઝ મેજેસ્ટીએ અથવા હિંદ ડુમિનિયમનની સરકારે કોઈ દેશી રાજ્યના રાજવી તરીકે માન્ય કરેલ પ્રિન્સ, ચીફ અથવા બીજી વ્યક્તિનો સમાવેશ થાય છે.

### અનુચ્છેદ : ૩૬૩-ક દેશી રાજ્યોના શાસકોને અપાયેલ માન્યતા બંધ કરવા અને સાલિયાણાં નાબૂદ કરવા બાબત

આ સંવિધાનમાં અથવા તે સમયે, અમલમાં હોય એવા કોઈ પણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં,-

(ક) સંવિધાન (છવ્વીસમા સુધારા) અધિનિમય, ૧૯૭૧ ના આરંભ પહેલાં કોઈ પણ સમયે રાષ્ટ્રપતિએ જેને દેશી રાજ્યોના રાજવી તરીકે માન્ય કર્યો હોય તે પ્રિન્સ, ચીફ અથવા બીજી વ્યક્તિ અથવા રાષ્ટ્રપતિએ જેને એવા આરંભ પહેલાં કોઈ પણ સમયે એવા રાજવીના ઉત્તરાધિકારી તરીકે માન્ય કરી હોય તે વ્યક્તિ એવા આરંભે અને એવા આરંભથી એવા રાજવી તરીકે અથવા એવા રાજવીના ઉત્તરાધિકારી તરીકે માન્ય રહેતી બંધ થશે ;

(ખ) સંવિધાન (છવ્વીસમા સુધારા) અધિનિમય, ૧૯૭૧ ના આરંભે અને આરંભથી સાલિયાણા નાબૂદ કરવામાં આવે છે અને સાલિયાણા અંગેના તમામ હકો, જવાબદારીઓ અને ફરજો બંધ કરવામાં આવે છે તે અનુસાર, યથાપ્રસંગ, ખંડ (ક)માં ઉલ્લેખેલા રાજવીને એ રાજવીના ઉત્તરાધિકારો અથવા બીજી કોઈ વ્યક્તિને સાલિયાણા તરીકે કોઈ પણ રકમ આપવામાં આવશે નહી.

### અનુચ્છેદ : ૩૬૪ :– મોટા બંદરો અને વિમાનમથક અંગે ખાસ જોગવાઈઓ

(૧) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાષ્ટ્રપતિ, રાજપત્રિત જાહેરનામાથી આદેશ આપી શકશે કે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી-

(ક) સંસદે અથવા કોઈ રાજ્યના વિધાનમંડળે કરેલો કાયદો, કોઈ મોટા બંદરને કે વિમાન મથકને લાગુ પડશે નહિ અથવા તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે એવા અપવાદો અથવા સુધારા વધારાને અધીન રહીને લાગુ પડશે, અથવા

(ખ) કોઈ વિદ્યમાન કાયદો સદરહુ તારીખ પહેલાં કરેલી કે કર્યા વિના રહેલી બાબતો અંગે હોય તે સિવાય, મોટા બંદરમાં કે વિમાન મથકમાં અમલી રહેશે નહિ અથવા એવા બંદર અથવા વિમાન મથકને લાગુ પડે ત્યારે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અપવાદો અને સુધારા વધારાને અધીને રહીને તે અમલમાં આવશે.

(૨) આ અનુચ્છેદમાં –

(ક) ''મોટું બંદર'' એટલે સંસદે કરેલા કોઈ કાયદા અથવા કોઈ વિદ્યમાન કાયદાથી કે તે હેઠળ મોટા બંદર તરીકે જાહેર થયેલું બંદર અને તેમાં તે સમયે એવા બંદરની હદમાં સમાવિષ્ટ થયેલ તમામ વિસ્તારોનો સમાવેશ થાય છે;

(ખ) ''વિમાન મથક'' એટલે હવાઈ માર્ગો, વિમાનોની અને હવાઈ વ્યવહાર સંબંધી અધિનિયમોના હેતુઓ સારું વ્યાખ્યા કર્યા પ્રમાણેનું વિમાનમથક.

### અનુચ્છેદ : ૩૬૫ સંઘ તરફથી અપાયેલ આદેશોનું પાલન કરવા અને પાલન ન થાય તો તેનુ પરિણામ

આ સંવિધાનની કોઈ પણ જોગવાઈ હેઠળ સંઘની કારોબારી સત્તા વાપરતા અપાયેલા કોઈ આદેશોનું કોઈ રાજ્યે પાલન કર્યું ન હોય અથવા તેનો અમલ ન કર્યો હોય ત્યારે, તે રાજ્યનો વહીવટ આ સંવિધાનની જોગવાઈઓ અનુસાર ચલાવી શકાય એમ નથી તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે, એમ ઠરાવવાનું રાષ્ટ્રપતિ માટે કાયદેસર ગણાશે.

### અનુચ્છેદ : ૩૬૬ બંધારણમાં ઉલ્લેખિત અમૂક શબ્દપ્રયોગોની વ્યાખ્યાઓ

આ સંવિધાનમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, નીચે જણાવેલા શબ્દ પ્રયોગોના અર્થો, અનુક્રમે તેમને આપવામાં આવ્યા છે તે થશે:-

(૧) ''ખેતીની આવક'' એટલે ભારતના આવકવેરા સંબંધી અધિનિયમોના હેતુઓ માટે વ્યાખ્યા કર્યા પ્રમાણેની ખેતીની આવક;

(૨) ''એંગ્લો-ઈન્ડિયન'' એટલે જે વ્યક્તિનો પિતા અથવા પિતૃપક્ષે જેનો કોઈ પણ અન્ય પુરુષ પૂર્વજ યુરોપીય વંશનો

Astha Academy Mo.8980961441

હોય અથવા હતો, પણ જેનો વસવાટ ભારતના રાજ્યક્ષેત્રમાં હોય અને તેનાં માતા-પિતા સામાન્ય રીતે જે રાજ્યક્ષેત્રની અંદર રહેતા હોય અને કામચલાઉ હેતુઓ માટે તેમાં વસ્યા ન હોય તેવા રાજ્યક્ષેત્રની અંદર જન્મેલી હોય કે હતી એવી વ્યક્તિ;

(૩) ''અનુચ્છેદ'' એટલે આ સંવિધાનનો કોઈ અનુચ્છેદ;

(૪) ''કરજે લેવું''માં વાર્ષિક રકમની ગ્રાન્ટ દ્વારા નાણાં ઊભા કરવાનો સમાવેશ થાય છે અને ''લોન'' નો અર્થ તે અનુસાર કરવામાં આવશે;

(૫) ''ખંડ'' એટલે જે અનુચ્છેદમાં એ શબ્દપ્રયોગ આવે છે તે અનુચ્છેદનો ખંડ;

(૬) ''નિગમ કર'' એટલે કંપનીઓને ભરવાનો થતો હોય અને જેના વિશે નીચે જણાવેલી શરતોનું પાલન કર્યું હોય તેવો આવક ઉપરનો કર :-

(ક) ખેતીની આવક અંગે તે લેવાપાત્ર ન હોય;

(ખ) કંપનીઓએ ચૂકવેલા, કરના સંબંધમાં, તે કરને લાગુ પાડે તેવા કોઈ અધિનિયમનથી, કંપનીઓએ વ્યક્તિઓને ચૂકવવાપાત્ર ડિવિન્ડમાંથી કોઈ પણ કપાત કરવાનુ અધિકૃત કરવામાં આવેલ ન હોય;

(ગ) ભારતના આવકવેરાના હેતુઓ માટે એવા ડિવિડન્ડ મેળવનાર વ્યક્તિઓની કુલ આવકની ગણતરીમાં અથવા એવી વ્યક્તિઓએ આપવાના કે તેઓને રિફંડ કરવાના ભારતના આવકવેરાની ગણતરીમાં, એ રીતે ભરાયેલા કરને ગણતરીમાં, લેવા માટે કોઈ જોગવાઈ ન હોય,

(૭) ''તત્સમાન પ્રાંત'',''તત્સમાન દેશી રાજ્ય'' અથવા ''તત્સમાન રાજ્ય'' એટલે શંકાવાળા દાખલાઓમાં પ્રસ્તુત હેતુ માટે રાષ્ટ્રપતિ જેને, યથાપ્રસંગ, તત્સમાન પ્રાંત, તત્સમાન દેશી રાજ્ય અથવા તત્સમાન રાજ્ય તરીકે નક્કી કરે તેવો તત્સમાન પ્રાંત, તેવુ તત્સમાન દેશી રાજ્ય અથવા તેવુ તત્સમાન રાજ્ય;

(૮) ''દેવું'' એ શબ્દમાં વાર્ષિક રકમ રૂપે મૂડીની રકમ ભરપાઈ કરવાની કોઈ ફરજ અંગેની જવાબદારીનો અને કોઈ જામીનગીરી હેઠળની જવાબદારીનો સમાવેશ થાય છે અને ''દેવા અંગેના ખર્ચ'' નો અર્થ તે અનુસાર કરવામાં આવશે;

(૯) ''એસ્ટેટ ડ્યૂટી'' એટલે મુત્યુ થયે પ્રાપ્ત થતી અથવા તે ડ્યૂટી સંસદે અથવા રાજ્યના વિધાનમંડળે કરેલા કાયદાની જોગવાઈઓ હેઠળ, મૃત્યુ થયે પ્રાપ્ત થઈ ગણાતી તમામ મિલકતની સદરહુ કાયદાથી કે તે હેઠળ ઠરાવવામાં આવે તે નિયમો અનુસાર નક્કી કરેલી મૂળ કિંમત ઉપર અથવા તેને અનુલક્ષીને આકારેલી ડ્યૂટી;

(૧૦) ''વિધમાન કાયદો'' એટલે આ સંવિધાનના આરંભ પહેલાં કોઈ કાયદો, વટહુકમ, હુકમ, પેટાકાયદો, નિયમ અથવા વિનિયમ કરવાની સત્તા ધરાવતા કોઈ વિધાનમંડળે પસાર કરેલો અથવા કોઈ સત્તામંડળે કે વ્યક્તિએ કરેલો કાયદો, વટહુકમ, પેટા-કાયદા, નિયમ અથવા વિનિયમ;

(૧૧) ''ફેડરલ ન્યાયાલય'' એટલે હિંદ રાજ્ય વહીવટી અધિનિયમ, ૧૯૩૫ હેઠળ રચેલું ફેડરલ ન્યાયાલય;

(૧૨) ''માલ''માં તમામ માલસામાન, વેપાર માટેની ચીજો અને વસ્તુઓનો સમાવેશ થાય છે;

(૧૩) ''બાંયધરી'' માં કોઈ અન્ડરટેકીંગનો નફો, નિર્દિષ્ટ રકમ કરતાં ઓછો રહે તે પ્રસંગે ચૂકવવા માટે આ સંવિધાનના આરંભ પહેલાં સ્વીકારેલી કોઈ કરજોનો સમાવેશ થાય છે;

(૧૪) ''ઉચ્ચ ન્યાયાલય'' એટલે આ સંવિધાનના હેતુઓ માટે કોઈ રાજ્યના ઉચ્ચ ન્યાયાલય તરીકે ગણાતું કોઈ ન્યાયાલય અને તેમાં –

(ક) આ સંવિધાન હેઠળ ઉચ્ચ ન્યાયાલય તરીકે રચેલા અથવા પુનર્રચિત ભારતના રાજ્યક્ષેત્રમાંના કોઈ ન્યાયાલયનો, અને

(ખ) આ સંવિધાનના હેતુઓ પૈકી તમામ અથવા કોઈ હેતુ માટે ઉચ્ચ ન્યાયાલય તરીકે કાયદાથી સંસદ જાહેર કરે તેવા ભારતના રાજ્યક્ષેત્રમાંના બીજા કોઈ ન્યાયાલયનો, સમાવેશ થાય છે.

(૧૫) ''દેશી રાજ્ય'' એટલે હિંદ ડુમિનિયનની સરકારે એવા રાજ્ય તરીકે માન્ય કરેલું કોઈ રાજ્યક્ષેત્ર;

(૧૬) ''ભાગ'' એટલે આ સંવિધાનનો કોઈ ભાગ;

(૧૭) ''પેન્શન'' એટલે કોઈ વ્યક્તિને અથવા તેના સંબંધમાં આપવાનુ ફાળાવાળું કે વિનાનું કોઈ પણ પ્રકારનું પેન્શન અને તેમાં એરીતે આપવાના નિવૃત્તિ-વેતન, ગ્રેચ્યુઈટી અને કોઈ પ્રોવિડન્ટ ફંડમાં ભરાયેલા, તે ઉપરના વ્યાજ કે તેમાં બીજા કોઈ વધારા સહિતની કે તે વિનાની પરત ચૂકવણી તરીકે, એ રીતે આપવાની થતી રકમ કે રકમનો સમાવેશ થાય છે;

(૧૮) ''કટોકટી ઉદઘોષણા'' એટલે અનુચ્છેદ ૩૫૨ ના ખંડ (૧) હેઠળ બહાર પાડેલી કોકટીની ઉદઘોષણા;

(૧૯) ''રાજપત્રિત જાહેરનામું'' એટલે યથાપ્રસંગ, ભારતના રાજપત્રમાંનું અથવા કોઈ રાજ્યના રાજપત્રમાંનું જાહેરનામું;

(૨૦) ''રેલ્વે '' માં –

(ક) પરેપૂરી કોઈ નગરપાલિકા વિસ્તારમાં આવેલી ટ્રામવેનો, અથવા

Astha Academy/ Mo.8980961441

(ખ) પૂરેપૂરા કોઈ એક રાજ્યમાં આવેલા અને જેને કાયદાથી સંસદે રેલ્વે ન હોવાનું જાહેર કર્યું હોય તેવા બીજા કોઈ વાહન વ્યવહાર-માર્ગનો, સમાવેશ થતો નથી;

(૨૨) ''રાજવી'' એટલે સંવિધાન (છવ્વીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૧ ના આરંભ પહેલાં કોઈ પણ સમયે રાષ્ટ્રપતિએ જેને દેશી રાજ્યના રાજવી તરીકે માન્ય કર્યો હોય તે પ્રિન્સ, ચીફ કે બીજી વ્યક્તિ અથવા રાષ્ટ્રપતિએ જેને એવા આરંભ પહેલાં કોઈ પણ સમયે એવા રાજવીના ઉત્તરાધિકારી તરીકે માન્ય કરી હોય તે કોઈ વ્યક્તિ;

(૨૩) ''અનુસૂચિ'' એટલે આ સંવિધાનની અનુસચિ;

(૨૪) ''અનુસૂચિત જાતિઓ'' એટલે સંવિધાનના હેતુઓ માટે અનુચ્છેદ ૩૪૧ હેઠળ અનુસૂચિત જાતિઓ તરીકે ગણાયેલી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓ અથવા એવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓના ભાગો કે તેમની અંદરના જૂથો;

(૨૫) ''અનુસૂચિત આદિજાતિઓ'' એટલે આ સંવિધાનના હેતુઓ માટે અનુચ્છેદ ૩૪૨ હેઠળ અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાયેલી આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાયોના અથવા એવી આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાયોના ભાગો કે તેમની અંદરના જૂથો;

(૨૬) ''સિક્યુરિટીઓ''માં સ્ટોકનો સમાવેશ થાય છે;

(૨૭) ''પેટા-ખંડ'' એટલે જે ખંડમાં તે શબ્દપ્રયોગ આવતો હોય તેનો પેટા-ખંડ;

(૨૮) ''કરવેરા'' માં સામાન્ય અથવા સ્થાનિક અથવા ખાસ કર અથવા વેરો નાખવાનો સમાવેશ થાય છે અને ''કર'' નો અર્થ તે અનુસાર કરવામાં આવશે;

(૨૯) ''આવક ઉપરના કર'' માં વધારાના નફા ઉપરના કર જેવા કરનો સમાવેશ થાય છે.

(૨૯-ક.) ''માલના વેચાણ અથા ખરીદી ઉપરના કર'' માં નીચેનાનો સમાવેશ થાય છે.

(ક) કરાર અનુસાર હોય તે સિવાય બીજી રીતે રોકડેથી, પાછળથી કરવાની ચુકવણી બદલ અથવા બીજા કિંમતી અવેજ બદલ કોઈ પણ માલની માલિકી તબદીલ કરવા ઉપરનો કર;

(ખ) બાંધકામના કરારનો અમલ કરવામાં જરૂરી હોય તે માલની માલિકી તબદીલ કરવા ઉપરનો કર પછી માલ તરીકે અથવા કોઈ બીજા સ્વરૂપે હોય તો પણ;

(ગ) હપ્તા દ્વારા, ભાડા ખરીદીથી અથવા ચૂકવણીની કોઈ પદ્ધતિ ઉપર માલની ડિલીવરી કરવા ઉપરનો કર;

(ઘ) રોકડેથી પાછળથી કરવાની ચૂકવણી બદલ અથવા અન્ય કિંમતી અવેજ બદલ કોઈ હેતુ સારુ કોઈ માલ વાપરવાના હકની તબદીલ ઉપરનો કર પછી તે નિર્દિષ્ટ મુદત માટે હોય કે ન હોય તો પણ;

(ચ) કોઈ બિન-સંસ્થાપતિ વ્યક્તિઓના એસોસિયેશન અથવા મંડળે તેના કોઈ સભ્યને રોકડેથી, પછીથી કરવાની ચૂકવણી બદલ અન્ય કિંમતી અવેજ બદલ માલ પૂરો પાડવા ઉપરનો કર;

(છ) કોઈ સેવા તરીકે અથવા તેના ભાગ તરીકે અથવા બીજી કોઈ રીતે ખોરાક અથવા માનવ વપરાશ માટેની બીજી કોઈ ચીજ હોય અથવા કેફી હોય કે ન હોય એવું કોઈ પીણું હોય એવો માલ પૂરો પાડવા ઉપરનો કર, જ્યારે એવો પુરવઠો અથવા સેવા રોકડેથી, પછીથી કરવાની ચૂકવણી બદલ અથવા અન્ય કિંમતી અવેજ બદલ હોય ત્યારે,

અને, કોઈ માલની આવી તબદીલી, ડિલીવરી અથવા પુરવઠો આવી તબદીલી કે ડિલીવરી કરતી અથવા પુરવઠો આપતી વ્યક્તિએ તે માલ વેચ્યો હોવાનું અને જેને એવી તબદીલી કે ડિલીવરી કરી હોય અથવા પુરવઠો આપ્યો હોય તે વ્યક્તિએ તે માલ ખરીદ્યો હોવાનું ગણાશે.

(૩૦) ''સંઘ રાજ્યક્ષેત્ર'' એટલે પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલું કોઈ સંઘ રાજ્યક્ષેત્ર અને તેમાં ભારતના રાજ્યક્ષેત્રમાં આવેલા પણ તે અનુસૂચિમાં નિર્દિષ્ટ નહિ કરેલા બીજા કોઈ રાજ્યક્ષેત્રનો સમાવેશ થાય છે.

### અનુચ્છેદ : ૩૬૭ અર્થઘટન

(૧) સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, હિંદુ ડુમિનિયનના વિધાનમંડળના કોઈ અધિનિયમના અર્થઘટન માટે ''સામાન્ય કલમ અધિનિયમ ૧૮૯૭'', જેમ લાગુ પડે છે તેમ, અનુચ્છેદ ૩૭૨ હેઠળ તેમાં કરવામાં આવે તેવા અનુકૂળ ફેરફારો અને સુધારાવધારાને અધીન રહીને, આ સંવિધાનના અર્થઘટન માટે તે લાગુ પડશે.

(૨) સંસદના અધિનિયમો અથવા સંસદે કરેલા કાયદા અંગેના અથવા કોઈ રાજ્યના વિધાનમંડળના અધિનિયમો અથવા વિધાનમંડળે કરેલા કાયદા અંગેના આ સંવિધાનમાંના કોઈ ઉલ્લેખમાં, યથાપ્રસંગ, રાષ્ટ્રપતિએ કરેલા વટહુકમ અંગેના અથવા કોઈ રાજ્યપાલે કરેલા વટહુકમ અંગેના ઉલ્લેખનો સમાવેશ થાય છે., એમ તેનો અર્થ કરવામાં આવશે.

(૩) આ સંવિધાનના હેતુઓ માટે ''વિદેશી રાજ્ય'' એટલે ભારત સિવાયનું કોઈ રાજ્ય :

Astha Academy Mo.8980961441

પરંતુ સંસદે કરેલા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, રાષ્ટ્રપતિ, હુકમ કરીને, તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા હેતુઓ માટે, કોઈ રાજ્યને તે વિદેશી રાજ્ય નથી એમ જાહેર કરી શકશે.

## ભાગ – ૨૦

## સંવિધાનમાં સુધારો કરવા બાબત

### અનુચ્છેદ : ૩૬૮ બંધારણમાં સુધારા કરવાની સંસદની સત્તા અને તે માટેની કાર્યવાહી

(૧) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં સંસદ પોતાની બંધારણીય સત્તા વાપરીને આ અનુચ્છેદમાં જણાવેલી કાર્યરીતિ અનુસાર આ સંવિધાનની કોઈ પણ જોગવાઈ, તેમાં કંઈ ઉમેરીને, તેમાં કંઈ ફેરફાર કરીને અથવા રદ કરીને સુધારી શકશે.

(૨) આ સંવિધાનમાં કોઈ પણ સુધારો તે હેતુ માટેના વિધેયકને સંસદના બેમાંથી કોઈ પણ ગૃહમાં રજૂ કરીને જ ઉદભવિત કરી શકાશે, અને દરેક ગૃહમાં તે ગૃહની કુલ સભ્ય-સંખ્યાની બહુમતીથી અને તે ગૃહમાં હાજર રહીને મત આપનારાઓના ઓછામાં બે તૃતીયાંશ સભ્યોની બહુમતીથી તે વિધેયક પસાર થાય ત્યારે રાષ્ટ્રપતિ સમક્ષ તે રજૂ કરવું જોઈશે અને તેઓ તે વિધેયક પોતાની અનુમતી આપશે અને તેમ થયે તે વિધેયકમાં દર્શાવ્યા અનુસાર સંવિધાન સુધારેલું ગણાશે;

પરંતુ એવા સુધારામાં –

(ક) અનુચ્છેદ ૫૪, ૫૫, ૭૩, ૧૬૨ અથવા ૨૪૧ માં અથવા

(ખ) ભાગ-૫ના પ્રકરણ ૪, ભાગ ૬ના પ્રકરણ ૫ અથવા ભાગ ૧૧ના પ્રકરણ ૧માં, અથવા

(ગ) સાતમી અનુસૂચિમાંની કોઈ પણ યાદીમાં, અથવા

(ઘ) સંસદમાં રાજ્યોના પ્રતિનિધિત્વમાં, અથવા

(ચ) આ અનુચ્છેદની જોગવાઈઓમાં,

કોઈ ફેરફાર કરવા ધાર્યું હોય તો એવા સુધારાની જોગવાઈ કરતું વિધેયક રાષ્ટ્રપતિ સમક્ષ અનુમતિ માટે રજૂ કરવામાં આવે તે પહેલાં ઓછામાં ઓછી અર્ધી સંખ્યાના રાજ્યોના વિધાનમંડળોએ પસાર કરેલા તે મતલબના ઠરાવોથી તે સુધારીને તે વિધાનમંડળોએ બહાલ રાખવાનું પણ આવશ્યક રહેશે.

(૩) અનુચ્છેદ ૧૩માંનો કોઈ પણ મજકૂર, આ અનુચ્છેદ હેઠળ કરેલા કોઈ સુધારાને લાગુ પડશે નહિ.

(૪) સંવિધાન (બેતાળીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૫૫ ના આરંભ પહેલાં કે પછી આ અનુચ્છેદ હેઠળ કરેલા અથવા કરવાનુ અભિપ્રેત હોય તેવા ભાગ-૩ની જોગવાઈઓ સહિતના આ સંવિધાનના કોઈ સુધારા સામે કોઈ પણ ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકાશે નહી.

(૫) શંકાનું નિવારણ કરવા માટે, આથી જાહેર કરવામાં આવે છે કે આ અનુચ્છેદ હેઠળ આ સંવિધાનની જોગવાઈઓમાં, તેમાં કંઈ ઉમેરીને તેમાં કંઈ ફેરફાર કરીને અથવા તે રદ કરીને સુધારો કરવાની સંસદની બંધારણીય સત્તા ઉપર કોઈ મર્યાદા રહેશે નહી.

## ભાગ – ૨૧

## (કામચલાઉ, વચગાળાની અને ખાસ જોગવાઈઓ)

### અનુચ્છેદ : ૩૬૯ રાજ્ય યાદીના અમૂક વિષયો સમવર્તી યાદીના હોય તેમ કાયદો બનાવવાની સંસદને કામચલાઉ સત્તા

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ સંવિધાનના આરંભથી પાંચ વર્ષની મુદત દરમિયાન નીચેની બાબતો, સમવર્તી યાદીમાં ગણાવેલી બાબતો હોય તેમ તેમને અંગે સંસદને કાયદા કરવાની સત્તા રહેશે :-

(ક) સુતરાઉ અને ઊનનું કાપડ, કપા (લોઢેલો કે લોઢ્યા વિનાનો), કપાસિયા, કાગળ (અખબારી કાગળ સહિત), ખાદ્ય પદાર્થો (ખાદ્ય તેલીબિયાં અને તેલ સહિત), ઢોરોનું નીરણ (ખોળ અને બીજા ખાપ સહિત), કોલસો (કોક અને કોલસામાંથી બનતા પદાર્થો સહિત), લોખંડ પોલાદ અને અબરખના કોઈ રાજ્યમાંના વેપાર અને વાણિજ્ય અને તેના ઉત્પાદન, પુરવઠો અને વહેંચણી;

(ખ) ખંડ (ક) માં જણાવેલી કોઈ પણ બાબત અંગેના કાયદા વિરુદ્ધના ગુના, તે પૈકી કોઈ બાબત અંગે ફી, પણ તેમાં કોઈ ન્યાયાલયમાં લેવાતી ફીનો સમાવેશ થતો નથી;

પણ આ અનુચ્છેદ ન હોત અને જે કાયદો કરવા, સંસદ સમર્થ ન થઈ હોત, એવા સંસદે કરેલો કોઈ કાયદો, તે અસમર્થતા પૂરતો, તે મુદત પૂરી થયા પહેલાં કરેલી કે કર્યા વિના રહેલી બાબતો અંગે હોય તે સિવાય, સદરહુ મુદત પૂરી થયે અસરકર્તા રહેશે નહી.

### અનુચ્છેદ : ૩૭૦ જમ્મુ – કશ્મીર રાજ્ય અંગે કામચલાઉ જોગવાઈઓ

(૧) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં,

Astha Academy Mo.8980961441

(ક) અનુચ્છેદ ૨૩૮ની જોગવાઈઓ જમ્મુ અને કાશ્મીર રાજ્યના સંબંધમાં લાગુ પડશે નહિ ;

(ખ) સદરહુ રાજ્ય માટે કાયદા કરવાની સત્તા નીચેની બાબતો પૂરતી મર્યાદિત રહેશે :-

(૧) તે રાજ્યની સરકાર સાથે વિચાર વિનિમય કરીને, હિંદ ડુમિનિયન સાથેના તે રાજ્યના જોડાણને લાગુ પડતા જોડાણ ખતમાં જેના અંગે ડુમિનિયનનું વિધાનમંડળ તે રાજ્ય માટે કાયદા કરી શકે તેવી બાબતો તરીકે નિર્દિષ્ટ કરેલી બાબતોના જેવી હોવાનું રાષ્ટ્રપતિએ જાહેર કર્યું હોય તેવી સંઘ યાદી અને સમવર્તી યાદીમાંની બાબતો ; અને

(૨) રાષ્ટ્રપતિ તે રાજ્યની સરકારની સહમતીથી, હુકમ કરીને, નિર્દિષ્ટ કરે એવી સદરહુ યાદીઓમાંની બીજી બાબતો.

**સ્પષ્ટીકરણ :-** આ અનુચ્છેદના હેતુઓ માટે, તે રાજ્યની સરકાર, એટલે સન ૧૯૪૮ ના માર્ચ મહિનાની પાંચમી તારીખની મહારાજાની જાહેરાત હેઠળ તે સમયે હોદ્દા ઉપર હોય તે મંત્રીમંડળની સલાહથી કાર્ય કરતા જમ્મુ અને કાશ્મીરના મહારાજા તરીકે, રાષ્ટ્રપતિએ તે સમયે માન્ય કરેલી વ્યક્તિ;

(ગ) અનુચ્છેદ ૧ની અને આ અનુચ્છેદની જોગવાઈઓ તે રાજ્યના સંબંધમાં લાગુ પડશે;

(ઘ) આ સંવિધાનની એવી બીજી જોગવાઈ, રાષ્ટ્રપતિ હુકમ કરીને નિર્દિષ્ટ કરે એવા અપવાદો અને સુધારાવધારાને અધીન રહીને તે રાજ્યના સંબંધમાં લાગુ પડશે :

પરંતુ પેટા-ખંડ (ખ) ના પરિચ્છેદ (૧) માં ઉલ્લેખેલા રાજ્યના જોડાણખતમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંબંધી એવો કોઈ હુકમ, તે રાજ્યની સરકાર સાથે વિચાર વિનિમય કર્યા સિવાય, બહાર પાડી શકાશે નહિ.

વધુમાં, છેલ્લા પૂર્વવર્તી પરંતુકમાં ઉલ્લેખેલી હોય તે સિવાયની બાબતો સંબંધી એવો કોઈ હુકમ તે સરકારની સહમતી સિવાય બહાર પાડી શકાશે નહી.

(૨) ખંડ (૧) ના પેટા-ખંડ (ખ)ના પરિચ્છેદ (૨)માં અથવા તે ખંડના પેટા-ખંડ (ઘ) ના બીજા પરંતુકમાં ઉલ્લેખેલી રાજ્ય સરકારની સહમતી તે રાજ્યનું સંવિધાન ઘડવાના હેતુ માટે સંવિધાન સભા બોલાવવામાં આવે તે પહેલાં આપવામાં આવે, તો તે સહમતી ઉપર યોગ્ય લાગે તે નિર્ણય લેવા માટે તે બાબત તે સભા સમક્ષ મૂકવી જોઈશે.

(૩) આ અનુચ્છેદની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ રાજપત્રિત જાહેરનામાથી એવું જાહેર કરી શકશે કે આ અનુચ્છેદ અમલમાં રહેશે નહિ અથવા તેઓ નિર્દિષ્ટ કરે તે અપવાદો અને સુધારાવધારા સાથે જ અને તે તારીખથી જ તે અમલમાં રહેશે.

પરંતુ રાષ્ટ્રપતિ એવુ જાહેરનામું બહાર પાડે તે પહેલાં, ખંડ (૨)માં ઉલ્લેખેલી રાજ્યની સંવિધાન સભાની ભલામણી જરૂર રહેશે.

## અનુચ્છેદ : ૩૭૧ મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોના વિષયમાં ખાસ જોગવાઈઓ

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ, (મહારાષ્ટ્ર અથવા ગુજરાત રાજ્ય) અંગે કરેલા હુકમથી, -

(ક) વિદર્ભ, મરાઠવાડા અને બાકીના મહારાષ્ટ્ર માટે અથવા, યથાપ્રસંગ સૌરાષ્ટ્ર, કચ્છ અને બાકીના ગુજરાત માટે જુદા જુદા વિકાસ બોર્ડ, તેમાંના દરેક બોર્ડના કામકાજનો રિપોર્ટ દર વર્ષે રાજ્યની વિધાનસભા સમક્ષ મૂકવામાં આવે તેવી જોગવાઈઓ સાથે સ્થાપવા માટે :

(ખ) સમગ્ર રીતે રાજ્યની જરૂરિયાતોને લક્ષમાં લઈને, સદરહુ તમામ વિસ્તારો અંગે ટેકનિકલ શિક્ષણ અને વ્યવસાય-તાલીમ માટે પૂરતી સગવડો અને રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની સેવાઓમાં નોકરી માટેની પૂરતી તકોની જોગવાઈ કરતી ન્યાયી વ્યવસ્થા માટે,

- રાજ્યપાલની કોઈ ખાસ જવાબદારી માટે રાષ્ટ્રપતિ જોગવાઈ કરી શકશે.

## અનુચ્છેદ : ૩૭૧-ક નાગાલેન્ડ રાજ્યના સંબંધમાં ખાસ જોગવાઈ

(૧) આ સંવિધાનમાં ગમે મજકૂર હોય તે છતાં,-

(ક)……………….

(૧) નાગા લોકોની ધાર્મિક અથવા સામાજિક પ્રથાઓ અંગે,

(૨) નાગા લોકના રૂઢિગત કાયદા અને કાર્યરીતિ અંગે,

(૩) નાગા લોકોના રૂઢિગત કાયદા અનુસાર જેમાં નિર્ણયો લેવાનું થતુ હોય તેવા દીવાની અને ફોજદારી ન્યાયતંત્ર અંગે,

(૪) જમીનની અને તેની સંપત્તિની માલિકીઅને તેની તબદીલી અંગે,

સંસદનો કોઈ પણ કાયદો નાગાલેન્ડ રાજ્યને લાગુ પડશે નહી; સિવાય કે નાગાલેન્ડની વિધાનસભાએ ઠરાવ કરીને એ પ્રમાણે નિર્ણય લીધો હોય;

(ખ) નાગાલેન્ડના રાજ્યપાલના અભિપ્રાય મુજબ નાગાહીલ્સ-ટ્યુએન-સંગ વિસ્તારમાં નાગાલેન્ડ રાજ્યની રચનાની તરત પહેલાં થતા હતા તે આંતરિક તોફાનો તે વિસ્તાર અથવા તેના કોઈ ભાગમાં ચાલુ હોય ત્યાં સુધી,

Astha Academy Mo.8980961441

નાગાલેન્ડ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે તેમની ખાસ જવાબદારી રહેશે અને તે સંબંધીપોતાનાં કાર્યો બજાવવા મંત્રીમંડળ સાથે વિચાર વિનિમય કરીને લેવાના પગલાં વિશે રાજ્યપાલ પોતે નિર્ણય લેશે.

પરંતુ કોઈ બાબત, જેના અંગે રાજ્યપાલે આ પેટા-ખંડ હેઠળ પોતે નિર્ણય લઈને વર્તવુ આવશ્યક હતું તેવી બાબત છે કે નહિ તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો રાજ્યપાલે પોતાની વિવેકબુદ્ધિ અનુસાર કરેલો નિર્ણય આખરી ગણાશે અને રાજ્યપાલના કોઈ કાર્યની કાયદેસરની બાબતમાં તેમણે તેવો નિર્ણય લઈ વર્તવું જોઈતું હતું કે નહિ તે કારણે વાંધો ઉઠાવી શકાશે નહિ.

વધુમાં, રાજ્યપાલ તરફથી કોઈ રિપોર્ટ મળ્યે અથવા બીજી રીતે રાષ્ટ્રપતિને ખાતરી થાય કે નાગાલેન્ડ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા અંગે રાજ્યપાલની ખાસ જવાબદારી હોવાની હવે વધુ સમય માટે જરૂર નથી તો, તેઓ હુકમ, આદેશ કરી શકશે કે તે હુકમથી નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી રાજ્યપાલની એવી જવાબદારી રહેશે નહિ;

(ગ) ગ્રાન્ટ માટેની કોઈ માંગણી અંગે ભલામણ કરતી વખતે, નાગાલેન્ડના રાજ્યપાલે એ જોવું જોઈશે કે ભારત સરકારે, ભારતના એકત્રિત ફંડમાંથી ચોક્કસ સેવા અથવા હેતુ માટે જોગવાઈ કરેલા નાણાનો, તે સેવા અથવા હેતુ સંબંધી ગ્રાન્ટ માટેની માંગણીમાં સમાવેશ થાય છે અને બીજી કોઈ માંગણીમાં તેનો સમાવેશ થતો નથી;

(ઘ) રાજપત્રિત જાહેરનામાથી એ અર્થે નાગાલેન્ડના રાજ્યપાલ નિર્દિષ્ટ કરે તે તારીખથી ટ્યુએન-સંગ જિલ્લા માટે પાંત્રીસ સભ્યોની બનેલી પ્રાદેશિક કાઉન્સિલની સ્થાપના કરવામાં આવશે અને રાજ્યપાલ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર નીચે જણાવેલી બાબતો માટે જોગવાઈ કરતા, નિયમો કરશે –

(૧) પ્રાદેશિક કાઉન્સિલની રચના બાબત અને પ્રાદેશિક કાઉન્સિલના સભ્યો કઈ રીતે પસંદ કરવા તે બાબત :

પરંતુ ટ્યુએનસંગ જિલ્લાના નાયબ કમિશ્નર હોદ્દાની રૂએ, પ્રાદેશિક કાઉન્સિલના અધ્યક્ષ રહેશે અને પ્રાદેશિક કાઉન્સિલના ઉપાધ્યક્ષની ચૂંટણી સભ્યો પોતાનામાંથી કરશે;

(૨) પ્રાદેશિક કાઉન્સિલના સભ્યો તરીકે પસંદ થવા માટેની અને સભ્ય બનવા માટેની લાયકાતો બાબત;

(૩) પ્રાદેશિક કાઉન્સિલના સભ્યોના હોદ્દાની મુદત અને તેમને આપવાનાં પગાર અને ભથ્થાં હોય, તો તે બાબત ;

(૪) પ્રાદેશિક કાઉન્સિલના કામકાજની કાર્યરીતિ અને તેના સંચાલન બાબત;

(૫) પ્રાદેશિક કાઉન્સિલના અધિકારીઓ અને સ્ટાફની નિમણૂક અને તેમની સેવાની શરતો બાબત; અને

(૬) પ્રાદેશિક કાઉન્સિલની રચના અને તે યોગ્ય રીતે કાર્ય કરે તે માટે નિયમો કરવાનુ જરૂરી હોય તેવી બીજી કોઈ બાબત;

(૨) આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, નાગાલેન્ડ રાજ્યની રચનાની તારીખથી દસ વર્ષની મુદત સુધી અથવા પ્રાદેશિક કાઉન્સિલની ભલામણ ઉપરથી આ અર્થે રાજ્યપાલ રાજપત્રિત જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી વધુ મુદત સુધી –

(ક) ટ્યુએનસંગ જિલ્લાનો વહીવટ રાજ્યપાલ ચલાવશે;

(ખ) સમગ્ર રીતે નાગાલેન્ડ રાજ્યની જરૂરિયાતોનો પહોંચી વળવા માટે નાગાલેન્ડની સરકાર માટે ભારત સરકારે નાણાંની જોગવાઈ કરી હોય ત્યારે, રાજ્યપાલપોતાની વિવેકબુદ્ધિ અનુસાર ટ્યુએનસંગ જિલ્લા અને રાજ્યના બાકીના ભાગ વચ્ચે તે નાણાંની ન્યાયી ફાળવણી માટે વ્યવસ્થા કરશે;

(ગ) નાગાલેન્ડના વિધાનમંડળનો કોઈ પણ અધિનિયમ પ્રાદેશિક કાઉન્સિલની ભલામણ ઉપરથી રાજપત્રિત જાહેરનામા દ્વારા ટ્યુએનસંગ જિલ્લાને લાગુ પાડવાનો આદેશ રાજ્યપાલે કર્યો ન હોય, તો તેને તે લાગુ પડશે નહિ અને એવા કોઈ અધિનિમય અંગે એવો આદેશ આપતી વખતે રાજ્યપાલ એમ ફરવામી શકશે કે ટ્યુએનસંગ જિલ્લાને અથવા તેના કોઈ ભાગને લાગુ પડે ત્યારે, તે અધિનિયમ પ્રાદેશિક કાઉન્સિલની ભલામણ ઉપરથી રાજ્યપાલ નિર્દિષ્ટ કરે તેવા અપવાદો અને સુધારા વધારાને અધીન રહીને અસરકર્તા થશે :

પરંતુ આ પેટા-ખંડ હેઠળ આપેલો આદેશ તેની ભૂતલક્ષી અસર થાય તે રીતે આપી શકાશે;

(ઘ) ટ્યુએનસંગ જિલ્લાના શાંતિ, પ્રગતિ અને સુશાસન માટે રાજ્યપાલ વિનિમયો કરી શકશે અને એવી રીતે કરેલા વિનિયમોથી, તે જિલ્લાને તે સમયે લાગુ પડતો સંસદનો કોઈ અધિનિયમ અથવા બીજો કોઈ કાયદો જરૂર જણાય તો ભૂતલક્ષી અસર થાય એ રીતે રદ કરી શકાશે અથવા સુધારી શકાશે;

(ચ) (૧) નાગાલેન્ડની વિધાનસભામાં ટ્યુએનસંગ જિલ્લાનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો પૈકી અને સભ્યો પૈકી એક સભ્યને રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી ટ્યુએનસંગના કામકાજ માટેના મંત્રી તરીકે નીમશે અને પોતાની સલાહ

Astha Academy Mo.8980961441

આપતી વખતે મુખ્યમંત્રી ઉપર જણાવેલ સભ્યોની બહુમતીની ભલામણ મુજબ વર્તશે. ;

(૨) ટ્યુએનસંગના કામકાજ માટેના મંત્રી ટ્યુએનસંગ જિલ્લા સંબંધી તમામ બાબતો સંભાળશે અને તે વિશે રાજ્યપાલનો સીધો સંપર્ક સાધી શકશે, પણ તેમણે મુખ્યમંત્રીને તે વિશે જાણ કરતા રહેવું જોઈશે;

(છ) આ ખંડની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ટ્યુએનસંગ જિલ્લા સંબંધી તમામ બાબતો ઉપરનો આખરી નિર્ણય, રાજ્યપાલ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર કરશે;

(જ) અનુચ્છેદ ૫૪ અને ૫૫ માં અને અનુચ્છેદ ૮૦ ના ખંડ (૪) માં, કોઈ રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો અંગેના આવા દરેક સભ્ય અંગેના ઉલ્લેખોમાં, આ અનુચ્છેદ હેઠળ સ્થાપેલી પ્રાદેશિક કાઉન્સિલે ચૂંટેલા નાગાલેન્ડ વિધાનસભાના સભ્યો અથવા સભ્ય અંગના ઉલ્લેખોનો સમાવેશ થશે;

(ઝ) અનુચ્છેદ ૧૭૦ માં –

(૧) નાગાલેન્ડ વિધાનસભાના સંબંધમાં "સાઠ" એ શબ્દને સ્થાને "છેંતાળીસ" એ શબ્દ મૂક્યો હોય તે રીતે ખંડ (૧) અસરકર્તા થશે;

(૨) સદરહુ ખંડમાં રાજ્યમાંના પ્રાદેશિક મતદાર મંડળોમાં સીધી ચૂંટણી અંગેના ઉલ્લેખોમાં આ અનુચ્છેદ હેઠળ સ્થપાયેલી પ્રાદેશિક કાઉન્સિલના સભ્યોએ કરેલી ચૂંટણીનો સમાવેશ થશે;

(૩) ખંડો (૨) અને (૩)માં પ્રાદેશિક મતદારમંડળો અંગેના ઉલ્લેખો, કોહીમા અને મોકોક્યુંગ જિલ્લાઓનાં પ્રાદેશિક મતદાર મંડળો અંગેના ઉલ્લેખો છે એવો તેનો અર્થ થશે.

(૩) આ અનુચ્છેદની કોઈ પણ પૂર્વવર્તી જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો રાષ્ટ્રપતિ હુકમ કરીને, તે મુશ્કેલીનું નિવારણ કરવા પોતાને જરૂરી જણાય તેવુ કોઈ કાર્ય (બીજા કોઈ અનુચ્છેદના અનુકૂળ ફેરફારો અથવા સુધારા વધારા સહિત) કરી શકશે :

પરંતુ એવો કોઈ હુકમ નાગાલેન્ડ રાજ્યની રચનાની તારીખથી ત્રણ વર્ષ પૂરા થયા પછી કરી શકાશે નહી.

**સ્પષ્ટીકરણ :-** આ અનુચ્છેદમાં, કોહીમા, મોકોક્યુંગ અને ટ્યુએનસંગ જિલ્લાઓનો અર્થ, "નાગાલેન્ડ રાજ્ય અધિનિમય, ૧૯૬૨" માં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે.

### અનુચ્છેદ : ૩૭૧-ખ આસામ રાજ્યના સંબંધમાં ખાસ જોગવાઈ

આ સંવિધાનમાં ગમે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ, આસામ રાજ્ય અંગે કરેલા હુકમથી છઠ્ઠી અનુસૂચિના પરિચ્છેદ ૨૦ સાથે જોડેલા કોઠાના (ભાગ-૧)માં નિર્દિષ્ટ કરેલા આદિજાતિ વિસ્તારોમાંથી ચૂંટાયેલા વિધાનસભાના સભ્યોની અને તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા તે વિધાનસભાના બીજા સભ્યોની બનેલી રાજ્યની વિધાનસભાની સમિતિની રચના અને તેનાં કાર્યો માટે અને એવી સમિતિની રચના અને તે યોગ્ય રીતે કાર્ય કરે તે માટે તે વિધાનસભાની કાર્યરીતિના નિયમોમાં કરવાના સુધારાવધારા માટે જોગવાઈ કરી શકશે.

### અનુચ્છેદ : ૩૭૧-ગ મણિપુર રાજ્ય અંગે ખાસ જોગવાઈ

(૧) આ સંવિધાનમાં ગમે મજકૂર હોય તે છતાં, મણિપુર રાજ્ય અંગે કરેલા હુકમથી તે રાજ્યના પહાડી વિસ્તારોમાંથી ચૂંટેલા તે વિધાનસભાના સભ્યોની બનેલી તે રાજ્યની વિધાનસભાની સમિતિની રચના અને તેનાં કાર્યો માટે, સરકારના કામકાજના નિયમોમાં અને તે રાજ્યની વિધાનસભાની કાર્યરીતિના નિયમોમાં કરવાના સુધારાવધારા માટે અને એવી સમિતિ યોગ્ય રીતે કાર્યો કરેતે માટે રાજ્યપાલની કોઈ ખાસ જવાબદારી કરી શકશે.

(૨) દર વર્ષે અથવા રાષ્ટ્રપતિ એ રીતે ફરમાવે ત્યારે, રાજ્યપાલે, મણિપુર રાજ્યના પહાડી વિસ્તારોના વહીવટ સંબંધમાં રાષ્ટ્રપતિને રિપોર્ટ કરવો જોઈશે અને સંઘની કારોબારી સત્તા સદરહુ વિસ્તારોના વહીવટ અંગે રાજ્યને આદેશો આપવા સુધી વિસ્તરશે.

**સ્પષ્ટીકરણ :-** આ અનુચ્છેદમાં "પહાડી વિસ્તારો" એ શબ્દોનો અર્થ, રાષ્ટ્રપતિ હુકમ કરીને, પહાડી વિસ્તારો તરીકે જાહેર કરે તે વિસ્તારો.

### અનુચ્છેદ : ૩૭૧-ઘ :- આંધ્રપ્રદેશ અંગે ખાસ જોગવાઈ

(૧) રાષ્ટ્રપતિ, આંધ્રપ્રદેશ રાજ્ય અંગે કરેલા હુકમથી, સરકારી, નોકરોની બાબતમાં અને શિક્ષણની બાબતમાં રાજ્યના જુદા જુદા ભાગોના લોકોને સમાન તકો અને સગવડો આપવા માટે 'સમગ્ર રીતે રાજ્યની જરૂરિયાતો ધ્યાનમાં રાખીને, જોગવાઈ કરી શકશે, અને રાજ્યના જુદા જુદા ભાગો માટે જુદી જુદી જોગવાઈઓ કરી શકાશે.

(૨) ખાસ કરીને, ખંડ (૧) હેઠળ કરેલા હુકમથી,

(ક) રાજ્યની મુલકી સેવામાંની જગાઓના કોઈ વર્ગ અથવા વર્ગોમાંથી અથવા રાજ્ય હેઠળની મુલકી જગાઓનો કોઈ વર્ગ અથવા વર્ગોમાંથી રાજ્યના જુદા જુદા ભાગો માટે જુદા જુદા સ્થાનિક સંવર્ગો (કેડર)ની રચના કરવા રાજ્ય સરકારને

ફરમાવી શકાશે અને એવી જગાઓ ઉપર કામ કરતી વ્યક્તિઓને એ રીતે રચેલ સ્થાનિક સંવર્ગોમાં, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સિદ્ધાંતો અને પદ્ધતિ અનુસાર ફાળવી શકાશે.

(ખ) નીચેના હેતુઓ માટે સ્થાનિક વિસ્તાર તરીકે ગણવામાં આવે ત્યારે તેવા રાજ્યના કોઈ ભાગ અથવા ભાગો નિર્દિષ્ટ કરી શકાશે :-

(૧) રાજ્ય સરકાર હેઠળની કોઈ આ અનુચ્છેદ હેઠળ હુકમ અનુસાર રચેલા અથવા બીજી રીતે રચેલ સ્થાનિક સંવર્ગોમાંની જગા ઉપર સીધી ભરતી માટે;

(૨) રાજ્યની અંદરના કોઈ સ્થાનિક સત્તામંડળ હેઠળની કોઈ સંવર્ગમાંની જગાઓ ઉપર સીધી ભરતી માટે; અને

(૩) રાજ્યની અંદરની કોઈ યુનિવર્સિટીમાં અથવા રાજ્ય સરકારના નિયંત્રણ અધીન હોય તેવી બીજી કોઈ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવવાના હેતુઓ માટે;

(ગ) તે સ્થાનિક વિસ્તારમાં હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કોઈ મુદત સુધી રહ્યા હોય અથવા અભ્યાસ કર્યો હોય તેવા ઉમેદવારોએ અથવા તેમની તરફેણમાં, યથાપ્રસંગ, આવી કોઈ સંવર્ગ, યુનિવર્સિટી અથવા બીજી શૈક્ષણિક સંસ્થા અંગે, -

(૧) હુકમમાં આ અર્થે નિર્દિષ્ટ કરવામાં આવે તેવી પેટા-ખંડ(ખ)માં ઉલ્લેખેલ એવી કોઈ સંવર્ગમાંની જગા ઉપરની સીધી ભરતીની બાબતમાં;

(૨) હુકમમાં આ માટેની નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રીતે પેટા-ખંડ (ખ) માં ઉલ્લેખેલ કોઈ યુનિવર્સિટી અથવા બીજી શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટેની બાબતમાં;

(૩) નીચેની બાબતો અંગે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સંવિધાન (બત્રીસમા સુધારા) અધિનિમય, ૧૯૭૩ ના આરંભની તરત પહેલાં ઉચ્ચતમ ન્યાયાલય સિવાયનું બીજું કોઈ ન્યાયાલય અથવા ટ્રિબ્યુનલ અથવા બીજું સત્તા મંડળ વાપરી શકતુ હતુ તેવાં હકૂમત, સત્તા અને અધિકાર સહિતના હકૂમત સત્તા અને અધિકાર વાપરવા માટે આંધ્રપ્રદેશ રાજ્ય માટે રાષ્ટ્રપતિના હુકમથી વહીવટી ટ્રિબ્યુનલની રચનાની જોગવાઈ કરી શકાશે.

(ક) હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા રાજ્યની કોઈ મુલકી જગાઓના વર્ગ અથવા વર્ગોમાં અથવા રાજ્યની અંદરના કોઈ સ્થાનિક સત્તામંડળના નિયંત્રણ હેઠળની જગાઓના વર્ગ અથવા વર્ગોમાં નિમણૂક, ફાળવણી અથવા બઢતી;

(ખ) હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા રાજ્યની કોઈ મુલકી જગાઓના વર્ગ અથવા વર્ગોમાં અથવા રાજ્ય હેઠળની મુલકી જગાઓના વર્ગ અથવા વર્ગોમાં અથવા રાજ્યની અંદરના કોઈ સ્થાનિક સત્તામંડળના નિયંત્રણ હેઠળની જગાઓના વર્ગ અથવા વર્ગોમાં નીમેલી, ફાળવેલી અથવા બઢતી આપેલી વ્યક્તિઓની સેવાની એવી બીજી શરતો;

(૪) ખંડ (૩) હેઠળ કરેલા કોઈ હુકમથી –

(ક) રાષ્ટ્રપતિ હુકમમાં નિર્દિષ્ટ કરે તેવી રીતે પોતાની હકૂમતની અંદરની કોઈ બાબતને લગતી ફરિયાદોના નિવારણ માટે વિનંતીપત્રો સ્વીકારવા અંગે અને તે અંગે પોતાને યોગ્ય લાગે તેવા હુકમો કરવા વહીવટી ટ્રિબ્યુનલને અધિકાર આપી શકાશે;

(ખ) વહીવટી ટ્રિબ્યુનલની સત્તા અને અધિકરો અને કાર્યરીતિ સંબંધ રાષ્ટ્રપતિ જરૂરી ગણે તેવા (પોતાનો તિરસ્કાર કરવા માટેની શિક્ષા માટે વહીવટી ટ્રિબ્યુનલની સત્તા અંગેની જોગવાઈઓ સહિતની) જોગવાઈઓ કરી શકાશે;

(ગ) વહીવટી ટ્રિબ્યુનલ હકૂમતની અંદર આવતી બાબતોને લગતી અને હુકમના આરંભની તરત પહેલાં ઉચ્ચતમ ન્યાયાલય સિવાયના કોઈ ન્યાયાલય અથવા ટ્રિબ્યુનલ અથવા બીજા સત્તામંડળ સમક્ષ નિકાલ-બાકી હોય એવી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કાર્યવાહી તેને સોંપવાની જોગવાઈ કરી શકાશે;

(ઘ) ફી સંબંધી અને મુદત, પુરાવા સંબંધી અથવા કોઈ અપવાદો અથવા ફેરફારોને આધીન રહીને, તે સમયે અમલમાં હોય તેવો કોઈ કાયદો લાગુ પાડવા માટેની જોગવાઈઓ સહિતની રાષ્ટ્રપતિ જરૂરી ગણે તેવી પૂરક, આનુષંગિક અને પારિણામિબક જોગવાઈઓ કરી શકાશે.

(૫) કોઈ કેસનો આખરી નિકાલ કરતો વહીવટી ટ્રિબ્યુનલનો હુકમ તેને રાજ્ય સરકારની બહાલી મળે તે અથવા હુકમ કરવામાં આવે તે તારીખથી ત્રણ મહિના પૂરા થાય તે, એ બેમાંથી વહેલી હોય તે તારીખથી, અમલી બનશે;

પરંતુ રાજ્ય સરકાર કારણો દર્શાવતો ખાસ લેખિત હુકમ કરીને, વહીવટી ટ્રિબ્યુનલનો કોઈ હુકમ તે અમલી બને તે પહેલાં સુધારી અથવા રદ કરી શકશે, અને એવા સુધારેલા સ્વરૂપમાં જ અમલમાં આવશે નહી.

(૬) ખંડ (૫)ના પરંતુક હેઠળ રાજ્ય સરકારે કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળના બન્ને ગૃહો સમક્ષ મૂકવો જોઈશે.

(૭) રાજ્યના ઉચ્ચ ન્યાયાલયને વહીવટી ટ્રિબ્યુનલ ઉપરની દેખરેખ માટેની કોઈ પણ સત્તા રહેશે નહિ અને ઉચ્ચતમ ન્યાયાલય સિવાયના કોઈ ન્યાયાલય અથવા ટ્રિબ્યુનલ, વહીવટી ટ્રિબ્યુનલની અથવા તેને લગતી કોઈ હકૂમત સત્તા

અથવા અધિકારને અધીન રહીને, કોઈ બાબતના સંબંધમાં કોઈ હકૂમત, સત્તા અથવા અધિકાર વાપરી શકશે નહી.

(૮) વહીવટી ટ્રિબ્યુનલ ચાલુ રહે એ જરૂરી નથી એવી પોતાને ખાતરી થાય તો રાષ્ટ્રપતિ, હુકમ કરીને, વહીવટી ટ્રિબ્યુનલને નાબૂદ કરી શકશે અને એવી નાબૂદીની તરત પહેલાં ટ્રિબ્યુનલ સમક્ષ નિકાલ-બાકી હોય તેવા કેસોની તબદીલી અને નિકાલ માટે તે હુકમમાં પોતે જરૂરી ગણે તેવી જોગવાઈઓ કરી શકશે.

(ક) (૧) સન ૧૯૫૬ ના નવેમ્બર મહિનાની ૧લી તારીખ પહેલાં અસ્તિત્વમાં હોય તે રીતે હેદરાબાદ રાજ્યની સરકાર અથવા તેની અંદરના કોઈ સ્થાનિક સત્તામંડળ હેઠળની કોઈ જગા ઉપર તે તારીખ પહેલાં કરેલી; અથવા

(૨) આંધ્રપ્રદેશ રાજ્યની સરકાર અથવા તેની અંદરના અથવા તેના સ્થાનિક અથવા બીજા સત્તામંડળ હેઠળની કોઈ જગા ઉપર સંવિધાન (બત્રીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૩ના આરંભ પહેલાં કરવી,

(ખ) પેટા-ખંડ (ક)માં ઉલ્લેખેલ વ્યક્તિએ અથવા તેની સમક્ષ લીધેલ કોઈ પગલું અથવા કરેલ કોઈ કાર્ય ;

એવી નિમણૂક, સ્થળ-નિયુક્તિ, બઢતી અથવા બદલી અંગે યથાપ્રસંગ, હેદરાબાદ રાજ્યની અંદર અથવા આંધ્રપ્રદેશ રાજ્યના કોઈ ભાગની અંદર રહેઠાણ અંગેની કોઈ જરૂરિયાત માટેની જોગવાઈ કરતા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા અનુસાર, તેવી વ્યક્તિની નિમણૂક, સ્થળ નિયુક્તિ, બઢતી અથવા, બદલી કરી ન હતી તેટલા જ કારણે ગેરકાયદેસર કે રદ બાબત થાય છે અથવા કદી ગેરકાયદેસર કે રદબાતલ થયેલ એમ ગણાશે નહી.

(૧૦) આ સંવિધાનની બીજી કોઈ જોગવાઈમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અનુચ્છેદની અને તે હેઠળ રાષ્ટ્રપતિએ કરેલા કોઈ હુકમની જોગવાઈઓ અમલમાં રહેશે.

**અનુચ્છેદ : ૩૭૧-ચ :- આંધ્રપ્રદેશમાં કેન્દ્રીય વિશ્વવિદ્યાલયની સ્થાપના અંગે જોગવાઈ**

સંસદ, કાયદાથી, આંધ્રપ્રદેશ રાજ્યમાં યુનિવર્સિટી સ્થાપના માટેની જોગવાઈ કરી શકશે.

**અનુચ્છેદ : ૩૭૧-છ :- સિક્કિમ રાજ્યના સંબંધમાં ખાસ જોગવાઈ**

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં -

(ક) સિક્કિમ રાજ્યની વિધાનસભા ઓછામાં ઓછા ત્રીસ સભ્યોની બનેલી રહેશે;

(ખ) સંવિધાન (છત્રીસમા સુધારા) અધિનિમય, ૧૯૭૫ના આરંભની (જેનો આ અનુચ્છેદમાં હવે પછી ‘‘નિયમિત દિવસ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તારીખથી, -

(૧) સન ૧૯૭૪ના એપ્રિલ મહિનામાં સિક્કિમમાં થયેલી ચૂંટણીઓના પરિણામે સદરહુ ચૂંટણીઓમાં ચૂંટાયેલા બત્રીસ સભ્યો (જેનો આમાં હવે પછી ‘‘ચાલુ સભ્યો’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની બનેલી સિક્કિમની વિધાનસભા, આ સંવિધાન હેઠળ વિધિસર રચાયેલી સિક્કિમ રાજ્યની વિધાનસભા ગણાશે;

(૨) ચાલુ સભ્યો, આ સંવિધાન હેઠળ સિક્કિમ રાજ્યની વિધાનસભાના વિધિસર ચૂંટાયેલા સભ્યો ગણાશે; અને

(૩) સિક્કિમ રાજ્યની સદરહુ વિધાનસભા આ સંવિધાન હેઠળ રાજ્યની વિધાનસભાની સત્તા વાપરશે અને તેના કાર્યો બજાવશે;

(ગ) ખંડ (ખ) હેઠળ સિક્કિમ રાજ્યની વિધાનસભા તરીકે ગણાનાર વિધાનસભાની બાબતમાં અનુચ્છેદ ૧૭૨ ના ખંડ (૧)માંના પાંચ વર્ષની મુદતના ઉલ્લેખોનો અર્થ ચાર વર્ષની મુદત માટેના ઉલ્લેખો તરીકે થશે અને ચાર વર્ષની સદરહુ મુદત નિયમિત દિવસથી શરૂ થયેલી ગણાશે;

(ઘ) સંસદ, કાયદો કરીને બીજી જોગવાઈઓ ન કરે ત્યાં સુધી, સિક્કિમ રાજ્યને લોકસભામાં એક બેઠક ફાળવવામાં આવશે અને સિક્કિમ રાજ્ય એક સંસદીય મતદાર મંડળ બનશે, જે સિક્કિમ માટેના સંસદીય મતદારમંડળ તરીકે ઓળખાશે;

(ચ) નિયત દિવસે અસ્તિત્વમાં હોય તે લોકસભા માટેના સિક્કિમ રાજ્યના પ્રતિનિધિને સિક્કિમ રાજ્યની વિધાનસભા સભ્યોએ ચૂંટવો જોઈશે;

(છ) સિક્કિમની વસ્તીના જુદા જુદા વર્ગોના હકો અને હિતોના રક્ષણ માટે સંસદ, સિક્કિમ રાજ્યની વિધાનસભામાંની બેઠકોની સંખ્યા માટેની જોગવાઈ કરી શકશે, જે એવા વર્ગોના ઉમેદવારોમાંથી ભરી શકાશે અને એવા વર્ગોના ઉમેદવારો જ જેમાંથી સિક્કિમ રાજ્યની વિધાનસભાની ચૂંટણી માટે ઊભા રહી શકે તેવા વિધાનસભા મતદારમંડળોના સીમાંકન માટે જોગવાઈ કરી શકશે;

(જ) સિક્કિમની વસતિના જુદા જુદા વર્ગોની સામાજિક અને આર્થિક પ્રગતિ માટે ન્યાયી વ્યવસ્થા કરવા માટેની અને શાંતિ માટેની ખાસ જવાબદારી અદા કરતી વેળા સિક્કિમના રાજ્યપાલે, રાષ્ટ્રપતિ વખતોવખત બહાર પાડવા યોગ્ય ગણે તેવા આદેશોને અધીન રહીને, સ્વવિવેકાનુસાર કાર્ય કરવાનુ રહેશે;

Astha Academy Mo.8980961441

(ઝ) નિયમિત દિવસની તરત પહેલાં સિક્કિમ સરકારના હેતુઓ માટે નિહિત થઈ હોય તેવી પછી તે સિક્કિમ રાજ્યમાં આવેલાં રાજ્યક્ષેત્રની અંદર અથવા બહાર આવેલી હોય તમામ મિલકત અને અસ્કયામતો, નિયમિત દિવસથી સિક્કિમ રાજ્યની સરકારમાં નહિત થશે;

(ટ) સિક્કિમ રાજ્યના રાજ્યક્ષેત્રમાં નિયત દિવસની તરત પહેલાં ઉચ્ચ ન્યાયાલય તરીકે કાર્ય કરતું ન્યાયાલય નિયત દિવસે અને તે દિવસથી, સિક્કિમ રાજ્યનું ઉચ્ચ ન્યાયાલય ગણાશે;

(ઠ) સિક્કિમ રાજ્યના રાજ્યક્ષેત્રમાં દીવાની, ફોજદારી અને મહેસૂલી હકૂમતવાળા તમામ ન્યાયાલયો અને તમામ ન્યાયિક, વહીવટી અને દફતરી સત્તાધિકારીઓ અને અધિકારીઓ, નિયત દિવસે અને તે દિવસથી આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, પોતપોતાના કાર્યો કરવાનુ ચાલુ રાખશે;

(ડ) સિક્કિમ રાજ્યમાં સમાવિષ્ટ પ્રદેશો અથવા તેના કોઈ ભાગમાં નિયત દિવસની તરત પહેલાં અમલમાં હોય તેવા તમામ કાયદા, સત્તા ધરાવતા વિધાનમંડળ અથવા બીજા સત્તામંડળ દ્વારા સુધારવામાં કે રદ કરવામાં ન આવે ત્યાં સુધી, અમલમાં ચાલુ રહેશે;

(ઢ) સિક્કિમ રાજ્યના વહીવટ સંબંધી ખંડ (ડ)માં ઉલ્લેખેલો કાયદો લાગુ પાડવાનું સરળ બનાવવાના હેતુ માટે અને એવા કાયદાની જોગવાઈઓ આ સંવિધાનની જોગવાઈઓને અનુકૂળ બનાવવા માટે, રાષ્ટ્રપતિ નિયત દિવસથી બે વર્ષની અંદર, હુકમથી કાયદામાં જરૂરી અથવા ઈષ્ટ હોય એવા અનુકુલનો અને સુધારાવધારા તે કાયદો રદ કરીને અથવા તેમાં સુધારો વધારો કરીને કરી શકશે અને તેમ થયે એવો દરેક કાયદો, એ રીતે કરેલાં અનુકૂલનો અથવા સુધારાવધારાને અધીન રહીને, અમલી બનશે અને એવા કોઈ અનુકુલનો અથવા સુધારા વધારા સામે ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકાશે નહિ;

(ત) જે નિયમિત દિવસ પહેલાં કર્યા હોય અથવા જેના ઉપર સહી-સિક્કા કર્યા હોય અને જેમાં ભારત સરકાર કે તેના પુરોગામી કોઈ પણ સરકાર પક્ષકાર હોય તેવી સિક્કિમને લગતી કોઈ સંધિ, કબૂલાતનામું, સમજૂતી અથવા તેના જેવા બીજા ખતમાંથી ઉદભવતી કોઈ તકરાર અથવા બીજી બાબત સંબંધી ઉચ્ચતમ ન્યાયાલય અથવા બીજા કોઈ ન્યાયાલયોને હકૂમત રહેશે નહિ, પરંતુ આ ખંડમાંના કોઈ પણ મજકૂરથી અનુચ્છેદ ૧૪૩ની જોગવાઈઓમાં ઘટાડો થાય છે એમ સમજવું નહિ;

(થ) રાષ્ટ્રપતિ, રાજપત્રિત જાહેરનામાથી, જાહેરનામાની તારીખે ભારતના કોઈ રાજ્યમાં અમલમાં હોય તેવો કોઈ અધિનિયમ પોતાને યોગ્ય લાગે તેવી મર્યાદાઓ અથવા સુધારાવધારા સાથે સિક્કિમ રાજ્યને લાગુ પાડી શકશે;

(દ) આ અનુચ્છેદની કોઈ પૂર્વવતી જોગવાઈઓને અમલમાં મૂકવા માટે કોઈ મુશ્કેલી ઊભી થાય તો, રાષ્ટ્રપતિ હુકમથી, તે નિવારવા માટે પોતાને જરૂરી જણાય તેવું બીજા કોઈ અનુચ્છેદના કોઈ અનુકૂલનો અથવા સુધારા વધારા સહિતનું કોઈ કામ કરી શકશે :

પરંતુ નિયત દિવસથી બે વર્ષ પૂરાં થયા પછી, આવો કોઈ હુકમ કરી શકાશે નહિ :

(ધ) નિયત દિવસે શરૂ થતી અને સંવિધાન (છત્રીસમા સુધારા) અધિનિયમ, ૧૯૭૫ને રાષ્ટ્રપતિની મંજૂરી મળે તે તારીખથી તરત પહેલાં પૂરી થતી મુદત દરમિયાન સિક્કિમ રાજ્યમાં અથવા તેમાં આવેલા રાજ્યક્ષેત્રો અથવા તેમના સંબંધમાં કરાયેલાં તમામ કાર્યો અને લીધેલાં તમામ પગલાં, "સંવિધાન (છત્રીસમા સુધારા) અધિનિમય, ૧૯૭૫" થી સુધાર્યા મુજબના આ સંવિધાનની જોગવાઈઓ સાથે સુસંગત હોય એટલે સુધી તમામ હેતુઓ માટે એ રીતે સુધાર્યા મુજબના આ સંવિધાન હેઠળ કાયદેસર કરાયેલાં અથવા લીધેલાં ગણાશે.

### અનુચ્છેદ : ૩૭૧–જ મિઝોરમ રાજયના સંબંધમાં ખાસ જોગવાઈ

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, -

(ક) (૧) મિઝોની ધાર્મિક અથવા સામાજિક પ્રથા;

(૨) મિઝોના રૂઢિગત કાયદા અને કાર્યરીતિ;

(૩) મિઝોના રૂઢિગત કાયદા અનુસાર નિર્ણયો સમાવિષ્ટ કરતા દીવાની અને ફોજદારી ન્યાય વહીવટ;

(૪) જમીની માલિકી અને તબદીલી;

સંબંધમાં સંસદનો કોઈ અધિનિયમ, મિઝોરમ રાજ્યની વિધાનસભા ઠરાવ કરીને તેવો નિર્ણય કરે તે સિવાય મિઝોરમ રાજ્યને લાગુ પડશે નહિ :

પરંતુ આ અનુચ્છેદમાંનો કોઈ પણ મજકૂર, સંવિધાન (ત્રેપનમા સુધારા) અધિનિયમ, ૧૯૮૬ના આરંભની તરત જ અગાઉ મિઝોરમ રાજ્યક્ષેત્રમાં અમલમાં હોય તેવા કોઈ પણ કેન્દ્રીય અધિનિયમને લાગુ પડશે નહિ;

(ખ) મિઝોરમ રાજ્યની વિધાનસભામાં ચાળીસ કરતાં ઓછા ન હોય તેટલા સભ્યોનો સમાવેશ થશે.

Astha Academy Mo.8980961441

### અનુચ્છેદ : ૩૭૧-ઝ અરુણાચલ પ્રદેશ રાજ્યના સંબંધમાં ખાસ જોગવાઈ

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં –

(ક) અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલની, અરૂણાચલ પ્રદેશના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સંબંધી ખાસ જવાબદારી રહેશે અને તેના સંબંધમાં પોતાના કાર્યો અદા કરતી વખતે, રાજ્યપાલ મંત્રીમંડળ સાથે વિચારવિનિમય કર્યા પછી, પગલાં લેવા સંબંધી પોતાનો વ્યક્તિગત વિવેક વાપરશે.

પરંતુ રાજ્યપાલે પોતાનો વ્યક્તિગત વિવેક વાપરતી વખતે આ અનુચ્છેદ હેઠળ પગાલં લેવાની જરૂર પડે તે પગલાં સંબંધી કોઈ બાબત છે કે નથી તે અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો પોતાના સ્વવિવેકાનુસાર લીધેલો રાજ્યપાલનો નિર્ણય આખરી રહેશે અને રાજ્યપાલે કરેલા કોઈ કાર્યની કાયદેસરતા સામે એવા કારણસર વાંધો ઉઠાવી શકાશે નહિ કે તેઓએ, તેઓના વ્યક્તિગત વિવેક વાપરીને પગલાં લીધા છે કે નહિ.

વધુમાં, રાષ્ટ્રપતિને રાજ્યપાલ પાસેથી અહેવાલ મળ્યે અથવા અન્યથા ખાતરી થાય કે અરૂણાચલ પ્રદેશના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની ખાસ જવાબદારી રાજ્યપાલની હોવાનું હવે જરૂરી નથી, તો હુકમ કરીને આદેશ આપી શકાશે કે રાજ્યપાલની આવી જવાબદારી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખથી અમલમાં રહેતી બંધ થશે;

(ખ) અરૂણાચલ પ્રદેશના રાજ્યની વિધાનસભામાં ત્રીસ કરતા ઓછા ન હોય તેટલા સભ્યોનો સમાવેશ થશે.

### અનુચ્છેદ : ૩૭૧-ટ ગોવા રાજ્યના સંબંધમાં ખાસ જોગવાઈ

આ સંવિધાનમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ગોવા રાજ્યની વિધાનસભામાં ત્રીસ કરતાં ઓછા ન હોય તેટલા સભ્યોનો સમાવેશ થશે.

### અનુચ્છેદ : ૩૭૨ વિદ્યમાન કાયદાઓ અમલમાં રહેવા બાબત અને તેમાં અનુકુલન કરવા અંગે

(૧) અનુચ્છેદ ૩૯૫માં ઉલ્લેખેલ અધિનિયમો, આ સંવિધાનથી રદ થયા હોય તે છતાં, પણ આ સંવિધાનની બીજી જોગવાઈઓને અધીન રહીને, આ સંવિધાનના આરંભની તરત પહેલાં ભારતના રાજ્યક્ષેત્રમાં અમલમાં હોય તેવા તમામ કાયદા, કોઈ સત્તા ધરાવતું વિધાનમંડળ અથવા બીજા સત્તા ધરાવતા અધિકારી તેમાં ફેરફાર ન કરે અથવા તેને રદ ન કરે કે તેમાં સુધારો ન કરી શકે ત્યાં સુધી, તે રાજ્યક્ષેત્રમાં અમલમાં ચાલુ રહેશે.

(૨) ભારતના રાજ્યક્ષેત્રમાં અમલમાં હોય તેવા કોઈ પણ કાયદાની જોગવાઈઓને આ સંવિધાનની જોગવાઈઓ સાથે સુસંગત કરવાના હેતુ માટે, રાષ્ટ્રપતિ, હુકમ કરીને એવા કાયદાના જરૂરી અથવા ઈષ્ટ હોય તેવા અનુકૂલનો અને સુધારાવધારા તે કાયદાને રદ કરીને અથવા તેમાં સુધારા કરીને કરી શકશે અને તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખથી એ રીતે અનુકુલનો અથવા સુધારા વધારા સાથે તે કાયદો અસરકર્તા થાય એવી જોગવાઈ કરી શકશે અને એવાં અનુકુલનો અથવા સુધારા વધારા વિશે કોઈ ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકાશે નહી.

(૩) ખંડ (૨)માંના કોઈ પણ મજકૂરથી, -

(ક) આ સંવિધાનના આરંભથી ત્રણ વર્ષ પૂરાં થાય તે પછી કોઈ કાયદામાં અનુકુલનો અથવા સુધારાવધારા કરવા માટે રાષ્ટ્રપતિને સત્તા મળે છે એમ ગણાશે નહિ; અથવા

(ખ) સદરહુ ખંડ હેઠળ રાષ્ટ્રપતિને અનુકૂલિત કરેલો કે તેમાં સુધારાવધારા કરેલો કોઈ કાયદો રદ કરવામાં અથવા તેમાં સુધારો કરવામાં સત્તા ધરાવતા કોઈ વિધાનમંડળને અથવા બીજા સત્તા ધરાવતા અધિકારીને બાધ આવે છે એમ ગણાશે નહી.

**સ્પષ્ટીકરણ ૧ :-** આ ખંડમાં ‘‘અમલમાં હોય તેવો કાયદો’’ એ શબ્દોમાં, આ સંવિધાનના આરંભ પહેલાં ભારતના રાજ્યક્ષેત્ર કોઈ વિધાનમંડળે પસાર કરેલા બીજા સત્તા ધરાવતા અધિકારીએ કરેલા અને અગાઉ રદ ન કરેલા કાયદાનો સમાવેશ થશે. પછી ભલે તે કાયદો અથવા તેના કોઈ ભાગો તે સમયે બધા અથવા અમૂક વિસ્તારોમાં અમલમાં ન હોય.

**સ્પષ્ટીકરણ ૨ :-** ભારતના રાજ્યક્ષેત્રમાં કોઈ વિધાનમંડળે પસાર કરેલો અથવા બીજા સત્તા ધરાવતા અધિકારીએ કરેલો કોઈ કાયદો, જેની આ સંવિધાનના આરંભની તરત પહેલાં ભારતના રાજ્યક્ષેત્રમાં તેમજ તેની બહાર પણ અસર હતી, તે કાયદાની રાજ્યક્ષેત્ર બહારની અસર, ઉપર જણાવ્યા મુજબના અનુકુલનો અને સુધારાવધારાને અધીન રહીને ચાલુ રહેશે.

**સ્પષ્ટીકરણ ૩ :-** કોઈ કામચલાઉ કાયદાના અંત માટે, નક્કી કરેલી તારીખ પછી અથવા આ સંવિધાન અમલમાં આવ્યું ન હોત અને તે તારીખ પછી, તે અમલમાં ચાલુ રહે છે તેવો આ અનુચ્છેદમાંના કોઈ પણ મજકૂરનો અર્થ કરવામાં આવશે નહી.

Astha Academy Mo.8980961441

**સ્પષ્ટીકરણ ૪ :–** કોઈ પ્રાંતના ગવર્નરે, હિંદ રાજ્ય વહીવટ અધિનિયમ, ૧૯૩૫ની કલમ ૮૮ હેઠળ પ્રસિદ્ધ કરેલો અને આ સંવિધાનના આરંભની તરત પહેલાં અમલમાં હોય તેવો કોઈ વટહુકમ, તત્સમાન રાજ્યના રાજ્યપાલે વહેલો પાછો ખેંચી લીધો ન હોય તો, અનુચ્છેદ ૩૮૨ના ખંડ (૧) હેઠળ કાર્ય કરતી તે રાજ્યની વિધાનસભાની એવા આરંભ પછીની પહેલી બેઠકની છ અડવાડિયાં પૂરાં થયે અમલમાં રહેશે નહિ અને સદરહુ મુદત પછી એવો કોઈ વટહુકમ અમલમાં ચાલુ રહે છે તેવો આ અનુચ્છેદમાંનો કોઈ પણ મજકૂરનો અર્થ કરવામાં આવશે નહી.

**અનુચ્છેદ : ૩૭૨ – ક કાયદાઓના અનુકુલન માટે રાષ્ટ્રપતિની સત્તા**

(૧) સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ના આરંભની તરત પહેલાં, ભારતમાં અથવા તેના કોઈ ભાગમાં અમલમાં હોય તેવા કાયદાની જોગવાઈઓને તે અધિનિયમથી સુધાર્યા પ્રમાણેની આ સંવિધાનની જોગવાઈઓ સાથે સુસંગત કરવાના હેતુઓ માટે, સન ૧૯૫૭ના નવેમ્બર મહિનાની ૧લી તારીખ પહેલાં હુકમથી રાષ્ટ્રપતિ એવા કાયદામાં જરૂરી અથવા ઈષ્ટ હોય એવાં અનુકૂલનો અને સુધારાવધારા તે કાયદો રદ કરીને અથવા તેમાં સુધારો કરીને કરી શકશે અને તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખથી એવી રીતે કરેલાં અનુકૂલનો અથવા સુધારાને અધીન રહીને, તે કાયદો અસરકર્તા થશે એવી જોગવાઈ કરી શકશે અને એવાં કોઈ અનુકૂલનો અથવા સુધારા વધારા સામે કોઈ ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકાશે નહી.

(૨) સદરહુ ખંડ હેઠળ રાષ્ટ્રપતિએ અનુકૂલિત કરેલો અથવા તેમાં સુધારાવધારા કરેલો કોઈ કાયદો રદ કરવામાં કોઈ સત્તા ધરાવતા વિધાનમંડળને અથવા બીજા સત્તા ધરાવતા અધિકારીને ખંડ (૧)માંના કોઈ પણ મજકૂરથી બાધ આવે છે એમ ગણાશે નહી.

**અનુચ્છેદ : ૩૭૩ અમૂક સંજોગોમાં નિવારક અટકાયતમાં રખાયેલ વ્યક્તિઓના સંબંધમાં હુકમ કરવાની રાષ્ટ્રપતિની સત્તા**

અનુચ્છેદ ૨૨ના ખંડ (૭) હેઠળ સંસદ જોગવાઈ કરે અથવા આ સંવિધાનના આરંભથી એક વર્ષની મુદત પૂરી થાય, એ બેમાંથી જે વહેલું બને ત્યાં સુધી, તે અનુચ્છેદના ખંડો (૪) અને (૭)માં સંસદ અંગેના કોઈ ઉલ્લેખને બદલે રાષ્ટ્રપતિ અંગેના ઉલ્લેખ હોય તે રીતે અને તે ખંડોમાં સંસદે કરેલા કોઈ કાયદા અંગેના ઉલ્લેખને બદલે રાષ્ટ્રપતિએ કરેલા હુકમ અંગેનો ઉલ્લેખ હોય તે રીતે સદરહુ અનુચ્છેદ અસરકર્તા થશે.

**અનુચ્છેદ : ૩૭૪ ફેડરલ અદાલતના ન્યાયાધીશો અને ફેડરલ અદાલત સમક્ષ અથવા હીજ–મેજેસ્ટી–ઈન–કાઉન્સીલમાં અર્નિણીત કાર્યવાહી અંગે જોગવાઈઓ**

(૧) સંવિધાનના આરંભથી તરત પહેલાં હોદ્દો ધરાવતા ફેડરલ ન્યાયાલયના ન્યાયાધીશો, તેમણે અન્યથા પસંદગી કરી ન હોય તો, એવા આરંભ ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશો થશે અને તેમ થયે અનુચ્છેદ ૧૨૫ હેઠળ ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશો અંગે કરેલી જોગવાઈ પ્રમાણે પગાર અને ભથ્થાં અને રજા અને પેન્શન અંગેના એવા હકો મેળવવાનો તેમને અધિકાર રહેશે.

(૨) આ સંવિધાનના આરંભે ફેડરલ ન્યાયાલયમાં નિકાલ–બાકી રહેલા તમામ દીવાની કે ફોજદારી દાવા, અપીલો અને કાર્યવાહી, ઉચ્ચતમ ન્યાયાલયમાં આવેલાં ગણાશે અને ઉચ્ચતમ ન્યાયાલયને તેની સુનાવણી કરીને તેનો નિર્ણય કરવાની હકૂમત રહેશે અને આ સંવિધાનના આરંભ પહેલાં ફેડરલ ન્યાયાલયે આપેલા ફેંસલા અથવા કરેલા હુકમોને ઉચ્ચતમ ન્યાયાલયે તે આપ્યા અને કર્યા હોય તેવો જ પ્રભાવ અને અસર રહેશે.

(૩) ભારતના રાજ્યક્ષેત્રની અંદરના કોઈ ન્યાયાલયના કોઈ ફેંસલા, હુકમનામા અથવા હુકમ ઉપરની કે તેના અંગેની અપીલો અને અરજીઓનો નિકાલ કરવા માટે હિઝ–મેજેસ્ટી–કાઉન્સિલની હકૂમતના અમલને કાયદાથી અધિકૃત કર્યો હોય તેટલે અંશે તેને આ સંવિધાનનો કોઈ પણ મજકૂર બિન–કાયદેસર ઠરાવે છે એમ ગણાશે નહિ, અને આ સંવિધાનના આરંભ પછી, એવી કોઈ અપીલ અથવા અરજી ઉપર કરેલો હિઝ-મેજેસ્ટી-ઈન-કાઉન્સિલનો કોઈ હુકમ આ સંવિધાનથી ઉચ્ચતમ ન્યાયાલયને અપાયેલી હકૂમતનો અમલ કરતાં એવા ન્યાયાલયે કરેલો હુકમ અથવા હુકમનામુ હોય તેમ તમામ હેતુઓ માટે અસરકર્તા થશે.

(૪) આ સંવિધાનના આરંભે અને એવા આરંભથી પહેલી અનુસૂચિના ભાગ-ખમાં નિર્દિષ્ટ કરેલા કોઈ રાજ્યમાં પ્રિવી કાઉન્સિલ તરીકે કાર્ય કરતા સત્તાધિકારીની, તે રાજ્યની અંદરના કોઈ ન્યાયાલયના કોઈ ફેંસલા, હુકમનામા અથવા હુકમ ઉપરની કે તે અંગેની અપીલો અને અરજીઓ સ્વીકારવાની અને તેનો નિકાલ કરવાની હકૂમત રહેશે નહિ અને એવા આરંભે સદરહુ સત્તાધિકારી સમક્ષ નિકાલ બાકી રહી હોય તેવી તમામ અપીલો અને બીજી કાર્યવાહી ઉચ્ચતમ ન્યાયાલયને તબદીલ કરવામાં આવશે અને તે તેનો નિકાલ કરશે.

Astha Academy Mo.8980961441

(૫) આ અનુચ્છેદની જોગવાઈઓને અમલમાં લાવવા માટે સંસદ, કાયદાથી વધુ જોગવાઈ કરી શકાશે.

### અનુચ્છેદ : ૩૭૫ આ બંધારણની જોગવાઈઓને અધીન રહીને અદાલતોએ, સત્તાધિકારીઓએ અને અધિકારીઓએ કાર્ય કરવાનુ ચાલુ રાખવા બાબત

ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં દીવાની, ફોજદારી અને મહેસૂલી હકૂમતવાળા તમામ ન્યાયાલયો, તમામ ન્યાયિક, વહીવટી અને દફતરી સત્તાધિકારીઓ અને અધિકારીઓ આ સંવિધાનની જોગવાઈઓને અધીન રહીને, પોતપોતાના કાર્યો કરવાનુ ચાલુ રાખશે.

### અનુચ્છેદ : ૩૭૬ વડી અદાલતોના ન્યાયાધીશો વિશે જોગવાઈઓ

(૧) અનુચ્છેદ ૨૧૭ના ખંડ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ સંવિધાનના આરંભની તરત પહેલાં કોઈ પ્રાંતના ઉચ્ચ ન્યાયાલયના હોદ્દા ધરાવતા ન્યાયાધીશો, તેમણે અન્યથા પસંદગી કરી ન હોય તો, એવા આરંભે તત્સમાન રાજ્યના ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો બનશે અને તેમ થયે અનુચ્છેદ ૨૨૧ હેઠળ તેવા ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો અંગે કરેલી જોગવાઈ પ્રમાણે પગાર અને ભથ્થાં અને એવી રજા અને પેન્શન અંગેના હકો મેળવવાનો તેમને અધિકાર રહેશે. એવા કોઈ ન્યાયાધીશ, ભારતના નાગરિક ન હોય તે છતાં, એવા ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા અન્ય ન્યાયાધીશ તરીકે નિમાવાને પાત્ર ગણાશે.

(૨) આ સંવિધાનના આરંભની તરત પહેલાં, પહેલી અનુસૂચિના ભાગ-ખમાં નિર્દિષ્ટ કરેલા કોઈ રાજ્યની તત્સમાન કોઈ દેશી રાજ્યના ઉચ્ચ ન્યાયાલયના હોદ્દા ધરાવતા ન્યાયાધીશો, તેમણે અન્યથા પસંદગી કરી ન હોય તો, એવા આરંભે એ રીતે નિર્દિષ્ટ કરેલા રાજ્યના ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો થશે અને અનુચ્છેદ ૨૧૭ ના ખંડો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ તે અનુચ્છેદના ખંડ (૧)ના પરંતુકને અધીન રહીને, રાષ્ટ્રપતિ, હુકમ કરીને નક્કી કરે તેવી મુદત પૂરી ન થાય ત્યાં સુધી, તેઓ હોદ્દા ઉપર ચાલુ રહેશે.

(૩) આ અનુચ્છેદમાં "ન્યાયાધીશ" એ શબ્દમાં કોઈ કાર્યકારી અથવા વધારાના ન્યાયાધીશનો સમાવેશ થતો નથી .

### અનુચ્છેદ : ૩૭૭ ભારતના કમ્પટ્રોલર અને ઓડિટર જનરલ અંગે જોગવાઈઓ

આ સંવિધાનના આરંભની તરત પહેલાં હોદ્દો ધરાવતા ભારતના મહાલેખા-પરીક્ષક, તેમણે અન્યથા પસંદગી કરી ન હોય તો, એવા આરંભે ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષક બનશે અને તેમ થયે અનુચ્છેદ ૧૪૮ ના ખંડ (૩) હેઠળ ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષક અંગે કરેલી જોગવાઈ પ્રમાણે પગાર અને એવા રજા અને પેન્શન અંગેના હકો મેળવવાનો તેમને અધિકાર રહેશે અને એવા આરંભની તરત પહેલાં, તેમને જે જોગવાઈઓ લાગુ પડતી હતી તે હેઠળ નક્કી કર્યા પ્રમાણે હોદ્દાની મુદત પૂરી ન થાય ત્યાં સુધી, હોદ્દા ઉપર ચાલુ રહેવાનો હક રહેશે.

### અનુચ્છેદ : ૩૭૮ જાહેર સેવા આયોગ અંગે જોગવાઈઓ

(૧) આ સંવિધાનના આરંભની તરત પહેલાં હિંદ ડુમિનિયનના લોક સેવા આયોગના હોદ્દા ધરાવતા સભ્યો, તેમણે અન્યથા પસંદગી કરી ન હોય તો,એવા આરંભે સંઘ લોક સેવા આયોગના સભ્યો બનશે અને અનુચ્છેદ ૩૧૬ના ખંડો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય છતાં, પણ તે અનુચ્છેદના ખંડ (૨)ના પરંતુકને અધીન રહીને, એવા આરંભની તરત પહેલાં એવા સભ્યોને જે નિયમો લાગુ પડતા હતા તે હેઠળ નક્કી કર્યા પ્રમાણે પોતાના હોદ્દાની મુદત પૂરી ન થાય ત્યાં સુધી, તેઓ હોદ્દા ઉપર ચાલુ રહેશે.

(૨) આ સંવિધાનના આરંભની તરત પહેલાં કોઈ પ્રાન્તના લોક સેવા આયોગના અથવા પ્રાન્તોના કોઈ જૂથની જરૂરિયાતો પૂરી પાડતા લોક સેવા આયોગના હોદ્દા ધરાવતા સભ્યો, તેમણે અન્યથા પસંદગી કરી ન હોય તો એવા આરંભે, યથાપ્રસંગ, તત્સમાન રાજ્યના લોક સેવા આયોગના સભ્યો બનશે અને અનુચ્છેદ ૩૧૬ ના ખંડો (૧) અને (૨) માં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ તે અનુચ્છેદના ખંડ (૨) ના પરંતુકને અધીન રહીને, એવા આરંભની તરત પહેલાં એવા સભ્યોને જે નિયમો લાગુ પડતા હતા તે હેઠળ નક્કી કર્યા પ્રમાણે પોતાના હોદ્દાની મુદત પૂરી ન થાય ત્યાં સુધી, તેઓ હોદ્દા ઉપર ચાલુ રહેશે.

### અનુચ્છેદ : ૩૭૮-ક આંધ્રપ્રદેશ વિધાન સભાના કાર્યકાળ સંબંધિત જોગવાઈ

અનુચ્છેદ ૧૭૨માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય પુનર્રચના અધિનિયમ, ૧૯૫૬ ની અનુચ્છેદો ૨૮ અને ૨૯ જોગવાઈ હેઠળ રચાયેલી આંધ્રપ્રદેશની વિધાનસભા તેનુ વહેલું વિસર્જન કરવામાં ન આવે તો, સદરહુ અનુચ્છેદ ૨૯માં

Astha Academy Mo.8980961441

ઉલ્લેખેલી તારીખથી પાંચ વર્ષની મુદત સુધી ચાલુ રહેશે અને તેથી વધુ મુદત સુધી ચાલુ રહેશે નહિ અને સદરહુ મુદત પૂરી થયે તે વિધાનસભાનું વિસર્જન થયું ગણાશે.

**અનુચ્છેદ : ૩૭૯ – ૩૯૧**

સંવિધાન (સાતમા સુધારા) અધિનિયમ, ૧૯૫૬ના અનુચ્છેદ ૨૯ અને અનુસૂચિથી રદ કર્યા છે.

**અનુચ્છેદ : ૩૯૨ મુશ્કેલીઓને દૂર કરવાની રાષ્ટ્રપતિની સત્તા**

(૧) કોઈ મુશ્કેલી, ખાસ કરીને હિંદ રાજ્ય વહીવટ અધિનિયમ, ૧૯૩૫ની જોગવાઈઓમાંથી આ સંવિધાનની જોગવાઈઓમાં થતા સંક્રમણ સંબંધી મુશ્કેલી નિવારવાના હેતુ માટે, રાષ્ટ્રપતિ હુકમ કરીને આદેશ કરી શકશે કે તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી મુદત દરમિયાન પોતાને જરૂરી અથવા ઈષ્ટ લાગે તેવો સુધારોવધારો કે ઘટાડો કરીને કરેલા અનુકુલનોને અધીન રહીને, આ સંવિધાન અસરકર્તા થશે :

પરંતુ ભાગ-૫ ના પ્રકરણ-૨ હેઠળ વિધિસર રચાયેલી સંસદની પ્રથમ બેઠક પછી એવો હુકમ કરી શકાશે નહી.

(૨) ખંડ (૧) હેઠળ કરેલો દરેક હુકમ સંસદ સમક્ષ મૂકવો જોઈશે.

(૩) આ અનુચ્છેદથી ૩૨૪ થી, અનુચ્છેદ ૩૬૭ના ખંડ (૩) થી અને અનુચ્છેદ ૩૯૧ થી રાષ્ટ્રપતિને અપાયેલી સત્તા આ સંવિધાનના આરંભ પહેલાં હિંદ ડુમિનિયનના ગવર્નર જનરલથી વાપરી શકાશે.

## ભાગ – ૨૨
## ટૂંકી સંજ્ઞા, આરંભ (હિન્દીમાં અધિકૃત પાઠ) અને રદ કરવા બાબત

**અનુચ્છેદ : ૩૯૩ ટૂંકા નામ / સંજ્ઞા**

આ સંવિધાન ભારતનું સંવિધાન કહેવાશે.

**અનુચ્છેદ : ૩૯૪ બંધારણનો પ્રારંભ**

આ અનુચ્છેદ અને અનુચ્છેદો ૫, ૬, ૭, ૮, ૯, ૬૦, ૩૨૪, ૩૬૬, ૩૬૭, ૩૭૯, ૩૮૦, ૩૮૮, ૩૯૧, અને ૩૯૩ તરત અમલમાં આવશે અને આ સંવિધાનની બાકીની જોગવાઈઓ, સન ૧૯૫૦ના જાન્યુઆરી મહિનાની છવ્વીસમી તારીખે અમલમાં આવશે, જે દિવસનો આ સંવિધાનમાં, આ સંવિધાનના આરંભ તરીકે ઉલ્લેખ કર્યોછે.

**અનુચ્છેદ : ૩૯૪–ક હિંદી ભાષામાં અધિકૃત પાઠ બાબત**

(૧) રાષ્ટ્રપતિ તેમના સત્તાધિકાર હેઠળ, -

(ક) હિન્દી ભાષામાં કેન્દ્રીય અધિનિયમોના અધિકૃત પાઠોના સ્વીકારેલી ભાષા, શૈલી અને પરિભાષા સાથે તેને અનુરૂપ બનાવવા જરૂરી હોય તેવા સુધારાવધારા કરીને અને તેમાં આવી પ્રસિદ્ધિ કરવામાં આવે તે પહેલાં, આ સંવિધાનના તમામ સુધારાઓનો સમાવેશ કરીને, સંવિધાન સભાના સભ્યોએ સહી કરેલ, હિન્દી ભાષામાં આ સંવિધાનનું ભાષાંતર ; અને

(ખ) અંગ્રેજી ભાષામાં કરેલ આ સંવિધાનના દરેક સુધારાનું હિન્દી ભાષામાં થયેલ ભાષાંતર,

પ્રસિદ્ધ કરાવડાવશે.

(૨) ખંડ (૧) હેઠળ પ્રસિદ્ધ કરેલ, આ સંવિધાનના અને તેના દરેક સુધારાના ભાષાંતરનો મૂળ અર્થ થતો હોય તે જ પ્રમાણે તેનો અર્થ સમજવો અને તે પ્રમાણે આવા ભાષાંતરના કોઈ પણ ભાગનો અર્થ સમજવામાં કોઈ પણ મુશ્કેલી ઊભી થાય તો, રાષ્ટ્રપતિ, તેની યોગ્ય રીતે ફેરવિચારણા કરાવડાવશે.

(૩) આ સંવિધાનનું અને આ અનુચ્છેદ હેઠળ પ્રસિદ્ધ કરેલ તેના દરેક સુધારાઓનું ભાષાંતર, સમગ્ર હેતુઓ માટે, તેનો હિન્દી ભાષામાં, અધિકૃત પાઠ છે તેમ ગણાશે.

**અનુચ્છેદ : ૩૯૫ :– કાયદાઓ રદ કરવા બાબત**

હિંદ સ્વતંત્રતા અધિનિયમ, ૧૯૪૭ અને હિંદ રાજ્ય વહીવટ અધિનિયમ, ૧૯૩૫ને સુધારતા અથવા તેમાં પુરવણી કરતા, પણ પ્રિવી કાઉન્સિલ હકૂમત નાબૂદી અધિનિયમ, ૧૯૪૯ સિવાયના તમામ અધિનિયમનો આથી રદ કરવામાં આવે છે.

BEST WISHES FOR SUCCESS...

Astha Academy Mo.8980961441